કેરશાસ્પ નામું.

જેહાંપેહેલવાન કેરશાસપની જવાંમરદીનો અહેવાલ.

નવી આવૃતી.

બન્ને વાલ્યુમનું સંપુર્ણ પુસ્તક.

મુંબાઇ.

જેહાંગીર બી० કરાણીના છોકરાઓ,

પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર,

૨૨૦—૨૨૨, પારસી બજાર કોટ,

કીંમત રૂ. ૨ાા.

જેહાંગીર કરાણીનાં પારસી પેહેલવાનોનાં નામાંઓ.

કેરશાસ્પ નામું.

જેહાંપેહેલવાન કેરશાસ્પની જવાંમરદીનો અહેવાલ.

અસલ ઉપરથી અનેક સુધારા, તેમજ જાણીતા અવસ્તા-સ્કૉલર
મી૦ બમનજી ન. ધાભરની તરફની ઉપયોગી ફુટ-નોટ
અને પ્રસ્તાવના સહિત

નવી આવૃતી

બન્ને વાલ્યુમનુ સંપુર્ણ પુસ્તક.

મુંબાઈ
જેહાંગીર બી૦ કરાણીના છોકરાઓ,
પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર,
૨૨૦-૨૨૨, પારસી બજાર કોટ,

કીંમત રૂા. ૨ાા.

Published by M. J Karani, 220-222, Parsi Bazar St.,
Fort, Bombay

Printed by P C Appoo at the
New Art Printing Press,
NO 204-224, Mapla's Compound, Bora Bazar,
Fort, BOMBAY.

પ્રગટ કરનાર તરફના બે બોલ.

અમારા જીન્નત ગુજીન પિતાજી, મર્હુમ જેહાગીર બેજનજી કરાણીએ અસલી પારસી પહેલવાનોના નામાઓ પ્રગટ કરી, પારસી આલમમા ઇરાની જોર, ઇમાનદારી, પહેલવાનોના પરાક્રમો, ઇગની નેક દયાનત, પુરાતન ઇરાની મહેમાનદારી, ઇરાની પાદશાહોની જાહોજલાલી અને ધર્મ ઉપર જાનફેશાનીના અસલી તૌરની ઓપમા એક યાદગારી રાખવામા કાઇક અશે કોમી સેવા બજાવવાની ટક લીધી હતી

આ "કેરશાસ્પ નામુ" અમારા પિતાજીએ ૧૮૮૫ મા પ્રગટ કીધુ હતુ, પણ તેની હજુ કેટલીક નકલો બાકી હોવાને સબબે ખુલ્લુ પુરવાર થાય છે કે પારસી કોમ પોતાના અસલી પાદશાહોના દાસ્તાનોના પુસ્તકોને યોગ્ય ઉત્તેજન આપવામા લગાર પછાત છે પણ હાલમા ઇરાન સરજમીનના માદર વતન માટે કેટલોક ઉત્સાહ આપણી કોમમા ઉત્પન્ન થયો છે, તે ટક લઈ તે ઉત્સાહને કાઇક જોર આપવાની મકસદે ઇરાન સરજમીનમા થઈ ગયલા નામાકીત પહેલવાનોમા પકાયલા જહાંપેહેલવાન કેરશાસ્પની જીદગીનો આ રસીયો અહેવાલ પ્રગટ કરવાની ટક લીધી છે અને ઉમેદ રાખ્યે છીયે કે આ અમારી કોશેશને જરથોસ્તી આલમ ટેકો આપશે, તો તે ટેકાને આધારે અને કુમકે કમતરીન સેવકો એક પછી એક બીજા નામાઓ પ્રગટ કરવાની ઉમેદ રાખે છે, અને ન્હાવુ પરવર દેનારનું તો સેવકોને ઉત્તેજન મળતા, જરથોસ્તી કોમની કીર્તિનો દકો વજાડનાર અસલી ઇરાની ઇતીહાસ, દિલખુશ કરે તેવી રંગીલી જબાનમા જુવાન વર્ગમા વચાય અને તે વાચણથી કોમી જુસ્સો, કોમી કીર્તી અને કોમી જવામર્દીને કાઇક ટેકો મળશે તો અમારી આ કોશેશનો બદલો મળેલો સમજીશુ

કમતરીન સેવકો,

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ.

તા ૧ લી ફેબરવારી, ૧૯૨૫.

પ્રસ્તાવના.

અવસ્તા, પેહેલવી તેમજ ફારસી રેવાએતોમા કેરશાસ્પ પેહેલવાનના પરાક્રમો વિષેની જે દંતકથા જળવાઇ રહી છે તેની દંતકથાઓ મહાન શાએર ફીરદોસીના મોટા વીરરસ કાવ્ય શાહનામામા આપણને મળતી નથી તેનુ કારણ દુર શોધવા જવુ પડે એમ નથી મીનોચેહરના રાજ્યનો વડો સપેહસાલાર સામ જે પરાક્રમો કરી દેખાડે છે તે ઉપરથી માલમ પડે છે કે તેમાના કેટલાક પરાક્રમો તેના નબીરા કેરશાસ્પને પાછલા કર્તાઓ પ્રમાણે કરી બજાવતો આપણે જોઇએ છીએ શાહનામામા તો કેરશાસ્પ જેવા પેહેલવાનનુ નામ પણ મળતુ નથી પણ અત્રે યાદ રાખવાની જરૂર છે કે કેરશાસ્પ જે સાધારણ રીતે સામનો નબીરો ગણાય છે અને તેને અવસ્તામા સામ કેરશાસ્પ અથવા પેહેલવી રેવાએત પ્રમાણે સામાન કેરશાસ્પ અથવા ફક્ત સામ તરીકેજ ઓળખવામા આવ્યો છે, માટેજ આ બેહુના પરાક્રમોમા કાંઇ એક મલતુ જોવામા આવે છે ફીરદોસી કેરશાસ્પ વીશે તદન ચુપ રહ્યો છે તે ઉપરથી એમ સમજવુ નહીં કે તેને આ પેહેલવાન વીશેની દંતકથાઓની માહીતી હતી નહીં, પણ કેરશાસ્પનો નબીરો જહાંપેહલવાન રૂસ્તમ, ઈરાની તવારીખમા જે ભાગ ભજવી બતાવે છે અને જે તવારીખનો એક મોટો ભાગ રોકે છે તેનુ એક દીલ-પઝીર વર્ણન ફીરદોસીને આપવાનુ હોવાથી તે કેરશાસ્પ જેવા પેહલવાનોના દાસ્તાનો આપવાના અખાડા કરી જાય છે ફીરદોસી સામ કેરશાસ્પના પરાક્રમોથી પુરેપુરો વાકેફગાર હતો તે આ ઉપરથી માલમ પડે છે એક વખત સામ પેહેલવાન (જેને આપણે ઉપર જોયુ તેમ પછવાડેથી કેટલાકોએ કેરશાસ્પને નામે ઓળખ્યો છે) જે પોતાના પરાક્રમો પોતાના પાદશાહ મીનોચેહર આગળ વર્ણવે છે તેમા એક મોટા અઝદહાને મારવાની વાત તે કહી સમજાવે છે આ અઝદહાની વાત જરથોસ્તી પુસ્તકો પ્રમાણે કેરશાસ્પનાજ નામ સાથે જોડાયલી છે વળી તેના થોડાક બીજા

પરાક્રમોનુ વર્ણન આપી ફીરદોસી સામના મોહમા નીચલા શબ્દો મુકી તેનુ દાસ્તાન ટુકમાજ પતાવી દે છે.–

ગર અઝ જગે દીવાંન બેગુયમ્ત બાઝ
ઝે ગોફતાર આંન નામે ગરદદ દરાઝ,

એટલે, અગર જો હુ તારી આગળ દેવો સાથની મારી લડાઇઓનુ વર્ણન કરવા બેસુ તો તેથી આ નામુ લાબુલચ થઇ જાય

ફીરદોસીને આવી અસલી ઇરાની દતકથાઓ કહી સભલાવનાર મુખ્ય કરી ઇરાની 'દેહકાનો" હતા આવા એક મોટો 'દેહકાન' મર્વ શેહેરનો રહેનારો આઝાદ મવ નામનો હતો અને જે ફીરદોસી પ્રમાણે સામ નરીમાનની ઓલાદથી ઉતરી આવેલો હોવાનો દાવો કરતો હતો તેણે ફીરદોસીને સામ-નરીમાન-કેરશાસ્પ-રૂસ્તમ વગેરેની સઘળી દતકથાઓ કહી સમજાવી હતી પણ ફીરદોસીએ તેમાથી રૂસ્તમનાજ દાસ્તાનો મોટા પ્રમાણમા આપી ઉપર કહ્યુ તેમ સામ કેરશાસ્પ વગેરેના દાસ્તાનો તેણે છોડી દીધા છે.

આ રીતે ફીરદોસીએ પડતી મુકેલી કેટલીક ઇરાની દતકથાઓના નામાઓ ફીરદોસી પછીના બીજા કેટલાક કવીઓએ જોડયા છે ફીરદોસીએ પોતાના પ્રખ્યાત શાહનામાથી દુન્યામા જે નીખ્યાતી મેલવી તેવી વીખ્યાતી મેલવવાને બીજા કવીઓ ત્યારપછી બહાર પડયા અને બાકી રહેલા ઇરાની દીલપજીર દાસ્તાનોના નામાઓ લખવાની તેઓએ તલબ કરી તે સર્વે નામા લખનારાઓ ફીરદોસીનીજ હમછમને વળગી રહેવામા જાણે એકમેક સાથે હરીફાઈ કરી જાય છે, પણ આપણે જોઇએ છીએ તેમ તે નામાઓ શાહનામાની બરોબરીએ તો કદી પુગી શકેજ નહી આ નામાઓ શાહનામાથી દરેક રીતે ઉતરતા પ્રકારના છે અને ફીરદોસી જેવા મહાન ઉસ્તાદની ઝમક તેઓ જાળવી શકયા નથી તો પણ પોતાના દાસ્તાનોમા કવીતાઇ કલ્પના તેમજ અતિશયોકતીથી ભરેલા વર્ણનો આપવા છતા તેઓ કાઇક અશે ફતેહ મેલવી ગયા છે અને તેનુ કારણ ઉપર જણાવ્યા મુજબ ફીરદોસીએ જે દાસ્તાનો અધુરા રેહવા દીધા છે તેની તેઓએ પોતાના દાસ્તાનોથી પુરવણી કરી આપી છે આમાના કેટલાક

નામાઓ તો ઘણા લામ્બા છે તેજ પુરવાર કરે છે કે તેમા ઘણી સરાહ-ગાત હોવા છતા પણ ફીરદોસીએ જે ઘણુક મુકી દીધેલુ તે તેમા જલ-વાઇ રહ્યુ છે આ નામાઓ મોટે ભાગે રૂસ્તમ પેહેલવાનના ખાનદાનનીજ જલવાઇ રહેલી દતકથાઓ ઉપર લખાયા છે, કારણ કે રૂસ્તમનુ દાસ્તાન શાહનામામા મોટી જગા રોકે છે અને તેની રોનક તેમજ ઝમક તેમજ કીર્તીમા તેથી વધારો થયો છે, માટે તેની નકલ કરવાને ત્યાર પછીના કવીઓ રૂસ્તમના ખાનદાનનાજ નબીરાઓ અને પેહેલવાનો વીગે મુખ્ય કરી નામાઓ લખી ગયા છે,

આવુ એક નામુ તે કેરશાસ્પ નામુ છે જેણે બીજા એવાજ નામાઓ ઉપર કાઇક અગે વીખ્યાતી મેલવી છે મોહલ કહે છે કે મોજમલ અલ તવારીખના બનાવનારે તેમજ બીજાઓએ આ નામાનો ઉપેગ કર્યો છે એનો બનાવનાર કોણ હતો તે વીગે મોહલ અજાણપણુ બતાવે છે, પણ ઇન્ડીયા ઑફીસ કેતાબખાનાના ફારસી હસ્તલેખોવાળા પહેલા દફતરમા (૧૯૦૩) કહે છે કે આ નામુ સાધારણ રીતે અસદી નામના શખસે લખેલુ ધારવામા આવે છે કે જે **અસદી** શાએર ફીરદોસીનો તો ઉસ્તાદ થાય છે આ નામુ હીજરી ૪૫૮ (ઈ સ ૧૦૬૬) મા તૈયાર થયુ હતુ તે તારીખ ચોકસ છે અને **અસદી** સુલતાન મસુદ બીન મહમદના વખતમા (હીજરી ૪૨૧-૪૩૨-ઈ. સ ૧૦૩૦-૪૦) ગુજરી ગયો હતો, એટલે આ કેરશાસ્પ નામુ જોડાયુ તેની આસરે ૨૬) અથવા ૨૭) વરસ આગમજ ગુજરી ગયો હતો ત્યારે આ નામાનો કોઇ બીજો લખનાર હોવા જોઇએ અને તે ઘણો ખરો અલી બીન અહમદ અલ-અસદી અલ-તુસી નામનો શખસ હતો એમ ધારવામા આવે છે નામાનો લખનાર જમશેદની નાહસભાગથી શરૂ કરે છે જમશેદ કાબુલના રાજાની દીકરી સાથે પરણે છે, અને તેનો સીલસીલો કેરશાસ્પ પહેલવાન સુધી આપી, કેરશાસ્પના પરાક્રમો એક પછી એક હાથ ધરે , જેવા કે જોહાકની લડાઇઓ, તુરાન, આફરીકા, હીન્દ અને સીંધ વીગેરમા તેની નામનાઓ, બ્રાહમણો સાથનો તેનો વાદવીવાદ,

દરીઆઇ ટાપુઓની અજાયબીઓ, વગેરે, જેમાના કેટલાક દાસ્તાનો મોહલ કહે છે તેમ જાણે આપણે અરેબ્યન નાઇટસના સીનબાદ ખલાસીની વાર્તા વાચતા હોઇએ તેમ લાગે છે

કેરશાસ્પ બાબે એક વધુ બાબદ વીશે અત્ર બોલવુ જરૂરનુ છે પેહેલવી તેમજ ફારસી પુસ્તકો પ્રમાણે જોકે કેરશાસ્પે પોતાના મોટા પરાક્રમોથી આ જહાનને દેવ દરૂજથી તેમજ દુરવદીથી નીરાલી કીધી હતી અને તેમ કરી અશોઇનો વધારો કર્યો હતો તો પણ એક વખત કેરશાસ્પે અજાણપણે આતશને યાને અરદીબેહસ્ત અમશાસ્પદને આજુર-દેહ કર્યો હતો (જેનો ઈસારો ઇજશનેના ૯ મા હામા આપણુને મલે છે) તે ગુનાહને માટે કેરશાસ્પને ઉંધે મસ્તક દોજખમા નાખવામા આવ્યો હતો, પણ અશો જરથોસ્તના વચ્ચે પડવાથી અને કેરશાસ્પની ઘણી કાકલુદીથી તેમાથી તેનો છુટકારો થયો હતો આવુ વર્ણન આપણા આ નામામા આપણુને નહી મલે એ સભવીત છે કારણ કે આ નામાના એસલાખી લખનારનો પેહેલવી તથા ફારસીવાળાઓના જરથોસ્તી એતેકાદ સાથે કાઇ પણ સબધ હોઇ શકે નહી કેરશાસ્પનુ પહેલુ અને મોટુ પરાક્રમ એક મોટા અજદહાને મારવાનુ છે કે જેથી આ નામાની શરૂઆત થાય છે તે તેમજ બીજા કેટલાક પરાક્રમો અવસ્તા, પેહેલવી, ફારસી પુસ્તકોમા પણ આપવામા આવ્યા છે

બ. ન. ધાભર.

સાંકળીયું.

કેરશાસ્પ નામું.

જોહાકની દેહશતથી છુપા વેશે દરવીશ બનેલો શાહાનશાહ જમશેદ શ્રી જાબુલસ્તાનના પાદશાહ (પોતાના સસરા) થી તેની પોતાની પાદશાહીની પાયમાલી થવાની બીનાને ફીકર જાણીને જખમી જીગર મધરાને પોતાની મોહોરદાર શાહજાદી માહરોયના* મેહેલથી છુપો નીકલી ચાલ્યો તે વખતે તે નામદારથી તે જાબુલી શાહજાદીને હમેલ હતા, તેથી એક બેટો યજદી ઝલકાટનો પેદા થયો હતો તેનુ નામ તુર પાડ્યુ હતુ શાહજાદો તુર ઘણોજ અકલમંદ તેમજ જોરેમંદ હતો જાબુલસ્થાનનો પાદશાહ ગેરગશાહ (તેનો મમાવો) તે ઉપર ઘણીજ મોહબત રાખતો હતો તથા પોતાની બેટી (તુરની માદર)ના મોતથી તખતતાજનો વારસ પણ તે નામદાર શાહજાદાને ઠરાવ્યો હતો તે નેક શાહજાદો વયે પોહોચતા જાબુલસ્તાનની પાદશાહાતનો તમામ કાબુ ને અખત્યાર ચલાવતો હતો તે રૈયતની દાદ લેવામા અને ઇનસાફ દેવામા ઘણોજ ચોકસ અને અદલ ખવાસ હતો તે શાહજાદાએ પણ પોતાની શાદીમા એક જાબુલી શાહજાદી, જે ખુબસુરતીમા તમામ બીજી જાબુલની શાહજાદીઓમા સરદાર હતી, ને પસંદ કરી હતી તે શાહજાદીથી તેને એક બેટો નામનો ઉઠાવનાર પેદા થયો હતો તે શાહજાદાનુ નામ તેના બાપ નામદાર તુરે **શેદઅશપ** પાડ્યુ હતુ પાદશાહ

* શાહનામામા કટલી- પાછળથી ઘુસાડેલી બેતો ઉપરથી માલમ પડે છે કે જમશેદ જ્યારે જોહાકથી લાચાર થઇ પડ્યા ત્યારે તે જાબુલસ્તાન નાહસી ગયા અને તેના પાદશાહ કુરંગની બેટી સમનનાજ સાથે તે પરણ્યા (આપણા નામામા આ જાબુલના પાદશાહની બેટીનુ નામ માહરોય આપેલ છે,) જેને પેટે તુર અવતર્યા

ઓરગશાહના મોત પાછળ જેમ શાહજાદો તુર શ્રી જાબુલસ્તાનના તખત ઉપર આવ્યો હતો, તેમ શાહજાદો શેદઅશપ પોતાના બાપ પાદશાહ તુરના મોતથી તના તખ્તોતાજનો માલેક થયો તે નામદાર પાદશાહે પણ એક ખુબસુરત શાહજાદી સગાતે શાદી કરી, તેથી તેને એક બેટો નામદારીનો ઉડાવનાર પેદા થયો. તે બેટાનુ નામ તે નામદાર પાદશાહે તરવર પાડયુ શાહજાદો તરવર પોતાના નીઆગાનો કરતા વધારે જોરેમદ તેમ કવી બાજુનો લશકરકશ નીકલ્યો તેણે બીજા પડોસી પાદશાહાતોમા લડાઇઓ ચલાવીને મોટી નામદારી મેલવી તથા પોતાની પાદશાહાતની હદ પણ લબાવી જ્યારે પાદશાહ શેદઅશપનો વાકો થયો, તેવારે શ્રીજાબુલસ્તાનની પાદશાહાત ઉપર તે નામદાર મોટા દબદમા ને ભારી જાહોજલાલીથી બીરાજ્યો અને એક ઘણી નેક ખુબસુરત શાહજાદી સાથ નેકાનો ગાઠ બાધ્યો, તેને નયાગાનોની રાહરસમ મુઆફક શાદી કરી હતી તે નામદાર પાદશાહને એક બેટો પેદા થયો હતો તે આમેહુબ પાદશાહ જમશેદજ આ જેહાનમા ફરી પેદા થયો હોય તેવો ઝલકાટમદ ને નેકનામ હતો, તેથી તેનુ નામ તે નામદાર પાદશાહે સમ રાખ્યુ હતુ શાહજાદો સમ જેવારે પુખ્ત ઉમરનો થયો તેવારે તેના નેકા એક રાશન બખત જાબુલની શાહજાદી સાથ કદીમ રાહરસમ માફક બાધ્યા હતા ત નામદાર સમને એક બેટો ઘણોજ મુબારક ને બુલદ બખ્ત પેદા થયો હતો. તે શાહજાદાનુ નામ અસરત રાખવામા આવ્યુ શાહજાદો અસરત પેહેલવાનગીરીમા એકકો હતો ચેહરામા પણ ઘણોજ રોશન તેમ ચજરી ઝલકાટ ભરેલો દાનાઇ દગ્યાતફમા ખુબ અદેશ હતો નામદાર અસરત બેશક પોતાના નયાગાનોથી ઘણોજ બુલદ કદ ધરાવતો હતો. સખી તબેહ ને અરદનફરાજીમા પણ તે સરસ હતો નેકીમા પણ તે બેમીસાલ હતો પાદશાહાતનો અછો બદોબસ્ત રાખવામા તે આગલા પાદશાહો કરતા વધારે દીપી નીકલ્યો હતો. તે નામદાર પાદશાહ અસરતનો સીતારો તેને તમામ મુરાદ મુઆફક મદદગાર ઉતરયો હતા દનબદન તેની બુજોરગી વધીને આગલા તખતનશીનોનો ભારી રાજ ખજાના તેને હાથ લાગો હતો તે બીજા પાદશાહો ઉપર

પોતાના બેશુમાર ખજાનાથી બુલંદ દરજ્જો પામ્યો. તે પાદશાહ ॥ દરબારમા મોટા મોટા નામદારો બુજોરગો ને ઓલમાઓ આવી બીરાજતા થતા ચાલ્યા તે બખતાવર પાદશાહને આ ફરતા આસમાને મેહેરબાન થઇને એક જેહાન જીરજબર કરનાર બેટો બખશ્યો તે મોબારક કદમના બેટાનુ નામ **શારપ*** કરીને રખ્યુ તે પાકજાત બેટાના ચેહેરો તથા કદનો ઉઠાવ જોઇને તમામ અનજુમન અજાએબ રહ્યુ તથા જે દાહડે તે બેટો પેદા થયો તે દાહડે જેમ જાણે એક વર્ષનો હોય તેવો માલમ થયો જ્યારે તે કેરશારપ પોતાની માદરના દુધથી છુટો થયો ત્યારે પછી તેજ ભરેલા ઘોડાની ઉપર સવાર થવા લાગો તે બદનમા રેશમી પોશાક બદલે મસ પોલાદનુ બખતર પેહેરવા લાગો તે દડી રમવાને બદલે લડાઇનો ગોરજ ઉડાવવા લાગો ને શેકારમા ગોરખર તથા હરણની જગોએ શેર તથા ચીંદ અને ચીત્તા મારવા લાગો જેવારે એ દસે દમ વરસની વયે પોહોચ્યો તેવારે ત્રણોજ મ દાનો થયો તે પોતાની એક મુઠીએ કરીને મસ્ત હથીના સરમાથી મગજ કાઢી નાખવા લાગો જ્યારે તે નામદાર ચઉદ વરશની વયે પોહોચ્યો ત્યારે તેની સમશેરે કરીને શુ આદમી કે શુ મગરમચ્છ, શુ શેર કે શુ દેવ વગેરે બીજા વણાક મજબુતી ધરાવનારા જાનવરો દેહશત ખાવા લાગા આ નેકી ભરેલા પેહેલવાનનો તેજો ૩૧ વામ લાંબો હતો અને જેવારે તે નામવર શરાબ પીવા સારૂ બેસતો હતો ત્યારે અતી ઘણો શરાબ પીતો હતો અને જ્યારે ઘોડા ઉપર સવાર થઇને પેચદાર કમાન

---

* પાદશાહ પેહેલવાનોની પેહેડીના મોબેદો પોતાના ભણતરમા નામથરબ લે છે તેમા કેરશારપની પેહેડીના નામો અતરે આપવામા આવ્યા છે તેમ લે છે જેમકે–કેરશારપ–અસરત–સમ (સામ)–તુર–શેદસ્પ–તુર–જમશેદ અવસ્તા તેમજ શાહનામામા આ પ્રમાણે કેરશારપનો જમશેદ સુધીનો સીલસીલો મળતો નથી અવસ્તામા કેરશારપની પેહેડી સમ (=સામ) સુધીજ લઈ જવામા આવી છે, ત્યા અસરત (=થ્રીત) ને સામના ખાનદાનનો જણાવ્યો છે, અને અસરતને ત્યા કેરશારપ જેવો નેરેમદ પહેલવાન અવતરે છે કારણ કે તેણે હોમની ક્રીયા કરી હતી

હાથમા લેતો હતો ત્યારે તે કમાનના ફુંગાએ કરી મસ પાહડોને તોડી નાખતો હતો તે હમેશ પોતાના મોતને તલવારની અણી ઉપરજ રાખતો હતો એટલે જે હરગેજ થઇને તે નામદાર શાહજાદો મોતની દરકાર નહીં કરતો હતો જ્યારે તે પેહેલવાન ખુનરેજીમા ઉતરતો હતો જ્યારે તે એમ કરીને જાણુતો હતો કે આ વખત ખુનરેજીનો નથી પણ લાલ શરાબ માજીનોછે. આ નામીચો પેહેલવાન મોટા લશકરથી તો હગ્ગેજ થઇને ડર ખાતો હતો નહીં એવા જબરદસ્ત અને હીંમતવાન બેટાની દેહશતે કરીને એકાએક કોઇ બીજા પાદશાહો અશરતની સાથે લડાઇની ખાહેશ કરતા હતા નહીં પાદશાહ ધુરની નશલથી નામદાર કેરશાસ્પ પેહેલવાન તલગ ૭૦૦ વરશ તમામ થયા અને જે કોઇ નામદાર જમશેદ પાદશાહની તોખમના કેહેવાતા હતા તે તમામ જેહાનપેહેલવાન રૂસતમના તેઆગાન યાને વડીલો હતા

શાહાનશાહ જોહાકનુ શ્રી જાબુલસ્તાન તરફ આવવુ થયુ, તેની મદારત પાદશાહ અસરતે કીધી તે હકીકત.

શાયર કહેછે કે બીજા મંત્ર દામતાન અતરે રહ્યા અને પાદશાહોનો પાદશાહ જોહાક પોતાના બાબુલ શેહેરથી જાબુલની તરફ આવી પોહોચ્યો અને પોતાનુ લશકર માહરાજા મેહર તથા માહરાજા બહુ ઉપર ખેચ્યુ તેથી પાદશાહ અશરતે પાદશાહ જોહાકને ઘણીજ તાજીમ દેઇને પોતાના ખજાનાનો દરવાજો ખોલ્લો કરીને તેના તમામ લશકર સાથે મેહમાન રાખ્યો તે પાદશાહને લાયકનો તમામ સામાન તયાર કીધો. તેણે શાહનશાહ જોહાકને પોતાના અયવાનમા જગો આપીને ઘણીક મદારત કીધી અને એક મજલેસ એવી સમારી કે તેને જોવા માટ બેહેશતનમાથી મલક તથા પરીઓ ઉતરી આવવા લાગી યાને ઘણીક પાકીજેહ મીજલેશ તમામ મુશક તથા અમબરે કરીને ખોશબોદાર કરી હતી તે મીજલસ દરમીઆન

બીલોરની જામમા લાલ શરાબ રેડતા હતા, તેણે કરીને તમામ અયવાન ગોયા બેહેશતની મીસાલે રંગ બેરંગ હતો ત્યા ખુબસુરતી ભરેલા ગોલામો પોતાના તનમા ચીની કાબા પેહેરીને સર ઉપર સુનેરી કોલાહ મેલીને અને હાથમા રૂમી ગોરજો ધરીને હારબંધ ઉભેલા હતા. તે બન્ને પાદશાહો જરીન કમરબંધના પેહેલવાનોની સાથે શરાબની જામો પકડીને ચંગ તથા રામશગરોના સરોદ સાથ જોશમા બેઠેલા હતા એ રવેશે પાદશાહ અશરતને ઘણી ખુશીથી મજલેશ સમારી હતી તે મજલેશમા નામદાર પેહેલવાન કેરશાસ્પબી હાથમા શરાબની જામ પકડીને બેઠેલો હતો. તેથી જોહાક પાદ-શાહ હરદમ પોતાની નજર કેરશાસ્પ ઉપર નાખી તેનો ચેહેરો તથા દેલ જોઇને દેલમા હેબત ખાતો તે પોતાના દેલ સાથે એમ કરીને કેહેતો હતો કે એ અશરતના બેટા કેરશાસ્પના જેવો ચેહેરામા તથા ગરદનમા અને બાજુમા તથા શીનામા અને દબદબામા બીજો કોઇ શખસ મારા જોવામા આવતો નથી અગર જો એ બચ્ચુ પુરી જવાનીએ પોહોચશે ત્યારે મારી પાદશાહી એકાએક રેહેવા દેનાર નહી, તેટલામાટે હમણા એનો નાહાનીનો વખત છે તેટલામાથીજ કોઇ સખત જગો કે જ્યા મોહાભારત લડાઇ અને કીનાકશી હોય તે જગોએ એ કેરશાસ્પ પેહેલવાનને મુજેરગી આપીને મોકલુ કે એ નાદાન છોકરો ત્યા લડાઇમા મારયો જાય તો પછી હું બેફીકરીથી પાદશાહી કરૂં, નહી તો આગલ ચાલતા જ્યારે એની પુર જુવાની થશે ત્યારે એ મારી પાદશાહી રેહેવા દેશે નહી એ અંદેશો પોતાના મનમા કરીને પછી તેજ મીજલેશમા પાદશાહ જોહાક અશરતને કેહેવા લાગો કે એ "નામદાર પનોતા અશરત! તુ એવોતો નામદાર બેટો રાખે છે કે અગર જો તુ આસમાન ઉપર સર ઉચાવવાને ચાહે તો સજાવાર છે એ તારા બેટાનો હોનર હુ બાજે આદમીઓથી સાભળતો હતો, પણ મારી પોતાની નજરે જોયા વગર તે વાત હુ કબુલ કરતો નહીં હતો પણ હમણા તો તે કરતાને દસ ઘણી વધારે ખુબી હુ તારા બેટામા જોઉછુ" એ શબદો સાભલીને પાદશાહ અશરત જોહાકને કેહેવા લાગો કે "એ પાદશાહ! તુ જે કેહેછે તે તમામ દરૂશત છે, પણ એ બેટામા જેટલી ખુબી છે તે તુ જેહાનના પાદશાહના સાયાથી છે. એ વખતમા એ બેટાની બરોબરી

કોઈબી શખસ કરી શકે એવો નથી એ પેહેલવાન જ્યારે ઘોડા ઉપર સવાર થઈને પોકાર મારી હોમલો કરે છે ત્યારે ઘણાક લશકરને આજેજ કરે છે જ્યારે એ બેટો કીનાનો નેજો ઉઠાવી પોતાના સર ઉપર ફેરવે છે તેવારે જંગલના શેર તથા સીંહ જાનવરના પેલ વીધી નાખે છે જોહાક પાદશાહ હમણા તુ મારો મેહમાન છે વાસ્તે અગર તારો કોઇ બદખાહ હોય અથવા સખત દુશમન હોય તેને જેર કરવા થકી આ મારા નામદાર બેટાને મોકલ કે તે સાથે લડાઇ કરીને મારો બેટો તેને જેર કરે તારો દુશમન આશમાન ઉપર જઇને પનાહ પકડી બેસશે તોબી તેને એ મારો બેટો પોતાની તલવારે કરીને જમીન ઉપર ખાકમા નાખશે ' એવા શબ્દો સાભલીને જોહાક પાદશાહે કહ્યુ કે "અએ નામદાર અશારત, તુ જે ફરમાવે છે તે દરૂશત છે એ નામવરના ચેહેરા તથા કદ ઉપરથી મને માલુમ પડી આવે છે કે જે આદમીમા વણા હોનર હોય તે આદમીનો ચેહેરોજ તે માટેની ગવાહી આપે છે તથા પથરમાથી ગોહર નીકલે છે તેની કીમત રંગ ઉપરથી જહવેરી લોકોને માલમ પડે છે તેજ મીશાલે આ નામદાર કેરશાસ્પની ખુબી હુ સાભળતો હતો તે કરતાંને એ પેહેલવાનનો ચેહેરો જોવાથી તે ખુબી વધારે નજર આવ છે એ કેરશાસ્પ પેહેલવાન જોવામા ગોયા આબેહુબ જમશેદ પાદશાહ છે પણ એ ચીજ અજાએબ જેવીબી નથી એ પેહેલવાનબી તે જમશેદ પાદશાહની ઓલાદનોજ છે જે કોઇને લડાઇની વખતે એવો પેહેલવાન મદદગાર હોય અને સામે વાલો દુશમન અગર હેરેમન હોય મગર એ જંગી પેહેલવાન તેનો કશો અંદેશો નહી કરે વાસ્તે એ અશારત એક અજદહા ઘણોજ ભારે છે કે તેના જેવો ભારે અજદહા કોઇએ બીજો દીઠો નહી હોય પણ સાભળ્યામાબી નહી આવ્યો હોય, એવો મોટો તે અજદહા છે આગલ જેહાનમા તોફાન થયુ હતુ ત્યારે તે અજદહા ભારી દરીઆવમાથી તરી આવ્યો છે તેણે પાહડની કહણમા પોતાનુ રેહેઠાણ કીધલુ છે પણ તેના આજારથી તમામ જેહાન સખતીમા છે, વાસ્તે કેરશાસ્પ પેહેલવાનને લાયક છે કે તે નાપાક અજદહા ઉપર કમર બાંધે અને પોતાના ગોરજે કરીને તે નાપાક અજદહાના તનને ફાડી નાખે."

એવી ગોફ્તેગોહ તે બન્ને પાદશાહો કરતા હતા તે કેરશાસ્પ પેહેલવાને સાભલી કે તુરત ઉઠી ઉભો થયો તે બન્ને પાદશાહોની હજુરમા પોતાના બન્ને હાથ જોડીને કેહેવા લાગો કે "અએ નામવર પાદશાહો, તે અજદહા શુ ચીજ છે? તમો બન્ને પાદશાહોના તખતના ઝલકાટથી તે નાપાક ઉપર કમર બાધુ જ્યારે મારા હાથમા હુ સમશેર પકડુ ત્યારે ખોદાના કરવાથી માહરી નજદીક શુ અજદહા કે શુ શેર ગોયા એક લોકડીની મીસાલે છે અગરજો ખોદાની બખશેશથી હુ ચાહુ તો આશમાનનેબી જેર કરૂ તો જમીન ઉપન્ના એક અજદહાથી શા વાસ્તે ડર પકડુ ' તેટલા સારૂ અએ બન્ને દાનેશમદ પાદશાહો, એ નાપાક અજદહાને મારવા વીશે તમો કશો ડર કરો ના શરાબની જામ ઉઠાવી નોશ કરો અને એમજ જાણો કે તે અજદહા જમીન ઉપર છેજ નહી!" જેવા કેરશાસ્પ પેહેલવાનને મોહોડેથી એવા શબ્દો તે બન્ને પાદશાહોએ સાભલ્યા કે તે પાક યજદાનની દરગાહમા સેતાએશ કરવા લાગા આ વાતમા તમામ દાહડો ગુજરી ગયો અને રાતનો વખત થયો તેવારે તમામ મજલેશ બરખાસ્ત થઇ અને સર્વે કોઇએ પોતાની જગો તરફ કુચ પકડી

અજદહાની લડાઇને માટે અસરત પાદશાહે પોતાના બેટા કેરશાસ્પને નસીહત કીધી તે હકીકત.*

પાદશાહ અશરત પોતાના બેટા કેરશાસ્પને પોતાની નજદીક બોલાવીને કેહેવા લાગો, કે "અએ નાદાન બેટા! શા વાસ્તે એ સખત લડાઇ તે જોહાક પાદશાહથી કબુલ કીધી? તુ જાણુતો નથી કે હર જગો સાચું બોલવુ સજાવાર નથી? કાઇ જગોએ જુઠુ બોલ્યે તો તે રાસ્ત બોલ્યા કરતાને બરોબર છે તુ એમ જાણુતો ના જે બીજી લડાઇ મીસાલે આ

* પાને ૬ થી ૧૯ સુધી જે ભયકર અજદહાનુ વર્ણન શાએરે આપ્યુ છે તે અવસ્તા તેમજ પહેલવી અને ફારસી રવાએતોમા આવેલા અજદહાના વર્ણનને મોટે ભાગે મળતુ આવે છે

જેહેરી અજદાની લડાઇબી હશે, પણ એ લડાઇતો વણીજ સખત જાણજે ! એ લડાઇ મધેથી તને પોતાનો પ્રાણ બચાવવો મુશકેલ છે ! એ અજદા કાઈ ગોરખર નથી કે તુ શેતાબ મારી લેઇ કવાબ કરે ? તથા નથી શેર કે તલવાર મારીને તેના તનથી તેનુ સર જુદુ કરે ? અગરજે દેવ હોય તો તેને પેહેલવાની ફુનેહથી જોર કરીને બંધમા પકડીયે ! અજદા કાઇ હમન-બરદ પેહેલવાન નથી કે માનવી મીશાલે તેને જીન ઉપરથી ઉઠાવી લીજ્યે ? એ નાપાક તો મસ્ત ઝેહેરથી ભરેલો અજદા છે અને એની લડાઇથી તમામ જેહાન આજેજ થયલી છે. એ ઉપર ઘણાક તીર તથા નેજા અને છુટા ભાલા કેટલાક પેહેલવાનોએ માર્યા છે પણ તે નાપાકને તે કશુ લાગુ નથી ! એને મારવા માટે આતશ રોશન કરીને એક ચેહે મીંચી પણ તેથીબી એ નાપાકને કશી ઇજા પોહોચી નહી ! એ નાપાકના તન ઉપર લોખડ અથવા આતશ કાઈબી અસર કરતુ નથી ત્યારે હવે તુ એને કયા હથીઆરે કરી મારશે ? અગર તુને હકતાલાએ જોર આપ્યુ તો તે ઉપર મગરૂર ના રેહે અને એ નાપાક અજદાની લડાઇથી હાથ ઉઠાવ બેટા એ લડાઇથી તુ તાગ પાછો પાછા ખેચે યાને એ લડાઇમા તુ નહી જાય તો માગ ઉપર અફશોસજ કીધી ! પ્રથમમા મારીજ તકશીર છે કેમકે શરાબની મસતીમા મારેથી તારા જોરની તારીફ તો જોહાકની નજદીક થઇ ! મારેથી એમ કરી કેહેવાયુ કે તારો કોઇ સખત દુશમન હોય તે ઉપર એ ફેરશા ત્યને મોકલ એ મારી જોબાનથી મે કહ્યુ તેથી એવુ થયુ કે જાણે તે અજદાની જગોએ હુ (અશરત) તારો દુશમન થઇ પડયો કે તારા જેવા ફરજંદને મે પોતાને હાથે મારવાને મોકલ્યુ ! અએ મારા પ્યારા બેટા તે જોહાકની પાસેથી અજદાની લડાઇ માગી તો તેથી શું થયુ ? ફરીને તે જોહાકને કહી તે વાતથી હાથ ઉઠાવ, તેમા કાઇ શરમ નથી પોતાના જોરથી મગરૂરીએ કરીને ખસુસ પોતાના તનને હલકીમા નાખવુ એવી મરદાનગીને દાનાવ લોકો પસદ કરતા નથી તે કરતા દુન્યા દરમ્યાનમા આદમીની તમામ ઉમેદ બર આવતી નથી કોઇ શખ્સ પોતાની ખાતર-જમાથી દેલની ઉમેદ ઉપર જાય મગર તે જગોથી મોત લઇને આવે છે.

તે માટે અએ પ્યાગ બેટા ! તુ પણ એમ કરીને ના જાણુને કે મે અજદાની ઉપર ગાલબ આવશે !" એવી વણીક નસીહત કેરશાસ્પને તેના બાપે (અશરતે) દીધી તે સાભલ્યા પછે તેના જવાબમા એવુ કી સ ભળાવ્યુ જે "અએ મગફૂરાજ બાપ ! એ બાબતમા તુ કશી પાતીથી ચીંતાતુર ના થા. પાદશાહ જોહાકની મોગદ માફક મીજલેશમા બેસીને તે પાદશાહની સાથે ખુશીથી શરાબ પીઉ છુ અને મારો ગોરજ તથા તીર કમાન અને હુ એકઠા મળ્યા પછી જોજે કે ફ઼રના આસમાનથી શુ બનાવ બને છે અગરજો ત અજદા અલબરૂજ પાહાડના જેવો હશે તો પણ હુ તેને શીકસ્ત આપીશ "

પાદશાહ જોહાકે કેરશાસ્પ પેહેલવાનનો હોનર તેનાં પોતાનાં લશકરના પેહેલવાનોની સાથે અજમાવ્યો અને તારીફ઼ કીધી કેરશાસ્પની તે હકીકત.

બુજોરગ લોકો તે અજદાને વાસ્તે એવુ કહી ગયા છે કે તે નાપાક વખત ઉપર મસ્ત હાથીને ખાઇ જતો અને એક દમમા જેહુનના દરીયાવને શોસી લેતો ! ઉડવામા ઓકાબ જાનવર કે જે બીજા જાનવરોના કરતા ઘણુ તેજદાર હોયછે તે ઓકાબ જાનવર તે અજદાના સર ઉપરથી સેતાબી કરીને ઉડી જતુ તોબી તે અજદાના જેહેરની બોખારે કરી તે બેહોશ થતું અને જમીન ઉપર પડતુ હતુ ! અગરજો તે અજદા પથરની ઉપરથી ચાલે તો તેના શીનાએ કરીને પથરમાબી ઘસાડો પડે ? તેનુ સર ગોયા એક ગુમમજની મીશાલ તથા તન ગોયા એક પાહાડની મીશાલનુ હતુ ! તેના તનનો રગ ગોયા શીહા ધુઆની મીશાલ તથા તેની બન્ને આખ ગોયા ખુનની તાશ મીશાલની હતી ! તેની જોબાન ગોયા એક શીહા દેવ ગારમ થી નીકલતો હોય તે મીશાલે બાહેર નીકલતી હતી ! જ્યારે તે જમીનની ઉપર ચાલતો ત્યારે તેના મહરેટાથી જમીનની અદર ગોયા ખાહી બનતી ! જ્યારે તેના મોહમાની લબ બાહેર પડતી ત્યારે જાણે

ઝેહેરી પાણીનો એક ચશમો બન્યોજ ! તે અજદાના તનની ઉપરના ભીંગડા એવાતો સખત હતા કે તેના તન ઉપર લોહોડુ તથા તેજ તલવાર અને તીર તથા નેજા લાગી શકતા નહી ! જ્યારે તે અજદા ઉઠતો હતો ત્યારે જાણે એક પહાડના જેવો દેખાવ થતો હતો ! તે અજદા જ્યારે આડો થઈને સુતો, ત્યારે જાણે એક મસ્ત હાડી ઉભો હોય એવો એક ટેકડો થઇ પડતો હતો ! તેની ચાલ એવીતો ઉતાવલી હતી કે જેમ જાણે એક ઢલાવ ઉપરથી પાણી ઢલી જતુ હોય ! અને તેનો પોકાર જાણે આસમાન ઉપરનુ વાદલ ગાજતુ હોય તે અજદા જ્યારે ફરવા નીકલતો ત્યારે તેની ગદકીથી આસપાસ એ મજલ સુધીના પરદા જાનવરો નાસતા હતા ! તેના મોહ મધેથી ગરમીથી ભરેલી એવી તો ફુક નીકલતી હતી, કે તેની ઓખારે કરીને જમીન ઉપર જે કાઇ ઘાશ અને કચડો હોય ત તમામ દવની મીસાલેજ બળી જતો હતો ! એવી ખસલતના નાપાક અજદાની લડાઈ ખાતર કેરશારપ પેહેલવાને એક ખાસ કમાન ઘણીજ સખત તૈયાર કરાવી હતી, કે એક સો પેહેલવાન એકઠા મલીને તે કમાનને ચીલો ચહડાવવા ચાહતા હતા તોપણ એકાએક તેઓ તે કમાનને ચીલો ચહડવી નહી શકતા હતા ! તથા કોઇ મરદમા એટલી શકતી નહી કે તે કમાનને એક જગોથી ઉઠાવીને બીજી જગોએ મેલે ! તે કમાનનો તીર લબાઇ તથા જાડાઇમા ઘણોજ હતો એ રવેશનો તીર અને કમાન કેરશારપ પેહેલવાને તૈયાર કરાવી, તે વીગેની ખબર જોહાક પાદશાહને થઇ કે કેરશારપ પેહેલવાન જબરી કમાન સાથે અજદાની લડાઇમા જાય છે, તેથી જોહાક ઘણોજ અજાએબ થઇને અશરત પાદશાહને કેહેવા લાગો કે “અએ પાદશાહ, માહરી ખાહેશ એવી છે કે કાલ રોજની બામદાદે કેરશારપને લશકર સાથે મેદાનમા બોલાવીને તપાસી જોઇયે કે જાબુલી પેહેલવાનો કેવા હોનર ધરાવેછે ' તેઓ લડાઇને વખતે જગમા પોતાના હથીઆર કેવી ચાલાકી ભરેલી રીતે ફેરવે છે ' વાસ્તે મેદાનમા નામદાર કેરશારપની સવારી તથા હોનરની પરીક્ષા લેવાની મને ખાહશ થઇછે”

કેરશાસ્પ પેહેલવાન પોતાનો હોનર દેખાડયા પછી અજદાની લડાઇમાં રવાના થયો તે હકીકત.

જ્યારે ગતનો વખત આખેર થયો અને દાહડાના પાદશાહ આફતાબે પોતાની તેજદાર ઢાલ બાહેર કાહડી, ત્યારે પાદશાહ જોહાકના હોકમથી સીપેહેસાલારોએ લશકર સમારયુ તેથી કરીને તે મેદાનમા ગીરદ ઉડવા લાગી અને નગારાના અવાજ નીકલવા લાગા તે વખતે કેટલાક પેહેલવાનો હાથીની ઉપર સવાર થઇને પોતાના હોનર દેખાડવા લાગા જે કોઇને તીર વગેરે બીજા હથીઆરના અને મરદાનગીના હોનર આવડતા હતા તે સઘ લાઓ તે મેદાન ગજાવવા લાગા તેવામા કેરશાસ્પ પેહેલવાન શેરની મીસાલે લશકરની સફ મધેથી યાહોમ કુદી પડીને મેદાનમા આવી ઉભો અને કમરબધ તગ કરી હાથમા મેહબુબ લોકોના ભવા મીસાલની વાકી કમાન અને ગોરજ તથા નેજો પકડીને પોતાનો હોનર દેખાડવા લાગો તેણે લડાઇની જગોએ એક સો તરાહની મરદાનગી બતલાવી અને એ પછી બોખારા શેહેરની ઢાલ કે જે ઘણીજ મજબુત કેહેવામા આવેછે તેવી છ ઢાલ એકઠી કરીને રેશમી કપડાની મીશાલે શીવી નાખી ! અને ત્યાર પછી ચાર હાથીઓને એકએકની પછવાડે ઉભા રખ્યા અને પોતે દુરથી દોડતો આવીને ત્રણ હાથીની ઉપરથી કુદીને ચોથા હાથીની ઉપર સવાર થયો પછી પોતાના ઘોડાને જીન કરાવીને તેને કેટલાક ચાબુકથી મારીને છુટો મેલ્યો તેથી તે ઘોડો ઘણી ચાલાકી સાથે મેદાનમા દોડવા લાગો, ત્યારે કેરશાસ્પ તે ઘોડાની પછવાડે દોડયો અને તુરત તે ઉપર સવાર થયો ફરી તરત પાછો જમીન ઉપર કુદી પડીને મ્યાનમાથી તલવાર ખેચીને પોતાના ઘોડાને એવી હીકમતથી તે મારી કે તે ઘોડાના ચારો પાઉ મધે જડેલી નાલોના ખીલા કપાઇ દુર જઇ પડી ! પણ ઘોડાને કશી રીતે અલવલ આવી નહી ! એક ચોગાન દડી ઉહલાવીને આશમાનની તરફ ફેકી અને તે દડી ત્યારે પાછી નીચે આવી કે તેને પાછી મારી તેથી તે દડીના પુરજે પુરજા થઇ ગયા ! પછી પોતાનો ગોરજ હાથમા ધરયો અને તે

મેદાન મધે ચેનારનુ ઝાડ ઘણુજ ભારે હતુ જે ઝાડ ત્રીસ ચોરસ વામ જાડુ હતુ તે જાહાડ ઉપર તેણે ખુબ જોરથી ત્રણ ગોરજ મારયા અને જે મીશાલે અનાર ફાટે તે મીશાલે તે ઝાડને ફાડી નાખ્યુ । પછી એક હાથીની પછવાડે દોડયો અને તે હાથીના ચારો પગ પકડીને તેને સેહેલાઇથી ઉડાઓ અને તેને જમીન ઉપર નાખ્યો । પછી કેરશાસ્પ પેહેલવાન ઝાડ-પથી જોહાક પાદશાહની નજદીક આવી ખુબ ગ્વેશે નુગનશ બજા લાગીને જમીનને બોશો દીધો કેરશાસ્પ પેહેલવાને જ્યારે પોતાનો એવો હોનર દેખાડયો, ત્યારે તે લશકર મધેના સઘલા જંગીઓએ તે દલેર પેહેલવાનના હોનર અકલ ઉપર આફરીન કીધી એ પછી જોહાક પાદશાહે કેરશાસ્પને બગલમા લીધો તે ઘણો ખુશી થયો અને કેહેવા લાગો કે "અએ નામદાર પેહેલવાન ! એવા ભારે હોનર તારી પાસે છે તેથી મને ભરોશો છે કે તુ તે નાપાક અજદાને બેશક મારશે અગર જો તે નાપાક અજદાને તુ મારી નાખશે તો જેહાનની પેહેલવાની હુ તુને આપીશ" પાદશાહની જોબાનથી એવા શબ્દો બીજા પેહેલવાનોએ સાભલ્યા તેવારે પાદશાહ જોહાકની નજદી-કથી તેઓ પરાગંદે થવા લાગા કે અગર જો પાદશાહ જોહાક લાલચથી આપણુનેબી પેહેલવાન કેરશાસ્પની સાથે અજદા મારવા સારૂ મોકને તો નાહક આપણો પ્યારો જીવ જાય । એવી રીતે ડર ખાઇને તે સર્વે પેહેલ-વાનો ત્યાથી વીખરાઇ ગયા । પણ કેરશાસ્પ પેહેલવાને પોતાની ખુશી સાથે જોહાક પાદશાહના હોકમથી અજદાની લડાઇ કબુલ કીધી તેણે લડા-ઇનો તથા મુનાફરીનો કેટલોક શામન પોતાની સાથે લીધો પાદશાહ અશ-રત પોતાના દેલની મોહોબતથી મના કરવા લાગો પણ તે વાત કેરશા-સ્પ કશી રીતે પોતાની ખાતરમા લાવ્યો નહી તેણે પોતાના બાપને દેલાશો દીધો ત્યારે અશરત પોતાના બેટા કેરશાસ્પને કેટલીક દેહેશત દેખાડવા લાગો પણ તેવી દેહેશતથી કેરશાસ્પ કશી રીતે ડરયો નહી અશરત પાદ-શાહ એટલાજ માટે દેહેશત દેખાડતો હતો કે કેરશાસ્પ પેલા અજદાની લડાઇથી હેબત ખાઇને પાછો ફરે એ ઉપર નાએર એમ કેહેછે કે દુન્યામા પોતાના ફરજંદની મોહોબત શુ પ્યારી છે કે એક કામ કરયાથી

ખુશી પેદા થાય તો બાપ તથા બેટાને નેકી તથા બદીથી દરદ તથા અંદેશો રહેછે દુન્યા દરમ્યાનમા જ્યારે આદમીને ફરજંદ નહી હોય ત્યારે તેના ગમથી પોતાનુ દેલ બાલી નાખ્યા જેવુ કરે અને હકતાલાએ જયારે પોતાની કુદરતથી ફરજંદ આપ્યુ હોય તો તેની બરદાસ્ત લેવામા રાત અને દાહડો તે એવો ફીકરમંદ રહે છે કે જે વખતે તેને ફરજંદ નહીં હોય તે વખતે જેટલો તે ફીકરમંદ હોય તે કરતાને દસ ઘણો ચીંતાતુર રેહેછે, વાસતે દુન્યામા ફરજંદના જેવી પ્યારી ચીજ બીજી કાંઈ નથી જાબુલના પાદશાહ અશરતનુ તમામ લશકર કેરશાસ્પ વીશે ફીકરમંદ થયુ અને તે પેહેલવાને તેઓએ ફરીને જીવતો જોવાની થોડીજ આશા રાખી

કેરશાસ્પ પેહેલવાન અજદાની લડાઇમાં ગયા પછી પાદશાહ જોહાકે તે ઉપર જાદુઇ કીધી તે હકીકત.

દાના મોબેદો એમ કરીને લખી જાયછે કે જોહાક તાજી* પોતે જાતે જાદુગર હતો તેથી સઘલો વખત જાદુઇ સીવાય બીજી કોઇ રીતીથી ગુજારતો નહી હતો તે બાબુલ શેહેરના ઘણાક જાદુગરોને પોતાની સાથે રાખતો હતો તે નાપાક દગલબાજ પાદશાહે પેલા જાદુગરોને બોલાવીને કેહ્યુ જે 'તમો ભારી જાદુઈ જે કંઈ જાણતા હો તે તે અશરતના બેટા કેરશાસ્પ ઉપર કરો કે તે નવજુવાન છોકરા જીવથી મારયો જાય તો પછે હુ આશાએશથી પાદશાહી કરૂ" તેને સાભલી પેલા જાદુગર લોકો પોતાની જાદુઈના જોરે કેરશાસ્પ પેહેલવાનની ઉપર આતશ-પવન અને પથરનો વરશાદ વરસાવા લાગા અને ભુત-દેવ-શાપ-શેર-બબર-અને એ વગેરે બીજા ઘણાક દરામણા જાનવરોની સુરત કેરશાસ્પ સામે ઉભી કરીને તેને દેહેશત દેખાડી પણ તે દેલાવરને કાંઇ આજાબ પોહોચ્યો નહી. તે તો પાક

* જોહાકને તાજી એટલે આરબ જાતનો અતરે જણાવ્યા છે જેમ ફીરદોસી પણ લખી ગયા છે પણ આ નામામા બાજે વખત એને બાબુલ શાહેરના રહેવાસી કહ્યા છે તે અવસ્તામા જણાવેલા એના અસલ વતન 'બાવરી' યાને બાબીલોનને મલતુ છે

યજદાની મદદથી આગલ વધ્યો જ્યારે અજદહાની જગો ચાર કોશ દુર રેહી ! ત્યારે રસ્તા મધે દીદબાનોની બેઠક નજર આવી તો ત્યા જઇને જોય શુ કે એક ઇમારત ઘણીજ ઉસ્તવાર બાંધેલી હતી મસ તેનો દરવાજો લોહડાનો મેલ્યો હતો તે ઉપર ચહડવાનો રસ્તો ઘણો બીકટ દીઠો તે ઇમારતની અગાસી ઉપર એક મરદ બેસીને દીદબાની કરતો હતો, તેણે પોકાર મારીને કહ્યું, "ઓ ગુમરાહ થયલા મરદો ! તમો દીવાના આદમીની મીસાલે કાહા જાઓછો ? તુરત પાછા કરો, કારણ એ જગોથી આગલ જતા એક મોટો અજદહા છે અગરજો તે પોતાના ડહગ મધેથી પોતાનુ સર ઉઠાવશે તો તમો સર્વેને કેટલીક વેગલઇ છેપરથી એકજ દમમા પોતાની નજદીક ખેચી લેશે. તમો શુ જાણતા નથી કે આ જગોએ એક શેહેર ઘણુજ આબાદી ભરેલુ હતુ તેને એ નાપાક અજદહાએ વેરાન કરી નાખ્યુ અને તમામ આદમી તથા ગોસપદોને ખાઇ ગયો ? વાસ્તે આ જગોએ હુ દીદબાન દાખલ બેઠો છુ કે અગર કોઇ અનજાણ્યો પુરૂશ એ તરફ જાય તો હુ તેને મના કરૂ " એ શબ્દો પેલા દીદબાનને મોહડેથી સાભળી કેરશાસ્પ પેહેલવાન કેહેવા લાગો કે "એ દીદબાન મરદ ! એવી બેહુદગીભરેલી વાત તુ શા વાસ્તે કરે છે ! તુ જલદી નીચે આવ અને તે અજદહા કાહા છે ? તેની જગો મને દેખાડ કે તે નાપાક જીઆનમાર કેહી દશાએ અને કાહા રેહે છે ? ખસુસ હુ તેને સારૂજ રાહ માપતો આ જગો આવ્યો છુ " આ શબ્દો સાભલીને પેલો દીદબાન અજાએબ થયો અને કેહેવા લાગો કે "તે નાપાકની જગો તુ પુછે છે તો આ દશા ઉપર એક ડહરામાછે, કે જે જગોએ ધુઇ નજર આવે છે ત્યા એની બેઠક છે તે કોઇ વેલાએ આ ઇમારત આગલબી આવે છે અને તે પોતાનુ તન એની દીવાલ સાથે ઘસડેછે ત્યારે તેનુ સર એ ઇમારતની અગાશી સુધી આવી લાગેછે. એવુ ભારી જાનવર કોઇએ દુન્યામાબી નહી દીઠુ હોય વાસ્તે તમો ત્યાથી ડાબા જમણા અથવા આગલ પછવાડે જલ' થી નીકલી જાવ કેમકે અગરજો તે નાપાક અબુચીનો અત્રે આવી પોહોચશે તો હકનાહક તમો બીચારા મારયા જશો " એટલુ સાભલીને કેરશાસ્પ તેને ગુસ્સાથી કેહેવા લાગો કે એ નાહીંમત

મરદ તુ શા વાસ્તે મને દેહેશત દેખાડે છે ! તે અજદાની સાથે લડાઇ કરવા ખાતરજ હુ આ જગોએ આવેલો છુ હમણા તુ જોશે કે આ છશો મણના ગોરજે કરીને એ નાપાકના તનને ખાકની સાથે મેલવી દેઉ છુ ! જ્યા તલગ એ જીઆનગાર જાનવરને મારૂ નહી ત્યા લગે હુ ખુશીથી ખોરાખ પણ કરૂં નહીં" પેથો દીદબાન કેહેવા લાગો કે "અએ કીનાના ચાહ-નાર દેલાવર મરદ, અગર જો તે અજદાને તુ નજરે જોય તો એવા દમ્માગ અને ચાપલુશી નહી કરે તુને ખબર નથી કે તે અજદાના બદન ઉપર શુ લોહોડુ કે શુ આતશ કાંઈ અસર કરી શકતુ નથી ! બસ તુ તો એવું ગુમાન લેઇ જાય છે કે જેમ જાણે એક શેકાર મારે તેમ તેને મારવા માગે છે અને એવા બેહુદગીથી ભરેલા ખ્યાલે કરી તુ પોતાનો પ્યારો જાન શા વાસ્તે ખોહવા માગે છે ?" એવા દેહશત ભરેલા શબ્દો જ્યારે તે દીદબાનની જોબાનથી કેરશાસ્પની સાથેના બીજા પેહેલવાનોએ સાભલયા ત્યારે તેઓ દેહેશત ખાઈને કેરશાસ્પની મીન્નત કરવા લાગા કે "અએ નામવર પેહેલવાન આ દીદબાનના સખુનો સાભલીને પોતાના જીવ ઉપર તુ બક્ષેસ કર અને એ અજદાની જગોથી પાછો ફર," મગર કેરશાસ્પ પેહેલવાન પોતાના દેલમા કશોપણ ડર લાવ્યો નહીં અને પોતાની પાસે "પાઓ જેહેર" હતુ તેમાનુ કેટલુક અજદાનુ જેહેર નહી લાગવા માટે પોતાના મોહમા લીધુ અને કેટ-લુક પોતાની પાસે રાખ્યુ તેણે પોતાનો ભારે ગોરજ જીનના હારણા ઉપર મેલીને કમાન બાજુ ઉપર લટકાવી, ને તે ઘોડા ઉપર સવાર થયો પછી પોતાની સાથેના બીજા પેહેલવાનોને પેલા દીદબાન આગલ તે મીનારા ઉપર મોકલીને પોતાના મોહમા પાક યજદાનનુ નામ ધરી તે આગલ વધ્યો. જ્યારે પેલા ડગાહની નજદીક તે જઇ પોહોચ્યો, ત્યારે જોય શુ કે તે શીહાગાગમા એક ઘણોજ મોટો અજદા ગુચડુ વળીને બેઠેલો છે, જેના તનના ભીંગડા ઘણાજ સખત ગોયા ગેડાની ઢાલ જેવા હતા.

અજદાને જોઈ કેરશાસ્પ પેહેલવાને પોતાનાં તનમાં જોર માંગવા સારૂ માનાજાત કીધી તે હકીકત

તે અજદા ગોયા એક ડુંગરની મીશાલે થઇને પડેલો હતો તેનુ એકાએક હીલવુ થયુ તેથી ધરતીકંપ થાય તેમ જમીન ઉપર આવાજ થયો! તેને લીધે કેરશાસ્પ પહેલવાન પોતાના ઘોડા સાથે હીલ્યો અને જોય શુ કે તે અજદાનુ મોહડુ એક શીહા ગારની મીસાલનુ હતુ તેના બે પગ શામરની મીસાલના હતા અને જોસાન તથા દમ ગોયા આતશ અને ધુવાની મીસાલે હતા તે પેચ દરપેચ તમામ શેરના બાલે કરી ગોયા કાંટા ભરેલુ હતુ! તેની પીઠ ઉપરના ભીંગડા જે મીસાલે દરીયાવમા ફીણ આવે તે મીસાલે હતા અને તે એક એક ભીંગડુ હાથીના કાન કરતા પણ મોટુ હતુ. તે નાપાક અજદા એવો બદકાર હતો, કે ગોયા તેનુ બદન લડાઇના સઘળા હથયારે કરીને ભરેલુ હતુ! જયારે તે પોતાનુ દેલ પાહાડની સાથે ઘસડતો હતો ત્યારે એક ફરશંગ સુધી તેનો આવાજ જતો હતો.

જ્યારે આ મીસાલનો મોટો અને કદાવર અજદા કેરશાસ્પે જોયો ત્યારે પાક યજદાનની સ્તુતી કરવા લાગો અને કેહેવા લાગો કે 'અએ દાના સાહેબ, સર્વે ચીજની ઉતપતીનો કરનાર તુજ છે અએ બુજોર્ગ સાહેબ, સર્વે ચીજોની ઉપર સતો પણ તુજ છ તમામ પેદાયશને તે પેદા કીધી છે તે ઉપર તારીજ મરજી કાયમ છે અગરજો તુ ચાહે તો મુરદાને જાન બક્ષે અને તુ ચાહે તો શેહેનશાહને જડમેબથી ઉખેડી નાખે તુ ચાહે તો ગરીબને તવંગર કરે એ કુદરત કાંઇ આદમીજાત કરી શકતુ નથી વાસ્તે હુ આજેજ બદાને જોર આપ તારી મદદ વગર હુ આજેજ બદાથી શુ થનાર છે" કેરશાસ્પે મોનાજાત કીધા પછે કીનાની કમાન ઉપર હાથ નાખ્યો અને પોતાનુ તન યજદાનને સોંપ્યુ, પછી પોતાના ઘોડાને તેજ કર્યો તે પેહેલવાને પોતે ચાહ્યુ કે તેને તે અજદાની તરફ ચલાવે, પણ તે નાપાકની બદબોએ કરીને ઘોડાએ પોતાનુ મોહ ફેરવીને

પાછુ નાસવાને ચાહ્યુ, ત્યારે કેરશાસ્પે ગોસ્સામા આવીને ઘોડાને એક મારી તોપણ ઘોડો પાછો ફરીને ઉભો! તેથી કેરશાસ્પને ઘણોજ ગોસ્સો આવ્યો. ત્યારે તુરત તે નીચે ઉતરયો અને ઘોડાને છુટો મેલી દીધો અને પોતે તે અજદાની તરફ દોડવા લાગો. તે નામદાર પેહેલવાને એક તીર ચહડાવીને એવાંતો જોરથી અજદાના હલકમા મારયો કે જેથી કરી તે નાપાકનુ મોહ તથા હલક સીવી લીધું! પણ જે મીસાલે લોહોડા સાથે પથર અડડે અને આતશ રોશન થાય તે મીસાલે કેરશાસ્પના તીરનુ પેકાન તે અજદાના સરમા લાગ્યુ તેથી આતશ રોશન થયો. તેજ વખતે તેણે પોતાનુ સર ઉઠાવ્યુ તેવામાજ ફરીને બીજો પેકાન તુરત કમાન ઉપર ચહડાવ્યો અને તે અજદાની આખમા મારયો તેથી તેની બન્ને આખમાથી લોહીના ચશ્મા જારી થયા તે વખતે તે અજદાએ વાદલની મીસાલે પોકાર મારયો. તે રેલના પાણીની મિસાલે ગાર મધેથી નીકલીને ઉચે આવ્યો. તેણે પોતાના સીનાએ કરીને તે જગલની જમીન ખોદી નાખી અને મોહમાથી ફુકારા મારવા લાગો ત્યારે કેરશાસ્પે પોતાની ઢાલ આડી કીધી કે તે નાપાક જાનવરનુ જેહેર તેને નહીં લાગે. કેરશાસ્પે એવો વીચાર કરી જે ઢાલ આડી ધરેલી હતી તે ઢાલને અજદાએ એક દમ મારીને ખેચી લીધી; જેથી જગી કેરશાસ્પે આજેજ થઇને નેજો ઉઠાવીને તે અજદાના મોહમા મારયો તેથી તે અજદાનુ મોહ સીવી લીધુ તેથી ગરદનને રસ્તેથી તે નેજાની અણી બાહેર નીકલી! આથી તે અજદાએ પોતાના દાતે કરીને તે નેજાને બાહેર કાહાડી નાખ્યો ફરીથી કેરશાસ્પેં એક ગોરજ ઘણોજ જોરથી મારયો તેના જખમે કરીને તે જાનવરના તનમાથી જીવ નીકલી ગયો તેનું મગજ લોહીથી લપટઇ ગયુ તે નાપાક જાનવર ઉંધુ વળીને પાહાડ મીસાલે પડયુ કેરશાસ્પ પેહેલવાનનુ તમામ બખતર તે નાપાક જાનવરના જેહેરે કરીને પુરજે પુરજા થઇ ગયુ હતુ કેટલીક પળો જાહાપેહેલવાન કેરશાસ્પ પોતેબી બેહોશ થઇ પડયો હતો જ્યારે કેરશાસ્પ પાછો હોશમા આવ્યો ત્યારે પાક યજદાતાલાની શેપાસો બદગી કરવાને વાસ્તે પોતાનુ સર જમીન ઉપર મસલ્યુ અને કેહેવા લાગો કે "અએ દાદ તથા ઇનસાફના

ધણી પાક દાવરે દાદગર! આ કામ જે સરનજામ પોહોચ્યું એટલે જે આ નાપાક અજદા મરણ પામ્યો તે મારા કઉવતથી નહી પણ તારી ખાસ મદદે કરીને મરણ પામ્યો છે, બાકી મને એક કીડીના જેટલું પણ કઉવત નથી તમામ જોર અને ફીરૂજી મને તારી મદદથી છે અગરજો તુ સાહેબ ચાહે તો મારૂ જોર તથા મરદાનગી એકજ લેહેજામા બીજાને બખશે" હવે પેલી તરફ પેલો દીદબાન અને બીજા સવારો એમીને કેરશાસ્પના રસ્તાની તરફ નેગાહ કરી જોયા કરતા હતા કે કયારે અજદાથી બીહીને કેરશાસ્પ નાહસી આવે! એવા વીચાર તે શખ્સો કરતા હતા એટલામા કેરશાસ્પનો ઘોડો ખાલી પીઠે તે જગોએ દોડી આવ્યો તે ઘણોજ હાફતો અને પસીનાથી તર થયલો હતો તેનો ચેહેરો જે જરદ રંગનો હતો તે પસીનાના ફીણે કરીને સુફેદ બની ગયો હતો અને તે ઘોડાની ઉપરની લોહોડાની પાખર પીઠ ઉપરથી સરીને પગની નીચે આવેલી હતી આ દેખાવ જોયાથી પેલા દીદબાનને અને સવારોને વેહેમ ગયો કે કેરશાસ્પ પેહેલવાનને પેલા નાપાક અજદાએ પોતાના દમથી ખેચી લીધો, તેથી એ ઘોડો ખાલી પીઠે નાહસી આવ્યો હોય એવી રંજે કેરશાસ્પના ઘોડાને જોવાથી પેલા સવારોના મોહ જરદ રંગના થયા તેઓ કેરશાસ્પના ગમથી બેહોશ થઇ પોતાના હથયાર નાખીને જમીન ઉપર પડયા જયારે તેઓ પાછા હોશમંદ થયા ત્યારે પોકાર અને શોહોર કરવા લાગા પેલો દીદબાન ગમગીન થઇને સવારોને કહેવા લાગો કે 'અએ અકલના કોતાહ લોકો! આ ઘોડાની પીઠ ખાલી જોવાથી તમો શા સારૂ જારી કરો છો? તમો અંદેશો કરો કે અગરજો તમારો સરદાર અજદાના ફુંફાડાએ કરીને ખેચાઇ ગયા હોય તો તે નાપાક આ તેના ઘોડાને કેવી રીતે સલામત જવા દે! એ નાપાકની ચાલ એવી ઝડપની છે કે ઉડતા મોર્ગની પછવાડે દોડે તો તેનેબી તુરત પકડી લે! તો આ ઘોડાને તે જીવતો કેમ આવવા દેશે' વાસ્તે તમો સબર કરો ખોદા સાહેબના હોકમથી કાઇ સારોજ બનાવ બન્યો હશે ચાહવુ તે સાહેબનુ હશે તો કેરશાસ્પ પેહેલવાન આપણી નજદીક સલામતી સાથે આવી પોહોચશે" પેલા સવારો ગમગીન થઇ માહોમાહે વાત કરતા હતા એવામા નામદાર કેરશાસ્પે જોરથી એક પોકાર મારયો

તે મસ્તી ભરેલા હાથી મીસાલ ગહમા ચાલતો હતો તેની બાજુ ઉપર કમાન લટકાવેલી અને ભારી ગોરજ બાધ ઉપર પકડેલો હતો જ્યારે પેલા દીદબાને મિનારા ઉપરથી નેગાહ કરીને જોયુ ત્યારે કેરશારપને જંગલના શેર મીસાલ આવતો દીઠો ! ત્યારે તેણે ખુશી થઇને એક પોકાર મારયો તેથી પેલા સવારો ખુશી થતા જોહાપેહેલવાનની નજદીક દોડતા જઈ કેહેવા લાગ્યા જે "શુકરાના હકતાલાના કે તુ અજદાની રંજથી છુટો, તેથી હમો સર્વે કોઇ પણ તારી ફેકરના રંજથી છુટા તુ તે અજદાના હાથમાથી બેઆબરૂ તથા જીવતો પાછો આવ્યો તે ઘણુ ખુશ થયુ કોઇ શખ્શ આજ લગી એ અજદા સાથે બર આવ્યો નથી જ્યારે દુશમન સાથે મોકાબલો કરયો અને તે દુશમન જબરદસ્ત હોય તો તેના હાથમાથી છુટી આવ્યે એટલે ગોયા તે દુશમનને જાનથી મારી આવ્યા તે મીસાલે છે" એવા સખુન સાંભલીને પેહેલવાન કેરશારપ કેહેવા લાગો કે 'કોઇ આપણા ખાનદાનના દુશમન હોય તે પેલા અજદાની મીસાલ પેચ ખાઇ ખાક સાથે બરાબર થજો યાને મારયો જજો" એટલુ કહયુ કે પેલા સવારો અજદાના ગાર તરફ દોડયા અને તે અજદાને મારેલો જોઈ સર્વે કોઇ કેરશારપના હોનર તથા જોર ઉપર દુવા કરવા લાગ્યા એમ કરતા તે જગોની આસપાસના મુલકમા એ ખબર જઇ પોહોચી તેથી તે અજદાને જોવાને વાસ્તે તમામ આદમી જાતના ટોલે ટોલા આવી પોહોચ્યા એવુ કે એક બે દાહડામા એક લાખ આદમી કરતાબી લોક ત્યાહા જમાવ થયુ પણ તે તમામ ખલક અજદાના કરતા જોહા પેહેલવાનને વણી તાજુબીથી જોતી હતી એ તરફ જ્યારે સીપેહસાલાર કેરશારપ લડાઇથી ફારેગ થઇને પેલા દીદબાનની નજદીક આવ્યો અને ખુશાથી ખાણુ ખાવા બેઠો, ત્યારે એક શખ્સ ઘણો દાનાવ તથા જોરેમદ હતો તેને સેતાબ પાદશાહ જોહાક તથા પોતાના બાપ પાદશાહ અશરતની ખેદમતમા ખબર કરવા સારૂ એક ચાલાક ઘોડા ઉપર બેસાડીને રવાના કીધો તે ઘોડાની તારીફ એ નામાનો બનાવનાર જાહેર કરે છે કે શીહા આખનો તથા પાહાડની શિકલનો તથા તેના મોહમાથી દમ નીકલતો તેમાથી કસ્તુરીની ખુશબો આવતી તથા ચેહેરામા પરીની મીસાલ હતો. તે ઘણો ખુશનુમા તથા ચલનમા હરણની

મીસાલનો અને પાઉમા ગોરખરની મીસાલનો હતો જ્યારે તે શીતાબ ચાલવામા મચતો ત્યારે દરીયાવના પાણીની મીસાલ સેતાબ ચાલતો હતો. તે નરમીમા રેશમ મીસાલ, તરવામા માહીની મીસાલ અને જોરમા સીંહ જાનવરની મીસાલનો હતો તે નજરે જોવામા એવો તેજ કે શીહા રાતના જમીન ઉપર કાઇ ચીજ પડી હોય તેનેબી તપાસતો * તથા દોડવામા એવો તો તેજી કે જે દાહડો ગુજરે છે તે દાહડો ફરી આવતો નથી પણ તે ઘોડો ગુજરી ગયલા દાહડાનેબી પકડી આપતો હતો તે ઘણી અડચણની જગો ઉપર જવુ પડતુ ત્યારે તે ઘણો ખુશી થતો તથા જેમ ઘણો ચાલતો તેમ તે વધારે તેજી પકડતો હતો તે ઘોડો એક જગોથી આગલ જતો ત્યારે એવો તો નજર આગલથી ગુમ થઇ જતો કે તેથી આદમી અજબ રેહેતા એ રવેસનો તે ઘોડો આશાએસથી પોતાની પીઠ ઉપર સવારને લઇ તીરની મીસાલ જતો હતો. તેની નાલની ગીરદે કરી આસમાનબી ઢંકાઇ ગયલુ નજર આવતુ હતુ, પણ પેલો સવાર રાહમા ઘોડાની પીઠ ઉપરથી નીચે ઉતરયો નહીં કે જરા આશાએસ કરે તે તો જાબુલના પાદશાહ અશરતની દરગાહના દરવાજા આગલ જઇનેજ ઉતરયો.

કેરશાસ્પે અજદહા મારયો તેની ખબર શાહનશાહ જોહાકને થઇ તે હકીકત.

જેવુ પેલા સવારનુ જઇ પોહોંચવુ થયુ કે તેની જોબાનથી જાબુલના પાદશાહ અશરતે ખુશ ખબર માભલી, કે તેજ વખત તે કાસદ ઉપર બેકીમતી મોતીનો વધાવો કીધો, તે કાસદના બેહુ હાથ હીરાએ ભરી તથા

* બુનદેહેશ (બાબ ૧૯) મા કહું છે કે એક અરબ ઘોડા રાતની વખતે જમીન ઉપર એક બાલ પડેલા હોય તે પણ પારખી શકે છે, વળી બેહરામ યશત (કરદા ૩૧)મા પણ એજ પ્રમાણે કહું છે કે એક તેજ ઘોડા અંધારી રાતના જમીન ઉપર પડેલા બાલને દેખી શકે છે અને વળી માથા આગળનો તેમજ પુછડી આગળના બાલ હોય તે પારખે છે

ગામન યાકુતે કરી ભરી અને સર્વે કોઇ એવા તો ખુશીમા આવ્યા કે પેલા વધાઇના લાવનાર સવારને પોતાના જાન આપે પછી તે મરદ ઉપર પાદ-શાહે ઘણીક દુવા કીધી તેણે ફરમાવ્યુ કે એ સરફરાજ વધાઇના લાવનારના ઘોડા ઉપરથી લાલ દેબાની પાખર નાખે, એ ઘોડાને સુનાની નાલ જડે તથા ગોહરના જડાવના જીન નાખે। તેજ વખત પાદશાહના ફરમાવ્યા મુજબ તે ઘોડાને સુનેરી સાજ સાથે સમારયો અને તે ઉપર વરશાદના કતરા મીસાલ અશરફીનો નેસાર કીધો। પછે પાદશાહ અશરતે પેલા સવા-રને હોકમ કીધો કે "તુ સેતાબ કેરશાસ્પની નજદીક જા, હુ એ ખબર પાદશાહ જોહાકને કરાવીશ।" તેજ વખત તે સવાર પાછો રવાને થયો તે રાહમા ચાલતા જોય શુ કે પેલા જીઆગાર અજદાને પાચ ગાડા એકઠા બાધી તેને હાથી જોડીને તે ગાડા ઉપર પેલા અજદાને નાખી ખેચા-વતા લાવે છે તે તમામ રાહમા તે અજદાના ભારથી ગાડાના પઇડાએ કરી જમીનમા ઉડા ખાડા પડતા હતા એવો તો તે અજદહા ભારી હતો કે તેને બાર હાથી ખેચતા તોબી સખ્તીએ કરી પોકાર કરતા ચાલતા હતા। એ તરફ પાદશાહ અશરત ઘણાક સીપેહસાલારો સાથે લશકર લઇ કેર-શાસ્પની તરફ આગલ ચાલ્યો તેના નકારાના અવાજે તમામ જેહાન જોશમા આવી જાબુલના આદમીઓબી તમામ પોતપોતાના ઘરમા ખુશીથી જીઆફત કરવા લાગા રૈયતે તમામ શેહેરમા પોતાના શાહજાદાની ફીરૂજ-ગરીની ખુશાલીમા રોશની કીધી તેથી ગોયા તે જાબુલ સરજમીન જાણે એક બેહેસ્તનો બાગ બન્યો હતો પછી શેહેરના તમામ આદમી, શુ બુઢા તથા જવાન, સર્વે કોઇ પેહેલવાન કેરશાસ્પને એસતેકબાલ ગયા, અને તે અજદહા તથા કેરશાસ્પના તીરના જખમ જોઇને સર્વે કોઇ અજબ રેહેવા લાગા એમ કરતા તે અજદાને જંગલમાથી ખેચતા લાવીને પાદ-શાહ જોહાકની નજદીક નાખ્યો જોહાકે તે અજદાને જોઇ પોતાના હાથનો પંજો બસ મોહમા પકડી કેરશાસ્પના જોર ઉપર દુઆ કીધી અને તેની ખુશીમા એક મજલેસ સમારી જાહેરમા તે જોહાક ખુશી હતો પણ બાતેનમા પુરો ડર તથા દેહેશત ખાવા લાગો, કે "એ કેરશાસ્પ એકાએક મારી પાદશાહી બરકરાર રેહેવા દીયે તેવુ મને લાગતુ નથી" પછી

મજલેસમા બેઠો તે મજલેસ એવી તો રોશન બેહસ્તની મીસાલે મમારી કે માહતાબેબી ચાહ્યુ કે હુ બી એ મીજલસમા જાઉ પાદશાહ જોહાકે તે મીજલેસમાના બેસનાર બુજોરગોને ફરમાવ્યુ કે 'અવ્વલ શરાબની જામ પેહેલવાન કેરશાસ્પની યાદમા લેવો !" પેહેલવાન કેરશાસ્પની એ રવેગે ઘણીક મદારત કરીને પોતાના ખજાનચી પાસે પોતાના ગજખાનામાથી જે કાંઈ નાદર જણુસ હતી તે મગાવી, તેમા એક બખ્તર પાદશાહ હોશ-ગનુ તથા એક તોપ તથા સુનેરી ઢાલ કે જેને ફૂલની જગો એક એક ગોહર પાદશાહી કીંમતનુ જડેલુ હતુ તથા એક તાજ ફીરોજાનુ તથા એક પવનચાલનો ઘોડો તથા પાદશાહ જમશેદનો કમરબંદ વગેરે બીજો ઘણોક પાદશાહી તોફા અસબાબ પેહેલવાન કેરશાસ્પને સરાપાવમા પાદશાહ જોહાકે આપ્યો તે પછી ફરમાવ્યુ કે "એ નામના ઉઠાવનાર પેહેલવાન કેરશાસ્પે એવો ભારી અજદા મારીને પોતાનુ નામ જેહાનમા મગરૂરીથી ઉડાવ્યુ વાસ્તે એક અઝદાપેકર ઝુનડો બનાવી તે ઉપર જરી રેગની શીકલ કહાડીને તેના સર ઉપર જરના માહતાબ બનાવ' એ રવેશનો એક ઝુંડો તૈયાર કરાવી પેહેલવાન કેરશાસ્પને બખસ્યો અને જાબુલની આસપાસ બીજા જે મોલક હતા તેબી તેને હવાલે કરયા કે 'આજ રોજથી જેહા પેહેલવાની મે તુને આપી છે હવે પછી તારા મોલકમાથી હુ મલામી હરગેજ લેનાર નહી ' એ મીસાલ સર્વે રીતનો બદોબસ્ત કરીને પાદશાહ જોહાક તાહાંથી પોતાના લશકર સાથે હીન્દુસ્તાન તરફ સેહેલ કરવા નીકલ્યો તે કેટલાક પાદશાહો પાસેથી સલામી લઈ પાછો પોતાની રાજ-ધાની બાબેલ શેહેરમા આવી પોતાના તખત ઉપર બેઠો મગર તે દેલમા જુલમેગાર પાદશાહ, કેરશાસ્પની દેહેશતથી બેકરાર રેહતો હતો તે પોતાના દીલ સાથે કેહેતો હતો કે "જ્યા તલક કેરશાસ્પ જીવે છે ત્યા લગી મને આશાએશથી ખોવાબ આવનાર નથી એ પેહેલવાનને એવી સખત લડાઇ ઉપર હુ મોકલુ કે ત્યાથી એ પાછો સલામત આવેજ નહીં" એવા કાચા ખ્યાલમા જોહાક હતો, એવામા તેને એક લડાઈ હીનદુસતાનની યાદ આવી તેથી સેતાબ જગી કેરશાસ્પને તે લડાઇ ઉપર મોકલવાની બાજી પાદશાહ જોહાકે રચી અને પેલી તરફ જાબુલસ્તાનના લોકોએ

જાહાપેહેલવાન ફેરશાસ્પની મરદીની હકીકત દફતરો તથા પોતાના એવા-નોની તાક ઉપર લખાવી. તે હકીકત તથા વાત એ જગોએ પડતી નાખી શ્રી હીંદુસ્તાનના જગનો હેવાલ સાભળો

શ્રી હિંદુસ્તાનના મહારાજા મેહેરાજની હકીકત.

એ નામાનો બનાવનાર શાએર અજદી * એમ કરી કેહે છે, કે હીંદુસ્તાનમા પાદશાહ માહરાજા મેહેરાજ રાજ ચલાવતો હતો તે રાજા બુજોર્ગી ભરેલો હતો તથા તેના કબીલાનો એક સપેહસાલાર 'બહુ" નામનો હતો તેને મેહેરાજ પાદશાહે સરનદીપના મુલકની જાગીર બખશી હતી, તેથી તે પાદશાહના તાબામા રહીને સરનદીપના મુલકની મરદારી કરતો હતો જ્યારે તે બહુ સીપેહસાલાર પાદશાહ મેહેરાજની ખીદમતમા આવતો હતો ત્યારે હર વખત એ સખુન કેહેતો હતો, કે 'અય પાદશાહ! તુને તારા બખ્તથી બુજોર્ગી તથા તાજ તથા તખત પોહોચ્યું છે અને તુ મોટો પાદશાહ કેહેવાય છે જ્યારે કનોજ તથા તેબ તથા શનદ તથા હીંદુસતાન અને ચીનના દરીઆવ લગીના મુલક તારા તાબામા છે તો તુ શા વાસ્તે પોતાના બુજોર્ગોના નામને ગુમ કરીને હર વરશે વરશ નાપાક સીતમગાર જોહાકને ઘણોજ હદીઓ તથા સલામી મોકલી આપે છે? મને એવુ માલુમ થાય છે કે તુ એ વાત ઉપર સુસતી કરે છે, અગરજો તું મને હોકમ કરે તો હુ તે નાપાક પાદશાહ સાથે લડાઇ કરીને તે પાસેથી સલામી કબુલ કરાવુ તુ નથી જાણતો? બુજોર્ગો ફરમાવી ગયા છે તે કે જે કોઈ આદમી શરમ ભરેલું તથા આળસુ હોય તે બીજા ઉદ્યોગી આદમીઓના તપલા ખાય? તારે બેશક એમ કરી જાણવુ કે આળસુ આદમીને સર્વે કોઇ ખોઆર કરી જાણે છે અને તેને સુકા ઘાસ બરાબર ગણે છે, વાસ્તે એ પાદશાહ તારો અંદેશો શુ છે? તુ તે

* નામાના બનાવનાર શાએર અજદી વીશે જુઓ દીબાચામા જણા-વેલી વિગત

નાપાક જોહાકથી ડર રાખતો હશે? પણ હુ તે નાપાકથી કશો અંદેશો રાખતો નથી અગર તુને સલામી આપ્યાથી કશી શરમ આવતી નથી પણ મને તો ઘણી નામોશી લાગે છે" એ રવેશે બહુ સીપેસાલાર પોતાના પાદશાહને કેહેતો હતો પણ તે પાદશાહ મેહેરાજ પોતાના સીપેહસાલાર બહુને મના કરતો કે "એવા નાલાયક સખુન બોલ નહીં, જો એ વાત પાદશાહ જોહાકને માલમ થશે તો તે પાદશાહ આપણો મોલક પાયમાલ કરી નાખશે" એ રવેશે બન્નેને એકએક સાથે સવાલ જવાબ કરતા એકદીન બોલવુ થઇ પડયુ તેથી લડાઇ તથા ફીશાદ ઉઠી ઉભો થયો રાજા મેહેરાજ પાદશાહના તમામ લશ્કરમાથી અરધો ઉપર લશ્કર ફરયુ તે બહુ સીપેહસાલાર તરફ થયુ. તે નાફરમાને એક લડાઇ કીધી તેથી રાજા મેહેરાજ પાદશાહનો સેતારો બરગસ્તે થયો બહુના લશકરે પાદશાહના લશકરને વણીજ સીકશત દીધી તેના સબબથી પાદશાહ મેહેરાજ થોડીક ફોજ સાથે નાઠો એ ખબર પાદશાહ જોહાકને થઇ તેથી પાદશાહ મેહેરાજની દોસ્તી તથા મોહબતથી ઘણોક દીલગીર થયો પછી જોસમા આવીને તેજ વખત ફરમાવ્યુ કે નવીશનદાને બોલાવ ને પાદશાહ અશરત ઉપર એક નામુ લખે તેજ વખત નવીશનદો આવી હાજર થયો તેણે રોશનરોજની મિસાલના સફેદ કાગજ ઉપર શીહા રાતની મિસાલની શીહાઇના દસ્તખત લખ્યા તે નામાના સર ઉપર જેહાનના સાહેબ પાકપરવરદેગારનુ નામ લખ્યુ કે "ખોદાતાલાએ જે કાંઇ ચાહયુ તે કીધુ અને તેણે પોતાની કુદરતે આસમાન તથા જમીન તથા જમાનો પેદા કીધો એ યજદા સાહેબે સાત આસમાન બાંધ્યા તથા બેકીમત ગોહરની મિસાલના સેતારાનો જડાવ તે ઉપર જડયો તે સાહેબે જમીનને પાણી ઉપર ઠમ રાખી તથા આસમાનને ફરતા કરીને તે ઉપર આફતાબ તથા માહતાબને ચાલતા કીધા તથા તમામ જેહાનને હરરોજ ગેબથી પોતે રોજી પોહોચતી રાખી" એટલુ લખીને બીજુ એ લખ્યુ, કે "બહુ પાદશાહ ઉપર આસમાને મેહેરબાન થઇને આપણા ઉપર ખુશીનો દરવાજો ખોલ્યો છે અને તમામ હફતે કેશવર જમીનના મોલક આપણા તાબામા કીધા છે પણ તુ જેવો પાદશાહ હરેક મુશકેલ વખત મારી મદદ કરે

નહીં તો બીજા મુદઇ લોકો મને આશાએશથી તખત ઉપર બેસવા દે નહીં તુ પાદશાહ તથા તારો બેટો જેહા પેહેલવાન કેરશાસ્પ તમો બેહુ નામદારો ગોયા મારી મુશકેલ વખતની ઢાલ છો. હુ પાદશાહી કરૂ છુ તે તમારી જેહા પેહેલવાનીના દબદબાથી કરૂ છુ વાસ્તે હમણા હીન્દુસ્તાનમા એક ખરાબી ઉઠી ઉભી થઇ છે ત્યા આપણને લશકર મોકલવુ જોઇએ તે લશકર સાથે તારો નામદાર બેટો જેહાન પેહેલવાન કેરશાસ્પ જાય તો તેમા આપણી નામદારી છે અગર જો જેહા પેહલવાન દર ખાઇને શ્રી હીન્દુસ્તાન નહીં જાય તો હુ બી લશકર મોકલુ નહીં, વાસ્તે અમરત તુ દોસતીનો હક રાખતો હોય તો એ વખતમાં મારી મદદ કર એ નામુ જોતા વાર સેતાબ કેરશાસ્પને મારી તરફ રવાને કરજે અને બીજા કાંઈ પણ લડાઈના સામાનની ચીજનો અંદેશો કરતો ના જ્યારે જેહાન પેહેલવાન કેરશાસ્પ એ તરફ આવશે ને જે કાંઈ સામન માગશે તે એ જગીની જનામ હુ હાજેર કરીશ લશકર તથા ખજાનો જે જોઇશે તે મારા ખાસ ખજાનામાથી મળી આવશે તારા બેટાની મદદથી ફીનો લેવા વાસ્તે ૨૦૪ ખેચ આપણે બેહુ પાદશાહો એક દેલથી મળીને કામ કરશુ તો દુશ્મન ખાક તથા ખુનમા ગેરફતાર થશે લશકર તથા ખજાનો મારો અને મેહેનત તથા લડાઇ તારા બેટા કેરશાસ્પની એ રવેશે આપણે સમજીને દુશ્મન ઉપર શ્રી હીન્દુસ્તાનની તરફ લશ્કર મોકલ્યે ઓ નામદાર પાદશાહ અશરત, એવુ થાય જે એ નામુ તારી નજદીક નવીશનદો અરઝ પઢે કે જેહાન પેહેલવાનને શેતાબ એ તરફ રવાને કરજે અને એ નામાનો જવાબ એવો સલુકાઇથી લખજે કે જેમ વેરાન બીઆબાન જગોમા પોકાર મારયે અને તેવોજ અવાજ પાછો સાભળ્યે તે મીસાલ એ નામુ જેવી મારી મોરાદ મોઆફેક લખ્યુ છે તેવીજ તારીબી મોરાદ હોચ તો તેથી મારો જીવ ખુશ થશે" એ રવેસે કરેબબાજ જોહાકે પાદશાહ અશરતને ઘણી બુજોર્ગી આપી નામુ લખાવ્યુ અને તે ઉપર પોતાની મોહોર કરી સીતાબ એલચીને જાબુલની તરફ રવાને કીધો જ્યારે તે નામુ પાદશાહ અશરતને પોહોચ્યુ અને મુનશીએ તે તમામ અવલથી તે આખર તલક વાચ્યુ તે સાભળીને પાદશાહ અશરત કેટલોક વાર

અદેશો કરીને કેરશાસ્પને કેહેવા લાગો કે "એ શેરમર્દ બેટા ! પાદ્શાહ જોહાકનુ લડાઇને વાસતે તુને બોલાવવુ આવ્યુ છે તેથી તારી મરજી શી છે ? મને તો દર એ લાગે છે કે હીન્દુસ્તાનથી સરનદીપ લગી જવાની રાહ ઘણી દુર છે અને રાજા મેહેરાજને પોતાના બહુ સીપેહશાલાર સાથે લડાઈ બી ઘણી સખત લાગી છે, તેથી મબાદા તે જગો તારા જીવને કાંઈ સખ્તી પોહોચે ! તેથી એ વખત હરેક બાહનુ કાહડીને પાદ્શાહ જોહાકને નહીંનો જવાબ લખ્યે" એટલુ સાભળીને જેહાન પેહેલવાન કેરશાસ્પ કેહવા લાગો કે "એ બાપ ! તુ નથી જાણુતો પણ મને તો સખત જગો જવાની તથા હેરેમનની મીસાલના લડાયક સવારો સાથે લડાઇ કરવાની ખાહેશ ઘણી છે મારા તનમા હક્તાલાએ લડાયક પેહેલ-વાનનુ જોર આપ્યુ છે તો હમણા લડાઇનો વખત આવી પોહોચ્યો તે વખતે હુ લડાયથી દુર કેમ રેહુ ? જે વખ્તે મને પાક દાદ્ગરે જોર તથા કુવત તથા બાજુ આપી છે ત્યારે હુ ગોરજ તથા કમાન તથા કમદ તથા શમશેર લઇને બાજુના જોરથી લડાઇ કરયા વગર આસુદો કેમ બેસુ ? જે શખ્સ સીપાહી કેહેવાતો હોય તેને જો પોતાનો જીવ પ્યારો હોય તો તે શખ્સને સીપાહી કેહવો સજાવાર નહી તે કરતા અગર કાંઈ બીજા શખ્સને પાદ્શાહી લાયક હુ જોતો હતે તો એ બદસુરત અજદાના રાખનાર જોહાક પાસેથી તાજ તથા તખત છીનવી લેતે અને બીજાને પાદશાહી તખત તાજ નવાજતે ! પણ કોઈ શખ્સ તેવો નેકબખ્ત મારી નજરમા આવતો નથી વળી એક અદેશો એબી લાગે છે કે અગર હુ કોઇ શખ્સને એ જોહાકનુ તખત છીનવી ઇરાનની પાદશાહી ઉપર બેસાડુ છુ તો મબાદા તે નવો પાદશાહ એ જોહાક કરતા જાદા બદ નીકલે ત્યારે જેહાન દરમ્યાનમા લોકો આપણા ખાનદાનનેજ બુરૂ બોલે ! બુજોર્ગ ફરમાવી ગયા છે કે પોતાનો પાદ્શાહ ઘણોએ બદતર તથા બદફેલ હોય તોબી તેના ફરમાનથી સર ફેરવવુ નહીં"

પાદશાહ જોહાકની દરબાહમાં કેરશાસ્પને જતી વખતે નસીહત કીધી પાદશાહ અશરતે તે હકીકત.

દાનાઇ ભરેલા શબ્દો પાદશાહ અશરત પોતાના બેટાની જુબાનથી સાભળી કેહેવા લાગ્યો કે "એ અકલમદ બેટા! તુ કેહે છે કે પાદશાહોના હોકમથી સર ફેરવવુ નહીં તે વાત દરોસ્ત છે, પણ તુ ફરીથી દિલમા અદેશો કર ને એ બુરો ખ્યાલ દિલમાથી કાહડી નાખ યાને હીન્દુસ્તાનની લડાઈમા જવાથી તુ પાછો ફર જ્યારે આપણામા અકલ નહીં હોય ત્યારે દાના આદમી જે રાહના બતાવનાર હોય તેથી શરમીનદા રેહેવુ પડે એ બેટા હજુર તુ બચ્ચુ છે તેથી તુને અકલનુ જોર જોઇયે તેટલુ પુરૂ નથી હજુતો તે પાદશાહોની દરબાહનો પુરો દબદબો દીઠો નથી અગર તારી મરજીમા એમજ ઉતરે છે કે હીનદુસ્તાનની લડાઇમા જઇ નામ કાઢવુ તો શાયદ મારી નજદીક બેસ અને મારી નસીહત સાભળી લે, પછી તારી ખુશી હોય તો હીનદુસ્તાનની લડાઇમા જા

'બીજી દરબાહ કરતા પાદશાહોની દરબાહ ઘણી દબદબા ભરેલી હોય છે, ત્યા આપણે પોતાના જોર ને હુકમ ઉપર ગુમાન ધરી એમ નહીં જાણવુ કે જેહાપેહેલવાની મનેજ છે ત્યા બાજે એવા આદમી તથા લડાયક સીપાહી હોય છે તેઓ એક લેહેજામા આપણી આબરૂ લે છે! લશકરમા સર્વે નાહના મોટા સવારો સાથે મળીને નમી ચાલવુ. પાદશાહના બોલવા ઉપર પુરો એતેકાદ નહીં રાખ્યે. પાદશાહ લોકોની તબીઅતને ફરતા વાર લાગે નહીં તથા પાદશાહોની દરબાહ પુર ઉમેદ તથા દર ભરેલી હોય છે, તે એકાએક કોઇ આદમીને બુજોર્ગી આપતા વીલબ લગાડે નહીં, તેમજ આદમીને બેઆબરૂ કરી એક દમમા મરતબા ઉપરથી નીચે ઉતારી નાખી બેહોરમત કરવામા પણ ઢીલ કરે નહીં! આ ફરતુ આસમાન કોઇ ઉપર બરકરાર નથી, તે મિસાલ પાદશાહોની તબીઅત જુદી જુદી ભાતની હોય છે પાદશાહ આબરૂદાર માણસને બેઆબરૂ કરતા કાઇ પણ અદેશો કરનાર નથી. પાદશાહ જે કાઇ પોતાના દિલમા પસદ આવે તે

કરે. એ બેટા? તુ પાદશાહની નજદીક જાય ત્યારે કમરબંધ મજબુત બાધી તુ પાદશાહની ખેદમતમા હાજર રેહેજે તથા પાદશાહના તાબામા એવો તો હાજર રેહેજે કે તારાથી તે પાદશાહ હમેશા ખુશી તથા રાજી રેહે તુ જ્યારે તેની નજદીક જાય ત્યારે તકસીરમદ આદમીઓની મિસાલ દરતો ઉભો રેહેજે તથા હરેક કામમા તેની નજદીક દલેરી કરતો નહીં ધીરજથી પાદશાહ જે ફરમાવે તે મુજબ ચાલજે? તેની નજદીક બેદેહેશત થઇ તુ દિલ ખોલાસેથી વાત કરતો નહીં કોઇની કાંઇ તકસીર થઇ હોય તે ઉપર પાદશાહ ગોસો કરે તે વખત તેની સીફારસ કરી તકસીર માફ કરાવાથી પરહેજ કરજે, યાને કોઇની સીફારશ પાદશાહ પાસે લઈ જતો નહીં તારી સાથે પાદશાહ મેહેરબાનીથી પોતાના ફરજદની મીસાલ વાત કરે તોપણ તુ જેમ કે દુશમનથી દરે તે મીસાલ તુ દર ખાઇને સભાળી ચાલજે જે વખત પાદશાહ ગોસામા હોય તે વખત હરગેજ તેની નજદીક જતો નહીં તથા તારી ઉપર પાદશાહ ગોસો કરી બોલે તો તુ કાંઇ પાછો સખુન બોલતો ના કોઇના ફાયદાને વાસ્તે પાદશાહને નુકસાન થાય એવુ કરતો ના જે કાંઇ સખુન પાદશાહની નજદીક બોલવો પડે તે ગમ્તીનોજ બોલજે તથા જે સખુન એક મરતબે બોલ્યો હોય, તે ફરીથી બીજી મરતબે બોલવો પડે તો ગરદન ફેરવીને બોલતો ના સખુનમા તારી અકલ આગલ નહીં ચાલે તો તે વાતજ કાહાડતો નહીં તારી ઉપર પાદશાહ એક મરતબે મેહેરબાની કરે તો તુ તેના બેહદ શુકરાના કરજે અગર તુંને પાદશાહ બીજા શખસો કરતા નવાજે, તો તેને સર્વેના કરતા ઘણું કરી જાણજે હરગેજ થઇ પાદશાહના જનાના તરફ વણોવાર નેગાહ કરતો નહીં તથા પાદશાહ જે કામ ફરમાવે તે કરીને ખેદમતમા હાજર રેહેજે બાજે વખત કાંઇ ચીજ તુ પાદશાહ પાસે માગે અને તુને તે નહીં બક્ષે તો તે વખ્તે તારા દિલમા બદી લાવી તેનાથી મોં ફેરવતો નહીં તુ હર વખત અને હરદમ પોતાના પાદશાહની તારીફ કરતો રેહેજે પાદશાહના દોસતો સાથે સલુકથી ચાલજે અને પાદશાહના દુશમનના લોકો સાથે કાગજ પત્રથીબી મળતો નહી તુ પાદશાહની દરબારના અમીરોના દિલની સફાઇ ઉપર નેગાહ કરી તે લોકોથી નચીંત બેસતો નહીં. તે દર-

બારી માલેતુજાર લોકોને અદેખાઈ આવતા વાર લાગતી નથી અગર પાદશાહ તુને કાઇ પુછે અને તુ તે હકીકત જાણતો હોય તો સેતાબ પાદશાહની આગલ રાસ્ત કેહેજે તારી પાસે કાઇ ચીજ પાદશાહને લાયક હોયતો સેતાબ પોતાના પાદશાહ પાસે હાજર કરજે અગર તે ચીજ તુને ઘણીબી પ્યારી હોય તોબી તે સીતાબ પાદશાહને નજર કરજે, મબબ કે આપણે પાદશાહના નોકર કેહેવાયા તેથી જે કાઈ આપણા હાથમા નાદર જીનસ આવે તે પાદશાહની દોલતના દમદબાથી આવે છે, તથા જે વખત પાદશાહ ખુશીમા હોય અને તુને મેહેરબાનીથી હસીને બોલાવે તો તેના હસવા ઉપર નચીંત રેહતો નહીં ! ફાડી ખાનારો શેરબી જ્યારે આદમી ઉપર ચુગાલ મારવાનો થાય ત્યારે અવલ દાત બાહાર કહાડે છે પાદશાહ તુને જ્યારે એક કામ ફરમાવે તે વખત જે કાઈ મોરાદનુ માગવુ હોય તે હરગેજ માગતો ના જે વખત મજલેસમા પાદશાહ તુને કાઇ નસીહત કરે તે વખ્તે પોતાની ગરદન નીચે નાખી જે કેહે તે સાભળીને કબુલ કરજે પાદશાહ તારી ઉપર મેહેરબાન થઇ મજલેસમા તુને આબરૂ આપે તો દિલમા એમ ગુમાન લાવતો નહીં, જે મારી પેહેલવાનગીથી મને આબરૂ છે ! તે સર્વે ઇજત પાદશાહથી જાણજે પાદશાહ શેકારગાહ જાય અગર લડાઇમા, પણ તે વખત તેની નજદીકથી એકદમ ખીસતો ના પાદશાહના હમનશીન લોકાની એબ હોય તે પાદશાહની નજદીક હરગેજ કેહેતોના જે સખુન પાદશાહ બોલે તે સખુન યાદ રાખતો રેહેજે તથા આપણી પાસે ઘણો બેશુમાર ખજાનો હોય પણ પાદશાહની બરાબર પોશાક તથા બીછાણા તથા ફરશ તથા સવારી તથા ઘોડાનો સાજ તથા દબદબો રાખવો નહીં તુ મજલેસમા બેસે ત્યા શરાબની મસ્તીના જોરમા ઘણુ હસતો ના. ત્યા પોતાના પાદશાહની અદબ રાખજે પાદશાહના ફરમાબરદારને ઘટે છે કે પોતાના પાદશાહથી અદબ અદાજો કરી તેની ખુશી મુવાફેક રેહેવુ જોઇયે પાદશાહોને સજાવાર છે કે જે કોઇ પોતાનો પેહેલવાન નેક એતેકાદથી રાતદિન ખેદમત ઘણી કરે તેની હરેક વખત ખબર લઇને તેને સરફરાજ કરે" એ વગરે બીજી ઘણીક નસીહત પાદશાહ અશરતે પોતાના બેટા કેરશાસ્પને કીધી ફરીથી પણ પાદશાહ અશરતે એમ કરી કહ્યુ

કે "એ બેટા ! જે કાંઇ મે તુને પાદશાહોની ખેદમત કરવાની નસીહત દીધી તે મે આપણા બુજોર્ગોથી સાંભળી હતી તેજ મજમુન મે તુને કહ્યા છે, પણ એ દાનાઇ ભરેલા બેટા તુંબી ઘણો ચંચળ છે તેથી તારી દાનાઈમા આવે તે નસીહત એ ઉપર વધારીને હોશ્યારીથી તારૂં કામ લેજે"

જ્યારે જેહાંપેહેલવાન કેરશાસ્પે પોતાના બાપની જોબાનથી એ તમામ નસીહત સાંભળી ત્યારે તે નસીહત પોતાના જીવથી કબુલ કરીને તેણે સેતાબ મોલકગીરી જવાનો કસદ કીધો કેરશાસ્પે ફરમાવ્યું કે "તલવારના બાંધનાર એક હજાર જાબુલી પેહેલવાન તૈયાર થાય" તે હોકમથી એક હજાર ચુનંદા કામના કરનાર સવારોએ કમર બાંધી તેમાનો એક એક સવાર હજાર સવાર બરાબર હતો તથા તે તમામ સવારો આસમાન સાથે લડાઈના કરનાર તથા પોતાના નેજાએ કરીને આફતાબની ચશમ સીવી નાખનારા હતા તે સવારોના તનમા હમેશા પોશાકની જગો લડાઈના બખ્તર પેહેરેલા રેહેતા હતા તે સવારોને આરાએશ કરવાની મજલેશ તે ઘોડાની પીઠ હતી શરાબની જામની જગો પુલાદની તલવારો રેહેતી હતી ગમરાગરોના સરોદની જગોએ લડાયક ધરપકડના પોકાર હતા તથા ચંગ ને તંબોરાના આવાજની જગો ગોરજના ધમકારા હતા એ રવેશે મરદાના લડાઇના કરનારા એક હજાર સવારો તૈયાર થયા ! એક સાતએ સર્વ કોઈ જીન ઉપર સવાર થઈ નગારા ને કરનાયાના અવાજ કરતા પાદશાહ જોહાકની તરફ ચાલ્યા તે લશકરની ગેરદ માહતાબ લગી ગઈ પાદશાહ અશરત બે મજલ લગી પોતાના લશકર સાથે બેટાને રવાના કરવા ગયો હતો હવે પેલી તરફ જેહાંપેહેલવાન કેરશાસ્પ શામ શેહેરની સરહદ ઉપર રહીને ટંગદેજ હુખ્ત* પોહોચ્યો એ ખબર પાદશાહ

* બાબીલોન શેહેર જ્યાનો રહેવાશી જોહાક હતો ત્યા તેણે ઘણાક ગ્રંથકારો પ્રમાણે એક મેહેલ બગલાના આકારનો બાંધ્યો હતો તેને "કુલંગ દીસ" કહેતા હતા ("કુલંગ"=બગલો) શાહનામા પ્રમાણે આ મેહેલનું અવસ્તા નામ "કિવરિન્ત કુઅીત" છે તે ઉપરથી કંગદેજ હુખ્ત તેમજ કુલંગ દીસ માત્ર અપભ્રંશ થયલા છે મોટી બુનદેહેશ પ્રમાણે પણ જોહાકે આ મેહેલ બાવીલ યાને બાબીલોનમા બાંધ્યો હતો

જોહાકને થઇ કે જેહાપેહેલવાન કેરશાસ્પ મજલ દર મજલ રાહ માપતો આવે છે તે જાણી પાદશાહે હોકમ કીધો કે સીતાબ પાદશાહી અયવાન શણુમારે પછી ઘણાક હાથી જરી હોદાવાલા તથા જરી જીનના ઘોડા તૈયાર કરાવી પોતાના તમામ અમીરોને ભારી લશકર સાથે કેરશાસ્પને એસ્તેકબાલ મોકલ્યા જ્યારે જેહાપેલવાન કેરશાસ્પ બાબુલ શેહેરથી બે મજલ દુર ગયો ત્યારે પાદશાહ જોહાક પોતાની ખાસ સવારી સાથે તે પેહેલવાનને એસ્તેકબાલ આવી પોહોચ્યો જ્યારે જેહાપેહલવાન કેરશાસ્પે પાદશાહાને દુરથી દીઠો તેવારે તે સેતાબ પાઉંઆદો થઈ પાદશાહની નજદીક આવી તે નામદારની રેકાબને બોસા દીધા! તેજ વખત પાદશાહે પોતે પ્યાદો થઇ જગી કેરશાસ્પને બગલમા પકડી મોહબતથી તેની પેશાની ઉપર બોસો દીધો પછી પાદશાહ તથા પેહેલવાન સવાર થઈ પાદશાહી દરવાહમા આવ્યા ત્યા પાદશાહ પોતાના તખ્ત ઉપર બેઠો, તે તખ્ત નજદીક એક સુનાની ખુરસી માંડી તે ઉપર જેહા પેહેલવાનને તાજીમથી બેસાડયો પછી પાદશાહ જોહાકે પેહલવાન કેરશાસ્પને ખેર આફીઅતની ખબર પુછીને ફરમાવ્યુ કે "અએ નામદાર પેહેલવાન! મારૂ ખાસ અયવાન તારો ઉતારો બનાવ્યો છે!" એ મીસાલ મોહબત મેહરબાની ભરેલી એક હફતા લગી પાદશાહ જોહાકે જેહાપેહેલવાન કેરશાસ્પની મુલાકાતમા જીયાફત કીધી તથા ગમશગરોના આવાજ ને શરાબની જામનો દોર જારી રાખ્યો

જેહાપેહેલવાન કેરશાસ્પને શાહાનશાહ જોહાકે શ્રી હિંદુસ્તાનની લડાઇ ઉપર માહરાજા મેહેરાજની મદદે મોકલ્યો તે હકીકત.

જ્યારે એક હફતો તમામ થયો ત્યારે પાદશાહ જોહાકે પોતાનાં ગજનો દરવાજો ખોલી જેહાપેલવાન કેરશાસ્પને એટલો તો અસબાબ તથા ખજાનો આપો કે તેનો હીસાબ નવીશન્દા લોકો કરી શક્યા નહીં! તે

બેશુમાર ખજાનો નવાજયા પછી પાદશાહ જોહાક અંદેશાથી ફરમાવ્યુ. "એ નામદાર પેહેલવાન, તુ સીતાબ હીન્દુસ્તાન તરફ જા અને પેલા બતગ માહરાજા મેહેરાજની મદદ કર અવલતો તુ સરનદીપની તરફ જઈ સેતાબ તે શેહેર ઘેરી લે તેના અમલદાર સાથે લડાઈ કરી તે પાસેથી શેહેર છીનવી કબજે કર પણુ સરનદીપના રાજા બહુની મદદે મોટો ખાકાનચીન આવે તોબી જીનહાર તુ રાજા બહુને જીવતો પકડીને મારી નજદીક ના મોકલતો તેને માહરાજા મેહેરાજની દરગાહમાજ લેઇ જઈ સુલી દેજે. તે સરનદીપના રાજા બહુને જીવતો મેલતો ના દાનાવ દુરઅંદેશો ફરમાવી ગયા છે કે અગર તુને ગજ જોઇએ તો પેહેલો રજ ખેચજે કે રજનુ ફળ તે ગજ છે. તેથી એ જેહાપેહેલવાન તુ જો એ મારી મોરાદ ઉપર રજ અને સખ્તી ખેચશે તો તેના બદલામા હુ તુને બેશુમાર ગજ બક્ષેશ કરીશ એ જેહાનપેહેલવાન હમણા તો મે દરીયાવ કિનારે બે હજાર કીસ્તીઓ તૈયાર કરાવી છે અને જે કોઈ દરીયાવ કિનારાના મોલક છે ત્યાના પાદશાહો ઉપર મે ઘણી તાકીદ લખી છે. તે હરેક મંજલે મજલના પાદશાહો સામાન તથા લશકર લાવી તારી નજદીક રજુ કરશે હમણા મારી ખેદમતમા છ લાખ સવાર હાજર છે તે લશકરમાથી જેટલુ તારે કામનુ હોય તેટલુ તુ સાથે લેઇ જા" તે સાભળી જેહાપહેલવાન કેરશાસ્પ કેહેવા લાગો કે "મને ઘણા લશકરનુ કામ નથી, શા વાસતે કે મજલ મોટી કાપવી છે જવાનુ ઘણુ દુર છે. મારી સાથે લશકર તો જે કાઈ હુ જાબુલથી લાવ્યો છુ તે પણ ઘણુ છે. પાદશાહ તુ નથી જાણુતો કે લડાઈમા તો બખ્ત મદદગાર જોઇએ ! ઘણા લશકરથી કાઇ ફત્તેહ થતી નથી" એ સખુન સાભળી પાદશાહ જોહાક કેહેવા લાગો કે "એ નામદાર પેહેલવાન ! એટલા લશકર સાથે સરનદીપની લડાઇમા જવુ ખુબ નથી તે રાજા પાસે એક લાખ ચુનદા શમશેર મારનાર સવારોનુ લશકર છે હુ સારી રવેશ જાણુ છુ કે તુ નામદારને બીજા લશકરની હાજત નથી પણ થોડા લશકરથી મારો દબદબો તથા બોજ રેહેતો નથી લશકર નહીં હોય ત્યારે પાદશાહનો દબદબો કોણ જાણે ' તુ નામદારને જોઇયે તો બીજો જર ખજાનોબી લે તુ જેટલો

સાથે રાખવા માગતો હોય તેટલો હાજર છે મગર બીજુ લશ્કર ચુનંદુ ચુંટી કહાડી સાથે લેવુ જોઇએ છે" એ સખુન સાભળીને પેહેલવાન ફેરશારપને પોતાના બાપની નસીહત યાદ આવી કે "પાદશાહ લોકોના સખુનથી સર ફેરવવે નહીં," તેથી પાદશાહ જોહાકની મરજી ખાતર ઇરાનથીબી બાર હજાર સવારનુ લશકર સાથે લીધુ તે લશકર ઉપર કોનારંગ નામનો ઇરાની પેહેલવાન સરદાર હતો તેનેજ સીપેહશાલારનો ખેતાબ બખશી તે ઉપર મુકરર કીધો પાદશાહે ફરમાવ્યુ તેથી એકસો સવારે એક ઝુંડો તથા રંગ બેરંગના પોશાક તૈયાર કીધા। પછી પેહેલવાન ફેરશારપે જાબુલી લશકર તૈયાર કીધુ તેથી ગોયા એક લોહોડાના પાહાડની મિસાલ તે લશકર નજર આવવા લાગુ। પછી જહાપેહેલવાને ફરમાવ્યુ કે "જાબુલી લશકર તથા ઇરાની લશકર માલુમ નહીં પડશે તેથી જે કોઇ જાબુલી હોય તેઓ પોતાના નેજા ઉપર શીહા તોરા બાધે તેમ નહીં તો પોતાના શીર ઉપરની કોલાહમા તોરા ખોસે કે તેથી સીતાબ માલુમ પડી આવે" તેજ વખત જહાપેહેલવાનના હોકમથી પાદશાહ જોહાકે કારીગર લોકોને બોલાવી તમામ જાબુલી લશકરને શીહા તોરા બધાવ્યા અને સોલ હજાર ઉંટ તમામ લડાઇના હથ્યારે ભરયા. એ મિસાલના જબરદસ્ત લશ્કર સાથ જેહાપેહેલવાન ફેરશારપે શ્રીહીંદુસ્તાન તરફ કુચ કીધી તેનો દબદબો જોઇ દરીયાવ તથા પહાડ બી ધ્રુજવા લાગ્યા હતા તમામ જેહાન ગીરદે કરી વરસાદના વાદલની મિસાલ શીહા થઇ। એ રવેરો ભારી દબદબા સાથે જહાપેહેલવાન આગળ ચાલ્યો એમ કરતા દરીયાવના કીનારેના ગેનાલેહ શેહેર જઇ પોહોચ્યો તો તે શેહેરનો પાદશાહ શેતાબીથી જહાપેહેલવાનને એસ્તેકબાલ આવ્યો અને કેહેવા લાગો કે એ નામવર પેહેલવાન ! તુ એ શેહેર લગી ખુશકીએ આવ્યો છે પણ હવે પછી આગલ કીસ્તી વગર જવાતુ નથી વાસ્તે પાદશાહ જોહાકના હોકમથી મે એ જગો કેટલીક કીસ્તી તૈયાર રખાવી છે" એટલુ તેનુ કેહેવુ કે જેહાપેહેલવાને હોકમ કીધો તેથી સાથનુ તમામ લશ્કર કીસ્તી ઉપર સવાર થયુ. જેહાનપેહેલવાન પોતેબી કીસ્તી ઉપર સવાર થયો તે

કીસ્તીબાનોને હોકમ થયા મુઆફેક કીસ્તીઓ સીતાબ સરનદીપ તરફ ચલાવી મુસાફરીની રાહ ૭ મહીને તમામ કીધી અને ખુશી સાથે શ્રી હીન્દુસ્તાનમા જહાપેહેલવાન પોતાના તમામ લશકર સાથે સલામત જઇ પોહોચ્યો તે દાહડા ઉપર માહરાજા મેહેરાજ બહુ સીપેહસાલારના હાથમા જે આગલ કેદ પકડાયલો હતો તે કેદમાથી છુટેલો હતો, તે તાહાથી નાહસી આવીને પોતાનુ એક બીજુ શેહેર હતુ કે જે શેહેર જોવામા ઘણુ પાકીજેહ તથા આબાદ હતુ, જે શેહેરની લંબાઇમા વસ્તી બે ફરશંગ લગી હતી, તે શેહેર તરફ આવી પોહોચી પનાહ પકડીને રાજા બહુની સાથે લડાઇ કરવાની તૈયારી કરતો હતો વળી તે બીજો અંદેશોખી કરતો હતો કે "હાલ હુ કમજોર છુ તેથી એ લશકર સાથે શેહેરમા જઇ કરાર પકડુ," એવામા મેહેરાજને ખબર થઇ કે જેહાપેહેલવાન કેરશાસ્પ કેટલીક ફોજ સાથે કીસ્તી ઉપર સવાર થઇને ઇરાન સરજમીનથી આવી પોહોચ્યો તેણે એ ખુશખબરી સાંભળીને લડાઇના ડેરા મેદાનમા નાખ્યા ને ખુશીથી તે માહારાજા પોતાના તમામ લશકર સાથે જેહાપેહેલવાનને એસ્તેકબાલ ગયો તે માહારાજા મેહેરાજ પાસે એક તખ્ત ઘણુ નાદર તથા અજાએબ તરાહનુ ચમતકારીક હતુ, તે તખતને પછવાડે એક ડેરો ચીનાઇ દેબાના કપડામા મારેલો હતો તેમા દેબાના આસમાન પરદા યાને સાત તબકકા હતા તે ડેરાની તમામ મેખો રૂપાની તથા સ્થંભ સૂનાના હતા તથા તે ડેરાની રસી રેશમ તથા કસબ સાથે વળ દેઇને બાંધેલી હતી ને ડેરાની ઉપર આસમાનની શીકલ કાહાડી તેમા આફતાબ તથા તમામ સેતારાઓની સૂરત ચીતારેલી હતી તે ડેરામા એક જરી ફરશ બીછાવેલો હતો, તે ફરશ ઉપર તમામ હફતેકેશવર જમીનની શીકલ કહાડેલી હતી તે ડેરામા એક તખ્ત શીરાજાનુ માંડેલુ હતુ, તે તખ્તને બે બાજુએ બે હાથી યાકુતના ઉભા રાખેલા હતા, તથા તેની સૂંઢ પરવાલાની તથા બે દાત બીલોરના તથા કાન સૂનાના હતા તે તખ્ત નીચે બે શેર બનાવેલા હતા તેમા એક કેરબાનો અને બીજો સૂનાનો, અને તે બેહુ શેરના તન તમામ ગોહરના જડાવથી જડેલા હતા! તે ડેરાનુ કામ એ હતુ જે દીન તથા રાતની એક એક ઘડી તમામ થાય,

ત્યારે તે બે ગેર હીયે તેથી તે તખ્તબી પારણાની મિસાલ હીલતુ હતુ. જ્યારે એ ગેર જોશમા આવતા હતા ત્યારે ઉડતા હતા તેથી તે તખ્તને જમીન ઉપરથી ઉઠાવીને કેટલોક વાર હવા ઉપર રાખતા હતા તે તખ્ત ઉપર બે સન્દુક મેલેલી હતી, તેમા એક સન્દુકમા જાતજાતના શરાબ તથા જામ અને બીજી સન્દુકમા ભાત ભાતનો નાસ્તો ભરેલો હતો જ્યારે તે તખ્ત ઉપર માહરાજા મેહેરાજ બેસતો હતો, તે વખત પેલા ગેરોને જોશ થતો હતો તેથી તે ગેર તખ્ત સાથે ઉચા હવા ઉપર જતા હતા અને જ્યારે માહરાજાને શરાબ તથા નાશતાની ખાહેશ થતી હતી ત્યારે તે તખ્તની નીચેથી એકાએક એક બાડી વણી ખુબસુરત નીકલીને માહરાજાની સામે આવી અદબથી તે નામદારને સેજદો કરી પેલી સન્દુકમાથી નાસ્તો તથા શરાબ તેની પાસે હાજર કરતી હતી જ્યારે માહરાજા નાસ્તો કરી શરાબ પીતો હતો ત્યાર તે બાડી પાછી એકાએક ગેબ થઈ જતી હતી. તે તખ્ત ઉપર એક મોર હીરાજાનો બનાવેલો હતો તે મોર પોતાની પાખના પર વીખેરીને આવાજ કરતો હતો ત્યારે તેના મોહોડામાથી કપુર તથા કસ્તુરીની ખુશબો નીકળતી હતી! તથા તેની ચાચમાથી મોતી તથા અશરફી નીકળી પડતી હતી! એ વગરે તે ડેરા તથા તખ્તમા ઘણીક કરામત હતી તે ડેરામા માહરાજાએ જહાનપેહેલવાનને વાસ્તે જે મજલેશ સમારી ત્યા ફેરશાસ્પ પોતાના સીપેહસાલારો સાથે આવી ખુશીથી માહરાજાએ તોરથી મળી બેઠા ત્યા ન્યામત ખાનુ ખાધાથી અને લાલ શરાબ પીવાથી તમામ મજલેશના લોકો જોરમા હતા માહરાજા મેહેરાજ બેશુમાર ખજાનો તથા જવાહેર મગાવી સીપેહસાલાર ફેરશાસ્પને તથા ઈરાની લશકરને બખશેશ કરતો હતો એ મિસાલ એક હફતા લગી મજલેશ સમારી મોજશોક કરવામા હરરોજ એક એક ક્રોડ માહરાજા મેહેરાજ ખરચ કરતો હતો જ્યારે એ રવેશ જીઆફતની મીજલસ કરતા એક હફતો તમામ થયો ત્યારે જહાનપેહેલવાને મહારાજા મેહેરાજને સરનદીપના રાજા બહુને વાસ્તે પુછ્યુ ત્યારે મહારાજા મેહેરાજ કેહેવા લાગો "ઓ જહાપેહેલવાન! સરનદીપમા મે જાસુસો મોકલીને ખબર મગાવી છે તે રાજા બહુ પાસે બે લાખ કરતા બી જ્યાદા લડાયક સવારો છે,

તથા સોલ હજાર હાથી લડાઇ કરનારા છે જ્યારે તે હાથી જોશમા આવે છે ત્યારે પોતાની સુંઢે કરીને માહતાબને જમીન ઉપર લાવવા ચાહે છે એ જહાનપેહેલવાન! જ્યારે તે નાફરમાન બહુ મારી સાથે લડયો અને મને આજેજ કીધો ત્યારે મારા બાર હજાર હાથી ઘણાક જબરદસ્ત તે લુટમા લઇ ગયો છે તુ જેવો જહાપેહેલવાન મારી ઉપર મેહરબાન છે તો એ કરતા બમણી લુટ હુ તેની ઉપર જીત મેળવ્યાથી પામશ. જાસુસોથી વળી બીજી ખબર મળી છે, જે બહુ સરનદીપથી ઘણાક લશકર સાથે લડાઇને વાસ્તે એ તરફ આવે છે તે એ જગોથી એક હફતાની રાહ દુર આવી મુકામ કરી પડયો છે ને આજે તે એ જગો આવી પોહોચ્યો હતે, પણ એવુ માલુમ થાય છે કે તુ નામદારના આવ્યાની ખબર સાભળી હશે તેથી મંજલ ધીમી ધીમી કરતો આવે છે." એ સખુન સાભળીને જહાપેહેલવાન કહેવા લાગો કે "તુબી તેની મોકાબલે જવાને વાસ્તે લડાઇનો સામાન તૈયાર કર પાદશાહ લોકોને લાજમ નથી જે પોતાનો દુશમન લડાઇને વાસ્તે આવે ને પોતે ગફલતમા બેસી રહે! જે મુલકમા બેદાદી યા પાદશાહ સાથે લડાઇ પેદા થાય તે મુલક બીમાર આદમીની મિસાલ માંદો કહેવાય તે માદા મુલકનો હકીમ પાદશાહ સિવાય કોઇ બીજો નહીં હોય, જે તેની દવાઇ લશ્કર તથા ખજાનાએ કરી કરે વાસ્તે તુ હોશિઆરીથી રહે એ મહારાજા! હુ એ જગે ઉઆકત બાઇને જોક કરવા નથી આવ્યો ' હુ તો પાદશાહના હુકમથી લડાઇ કરવા વાસ્તે આવ્યો છુ" એ રવના વાત કરતા શરાબની ટેકે જોર કીધો તેથી સર્વ કોઇ ખાના તથા નશાબથી મેહેજુજ થઈ ગયા પછી જહાપેહેલવાન ઉઠી આરામ કરવાને વાસ્તે પોતાના લશ્કરમા ગયો હવે એ તરફ મહારાજા મેહેરાજ પોતાના સીપેહસાલારોને કહેવા લાગો કે "હુ શુ કરૂ, માહરી પાસ તો લશ્કર ઘણુ કમ છે અગર જો તમો આપણા લશ્કરનો સુમાર લેશો તો આપણા કરતા બહુનુ લશ્કર હજાર ઘણુ જ્યાદા છે" મહારાજાના એવા નાઉમેદીના સખુન સાભળીને સીપેહસાલારો તે નામદારને દીલાસો દઇ કહેવા લાગા કે "એ મહારાજા! અગર જો બખ્ત મદદગાર છે તો કમ-બેશ લશ્કરની શી હાજત છે? એ

મહારાજા! તુ કશી ચીંતા કર ના! ફ્તેહમદી ઘણુા લશ્કર તથા ખજાનાથી નથી, એ બનાવ તો આસમાનના હાથમા છે અગર લશ્કર કમ હોય અને બખ્ત રોશન હોય તો તે કમ લશ્કરે કરી બેશુમાર લશ્કરનુ મોહ તોડી નખાય છે હમોએ એવુ સાભળ્યુ છે જે આગલા પાદશાહોનાં વખતમા થોડા લશ્કર સાથના પાદશાહોએ બેશુમાર લશ્કર સાથના પાદશાહોને મારી લીધા છે તે કરતા આપણુને એ જાબુલી લશ્કર કાફી છે. જહાપેહેલવાન જેવા સીપેહસાલારથી આસ્માન તથા જમીન લરજે છે. એ જહાપેહેલવાનની લડાઇથી ગેબ્બી આજેજ થાય છે તમામ જહાનમા જગી કેરશાસ્પનો હમનબર્દ કોઈ નથી મસ્ત હાથીને તો એ પેહેલવાન એક મુક્કીએ કરી ગીરદાપેચ કરી નાખે છે તથા એ કેરશાસ્પ અગર જુહુનના દરીયાવ ઉપર જોશ કરે તો નેજાની નોકે કરી તે દરીયાવમાથી આતશના ગોલા કહાડે! જે શરદથી ઘણુક લશ્કર શેકસ્ત પામે, તે શખ્સ ઘણાક લશ્કરપર નેગાહબી રાખી શકે તથા હજાર સવાર બેદિલ હોય તે કરતા એક સવાર દિલથી કામ કરે, તે વધતો હોય જે કોઇ શખ્સ પોતાના જીવથી ડરે નહીં તે શખ્સ શેરના પજા ઉપર ચુગાલ મારે; તે કરતા એ જહાપેહલવાન કેરશાસ્પ તો ફકત પોતાના જાબુલી બે હજાર સવાર સાથે આપણી મદદે આવતો હતો પણ એ તો પાદશાહ જોહાકે ઘણીક મીન્નત કીધી કે માહરો દબદબો રહેતો નથી, તેથી તે પાદશાહની ખુશી રાખવા વાસ્તે એ ઇગાની લશ્કર પણ સાથે રાખ્યુ છે અગર નહીં તો પોતાના જાબુલી બે હજાર સવાર શિવાય કોઇને સાથે લેતો હતો નહીં પાદશાહની મરજીને વાસ્તે એ બાર હજાર સવાર ઇગાની લશ્કરની સાથે લીધા છે તે એ જગી કેરશાસ્પ છે, કે જેણે ચૌદ વરશની ઉમરમાં ભારી અજદાને ખાક બરાબર કરી નાખ્યો!" એવા દિલાસાના સખુન મહારાજા મેહેરાજ પોતાના સીપેહસાલારોની જુબાનથી સાભળીને ઘણોજ ખુશી થયો તેણે એક હફતામા તમામ લશ્કરનુ કામ રાસ્ત કીધુ અને લશ્કર મમારી તૈયાર કીધુ જેટલુ લશ્કર લડાઇમા લઈ જવાનો હતો તેને શેહેરમાથી બાહાર કહાડયુ તે જોઇને સીપેહસાલાર કેરશાસ્પબી લશ્કર સાથે બાહાર નીકલ્યો તેણે તાકીદ કરી તલાયા લોકોને આગળ રવાને કીધા, તેની પછવાડે ખજાનાના ઉટ તથા બીજો સામાન તથા

અસબાબ રાખ્યો એમ કરતા આગળ જતા રાહમા એક પાહડ આવ્યો તે જગો ઘણીક વાસની ઝાડી ઉગેલી હતી તથા ભાત ભાતના શિકાર તે જગલમા હતા તેથી જહાપેહેલવાન કેરશાસ્પને ત્યાની હવા ખુશ લાગી તે સબબથી જહાપેહેલવાન કેરશાસ્પે પાહાડ ઉપર મુકામ કીધો તેથી માહરાજા મેહેરાજ ઘણોજ આજોર્દે થયો માહારાજા મેહેરાજ કહેવા લાગો કે "એ ગરદનના ઉઠાવનાર પેહેલવાન! એ પહાડ ઉપર જગલમા આગળ ચાલતો નહીં ત્યા બબર જાનવરનુ રેહેઠાણુ છે, તેમા એક બબર ઘણુ ભારી અને જબરદસ્ત તથા જીયાગાર છે તે બબર જોશમા આવે છે ત્યારે એક જખમમા મસ્ત હાથીને જીવથી મારે છે તે બબરને જોતા હેરેમનબી ડર ખાઈને નહાસે છે મસ્ત જગી શેરને તો તે બબર ગોર-ખરની મિસાલ પકડીને ખાઇ જાય છે એ બબરને વાસ્તે મે માહરા બુજોર્ગવારોથી એવુ સાભળ્યુ છે કે તમામ જહાના જગલોના પરંદા જાનવરોમા એ બબર સરદાર છે* એટલુ સાભળીને જગી કેરશાસ્પ કહેવા લાગો કે "એ મહારાજા! ઘણુ ખુબ કીધુ કે તે માહરી નજદીક એ ભેદ કહ્યો મારી ખાહેશ એ બબરની લડાઈ ઉપર ઘણી છે વાસ્તે હમણા કીનાના ગોરજે કરી તે નાપાક બબર જાનવરને શિકારની મિસાલ આસાનીથી મારીને લાઉ છુ અગર તે બબર બીજા પરંદા જાનવરો કરતા જબરદસ્ત છે તો ફીકર શી? તે જાનવર મારા ભારી ગોરજના જખમથી સલામત રહેશે નહી" એટલુ કહી ગોરજ તથા તીર કમાન લઇ બીતાબ પવન મિસાલ તે જીયાગાર બબરના જગલ તરફ બેદેહેસ્ત ચાલ્યો તે જગલમા બીજા મોર્ગો તથા શિકાર મારયા પણ તે બબર જાનવરોને તો દીઠા નહીં એમ કરતા તમામ દાહાડો જગલમા જુસ્તેજુ કીધી પછી આફતાબનુ મોહ રાતની દેહશતે કરી જરદ થયુ યાને શીહા ગત પડી તેથી જહાપહેલવાન

* જે 'બબર' પક્ષીને અહીંઆ પરંદાઓના સરદાર કહ્યો છે તેનુ એક "કમક" નામનુ પક્ષી જે કેરશાસ્પે માર્યુ હતુ તેના હેવાલ વીશે જુઓ ફારસી રેવાયત તેમજ મીનોખેરદ

પોતાના દીલમા ગમગીન થયો કે આજ આખો દહાડો થયો હુ એ જંગ-લમા ફરયો પણ એકબી બબર મારે હાથ આવ્યુ નહીં, બલકે તેની કશી નીશાનબી માલુમ થઈ નહી એ રવેશે અદેશો કરી પાછો લશ્કરમા આવ્યો અને નાખુશીથી દેરામા બેઠો પણ એક બબર હાથ આવ્યુ નહીં તેના મબબથી તે નામદાર પહેલવાને રાતના ખાણુબી ખાધુ નહીં, શરા-બબી કમ પીધો અને ખોઆબ કીધો જે વખતે આફતાબે પોતાના સર ઉપર સુનાની કોલાહ મેલી, યાને રોશન દીન નીકલ્યો કે જહાપહેલવાને ફરીને જગલમા અરધી ગઉ આગળ ચાલ્યો એવામા લશ્કરની હરોલમા એક પોકાર ઉઠયો કે રાહમા ચાર બબર મસ્ત હાથીની મિસાલ આવી ઉભા છે એ અવાજ પહેલવાન કેરશાસ્પે સાભળ્યો તેથી પોતાની સવા-રીનો હાથી સીતાબ લશ્કરની હરોલમા ચલાવ્યો જહાપેહેલવાનને તે બબર નજર આવ્યા કે આવાજ મારી પોતાની સવારીનો ઘોડો મગાવ્યો અને તેજ વખત પોતાના શબરંગ ઘોડા ઉપર સવાર થઇ તેણે હાથમા ભારી ગોરજ ઉઠાવ્યો કીનાથી તે બબરની તરફ ચાલ્યો એવામા એક મસ્ત બબર તેની નજદીક આવ્યુ તે મોટી બગાડ મારવા લાગુ. તેની બે આખ કીનાએ કરી ગોયા લોહીના ચશમા મીસાલ હતી તે બબર પોતાના પાછલા પગે કરી જમીન ખોડવા લાગુ, તેની ગીરદે આસમાન શીહા થયુ ! તેની ચુગાલના નખ ગોયા નશતર હતા તથા તેના તન ઉપરના બાલ ગોયા નેજાના નોકની મીસાલ ઉભા હતા એ રવેશનુ દરા-મણુ જાનવર જોશથી જમીન ખોદવા લાગુ એવામા જહાપેહેલવાને પોતાનો ઘોડો તેજ કરી તેની તરફ જઇને એક ગોરજ તેના સર ઉપર મારયો તેથી તેજ વખત તે બબર પછાડ ખાઇને જમીન ઉપર પડયુ તે બબરને બીજા બબરે મુએલુ દીઠુ તેથી મસ્ત થઇ રીસાદે કરી સીતાબ દોડતું કેરશાસ્પ ઉપર આવ્યું તેજ વખત એક તીર ખેચીને તે જાનવરના મોહમા જોરથી મારયો તેથી તેબી તે જગોએ પડયુ પછી કેરશાસ્પે પોતે ઘોડા ઉપરથી સીતાબ પ્યાદો થઇ દોડતો જઇને ત્રીજા બબરનુ દુમ પકડીને બીજે હાથે કરી તેના મોહોડામાથી જીભ ખેચી કહાડી જેવું ચોથા બબરે એ રવેશે પેલા ત્રણુ બબરનો અહેવાલ દીઠો, કે તે પોકાર

કરતુ જંગલ તરફ નહાહુ હવે કેરશાસ્પે જોયુ કે એ બબર સલામત જાય છે તેથી તેની પછવાડે દોડી પોહોચીને પોતાનો ગોરજ છુટતો મારયો, તે ગોરજે કરી તે બબરના બે આગળા પગ ભાજી નાખ્યા પછી પોતે અંદેશો કીધો કે એ જંગલમા બીજા બબર હશે, એવો અંદેશો કરી જંગલમા આગળ ચાલ્યો. ત્યા જઈને ઘણીક જોસ્તજો કીધી પણ કોઈ જાનવર નજર આવ્યુ નહીં એ ખબર માહરાજા મેહેરાજને થઈ કે પેહેલવાન કેરશાસ્પે બબર માર્યા તેથી સીતાબ તે જગો જઈ તે બબરને જોયા તેથી મેહેરાજ ઘણો અજબ રહ્યો અને પેહેલવાન કેરશાસ્પના જોર ઉપર ઘણીક દુઆ કીધી પછી તેઓ ત્યાથી દર મજેલ આગળ ચાલ્યા અને રાજા બહુના લશ્કરથી એક દહાડાની રાહ દુર રહી ત્યા જઇ દેરા માર્યા અને ખબરદારીને વાસ્તે જંગલમા ખાસ તલાયા મેલ્યા

જહાંપેહેલવાંન કેરશાસ્પે રાજા બહુ ઉપર નામુ લખ્યુ તે હકીકત.

જહાપેહેલવાન કેરશાસ્પે સીતાબ નવીશંદાને બોલાવીને ફરમાવ્યુ કે એક નામુ સરનદીપના રાજા પેલા બહુ ઉપર ગોસ્સાથી લડાઈ તથા કીના તથા દેહેશતભરેલુ લખે એ હુકમ સાભળીને નવીશંદાએ કલમે કરી મફેદ કાગજ કે જે આસમાનની મીસાલનુ હતુ, તે શીહા વાદલની મીસાલ કીધુ યાને તે ઉપર શીહા હરફ લખવા માંડયા અવ્વલ જહાનનાં પેદા કરનારને યાદ કરીને તેનુ નામ લખ્યુ, કે તે માહેબ સર્વે ભેદનો જાણનારો તથા દાદનો લેનાર છે એ જેહાન ચાલે છે તે તેની બક્ષેશથી ચાલે છે તન પેદા કરીને તેમા જીવ તેણે મેલ્યો અને સર્વ કોઇ ઉપર રોજીનો દરવાજો તેણે ખોલ્યો તે સાહેબે શીહા રાતને માહાતાબે કરી ચલકતી કીધી જમીન એક જગો થમ રહી છે તથા આસમાન ગત

દિન બેકરારીથી ફરે છે તે તેના હુકમથી છે. તમામ જહાન તથા જમી-નને જમાનો તેના ફરમાનમા છે હરેક ચીજ ઉપર તેનો હુકમ બરતર છે તથા અવ્વલ અફલ હતોબી તેજ અને રેહેશેબી તેજ તે સાહેબની જાતને જવાલ નથી. એ રવેશે પાક યજદાતાલાની તમામ તારીફના મજુન લખ્યા પછી લખ્યુ કે "એ નામુ જે તારી તરફ મોકલ્યુ છે તે નામુ સુલેહ તેમજ લડાઇ ભરેલુ છે એ ઇરાન જમીનના રહેનાર જહાપે-હેલવાન કેરશાસ્પે તુ મરનદીપના રાજા બહુ ઉપર લખ્યુ છે એ બેઅકલ બેફામ અને બેપરવાહ ઉંધી અકલના અને શીહા કાગડા મીસાલ ચેહેરાના બહુ! તુને પોતાનીજ ખબર નથી તો તુ મરદારી શુ કરશે? તુ અદેશો કર કે એ મરદીપનો મુલક તથા તાજ ને તખ્ત તુને માહારાજા મહે-રાજે આપ્યુ એ માહરાજાની દોલતે તુ સરનદીપના મુલકમા હાકેમ કહેવાયો છે અને હાલ તે પોતાની ખામઅકલ ખરચ કરી એકાએક નીમકહરામીથી મર ઉઠાવીને પોતાના ખાવદ ઉપર કમર બાધી છે જે કોઈ બદજાદ અને બદબુન્યાદ હોય તે એ રવેગે પોતાના માલેક ઉપર શેખીથી કમર બાધે!' તુ તો પોતાના માહરાજા મેહેરાજનુ તાજ તથા તખ્ત છીનવી લેવા માગે છે તો હવે તુ તે પોતાની બુન્યાદ એવી તે શુ કમીની અને બુરી રાખે છે કે નાલાયક શેખી કરે છે? તે કરતા માહરાજા મેહેરાજે બીજા સીપેહ-માલારો કરતા વણી બુજોર્ગી તે સાથે મોટા સરનદીપના મુલકની સરદારી તને આપી, ત્યારે તુ હાલ એમ ચાહે છે કે માહરાજા મેહેરાજનુ તખ્ત તથા તાજ છીણવી લે! વાસ્તે જોવામા આવે છે કે તારી તબ્યત વરૂના જેવી છે જે કોઇ વરૂને પાલે ને પરવરશીથી મોટુ કરે ને કોઇ દિન તે વરૂ લાગ પામે ત્યારે પોતાના પાલનારા ખાવદને ફાડી નાખી તેનુ લોહી પીએ તે મિસાલ તે પોતાના માહરાજા મેહેરાજ સાથે બદી કીધી છે એ બાબદમા ઘણુ તે શુ લખુ? માહરાજા મેહેરાજમા જે કાઈ ખુબી હતી તે તેણે તારી સાથે કીધી પણ તારામા જે બદ બુન્યાદી તથા બદજાતી હતી તે તે પોતાની જાને કરી દેખાડી છે બુજોર્ગ લોકો ફરમાવી ગયા છે કે કસ્તુંરીમાથી ખુશબો આવે તથા ગુગલમાથી બદબોઇ નીકળે

અગર તાબાને લઇને બસો મરતબે આતશમા નાખીને ગાલી મ્હાડો પણ તે તાબુ સોનુ નથી થનાર હવે તો જે બની તે ખરી, હુ એટલા વાસ્તે માહરાજા મેહેરાજની દરઘાહમા આવ્યો છુ કે તુ મારી પનાહમા આવી પોતાના માહરાજની નજદીક શરમથી સર નીચુ નાખી જે કાઇ ગુનાહ થયો છે તેની માફી માગે તો હુ તારો આ ગુનોહ તથા તકસીર જે થઇ છે તે માગી લેવુ અને એ માહરાજા મેહેરાજની નજદીક જે માન આબરૂ તને પહેલી હતી તેવીજ આબરૂ ફરીને પાછી અપાવી સરફરાજ કરૂ. અગર તુ હાલ નહીં આવશે અને કીનાની તલવાર બાધશે અને બેફરમાનીની રાહ ઉપર ચાલશે તો તને ઉધા બખ્તની પાદશાહી ઉપર બેસાડીશ યાને તને ઉધે મસ્તકે સુલી ઉપર ચડાવીને તારા સર ઉપર તાજની જગો પથ્થરનો વરસાદ વરસાવીશ હુ તારી ઉપર અશરફીના વધાવાની જગો સવારોના તીરનો માર ચલાવીશ અગર તારી મદદે આસમાન આવે અને તારા પર મેહેરબાન થાય તો પણ મારી તલવારે કરી તે આસમાનનાબી પુરજે પુરજા કરી નાખીશ તુ નથી જાણતો કે મારી સાથે એવુ તો જબરદસ્ત લસ્કર છે, કે તેમાના એકનુ કદ અગર કોઇ જોય તો તેના તનથી દેહેશતે કરી જાન નીકલી જાય! જ્યારે તે પહેલવાન લોકો સમશેર ઉઠાવીને પોકાર મારે છે ત્યારે જગ-લમાથી શેર દોડતા આવીને તેની નજદીક બકરા થઇ ઉભા રહે છે ને જવામર્દો એક મરતબે જોરાથી નેજા ઉપર હાથ ઉઠાવે છે તો આસમાનની ઢાલમા સુરાખ પાડે છે ને આસમાનને વીંધી નાખે છે! અગર તારા હિન્દુસ્તાનની એક હજાર સવાર સામે આવે તે સામે મારો એક ઇરાની સવાર મેદાનમા નિકલે તો તારા તે એક હજાર સવારથી હરગેજ મોહ ફેરવે નહીં! બલ્કે એક હજાર તારા લસ્કરના સીપાહો મારા એક સવારથી આજેજ થઇને નહાસે! તે કરતા તારી સાથે લડાઇ કરની વખત મને કોઇની મદદ જોઇતી નથી. હુ એકલોજ તારા લસ્કર સાથે લડાઇમા બસ છુ. એક મરતબે હુ જમાનાને કહુ કે તુ એ રાહે ના ચાલ તો એક મરતબે જમાનોબી મારી દેહેસ્તે કરી મારા હોકમ તાબે ચાલે! વાસ્તે એ બહુ! તુ એ બે વાતમાથી એક વાત કબુલ કર!

અગરતો માહરાજા મેહેરાજની ફરમાબરદારી કબુલ કર, અગરતો લડાઇનો સામાન તૈયાર કર।"

એ મિસાલે નામુ લખી પોતાના એલચીની સાથે એક શખ્સ કે જે હીંદી જુબાનનો જાણનાર હતો, તેને સાથે આપીને કહ્યુ કે અગરજો મારી જાબુલી જુબાનમા બહુને સમજ નહીં પડે, તો તુ હીંદી જુબાનમા તેને સમજ પાડજે એટલુ કહીને તે એલચીને રવાના કીધો જ્યારે તે એલચીએ પેલુ નામુ બહુને આપ્યુ તેજ વખત મુનશીએ લઇ બુલંદ અવાજે વાચ્યુ તે સાભળતા વાર બહુ ગોસ્સામા આવ્યો તેણે જુબાન ખોલીને ગાલો દીધી અને જે હીંદી જુબાન જાણનારો પેલા એલચીની સાથે બહુને સમજાવવા ગયો હતો તેને તેજ વખત સુલી ઉપર ચઢાવ્યો ઇરાની એલચીને તો તમાચા મરાવી બાહેર કઢાવી મુકયો બહુએ કહ્યુ કે "જીવતો તુ જઇને મેહેરાજને કેહે કે તુ વળી બીજી મરતબે લશ્કર લઇને આવ્યો છે તો શુ મુજાકો છે? મોટા માહદેવના કસમ લઇ કહુ છુ કે હુ તારા તનને ખુન તથા ખાકમા ગરક નાખુ, તારા સરને તનથી દુર કરીને મારા સરીનદીપમા લઇ જાઉ અને તેને નેજા ઉપર ચહડાવી કીલ્લા ઉપર ટાગુ। એક નામદારને થોડાક લશ્કર સાથે ઇરાનથી પોતાની મદદે બોલાવીને તે લોકડીના કલ્લા ઉપર શેરની મરદાનગી કરવા ચાહે છે એક અદના કેરશાસ્પ કે જેનુ નામ લેતા કમકમાત લાગે છે તેવા નીચ ચાકરને હુ સરનદીપનો માહરાજા બહુ થઇને કાગજનો જવાબ લખુ ' વાસ્તે જે કાઇ મારો જોબાની પેગામ કેહવાડયો છે તે સાભળજે અગર તુ એ નામાનો જવાબ ચાહતો હોય તો એ જગો ગોરજ તથા તલવાર શિવાય કાઇ બીજુ નથી" એટલુ કહીને તે એલચીને મારીને બાહાર કાહાડી મેલ્યો ત્યાથી પેલો એલચી બોહાર આદમીની મિસાલ જહાપેહેલવાનની નજદીક આવ્યો તેણે તમામ હેવાલ જાહેર કરીને કહ્યો એવા નાલાયક સખુન સાભળીને જહાપેહેલવાન ગોસ્સામા આવ્યો તેણે તેજ વખત ફરમાવ્યુ કે લડાઇનુ નકારૂ બજાવે। તેથી નગારચી લોકોએ હાથીઓની પીઠ ઉપર નગારા બાધીને અવાજ કીધા તે અવાજે કરીને

જમાનો જોશ ભરેલો થયો જહાપેહેલવાન પોતાના સીતાબ ચાલના ઘોડા ઉપર સવાર થઇ પોતાના જાબુલી લશ્કર સાથે મેદાનમા આગલ ચાલ્યો, ત્યારે માહરાજા મેહેરાજ કહેવા લાગો કે "અએ સરફરાજ પેહેલવાન! તુ એ જગો એક દન સબર કરે તો મારૂ બીજુ ઘણુંક લશ્કર આવી પહોચનાર છે." ત્યારે કેરશાસ્પે કહ્યુ કે 'મને એટલુ લશ્કર બસ છે એ માહરાજા તુ એ જગો પાહાડ ઉપર બેસીને આશાયશથી શરાબની જામ હાથમા પકડીને મારી લડાઇનો તમાશો જોયા કર કે હું એ સરનદીપના લશ્કર સાથે શી ર્ગવેશની ખુનખાર લડાઇ કરૂ છુ મને મારા ગોરજ તથા બાજુની મદદ બસ છે હુ પાક યજદાતાલા શિવાય કોઈ બીજાને પોતાનો યાર જાણતો નથી"

જહાંપેહેલવાંન કેરશાસ્પે રાજા બહુનાં લશ્કર સાથે પેહેલી લડાઇ કીધી તે હકીકત.

પછી નામદાર કેરશાસ્પે માહરાજા મેહેરાજને કહ્યુ કે "એ માહારાજા! તારા તમામ લશ્કરે બહુનો ડર ખાધેલો છે, તેથી એ લશ્કરની હીંમત ચાલશે નહીં, અને નાહક મારા લશ્કરની મફમા ગોરગાર કરી તેને પણ નાહીંમત કરી મેલશે એ માહરાજા! તુ તારા લશ્કર સાથે એ પાહાડ ઉપર મકાન કરીને રેહે" એટલુ કહીને જહાપેહેલવાને તે પાહાડ નીચે પોતાના લશ્કરની મફ ખેચી અને જે જગો સીપેરેસાલારોને ઉભુ રેહેવાની હતી ત્યા તેઓને ઉભા રાખી તમામ તાલુકાનો હવાલો કીધો લશ્કરની ડાબી તરફ નામદાર અરફશ તથા બીહીપુર બે પેહેલવાનોને હવાલો આપ્યો જમણી બાજુ પેહેલવાન આદર્શ તથા બોર્જા બે પેહેલવાનોને હોશ્યારીથી ઉભા રાખ્યા લશ્કર પછવાડે દલેર મેહેયાર તથા શીના બે પેહેલવાનોને સરદારી બક્ષી રાખ્યા લશ્કરની કલ્બગાહમા નામદાર કેશવાદ તથા ગોરદાબ એ બે પેહેલવાનોને હવાલો આપી ઉભા

રાખ્યા એ રંવંશે સર્વે પેહેલવાનો પોત પોતાની જગો ઉપર હોશીયારીથી ઉભા જ્યારે પેલી તરફથી બહુએ જહાપેહેલવાનના લશ્કરને જોશ ભરેલુ દીઠું, ત્યારે પોતાના લશ્કરમા હોકમ કીધોકે ફીનાનુ નગારૂ વજાડે ત્યાર પછી પોતાના લશ્કરમાથી ચાર સરદાર બાહદેલાવર હતા તેમા એકનુ નામ આદો હીંદી, બીજાનુ નામ તરવર હીંદી, ત્રીજો પરગોતમ હીંદી, તથા ચોથો તેવ હીંદી એ ચાર સરદારોમાથી એક એકને એક એક લાખ સવારોનુ લશ્કર તથા એક હજાર હાથી લડાઇ વાસ્તે હવાલે આપ્યા પેહેલી સફ સોલ હજાર હાથીની બાધી, તે સફની પછવાડે બહુના હીંદી લશ્કરે સફ ખેચી જેમ એક શીહા પાહાડની પછવાડે શીહા દરીયાવ હોય તે મિસાલે પેલા શીહા હાથી પાછલ હીંદી લશ્કર નજર આવવા લાગુ, તે એક એક હીંદી શીહા દોજખના દેવની મિસાલ શીહા રગના બદસુરત પલીદજ હતા તે શીહા શીકલ લશ્કરના હાથમા નાગી તલવારો રોશન આફતાબની મિસાલે ઝળકતી હતી તે લશ્કરના તન શીહા ધુવાની મિસાલના તથા એક એક પેહેલવાન જોવામા દેવની મિસાલ ડ્રાવર તથા હેરેમનની મિસાલ પેચ ભરેલો ફરેબબાજ હતો તે શીહા રગના લશ્કરે કરીને તે મેદાન ગોયા દોજખની મિસાલ શીહા નજર આવતુ હતુ તે લશ્કરના બેસુમાર નેજાના નોકે કરી તે જગોની હવા ગોયા નોરોઝની રાત મિસાલે રોશન નજર આવતી હતી ! તે લશ્કરના શોરશારે કરી કેયામતના દહાડાની મિસાલ જમાનો હલમલી રહ્યો હતો શાયર કહે છે, કે તે લશ્કર નહીં પણ ગોયા એક અબનુશનુ જગલજ હતુ તેવા શીહા લશ્કર ઉપર ઇરાની લશ્કરના દલેરોએ જોશથી દોડીને હરતરફથી લડાઇ શરૂ કીધી એક તરફ પેહેપુર તથા અરફશ એ બે પેહેલવાન પેલા બે હીદી સરદાર આદોએ તથા વીતર જે હીદી લશ્કરની ડાબી બાજુ ઉપર ઉભા હતા, તેઓ ઉપર જઇ પડયા આદેરશ તથા બોરજ એ બે પેહેલવાનોએ હીદી સરદાર પરગોતમ તથા તેવ જે જમણી સફની બાજુ ઉપર હતા, તેઓ ઉપર હુમલો કીધો એમ કરતા બે તરફના લશ્કરમાથી ધરપકડનોજ અવાજ નીકલવા લાગો તે મેદાનમા ઘોડાઓની નાલે કરી તમામ જમીન ખોદાઇ ગઇ તે મેદાનની ગીરદે

કરીને દરીયાવના મગરમચ્છની આખો બાહેર નીકળવા લાગી ! રંગબે રંગના ઝુંડાઓથી તમામ તે મેદાનની હવા ચીનના બાજારની મિસાલ નજર આવવા લાગી ! તે મેદાનના નગારાના અવાજે કરીને આસમાનના કાન બેહેરા થવા લાગા ! નેજાની નોક સુતેલા મોતને જગાડતા હતા ! તે મેદાનની જમીન મર્દોના જોશે કરી દરીયાવની મિસાલ થઇ હતી તેમા પાણીની જગોએ લોહીની નેહેર ચાલતી હતી તથા ગીરદે કરી આસમાન ઉપર શીહા વાદલ નજર આવતુ હતુ જેમ માહીને મગર-મચ્છ ખેચી લે તે મિસાલ મોત લડાયક સવારોને ઘોડા ઉપરથી ખેચી લેતુ હતુ જ્યારે જહાંપેહેલવાન કેરશાસ્પે એ રંગે સખ્ત લડાઈ દીઠી ત્યારે ગેતાબ પેલા બુલંદ તીર મંગાવ્યા કે જે તીર અજદાની લડાઈ વખત બનાવ્યા હતા, તે તીરનો ભાથરો મંગાવીને તે મેદાનમા ઉભો રહી તેણે દસ તીર એકક પછી એકક મારયા તે એક એક તીરે એક એક હાથીને બેજાન કરી જમીન ઉપર નાખ્યા પછી શમશેર ઉંચાવીને કેરશાસ્પે ઘોડાને એડ મારી તે લડાઇમા જઈ પડયો અને દીંદી લશ્કર ઉપર રસ્તાખીજ ઉઠાવી ! જેમ બેજાન પવને કરી ઝાડના સુકા પાતરા ખરે તે મિસાલ તે નામદારની તલવારે કરીને દીંદી લશકરના બેશુમાર સર જમીન ઉપર પડવા લાગ્યા તેની તલવારે કરીને પવન તથા ખાકિઓ લલી પકડી ! તેના ગોરજે કરી ઘોડા તથા હાથી તથા સવારોની પીઠ તુટી જતી હતી ! તેના હાથથી જેવારે કમંદ છુટતી ત્યારે એક આચટામા દમ દેલાવર પેહેલવાનોને ખેચી નીચે નાખતી હતી જ્યારે તે નામદાર નેજાનો કટકો મારતો, કે ચાર સવારને સાથે જોરથી મારતો હતો ! તે સાથે બીજા છ સાત લડાયક જખમી થઈ જમીન ઉપર પડતા તે તો જુદા તે પેહલવાન નેજાનુ પેકાન મારતો કે ત્રણ સવારોને સાથેજ વીંધી નાખતો હતો કેરશાસ્પે પોતાની સવારી સારૂ ચાલીસ ઘોડા જખરસ્ત લોહાડાની પાખડ નાખેલા તૈયાર રખાવ્યા હતા કે એક ઘોડો હાફતો કે બીજા ઘોડા ઉપર તે તુરત સવાર થતો એમ કરતા તે લડાઈમા પેલા ચાલીસ ઘોડા ડાકી લોડપોક થઇ ગયા ! પણ પેહેલવાન કેરશાસ્પ પોતે તો અસલ માફક આસુદગી ભરેલોજ હતો ! પછી પોતે પાછુ-

પ્યાદો થઇ હીંદી લશ્કરમા દોડયો તેણે એક હાથીને ઉઠાવીને બહુના લશકરમા મારયો જેથી સીતેર હીંદીને ઘોડા સાથે ગરદાપેચ કરી નાખ્યા. તે મેદાનમા કેરશાસ્પ જોસ ઉપર ચઢયો ને હીંદી લશકરના સવારોના કમર-બંધ પકડી ઘોડાના જીન ઉપરથી ઉઠાવી એક બીજા ઉપર મારવા લાગો એ મિસાલ જવામર્દી કરતો કેરશાસ્પને પાહડ ઉપરથી પાદશાહ મેહેરાજે દીઠો, તેથી કેરશાસ્પના જોર તથા હુનર ઉપર અફ્રીન કરી તે માહારા-જાએ પોતાના લશકરને હોકમ કીધો કે ખુશીના નગારા વજાડ તેજ વખ્ત ખુશીના નગરાનો અવાજ પાહાડ ઉપરથી ઉઠયો, તે આસમાન ઉપર જવા લાગો એવામા એકાએક એક મસ્ત હાથી પોતાની સુંઢ અજદાની મિસાલ લાંબી કરી કેરશાસ્પ ઉપર ધસ્યો આવ્યો તે હાથીને જોઇ તે નામદાર પેહેલવાને એક પોકાર નરેશેરની મિસાલ મારયો પછી શીતાબ કુદીને તે હાથીની સુંઢને પોતાના હાથનો પેચ દેઇને મજબુત પકડી એક ગોરજ તેના સર ઉપર એવો તો મારયો કે તેનુ તમામ સર રેજેરેજ થઇને પેટમા ઉતરયુ ! પછી તેજ ગોરજે કરી હીંદુના લશ્કરમા મોતનો વરસાદ વરસાવવા લાગો તે પેહેલવાન તલવારે કરી લોહીની નદી જારી કરતો હતો, અને ગોરજે કરીને દુશમનના લશકરને જમીન ઉપર ખાક બરાબર કરી નાખતો હતો એમ કરતા ઘણાક હીંદી હાથી તથા લશકરની બુનબેખ કાહાડી નાખતો તથા મારતો મારતો બહુ રાજાના દેરાની નજદીક જઇ પોહોચ્યો બહુના દેરાની આસપાસ ઘણાક હાથી લોહોડાની પાખર માથેના રાખેલા હતા તેથી ગોયા ત્યા શીહા પથરનો કોટજ બન્યો હતો ! તે જગો જઈ પોહોચીને જહાપેહેલવાને એક હોમ-લામા એકસો હાથી ગોરજે કરીને ખાક માથે બરોબર કરી નાખ્યા ! પછી નેજો ઉઠાવીને તેની નોકે કરી કેટલાક સીપેહસાલારોના દેરા ઉખેડી નાખ્યા એ ખબર જ્યારે રાજા બહુને થઇ કે એ જગો એક પેહેલવાને એખલો આવી પોહાચીને ઘણાક લશકર તથા હાથી કતલ કરી નાખ્યા છે, કે બહુ બાહેર આવ્યો તે જોય શુ કે રસ્તાખેજનાજ પોકાર પડે છે ! અને તે મેદાનમાથી હીંદી લશ્કર પોતાનો જાન લેઈનેજ નહાસે છે હવા ખાક ભરેલી તથા જમીન લોહી ભરેલી થઇ છે ત્યા બેશુમાર હાથી જોસથી

હરતહરફ દોડે છે તે મેદાનમા મર્દાને મરદોના સર તથા હાથ તથા પગ બેસુમાર પરાગંદેહ પડેલા છે એ મિશાલ પોતાના હીંદી લશ્કરમા ખરાબી જોઇને બહુ પુછવા લાગ્યો કે એ હોનર ભરેલો નવજુવાન પેહેલવાન કોણ છે" તેના પેહેલવાનો તેને કેહેવા લાગ્યા કે એ મરદના હુન્નરનો શુમાર નથી હજુર એ નવજુવાનના સફેદ કાગજ ઉપર શીહા હરફ લખાએલા નથી યાને એના સફેદ રોખસારા ઉપર શીહા બાલ ફુટયા નથી તેટલાજ એનુ તન તો હાથી મિસાલ, કમ્મર ચીતાની મિસાલ અને જોર સીંહ મિસાલ રાખે છે! એ છોકરો એટલી નાની ઉમરમા ઘણી હીંમત તથા દલેરી રાખે છે અને એક તીરે કરી એક હાથીને મારે છે! એ પેહેલવાન એક હોમલાએ કરી એક હજાર સવારોને ઘોડાના જીન ઉપરથી ખાકમા નાખે છે એના ગોરજના જરબની આગળતો એહેરેમનબી તામોસ રાખી શકતો નથી જ્યારે એ પેહેલવાન નેજો ઉઠાવીને મારે છે ત્યારે ચાર પેહેલવાનોને સાથેજ સીવી નાખે છે! એ પેહેલવાને આપણા લશકરમાથી ઘણાક નામીચા સવારોને કતલ કરયા પછી આ જગો આવી પોહોચ્યો છે. મબાદા એ સખ્સ પોતેજ કેરશાસ્પ હોય" એ મિસાલ દેહેશતથી પેલા હીંદી પેહેલવાનો બહુને કેહેવા લાગા, તેવામા તે જગોએ જેહાપેહલવાનનો એક તીર આવી પડયો તે તીરને જોઇ સરવે કોઈ બહુને કેહેવા લાગા કે "જે શખ્સનો એવો તીર કે આપણા લશકરના કોઈ પેહેલવાન પાસે તેવા નેજો નથી–તો હવે એ નામદાર પેહેલવાન સાથે શી હીંમતે મેદાનમા નિકળયે? આપણા લશકરના ઘણાક પેહેલવાનોએ તીર ઉઠાવા ચાહ્યુ પણ કોઈ તે ઉઠાવી શકયો નહી! માત્ર જે કોઇ આપણા લશકરમા ત્રણજ નામીચા ને જોરાવર પેહેલવાનો છે તેઓએજ એ તીર ઉઠાવ્યો! તેઓ પણ દસ કદમથી જાસ્તી આગળ ચાલી શકયા નહીં" જ્યારે બહુએ તેની એવી દલેરી સાભળી તથા તે તીર પોતાની નજરે જોયો તેથી તે દિલમા ઘણો ડર ખાવા લાગ્યો, પણ કોઇ બીજાને પોતાના દીલની વાત જણાવી નહીં કે હુ તે પેહેલવાનથી ઘણો ડરૂ છુ રાજા બહુ પોતાના પેહેલવાનોને હીંમત આપીને કહેવા લાગો કે

શકતે નહીં, પણ આપણાજ લશ્કરના હાથીઓએ મસ્તી કીધાની ગડબડમા આપણા લશ્કરને કાંઈ સુઝ પડયુ નહીં તેથી આપણા જોરાવર સવારો સર્વે પરાગદે થઇ ગયા કાલ રોજે બામદાદને વખત અવ્વલ આપણે લશ્કરમાથી તમામ હાથી બાહેર કહાડીને એવી તરેહથી એક લડાઇ કરયે કે એક બી ઇરાની અથવા જાબુલી એ મેદાનથી સલામત જાય નહીં" રાતનો વખત નજદીક પોહોચ્યો કે બેહુ તરફના લશકરમાથી આશાયેશના નગારાના અવાજ નીકલ્યા. તેજ વખત શમશેરના મારનારા સિપાઈ લોકોએ લડાઇ કરવાથી હાથ પાછા ખેચ્યા અને સર્વે કોઇ લડાયકે પોતાના મકાનની તરફ ઘોડા ચલાવ્યા લશકર લડાઇના મેદાનમાથી પાછુ ફરયુ બન્ને તરફના લશકરમાથી તલાઆ લોકો બાહેર નીકલી પાહાડ તથા જગલોમા ફરવા લાગ્યા. જહાપેહેલવાન કેરશાસ્પ માહરાજા મેહેરાજની નજદીક ગયો. તે માહરાજા શેતાબ તખ્ત ઉપરથી ઉઠી કેટલાક કદમ કેરશાસ્પને એતેસ્કબાલ આવી તે નામદારનો હાથ પકડી લઇને પોતાના તખ્ત ઉપર પોતાની સાથે બેસાડયો, અને શરાબ મગાવીને પેહેલી જામ જહાપેહેલવાનની યાદમા નોશ કીધી. માહરાજા મેહેરાજ કેહેવા લાગો કે "એ બુલદ બખત પાદશાહ અશગ્તના નામદાર બેટા ! મને નાપાક બહુએ ઘણો બેઆબરૂ કીધો હતો, પણ આજ રોજે તે મારૂ સર આસમાન સાથે પોહોચાડયુ વાસ્તે મને લાયક છે કે હુ પોતાનો જાન તારી ઉપર કુરબાન કરૂ બીજી બારીક હકીકત ઘણી છે, પણ હાલ વાત કરવાનો વખત નથી તુ ખાણુ ખા અને શરાબની જામ ઉઠાવ કે તારી તમામ લડાઈની ઠાક દુર થઇ જાય" એ સખુન સાભલીને જેહાપેહેલવાને શરાબની જામ ઉઠાવી અને માહરાજા મેહેરાજને કહ્યુ કે "એ પાદશાહ ! આજ રોજે તુ મારી બરાબર શરાબ પીતો નથી તે શુ છે ? મગર તુ બહુથી ડર રાખે છે ?" ત્યારે પાદશાહ મેહેરાજે કહ્યુ કે "એ નેકબખત રોશન સેતારાના પેહેલવાન ! હુ તો આજ રોજે ઘણો મસ્ત છુ તેનુ કારણ એ છે કે જે વખ્તે તુ હુમલો કરીને બહુના લશ્કરમા તેના સવારોને ખાકમા નાખતો હતો તેની ખુશીમા હુ એ જગો બેસીને દરેક હુમલે એકએક જામ શરાબની ઉઠાવતો હતો ! તેથી

મારા સરમા ખુમારી ઘણી છે, તેના સબબથી હુ હમણા શરાબ પીતો નથી" એટલુ કહીને પોતાના ખજાનામાથી ઘણોક સામાન મગાવીને જહાપેહેલવાન કેરશાસ્પની નજદીક નજર કીધી અને કહ્યુ કે "આ હદીઓ તમામ મારી તરફથી તુને નજર કરૂ છુ તેમા ચીતાના ચામડાના તખ્તુ કે જેના સ્થભ સુનાના ! ઘણાક ફરશ રગબેરગી તથા કેનાતો ! તથા સફેદ હાથી ઉપર ફીરોજાનુ તખ્ત માંડીને તે ઉપર મખમલની જુલ નાખેલી ! તથા એક કોહલા સુનાની તે ઉપર હીરાનો જડાવ જડી આફતાબની મિસાલ રોશન કીધેલી ! તથા કાકુમ જાનવરના ચામડાનુ એક બખ્તર ! તથા એક પોલાદના લોહોડાનો ગુરજ તે ઉપર તમામ ગોહોરનો જડાવ જડેલો ! તથા એક સો ઘોડા સુનેરી લગામ તથા સુનેરી સાજ સાથે સમારેલા ! તથા ચાલીસ ગોલામ જરી કફશના રાખનારા ! તથા ચાલીસ બાંદી ઘણી ખુબસુરત ગોયા બેહેસ્તની પરી મિસાલની કે જેના તનમાથી હમેશા મર-દીના ફુલની મિસાલ ખુશબો નીકલતી જાગીજ ! સોલ ઊંટ સુનાની અશરફીથી ભરેલા તથા બાર ઊંટ તમામ લડાઇના હથીયારોથી ભરેલા તથા ચાર તખ્તુ ચીની દેમાના તથા ઘણાક ફરશ નાદર કપડાના" એ મિસાલે ઘણીક બીજી નાદર ચીજો જહાપેહેલવાનને નજર કીધી પછી પોતાના ખજાનાનો દરવાજો ખોલીને તમામ ઇરાની તથા જાબુલી લશકરને ઘણાક સરોપાવ, જેવી જેની લાયકાત તે મિસાલ સર્વે કોઇને બક્ષેશ કરયો એવામા દીદબાને પોકાર મારી પાદશાહને ખબર કીધી કે બેશુમાર હીંદી લશકર ઘણાક હાથી સાથે જોશભરેલુ આવે છે એ સખુન સાભળીને જહાપેહેવાન કેરશાસ્પ માહરાજા મેહેરાજને પુછવા લાગો જે "એ લશકર આવે છ તે કોણનુ છે ? કાઇ દુશમનનુ છે યા આપણી પનાહમા આવે છે ?" માહરાજા મેહેરાજે જવાબ દીધો કે "મે એક લાખ સવાર બીજા દુશમનની લડાઇને વાસ્તે હીંદુસ્તાનથી બોલાવ્યા છે, તે લશકર આવતુ હશે" પછી જહા પેહેલવાને કહ્યુ કે "એ માહરાજા મેહેરાજ ! તુ એ જગો એટલુ લશકર શા વાસ્તે મગાવે છે ? એ મેદાનમા ઘણા લશકરનુ કામ શુ છે ? તે કરતા એ જગલમા એ લશકરને ઉતરવાની જગો બી નથી ! વાસ્તે તુ હોકમ કર કે એ લશકર પાછુ ફરે, અગર પાછું નહી ફરે, તો એ જગોથી દુર જઇ

પડે" જેથી મેહેરાજ કહેવા લાગો કે "હજુર લશકર કાહા છે' એની પછવાડે બીજુ બેશુમાર લશકર આવી પોહોચશે ત્યારેજ તું મુન્તાક થશે!" જેથી જહાપેહેલવાને કહ્યુ કે "મને લશકર જોઈતું નથી પણ એ વાત ઉપર તારી ખરાબી થશે—એકતો એ જે ઘણા લશકરના સબબથી તારો મુલક જેરો-જબર થશે અને બીજુ એ કે તે લશકરની સેહેબદીમા તારો તમામ ખજાનો ખાલી થશે વાસ્તે જે કામ વગર ખરચે થઇ આવે તે કામ ઉપર નાહક ખજાનો ખરચ કરી પછવાડે પોતાને ફીકરમા નાખવો એ કામ દાનાવ આદમીને પસદ પડે નહીં ઓ માહરાજા! શીતાબ સવારો દોડાવીને એ લશકરના સીપેહસાલાર જે હોય તેને વધાઇ કહેવાડ કે હમો દુશમન ઉપર ફતેહ પામ્યા છે તમો પાછા ફરી બીજા મુલકની તરફ જાવો. એ રવેશ કહેવાડીને એ લશકરને પાછુ રવાના કર તે કરતા એ માહ-રાજા મેહેરાજ તુને પોતાના મરતબા પ્રમાણે ઘણા લશકરની ખાહેશ હોય તો થોડુક લશકર એમાથી બોલાવ અને બાકી રહે તેને જે કોઇ તારો બીજો દુશમન હોય તે ઉપર મોકલી આપ એ જગો તો હું એટલાજ લશકર સાથે તારી મોરાદ માફક કામ કરીશ કારણ મને ઘણા લશકરનુ કામ નથી, મને પાક યજદાની મદદ બસ છે" એ સખુન સાભળીને માહરાજા મેહેરાજે જહાપેહેલવાનની અકલ ઉપર આફ્રીન કીધી અને જે કાંઈ તે નામદાર પેહેલવાને ફરમાવ્યુ તેજ માફક અમલ કર્યા પછી તે લશકરમાથી પચાસ હજાર સવાર તથા એક હજાર હાથી પોતાની સાથે રખીને બાકી તમામ લશકરને બીજા મુલક ઉપર મોકલ્યુ એવામા જગબારના મુલકથી હબશીનુ લશકર માહરાજ મેહેરાજની મદદે આવ્યુ તે લશકરને તો હલકારા મોકલીને રાહમાથીજ પાછુ ફેરવ્યુ કે કામ પડશે ત્યારે બોલાવીશુ એ ખબર જ્યારે બહુને થઈ કે હબસીનું લશકર માહરાજા મેહેરાજની મદદે આવ્યુ ત્યારે તે સાભળીને પોતાના ભાઇને હુકમ કીધો કે "તુ સેતાબ સરનદીપ શેહેરમા જઇને દાણો તથા પાણી તથા ઘાસ વિગેરે સઘળુ બધ કર, કે જે કોઇ ભુખ્યુ થશે તે આવીને આપણા લશકરમા ચાકરી રેહેશે એ હોનર આપણે કરશુ તો

આપણી ફોજમા લશકરનો વધારો થશે, અગર નહીં તો થોડા લશકરે કરી માહરાજા મેહેરાજથી શીકત પામીશુ" એ મિસાલે બેઅકલીથી અદેશો કરી પોતાના ભાઇને સરનદીપમા મોકલ્યો એ તદબીર કરતા ત્રણ દહાડા ગુજરી ગયા અને બન્ને લશ્કરમાથી કોઇ સવારે લડાઇનો કસદ કીધો નહીં જ્યારે ચોથે દીને રોશન આફતાબે પોતાના ઝુંડો પાહાડ ઉપરથી ઉઠાવ્યો ત્યારે જમીન તથા જમાનો આઇના મિસાલ રોશન થયો યાને બામદાદ થઇ તે વખત બન્ને પાદશાહોએ પોતાના લશ્કરમાથી ચાલીસ હજાર લડાયક સવાર તથા બારસો હાથી પોતાના સીપેહસાલારોને હવાલે કરી ફરમાવ્યુ કે લડાઇની સફ ખેચે વળી બીજા એક હજાર હાથી લોહોડાની પાખર સાથના તથા ચાલીસ હજાર સવાર એક સીપેહસાલાર તુપાલ નામનો હતો તેને હવાલે કરીને કહ્યું કે લડાઇનુ નગારૂ કરાવે એ રવેશે રાજા બહુના હુકમથી બન્ને સીપેહસાલારોએ તૈયાર થઇને ડાબી તથા જમણી તરફ લશ્કરની સફ સમારી સવારોના પોકારે તથા નગારાના અવાજે અને કરનાયાના શોહરે કરી ધોધાટ ઉઠી રહ્યો જ્યારે જહાપેહેલવાન કેરસાસ્પે રાજા બહુના લશકરનો શોરશોર સાંભળ્યો કે તેણે પોતાનુ બખતર તથા ટોપ મગાવીને પાદશાહ મેહરાજને કહ્યું કે "તુ તારા તમામ લશ્કર સાથે પાહાડ ઉપર બેસીને તમાશો જો મહુના લશ્કર સાથ હુ કેવી રવેશે લડાઈ કરૂ છુ' એ સખુન સાંભળીને માહરાજા મેહેરાજ પોતાના લશ્કર સાથે પાહાડ ઉપર જઈ બેઠા અને જહાપેહેલવાન કેરશાસ્પે પોતાનુ લશ્કર મેદાનમા તૈયાર કીધુ ને લશ્કરની જમણી બાજુનો સપેહસાલાર માહીયારને હવાલો સોપ્યો ડાબી બાજુ ઉપર બેહેપુર પેહેલવાનને રાખ્યો અને આજરશને તથા ખોરજને લશ્કરની આસપાસ તલાયાની મિસાલ કરતા મેલ્યા લશ્કરની કલમગાહ ગોરદાઅને સોપી કે તે પેહેલવાન કીનાને વખત પોતાની તલવારે કરી પાણીમાથી ખાક ઉડાવતો હતો' લશ્કરની નેગેહબાની બીજા ત્રણ પેહેલવાનોને સોપી, તેમા એક તો હોબજર, બીજો કરાહુન તથા ત્રીજો નનવાદ, અને લશ્કરની હરોલમા તમામ જાણુતી સવારોને રાખ્યા ને લશ્કરનો તાલુકો પેહેલવાન અરફશને આપ્યો પછી લશ્કરની પીઠ ઉપર

હાથીની સફ ખેચી અને માહવતોને તાકીદ કરી કહ્યુ કે અગર કોઇ શખ્સ એ લડાઇમાથી પાછો ફરીને નહાસે તો સેતાબ તેને હાથીના પગ નીચે રગડી પાયમાલ કરી નાખે એ મિસાલ તમામ લશ્કરની સફ જુદી સમારી અવલ નેજા તથા તલવારના મારનારા સવારોને મોખડા ઉપર રાખ્યા, તે પછવાડે કમંદના નાખનારા, તે પછવાડે તીરના મારનારા અને તેની પાછળ ગોરજના મારનારા રાખ્યા તે મફની હરએક તરફ જબરદસ્ત પેહેલવાનોને નેગેહબાનીને વાસ્તે મેલ્યા, જહાપેહેલવાન પોતે શેકારી શેર મિસાલ લશ્કરની મફ આગળ બેદેહેશત ઉભો તેના સર ઉપર અજદાપેકર ઝુન્ડા ઉડતો હતો તેના હાથમા કીનાની તલવાર પકડેલી હતી તેનો ઝુન્ડો એટલો તો ઉચો હતો કે જાણે તે આસમાન ઉપર જઇ પોહોચ્યો હોય ' તે જહાપેહેલવાન નજદીક બીજા ચાલીસ ઘોડા લોહોડાની પાખડ નાખેલા તૈયાર ઉભેલા રાખ્યા હતા લડાઇ શરૂ થઇ, દલેરો મેદાનમા આવી લડાઇ કરવા લાગ્યા, તે મેદાનમા હરએક તરફથી ગીરદ ઉડવા લાગી, બન્ને લશ્કરોના મવારોની ધર પકડના અવાજનો પોકાર ઉઠયો તથા ઘોડા હરનવા લાગ્યા, જમીન દરીયાવના પાણી મિસાલ લરજવા લાગી, તાબાના નગારાના અવાજે તથા પીત્તલની કરનાયાના આવાજે કરી જાણે આસમાન ઉપર અવાજ જવા લાગ્યો લડાયક સવારોની કમદ લશ્કરના દલેરોના સરને પેચમા લાવતી હતી, તલવારોનો ચળકાટ આસમાન ઉપર વિજળી મિસાલ નજર આવતો હતો તે જગમા એટલુ તો લશ્કર મારયુ ગયુ કે તેના કપાઇ ગયલા લશ્કરના લોહીની નદી હીન્દુસ્તાનથી તે જેહુનના દરીયાવ સુધી જારી થઇ હતી ' તે મેદાનમા ઇરાની લોકો કમીગાહ કરી કમદના પેચે હીંદુ લશ્કરને જમીન ઉપર નાખતા હતા જ્યારે ઇરાની લશ્કરે ઘણોક વાર સુધી લડાઇ કીધી ત્યાર પછી જહાપેહેલવાને પોતાના ઘોડા ઉપર સવારી કીધી અને હીંદી લશ્કરના સીપેહસાલાર તુપાલ અને તેના લશ્કર તરફ પાહાડની મિસાલ ચાલ્યો તે નામદાર ગોરજ તથા તલવારે કરી વરસાદના કતરાની મિસાલ હીંદી લશ્કરના સવારોને ખાકમા નાખવા લાગો તે નામદાર જે ઉપર ગોરજ મારતો ત્યાથી પોકાર ઉઠતો અને જે જગો તલવાર મારતો તે જગાની

જમીન પગવાલાની મિસાલ સુર્ખ રંગની કરતો તથા નેજાની નોકે કરી હાથીને પાહાડની મિસાલ જમીન ઉપર નાખતો હતો તે નામદાર એકજ હુમલામા ઘણુંક સવારોને જેરોજબર કરી નાખતો હતો એ મિસાલે મસ્તી કરતો આગળ ચાલી જે જગો હાથીની સફ ખેંચેલી હતી તે સફ ફાડીને સ્વારો તથા પયદલ ઉપર જઇ પડયો અને જેમ ભુખ્યો ગેર ગોસ્પદના ગોવાલામા પડે તે મિસાલ તે લશ્કરને પરાગંદે કરી નાખવા લાગો જેમ દરીઆવમા તોફાન થાય અને એક કીસ્તી બીજી કીસ્તી ઉપર જઇ પડે તે મિસાલ જહાપેહેલવાન એક હાથીને ઉઠાવી બીજા હાથી ઉપર મારતો જ્યારે તુપાલ હીંદીએ એની રસ્તાખેજ દીઠી કે એક સવારથી બેશુમાર લશકર મારયુ જાય છે અને બાજે સવારો ઘણુંક જખમી થઇને નહાસે છે ત્યારે તેણે પોતાનો ઘોડો લસ્કરમાથી આગળ ચલાવ્યો તે જોશથી ઘોડો ડપટાવતો આવયો અને એક નેજો કેરશાસ્પના જબરા સીના ઉપર મારયો પણ જહાપેહેલવાનના તનમા લોહોડાનુ બખ્તર પેહેરેલુ હતુ તેથી તેને કશો હલજામ પહોચ્યો નહી પણ તુપાલના નેજાની નોક ભાગી ગઇ પછી જહાપેહેલવાને તલવાર ઉઠાવી એક જખ્મ એવો તો તે હીંદી પેહેલવાન ઉપર મારયો કે તે હીંદીને તેના ઘોડા સાથેજ ચીરી નાખ્યો તેજ તલવાર ઉઠાવીને તેના લસ્કર ઉપર જઇ પડી અને સવારોને ખાકમા નાખવા લાગો એ મિસાલ એ પેહેલવાનની મરદાનગી જોઇને બહુના લશકરે નાહસવા માંડયુ અને રાજા બહુ તથા તેના સીપેહસાલારે જોયુ કે લસ્કર નાહસભાગ કરે છે તથા પોતાનાજ હાથીના પગ નીચે રગડાઇ જાય છે! પાયદલ ઘોડાની ઠોકરે કરી ઉધા પડે છે એ રંગે તમામ લસ્કર પરાગંદે થાય છે, તેથી મહારાજા બહુએ પોતાના પેહેલવાનને હુકમ કીધો કે શીતાબ તે લસ્કરમાથી બાહેર નીકળ્યો તે લસ્કરનો સીપેહસાલાર હતો, તેથી હાથમા ગોરજ પકડીને પોતાનો ઘોડો દપટાવીને જે લસ્કર નાહસતુ હતુ તેની આગળ જઇ કેહેવા લાગો, "કે એ લડાયક પેહેલવાનો! તમો શા વાસ્તે નાઉમેદ થઇને નાહસો છો?" તેણે એ મિસાલે ફરેબથી ઘણોક દિલાસો દઇ લશકરને નવાસ્તુ ઉભુ રાખ્યુ તે કહેવા લાગો કે "તમો જબરદસ્ત સવારો

છો ! અને એક સવારથી નહાસો છો તો તમોને શરમ નથી આવતી ? એ તો નાપાક જોહાકમા ઘણી જાદુઇ છે તેથી ઇરાની લશકરની લડાઇભી તમામ જાદુઇ ભરેલી છે ! તમો દલેરી કરીને સઘળથી એકઠો હુમલો લઇ જઇ તેઓના મગજમાથી મગરૂરીનો પવન કહાડી નાખો !" એ રવેશના સખુન પોતાના સીપેહસાલારની જુબાનથી સાભળીને સર્વે કોઇ લશ્કરના સવાર કહેવા લાગા કે "હમો કાઇ તમામ ઇરાની લશ્કરથી દરતા નથી પણ એક સવારે હમોને જેરોજબર કરી નાખ્યા છે એ નામદાર ! તુ નથી જોતો કે પેલા એક સવારે એટલુ તો લશ્કર માર્યુ છે કે આદમી તથા ઘોડા તથા હાથીની લોહે કરી તમામ જમીન ભગાઇ ગઇ છે એ નામદારના જરબ આગળ હાથીનોબી આશરો રેહેતો નથી" તે સીપેહસા-લાર ફરીથી કહેવા લાગો કે "એક સવાર જોરાવર છે તો શુ થયુ ? તમો કાઇ ઓરત તો નથી ?" પોતાના સીપેસાલારના એવા સખુન સાભળ્યા કે એક પેહલવાન ઘણો જોગવર આહો નામનો તુદી ભરેલો હતો તેણે તમામ લશકરને હીંમત કરી કહ્યુ કે 'તમો એ મિસાલે ધાભગ પડીને એક શખ્સની હદથી જાદા તારીફ શા વાસ્તે કરો છો ? હુ હમણાજ તેની લડાઇમા જઈ તેના ખુને કરી એ મેદાનમાની ગીરદનો લાલ કીચલ કરૂં છુ તેને એક લેહેજામા મારીને નામ કાઢુ છુ !' એટલુ કહી તે શેતાબ પવનની મિસાલ ઘોડો ડપટાવતો મેદાનમા આવ્યો અને ઇરાની લશકરને અવાજ મારી પુછ્યુ કે "તમારો જાણુલી જહાપેહેલવાન ક્યા છે ?" એ સખુન કેરશારપે સાભળ્યો તેજ વખત પાહાડની મિસાલ પોતાનો ઘોડો મેદાનમા ડપટાવતો આવીને એક ગોરજ આહો પેહેલવાન ઉપર એવોતો જોરથી મારયો કે તેના જરબે કરી તે સવાર તથા તેના ઘોડો બને ખાક સાથે બરાબર થઇ ગયા ફરી પણ ગોમામા આવીને ઘોડાને હીંદી લશ્ક-રમા ડપટાવ્યો અને એક હુમલાએ કરી તે લશ્કરમાથી એ સો પેહેલવાનને ખાકમા નાખ્યા તે નામદાર પેહેલવાન ભુખ્યા શેર મિસાલ બખારીને કહેવા લાગો કે "ઓ નાપાક હીંદી લશ્કર ! જેવાં તમારા મોહોડા શીહા છે તેવો તમારો દહાડો બી એ લડાઇમા શીહા છે તમો તમારા નામદાર મહારાજાને બેવફા થઇને આશાયશમા બેસનાર નથી. તમોએ તમારૂ યકીન દુબાડયુ છે

અને નાફરમાનીથી સર ઉઠાવ્યુ છે તેનો બદલો તમારા સર આ મેદાનમા લોહીના કીચલમા તરવાથી વળનાર છે તમારૂ ઘણુ લશ્કર તથા ઘણા હાથી છતા મારી તલવારથી ખલાસી પામવાના નથી અગર તમારૂ લશ્કર રેતી કરતાં બી જ્યાદા હોય તો તેનો મને કશો ડર નથી એક લેહેજામા તે તમામ લશ્કરથી ખુનની નદી બોખારા શહેર લગી જારી કરૂ " જ્યારે હીંદી લશ્કરે જહાપેહેલવાન કેરશાસ્પની એ ગ્વેશની દલેરી દીઠી તેથી પુરા નાઉમેદ થયા અને પોતાનો જીવ તથા તનનો ગમ ખાવા લાગ્યા અને કોઇમા એટલી તાકાત રહી નહીં, કે જહાપેહેલવાનની મોકાબલે જઇ તેના મેદાનમા હરીફ થાય । બલકે એમ કરી ચાહતા હતા, કે કાઇ કાબુ પામેતો તે મેદાનથી શેતાબ નહાસે એ ઉપરથી એ નામુ જોડ નાર શાહેર લખી ગયો છે કે જે શખ્સનુ દિલ ઠેકાણે હોય તેના તનને હીંમત તથા ઓસ્તવારી હોય જ્યારે દિલમા દગ બેસે ત્યારે હાથ તથા પગ શુસ્ત થઇ જાય એમ કરતા હીંદી લશ્કરમા એક સરદાર ભુનગાવ નામનો ઘણો જબરદસ્ત હતો કે જેની લડાઇની દેહેશતે કરી અજદાબી ડર ખાઈ નહાસ્તા હતા જગી ને ભુનગાવને સીપેહસાલાર તેવ કહેવા લાગો કે "એ જવામર્દ । એ વખત તુને પોતાની નામદારી દેખાડવાનો વખત છે, એ જાબુલી સવારના મેદનમા તુને જવુ જોઇએ તારા જેવો હુન્નર તથા જોર કોઇ બીજામા નથી અને એ કેરશાસ્પને તુ મારસે તો બહુ પાદશાહ તારૂ નામ જહાપેહેલવાન કરી રાખસે અને તમામ હીંદુસ્તાનમા તારી બરાબરીનો કોઇ બીજો નહીં કહેવાશે, તારી તલવારની દેહેસ્તે કરી પહાડના દેલ ફાટે છે " એ તમામ સખુન સાંભળીને ભુનગાવ હસ્યો અને કહેવા લાગો કે "એ વાત હરગેજ બનવાની નહીં એ તારી ચાપલોશીના મખુન ઉપર હુ મારૂ સર હરગેજ બરબાદ કરતો નથી, તે કરતા આપણા પાદશાહના લશ્કરમા સીપેહશાલારી તો તુને છે તો અવ્વલ તુ એ કરશાસ્પની મોકાબેલ જા તારી પછવાડે હુ બી હાજર છુ દાનાવ લોકો ફરમાવી ગયા છે કે દુર ઉભા રહીને શેરની લડાઇમા તમાશો જોઇએ તે આશાન છે પણ એકાએક નાદાની કરી શેરની નજ-દીક જવુ એ નાદ બરોસ્ત છે આજ રોજે હુ કેરશાસ્પના મેદાનમા જઈ

તેને મારૂ ત્યારે અજબ વાત થાય જે બહુના એક સવારે ફેરશાસ્પને માર્યો એ મિસાલ તે બહુ નામદાર કહેવાય, અગર એ ફેરશાસ્પના હાથ ઉપર હુ માર્યો જાઉ તો બહુ એમ કરીને કહે જે મારા લશ્કરમા એક સવાર હતોજ નહીં.! હવે એવી નાદાની કરીને હુ ફાડી ખાનારા શેરની લડાઇમા જઇ પોતાનો જાન બરબાદ કરૂ એમા ફાયદો શુ ?"—એવો જવાબ ખુનગાવની જબાનથી સાભળીને તેવ ગુસ્સીમા આવી કહેવા લાગો કે "એ નામર્દ હીજડા તારૂ દિલ લડાઇ કરવાથી ડરે છે તો હાથમા તલ-વાર કેમ પકડી છે? તુ પોતાના જીવથી ડરતો હોય તો ઢાલ તલવાર મેલીને પોતાને મકાન ચાલ્યો જા! જે મોતથી ડરે નહીં અને સખ્ત લડાઇને વખત નામ ઉડાવે તેને એ મેદાનમા ઉભુ રેહેવુ સજાવાર છે મને એ જાણુલીનો કશો ડર નથી હુ લડાઇમા જાઉ છુ ત્યારે એ ફેરશાસ્પ જેવા તો મારી ખિદમતમા ગુલામો દોડે છે! હુ મારા ઘોડાને તેજ કરીને મેદાનમા નીકળુ ત્યારે ફેરશાસ્પ જેવા એક સો પેહેલવાનને કમદના પેચે કરી પકડી લઉ છુ વાસ્તે તુ એ જગોથી જઇ પોતાન મર ઉપર બુરખો નાખીને ઓરત લોકોની મિસાલ ચરખો કાત, નાહક પોતાના હાથમા ગેરજ તથા તલવાર પકડીને મરદાનેમરદના મેદાનમા શા વાસ્તે ઉભો છે?" એટલુ કહી તેણે પોતાનો ઘોડો મગાવ્યો અને ગુસ્સામાજ હાથમા ગેરજ પકડી ઘોડા ઉપર સવાર થઇ મેદાનમા જઇ જોલાન લેવા લાગો તેને જોઇને ફેરશાસ્પે પોતાની ચુગાલ ખોલી અને પહાડની મિસાલના પોતાના ઘોડાને તેની આગળ ચલાવ્યો તે નામદારના હાથમા એક નેજો એકસો વામનો હતો, તે નેજો તેવ હીંદીના કમરબધ ઉપર મારીને એકજ સપાટે તેને જીન ઉપરથી ઉડાવ્યો અને કેટલોક વાર તેને નેજા ઉપર ઉચો પકડીને પછી હીંદી લશ્કરની મધમા જઇને તેને તે લશ્કર ઉપર એવા જોરથી ફેકયો કે તેથી બે દેલાવર બીજા શખ્સ તથા ત્રીજો તેવ કરીને ત્રણુ જણુ જીવથી મુવા! બીજી મરતબે પેહેલવાન ફેરશાસ્પે પોતાના ઘોડાને બહુના લશ્કરમા ઝોકાવ્યો તે હુમલામા લશ્કરના ઘણાક ટોળા માર્યા તથા ગેરજે કરી કેટલાક હાથી તથા લશ્કરના સવા-રોને ગરદાપેચ કરી નાખ્યા જેથી મુવેલા લશ્કરની લોથ એક ફરસગ

લગી થઇ પડી હતી ! એ રવેશે ખુનરેજી કરતો ને સરફરાજ જાણુલી કેરશાસ્પ બહુની ખાસ ફોજ ઉપર જઇ પોહોચ્યો બહુનેખબર થઇ કે કેરશાસ્પ લશ્કર મારતો તેની છાવણીમા આવી પોહોચ્યો છે તેથી બહુ શેતાબ બાહેર આવ્યો તો જોય શુ કે હર તરફથી હીંદી લશ્કર નહાસે છે. તમામ દેરા ખાલી પડેલા દીઠા ત્યારે તે બહુ આવાજ મારીને પોતાના નાહાસતા લશ્કરને કહેવા લાગો કે "એ મિસાલ આ થોડા લશ્કરથી તમો શા વાસ્તે ડરો છો ?" તે સાભળી હીંદી લશ્કરે બહુને દુરથી દેખાડયો કે પેલો સવાર જે પહાડની મિસાલનો છે તેથી હમે તમામ લશ્કર ડરી નાહાસાયે છીએ એના હાથમા નેજો છે તેનાથી આદમી તથા ઘોડા સર્વેને તે આશાનીથી ઉડાવી લે છે તે પોતાના ગોરજે કરીને તો હાથીના મગજ કહાડી નાખે છે" એ સખુન સાભળીને બહુ ગુસ્સો કરીને કહેવા લાગો કે, "શુ દોજખમાથી એહેરેમન નહાસી આવ્યો છે કે આપણે એથી ડરે ? તમો એક લાખ સવારની ફોજ છો અને એ તો એક સવાર છે ! અગર જો તમો એકાએક મુઠી ખાક એની ઉપર નાખો તો તેથીજ એ સવાર દતાઇ મરી જાય તમોને શરમ નથી કે એક જાણુલી સવારથી હજારો સવાર નહાસો છો ?" એ સખુન સાભળીને બહુના ખાસ લશકરમાથી તીસ હજાર સવાર વણા નામીચા આસુદા હતા ને લશકરે એક હુમલો જગી કેરશાસ્પ ઉપર કીધો કેરશાસ્પે તે લશકરને જોશથી આવતુ દીઠુ કે એક પોલાદ ગેરની મિસાલ મારીને ઘોડાને તે લશકર ઉપર ચલાવ્યો તેણે જેમ એક પાહાડ ઉપરથી ભારી પથર નીચે પડે તે મિસાલે પોતાનો ભારી ગોરજ તે લશ્કર ઉપર મારવો શરૂ કીધો તેથી તે લશ્કરના સવારો ઘોડા સાથેજ કુટાઇ જવા લાગા તે ફીનાની તલવાર મારતો કે મજીઠના રગની મિસાલ શોર્ખ લોહીના ફુવારા તે મેદાનના લશ્કરમા જારી થતા ! એવી લડાઇ કરતા એકાએક બુનગાર પેહેલવાન પોતાનો ઘોડો પવનની મિસાલ ચલાવીને શેતાબ કેરશાસ્પ સામે આવ્યો તેણે એક છુટી ભાલડી કેરશાસ્પ ઉપર મારી, પણ તે પેહેલવાનના તન ઉપર કારગત થયુ નહી તેથી બુનગારે ઘોડાની લગામ ફેરવીને પોતાના લશકરની તરફ નહાસવા લાગો પણ તેજ વખત જહાપેહેલવાને તેનો

દુમબાલો પકડયો ઘોડો તેની નજદીક પોહોચ્યો કે કેરશાસ્પે પોતાના ઘોડા ઉપરથી વાકો વળી ચુંગાલ મારી તેનો કમરબદ પકડયો અને તેને જીન ઉપરથી ઉંડાવીને હવા ઉપર ઉચો ફેકયો, પછી તે હીદી પાછો નીચે આવ્યો કે તલવારે કરી તેના બે ટુકડા કરી નાખ્યા એવીતો મરદાનગી તે નામદારે તે હીદી લશકરમા કીધી કે બાજે હીદી પેહેલવાન તેની નજદીક ગોશપદ મીશાલે ફરમાબરદાર થઇ ઉભા ! પણ જે કોઇ શરકસી કરી લડતા હતા તેઓ ઉપર કેરશાસ્પર સ્તાખેજ ગુજારતો હતો એવામા જાબુલી લશકર એકાએક કમીગાહ કરીને બહુના લશકર ઉપર આવી પડયુ અને તલવાર તથા ગોરજે કરી બેશુમાર હીદી લશ્કરની કતલ ચલાવી તેથી જેમ લાલાનો ચંમન નજર આવે તે મિસાલ તે હીદી લશકરના લોહીએ કરી જમીન શોર્ખ ગની નજર આવવા લાગી એમ કરતા રાતનો વખત નજદીક આવ્યો અને આફતાબ મગરેબની તરફ ગયો કે તમામ લશકર મેદાનમાથી પાછુ ફરયુ એ તરફ પાદશાહ મેહેરાજ જહાપેહેલવાનની લડાઇ જોઇ પાહાડ ઉપર પોતાના લશ્કર સાથે ખુશી કરતો હતો માહરાજા મેહેરાજે રાતનો વખત ગયલો દીઠો ત્યારે એક સવારને તે જગના મેદાનમા જહાપેહેલવાન કેરશાસ્પ નજદીક મોકલ્યો કે " એ સરફરાજ પેહેલવાન ! હવે રાતનો વખત થયો છે તેથી તુ લડાઇમાથી પાછો ફર ! રાતની શીહાઇએ કરી હવા ઘણી ગદલી થઈ છે અને દુશમનનુ લશકર ઘણુ છે તુ બામદાદનો એખલો જાતે લડાઇ કરે છે તેથી તુ થાકી ગયો છે ઓ સરફરાજ પેહેલવાન ! હવે લડાઇથી હાથ મોકુફ કરીને એ તરફ આવીને આશાયશ પકડ ! તમામ ખલક એ લડાઇ જોઇને આજેજ આવી છે" પેગામ માથ દુવાના સખુન કહેવાડયા કે " હરેક લડાઇમા તારૂ બખ્ત ફતેહમદી સાથે યાર હોજો અને તારા દુશમનના દહાડા શીહા રાતની મિસાલ બેનુર હોજો " એ સખુન સાભલીને માહરાજા મેહેરાજની મજલેસમા જે કોઈ બુજોર્ગો હતા તેઓ શીતાબ પાહડ ઉપરથી નીચે આવી જહાપેહેલવાનને ઘણીક આજેજી કરી મીનતથી તેના ઘોડાની લગામ પકડી લડાઇથી પાછો ફેરવ્યો હવે પેલી તરફ બહુના લશકરમા જે જીવતા હતા તે સર્વ પોતાના મુવેલા લોકો ઉપર

જારી કરવા લાગા હરેક દેરામાથી જખ્મી લોકોના પોકાર નીકલતા હતા તથા જે સલામત હતા તેઓએ તમામ રાત જખમી આદમીઓના તનને પાટા બાધ્યા અને મુવેલા લોકોને અગનીદાહ કીધા તેઓ સર્વે કોઇ પોતાના જીવથી નાઉમેદ હતા કે કાલ રોજે એ કેગશારપની લડાઇમા આપણો જીવ સલામત રેહેનાર નથી બહુએ પોતાના લશકરને એ રવેશે જખમી દીઠુ કે તે ઘણો ગમગીન થઇને પોતાના હાથનો પોચો મોહોડામા પકડીને દિલ સાથે કેહેવા લાગો કે 'અફસોસ!' એ મુલક તથા તખ્ત તથા ખજાનો ઘણુંક લશકરની કોશેશથી મારા હાથમા આવ્યો છે તે તમામ આખરે દુશમનને હવાલે કરીને નહાસવુ પડે છે બખ્ત મદદગાર થાય છે ત્યારે રજ તથા સખ્નીએ કરી તમામ પાદશાહી અસબાબ મળી આવે છે. અફસોસ! કે મેં માહરાજા મેહેરાજને જેર કરવાને વાસ્તે બેશુમાર ખજાનો ખરચ કીધો અને ઘણોક રજ ખેચ્યો તે મારો તમામ રજ તથા ગજ સર્વે બરબાદ ગયો છે હવે મને કાંઈ સુઝ પડતુ નથી કે એ નવજુવાન છોકરાથી મારી ઉપર શી નીસબત ગુજરશે? બેહેતર એ છે કે જહાપેહેલવાનને ગજ તથા એક બેટી આપવા કહી એ જાણુલીને હું મારા પોતાના હાથમા લેવુ એવો હુનર કરી હાલ તરત હું મોતથી બચુ પછી હરેક ચારાએ કરી એ જાણુલી કેરશારપને જીવથી મારુ! જવામર્દને નવજુવાન ઓરત ઉપર ઘણી ખાહેશ હોય છે—વાસ્તે તમામ કામ હાલ એક કોરે મેલીને એ કામની તદબીર કરૂ અગર જવામર્દને એક ગજ બખ્ક્ષવા કહીએ તે કરતા નવજુવાન ઓરતની લાલચ દેખાડયે તો તે નાજનીન ઓરતના લોભમા ફસે નવજુવાન મર્દને જે ચીજ ઉપર ઘણી ખાહેશ હોય તે ચીજ તેને નજર કરયે તો તે ઉપર ફરેબથી જે કાંઇ કરવા ચાહયે તે કરયે જવામર્દ લડાઇ તથા કીનાની લેનાર ઘણોબી જબરદસ્ત હોય પણ

દેલને ફરેબ દેવુ એ કાંઇ મુશ્કેલ કામ નથી નવજુવાનની કમઅકલને કાચો લેનાર દુશ્મન ઘણોબી જબરદસ્ત હોય પણ તેને નરમી તથા શીરીન હોય કીનાનો જબાને દોસ્ત કરયે તો તે થાય છે, ઘણો બખીલ હોય તેની ઉપર તલ વાર ઉઠાવીને માગે તો તે એક દાનો અનાજનો કોઇને આપે નહી!

એવો બખીલ પણ અગર આપણે તેની નજદીક જઇને તેને પસદ આવે તેવા સખુન બોલ્યે તો તે એકબારગી પોતાનો જીવ આપે જે કાઇ કામ મરદાને મર્દની તલવારથી થતા નથી, તેવા કામ ફરેબના દેનાર જુરા આદમીની મીઠી જુબાન ને ફરેબભરી આજેજીના સખુનથી થઇ શકે છે" એ મિસાલ રાજા બહુ તમામ રાત અદેશામા હતો અને ગોયા તેના દિલ ઉપર એક ગમનો પાહાડ આવી પડયો હતો

એ તરફ જહાપેહેલવાન કેરશાસ્પ લડાઇના મસ મયદાનમાથી પાછો ફરયો ત્યારે માહરાજા મેહેરાજ તેને એસ્તેકબાલ ગયો તો તે જોય શુ કે જહાપેહેલવાનને શીનો તથા બાજુ વગેરે સરથી પગ તલગ લોહીમા ગરક થયલો દીઠો તે નામદારનો ઘોડો તથા જીન લોહીએ કરી સુર્ખ રગ થયા હતા. તે જોઇ માહરાજા મેહેરાજે તે પેહેલવાન ઉપર ઘણીક ભલી દુવા કીધી. પછી તેવીજ હાલતમા તે માહારાજાએ તે નામદાર સાથે બગલગીરી કીધી માહરાજા જહાપેહેલવાન સાથ દરગાહમા મલ્યો ત્યારે તે માહરાજાએ તે પેહેલવાનની ખુશાલીમા મજલેશ સમારી તમામ જાબુલી તથા ઇરાની લશ્કર ને સીપેહસાલારોને પાદશાહી જ્યાફત આપી. સર્વ કાઇ ઉપર પોતાના પ્યારો જીવ ફીદા કરવા લાગો અને માહરાજાએ પોતે બેહદ ખુશી થઇ જઇને જહાપેહેલવાનને ઘણોજ નવાજ્યો ખાણુ ખાઇને તમામ જન તનદરોસત થયા કે માહરાજા મેહેરાજ જહાપેહેલવાન કેરશાસ્પ તથા બીજા સરદારો સાથે ખુશીથી શરાબની જામ ઉડાવવા લાગો તેણે પેહેલી જામ પાદશાહ જોહાકની યાદમા નોશ કીધી આ વખતે જહાપેહેલવાન મહારાજા મેહેરાજની બરાબર ખુશદિલલગીથી પોતાની આગળ ગોરજ મેલીને હાથમા શરાબની જામ પકડી ગોયા એક શાહનશાહ બેસે તે મિસાલ દબદબાથી શરાબની જામ ઉપર જામ નોશ કરતો હતો જ્યારે તે શરાબ પીધાથી મસ્ત થયો ત્યારે તે માહરાજા મેહેરાજને કહેવા લાગો "કે એ નામદાર માહરાજા ! મે મારા દીલમા એક અદેશો કીધો કે હજુર દુશમનનુ લશ્કર બેસુમાર છે—પણ આપણો એક સવાર તે દુશમનના એક હજાર સવાર કરતાબી જાદા જોરમદ છે લડાઇનો સામાન તૈયાર કરી સફ ખેચ્યે છીએ ત્યારે તેના

લશકરની પાસ આપણુ લશ્કર ગોયા ચીનના દરીયાવ નજદીક સરોવર. એ મિસાલ આપણુ લશ્કર દુશમનના જબર લશ્કર પાસ નજર આવ્યુ તેથી જમાનો મારી અજલ ઉપર પોતાનો હાથ લાબો કરશે તો હુ જીવ સલામત લઇ પાછો એ જગો ફરનાર નહીં ! મગર એ આસમાન મારો મદદગાર છે, તો હવે એક લડાઇ હુ એવી તો સખ્ત કરૂ કે મારો ઘોડા બહુની રૂબરૂ લઈ જઇને એવા તેના ભારી લશ્કરમાથી તેને મારી, કમન્દના પેચે કરી તેના ઘોડા ઉપરથી તેને નીચે નાખી ખેચનો ખેચતો તુ નામદાર માહારાજા તરફ લાવુ ને નાહક બીજા લશ્કરને આજાર દેવુ નહીં ધારો છે કે જ્યારે લશ્કર પોતાના રાજાને પોતાના સર ઉપર ઉભેલો જોય ત્યારે હીંમત પકડીને લડાઇ કરે પણ જ્યારે લશ્કરના સર ઉપર તેનો સરદાર નહીં હોય તો તે તમામ લશ્કર ગોયા વગરમરના આદમીઓ મિસાલ છે ! એ માહારાજા જ્યા લગી કસ્તુરીમા ખુશબો હોય ત્યા લગી તેને બુઝર્ગી છે, જ્યારે તેની ખુશબો ગુમ થઈ કે તે કસ્તુરી ખાક બરાબર છે" એ તમામ સખુન સાભળીને માહરાજા મેહેરાજ કહેવા લાગા કે "એ નામદાર પેહેલવાન ! બહુના લશ્કરમા એક સીપેહસલાર છે તેની હીંમત ઉપર તેનુ તમામ લશ્કર ટકી રહ્યુ છે બહુના લશકરમા ચાર સરદાર હતા તેમા એક મીર, બીજો તેવ, ત્રીજો બુનગાવ અને ચોથો તુપાવ હતા ને મધેથી ત્રણ સરદાર તો તારા હાથ ઉપર માર્યો ગયા પણ એક સીપેહસાલાર મીર હજીત લગ હૈયાત છે તે લડાઇને વખત ઘણાક લશ્કરને બહરમ મારે તેવા છે ! બલ્કે ઘણા લશ્કરને જેરો જબર કરી આવી નાખે કે આજ રોજે તે પેહેલવાન લડાઇને વખતે તારી નજદીક આવ્યો હતો તે મદાનમા કમીગાહ કરી ચાહાતો હતો કે તવખ બગ ફાવે તો તુને ગેતાબ મારી લે તેથી હુ માગ ડેગમાથી નેગાહ કરીને મનથી એમ ચાહતો હતો જે તુ નામદાર જહાપેહેલવાન કેરશાસ્પની નજર એ નાપાક ઉપર પડે તો શીતાબ તેનુ સર ખાકમા પડે પણ તેની હૈયાતીનો દમ હજી પણ બાકી હશે તેથી તે નાપાક ઉપર તારી નજર બીલકુલ પડી નહીં તે સીપેહસાલારથી એ બહુના લશ્કરનો તમામ ટકવો છે. અગર જો તે મારયો જાય તો તેજ વખત બહુનુ લશ્કર પરાગદે થાય ' તે સાભળી જહપેહેલવાન માહારાજાને કહેવા લાગો કે "હવે એ પહાડ

ઉપર બેસી બીજી મરતબે લડાઇગાહમા જોઇને તેહેકીક કરી તેજ વખત મને દેખાડ કે તેજ વખત તે તેના તનથી તેનુ સર જુદું કરૂ. એ માહરાજા તે મીરને દેખાડવાનુ કામ તારૂ ને તેને શીતાબ જીતી બેજાન કરવાનુ કામ મારૂ છે તુ બેશીકર રહે આ જગના અંજામથી" માહરાજા એ સખુન સાંભળીને બેહદ ખુશી થયો જાણે તે ખુશીમા પોતાના સર ઉપરનુ તાજ ઉતારીને જગી કેરશાસ્પના સર ઉપર મેલે એવો ઉલટમદ થયો પછી મેહેરબાન થઇને માહરાજાએ પોતાના તખ્તગાહની નજદીક એક મોટો સુનાનો બાગ બનાવેલો હતો જેના ફુલ પરવાલાના તથા ફળ ગોહરના બનાવેલા હતા તે બાગમા એક ચશમો વણોજ ખુશબોદાર પાકીજેહ ગોલાબથી ભરેલો હતો, તેમા રેતીની જગો તમામ મોતી તથા લાલ હતા તે બાગ તથા ચશમો તથા તે વગરે પોતાના ખજાનામાથી વણીજ નાદર ચીજો માહરાજા મેહેરાજે પોતાના નામ તથા દબદબા પ્રમાણે મગાવી શીતાબ જહાંપેહેલવાનને સરપાવ સાથે આપી પછી પોતાના ખજાનાનો દરવાજો ખોલીને જગી કેરશાસ્પ સાથે જે કંઇ લશકર હતુ તેને પણ અશરફી તથા ઝર બક્ષીને હાલ કીધુ, તેથી તમામ લશ્કર ગોયા નોરોજની ખુશાલી મિસાલ ખુશીથી ખીલયુ ગત બે પોહર ગુજરી ત્યારે તમામ નામદારો તથા જગી લશ્કરકોએ પોતપોતાની જગો ઉપર જઇ આરામ કીધો. જહાંપેહેલવાન કેરશાસ્પબી પોતાના દેરામા આરામ લેવા આવ્યો.

રાજા બહુનો એલચી જહાંપેહેલવાંન કેરશાસ્પ નજદીક છુપો પેગામ લાવ્યો તે હકીકત.

જહાંપેહેલવાન કેરશાસપ પોતાના દેરામા આરામ કરવા ગયો કે તેજ વખતે દેરાના દરવાને આવીને તે નામદારને અરજ કીધી કે 'એક એલચી સરનદીપના રાજા બહુ તરફથી આપણા દરવાજા ઉપર

આવી ઉભો છે, તે કહે છે, કે હુ એક જુમાની પેગામ લાવ્યો છુ તે મારે જહાપેહેલવાનને ખાસ રૂબરૂ કહેવો છે એ રવેશે તે સરનદીપનો એલચી કેહે છે." એ ખબર સાભળીને કેરશાસ્પે તેજ વખત તેને દેરામા બોલાવ્યો તે એલચી તેના દેરામા આવીને સેજદો કરી હીંદી જોમાનબમા દુવા કરી કેહેવા લાગો કે "એ નામદાર પેહેલવાન! રાજા બહુનુ એક પેગામનામુ ઘણાક કસમ તથા કોલકરાર સાથનુ લાવ્યો છુ તે તુ જહાનનો પેહેલવાન હોકમ કરે તો અરજ કરી કહુ, પણ એ વાત આપણુ ત્રણ શખ્સ વગર કોઇ ચોથો શખ્સ જાણે નહીં તેમા એક તુ નામદાર, બીજો રાજા બહુ તથા ત્રીજો હુ એલચી—એટલા જણ શિવાય બીજો કાઇ જાણે નહીં" તેનુ એટલુ કહેવુ કે જગી કેરશાસ્પે પોતાના ખેદમતગારો વગેરે બીજા ગોલામ લોકો જે કોઇ હતા તેઓને ઇશારત કીધી કે શીતાબ તેઓ ત્યાથી બાહેર જઇ ઉભા તે જોઈ તે એલચી કેહેવા લાગો કે "નામદાર અનજુમનના સરદાર! હુ રાજા બહુનો નવી-શદો છુ અને મારૂ નામ મનેગાવ છે રાજા બહુ જે સરનદીપ તથા કનોજનો રાજા છે તે તુને સલામ કેહેવાડયા સાથ એમ જબાની પેગામ ગુજારે છે કે તુ નામદાર જગી પેહેલવાન બુઝર્ગી ભરેલો થઈ નાહક મારી સાથે લડે છે તે તુ નામદારને વાજેબ નથી મે તારી સાથે કાઇ બદી કીધી નથી, તથા જેહાનના પાદશાહ જોહાક સાથે મે કાંઇ ગેરબી કીધી નથી, તો હવે તુ એ રવેશે ગોસ્સો કરીને મારી ઉપર કીનાની કમર બાંધે છે તેનુ કારણુ શુ? ઓ નામદાર! બીજાને વાસ્તે તુ મારી સાથે લડાઇ શા વાસ્તે કરે છે?—દાનાવો ફરમાવી ગયા છે કે કોઇ શખ્સથી તુ ઉપર હરગેજ કાઇ બદી નહીં પોહોચી હોય અને નાહેક તુ તેની સાથે બદી કરવા ચાહે એ વાત દાનેશમદીથી પસદ કે નામદાર નથી જે કોઇને પોતાના જોરથી લડાઇનો શોખ ઘણો હોય તે શખ્સ કાંઈ સર્વે કોઇ સાથે લડતો ફરતો નથી અગરજો તુ પાદશાહ જોહાકના હોકમથી મારી ઉપર કીનાની કમર બાંધી આવ્યા છે તો તે પાદશાહ ઉપર લખી મોકલ કે તુને મોહરાજા મેહેરાજ હર વરસ જે કાંઈ સનામી આપે છે તે કરતા હુ ત્રણ ઘણો જાદા હદીયો તથા સલામી આપુ અગર એ ક--

તાબી તુ નામદાર જાય માગશે તો તેબી હુ કબુલ કરશ તે કરતા અગર તુ જહાપેહેલવાન પોતેબી ગજ તથા મુલકની લાલચ રાખતો હોય તો તુનેબી તે બેહુ ચીજની બક્ષીશો કરૂ તુ કોલ આપીને તારા લશકર સાથે મારી સાથે દોમતી કરીને એ જગો આવે તો મારો તમામ ગજ તથા મારી એક બેટી માહનાબ કરતા રોશન ચેહેરાની છે, તે પરીજાદ બેટી હુ તારે હવાલે કરૂ અને તુને મારો દામાદ કરીને મારી બગબર નામદારીમા તખ્ત ઉપર બેસાડુ એ નામદાર તારી મદદે કરી હુ માહરાજા મેહેરાજ ઉપર ફતેહ પામીને તેના મગ્ને ન નથી કાપુ તો તેનો તમામ મુલક તથા ગજ તથા તખ્ત અને તાજ તારે હવાલે કરૂ—અગર તારો મનસુબો હશે તો આપણ બેહુ પાદશાહ એકઠા થઇ એતેફાકથી લશકર લઇ ઇરાન તરફ જઇ ત્યા શેનની મિશાલ મરદાનગી કરી નાપાક જોહાકને મારી નીસ્ત નાબુદ કરશુ તુ નામદાર ચાહે તો તમામ હફતેકેશ્વર જમીનની પાદશાહી આપણે જીતી લઇ એ જાદુગર જોહાકનુ તખ્ત તથા ગજ સર્વે હુ તુને બખ્શુ મારી મોરાદ એ છે જે હુ પોતે શાહનશાહ યાને તમામ જેહા-નમા પાદશાહો છે તેઓના સર ઉપર શાહાનશાહ થાઊ એ વાતનુ સોગદનામુ મગાવવાને વાસ્તે આ એલચીને તારી ખીદમતમા મોકલ્યો છે અને મેબી એ વાતનુ સોગદનામુ એ મનગાવને આપેલુ છે કેહેવત છે કે જગલ દરમ્યાન ઓકાબ જાનવરને જે દાહડે હરણ તથા સસલાનો શેકાર મળે તે દહાડે તીતર તથા લાવાની ખાહેશ શા વાસ્તે કરે ? જે કોઇને પાદશાહી લેબાશના શમુરના કપડાનો કોગ્નો, ચીનાઇ કપડાના શનજા-બવાશો, મળે તો તે શખ્સ કામલ તથા આરશીઓના કપડા ઉપર ખાએશ શા વાસ્તે કરે ? એ નામદાર, મેહેરાજના કરતા હુ તને હજાર ઘણો ગજ તથા હીંદુસ્તાન તથા ઇરાનની પાદશાહી બી આપુ છુ તો મેહેરાજે બાજે થોડી ચીજ આપી છે તે ઉપર શુ નજર કરે છે ?" એ પેગામનામુ મોહડેથી કહી એલચી મનગાવે પેલુ સોગદનામુ કેરશાસ્પ નજદીક મેલ્યુ ત્યારે કેરશાસ્પ તે એલચીને ગુસ્સો કરી કહેવા લાગ્યો કે "મારા જોવામા આવે છે જે બહુ હીંદીમા કાઇ હોશ તથા અકલ છેજ નહીં. એ મનગાવ

તુ જા અને તેને કહે કે અવલ તો મે મારા એલચી પાસે પેગામ મોકલ્યો હતો કે આપણે સુલેહ કર્યે ત્યારે તો તે કહ્યુ હતુ કે મારી પાસે તો ગોરજ તથા શમશેર શિવાય કાઇ બીજુ નથી! તો હાલ તને મારા ગોરજની ભારી હેબત લાગે છે તેથી તુ સોગદનામુ મોકલીને ફરેબબાજીના મકર રમવાની કોશેશ કરે છે જે કોઇ પાક યજદાથી નહીં ડરે તે શખ્સને સોગદ તથા કોલથી શુ દર હોય? તુ નથી જાણતો કે તુ એવા શેરની ચુગાલમા પડયો છે, તેમાથી હરગેજ ખલાસી પામવાનો નથી તુ તો એક ઉંડા દરીયાવની વચમા પડયો છે, કે જેના પાણી તારા માથા ઉપર ફરી વળ્યા છે, તો હવે તુ તેમાથી સલામત કેમ નિકળે? તુ એવો તો બેઅકલ છે કે તારા તન ઉપર નેજો આવ્યો છે તેને તુ પોતાની નાદાનીથી એમ જાણે છે કે હુ માટી ને તગ ફરબે થયો છુ જ્યારે લડાઇનુ કામ વધી પડયુ ત્યારે મને ફરેબથી કહેવાડે છે કે તુ લડાઇથી હાથ ઉઠાવે તો તને ચીન તથા હીંદુસ્તાન બખ્શેશ કરૂ! તો આ વખત તને એ દાનાઈ ક્યાથી સુઝ પડી? એ દગલબાજ! તારા તમામ સખુન તથા કસમ ફરેબ ભરેલા છે તેથી એ વાત હવે હરગેજ બનનાર નહીં હવે પછી તો તુ પોતાના સર ઉપર મેળવા એક મુઠી ખાક માગે તો નહીં આપુ તુ મને હફ્તેકેશ્વર જમીનનો મુલક બક્ષવા નિકળ્યો છે! તો તુ અવલ પોતાની પાસે પોતાની ઘોર થાય તેટલી તો જમીન રાખી શક? હુ તારો મુલક તથા ગજ છીણવી લઇને તને માહરાજા મેહેરાજના ગોલામને બક્ષુ તુને તો બસ વેરાન બીયાબાનમા નાખુ કે તારૂ કલેજુ વરૂ ખાય ને તારી ચશમ ગીધ લઇ જાય! એ બેહુદી વાતો કરી તારાથી મને ફાંદામા લેવાનો નથી, વાસ્તે એ ફાદો શેતાન ઉઠાવી લે ને એ વાતથી ગુજરી જા તુ મને તખ્ત તથા તાજ ક્યાથી આપશે? હાલ તો હુ મારો ભારી ગોરજ ઉઠાવીને તારૂ તખ્ત તથા તાજ છીણવી લેઉ છુ એક શખ્સને હજુ ગામમા પગ મુકવાની જગો નથી આપી, તેટલા તે એમ કહે છે કે એ ગામનો સાહેબજ હુ છુ એક હેમકનું ઉઠ ગોવાલામા સુવુ તો તે કહે છે કે મે એ ઉઠ ફકીરોને બક્ષયુ હુ તાહરો દામાદ થવા ઉપર શા વાસ્તે ઉમેદ રાખુ? કેમકે બદ શીહા ચીજને ફેસદી

સાથે કદી મેલાપ હોય નહીં યાને તુ શીહા હીંદી અને હુ સુફેદ ઇરાની.
હીંદુ લોકોના દીલ કીનાથી માફ કદી હોયજ નહીં ! હીંદુ લોકોને શીહા
મોહ થવાથી તથા ફજેતીની તો શરમ હોયજ નહીં !' એક કોહેલુ લટકા
તુ ટેલુ દોરડુ લાવીને તુ મને કહે છે કે એ દોરડુ પકડીને તુ
કુવામા ઉતર ! તો હુ એ વાત કેમ કબુલ કરૂ ? તુ મનમા ગુમાન
લઇ જાય છે કે એ છોકરો બાળક છે તેથી હરેક વાતે ફરેબમા નાખુ,
પણ એ શીહા મોહના હીંદુ ! હુ તો અકલ તથા દાનાઇમા બુઢો પીરાન-
પીર મરદ છુ ! અગર મારી ઉમર નાની તો શુ થયુ ? મારી અકલની
ઉમર ઘણી બુઢી છે ! એ નાદાન હીંદી તુ ચકલાને પકડવાના ફાંદામા
બાજ જાનવરને પકડવા ચાહે છે ! તો હાલ તુ મગરમચ્છના મારનારા જોરજ
જોશે તુ જેહાનના પાદશાહ જોહાક ઉપર કમર બાધવા ચાહે છે અને તેને
બદ જબાનથી બોલે છે તો તે પાદશાહે તો મને ફરમાવ્યુ છે
કે તુ શીતાબ જા અને ટાગડાની મીસાલ શીહા રંગના બહુ સાથે લડાઇ
કરી તેને જીવતો પકડીને સુલી ઉપર ચહડાવ ! પણ તુ તો હાલ એ
રવેશ પેગામ મોકલે છે અને મીઠી જોબાએ કરી મને ફાંદામા લાવે છે !
તને એમ ગુમાન છે કે જે મિસાલે માહરાજા મેહરાજને ફરેબ દઇ તેનાથી
નીમકહરામ થયો છે તે મિસાલે એ જાબુલી કેરશાસ્પ બી હુ એના
પાદશાહથી ફેરવીને નીમકહરામ કરૂ પણ એ નાપાક ને તુ તો બદજાદ
અને બેબુનિઆદ છે, તેથી કોઇનુ હેશાન જાણતો નથી અને વરૂની મિસાલ
પોતાના પાળનારને ફાડી નાખવા ચાહે છે તે અગર પોતાના પાદશાહ
ઉપર કમર બાધી અને તેનો મુલક તથા ખજાનો ખરાબ કીધો, મગર
તુ મારી મારફતમા આવી માહરાજા મેહેરાજ પાસે માફ માગતે તો હુ
તારી શીફારશ કરી તે માહરાજા પાસે તારી તકસીર માફ કરાવતે પણ
હવે તો તુ જીવતદાન માગીને પોતાની ગરદનમા ફરમાબરદારીનો પટો
નાખી માહરાજા મેહેરાજના પાઉને બોસો દે તો હું એ તારા તમામ
ગુનાહની માફી માહરાજા મહરાજ પાસે તને બક્ષાઉ, વાસ્તે અકલથી
અંદેશો કરી એ મારી નસીહત ઉપર ચાલ અગર જો એ શિવાય મગ-
જમા ખાલી મગરૂરીને પવન રાખીને જેમ પહેલા ચાલ્યો તેમ શરકશીથી

ચાનશે તો એમજ કરી જાણજે તારી શાહીનો છેડો આવ્યો ! તુ જેવો ખુશી તથા અયશમા છે તેવો તીર તથા સુલીને સ્વાધીન થશે '

કેરશારપના સખુન સાભળીને મનગાવ એલચી શીતાબ પોતાના રાજા બહુ તરફ પાછો ફર્યો અને આ તરફ જહાપેહેલવાન કેરશાસ્પ માહરાજા મેહરાજ નજદીક ગયો તેણે જે કાઇ બહુનો પેગામ પેલા એલચીની જુબાનથી સાભળ્યો હતો તે તમામ હકીકત કહી પેલુ સોગન્દનામુ બી તેને દેખાડયુ ! એ હેકાયત સાભળ્યાથી મેહેરાજ ઘણો ગમગીન થઇ પોતાના દિલમા કેહેવા લાગો કે ધણીક ચીજની લાલચે કરી કેરશારપ મને પકડી મને મારા દુશમનને હવાલે કરશે ! ગાયોનો ગોવાલીઓ હોશીયાર તથા ગેર મર્દ જોઇયે, નહીં તો કોઈ બદજાદ, સારી ગાયો હોય તેને ઝબે કરવા માગે જે કોઇનો દાહડો ફરે તેની ખસલત તથા તબિયતને ફરતા વીલબ લાગતો નથી એ દુનિયાઇ ખજાનો એવો બુરો છે, કે દુરઅદેશ આદમીને પણ દિવાનો કરી દોસ્ત સાથે દુશમની કરાવ એવો અદેશો કરીને કેરશાસ્પને કહેવા લાગ્યો કે "અએ નામદાર બુજોર્ગ ખાનદાનના પેહેલવાન ! એ નાપાકની બેહુદી વાત ઉપર દિલ ધરતો નહી આદમી જાતને પોતાની મતલબનુ કામ પડે ત્યારે એક સો વાત કબુલ કરે પણ જ્યારે તે કામ થયુ ત્યારે તે કામમા એકસો બાહના લાવે !–તે કરતા દાનાઓ ફરમાવી ગયા છે કે કોઇ પોતાના કામને વાસ્તે શીરીન સખુન બોલીને કાઇક ચીજ આપવાની કબુલ કરે તેથી કદી પણ કીનાના ધેનાર દુશ્મનથી નચાત રહીયે નહી ! નાપાક ભુતબી ફરેબ દેવા ખાતર મીઠી મીઠી વાતો કરી પ્રથમ આદમીને ભોલવે છે પછી તેને જીવથી મારી નાખે છે અય પેહેલવાન ! એ દુશ્મનના કેહેવાડયા ઉપર તુ હરગેજ લોભાતો નહીં અગર તારી ખાહેશ ગજ તથા મુલક હોય તો એ મારો મુલક તથા ગજ સર્વે તારોજ છે ! અગર તારી મુરાદ ગોહર તથા યાકુત ઉપર હોય તો જે જોઇયે તે મારા ખજાનામા ભરેલુ છે ! તુને જે કાઇ બહુએ આપવા કબુલ કીધુ છે, તે કરતા ત્રણ ધાણુ જાદા હુ તુને બક્ષવાને રાજી છુ દુશ્મન આપણને મોહોબતથી બોસો દે તે કરતા પોતાના દોસ્તના હાથથી લાકડીનો માર ખાવો ઘણો બેહેતર છે. તે આજ લગી લડાઇમા રજ ખેચ્યો અને તારા જોરે કરી

પોતાની મુરાદને પોહોચ્યો તો હવે તુ થોડા માટે પોતાને બદનામ શા વાસ્તે કરે છે ?" એવા નાઉમેદીના સખુન જહાપેહેલવાન કેરશાસ્પ માહરાજા મેહેરાજની જબાનથી સાભળીને હસ્યો! તે કેહેવા લાગો કે "અયરોશન બખ્તના માહરાજા! તુ દીલમા કશો અદેશો તથા ગમ ના પકડ! અમારા જાબુલી બુઝર્ગો એમ ફરમાવી ગયા છે કે પોતાના પાદશાહના હુકમથી ફરવુ અને દીન તથા મજહબથી ફરવુ એ બે ચીજ બરાબર છે તુ મને તાજને વાસ્તે શુ કહે છે ' મારા સર ઉપર તારા કોલનુ તાજ મેલેલુ છે! અને તારા ફરમાનની તોક મારી ગરદનમા છે! હુ જ્યાલગી જીવીશ ત્યા લગી તુ પાદશાહનો એક કમીનો ચાકર છુ!! તુ હુકમ કરીને જે જગો મોકલે તે જગો ચાલી જાઊ ' તે શખ્સનો ગમ ખાવો લાજમ છે કે જે આપણ ઉપર કાઈ ગમ આવી પડે ત્યારે તેબી આપણા ગમનો શરીક થાય તે ડરતા જે કુવામાથી આપણે શરબત જેવુ પાણી કાઢી પીજીયે તે કુવામા પત્થર કદી નહીં નાખયે!" એ વગેરે માહરાજા મેહેરાજને ઘણાક દીલાસાના સખુન કહીને તે નામદારના દીલને ખુશી કીધુ પછી પોતે પોતાના દેરામા ખુમાલ ખુવાબ કરવા ગયો તેજ રાતે જગી પેહેલવાન "ડરાહુન" થોડાક જાબુલી લશ્કર સાથે બહુનુ જે લશ્કર કેરશાસ્પની લડાઈથી નાસતુ હતુ તેની પછવાડે જઈ તેનો સામાન લુટી લાવ્યો તથા તે હીંદી લશ્કરમાથી બુઢા તથા જવાન મળીને સાતસો બદીવાન પકડી લાવ્યો એ ખબર જહાપેહેલવાન કેરશાસ્પને હતીજ નહીં જ્યારે

* ઈરાનીઓની પોતાના પાદશાહ પ્રત્યેની વફાદારી જગજાહેર છે જાબુલી જોરેમદ પેહેલવાનો જેવા કે રૂસ્તમ, કેરશાસ્પ વગેરે પોતાના ઈરાની પાદશાહોને ફરમાબરદાર રહી તેઓના હુકમ મુજબ ચોખડ દુન્યામા દુશમનો સામે લડી તેઓની કીર્તીમા વધારો કરતા હતા કાઉશ જેવા તુડ મીજાજના પાદશાહે રૂસ્તમ જેવા જેહાનપેહેલવાનને ગુસ્સાનુ ઘણુએક કારણ આપ્યુ હતુ અને રૂસ્તમ પોતે શાહનામામા કહે છે તેમ એવા પાદશાહને એક પલકારામા તાજો તખતથી છુટો કરી ઈરાની ગાદીનો પોતે સેહેલાઈથી ધણી થઈ બેસતે, પણ પાદશાહ પ્રત્યેની વફાદારીના કોલથી ફરવુ તે દીનથી ફર્યા બરોબર સમજવામા આવતુ હતુ

જંગી ફેરશારપે જાણ્યુ કે સીપેહસાલાર કરાહુન જાબુલી લશ્કર સાથે બહુના લશ્કરની પછવાડે જઈને ઘણોક સામાન લુટી લાવ્યો તથા કેટલાક સીપાઇને બંદીવાન કરયા છે તે સાભળ્યાથી જહાપેહેલવાને પોતાના લશ્કર ઉપર ગુસ્સો કીધો કે "તમો શીહા રાતને વખત કોણના હુકમથી દુશ્મનના લશ્કર પછવાડે ગયા હતા?—બહુનુ લશકર બેશુમાર પડેલુ છે અને તમો જુજબી તે ઉપર જઈ પડીને સામાન લુટી લાવ્યા અગર જો તે હીંદીનુ લશ્કર તમો આસપાસ ફરી વળીને વચમા ઘેરી લેતે તો બેશક કામ વધી પડતે! હવે પછી એવી નાદાની હરગેજ કરગો નહીં તમો જાણુતા નથી કે બહુની સાથે ઘણાક હીંદુ જોર તથા હુનરના રખનાર છે તેથી તે જોરેમંદો તમોને મારી લેતે તો તમારા નાદાનીના કામથી મારૂ નામ શરમમા પડતે? હવે પછી જે કોઇ શખ્સ મારા હોકમ વગર લશ્કરમાથી બાહેર પોતાનો પગ મેળશે તેને હુ ભારી સજા ફરમાવશ" એ રવેશ કહીને તમામ લશ્કરમા ઢંઢેરો કીધો જે જહાપેહેલવાન ફેરશારપના હુકમ વગર કોઈ શખ્સ લશ્કરમાથી બાહેર નિકળે નહીં પછી પેલા હીંદુ બંદીવાન જે કરાહુન લાવ્યો હતો તેઓને બોલાવીને માહરાજા મેહેરાજની હજુર મોકલાવી દીધા

હવે પેલી તરફ બહુનો એલચી મનગાવ દેલાવર ફેરશારપના પેગામનો જવાબ લઇને આવ્યો તેણે તમામ બીના પોતાના રાજાને કહી તે સાભળીને બહુ ઘણોક ગમગીન થયો તે પોતાના લશ્કરના સીપેહસાલારો તથા દાનાવ પ્રધાનોને બોલાવીને કહેવા લાગો કે "એ પેહેલવાન ફેરશારપ જાબુલથી નથી આવ્યો. એ તો ગોયા દોજખમાથી આપણા જીવ ઉપર એહેરેમન આવ્યો છે જો કે આપણી સાથે હજુર બેશુમાર લશ્કર છે તોપણ એ જાબુલી બળાની આગળ કોઇનો ચારો નથી! મે એલચી મોકલીને મારી પોતાની બેટી તથા ગજ તથા મુલક વગેરે બીજી કેટલીક નાદર ચીજો આપવા કહેવાડી પણ એ ફેરશારપ કશી વાત ઉપર લાલચ રાખતો નથી તેણે કહેવાડયુ છે જે તુ લડાઇને વાસ્તે તૈયાર રેહેજે ઓ મારા દિલાવરો! તમોમાથી કોઇ એ ફેરશારપને પકડી લાવે અથવા તો લડાઇમા તેનુ સર કાપી નાખે તેને મારો

અરધો મુલક તથા તખ્ત અને તાજ આપુ અને તેને મારી બેટી જે સ્વર્ગની અપસરા મિસાલ ખુબસુરત છે તે બેટી સાથે તેના નેકા કરી આપી મારો દામાદ કરી રાખુ ! તે શખ્સ જે કાંઈ મારી ઉપર હુકમ કરે તેનો હુકમ હું બજા લાવુ !—બલકે તે શખ્સને હુ પોતાનો પાદશાહ કરી જાણુ." એટલુ કહી રાજા બહુ પોતાના દીદામાથી આસુના કતરા વરસાવવા લાગ્યો એવામા "મીતર" પેહેલવાન ઉઠીને હાથબક્ષ કરીને કહેવા લાગ્યો કે "એ નામદાર માહારાજા ! એ જાણુલી સવારથી તુ ખાલી ડર શા વાસ્તે ખાય છે ? કાલ રોજે બામદાદને વખત હુ કાણુલી ઘોડા ઉપર સવાર થઈ હાથમા હીંદી તલવાર પકડી એ જવાન જાણુલીની લડાઇમા જાઉ અને જ્યા લગી તેના સરને તનથી જુદુ કરી નેજાની નોક ઉપર ઉચુ ચઢાવીને તુ માહરાજા નજદીક લાવુ નહીં ત્યાલગી મેદાનમાથી ઘોડાની હરગેજ લગામ પાછી ફેરવુ નહીં" એ રવેશ મીતર તો કેહેતો હતો, પણ તેનુ મોત છુપુ તેની ઉપર પોતાની ચુગાલ મારતુ હતુ, તેની તેને ખબર હતી નહીં એ મિસાલ તમામ રાત બહુએ પોતાના પેહેલવાનો સાથે ગુફ્તેગો કરી ગુજારી

બીજી લડાઇ કીધી જહાંપેહેલવાન કેરશાસ્પે રાજા બહુના હીંદી લશકર સાથે તે હકીકત.

હવે જ્યારે એ અબનુશી રંગના અયવાન ઉપરથી આફતાબે તમામ બાલોરી પ્યાલા ઉઠાવી નાખ્યા યાને આફતાબ તલુ થયો તેથી સેતારા ગુમ થઈ ગયા કે 'મીતર" સપેહસાલાર પોતાના હાથમા કીનાની તલવાર પકડીને રાજા બહુ નજદીક આવી કહેવા લાગ્યો કે "તુ જેવો નેકબખ્ત માહારાજા મારા સર ઉપર છે, તો હુ આજ રોજે જંગના મેદાનમા જઇ મરદાનગીએ કરી પોતાનુ નામ આસમાન લગી ઉડાઉ—અને તમામ ધરાનીઓને જ્યાલગી મારી કાઢુ નહીં ત્યાલગી એ મેદાનથી ઘોડાની રેકાબમાથી કદી જમીન ઉપર પગ ધરૂ નહીં !"—એટલુ કહી

પોતાના લશ્કરમાથી બખ્તર પહેરેલા એક લાખ સવાર તલવાર મારનારા તૈયાર કીધા અને લોહોડાની પાખર નાખેલા ૭ હજાર હાથી સમારીને કેટલાક કોરા લગી લડાઇની સફખેચી ! તે મફમા કરનાયા તથા નગારાના અવાજ કીધા તેથી લશ્કરના સવારોના ઘોડાની નાલે કરી જમીન આજેજ આવવા લાગી ! તે સફની બેશુમાર ગીરદ ઉડયાથી આફતાબ તથા માહાતાબ ગોયા ગુમ થઈ ગયા ! તે તમામ હીદી લશ્કર મફ ખેચીને હાથમા નેજા તથા તલવાર પકડી ઉભુ એવામા માહારાજા મેહેરાજે પહાડ ઉપરથી નેગાહ કરીને "મીતર" ને જોયો તેજ વખત એક સવારને કેરશારપ પાસે મોકલીને કહેવાડયુ કે "બહુ"નો સપેહશાલાર "મીતર" જેની આપણે કાલ રોજે વાત કીધી હતી, તેના સર ઉપર જરદ રગનો ઝુનડો ખામ ઉડે છે તે અબલખ ઘોડા ઉપર સવાર છે તેના હાથમા તલવાર પકડેલી છે અને લશ્કરની કલબ-ગાહમા ઉભો રહીને તમામ લશ્કરની સફ અચ્છી રીતે સમારે છે તેના તનમા ચીની દેબાનુ એકમો પડનુ બખતર પેહેરેલુ છે તે બખ્તર ઉપર સીંહના ચામડાનુ પેહેરણ પેહેરેલુ છે તેના હાથમા લોહોડાનો કુબજો કરેલો છે તેના સર ઉપર સોનાની તોપ મેલી તે ઉપર અબાસી રગનો પેચો લપેટેલો છે તેની બન્ને બાજુ શાહાલીની મિશાલ છે તેની આસપાસ બીજા ઘણાક સવારો બખ્તર પહેરી હાથમા છુટભાલડી તથા નેજા પકડી ઉભા છે" એ તમામ હકીકત પેલા સવારે જઇ જહાપેહેલવાન કેરશાસ્પને કહી, જગી મિતરની નીશાન દેખાડીને ઓળખાવ્યો પણ જહાપેહેલવાન કેરશાસ્પે તે સવારને કશો જવાબ દીધો નહી સબબ પોતે લડાઇમા મશગુલ હતો પણ પેલા મીતરને જોઇને ખુબ યાદ રાખ્યો તે મીતરની ડાબી બાજુ ઉપર ગોયા એક લશ્કરનુ જગલજ હતુ ! તેની જમણી બાજુએ લશ્કરનો ગોયા એક દરીયાવજ હતો અને તે દરમ્યાન મીતર પોતે ગોયા એક પાહાડજ હતો મીતરે ફરમાવ્યુ કે લશ્કરમાથી કોઇ શખ્સ એક કદમ આગલ ચાલે નહી લશ્કર પછવાડે પાહડ ઉપર દીદબાનો બેસાડયા કે મબાદા દગની લોકો પછવાડેથી આવી લશ્કર ઉપર કમીગાહ કરીને મારો ચલાવે તો શીતાબ ખબર

આવાજે કરી દીધાનો લશ્કરને હુશીયાર કરે હવે પેલી તરફ માહરાજા મેહેરાજ પાહાડ ઉપર તખ્ત માડી પોતાની આસપાસ લશ્કરની સફ ખેચીને પોતાના જગી પેહેલવાનો સાથે બેસીને તે લડાઈગાહનો તમામ તમાશો જોતો હતો ! તે પોતાના મન સાથે કહેતો કે 'જોઇયે આજરોજે જહાપેહેલવાન કેરશાસ્પ મેદાનમા શી રવેસ મરદાનગી કરે છે ?" એવામા એક મર્દ કે જેનુ નામ "ગવાજેહ" કરીને હતુ અને જે પેહેલવાન હતો તેને મીતરે બોલાવીને ઘોડા ઉપર સવારી કરાવીને જે જગો પાહાડ ઉપર માહરાજા મેહેરાજ બેસી નેગાહ કરીને લશકરનો તમાશો જોતો હતો ત્યા તેને મોકલ્યો પેહેલવાન ગવાજેહ ત્યા જઈ બુલદ અવાજે માહરાજા મેહેરાજને બાપોકાર કહેવા લાગો કે 'એ નવજુવાન બેટી ! તુને કોઇથી શર્મ છે કે નહીં ? તુ પોને જાને ઓરત છે અને પોતાની શર્મને દુર કરી હીંદુસ્તાનના મર્દોને નાપસંદ કરીને ઇરાનથી પોતાનો મર્દ મગાવ્યો તે સાથે મોજ કરે છે પણ તુ હાલ પડદામા બેઠી છે અને તારો મર્દ કેરશાસ્પ લડાઇમા હેરાન છે એ તુ કેરશાસ્પની ઓરતને વટે નહીં !!' એ રવેશે તે ગવાજેહ પેહેલવાન મેદાનમા ઉભો રહીને બુનદ અવાજે માહરાજા મેહેરાજ ઉપર તાણા મારી મશ્કરી કરતો હતો તે સાભળ્યાથી માહરાજા મેહેરાજને પોતાના લશ્કર નજદીક ઘણી શરમ પેદા થઈ તે પોતાનુ સર નીચુ નાખીને બેઠો અને તેનુ તન પરસવાએ ગરકાવ થઇ ગયુ એવામા એક જામુલી સવાર કમીગાહ કરી ઉભેનો હતો તેણે શેનામ કમાન ઉપર ખદગી તીર ચઢાવી આમાજ નીશાન કરી તે ગવાજેહની જામાન ઉપર એવો મારયો કે શીતામ તેની જમાન તથા હલક સીવીજ નાખ્યો તેથી ગવાજેહ સવાર એકાએક ઘોડા ઉપરથી ખાકમા પડયો તેનુ ખાકમા પડવુ કે માહરાજા મેહેરાજના લશકરમા એક પોકાર ખુશીનો ઉઠયો તેજ વખત માહરાજા મહેરાજે પેલા તીરના મારનાર જામુલી સવારને બોલાવી સરોપાવ બખ્શ્યો ! બધે લશ્કર સફ સમાગી રહ્યુ પછી લડાઇના નકાર તથા કરનાયાના આવાજ નિકળવા લાગા તેથી તમામ જગત સુર ભરેલુ થયુ એવામા એક પેહેલવાન બુઝોર્ગ બુનીયાદ જહાપેહેલવાનનો પીતરાઇ ભાઇ હતો જેનું નામ પેહેલવાન "જરદાદેહે" કરી હતુ તે પેહેલવાન લડાઇના હોનરમા

બીજા પેહેલવાનો કરતા એકસો ઘણો જાદા હતો તે પેહેલવાન મેદાનમા નીકલી મીતરના લશ્કર તરફ જઇ હીંદી લશ્કર ઉપર અવાજ મારી કહેવા લાગો કે "જે કોઇ લશકરકશ જબરદસ્ત પેહેલવાન હોય તે શીતાબ મારા મેદાનમા નીકલે" એટલુ કહેવુ કે સજા બહુના લશકરમાથી એક પેહેલવાન તે જરદાદેહેના મેદાનમા આવી ઉભો પછી બન્ને ભુજોર્ગી ભરેલા સવારો મસ્ત શેરની મિસાલ લડાઇ કરવા લાગ્યા તે બન્ને પેહેલવાનોએ પોતાના જીવની આશા મેલી તલવાર, ગોરજ, નેજા, કમંદ તથા તીર વગેરે તરેહ તરેહની લડાઇ કરતા જરદાદેહ પેહેલવાને એકાએક પોતાના ઘોડાને તેજીથી તે હીંદી ઉપર ચલાવ્યો અને પોતાની જેહેરી પાણી પાયલી તલવાર ખેચી તેના શીર ઉપર મારી, તેથી તેના ઉપરની ઢાલ કાપીને તેના સર ઉપર ઉતરી અને તે તલવારે કરી તે પેહેલવાનના ચાર ટુકડા કરી નાખ્યા તેથી માહરાજા મેહેરાજના લશકરમાથી ખુશીના નગારાના અવાજ નીકળ્યા અને ઇરાની લશ્કરના તમામ પેહેલવાનોએ જરદાદેહે ઉપર દોવા કરી 'શાબાશ–શાબાશ' કરી કહેવા લાગ્યા એવામા બહુના લશ્કરમાથી એક બીજો પેહેલવાન જરદાદેહેના મેદાનમા આવ્યો તે દલેરીથી પોતાનો અચ્છો હોનર દેખાડવા લાગ્યો તેને જોઈ જરદાદેહે એક જખમ એવોતો તેની કમર ઉપર માર્યો કે તુરત તેનુ અરધુ તન ખાકમા પડ્યુ અને બાકીનુ અરધુ તન ઘોડાની પીઠ ઉપરજ બેઠેલુ રહયુ આ અજાયબ હોનર જોઇ સર્વે કોઇ તે નામદાર ઉપર આફ્રીન કરવા લાગ્યા એમ કરતા એકએક ઉપર બીજા દસ પેહેલવાન જરદાદેહેના હાથ ઉપર માર્યા ગયા સીપેહશાલાર મીતરે એ રવેસનો તમાશો જોયો કે એ જબરો જાબુલી સવાર કોઇથી આજેજ થતો નથી ત્યારે પોતાનો એક બેટો ઘણો લડાયક ને જોરેમંદ હતો કે જેનો હમનબર્દ હીંદુસ્તાનમા બીજો કોઇ પેહેલવાન હતો નહીં ને જે બેટો એટલુતો જોર રાખતો હતો કે મસ્ત હાથીના સરને પકડી પોતાના હાથે કરી ઉખેડી નાખતો હતો ! તે જોરેમંદ ચીત્તાના પંજા ઉપર ચુગાન મારીને તેને ચીરી નાખતો એવો તે જોરાવર હતો તે મેદાનમા આવ્યો તેના હાથમા એક નેજો પકડેલો હતો તે આબાદ સરફરાજ જરદાદેહે ઉપર મારયો તેથી નામદાર

જરદાદેહેની તુરત આખર આવી તે નેજો એવો આબાદ જોરથી લાગો કે તે દુતીમા થઇને પીઠ પછવાડે નેજાનુ નોક ફુટી નીકલ્યુ તેજ વખત નામદાર જગ્મારેહે પોતાનો પ્યારો જાન હકતાલાને હવાલે કીધો તે પોતાના ઘોડા ઉપરથી જમીન ઉપર પટકાઇ પડયો. તેજ વખત ઇરાની લશકરમાથી થોડા જંગી સવારો સીતાબીથી દોડતા આવ્યા ને જંગી જરદાદેહેને જમીન ઉપરથી ઉઠાવીને તે પેહેલવાનના ગુજરી ગયલા તનને તેના દેરામા લઇ ગયા જેહાપેહેલવાન કેરશાસ્પ ઘણો આજોરદે થયો તે પોતાના દીદામાથી આસુની જગો લોહીના કતરા વરસાવવા લાગો. જેહાપેહેલવાને કહ્યુ કે "કસમ ફરતા આસમાનના અને એ બરકરાર જમીનના કે આજ ગેજે લડાઇમા જઇ મારા પીતરાઇ ભાઇ જરદાદેહનો કીનો લેઉ એ નામદારના કીનામા તેના તન ઉપરના એક એક બાલે બાલે એક એક હીંદીને ખાકમા ઉધા નાખુ" તે શીતાબ પોતાના જાબુલી ઘોડા ઉપર સવાર થયો. એક નેજો હેસી વામનો પોતાના હાથમા પકડી કીનાભરેલો મીતરના બેટાની તરફ ધસતો ચાલ્યો. જેવો ત્યા ગયો તેવોજ તે નેજો તે મીતરના બેટાની કમર ઉપર મારી એક મોરગની મિસાલ તેને જીન ઉપરથી ઉડાવી લીધો ! પછી તે નેજાને ઉભો કીધો તેથી તે નેજાના નોકમા તે જંગી હીંદી ગોયા શીકમા ગોરખરના કબાબ મિસાલ થયો ! તેને કેટલોક વાર પોતાના બુલદ સર ઉપર ફેરવીને એક પોકાર મારી મીતરના લશકરની તરફ ફેકયો તેથી તે હીંદુના તનના પુરજે પુરજા થઇ ગયા. જહાપેહેલવાન ગુસ્સાથી ઘોડો કપટાવતો ફરીથી હીંદી લશકરમા જઇ પડયો તેણે જરદાદેહના કીનામા તમામ મેદાન સીપાઇઓની લોથે કરીને ભરી નાખ્યુ. જહાપેહેલવાન કેરશાસ્પે પોતે બખ્તર પેહેરેલુ ને ઘોડા ઉપર પાખર નાખેલી તેથી તે જાણે ગોયા એક શીહા વાદલ ઉપર એક દેવ બેસીને હરતરફ દોડતો હતો ! તેની તલવાર ગોયા મોતના દરવાજાની કુચી હતી !—તે જંગી કેરશાસ્પે એક હુમલામા ચાલીસ હાથી તથા ત્રણસો સવારને ખાકમા નાખ્યા તેણે તે હીંદુ સીપાઇઓના લોહીએ કરી તમામ જંગલ લાલાના ફુલની મિસાલ રંગીન કરી નાખ્યુ પેલી તરફ જ્યારે મીતરે પોતાના બેટાનો એ રીતે

ખુરો હાથ દીઠો કે તે દરદથી ઘણીક જાગી કરવા લાગ્યો તે પોતાના સર ઉપરની કોલાહ ખાકમા નાખી જારી કરી રહ્યા પછી ભારી કીના ભરેલો થઇને પોતાના જગી લશ્કર સાથે જહાપેહેલવાન ઉપર આવી પડયો. તેને જોઇ પહેલવાન કેરશાસ્પે પોતાના ઓકાબ જાનવર મિસાલના ઘોડાને જોલાન આપી વિજળીની મિસાલ દોડતો આવીને એક જખમ તલવારનો એવાતો જોરથી મીતરની કમર ઉપર માર્યો કે તેજ વખત તેના તનના બે ટુકડા થયા મીતર સપેહસાલાર તુકડા થઇ જમીન ઉપર બેજાન પડયો, તે જોઇને માહરાજા મેહેરાજ બેહદ ખુશ થયો ને ઉલટમા તે માહારાજા દેવાના આદમીની મિસાલ કુદવા લાગો! તેણે હોકમ કરી શાદીના નકારા વજડાવ્યા મીતરને ખાકમા પડેલો જોઈ મેહે-રાજનુ લશ્કર કેરશાસ્પ ઉપર આફરીન કરવા લાગુ જયારે બહુના લશ્કરે પોતાના સપેહસાલારને મુવેલો દીઠો ત્યારે સર્વે કોઈ પોતાના જીવથી ના-ઉમેદ થઇને એક હોમલો કરી જહાપેહેલવાન ઉપર આવી પડયા ત્યારે કેરશાસ્પે એક પોકાર બાહારના વાદલની મિસાલ માર્યો ને હાથમા તલવાર પકડીને ડાબી તથા જમણી તરફ મારતો ગયો તે જોઇ ઈરાની તથા જાબુલી લશ્કરે બી હીંદી લશ્કર ઉપર હોમલો કીધો, તેથી બેહુ તર-ફની એવી તો લડાઇ શરૂ થઈ કે તેની ધર પકડ ને બાધ મારના પોકા-રથી જાણે આસમાન બી ધુજવા લાગ્યુ અને બન્ને તરફના લશ્કરમાથી હાય અફસોસના શોર ઉઠવા લાગ્યા શીહા હીંદુ તથા સુફેદ ફીરંગીની એક એક માથે ભેલાઈ ગયા! સર્વે કોઇના મગજ ગુસ્સા ભરેલા તથા દીલ કીના ભરેલા થયા તે જોશે કરી દીલમાથી લોહી ઉડવા લાગ્યુ. એમ કરતા બપોરનો વખત નહીં થાય તેટલા વારમા હીંદી લશ્કર બેહીસાબ માર્યુ ગયુ તથા જખમી થઈ ખાકમા પડીને સાપની મિસાલ પેચ ખાઇ મોહમાથી જીભ બાહેર કાઢવા લાગ્યુ મેદાનમા હાથીની પીઠ ઉપર એટ-લાતો તીર તથા નેજા પેઠેલા કે તેની પીઠ "શીશોડ' જાનવરની મિસાલ કાટા ભરેલી નજર આવતી હતી ત્યા હરએક તરફ સીપાઈઓના મુરદાના ટેકડા થયા તેમા કોઇના સર નહીં યા કોઇના હાથ પગ નહીં એવામા

એકાએક જોશથી પવન વાવા લાગ્યો તેથી ભારે ગીરદ ઉડી અને તે પવન ઘોડા તથા આદમીઓને જાણે જમીન ઉપરથી ઉડાવી નાખતો હતો હીંદી લશ્કરમા એકતો ઈરાની લશ્કરની તલવાર ચાલતી તેની દેહેશત તથા બીજો સખત પવન ફુકાતો, તેથી તે લશ્કર ઉપર પથર તથા રેતી ગોયા તીર મિસાલ લાગતી હતી તેથી તે તમામ લશ્કરે આજેજ થઇ લડાઇના મેદાનમાથી નાસવા માડયુ તેઓ જગલ તથા પાહાડ ઉપર ઉચે નીચે ભરાવા લાગ્યા રાજા બહુએ જોયુ કે લશ્કર નાસે છે, કે તે પોતે હાથમા તલવાર પકડી પોતાના લશ્કર સામે થઈ કેહેવા લાગ્યો કે "એ દલેરો. શા વાસ્તે તમો નાસો છો? અય નામદારો! મે તમારો હુનર લડાઇને વખત સારી રવેશે જોયો કે તમો નાસવા શિવાય કાંઈ બીજો હોનર ધરાવતા નથી જે વખત તમો ખાણુ ખાવા શોફરા ઉપર બેસો છો, તે વખત રોટી ઉપર તેજીથી ચુગાલ મારો છો" એટલુ કહીને લશ્કરના જે સવારો કોઈ નાસતા હતા તેઓને જોશથી પકડી પાછા ફેરવ્યા બલકે બે ત્રણ સવારોના સર પોતાને હાથે કાપી નાખ્યા રાજા બહુએ એ રીતે પોતાનુ લશ્કર નાસતુ હતુ તેને પાછુ ફેરવ્યુ અને પોતે જાતે ફરીથી એક લડાઇ શરૂ કીધી તે દહાડે રાત સુધી કોઇ જગીના હાથ જખમ મારવાથી બેકરાર હતા નહીં. જ્યારે શીહા રાતનો વખત થયો અને આસમાન ઉપર જડાવદાર બીછાનુ બીછાયુ યાને સીતારા નિકળ્યા કે બન્ને તરફના જગી લશ્કરે પોત પોતાના મઠક ઉપર જઇને કમર છોડીને કરાર પકડયો તે રાતના રાજા બહુ પોતાના લશ્કરમા જે દલેર તથા દાનાવ હતા તેઓને બોલાવીને કહેવા લાગ્યો કે "હવે એક મરતબે સર્વે કોઇ એક એકની પોશતી કરીને એક લડાઈ ઘણી સખત કરો — શા વાસ્તે કે હવે લડાઇ બી એકજ કરવી પડશે જોઇએ હવે બખ્તથી શુ બની આવે છે? આપણે સર્વે કોઈ એક મરતબે પોતાના જીવ મેદાનમા મેલ્યે એ લડાઈમા આપણી મોરાદ બર આવે અથવા આપણે સર્વે પોતાના જીવ આપ્યે" એ વગેરે ઘણીક ગોફતેગો કીધી સર્વે કોઇએ રાજા બહુને કહયુ "તુ હમારો માહરાજા છે—જે કાંઈ તુ ફરમાવે છે તે

મુજબ કરશુ" એટલુ કહીને સર્વ સરદાર પોત પોતાના મકાન ઉપર ગયા તેઓ તમામ રાત સુતા નહીં પણ લડાઇનો અસબાબ તૈયાર કીધો

લડાઇ કીધી જહાંપેહેલવાંન કેરશાસ્પે રાજા બહુ ને તેના હીંદી લશ્કર સાથે તે દાસ્તાન.

શીહા રાત પોતાના અમલથી ફારેગ થઇ અને આફતાબે પોતાની સનદ જેહાનને દેખાડી યાને રાત ગુજરી રોશન રોજ જાહેર થયો, ત્યારે તમામ જંગલ હીંદી લશ્કરે ભરાઇ ગયુ તથા નગારા તથા ધાટના અવાજો નિકળવા લાગ્યા તેથી જાણે કોહેકાફ લરજતો હોય તેવો બનાવ થઇ પડયો! ને હીંદી લશ્કરનો તો શુમાર હતોજ નહીં રાજા બહુએ તેમા બાર હજાર હાથી જબરદસ્ત લડાઇમા તૈયાર કીધા તે હાથી ઉપર લોહડાની પાખરો તથા જુલો નાખેલી હતી. તે ઉપર જંગી તીરદાજ લોકોને સવાર કીધેલા હતા તેવા હાથી તથા હીંદુ લશ્કરની સફ ખેચાઇ તેથી જબરી ગીરદ ઉડવા લાગી તે લશ્કર તથા હાથીએ ફરી દશ ફરસંગ તલગ જમીન ભરઇ ગઇ સફમા આગળ સવારો નિકળી ઉભા, તેની પછવાડે હાથી હારબંધ રાખ્યા પછી બીજા ચાર હાથી ધણાક જહવેરથી શણગારેલા જેની ઉપર દેબાના કપડાની જુલ નાખેલી હતી, તે હાથીના ગળામા સુનાના તોક, દાતમા સુનાના ખોલા, ગરદનમા સુનેરી સાકળ તથા કાનમા બેકીમતી ગોહર ને મોતીની બાલી એ શીંગાર પેહેરાવ્યો હતો! એક હાથી રાજા બહુની સવારીનો હતો તે ઉપર માહાતાબની મિસાલ સફેદ માહીના દાતનુ તખત માડી તેમા રાજા બહુ પોતાના લશ્કરની કલબગાહમા આવ્યો હતો તેના સર ઉપર એક ઝુંડો સુનેરી સાજ સાથનો હતો જે ઉપર શીહમુર્ગ તથા બાઝ જાનવરની સુરત ચીતારેલી હતી. તે ઝુંડા આસપાસ તમામ બેકીમતી મોતીની લરો લટકતી હતી—એ મિસાલનો કીમતી ઝુંડો રાજા બહુના શીર ઉપર ઉડતો હતો

આ તરફ માહરાજા મેહેરાજ પોતાના લશ્કર સાથે પહાડ ઉપર બેસી ઇરાની ને જાબુલી લશ્કરની મરદાનગી જોતો હતો તે નામદારની નજદીક એક રુડો હાથી સુરતનો ઉભો કીધેલો હતો તેને તમામ ગોહરનો જડાવ જડીને આફતાબની મિસાલ રોશન કીધેનો હતો. ત્યા એક તખ્ત યાકુતનુ માડી તે ઉપર માહરાજા મેહરાજ પોતાના સર ઉપર જવાહેરનુ તાજ મેલી બેઠેલો હતો. એ રવેશે એક તરફ માહરાજા મેહરાજ પાહડ ઉપર તથા બીજી તરફ હીદી રાજા બહુ કલબગાહમા રહીને લશ્કરની મરદાનગી જોતા હતા. એવામા જહાંપેહેલવાન કેરશાસ્પે લડાઇનો હુકમ કીધો તેથી કીનાના નગારાનો અવાજ થતાજ હરવરફથી સવારોએ ઘોડા મેદાનમા ડપટાવ્યા લડાઇ શરૂ થઈ કે કેરશાસ્પના લશ્કરમાથી દસ પેહેલવાનોને એક એક તાલુકો આપી હરતરફ રાખ્યા જાબુલી લશ્કરને કલબગાહમા રાખ્યુ પછી કેરશાસ્પે હુકમ કીધો કે એક મરતબે સર્વ કોઈ લડાયકે પોતાની કમાનને ચીલો ચઢાવીને બહુના માહવતો હાથીની સફ ખેચી ઉભા છે, તેઓ ઉપર મારો ચલાવવો કે આપણે પહેલી બહુના લશ્કરની ખરાબી બહુનાજ હાથી પાસે કરાવ્યે, પછી બહુના લશ્કર ઉપર જઈ પડગે તેના લશ્કર તથા હાથી તથા તખ્ત તાજની તમો કશી દરકાર ગાખતા નહી હમણા હુ બહુને તેના હાથી ઉપરથી પકડીને માહરાજા મેહેરાજ નજદીક લઇ જઇને મેલુ છુ એ હુકમ સાભળીને ઇરાની લશ્કરે તીર ચહડાવ્યા અને જોરથી કમાનના ચીલ્લા ખેચીને પેદેરપે તીર ગોયા ઉડતા જનાવરોની મિસાલ રાજા બહુના લશ્કર ઉપર છોડવા લાગ્યા હીદી લશ્કરે એવી રસ્તાખેજ દીઠી, કે સર્વ કોઈ તલવારો ખેચી ઇરાની લશ્કર ઉપર આવી પડયા, તેથી તે દીન ગોયા કયામતનો હોય એ મિસાલે પોકાર તથા શોહોર ઉઠવા લાગ્યો એ મિસાલની ખુનરેજી થઇ કે તે જોઈ આસમાનબી જારી કરવા લાગ્યુ તે જગે કરીને ગોયા જમીનમાથી લોહીના ફુવારા જારી થયા ! તે જગલના મેદાનમા બેશુમાર ખદગી તીર ઉડવા લાગ્યા તેની દેહેશતે કરી આસમાન ઉપર આફતાબ પોતાની રાહ ભુલી ગયો હોય એમ દીસવા લાગ્યુ. ભારી ગોરજો પેહેલવાનના સર ઉપરની પોલાદી ટોપ ઉપર પડતા હતા તેથી ચકમક મિસાલે આતશ રોશન થતો

હતે ! જેથી તે મેદાનમા આફતાબની જગે ગોયા આતશની રોશની નજર આવતી હતી તે બાધમાર, ધર પકડના શોરશારથી જગલમા વાઘ તથા વરૂ બી નાસતા હતા એ સુલતાની લડાઇમા બન્ને તરફથી ઘણુક લશ્કર ખરાબીમા આવ્યુ પણુ હીદી લશ્કર એટલુ તો મારયુ ગયુ કે તેના લોહીએ કરી જગલમા પાણીની મિસાલ ચશમા ભરાઇ ગયા ઈરાની લશ્કરના દશ પેહેલવાનોએ હરેક તરફ એકકી લડાઇ ઉઠાવી હતી પેહેલવાન 'કરાહુન" પોતાના ઘોડાની નાલે કરી તમામ જેહાન જેરોજબર કરવા ચાહતો હતો પેહેલવાન "બેહેપુર" બબર જાનવર મિમાથે આદમીના સર ઉખાડતો હતો "આજમ" અને "બોરજ" એ બે પેહેલવાનો તલવારે કરી સવારોના હાથ પગ કલમની મિસ.લ કાપી નાખતા હતા જે જગો પેહેલવાન "ગોરદાબ" હોમલો કરતો તે જગો દુસ્મનના લોહીએ કરી જગલનુ મોહ શોર્ખ રગનુ કરતો હતો "નશવાર" અને "અરબશા" એ બે દેલાવર પેહેલવાનો પોતાના નેજાની નોકે કરી સવારોને જીન ઉપરથી ખાકમા નાખતા હતા જહાપેહેલવાન કેરશાસ્પ પોતે હાથમા જબરદસ્ત ગોરજ પકડી લશ્કરની કતલગાહમા જઈ પડયો હતો તે નામદાર ભારી ગોરજે કરી સવારો તથા હાથી ખાકમા નાખતો તે રસ્તાબેજ જોઈ હીદી લશ્કર હરતરફ નાસવા ચાહાતુ હતુ જહાપેહેલવાનની પેચદાર કમાન જેહેરી અજદા મિસાલની હતી, જે ગોયા સાપની મિસાલ સવારોની ગરદનમા લપટઇ એક દમમા તેઓને ખેચી લેતી તેની તલવારનો ચમકાટ જાણે આસમાન ઉપરની વિજળી પડતી હાયની ! તેના નેજાની નોક ગોયા આદમીઓના સુતેલા મોતને જગાડતુ હતુ ! તેનો ખદગી તીર હીદી લોહીએ કરી જમીન ઉપરની રેતીને લાલ પોશાક પેહેરાવતો હતો એક હુમલામા એકસો સવાર કરતા બી જાદા લશ્કરને મારતો પણુ તે દલેર પેહેલવાન પોતે હરગેજ આજેજ થતો નહી. જાણે કે તેનુ તન એક લોહોડાના પાહાડની મિસાલનુ હતુ તે નામદાર જહાપેહેલવાને આગળ તથા પદવાડેથી મળીને એટલુ તો બેશુમાર લશકર મારયુ કે તેથી એવો દેખાવ થઈ પડયો કે બસ-બસના ગેબી અવાજ આવવા લાગ્યા ! માહરાજા મેહેરાજ પાહાડ ઉપર બેસી લશકરનો તમાશો

જોતો હતો, કે જહાપેહેલવાન હીંદી જબરદસ્ત પેહેલવાનોને સહેજમા બેજાન કરી તે મેદાનમા નાખતો હતો તે મસ્ત હાથીના મગજમા ગોરજ મારી ગોયા પાહાડના તુકડાજ જમીન ઉપર નાખતો હોયની એવી આફ્ત રાજા બહુના લશકર ઉપર વરસાવતો જોઇને માહરાજા મેહેરાજ પોતાના લશ્કર-માથી શાદીના નગારા વજડાવતો હતો જ્યારે રાજા બહુના હાથીના માવતોના સરદારે જોયુ કે પોતાના રાજાનુ બખ્ત બરગસ્તે થયુ છે અને જહાપેહેલવાન કેરશાસ્પ પોતાની બાજુના જોરથી તેનુ તખ્ત તથા તાજ છીનવી લેશે બખ્ત બરગસ્તે થાય ત્યારે ચારો તથા ફરેબ કીધાથી ફાયદો થતો નથી એ ફરતા આસમાન સાથે કોઇથી લડી શકાતુ નથી એ અંદેશા કરી તેણુ બીજા માવતોને ઇસારત કરી ઘણાક હાથી હતા તેમા એકસો હાથી ઘણા જબરદસ્ત ને બેમુલા હતા તે સાથે લઇને જહાપેહેલવાન નજદીક આવી જીવતદાન માગીને તે બેકીમતી હાથીનો હદીઓ નજર કીધો ! તે માવતોનો સરદાર બોલ્યો, "આજથી હુ તારો ચાકર છુ" ત્યાર કેરશાસ્પે તેને ઘણોક દિલાસો દઈ પોતાના લશકરની તરફ રવાના કીધા તેને શરણ આવતો જોઈ માહરાજા મેહેરાજેબી તે માવતના સરદારને પોતાની નજદીક બોલાવી નવાજ્યો

પેલી તરફ રાજા બહુએ જોયુ કે હવે બખ્ત પુરૂ બરગસ્તે થયુ છે તેથી ગુસ્સો કરી બીજા માવતોને કહેવા લાગો કે "તમો શુ જોયા કરો છો ? તમોબી એ હાથીઓને લઇને માહરાજા મેહેરાજને નજર કરો ! તમો મારેથી કશો ડર રાખો નહીં" એ મિસાલે રાજા બહુએ તો ગુસ્સાથી કહ્યુ પણ તેના તમામ લશકરે તે ખરૂજ માન્યુ કે રાજા બહુ જહાપેહેલવાન કેરશાસ્પની લડાઇથી આજેજ થયો છે તેથી તેની સાથે સુલેહ કરવા ચાહે છે માટે એ મિસાલે એખલાસના સખુનોથી આપણુને હુકમ કરીને માહરાજા મેહેરાજની જનાબમા જવા કહે છે એ અવાજો તેના તમામ લશકરમા સભળાયા કે રાજા બહુ આજેજ થયો તેથી કેરશાસ્પની નજદીક એકસો હાથી જે ઘણુાજ દીલાવરી કરનારા હતા તે તે પેહેલવાનને શોગાત મોકલીયા, અને લડાઈ બધ પાડીને સલાહ કરવા ચાહે છે એ અફવા

ફેલાવાથી તમામ માહાવત લોકો રાજા બહુના લશ્કરમાથી હાથીઓ ફેર-વીને શીતાબ માહરાજા મેહેરાજ નજદીક લઈ ગયા. તે જોઇ ઘણુક લશ્કરથી માહરાજા મેહેરાજ પાસ જઇને જીવતદાન માગવા લાગ્યુ ! એ ખબર રાજા બહુને થઈ કે "તારા કહ્યાથી તમામ માહાવતો આપણા લશ્કરમાના હાથીઓ લઇને માહરાજા મેહેરાજ પાસે ગયા" તે સાભલીને રાજા બહુ પોતાના બોલ્યા ઉપર પશેમાન થવા લાગ્યો. તે રાજા બોલયો, "મેં તો ગુસ્સાથી કહયુ હતુ પણ શુ કરૂ લાચારે લડાઇ તો કરવી પડશે" પછી પોતેબી હાથી ઉપરથી ઉતરી ઘોડા ઉપર સવાર થઇ લશ્કરને હીમત આપવા વાસ્તે હાથમા તલવાર પકડીને લડાઇ કરવા લાગો. રાજા બહુએ ઘણુએક ચારાથી તે દાહાડે સાજ લગી લડાઇ જારી રાખી રાતનો વખત થયો કે બન્ને તરફના લશકરમાથી આરામગાહના નગારાના આવાજો નિકલયા, તે સાભળીને તમામ લશ્કરે હથીઆરો મ્યાન કરી પોતપોતાનાં મકાન ઉપર જઇને કમર છોડી. આ વખતે રાજા બહુ તો દિવાના આદમી મિસાલે ગાભરો થઇ ગયો હતો, તેથી અદેશામદ થઇને પોતાના મન સાથે કહેવા લાગો કે "મને મોટો અદેશો તો એ લાગે છે કે મારૂ લશ્કર આખરે જાબુલી કેરશાસ્પની તલવારથી આજેજ થયલુ છે તે પોતાના ફાયદાને વાસ્તે મને પકડી બેહુ હાથ બાધીને દુશ્મનને હવાલે કરશેજ. નાહાસવાની જગોબી રહી નથી, કે ત્યા જઇને કોઇની પનાહ પકડીને બેસું અથવા એટલી તાકાત રહી નથી કે દુશમન સાથે મેદાનમા નિકળીને લડાઈ કરૂ " એ ગ્વેશે રાજા બહુ મોટી ફીકર ને અદેશામા હતો

લડાઇ કીધી જહાંપેહેલવાંન કેરશાસ્પે છેલ્લી મરતબે રાજા બહુના ખીદમતગાર હબશી સાથે તે હકીકત.

રાજા બહુની ખીદમતમા એક હબશી શીહા દેવની મિસાલનો હતો. તે હબશી હમેશ રાજા બહુની રેકાબ પકડીને જે જગો તે જતો તે જગો તેની સાથે ખીદમતમા દોડનો હતો. તે એવો તો જોરાવર હતો કે પહા-

કનેથી ઉખેડીને ઉડાવવા ચાહતો હતો. તે દોડવામા તો તુરકી ઘોડાઓનેબી પાછળ નાંખતો તથા બામદાદથી તે બપોર નહીં થાય તેટલામા સાઠ ફરશંગ ચાલતો હતો તે કુદવામા એક જોરાવર પેહેલવાન ઊચો તીર મારે તેટલો ઊચો કુદતો હતો. તે છલાગ મારવામા એવો તો ચાલાક હતો કે ચાર હાથી એકએકની પીઠ ઉપર ઉભા રાખીને તે ચારો હાથીને છલાગી જતો હતો તે કદમા એવો ઊચો હતો, કે રાજા બહુ ઘોડા ઉપર સવાર થતો, તે વખતે તે હબશી તેની રેકાબ આગલ પેઆદો ચાલતો તે મહારાજાના સર ઉપરના કરવા છતરની બરાબર ઊચો નજર આવતો હતો તે હબશીએ પોતાના રાજાને ગમગીન તથા અંદેશા ભરેલો દીઠો તેથી તે કહેવા લાગ્યો કે "એ માહરાજાઓના માહરાજા! આ જાણુલી પેહેલવાનની લડાઇનો તુ ફીકો અંદેશો ના કર! તે જાણુલી કેરશારપનો ચારો મારી પાસે છે, તે તારા દુશમનના અંદેશાથી હુ તુ નામદારને હમણા છોડાવુ છુ. તુ એક નામુ ઘણી આજેજી તથા મીન્નત કરી જીવતદાન માગીને લખ કે તે નામુ હું એલચી થઇને તે જાણુલી કેરશારપની નજદીક લઇ જાઊ. અને એક ખંજર ઘણુ તેજ જેહેરી પાણી પાયલુ મને આપ કે તે ખંજર હુ મારી આશતીનમા છુપું રાખુ પછી હુ તેની નજદીક નામુ લઇ જાઊ ત્યારે એમ ચારો કરી કહુ કે રાજા બહુએ ઘણીક હકીકત જુબાનીબી કહેવાડી છે અને તે હકીકત નામામા લખાય નહીં વાસ્તે મારી જુબાએ કહેવી છે એ રવેશે ગોઠવણ કરીને તેની નજદીકથી ખેદમતગારો તથા ગુલામોને દુર કરાવ્યા પછી આસ્તે રહીને તેના કાનમા છુપી વાત કહેવાને બાહાને તેની નજદીક જઈ શેતાબ ખંજર ખેચીને તેની પેહેલુમા મારૂ એ મિસાલ ગોઠવણ કરીને તે જાણુલીના તનમાથી જીવ કાહડી નાખુ પછી હુ શીતાબ તેના દેહેરામાથી બાહેર નિકળીને એવો નાસુ કે અગર મારી પછવાડે બામદાદનો પવન દુમબાલો કરે તો તેબી મને પકડી શકે નહીં તે કરતા શીહા રાતને વખત હુ એ કામ કરીશ તેથી એકાએક એ ભેદ કોઇને ઉતાવલો માલમ પડશે નહીં" એ સખુન સાભળીને રાજા બહુ કહેવા લાગો કે 'અગર બખ્ત કુશાદે હશે તો એ સખત કામ તારાથી

બની આવશે જો તે જાબુલી કેરશાસ્પને મારીને તુ મારી નજદીક આવે તેજ વખત સગનદીપ શેહેરની પાદશાહી તારે હવાલે કરી તમામ હીનદુસ્તાનના બુજોર્ગો ઉપર હુ તુને બુજોર્ગી આપુ " એટલુ કહીને રાજા બહુએ એક નામું જેહાપેહેલવાન કેરશાસ્પ ઉપર ઘણીક ચાપલુશી ચલાવીને ફરેબથી લખાવ્યુ તે નામા ઉપર પોતાની મોહોર કરીને પેલા ખુની હબશીને હવાલે કીધુ તેજ વખત તે હબશીએ જાબુલી કેરશાસ્પના લશકરની તરફ ગલ માપવા માડી

હવે પેલી તરફ જાબુલી લશ્કરમા પેહેલવાન કરાહુન તે રાતના તલાએઓ ફરતો હતો તેની ચોકીમા પેલો બેહુન્દો હબશી પડયો તેથી તેને પકડીને શીતાબ સીપેહસાલાર કેરશાસ્પની નજદીક લઈ ગયો જહાપેહેલવાને તે હબશી ઉપર નજર કીધી કે તેણે તેને એક દેવની મિસાલનો દીઠો ગોયા એક બુલદ ઝાડ હોય તેવો ઊંચો ! તે હબશી આવીને જહાપેહેલવાનને શેજદો કરી જમીનને બોસો દઇને કહેવા લાગો કે " અએ નામદાર પેહેલવાન ! એક નામુ મારા રાજા બહુનુ હુ તારી ઉપર લાગ્યો છુ, તે સાથે ને રાજાએ તુ નામદાર પેહેલવાન ઉપર કેટલીક હકીકત છુપી જુબાનીથી કહેવાડી છે. વાસ્તે તારો હુકમ હોયતો તે નામુ તારી ખિદમતમા બદો હાજર કરે છુપી જુબાની કહેવી છે અગરજો તારા તમામ ખેદમતગાર તથા ગુલામો બાહેર નીકલે તો તે પણ કહેવામા આવે " તેજ વખત જહાપેહેલવાને હુકમ કીધો તેથી તમામ લોકો દેરામાથી બાહેર નિકલી ગયા ત્યારે પેલા હબશીએ નામુ કહાડીને આપ્યુ તે નામુ કેરશાસ્પે પેહેલેથી છેલે તલગ તમામ વાચ્યુ તે પછી જુબાની પેગામ કહેવાનો બહાને જહાપેહેલવાનની નજદીક ગયો તેણે આસ્તીનમાથી પેલુ ખજર ખેચ્યુ કે બેમાલુમ પોતાના રાજાના દુશમન કેરશાસ્પને મારે એવામા પેહેલવાન કેરશાસ્પની નજર તેના હાથની તરફ પડી, ત્યા જોય શુ કે ખુનનુ પીનારૂ નાતરસ ખજર દીઠુ ! તેજ વખત તેણે મસ્ત શેરની મિસાલ તે જગોથી કુદીને તે ખજર સાથે હબશીનો હાથ પકડી લીધો; અને પછી તે નામદારે એક મુકી જોરથી તેના મગજમા મારી કે તેથી તે હબશી પોકાર મારી પછાડ ખાઇ જમીન ઉપર પડયો અને બેહોશ થઇ

ગયો તે હબશીનો પોકાર ફેરશાસ્પના ખેદમતગારો જે દેરાની બાહેર ઉભેલા હતા તેઓએ સંભલ્યો તેથી સર્વે દોડતા આવ્યા તો જોવે શુ કે તે હબશી ઊંધો પડેલો અને તેના મોહોડા તથા કાન તથા નાખમાથી પાણીની મોરીની મિસાલ લોહી વેહેતુ દીઠુ ! તે દીલાવર ખિદમતગારોએ ચાહ્યુ કે એ હબશીના તન ઉપર બીજા જરબ મારે, પણ જહાપેહેલવાન તેની આગલથી ખસ્યો નહીં તે નામદારે પોતાના ખીદમતગાર લોકોને મના કીધા કે "હવે કોઇ એ હબશીને હાથ લગાડતા ના" એમ કરતા કેટલેક વારે તે હબશી પાછો હોશમા આવ્યો ત્યારે તે ધ્રુજવા લાગો તેણે ચાહ્યુ કે ઉઠી ઉભો થાય પણ તેનાથી ઉઠી શકાયુ નહીં તોપણ તે હબશી ઘણુક જોર કરીને કેટલેક વારે ઉઠયો પણ પેલુ નવધાર વહતુ લોહી બધ થતુ હતુ નહીં તેથી ઘણો કાપવા લાગો એમ કરતા કેટલેકવારે તે લોહીભી બધ થયુ

કેદ પકડાયો રાજા બહુ જહાપેહલવાન ફેરશાસ્પના હાથ ઉપર તે હકીકત.

જહાપેહેલવાને તે હબશીને પુરી તાકાતમા આવેલો જોઇને કહ્યુ કે "એ નાપાક ! તુ મારી તલવારથી પોતાના તનની સલામતી ચાહતો હોય તો મારી સાથે આવીને મને રાજા બહુના દેરામા જવાની રાહ બતાવ. અગર જો આજની રાત તુ મારી મરજી મફક ચલીને રાજા બહુનો દેરો મને દેખાડે અને હુ ખજર કરી બહુનુ સર તનથી દુર કરૂ તો તુને મારા લશ્કરમા બીજા સાપેહસાલારોની મિસાલ બુઝર્ગી આપુ" એ સખુન સાંભળ્યાથી તે હબશી ખુશી થયો તે પોતાના દિલ સાથે કહેવા લાગ્યો કે "દુનીયામા એથી શુ બેહેતર છે, કે એક તો પોતાના જાનથી બચવુ અને બીજુ સરદારી પામવુ !" એ અદેશો કરીને તે હબશી જહાપેહેલવાનને કહેવા લાગો કે "એ જહાપેહેલવાન ! તુ કહે છે તો તે રાજા બહુને આજ રોજે સુતેલો હુ તારે હવાલે કરૂ એ રવેશથી તુને તેની જગો ઉપર લઈ

જાણે, કે એકાએક તુ નામદારના આવ્યાની કે ઇરાદાની કોઇને પણ ખબર પડે નહીં" હબશીને સાભળીને જહાપેહેલવાને પોતાના દીલમા અદેશો કીધો કે પગે ચાલીને દુશમનના ઘરમા જવુ છે, તેથી પોતાના તનમા બખ્તર પહેરયુ અને હાથમા જેહેરી પાણીની તલવાર પકડી અને તે હબશીને સાથે લઈ શેતાબ પોતાના લશકરમાથી બાહેર નિકળી આગળ ચાલ્યો હબશીએ તો શેતાબ પવન મિસાલ રાહ માપવા માડી તેથી પેહેલવાન કેરશાસ્પ તેને કહેવા લાગો, કે "એ હબશી! તારો ચાલ ત્રણી ઝડપની છે વાસ્તે ઘણો દોડ નહી! તુ આસતે ચાલ! તારા પગ કઇ મોર્ગના છે કે તે મિસાલ શેતાબીથી ઉડે છે? હુ તારા કદમને જમીન ઉપર તો જોતોજ નથી?" એ સખુન સાભલીને તે હબશી કહેવા લાગો કે "હુ રાહમા શેતાબીથી ચાલુ છુ ત્યારે મારી બરાબરી એકાબ જાનવરબી ઉડી શકતુ નથી! તેજીમા હુ આરબી ઘોડા કરતાબી જ્યાદા છુ. હુ એક હુમલામા ત્રણ મજલ લગી ખેલ કરતો ચાલુ છુ" એ સખુન સાભળીને કેરશાસ્પ હસ્યો અને કહેવા લાગો કે "તુ કહે છે તે દરૂસ્ત છે પણ હમણા તારી ખાહેશ માફક જેમ જોરથી દોડતો હોય તેમ ચાલ અને હુ તારી પછવાડે બખ્તર તથા હથીઆરના ભાર સાથે દોડુ અગરજો તુને પકડુ નહી તો મને મર્દ કરી કહેતો નહીં" તે સાભળી તે હબશી પરદા મોર્ગની મિસાલ દોડવા લાગ્યો તે જોઇ જહાપેહેલવાન કેરશાસ્પ તીરની મિસાલ તેની પછવાડે દોડયો અને એક જોશમા તેની પછવાડે જઇ પોહોચીને જેમ શેર હરણ ઉપર ચુગાલ મારે તે મિસાલ તેના બન્ને કાન પકડી તેને જમીન ઉપરથી અતરગ કીધો! એમ દોડ સરતનો ખેલ કરતા રાજા બહુના લશકરની તરફ તેઓ જઇ પોહોચ્યા અને ખુબ તદબીરે રગી બેદેહેસ્ત રાજા બહુના દેરાની અદર દાખલ થયા ત્યા તખ્ત ઉપર રાજા બહુ એખલો ખોઆબમા હતો તે જગો જતા વાર ચોકીદાર લોકોના હલક પકડીને ભચડી મારી નાખ્યા! જગી કેરશાસ્પે રાજા બહુનો દેરો ખાલી દીઠો તે આસપાસ કોઇપણ ચોકીદાર દીઠો નહી કે તે શેરની મિસાલ તેના તખત ઉપર ગયો તેનો હલક પકડીને માહોડામા ડુચો મારયો અને તેની ઉપર ચાદર નાખી તેને તખ્ત ઉપ

રથી ઉતાર્યો કમદે કરી તેના બન્ને હાથ બાધી તેજ વખત પેલા હબ-શીની ખાધ ઉપર નાખી શેતાબ તેના દેરામાથી બાહેર નિકળી ત્યાથી શીતાબ રાહ કાપતા બને જણા દોડતા પવન મિસાલ નિકળી ચાલ્યા.

એ નામાનો જોડનાર શાહેર આ રાજા બહુ ઉપર વીતેલા બનાવથી નસીહત કહે છે કે શેકારગાહે જતા તથા રાહમા ચાલતા તથા લડાઇગાહ તથા ખોઆબ કરતા પાદશાહોએ પક્કા બદોબસ્ત વગર રહેવુ નહીં જોઇયે.

હવે પેલી તરફ હીંદી લશકરમા ત્રણસો જબરજસ્ત પેહેલવાનો તલાયા દાખલ ફરતા હતા તે ચોકીમા પેલો હબશી અને કેરશાસ્પ બન્ને જણા પડયા, ત્યારે દેલાવર કેરશાસ્પ એક પોકાર મારીને તે તલાયાઓને પોતાનુ નામ કહ્યુ અને તલવાર ખેચીને તે તલાયાઓની તરફ દોડી પોંહો-ચીને કેટલાક પેહેલવાનોના સર ખાકમા નાખ્યા જ્યારે તે તલાયાઓએ નામદાર કેરશાસ્પનુ નામ સાભળ્યુ અને કેટલાક સવારોને મારેલા દીઠા કે સર્વે કોઈ પોતાનો જીવ લઇ ત્યાથી નાહસવા લાગા જહાપેહેલવાન કેરશાસ્પ રાજા બહુને તેનાજ હબશીની ખાધ ઉપર ચહડાવીને પોતાના લશકરની તરફ લઇ આવ્યો અને પોતાના જાણુલી સીપેહસાલાર "નશ-વાદ"ને હવાલે કીધો, તે પેહેલવાન પોતે રાજા મેહેરાજની નજદીક ગયો ત્યા રાજા બહુએ અવ્વલ હબશી સાથે મસલત કરીને કેરશાસ્પને મારવા મોકલ્યો હતો તે તથા બીજી જે કાઇ હકીકત આગળી રાતે ગુજરી હતી તે તમામ અવ્વલથી તે આખેર લગી તપસીલવાર બ્યાન કરી કહી જ્યારે માહરાજા મેહેરાજે એ વધાઇના સખુન જહાપેહેલવાન કેરશાસ્પની જુબા-નથી સાભળ્યા કે રાજા બહુને પકડીને જાણુલી લશકરમા લાવ્યો છે કે ખુશીમા માહરાજા મેહેરાજ ઘણોજ મસ્ત થયો આદમી ઘણો શરાબ પીએ અને મસ્તી કરી જમીન ઉપર પડે તે મિસાલ બેશુમાર ખુશીની મસ્તીએ કરી માહરાજા મેહેરાજ પોતાના તખ્ત ઉપરથી નીચે તુટી પડયો. તે માહારાજાએ તેજ રાતના એક મજલેસ ઘણીક પાકીઝેહ, સમારીને એશઅશરતમા મશગુલ થઈ બેઠા તે મીજલસમા માહરાજા મેહેરાજ જહાપેહેલવાનને કહેવા લાગો કે 'અએ નામદાર! મારી ખાહેશ છે કે

હુ રજા બહુને ખુહારીથી બાંધેલો આજ રોજે મારી નજરે જોઉ વાસ્તે આપણે એ ખુશીની મજલેશના અશબાબ તેની નજદીક લઇ જઇને તેને આપણી નજદીક મુસકાકાર ઉભો રાખીને આપણે સર્વે કોઇ શરાબની જામ ઉપર જામ ઉઠાવ્યે” માહરાજના સખુન સાભળીને જહાંપેહેલવાન કહેવા લાગો, ‘રાજા તુ એ જગો ઉપરજ કરાર પકડ ! તુ એમ વાત શા વાસ્તે કરે છે ? દુશમનને બાંધીને આપણા લશ્કરમા લાવ્યા રીયે તો ગોયા તે આપણી નજદીકજ છે એમ જાણવુ જોઇયે માહરાજા, તુ નામદાર પોતાના તખ્ત ઉપર બેસીને શરાબની જામ ઉડાવ તે કરતા તારી મરજી હોય તો તુ પોતાના પાદશાહી તખ્ત ઉપર બેસી રેહે હુ તારા દુશમનને હમણા તારી નજદીક મગાઉ છુ ’ માહારાજા મેહેરાજે જહાં-પેહેલવાનના સખુનને માન સાથે કબુલ કરીને પોતાના બુઝર્ગો ને જહાંપે-હેલવાન સાથે શરાબની જામ ઉડાવવા લાગ્યો જહાંપેહેલવાન કેરશાસ્પે ફરમાવ્યુ તેથી કેટલાક છડીદારો જઇને રાજા બહુને બંધે બાંધેલો ખુહાર તથા બેઆબરૂ કરતા ખેંચી લાવ્યા તેને જોઇને મજલસના સર્વ દીલા-વરો ને અમીર ઉમરાવાએ કેરશાસ્પ ઉપર દુવા કીધી આ વખતે માહ-રાજા મેહેરાજે પોતાના તખ્ત ઉપરથી ઉતરી હાથમા શરાબની જામ પકડીને પેહેલી જામ પાદશાહ જોહાકની યાદમા નોશ કીધી પછી બીજી પેહેલવાન કેરશાસ્પ રાજા બહુને પકડી લાવ્યો તેની ખુશીની પીધી ત્રીજી જામ જહાંપેહેલવાનની હમેશા ફતેહમદી થવાની સલામીમા નોશ ચલાવી ચોથી જામ નામદાર માહરાજાએ પોતાની મજલસના તમામ બુઝર્ગોની સલામતીમા પીધી એ રવેશે ચાર જામ શરાબની ઉપરાસાપરી નોશ કીધા પછી પોતે પાછો પોતાના તખ્ત ઉપર બેઠો માહરાજાએ ઘણીક દુવા જહાંપેહેલવાન ઉપર કીધી, કે “અય પેહેલવાન ! તારૂ નામ જહાન દરમ્યાનમા જાવેદાન લગી સર્વ કોઇ ઉપર નામદારી ભરેલુ મશહુર રેહે જો ! તુ જગીના તાબામા જમીન તથા જમાનો હમેશા હોજો ! જાબુલ-સ્તાનનો મુલક હમેશ તુથી આબાદ રેહેજો જે કોઈ તુને ગમ તથા રજ ચાહે તે શખ્સ હરગેજ ખુશીનુ મોહ જોતોજ ના ! જે કોઇ તારો બદખાહ હોય તે હમેશા બહુ મિસાલ કેદ ને બદીખાને પડેલા રેહેજો !”

એટલુ કહીને ગુસ્સો કરી રાજા બહુ ઉપર ચીગડાઇ કહેવા લાગ્યો કે 'એ નાપાક નીમકહરામ! તુ મને કહે કે મે તારી સાથે શુ માઠુ કીધુ છે, કે તુ બીજા બદકરો ઉપર કમર નહીં બાધતો ને મારી સાથે લડીને મારી પાદશાહી લેવા માગે છે? એ બદ બુનીઆદના! તે દુનિયામા એવી બદજાતી તથા નીમકહરામી કીધી છે કે હવે તુ મારા હાથથી કોઈ જમાને નેકી જોવાનો નથી મેરો બાપ મને હરરોજ નસીહત કરતો હતો, કે 'એ બેટા! મારા ગુજરા પછી તુ એ મરદાર બહુને કોઇબી મરતબો આપીને વધારતો ના! મને તો એ બહુની પેશાનીથી માલમ પડે છે કે એ વડની ખાસ્યતનો અને અજદાની ખસલતનો છે જે કોઈ વડને પાને તથા અજદાને દુધ પાઇ મોટો કરે, તે આખેરત પોતાના પાલનારને કાડી નાખે, તે મિસાલનીજ એ બહુની ખાસ્યત જણાઇ છે' હુ એવા નસીહતના સખુન મારા બાપની ઝબાનથી સાભળીતા હતા ત્યારે તે વાતને હસી કહાડતો હતો હુ ઉલટો કહતો હતો કે 'એ બાપ બહુ જેવા દુરયાર અને વફાદાર આપણા લશ્કરમા બીજો કોણ છે?' મારા બાપ ગુજર પામ્યા બાદ મે મેરા બાપની નસીહતથી ઉલટી ગત એ બહુને મારા મુલકમા જે ઘણુ મોટુ શેહેર સરનદીપ તે હવાલે કીધુ અને તેના સરને બુઝરગીથી આસમાને લગાડયુ એ ચશમ ચોર બહુ! હીદુસ્તાન તથા સીધના આદમીઓ સારી તરેહ જાણે છે કે તારી બુનીઆદ બદ ગતની છે તુ મારા બાપના વખતમા મારી ખીજમતમા બીજા ખીદમતગારો ગતાણી કમ મરતબો રાખતો હતો, અને ઘોડાના અસવારની મિસાલ પોતાનુ ગુજરાન ચલાવતો હતો પણ મે મેહેરબાની કરીને તુને એક મલકનો સહેબ કીધો! તુને સરફરાજ નવાજીને તખ્ત અને તાજ આપ્યુ તો તેના હેસાનના અવેજમા તુને એજ પસદ પડયુ કે મારી પાદશાહી છીનવી સરગરદાન કરે? બુઝર્ગ લોકોની નસીહત છે કે કમીના ચાકરની ઉપર ઘણી મેહેરબાની કરીને એકાએક તેને વધારે તો તે ચાકર પોતાના સાહેબને પોતાના તાબામા રાખવા માગે! જે કોઇ બેસુન્યાદ હોય તેને એકાએક બુઝર્ગી આપીને વધારવો એ કામ ઘણુ નાદાન્યત ભરેલુ છે. જે કોઇએ બદજાદ આદમીને

અમલ આપીને વધારયો તેણે ગોયા પોતાને હાથે પોતાના સર ઉપર બળાની ચાદર ખેચી ! જે કમમરતબાનુ આદમી પેતાને ઘણી બુઝર્ગી ચાહે તે ઉતાવલો પોતાના સરને બરબાદ કરે, વાસ્તે એ બદ્ધુ જો કે તે શેખી કીધી છે તેના બદલામા હમણા શુ ફેજ પામ્યો છે?" એ મીસાલ માહરાજા મેહેરાજની ઝુબાનથી સખુનો સભળીને બહુ ! કહેવા લાગો કે "દુશમનને બાધી મગાવીને તે ઉપર તાનાજાની કરી પોતાના દીલમા પસદ આવે તેવા સખુન કહેવા ઘણા આશાની ભરેલા છે તથા જે કોઇ બિચારો હોય તેને આપણે જેવા ચાહયે તેવા બદકાર સખુનો બોલ્યે અને બીજા ઉપર ફતેહ પામ્યે ત્યારે જેવા નાલાએક સખુન બોલવા પસદ પડે તેવા બોલી શકાય તે કરતા તારી બાસ્યત ઘણી બદ હતી તેથી તુને પાદશાહીએ કોણુ બેસાડતુ હતુ? એ તો મે તુને પાદશાહી તખ્ત ઉપર બેસાડયો ને તમામ હીંદુસ્તાનનો મુલક મે મારી તલવારને જેરે તારા તાબામા કીધો, તેથી તુ માહરાજા કહેવાગો છે અગર તુ મને હાલ કહે છે કે તારી બુન્યાદ બદ છે તો શુ મોજોકા છે? મારી બુન્યાદ નથી પણ મારામા હુનર ઘણો છે, તેથી બીજા પાદશાહો સર્વે કોઇ મને ચાહતા હતા પણ તારા બાપની મેહેરબાની મારી ઉપર હદથી જ્યાદા હતી પણ મારી કમબખ્તી લાગી, કે તારા બાપના ગુજર પામવા બાદ હુ તારી ખીદમતમા રહ્યો અને હું તારો તમામ મુલક પાછો તારા ફરમાનમા લાવ્યો. તુ કહે છે કે મે તુને પાદશાહી આપી; તો એ તારી તમામ વાત ગલત છે જેનુ બખ્ત રોશન હોય તેને બીજા કોઇ બી આદમીની મેહેરબાની વગર પાદશાહી મળે છે બાકી કાઇ જોર તથા હુનરે પાદશાહી મળતી નથી, પણ પાદશાહી તો પોતાના બખ્તના જોરથીજ મળે છે મારામા હુનર ઘણો છે અને બખ્ત રોશન નથી તો હમણા તારા હાથમા કેદ પડયો છુ હુનર હોય પણ બખ્ત રોશન નહીં હોય તો આદમી કશી વાતે આશાએશ દેખે નહીં. તથા જે આદમીમા બેશુમાર હુનર હોય અને તેનુ બખ્ત બરગસ્તે હોય તો તમામ હુનર ગોયા નકામા છે જે કોઇને હુનર બી હોય અને બખ્તથી રોશન હોય તો તેને પાદશાહી તખ્ત અને તાજ જેબ આપે છે. તે મિસાલ મારૂ

બખ્ત રોશન હતુ તો મને સરનદીપની પાદશાહી મળી તે કરતા તારો બાપ પોતાની હૈયાતીમા મને હુનર તથા દાનાઇમા ઘણો હુસ્યાર જોતો હતો તેથી મારી અદેખાઈ કરી તને નસીહત કરતો હતો, જે એ બેટા તુ કરતા બહુ હુનરમા ઘણો ચાલાક છે, તેથી એકાએક એને બુઝર્ગી આપીને વધારતો ના ! તે કરતા હીંદુસ્તાનની પાદશાહી તો મને સજાવાર હતી કે હુ તારા કરતા દાનાઇ તથા હુનર ઘણુ રાખુ છુ અને તે બી મારી હુસ્યારીથી સરનદીપનો હવાલો મને આપ્યો અને તેં પોતેજ ડર ખાઇને મને પોતાના શેહેરથી દુર મોકલ્યો દાનાવ લોકો ફરમાવી ગયા છે કે જે ઉસ્તાદમા એલમનો હુનર કમ હોય તેનો શાગેર્દ હુસ્યાર હોય તો તેને સબક દેવામા હરેક વખત દખલ કરે, તે મિસાલે તુ ડર્યો કે મારા કરતા બહુમા દાનાઇ તથા ખબરદારી ઘણી છે તેથી રખે બીજા દાનાવ લોકો મારી એબ કરે કે મેહેરાજ પોતાને પોતે માહરાજા કહેવાડે છે પણ બહુ સીપેહસાલાર કરતા તો હુનર તથા ખબરદારીમા ઘણો કમ છે એવી પોતાની મશકેરી થાય તેથી તે પોતાના દીલમા સમજી મને દુર કહાડયો હતો મને મારવા ઉપર તુ ફરેબ રમ્યો પણ તુથી કાઇ બન્યુ નહીં. મને ખબર થઇ કે માહરાજા મેહેરાજ મારો જાન લીધા ઉપર ઘણી કોશેશ કરે છે એ સાભળીને હુ ડર્યો તે સબબે મે તારી ઉપર લશકર મોકલ્યુ. મે પોતે તો તારો મુલક તથા ખજાનો પરાગદે કરી નાખ્યો ને તારી પાદશાહી તો મારા હાથમા આવી હતી પણ આ જહાપેહેલવાન કેરશાસ્પ આવી પહોચ્યાથી તારૂ કામ સરજામ પોહોચ્યુ અગર જો એ જગી કેરશાસ્પ તારી મદદે આવતે નહીં તો આજ તો તારી જડએખ કાઈ રેહેતે નહીં અને તદન પાયામાલી થઇ ગઇ હતે હમણા જેમ હુ તારી નજદીક લાઇલાજ છું તે મિસાલ તુ મારી નજદીક અદના મિસાલે બીચારો હતે ”

એવી તમામ વાત સરકશ રાજા બહુની ઝબાનથી સાભળીને માહ-રાજા મેહેરાજ કહેવા લાગો કે “એ તમામ વાત તુ ગલત બોલે છે. રાસ્તીની નજદીક જુઠુ બોલનારને કશું વજન છેજ નહીં પ્રથમ તાહરો બાપ “જુનાજ” મારા બાપની ખાસ સવારીના હાથના માહવતનો શાગેદ

હતો તે માહવતે પોતાના મામાની સેફારશ કરીને તારા બાપને મારા બાંપની ખિદમતમા લાવી રાખ્યો, એમ કરતા તેણે મારા બાપની ખિદ-મત ઘણી સારી રીતે કીધી અને મારા બાપે તેની ચાકરી વફાદાર અને સારી જોઇ તેથી મેહેરબાન થઇને પોતાની નજદીકમા ખાસ છડીદાર લોકોના દરોગા દાખલ તેને નેમ્યો યાને જમાદાર કીધો એમ કરતા મારા બાપની મેહેરબાની ઘણી વધી તેથી તેને સુબેદાર કીધો સેવટે મારા બાપની તે ઉપર પુરી મેહેરબાની થઈ ત્યારે તેને સરનદીપ શેહેરનો હવાલો આપી ત્યાનો અમલદાર કીધો તારા બાપ ગુજરી ગયા ત્યારે મે મારા બાપની રશમ ઉપર નેગાહ કીધી, જે મારા બાપની મેહેરબાની બહુના બાપ ઉપર ઘણી હતી, વાસ્તે એ બહુને એના બાપનીજ જગો આપીને સરનદીપનો હાકેમ કરૂ એ રવેશે અદેશો કરી મારા દીલની મહેરબાનીથી સરનદીપ શેહેર તુને બક્ષયુ અને તુને રાજાનો ખેતાબ આપી મારા તમામ અમીરો ઉપર તારી બુઝર્ગી વધારી તો હાલ તેના અવે-જમા મારૂ તખ્ત તથા તાજ લેવા ચાહતો હતો! જે કોઇના દીલમા શરમ નહી હોય તેને જબુન સખુન બોલ્યાથી કશો ડર હોય નહીં"

જ્યારે રાજા બહુના આગલ કહેલો રોષીથી ભરેલા શબ્દો જહાપે-હેલવાન કરશાસ્પે સાભળ્યા કે ગુસ્સામા આવી બહુ ઉપર એક આવાજ મારી તેણે પેહેલવાનોને હુકમ કીધો કે એ નીમકહરામ બહુના મોહ ઉપર તમાચા માર અને એને એ જગો કશવા કરે એ સખુન સાભળના વાર જાબુલી સરદારોએ બહુની ગરદનમા રસી નાખી ત્યાથી આગળ ચલાવીને તમાચા મારી બેઆબરૂ કીધો પછી બદીવાન મિસાલ કોઠડીમા બધ કરી તેની ઉપર ઘણાક સવારોની ચોકી મુકી

એવામા પેલો હબસી જે બહુનો પેગામ લઇ કેરશાસ્પની નજદીક આવ્યો હતો તે હબસી ઉઠીને જમીનને બોસો દેઇ કહેવા લાગો કે "એ પેહેલ-વાન તારૂ બખ્ત રોશન હતુ તેથી બહુને પકડવાનુ કામ ઘણુ સખ્ત હતું તે તુથી બની આવ્યુ તથા તેના દેરા તરફ જવાનો રસ્તો મે તુને દેખાડયો. તુ નામદારને હુ તેની જગો ઉપર લઇ ગયો અને જ્યારે તે તેને બાધ્યો ત્યારે મે તેને ઉઠાવી પોતાની ખાધ ઉપર લીધો અને દોડતો એ જગો

લઇ આવ્યો તારી મુકી મારા મગજમા લાગી તેનો જખમ હજુર હુ વિસરતો નથી જીવીશ ત્યા લગી તે તારી મુકીના જખમની ભમરી મારા મગજમા રેહેશે, વાસ્તે તુને લાયક છે કે જે વખત આપણે બહુને લેવા ગયા ને વખ્ત તે જે કાંઈ મને કહ્યુ છે તે સખુન યાદ કરીને હુ જે તારો ગુલામ છુ તે ઉપર મેહેરબાન થા !" તે સાભળ્યાથી જહાપેહેલવાનને હમવુ આવ્યુ પછી પોતે હુકમ કરીને ઘણોક સરોપાવ તથા ઘોડો મગાવીને તે હબશીને આપીને ઘણોક નવાજ્યો ને પોતાના લશ્કરમાથી કેટલુક જબરદસ્ત લશ્કર તેને હવાલે કરી સીપેહસાલારીનો ખેતાબ આપ્યો અને તે લશ્કરનો પોશાક તથા તેનો કુડોબી જુદી તરહનો કીધો કે શેતાબ માલુમ પડે કે પદભ્રશટ થયલા રાજા બહુના તાલુકાની ફોજના તે સિપાહી છે

હવે શાહેર એમ કહે છે જે એ દુનિયા એવીજ છે એથી વખત ઉપર કીનો તથા વખત ઉપર મેહેરબાની હોય છે એક શખ્સ પાસે બેશુમાર ખજાનો હોય તેને મેહેનત તથા રંજમા નાખે છે તેવી તે ખજાના તરફ જોવાથી બેનસીબ થાય એકને વગર મેહેનતે એટલો તો ખજાનો આપે છે કે તે શખ્સ હમેશા એશઅશરતમા રહે છે એ આસમાનનુ કામ લડાઇ તેમજ સુલેહનુ છે—ચાને જે જગો ઘણી સુલેહ અને એતેફાક હોય ત્યા લડાઇ કરાવતા વીલબ લાગતો નથી તથા કીનો હોય ત્યા એખલાશ કરાવતા વાર લગાડતો નથી જે કોઇ ઉપર મેહેરબાન થઇને બુઝર્ગી તથા સુખ આપે છે તેને વળી તેની પછવાડે ગુસ્સે થઇને દર્દ તથા મેહેનતમા પણ નાખે છે જે કોઈ એ આસમાનની નીચે પ્રથમથીજ સુખી હોય તે શખ્સને પછવાડે ઘણો રંજ તથા ઝેહમતમા નાખે છે, વાસ્તે એ નામદાર મર્દ ! અગર તારી ઉપર એ દુનિયામા દર્દ અથવા ખુશી પોહોચે તે ઉપર સબર કરજે કારણ એ ફરતા આસમાનનુ ચક્કર છે તેમા આદતી જાતનો ચારો રેહતો નથી !

બહુને લઈ જઇને પાછો બંદીખાને નાખ્યો ત્યારે માહરાજા મેહેરાજ ઘણો ખુશી થયો તે તમામ રાત જેહાપેહેલવાન સાથે શરાબ પીવાની જોકમા હતો એમ કરતાં રૂમના પાદશાહનુ લશ્કર આવ્યું તે સુફેદ કોલાહ

વાળા લશ્કરે તમામ હબશીના લશ્કરને પરાગંદેહ કરી નાખ્યુ. યાને રોશન રોજ જાહેર થયો તેથી રાતની શીહાઇ બરતરફ થઇ બામદાદને વખત ફરી રાજા બહુના લશ્કરે લડાઇનો કસદ કીધો તે લશ્કરે બહુના દેરાની નજદીક આવી ફરસ્તી સફ ખેચી ઉભા દાહડો ઘણો ચઢયો ત્યારે કેટલાક સીપેહસાલારો દેરામા જઇ જોવા લાગા ત્યા તે જગ્યા તખ્ત ઉપર રાજા બહુને દીઠો નહી તેથી સર્વે કોઇએ ગાભરા પડીને બીજી તરફ જુસતેજો કીધી પણ બહુની કાઇ નીશાન પામ્યા નહીં. તમામ લશ્કરને ગુમાન આવ્યુ કે રાતને વખત લશ્કરમાથી બહુ નીકળી નાઠો છે ! યા નહી તો જહાપેહેલવાન ફેરશારપના હાથથી ઘણો આજેજ આવ્યો હતો તેથી રાતો રાત માહરાજા મેહેરાજ પાસે જીવતદાન માગવા ગયો છે. એ અંદેશો કરી તમામ લશ્કર નાઉમેદ થઇ પોતાના હથ્યાર તથા દેરા તથા સામન સર્વે તે જગ્યો પડતો મેળી પોતાનો જીવ સલામત લઇને જગળ તથા પહાડ તરફ નાહસવા લાગા.—એ તરફથી જ્યારે ઇરાની લશ્કરે જોયુ કે હીંદી લશ્કરના ટોલા હર તરફથી નાહાસે છે ત્યારે શેતાબ ઘોડા ઉપર સવાર થઇ તે નાહસી જતા લશ્કરનો દુમબાલો પકડ્યો અને પછ-વાડેથી નેજાની નોકે કરી તેમાથી એટલા બધા ટોલા જમીન ઉપર નાખ્યા કે ત્રણ ફરસગ લગી તે મેદાન હીંદી લશ્કરના મુડદાથી ચીકાર થયુ હતુ દેરા તથા કેનાતો તથા ઘોડા તથા ઊંઠ વગેરે બીજા સામને ગોયા તે તમામ જગલ ભરાયુ હોય તેવો બનાવ થયો હતો તે તમામ સામન જે દેરા તથા જરી બીછાણા તથા હજારો બખ્તરો તથા બેશુમાર ખજાનો અને તોપો તથા કમરબધ તથા જરીની જીનો વગરે તમામ ચીજાને એકઠી કરતા બે મહિના લાગ્યા ! તે સામન એટલો તો એકઠો થયો કે ગોયા એક પાહાડ સરખો નજર આવતો હતો ને તેનો ઘેરાવો એટલો તો થયો કે એક ઘોડેસ્વાર બામદાદથી તે અરધી રાત સુધીમા ફરી વળે તેટલો હતો ! તે ટેકરો જોવામા ગોયા તમામ જેહાનની ચીજ લાવીને ત્યા એક પાહડ બનાવ્યો હોય તેવો હતો. તે સામનમાથી માહ-રાજા મેહેરાજે એક હીસ્સો પોતે રાખ્યો અને બાકી ત્રણ હીસ્સા તમામ ઇરાની તથા જાબુલી લશ્કરને બક્ષ્યા. ત્યા એક હફતા લગી હરરોજ નવી

જ્યાફત તે તમામ લશ્કરને આપી ઘણા દહાડાની લડાઇની ચઢેલી થાકથી આસુદા કીધા એ મિસાલ એશ અશરતમા એક હફતો તમામ થયો ત્યારે જહાપેહેલવાન ફેરશારપે માહરાજા મેહેરાજને કહ્યુ જે "ઓ માહ-રાજા ! આ ફત્તેહ ફીરોજગારી જે મળી છે અને દુશમનને પુરી શિકસ્ત દીધી છે તે તમામ મુશ્કેલઆશાન પાદશાહ જોહાકના રોશન બખતના ઝલકાટે થયુ છે. વાસ્તે હવે જે કાંઈ તારૂ બીજુ કામ હોય તે મને ફરમાવ કે તે કામથી તારી મોરાદ માફક કરી આપીને હુ ઇરાન તરફ જાઉ. અય માહરાજા ! અગર હવે પછીથી તને કોઈ કામ આવી પડે તો શેતાબ મને બોલાવજે ! હુ તારી ખેદમતમા હાજર છુ ! દુરદરાજ રાહાનો કશો અંદેશો કરતો નહીં" એવા દિલાસાના સખુન સાભળીને માહરાજા મેહેરાજ કેહેવા લાગ્યો કે 'અય જહાપેહેલવાન ! મારો તો પાદશાહથી તુ અને સીપેહ-સાલારથી તુ બલ્કે એક મરતબે તને મારો ખોદા કરી કેહું તો તેમ કેહવુ પણ મને સજાવાર છે—એ વખતમા તુ નામદાર પેહેલવાનની મરદાનગીના શાહચાથી મારા હાથમા હીદુસ્તાનનો મુલક કાયમ રહ્યા અને મારી રાજધાણી દુશમનના લશ્કરથી જીરજબર થતી બચી છે. પણ હવે એક કામ એ રહ્યુ છે તે એ બહુ તો આપણા હાથમાં આવ્યો પણ એનો એક છોકરો તથા ભાઇ છે તે સરનદીપ શહેરમા બેસીને દમર કરે છે તે વાસ્તે આપણે ત્યા જઇ મરદાનગીએ કરી તેઓ પાસેથી સરનદીપ શેહેર મેલાવયે" એટલુ કહીને પછી બહુના લશ્કરમાથી ઇરાની લોકો બદીવાન દાખલ જેઓને પકડી લાવ્યા હતા, તેમાથી જે કોઇએ માહરાજા મહેરાજ સાથે બેઅદબી તથા શોખી કીધી તેઓને સુલી ઉપર ચઢાવ્યા અને જે કોઇએ આજેજી અને મીનત કીધી તેઓને જીવતદાન બક્ષીને કહાડી મેલ્યા રાજા બહુને એક પાહાડ ઉપર સખત કીલ્લો હતો ત્યા બધ કીધો અને તે ઉપર માહરાજા મેહેરાજના પુરા નેક ખાહ હતા તેની ચોકી મેલી. પછી તમામ લશ્કરનો મુસારો ચુકવી આપીને માહરાજા મેહેરાજ તમામ વાતથી ફારેગ થયો. જહાપેહેલવાને માહરાજાની મરજી સરનદીપ ઉપર ચઢાઈ લઇ જવાની જોઈ તેથી તેણે માહરાજા સાથ

સગનદીપની તરફ કુચ કરી તે રાહ દરમ્યાન આગળ જતા દરીયાવના કીનારા ઉપર એક જજીરો હતો ત્યા જઈ પોહોચ્યા

દરિયાવની પડોસના જજીરા મધેની અજાયબ હકીકત.

જજીરામા ઘણાક પાહાડ તથા તેના જગળમા તમામ ઝાડ અગરના તથા જલગુજા બદામના હતા તે જગ્યાના પાહાડમા હીગ તથા કુથીરની ખાણુ બેશુમાર હતી તેના જગલમા નાપાક નેગનાશ દેવનુ રેહેઠાણુ હતુ ત્યા એક તરફ દરિઆવ ા કિનારો આવેલો હતો, તે કિનારા ઉપર હમેશા દરિયાવના પાણીના મોજા આવતા હતા તે દરિયાવ કિનારા ઉપર બે શુમાર પાદશાહી મોતી ભરેલી શીપ પડી હતી તે જોઇને તમામ લશ્કરે તે શીપ ફાડી તેથી તમામ લશ્કરના હાથમા બેશુમાર મોતી આવ્યા તે દરેક મોતી એક પાદશાહી લાયક કીમતનુ હતુ ' ત્રીસ હજાર મોતી પાદશાહોના તાજમા જડવા લાયક હતા તે તમામ મોતી એકઠા કીધા તે જોઇને જહાપેહેલવાન ઘણો ખુશી થયો તે પેહેલવાને તેમાથી ચોથો હીસ્સો માહરાજા મેહેરાજને નજર કીધા તે પણ માહરાજાએ પાછા જેહાપેહેલવાનનેજ બક્ષયા તે દરિયાવની ગરદ આગળ ચાલ્યા તો રાહમા જતા એક પાહાડ આવ્યો તેનુ નામ "જાન ઓહોમ" કરીને હતુ તે પાહાડ ઉપર સર્વેએ આશાએશ લીધી સગનદીપની નજદીક બીજો એક પાહાડ ઘણોજ બુલદ જગલ તથા ખેતીવાન લોકોથી ભરેલો દીઠો ત્યા એક હજાર દરિયાવમાથી મોતી કાહાડનાર દરિયા કિનારે ઉભેલા હતા તેમાથી ઘણાક આદમી દરિયામા શીપ કાહાડવા ઉતરેલા અને કેટલાએક આદમી તે કિનારા ઉપર બેસીને શીપમાથી મોતી કાહાડે છે તેઓ નજદીક જહાપેહેલવાન કેરશાસ્પ તથા માહરાજા મેહેરાજ બાજે પેહેલવાનો સાથે તમાશો જોવા ઉભા તે મોતીમાથી જે કાંઈ જહાપેહેલવાનને પસદ આવ્યા તે તેણે લીધા બે લાખ મોતી કરતા બી જ્યાદા તે તારાઓ પાસેથી લઈને તે તમામ માહરાજા મેહેરાજ નજદીક મેલ્યા. માહરાજાએ

કહ્યુ કે "મારી પાસ એવા મોતી ઘણા છે વાસ્તે એ મોતી બી તુ નામવરનેજ બક્ષ્યા" જેહાપેહેલવાને તે મોતી લશકરને બક્ષ્યા એવામા જેહાંપેહેલવાનના લશકરમાથી એક પોકાર ઉઠયો કે એકાએક જગલની જમણી તરફથી બે દેવ તેમા એક નર તથા બીજી માદાએ દોડતા આવી આપણા લશકરમાથી આદમીઓ ઉઠાવી જગલ તરફ લઈ જઈ ફાડી નાખ્યા છે. એ હકીકત સાભળી જેહાપેહેલવાને શેતાબ બખ્તર પેહેર્યુ અને હાથમા ગોરજ પકડી તે જગલ તરફ જવાનો એરાદો કીધો તેથી એક શખ્સ તે જગ્યાનો વાકેફગાર હતો તેણે જગી કેરશાસ્પને કહ્યુ કે "એ પોકાર થાય છે તેની તરફ દલેરી કરીને ના જતો એ દેવની વસ્તી છે કે જે "નશનાશ" કરી કહેવાય છે એ દેવો ઊંચાઇમા મિનારા મિસાલે અને બદન ઉપર ગોસ્પદના જેવા બાલ ધરાવે છે તેની પેશાની લાલ તથા રોખશારો જર્દ હોય છે એ નાપાક 'નશનાશ' દેવોને ચાર આખ હોય છે તેમા બે આખ સર્વે કોઇની મિસાલ મોહોડા ઉપર અને બે આખ પીઠ પછ્વાડે હોય છે, એ 'નશનાશ' દેવો નર તથા માદા આ જગલમા રહે છે ખાધામા હાથીનો ખોરાક રાખે છે એક હાથીમાથી ફકત બે 'નશનાશ'નો ખોરાક થાય છે, જબરી ભુખના રાખનાર તે દેવો છે એ દરેક દેવ લડાઇ વખતે એકસો પેહેલવાનના જેટલુ જોર રાખે છે તેમજ દોડવામા અરબી ઘોડા કરતા ઘણા તેજદાર છે" એ સખુન સાભળીને જગી કેરશાસ્પે તે મરદને ફરમાવ્યુ કે "તુ આગળ ચાલ અને મને તે નશનાશ દેવોની રાહ દુરથી દેખાડ, કે હુ મારા ભારી ગોરજે કરી એક લેહેજામા તે નાપાક દેવોથી એ જગલ પાક કરી નાખુ અગર જો એક લાખ નશનાશ એકઠા થઇને મારી નજદીક આવશે, તોબી હુ તેથી ડરનાર નથી અને તેમાથી એક પણ નશનાશને સલામત જીવનો જવા દેનાર નથી"

એટલુ કહીને પેલા મરદ સાથે જહાપેહેલવાન આગળ ચાલ્યો કે પેલા બે નશનાશે તેને દીઠો કે તે બધે એકઠા થઈ દોડતા આવી કેરશાસ્પની આસપાસ ફરવા લાગા, એવામા જહાપેહેલવાને દોડી જઇને તે બન્નેના હલકમા ખજરના જખમ મારયા તેથી તેઓ હલકમાથી તે છેક

દુતી લગી ચીરાઈ પડયા ! તેના સર પોતાના લશ્કરમા લાવી બીજા પેહેલવાનોને દેખાડયા તે જોઈ સર્વે કોઈ અજબ થઈ જેહાપેહલવાન ઉપર આફ્રીન કરવા લાગ્યા પછી જેહાપેહેલવાન કેરશાસ્પે હોકમ કીધો તેથી તે નશનાશના ચામડા ઉખેડીને કીસ્તીમા લઈ જઈ મેલ્યા માહારાજા મેહરાજે તો બધી મળીને હરએક તરફથી બીજી કીસ્તી મગાવીને એકસો સાઠ કીસ્તી ઇરાની લશ્કરને હવાલે કીધી બીજી એકસો સાઠ કીસ્તી ઉપર માહરાજા મેહેરાજ પોતાના લશ્કર સાથે સવાર થયો તે કીસ્તી દરિયાવમા જોરથી ચાલવા લાગી, તેથી ગોયા તે દરિયાવમા એક પાછળ એક ગોયા પાહાડ જોરથી ચાલતા હોય તે રવેશ તે કીસ્તી નજર આવતી હતી તેની ચાલની નજદીક જાણે વાદળખી પોહોચી શકતુ નહીં હોય, એ રવેશે કીસ્તી ઉપર સવાર થઈ માહરાજા મેહરાજ ને જહાપેહેલવાન કેરશાસ્પ પોતાના હીંદી, ઇરાની અને જાબુલી લશકર સાથ શ્રી સરનદીપ તરફ આગળ ચાલ્યા.

કેદ પકડાયો રાજા બહુ કેરશાસ્પને હાથે તે ખબર તેના બેટાને થયાથી તેણે લડાઇનો અસબાબ તૈયાર કીધો તે દાસ્તાન.

હેકાયત એવી જાહેર આવી છે કે તે તરફ બહુનો બેટો તથા બહુનો ભાઈ એ બે જણા બહુના હોકમથી શ્રી સરનદીપની નેગેહબાની વાસ્તે રહ્યા હતા તે બે જણને કાંઈ મીનાકેશો પેદા થયો તેથી બહુનો બેટો હરેક વાતે દગાથી પોતાના કાકાને મારવા ચાહતો હતો તે કાકો પણ પોતાના ભત્રીજાને મારવા સારૂ વરૂ મિશાલે કમીગાહ કરી રહ્યો હતો. કાકા ભત્રીજા દરમ્યાન મીનાકેસો ઉઠયાથી બન્ને જણાએ આમનસામન લશકર એકઠુ કરીને ભારી લડાઈ કીધી, પણ આકેબત બહુનો બેટો ગાલેબ થયો તેથી તેણે પોતાના કાકાને મારયો અને પોતે પાદશાહી

તખ્ત ઉપર બેઠો એવામા તેને ખબર પડી કે તેનો બાપ રાજા બહુ માહરાજા મેહેરાજના હાથમા કેદ પકડાયો છે એ ખબર સાભળી પોતાના બાપના દરદથી ઘણો ગમગીન થયો તે તે આફતભરી ખબરથી એક હફતા લગી શોકમા બેઠો હફતો તમામ થયો ત્યારે તેણે ઘણુક લશકર તૈયાર કીધુ અને ખજાનાનો દરવાજો ખોલી સર્વે લશકરને સરેબદી આપી પછી એકસો કીશ્ની મગાવી તે ઉપર સવાર થઇને માહારાજા મેહેરાજ તથા જહાપેહેલવાનની સામે લડાઇને વાસ્તે આગળ ચાલ્યો આગળ એક પાહડ હતો, ત્યા જઈ પોહોચ્યો કે પેલી તરફથી માહરાજા મેહેરાજ તથા જહાપેહેલવાન કેરશાસ્પ સાથે મોકાબલો થયો બને તરફ લડાઇનો સામાન તૈયાર થવા લાગ્યો ત્યારે જહાપેહેલવાને કીનાની કમર બાધીને ઇરાની લશકરમાની સાઠ કીશ્તી પોતાની સાથે રાખી અને સર્વે કોઇએ નેજા તથા તલવાર ઉઠાવીને નગરાના આવાજ કરાવ્યા તેથી જેમ લડાઇના મેદાનમા સવારોના ઘોડા જોલાન કરે તે મિસાલ દરિયાવમા કીસ્તીઓ દોડવા લાગી ત્યા આદમીના લોહીએ કરી તે દરિયાવની માહીના બીગડાએ પરવાલાની મિસાલે લાલ રગ પકડયો જે મિસાલ પતજડીના વાયેકરી બાગમા પાકેલો મેવો ઝાડ ઉપરથી ખરી પડે તે મિસાલ આદમીના સર તથા હાથ પગ કીસ્તીમા પડતા હતા ડાબી જમણી તરફથી લોહી ભરેલી તલવારનો વરશાદ વરસવા લાગો તેથી હરએક કીસ્તીમા આદમી લોડના ટેકડા થવા લાગા થોડાકવારમા એટલુ તો લશકર મારયુ ગયુ કે તે દરિયાવમાની માહીઓને છ મહિનાનો ખોરાક થયો આ વખતે જહાપેહેલવાન કેરશાસ્પ એક કીશ્તી ઉપરથી બીજી કીસ્તી ઉપર અને બીજી પરથી ત્રીજી પર કુદતો હતો અને પોતાના ભારી ગોરજે કરી આદમીઓના મગજ ફોડી નાખતો હતો એમ કરતા હીંદી "જગાવે"ની કીસ્તી તરફ તે જઈ પોહોચ્યો તેને શેતાબ ઉઠાવી લઇને તેના તનને મગરમછના મોહડામા સોપ્યુ ! દરિયાવમા દુશ્મનના લશકરની એ લડાઇમા જેહાપેહેલવાને ચાલીશ કીસ્તી ખાલી કીધી, તે રસ્તાખેજ જોઈ બીજા હીંદી લશકરે પોતાની કીસ્તીના મોહ સરનદીપ તરફ કરી નહાસવા માડયુ તેનો દુંબાલો ઇરાની લશકરે લીધો તેમાથી ચાલીશ કીસ્તી લશકર તથા સામાન તથા હથ્યાર ભરેલી પકડીને ઘણું

જબરદસ્ત સીપાઇઓને ઠાર મારયા અને ઘણાકને કેદ પકડયા. તેમાથી હીંદુ જીજબી સલામત ગયા બાકી તમામ ને દરિયાવની જગમા ખપ્યા, કેદ પકડાયા તથા જખમી થઇ દરિયાવમા ગરક ગયા. એ ખબર સરનદીપમા સર્વ કોઇને થઇ તેથી તમામ શેહેરમા માહેતમ પડી રાજા બહુના બેટાએ જોયુ કે હવે દાહડો પુરો બરગસ્તે થયો તેથી પોતાના ખેશકબીલાને લઇ કીસ્તી ઉપર સવાર થઇને જગબાર તરફ હબશીના પાદશાહ પાસે શરણે ગયો અને સરનદીપ શેહેર છોડયુ

જગબારના હબસીઓની હકીકત.

જગબારના હબસીઓના તન ઉપર બે કપડા રેહેતા હતા, એક ગરદન ઉપર તથા બીજુ કમર ઉપર તે શેહેરમા કોઇ શખ્સ પાસે ઘોડો નહીં અને કોઇને સવારી કરવાનો શોખબી નહીં લડાઇને વખત તેઓના હાથમા હથિયારની જગ્યાએ માહીના કાટા તથા લાકડાના ટુકડા તથા પથર એ ઉપરાત બીજા હથિયાર પણ તેઓ પાસે મળે નહીં તે હબસી લોકોનો જે પાદશાહ હોય તેને એક બુલંદ તખ્ત ઉપર બેસાડીને ચાર હબસી તે તખ્તને ઉઠાવીને જે જગો જવુ હોય ત્યા લઇ જાય પાદશાહના કળાવત લોકોના હાથમા તબોગની જગા લાકડી સાથે તુમડી બાધીને વાજત્ર બનાવેલા ! પાદશાહ પોતાની ખાસ બાહેધરીમા કોઇને પોતાના શેહેરમા બોલાવે ત્યારે તેની પાસે પોતાની ગરદન ઉપરની લુગી તથા પોતાના હાથની અંગોઠી મોકલતો હતો તેથી બીજા આદમીઓને પુરો એતેબાર આવતો કે પાદશાહે મારી બાહેધરી ખરા દિલથી કીધી છે! એ તે જગબારના મુલકની રસમ હતી હવે તે જગબારના પાદશાહને બહુના બેટાની ખબર થઇ કે તે રાજા બહુનો જબરો બેટો જગી કેરશાસ્પથી આજેજ થઇને નાઠો છે તેથી એ જગો પનાહ પકડવા આવ્યો છે એ ખબર સાભળીને જગબારના પાદશાહે શિતાબ પોતાની ગરદન ઉપરની લુગી તથા અંગોઠી બહુનો બેટો જે શરણે આવ્યો તેની

પાસે મોકલી, કે તે ખાતર જમેથી રાજધાણીમા આવે પોતાનું તખ્ત મોકલ્યુ તે તખ્ત ઉપર તેને બેસાડી ચાર હબસી ઉડાવી તેને ઘણીક આબરૂથી લાવી પાદશાહના તખ્તની નજદીક ઉતાર્યો, ત્યારે તે હબસીના પાદશાહે તેને ઘણોક દિલાસો દઈ નવાજ્યો. એમ કરતા તે બહુના બેટા ઉપર જગબારના પાદશાહની મેહેરબાની ઘણી થઈ તેથી પોતાના તમામ લશકરના સીપેહસાલારો ઉપર તેને બુઝર્ગી આપીને લશકરનો તમામ તાલુકો તેને સોપ્યો તેને પોતાની બેટી સાથે નેકા કરાવ્યા ત્યારે બહુના બેટાની ખાતરનીશા પુરી થઈ કે હવે મને એ પાદશાહથી દગો મળે એવો કશો ડર રહયો નહીં તેની સાથે બેશકબીલાના બીજા લોકો હતા તેઓએબી બીજા દરબારના ઓધ્ધેદાર હબસીઓની બેટી સાથે નેકા કીધા.

જધ્ધ પોંહચવુ જંગી કેરશાસ્પનુ શ્રી સરનદીપ માહારાજા મેહરાજ સાથે.

પેલી તરફ જહાપેહેલવાન કેરશાસ્પ તથા માહરાજા મેહેરાજ લશકર સાથે સરનદીપ શેહેરની નજદીક જઈ પોહોચ્યા ત્યારે તે શેહરના દાનવ હતા તે સર્વે એકઠા થઈ ઘણોક હદીઓ લઇ માહરાજા મેહેરાજ તથા જંગી કેરશાસ્પ નજદીક એસ્તેકબાલ આવ્યા, અને તમામ નજરાણું નજર કરીને તેઓ ઘણી આજજી તથા મીન્નતથી કેહેવા લાગ્યા કે "અય નામદાર માહરાજા! અય નામદાર જેહાંપેહેલવાન! અગર બદબખ્ત બહુએ નિમકહરામી કરીને તારી સામે કમર બાધી પણ હમો સર્વે એ વાતથી નાખુશ હતા તે રાજા બહુને બુઝર્ગી આપી પોતાના તમામ શેહેરોમાથી જે ઘણું બુલંદ શેહેર સરનદીપ તેને બક્ષ્યુ પણ હમો તો તે વખતબી તુ નામદારનેજ હમારો પાદશાહ કરી જાણતા હતા તે નાપાક બહુ તો પોતાની નિમકહરામીના બુરા ફેલે કરી ગેરફતાર થયો તેની જગોએ તુ હમો બેગુનાહ લોકો ઉપર કીનો શા વાસ્તે રાખે છે? અગર તારી મરજીમા એમજ આવતું હોય જે તમામ શેહેરને ખરાબ

કરૂ તો અવલ એ જગોથી હોકમ કરી હમારા સર કાપી નખાવ, પછી શેહેરમા જઇને હમારા બાલગોપાલ બચા કચા ઉપર જે ચાહે તે કર ! અગર હમોને જીવતદાન બક્ષ યા જીવથી માર ! તુ પાદશાહ છે જે તારા નેક અંદેશામા આવે તે કર !" એ મિસાલે તે લોકોની જબાનથી આજજી ભરેલા શબ્દ સાભળ્યા તેથી માહરાજા મેહેરાજને દયા આવી માહરાજા જેહાપેહેલવાનને કેહેવા લાગ્યા કે 'એ લોકો જે કેહે છે તે તમામ દરોસ્ત છે ખોદાતાલાની ખલકની શી તકસીર ! જે બદ કેરદાર હતો તે તો ખુદ બદીમા ગીરફતાર થયો નામદાર જેહાપેહેલવાન ! આજથી શ્રી સરનદીપ શેહેર મે તુને બક્ષ્યુ તેથી જે તુ નામદારના મનમા નેક સુઝે તે મિસાલ એ તાલુકાની હાકમીને ખલકતનો ફડચો કર. મગર શેહેરના લોકોની કાઇ તકસીર નથી" એ સખુન સાભળીને જેહાપેહેલવાને તે લોકોની તકસીર માફ કીધી તેણે પોતાના ખજાનામાથી કેટલીક નાદર ચીજો મગાવીને તે લોકોને સરપાવમા બક્ષી પછી પોતે તથા માહરાજા મેહેરાજ પોતાના તમામ લશકર સાથે તે શેહેરમા દાખલ થયા અને રાજા બહુના ખજાનામાથી ઘણોક ખજાનો લશકર પાસે લુટાવ્યો એ મિસાલ શ્રી સરનદીપનો કબજો લઇ બીજો જે ખજાનો તથા ઘણી નાદર ચીજો હતી તે માહરાજા મેહેરાજે જેહાપ-હેલવાન તથા ઇરાની લોકોને બક્ષેશ કીધી સરનદીપના રાજ મેહેલમા માહરાજા તથા જેહાપેહેલવાન એક મહિના લગી મીજલસ મમારીને હર-રોજ જીયાફત કરી શરાબની જામ ઉડાવવા લાગ્યા. એક મહીનો તમામ થયો પછી એક મુબારક દાહડો જોઇને જેહાપેહેલવાન ફેરશારપ "શદરહુ" નામનો એક પાહાડ શ્રી સરનદીપની નજદીક હતો તે તરફ ચાલ્યો તે પાહાડને વાસ્તે એમ કહે છે કે, હકતાલાએ આદમને પોતાના બેહેસ્તથી દુર કીધો ત્યારે પ્રથમ એ પાહાડ ઉપર તે જમાનામા ગીરફતાર આદમ ઉતર્યો તેની પગની નીશાની હજુ તે પાહાડ ઉપર છે. એક આદમીના સીત્તેર કદમ થાય તેવુ તેનુ એક એક કદમ છે ત્યા જેહાપેહેલવાન જઇ પોંહોચી જેયુ શુ કે પાહાડ ઉપર હજાર તરેહની રેહાન તથા ભાતભાતની ફુલ, ત્યા ફુલના ઝાડ ઉપર બુલબુલ તથા બીજા જાનવરો શરોદ કરતા

હતા હર તરફ મીઠા પાણીના ચશમા તથા નેહેરો જારી હતી તે પાણીમાં માહી પરીજાદી મિસાલ તરતી હતી તે જગો બેશુમાર અગર તથા કપુરના ઝાડ હતા તે પાહાડ ઉપર જરી રંગનુ ઘાસ ઉગેલુ હતુ નીલગાવ યાને જે ગાયનું ગોબર અંબર કેહેવાય છે તે તથા કસ્તુરીના રંગના હરણુ ત્યાના ચમન દરમ્યાન ચરતા અને રમતા દીસતા હતા

જઇ લાગો જેહાંપેહેલવાન કેરશાસ્પ આદમના કદમની નજદીક ત્યાં એક બ્રાહમન શેવડા સાથે કેટલીક પુછપરછ કીધી તે હકીકત

(સવાલ પહેલો.)

તે પાહાડ ઉપર એક બ્રાહમન ઘણા વરસનો બુઢો હતો, તેના તન ઉપર હાડકા ને ચામડી સીવાય કાંઇ બીજુ હતુ નહીં તેનુ તન તમામ ઝાડના પાતરાએ કરી ઢંકાએલુ હતુ તે બુઢાને જોઈ તાજુબ થઇ નામદાર જહાંપેહેલવાન કેરશાસ્પ તેને બાજે સખુન પુછવા લાગો કે—'એ વાકી પીર ને સાચા દીલના મરદ! એ બેહેશત મિસાલનો પાહાડ કોણ નામદારથી છે? અને એ ઉપર કોણના કદમની એ નિશાન છે?"

એ સખુન સાભળીને તે બ્રાહમન કેટલીક દુઆ કરી કહેવા લાગો કે "તુ એ જગોએ ઘણીક અજાયબ તથા મેવા અને કપુર તથા અગર તથા ભાતભાતના ફુલના ઝાડ જોય છે તથા તરેહવાર જાનવરો જોય છે તેનો સબબ એ છે જે એ જગો આદમનુ મુબારક કદમ ફર્યુ છે તેથી એ પહાડ ઘણો ખુશ તથા તમામ ચીજે ભરેલો છે બાવા આદમના કદમની નિશાન એ જગ્યા છે, કે જે તુ આગળ ચાલતા જોશે આપણુ સાધારણ આદમી લોકોના સીતેર કદમ અને બાવા આદમનુ એક કદમ બરાબર આવે છે એ જગોથી દરિયાવ બે કોશ દુર છે તે જગો આદમ જવા ચાહતો હતો." તો બે દગલામા તે દરિયાના કીનારા ઉપર જઇ ઉભો રેહેતો હતો તેની ચાલ બી લાબી હતી બીજી અજાયબી એ છે કે

હરેક રાતને વખત એક વાદલ દરિઆવમાથી ઉચ્યુ આવી પોકાર કરીને એ આદમના કદમ ઉપર વરશીને શેતાબ જતુ રેહેતુ ! તે બીજી જગા ઉપર એક કુતરો પાણીનો નાખતું નહીં ! બેહેશતમાથી આદમ પ્રથમ એ જગા ઉપર ઉતર્યો તે દહાડેથી હાથ મારીને હમેશા મોતીની મિસાલના આસુ વરસાવતો હતો એ રવેશે ૨૦૦ વરસ રડયા કીધો હતો તે તોબાઓ જારી કરીને હકતાલાથી પોતાની તકસીરની માફી માગતો હતો. ૨૦૦ વરસ તમામ થયા અને તેની જારી તથા ફરિયાદ કુદરતનો ખાવંદ જે હકતાલા છે તેની દરઘાહમા પોહોચી ત્યારે તે સાહેબે પાક સરોશને વધાઇ આપીને આદમની નજદીક મોકલીને બસારત કીધી કે હવે તારા દીલની મોરાદ રવા થઇ, વાસ્ને એ રવેશે પોકાર તથા જારી કરવાથી તુ હાથ ઉઠાવ ! હકતાલાનો એ રીતનો પેગામ આદમે સાભળ્યો ત્યારે તે ખુશીમા આવીને હરરોજ જે આસુ વરસાવતો હતો, તે કરતા પણ જારી તથા ફરિયાદ વધુ કરવા લાગ્યો તેની આખમાથી બેશુમાર પાણી જમીન ઉપર પડયુ તેથી એ ખુશનુમા સુનેરી રગનુ ઘાસ એ જગોએ ઉગ્યુ છે તથા આગળ બસો વરશ જારી કીધી તેના આસુ આદમની આખમાથી એ જમીન ઉપર પડયા તેથી તમામ ફુલ તથા ભાતભાતના ઝાડ એ જગા ઉપર ઉગ્યા છે* પેલી તરફ જ્યારે આદમની ઓરતને "જુદા" શેહેરની નજદીક એક પાહાડ હતો તે પાહાડ ઉપર ઉતારી હતી, તેથી તે આદમની ઓરત બી હમેશા ગમગીન રેહેતી હતી તેને ખાણુ ખાવાની હાજત થતી ત્યારે દરિયામાથી માહી પકડીને તેને આફતાબના તાપથી પકાવી ખાઇને પોતાનુ ગુજરાણુ કરતી હતી ! બસ તે રાત દીન પોતાના ખાવીંદની યાદ ને જુદાઇમા રડયા કરતી હતી હવાની જુદાઇના ગમમા આદમ બી જારી કરતો હતો, એમ કરતા હકતાલાએ મુબારક કદમના સરોશ સાથે એક પથર યાકુતની મિસાલનો શુરખ નામે 'ખાને આબાદ" તેઓ ઉપર મોકલયો તે પથરને સરોશે લાવીને તમામ જેહાનના નાહબમા યાને વચમા મેલ્યો ને હોકમ કીધો કે તમામ એતેકાદથી એ

* સરખાઓ બુનદેહેશ, બાબ ૧૪ મો ત્યા કહે છે કે જ્યારે "ગાવ્યોદાદ" મરણ પામ્યો ત્યારે તેના મગજમાથી ૫૫) જાતના અનાજ ઉગ્યા, તેના સાંધડામાથી મેવો, નાકમાથી ગાજર, લોહીમાથી દરાખ, ફેફસામાથી સપેન્દ પાલો વગેરે ઉગી નીકલ્યા

પથરની પરશતેશ કર આદમને એક હજાર વરશ તમામ થયા ત્યાર બાદ એ જેહાનથી આદમને હકતાલાની દરઘાહમા જવાનો હોકમ આવ્યો ! યાને ગુજરવાનો વખત નજદીક પોહોચ્યો તે વખત સરોશે આદમને ફરમાવ્યુ કે પથરમા તુ તારી ઓરત સાથે મળ, પછી તારો વાકો થશે, ને તુને હકની દરઘાહમા લેવામા આવશે ' એટલુ કહીને 'જુદા" જવાનો રસ્તો દેખાડયો તેથી આદમ ત્યા જઇને પાછો પોતાની મોહરદાર સાથે મળ્યો પછી આદમનો વાકો થયો ત્યારે સરોશે કફન લાવીને તેને દફન કીધો તેના દોખમાની તે નિશાન છે, જો કે તે દોખમાના એ હીસ્સાતો દરિયાવમા ગરક ગયા છે, જ્યારે આ જેહાનમા "નુહુ" પેગમ્બરનુ આવવુ થયુ ત્યારે એ જગોએ રહીને તેણે આદમના હાડ બાહાર કાઢીને 'દજહુત ગગ' નામના પાહાડ ઉપર દફન કીધા એ પહાડ ઉપર તે આદમના કદમની નિશાન છે તેથી એ પાહાડ ભાતભાતના ફુલ તથા ગોહરે કરી ભરેલો છે એ પાહાડ કરતા જેહાનમા કોઈ બીજો પાહાડ મોટો નથી. એ જગા શિવાય બીજી જગોએ યાકુતની પેયદાયશ નથી બીજી જગોના દરિયાવમા મોતીની પેદાયશ ઘણી છે પણ એ પાહાડની પાસેના દરિયાવના મોતીની બરાબર કીંમત પામતા નથી એવા બેકિમત મોતી એ સમુદ્રમા નિપજે છે "

પુછ્યુ જહાંપેહેલવાન કેરશાસ્પે પેલા બ્રાહમનને અને જવાબ દીધો બ્રાહમને કેરશાસ્પને તે હકીકત.

(સવાલ બીજો)

જેહાપેહેલવાન કેરશાસ્પે બ્રાહમનને પુછ્યુ કે "એ યજદાપરસત બુઝર્ગ ! હુ એ જગાથી ઉત્તર દશાની તરફ નેગાહ કરૂ છુ ત્યારે તે તરફ મારી નજરમા ઘણોક અજાયબ દેખાવ નજર આવે છે તે શુ છે ? "

બ્રાહમનને જવાબ દીધો, કે "અય પાક અકલના જવાન ! ઉતર તરફ આબાદી તો કમ છે પણ ત્યાથી બસો કોસ દુર એક ઝાડ છે તેને તરેહવાર ફળ તથા ફુલ લાગે છે, ત્યા હસતી જુદીજ જાતના આદમીઓની છે તે લોકોનો ખોરાક મેવો તથા ઘાસ છે. તેઓની સુરત તથા

મોહ તથા હાથ તથા પગ તમામ આદમી મિસાલે છે, પણ તેઓના તન ઉપર દુમબાની મિસાલે ઉન છે ! તથા એક બીજો ટોલો છે તેઓને સરથી તે કમર લગી બાલ છે તેઓના તન સફેદ કાગજની મિસાલના અને મોહ શીહા હબસીની મિસાલના છે ! તે લોકો બેગાના અદામીને જોએ છે કે તુરત જંગલ તરફ નહાસે છે તેઓ દોડવામા પવનથી બી જયાદા તેજી રાખે છે તે જંગલમા અગર, કપુર તથા મજીઠના ઝાડો બેશુમાર છે ત્યા એક જજીરો ઘણો ભારી છે, જેમા ઘણાક આદમી જોરાવર તેમજ ખુની, સેતમગાર અને આજારના દેનાર રહે છે. તે જગો કોઇ બીજી જાતનુ બેગાનુ આદમી જાય છે તેને શેતાબ મારી લે છે જજીરાની નજદીક એક ભારી જંગલ છે તેમા ઝાડના પાતરા કરતા બી વરૂ તથા હાથી વધુ રેહે છે તે જજીરાના આદમીઓનો ખોરાક થઈ રેહે છે, ત્યારે કેટલાક આદમીઓ એકઠા થઇને તે જંગલમા જઇ કમીગાહ કરી કેટલાક હાથીને મારી શેતાબ પવન મિસાલ પાછા આવી તે જજીરા ઉપર પોતાની જગોએ કરાર કરે છે, સબબ તે જગોના હાથી જયારે એક હાથીને મુવેલો જોય છે, ત્યારે પોકાર મારે છે જેથી આસપાસથી બીજા હાથી દોડતા આવીતે જંગલની જમીન જેરોજબર કરી નાખે છે અને આસપાસના ઝાડોને પોતાના દાતે કરી ભાજી નાખી સુંઢે જડમેખથી ઉખેડી નાખે છે તે હાથી સુસ્ત થઇને પાછા જંગલમા જાય છે કે પેલા લોકો પાછા જજીરા ઉપરથી જંગલમા જઇને પેલા ભાગેલા ઝાડ ઉપરથી મેવો તોડી લઇને ખાય છે ને જગા ઉપર કાંઈ ખેતીવાડી કરતા નથી ત્યા કાંઈ પણ અનાજ પાકતો નથી તે લોકોનો ખોરાક તે હાથીના ગોસ્તનો છે, તેના બીછાના પણ હાથીના ચામડાના છે તે લોકો મરણ પામે છે ત્યારે તે મરનારની સગાથે પથર બાધીને તેને સમુદરમા હોમે છે તેઓના રેહેઠાણની આસપાસ એક ફરસંગ સુધી હાથીદાત અને વરૂના હાડકા વગર બીજુ કાંઈ જોવામા આવતુ નથી. હીંદુસ્થાનમા બેશુમાર દવાઇ આવે છે પણ એ જગોના જેટલી ગુણકારી તથા ફાયદામંદ દવાઇ બીજી જગોની નથી

પુછયું જહાંપેહેલવાન કેરશાસ્પે પેલા બ્રાહ્મનને અને જવાબ દીધો બ્રાહમને તે હકીકત.

(સવાલ ત્રીજો)

જહાંપેહેલવાન કેરશાસ્પ તે બ્રાહમનને પુછવા લાગ્યો કે, "એ દાના મરદ ! તુ એ જગોએ એકાંત એકલો શા વાસ્તે બેઠો છે ? અને તારા ખોરાક તરીકે તુ શું ચીજ લાવે છે ? પેહેરવાસમાતો ઝાડના પાતરાં ઓઢીને તુ બેઠેલો છે"

બરેહમને જવાબ દીધો કે, "આ પહાડની ઉપર વીસ વરશ થયા હુ બેઠેલો છુ મારો ખોરાક તથા પોશાક ઝાડના પાતરા અને ઘાસ છે હું કોઇનો ઓસ્યાલો નથી મારૂ કામ પાક યજદા શિવાય કોઇ બીજા સાથે નથી હુ રાત દિન તે બારે હક્તાલાની બદગીમા બેઠેલો છુ મારેથી કોઇને રંજ પોહોચતો નથી તેમજ મારી ઉપર કોઇનો જુલમ પણ નથી એ ઉપરથી તારે નહી જાણવુ કે આ જગોપર હુ એકલો બેહીંમત બેઠો છુ પણ મારો હીમાયતી તે સાહેબ છે તે સાહેબથી હુ એટલી અકલ ધરાવુ છુ કે જ્યારે મારૂ દીલ ગમ ભરેલુ થાય છે ત્યારે અકલે કરી સબર કરૂ છુ એટલે મારો સઘળો ગમ દુર થાય છે જે તનમા ફરબે હોય તેને ખાધા વગર ચાલે નહી પણ મારા તન ઉપર તો માત્ર હાડકા ને ચામડા શિવાય બીજુ કાંઈ નથી વાસ્તે મને ખાધાનીબી હાજત રેહતી નહીં આ દુનિયા એક જવ બરાબરબી કીંમત રાખતી નથી તો એ દુનિયામા આદમીજાતને ખાધા તથા પેહેરવામા ઘાસ ગનીમત છે. સારો ખોરાક ખાવા ઉપર ખાયશ કરીને તનને શા વાસ્તે ફરબે રાખવું જોઇયે ? શુ આકેબત તે તનને જાનવરોનો ખોરાક કરાવવા ખાતર ? અય જહાંપેહેલવાન ! પોતાના તનને પાલીને ફરબે કરયે તે કરતા પોતાના રવાનને પાળી ફરબે કરવું તે બેહેતર છે. જે કોઇએ નેક અંદેશાએ પોતાના રવાનને પાલ્યુ તો તન તો આખેર કોઈ વખત મરવાનુ છે પણ તેના રવાનને હરગેજ મરવાનુ નહીં આપણુ તન ગોયા બદીખાનાની

મિસાલ છે તે બંદીખાનામાં ત્વાનને બંધ કરી રાખ્યે છીયે, તો હવે તું અંદેશો કર કે જે બંદીખાનામાં પડયો હોય તેની ચોકીને વાસ્તે આદમી હુસ્યાર રહે છે તેમ એ તન બંદીખાનાની મિસાલનું કે જેનું મુલ કોઈ એક મુઠી ખાકથી નહીં આપે તે ઉપર નાહક રંજ ખેંચી પોતાને દોજખી કરવો એ વાજેબ નથી તું પોતાના તન ઉપર તથા આ જેહાન ઉપર શા વાસ્તે મોહબત કરે છે? તારી સાથે એ તન તથા એ જેહાન એમાથી એક પણ હરગેજ આવનાર નથી એ જેહાનમાં નેકી તથા બદી ભરેલી છે બાહેરથી જાહેરમા દોસ્ત તથા અંદરથી દુશ્મનની મિસાલે છે. એ જેહાન ગોયા મેવા તથા ફુળ ભરેલા બાગની મિસાલની છે આદમી જાતે એ ઉપર પોતાનું દીલ બાંધ્યું તો એ જેહાન પોતાનો રંગ તથા ચેહેરાને ફેરવી નાખતા વીલંબ લગાડની નથી એવી એ જેહાન બેવફા છે અગર તારી પાસે પાદશાહોના જેવા ઊંચા પોશાક હોય તો તે ઉપર તું નાઝ ના કર, સબબ એક દીન તું કાગ અને બીજા જાનવરોનો ખોરાક થશે ને સઘળું છોડીને તે દીનનો તું અંદેશો કરતોજ નથી. તું આ દુનિયામા ચારા તથા રંજ ખેંચી ઘણોક ગંજ એકઠો કરે છે પણ આકેબત તે ગંજ કોઈ બીજાના હાથમા જશે અને તું તો એક નાચાર આદમીની મિસાલ ખાલી હાથે જતો રેહેશે વાસ્તે એ દાનામર્દ! સર્વ વાને અંદેશો કરીને ચાલ અગર જો તું ચાહે કે મને બન્ને જેહાન હાથ આવે તો પાક યજદાની યાદમા હમેશ મશગુલ ને ખડો રેહે!"

પુછયું જહાંપેહેલવાન કેરશાસ્પે પેલા બ્રાહમનને હકતાલાની હસ્તી વાસ્તે અને જવાબ દીધો બ્રાહમનને કેરશાસ્પને તે હકીકત.

(સવાલ ચોથો)

જહા પહેલવાન કેરશાસ્પે પુછ્યું કે 'બાતેન, જાહેર તથા છુપામાં ખોદાતાલાની હસ્તીનો શાહેદ કોણ છે? તેની નીશાન શું છે? તેની

તારીફ કેમ કર્યે ? તુ તેને દુનિયામા પોતાનો રાહનુમા હાકેમ જાણે છે ? તે માટે જે કાઇ તું જાણુતો હોય તે મને બ્યાન કરીને કેહ ! એ ખોદા-તાલા તો જીવ તથા અકલ કરતા બરતર છે તે જેવા ભેદ ભરપુર સાહેબને શી ચીજે કરી સારી તરેહથી પીછાન્યે ?"

બ્રાહામને જવાબ દીધો કે 'ખોદાતાલાની આપેલી જે પાક અકલ છે તેનાથી જાણુવુ જે આસમાનથી તે જમીન તલગ જે કાંઈ ચીજ છે તે પાક યજદાની હસ્તી ઉપર ગવાહ છે એ ગવાહીઓ રાસ્ત બોલનાર છે પણ ખામોશ છે યાને તે તમામ કુદરત પોતે જબાનથી બોલતી નથી આસમાન, સેતારા, તથા આદમીઓમા ચાર ચીજ મલી છે, તે સર્વ કોઇ નીચે તથા ઊચે પોહોચે છે, ને હરએક શાયતમા બીજી તરેહ ફરે છે તેથી જો બાહારનો વખત આવે છે ત્યારે એ દુનિયા એક શાયતમા જુવાન તથા બુઢી થાય છે તથા એક લેહેજામા આસમાન પોતાનો રગ જુદી જુદી રવેશનો પકડે છે તે રાત દીન સુલેહ તથા કીનાના કામ ઉપર છે, તથા એ દુનિયામા મોત તથા જીદગી તથા બદી તથા નેકી તથા ગમ તથા ખુશી એ તમામ ઉપજ નીપજ જે ઉપર લખી છે તેથી એ દુનિયા એકદમ ખાલી નથી એ તમામ હોનારત હમેશા ગરદેશમા છે તો એ સર્વે હકતાલાની હસ્તીની ગવાહીજ છે, યાને સર્વે ચીજનો પેદા કરનારો હકતાલા છે એ હકતાલાની જયારે તેં હસ્તી જોઈ ત્યારે એ સાહેબને એક પોતાની જાને હસ્તી કરી જાણ અને બાકી સર્વ ચીજ ફના જાણ ! બેશક હકીકતનો તુ જીનહાર ઇનકાર કરતો નહીં. જયાં સુધી તુ અવ્વલ તેને પીછાણશે નહીં ત્યા સુધી તારા દીલનુ ગુમાન ભાગશે નહીં તારા મગજમાથી ગુમાન ઉડી ગયુ તો તે હકતાલાજ તને હર તરફથી રેહેનુમાઇનો રસ્તો દેખાડનાર થયો જાણ !"

પુછયુ કેરશાસ્પે પહેલી પેદાયશન વાસ્તે કે તે શી રવેશે બની?–અને જવાબ દીધો બ્રાહમને તે હકીકત.

(સવાલ પાંચમો)

જેહાપેહેલવાને ફરીથી બ્રાહમનને પુછયુ કે "અય દાનાઇ તથા

અકલના ભરેલા બુઝર્ગ મરદ! પાક યજદાએ એ જેહાનને શા થકી બનાવી અને તેને એવુ શુ કામ આવી પડયુ જે ખાસ કરી એ જેહાન બનાવી અને આસમાન તથા સેતારા ફરતા કીધા!"

બ્રાહમનને જવાબ દીધો કે "એ નામદાર પેહેલવાન! ખોદાતાલાએ અવ્વલ એક ગોહર તોખમનુ પેદા કીધુ અને પછી તે તોખમને ખાલેસ કીધુ અને પોતાની રોશનીના તાપે કરી પીગળાવીને ખાલેશ પાણીની મિસાલ કીધુ. પછે તે તોખમ જોશના તાપે કરી આતશ તથા પવન પેદા કીધો તે આતશની ઓખારે આસમાન પેદા કીધુ છે અને તે ઉપર સેતારા પેદા કીધા તેની મુઝમાથી પાહાડ તથા ગાર કીધા તથા જમીન તેના કફની કીધી આગળ દાના લોકો થઇ ગયા તેઓથી મે બીજી રવેશે સાભળ્યુ છે કે હકતાલાએ પ્રથમ અકલ પેદા કીધી અને અકલ દરમ્યાન રાખીને પોતાનો હોકમનો દાએરો તે અકલની આસપાસ ખેચ્યો* અને તેમા જીવનુ ગોહર જાહેર કીધુ જીવ પછી ચાર ચીજ, તેમા એક પવન તથા બીજી ખાક તથા ત્રીજુ પાણી તથા ચોથો આતશ એમ તે ચાર અનાશરો પેદા કીધા તે ચાર ચીજ પછી આસમાન તથા સેતારા પેદા કીધા તે પછી એક જુમબેશ પેદા કીધી તે જુમબેશે જ્યારે હલવાથી કરાર પકડયો ત્યારે પછી તેમાથી સરદી જાહેર થઇ તેજ જુમબેશમાથી ગરમી પણ નિકળી તે ગરમીથી ખુશકી પેદા થઇ અને શરદીમાથી તરી પેદા થઇ ખુશકી તરી સાથે મળી તેથી જમીન ખુશકી તથા સરદી ભરેલી પેદા થઈ, પછી ખુશકીમાથી ગરમી નિકળી અને સરદી તથા ગરમીમાથી પાણી જાહેર થયુ—એ રવેશે દુનિયા તથા તેમા આબાદી કરીને આદમી ઉપર પેગમ્બર ગોયા રાહનુમા મિસાલ ખબર દેવા મોકલ્યો કે નેકી તથા બદીથી સર્વે કોઇને તે ખબર કરીને રાહનુમાઇ કરે જે રોશનીની તરફ યાને ખોદાની રાહ ઉપર ચાલે તે શખ્સ ગુનાહથી પાક થાય અને તેના ગુજર્યા બાદ તેના રવાનનો હીસાબ શુમાર કરે અને તેને

---

* બુનદેહેશ (બાબ ૧ લા) મા કહે છે કે હોરમજદે પેહેલા બહમન યાને અકલ પેદા કીધી જેનાથી આ દુન્યાની વૃધી જારી થઇ

તમામ ગુનાહથી પાક જોય કે હકતાલાના હોકમથી તે શખ્સને રોશન બેહેસ્તની તરફ જગો આપે જે ઊધા બખ્તનો ગત દીન ગુનાહનાજ કામો કરી ઉમર ગુજારતો હોય તેનો હીસાબ શુમાર કરે તેને ગુનેહગાર દેખે તો શેતાબ તેને શીહા જગોનો હોકમ થાય છે યાને દોજખમા તેની જગો મુકરર થાય છે તે નાપાક શીહા મોહડાને ચીનવદ પુલ રાહ આપતો નથી તે નાપાક પોતાના બુરા ફેલે કરી કયામત લગી દોજખમા હેરેમનની સાથે મકાન કરી ભાતભાતના આજાબ દેખે છે, વાસ્તે પનોતો તે શખ્સ કે જેનો જીવ ગુનાહથી પાક હોય, તો એ જેહાનથી ગુજર્યા પછી રોશન બેહેસ્તમા પોતાના શોખથી શોરખરૂ થઈ ચાલીને જાય દુનિયામા એક ટોલો દેહેરીઆ લોકોનો કહેવાય છે તે બેવકુફ લોકો એમ કહે છે, કે આસમાન તથા જમીનનો પેદા કરનાર કોઈ છેજ નહીં. એ દુનિયા તો હમેશથી ચાલતી આવે છે તે એજ રવેશે ચાલ્યા કરશે ગુનાહ તથા સવાબ એવુ કાંઇ હોયજ નહીં ગુનાહ તે શુ ? અને સવાબ તે શુ ? એ તો તમામ ફાફા છે. એ વિગેરે તે નાપાક ગુમરાહ લોકો ઘણાક નાલાયક સખુન બોલે છે કે એ દુનિઆતો પોતાની મેલેજ છે। એનો બનાવનાર કોણ છે ? એ રવેશે કહે છે પણ તે કમબખ્ત લોકોને એટલી સમજન પડતી નથી કે એક ચીજ કયારે તૈયાર થાય કે તેનો કોઇ પેદા કરનારો કારીગર હોય તો ચીજ બને, અગર નહીં તો પોતાની મેળે તે ચીજ બનતી નથી "

પુછયુ કેરશાસ્પે બ્રાહમનને અને જવાબ દીધો બ્રાહમને તે હકીકત.

(સવાલ છઠો)

પુછ્યુ કેરશાસ્પે કે "એ જગાથી ખાશે શેહેર કહેવાય છે તે કયું છે ? કે બુલદ પાહડની નીચે એક શેહેર આબાદ છે અને તે શહેરને વચે દરિયાવ અને તે દરિયાવના કીનારા ઉપર એક જગલ ડરામણું છે તે

જગલમા આદમીઓની વસ્તી છે પણ આખરે જગલમા એકાએક એક મસ્ત હાથી આવીને પેલા આદમીઓમાથી બાજે આદમીને ઉઠાવી લઈ જાય છે જે કોઇ પાસે કીસ્તી તથા રાહનો તોશો યાને સામાન હાજર હોય છે તે શખ્સ ખુશી સાથે પેલે પારના શેહેરમા જઇ બેસે છે પણ જેની પાસે કીશ્તી તથા રાહનો સામાન જમાવ નથી તે શખ્સ પેલા દરિયાવમા ગરક થઇને પેતાના ખેશથી દુર પડે છે તે જગલમા જે કોઇએ ખેતીવાડી કીધી હોય તેનો નફો પેલે પારના શેહેરમા જાય ત્યા મલે છે તે શેહર ક્યા છે ?"

એ સખુન સાભળીને દાના બ્રાહમન કેરશાસ્પને કહેવા લાગો જે "એ જેહાપેહેલવાન! જે શેહેર વાસ્તે તે પુછ્યુ તે શેહેર તે પેલી જેહાન અને જગલ તે આ જેહાન છે તે દરમ્યાન દરિયાવ તે જમીનથી તે આસમાન લગીની હવા છે મસ્ત હાથી તે મોત છે ખેતીવાડી તે નેકી બદી છે કીશ્તી જે છે તે અકલ છે તોશો જે છે તે સવાબ છે અને ખેતીવાડીનો બદલો તે એ છે કે આ જેહાનમા જે કાઇ કર્યે તેવો તેનો નફો તે જેહાનમા પામ્યે વાસ્તે તુ હરદમ હરએક સાથે નેકી કરતો રેહેજે'

પુછ્યુ કેરશાસ્પે બ્રાહમનને અને જવાબ દીધો બ્રાહમને તે હકીકત.

(સવાલ સાતમો)

જેહાપેહેલવાન કેરશાસ્પે બ્રાહમનને પુછ્યુ કે ' કોઈ બે ઘોડા કેહેવાય છે તેમા એક ઘોડો સફેદ તથા બીજો કાળો તે ઘોડા હમેશા દોડમાજ રેહે છે તે બન્ને ઘોડા એક સાયતમી કરાર પકડીને ઉભા રેહેતા નથી તે ઘોડાઓના સવારોબી હમેશા ઘોડાઓને ડપટાવીને પોતાની રાહ આપે છે, પણ જોઇએ ત્યારે એક સવાર આગળ અને બીજો સવાર પછવાડે રેહે છે તેઓ પોતાની જગો ઉપરજ રેહે છે આગળ ચાલતા નથી તે શુ છે ?"

જવાબ દીધો બ્રાહમને કે "બે ઘોડા તે દાહડો અને રાત છે તેના સવાર તે દુનિયાના મધળા આદમી છે તેની રાહ તે આપણુ લોક ઉપર છે અને આપણુ લોકોમાથી કોઇ તે જગો ઉપર પોહોચે છે અને બાજે તેથી બેનસીબ રહે છે"

એ જવાબથી કેરશાસ્પે ખુશી થઇને ફરીથી પુછ્યુ, "એક મેહેલ જે હમેશા ફરતો છે, જેનો ફરશ જગો ઉપરથી હીલતો નથી, તેના શેહેનમા ચાર અજદહા એકઠા ભેલા થઇને બેઠા છે તે ચાર અજદહાથી દુનિયામા કોઇને આજાર નથી પણ કોઈ વેળાએ વળી જીવથી ખલાસીબી નથી તેના ફરશ ઉપર એક સુફરો ખાણાનો સમારીને ખુમચો મેલયો છે અને તે સુફરાના ખાનાર બેશુમાર લોક છે તે શુ છે?"

બ્રાહમને જવાબ દીધો કે "જે મેહેલ કહયો તે આસમાન છે. ફરશ તે જમીન છે તે ફરશ ઉપર સુફરામા લાખો તરેહનુ ખાણુ છે તે તમામ આદમીની ખલક છે જે ચાર અજદહા પુછ્યા તે ચાર અજદહાથી સર્વે કોઈ બધમા છે તે અજદહાથી કોઇને આજાર નથી મગર તે ચારોમાથી એક જોશ કરે તેથી આદમીને નુકસાન કરે છે તે ચાર અજદહ તે પવન, ખાક, પાણી તથા આતશ છે એ ચારથી દુનિયાનો બંદોબસ્ત ચાલે છે એ ચારથી કોઇ શખ્સ જીવથી બેઆજાર નથી, પણ જ્યારે એ ચારમાથી એકુબી ચીજ ગલબો કરે ત્યારે આદમીના જીવને નુકસાન કરે છે એક ગજને વાસ્તે પુછ્યુ કે તેમા છુપા મોતી બેશુમાર છે અને તે ગજમા બીજા મોતી ઉમેરિયે તોબી ભરાતો નથી તેમ ગમે એટલો કાહડયે તો પણ તે ખાલી થતો નથી, તે ગજ તે દીલની આરસી છે. યા દીલ છે તે આરસીની મિસાલનુ છે તેણે કરી બે જેહાનને જોઈ શકયે એ દીલમા અકલનો ગજ છે"

પુછ્યુ કેરશાસ્પે અને જવાબ દીધો બ્રાહમને તે હકીકત.

(સવાલ આઠમો)

આદમીની પેદાયશને વાસ્તે પુછ્યુ કેરશાસ્પે બ્રાહમનને કે "બાજે

આદમીઓ કહે છે કે અવલ આદમનુ તોખમ મીટી છે તથા બાજે લોકો કહી ગયા છે કે હકતાલાએ આદમને એક ઝાડની અંદરથી પેદા કીધો* અને પછી ફરેસ્તાઓને ફરમાવ્યુ તેથી તે ઝાડને ફાડયુ તેમાથી આદમ બાહેર નિકલયો ! એ વાત અજબ લાગે છે કે ઝાડ આદમીજાતને જન્મ આપે એ સખુન અકલ પસંદ નથી, વાસ્તે એ* બ્રાહમન એ વાત ઘણી સખત છે તેથી અગર તને એ માલમ હોય તો મને કહે ?"

બ્રાહામને જવાબ કેહેવા લાગ્યો કે "આસમાન તથા જમીન તથા બીજી ચીજની કશી નીશાન હતી નહીં તેને જે સાહેબે પેદા કીધી તો ઝાહડમાથી આદમને પેદા કરે તેમા અજાયબી નથી એક ચીજ જોયાથી અજમ લાગે છે પણ એ તમામ અજાયબી આપણ આદમીજાતને લાગે છે તે બનાવ બનાવવો એ કુદરતના સાહેબ હકતાલાને કાંઈ મુશ્કેલ પડતુ નથી જેણે કાંઇ ચીજ હતી નહીં તે ચીજને ગયબથી જાહેર કીધી તો એક ચીજમાથી બીજી ચીજ કરે તેમા અજાયબી શુ છે ? વાસ્તે હકતાલની કુદરતથી બને એ વાત દરૂસ્ત છે અગર તારી ખાતરમા ઉતરે કે આપણી તથા આદમની પેદાયશ મીટીથી છે તો આદમને તો હકતાલાએ પોતાને હાથે પેદા કરીને તેણેજ પોતાના બેહેસ્તમાથી બાહેર કાહડી મેલ્યો હતો તે તમામ વાત તો દરૂસ્ત છે પણ કોઇને કેહેતા આવડતુ નથી. હુ કહુ તે સાભળ કે આ જહાન એક બુલંદ ઝાડની મિસાલની છે, તેની જડ જમીન છે તેની શાખ આસમાન છે બેશુમાર સેતારા એના ફુલ છે. તમામ બીજી પેદાયશ એના પાતરા છે, તથા આપણ આદમીજાત તેના ફળ છીયે ઉપર આદમને વાસ્તે લખ્યુ છે કે આદમને ઝાડમાથી પેદા કીધો તો તે ઝાડ તે એ જેહાન છે જે પણ તોખમ જમીનમા નાખ્યે તેજ તોખમ ઉગે. આદમનુ તોખમ ઝાડથી હોય તો આદમ પોતે બી ઝાડજ હોતે પણ તે ઝાડ તે એ જેહાનનો અંદાજો લીધો. તેના ફળ આદમી જાત છે આદમીની પેદાયશ બેશક મીટીથીજ છે એ

* માણસનુ પહેલુ જોડકુ મશીઅ અને મશીઆને "રીવાસ" નામના ઝાડની મીસાલે જમીનમાથી ઉગી નીકલ્યું એમ બુનદેહેશ (બાબ ૧૫) જણાવે છે.

ચાત એ જગી જવામર્દ દરૂસ્ત કરી જાણુજે!"

પુછયુ કેરશાસ્પે અને જવાબ દીધો બ્રાહામને તે હકીકત.

(સવાલ નવમો)

જહાપેહેલવાન* કેરશાસ્પે પુછયુ કે 'અય અકલના દરીઆવમાથી મોતીના કાહાડનાર! યાને ઘણી અકલના રાખનાર બુઝર્ગ! પ્રથમ તમામ ચીજ કરતા બેહેતર કઇ ચીજ છે? તથા તે ચીજ કઇ કે તેને જાણી નહીં શકયે? આ જેહાનમા આપણને ઘણુ નજદીક શુ છે? તથા ઘણુ દુર શુ છે! આપણો ઘણો નેક દોસ્ત કોણ છે? અને હરએક દરદ કરતા તનદરૂસ્તી શા સબબે હોય છે' ભલી અકલ તે કઇ છે' જે આદમીની કીર્તી ફેલાવે છે ને નામવાર કરે છે? તે અકલની તરફ જવાનો રસ્તો કીયો છે? કોણનુ દીલ હમેશા ગમગીન રહે છે? પોતાના જીવ સાથે આજારથી નચીંત કોણ છે? તે ચીજ કઇ કે તેને હરગેજ મદદગાર હોયજ નહીં' તે ચીજ કઇ કે તેના દોસ્ત ઘણા હોય? દુનિયા દરમ્યાનમા ઘણુ નેક તે શુ? તે ચીજ કઈ કે તે જોય તે ફરીથી આવે નહીં? આપણમા ઘણુ કમનર શુ? તથા તે ગોહર કયુ કે દુનિયાના તમામ ગોહરો કરતા બરતર છે? તે ચીજ કઇ કે લોહોડા કરતા ઘણી સખત હોય? આદમીઓમા ઘણુ બદબખ્ત આદમી કોણ? શીહા ચીજ કરતા ઘણું શીહા તે શુ છે' હકતાલાથી બેદર કોણ શખ્સ છે? ભારીમા ભારી તે કઇ ચીજ છે? જોરાવરમા જોરાવર કોણ છે? રોજી ને અકલને કઇ ચીજ ઘટાડે તથા કઇ ચીજે કરી આદમી જાતને ઘણો ગમ પોહોચે છે"

જવાબ દીધો બ્રાહમનને જહાપેહેલવાન કેરશાસ્પને કે 'અય બુઝર્ગ આનદાનના જહાપેહેલવાન! તારી નેક પુરશેશના જવાબમા સાભળ કે

* દાનાવ મરદ અને "મીનો ખેરદ" સાથે જે સવાલ જવાબો થયા હતા તેને લગભગ મળતા સવાલ જવાબો કેરશાસ્પ તથા બ્રાહામન વચ્ચે અત્રે થયલા જોવામા આવે છે

અકલમા મોટી અકલ તે છે કે જેનાથી અવ્વલ હકતાલાને પીછાણ્યે, એ જે ચીજ પુરી જાણી નહીં શકયે તે હકતાલાની બુઝર્ગી તથા ખુબી છે. આપણી ઘણુ નજદીક આપણુ મોત છે તેથી આપણને હરગેજ ખલાસી નથી આપણુથી દુર તે છે કે જે ચીજ ગુજરી ગઈ આ જેહા-નમા બે ચીજ ઘણી નેક છે, તેમા એક જવાની તથા બીજી તનદરૂસ્તી જે ચીજ જાય છે તે પાછી આવતી નહીં, તે જવાની ગયલી પાછી આ-વતી નથી તનને દર ઘણુ ખાણુ બેઅદાજે ખાધાથી હોય છે ભલો દોસ્ત તે કે પોતાની ખુશ ખસલત અને નેક કેરદાર કીનાના લેનાર દુશ-મન કરતા બી બદ તે પોતાની બદ ખસલત પોતાના જીવ સાથે બદીથી નચીંત તે શખ્સ છે કે દુનિયામા સર્વે કોઈ સાથે સલુક રાખી નેકીથી ચાલે આદમી ઘણુ ગમગીન બે ચીજથી તથા બે આદમીથી હોય તેમા એક ચીજ તો એ જે પેદાયશ થોડી અને ખરચ ઘણો હોય તથા બીજી ચીજ એ જે હરેક કામમા ખતા દેખે. બે આદમીઓમા એક તો નાપાક બદકાર ઓરતનો ખાવદ તથા બદફેલ અને બુરા ફરજદનો બાપ એના જેવો ગમગીન બીજો કોઈ નહીં ઘણી સખાવતનો કરનાર તે શખ્સને જાણવો કે જે બક્ષેશ કરતી વખત કોઇને કહી નહીં જણાવે અને હાજ-તમદ આદમીને માગવા કરતા છુપી રીતે અગાઉથીજ આપે દુનિયામા ઘણો નેકનામ તેને કહયે કે જેના ફયલ નેક અને બોલવુ રાસ્ત હોય ઘણો દીલગીર તેને જાણવો કે જેને અદેખાઈ તથા લોભ ઘણો હોય જે કોઇ શખ્સ બીજા આદમીની નેકી તથા સારૂ દેખીને અદેખો પડે તે શખ્સ ગોયા પોતાને હાથ આતશમા બળીને મરે છે અને ઘણો તવગર તે છે કે જે કાઇ વખત ઉપર મળી આવે તે ઉપર સબર કરે ઘણો બુઝર્ગ તે છે કે પોતાના બાપદાદાના નામને બુઝર્ગીથી બોલાવીને પોતે એવા કામ કરે કે તમામ જેહાન તેની ખુબી બોલે ઘણો જોરાવર તે શખ્સ છે, કે જે જ્યારે ઘણો ગોસ્સો તથા ઝનુન આવે ત્યારે ધ્યાન પોહોચા-ડીને બરદાસ્ત કરી જાય—તથા જેહાન દરમ્યાનમા ત્રણ ચીજને ઘટાડે છે તેમા પ્રથમ એક શરમ આદમીની માલ મતાને ઘટાડે છે. બીજી મગ-રૂરી રોજીને ઘટાડે છે અને ત્રીજી આલસાઈ અકલને ઘટાડે છે શીહામા

શીહા તે છે કે જે શખ્સ પોતાની દીન ઉપર એતબાર લાવે નહીં અને પોતાની દીનની મશકેરી કરે તથા પાક યજદાના શુકરાના નહીં બજા લાવે, તે શખ્સના દીલ જેવું બીજુ શીહા કોઈ નથી લોહોડા ને પથર કરતા બી ઘણુ સખ્ત તે બેશરમ અને બખીલ આદમીનુ દીલ છે. તમામ ગોહરોમા ઘણુ બેકીમત ગોહર તે રોશન અકલ છે જેમ તેને તુ ચલાવા માગે ત્યા અકલ ચાલી શકે, જો પોતાને બેહેસ્તમા લઇ જવા ચાહયે તો અકલનુ ગોહર બરતર છે અગર જો અકલ જ્યાદા હોય તો એવા કામ કર્યે કે આ જહાનમા નેકનામી રેહ તથા પેલી જહાનમાં બેહેસ્ત પામ્યે હકતાલાના દરથી નચીંત તે શખ્સ હોય કે જ્યારે આ જહાનથી પોતાનો અસબાબ ઉઠાવે યાને એ જહાનથી ગુજરે ત્યારે તેને કાઈ ગુનાહ કીધો નહીં હોય તે મરદ બેદગ છે બદ તથા ગુમરાહ શખ્સ તેને જાણવો કે જે શખ્સ પોતાના પેટને વાસ્તે ફકીરી લેબાશ પેહેરીને રાત દીન લાલચ રાખે પણ તેનો બદલો બે જહાનમા ગમગીની વગર બીજો જોય નહીં

જેહાપેહેલવાન કેરશાસ્પ, જે કાઇ મને ખબર હતી તે મે તારી નજદીક રાસ્તીથી બયાન કરી કહ્યુ હવે જો એ કરતા તુ નામદારમા બીજી નેકી તથા ખુબી હોય તો પાક યજદાથી દરીને હર એક રીતે દુનિયામા નેક કામ કરતો રેહેજે! મને તારા ચેહેરાથી માલમ પડે છે કે તુ પોતે જાતે દાનાવ તથા ઘણો અકલમદ છે. બીજા બ્રાહામન બાજે નસીહત કરનાર દાનાવ છે તે કરતાબી તુ બેહીસાબ દાનાવ ને દુરઅદેશ છે."

જગી કેરશાસ્પ બ્રાહામનનાં ચરણે પડી આગળ ચાલ્યો, રાહમાં તેણે બીજી ઘણીક અજાયબ ચીજો દીઠી તે તથા એક જજીરાનો હેવાલ.

બુઢા બ્રાહામને જે વર્ણન કહી સભળાવ્યુ તે સાભળી પેહલવાન

કેરશાસ્પે તે ઉપર ઘણીક આફ્રીન કીધી પછી પોતે આજેજીથી કેહેવા લાગ્યો કે "અય દાનાવ બ્રાહામન! તારી દાનાઈ ભરી નસીહત સાંભ-ળ્યાથી મારી અકલ રોશન થઇ અને જે અકલ મારામા હતી, તેથી જ્યાદા અકલ હુ તારાથી શિખ્યો, પણ તારાથી એક ઉમેદ રાખુ છુ કે તુ પોતાની પાક અકલ સાથે પોતાના સરને હકતાલાની બંદગીમા ખાક ઉપર મેલે ત્યારે તુ મારે વાસ્તે માગજે કે મારો જે કાંઇ ગુનાહ હોય તે પાક યજદા મને માફ કરે આગળ રાહ ઘણી સખત છે તેમા મને હકતાલા મદદગાર થઇને શેતાબ મને મારા વતન જાબુલસ્તાનમા પોહો-ચાડે" એટલુ કહીને નામદાર કેરશાસ્પે પોતાના બેહુ દીદામાથી પાણીના કતરા વરશાવ્યા અને બુઢા બ્રાહામનના કદમને બોસા દઇ ત્યાથી આગળ ચાલ્યો, અને પોતાના લશ્કરની તરફ કીસ્તી ઉપર આવ્યો જેહાપેહેલવા-નની કીસ્તી ઉપર એક નાખોદા હતો, તે નાખોદા દરિયાવ તથા જજીરા-ઓની રાહમા ઘણો ખબરદાર હતો. તે તમામ દરિયાવની ખબર રાખતો હતો જે અમુક દરિયાવમા અમુક ચીજ છે અને અમુક જજીરામા અમુક છે તે બાજે સેતારાઓની ચાલબી જાણતો હતો જે જગ્યા દરિયાવમા પાણીની અજમાએશ કરવી પડતી તે જગાની હવાની તે પોતે ખુશબો લઇને કેહેતો કે એ જગોએ પાણી કમ છે યા જ્યાદા છે જ્યારે દરિયાવમા તોફાન થતુ ત્યારે તે નાખોદા પાસે એક જામ હતી જે તે પાણીએ ભરતો અને આરસીમાથી જેમ તમામ તન તથા ચેહેરો નજર આવે તે મિસાલ તે જામમાથી જે કાંઇ બનવાનુ હોય તે પેલા નાખો-દાને નજર આવતુ ત્યારે તે બીજા લોકોને ખબર કરતો કે અમુક બનાવ બનશે એવા હુસ્યાર નાખોદાને માહરાજા મેહેરાજે બોલાવીને જેહાપેહેલ-વાન કેરશાસ્પને હવાલે કીધો અને કહયુ કે "અય નાખોદા! તમામ હીંદુસ્તાનના સાગર માહસાગર તથા જજીરામા તુ ફરેલો છે" માહરાજા મેહેરાજ તથા જેહાપેહેલવાન લશ્કર સાથે આગળ ચાલ્યા તો રાહમા એક જજીરો ઘણીએક ખુશ હવાભરેલો હતો ત્યા જઈ પોહોચ્યા તેનુ તમામ જંગલ મેવાએ ભરેલુ હતું મીઠા પાણીના ચશમા હતા ને આસ-પાસ ઘણીક જાતના ખુશબોદાર ફુલના ઝાડ હતા તે જજીરાની જમીન

એવી તો ખુશી ભરેલી હતી કે અગર જો તમામ જેહાનનો ગમખાર આદમ તે જગ્યે જાય તો તેજ વખત તેનુ તમામ દીલ ખુશી ભરેલુ થાય ત્યા વરસાદે કરી હવા સખી લોકોના હાથની મિસાલ હતી જઝીરામા હરતરફથી રામશગરોના, તઐારાના તથા શાકી લોકોના અવાજ આવતા હતા પણુ કોઈ રામશગર તથા શાકી તે જગો નજર આવતુ નહીં!—જાણે ગોયા તે જગલ પરીજીની મીજલસ હોય એવી તલેસમાતી હતી કે કોઇને તે રગરાગ નજર આવતો નહીં હતો તે મિસાલ તે જગાના લોકોબી કોઇને નજર નહીં આવતા હતા ત્યા હર વખત પોકાર ઘણો ઉઠતો કે ' અએ સાકી લોકો શરાબનો દોર શેતાબ ફેરવો"—એ ગ્વેશના પોકાર સાભળીને જેહાપેહેલવાનના દીલમા અજાયબી લાગી તે ઘણો ઘભરાઈ ગયો પોતે હર જગો ફરતો અને કાન કરતો હતો જે એ આવાજ કયાથી આવે છે? પણુ કોઈ આદમી કે મોર્ગ યા પરી કે દેવ તે જગ્યાએ નજરે આવ્યુ નહીં તે રામશગરો તથા વાજીત્રના અવાજ કમ નહીં થતા હતા તે તમાશો જોઇ જેહાપેહેલવાન કેરશાસ્પ ઘણો અજબ થઈ નાખોદાને પુછવા લાગ્યો કે "એ અજાયબ ભેદ શું છે?" તે બુઢો નાખોદા કેહેવા લાગ્યો કે "રોજે અવલથી તે આજ લગી એ ભેદ કોઇને માલમ નથી પડયો" ત્યાર પછી તે શીહા રાતને વખત તે જગલમા દુરથી એક રોશન ચેરાગની રોશની મિસાલની રોશની નજર આવી! તે રોશનીને વાસ્તે જેહાપેહેલવાને ફરીથી પેલા નાખોદાને પુછ્યુ. ત્યારે તે નાખોદાએ જવાબ દીધો કે "એ જગા દરિયાવમા એક ગાય ઘણી મસ્ત રેહે છે તે ગાય રાતને વખત દરિયાવમાથી બાહેર નિકળે છે અને એક ગોહર રોશન ચેરાગ મિસાલનુ પોતાના મોહોડામાથી જગલમા જમીન ઉપર મેલે છે તે ગોહરની રોશનીશી કરી તમામ જગલમાં તે ગાય ચારો ચરે છે. બામદાદનો વખત થાય છે ત્યારે શેતાબ તે ગોહર પાછુ પોતાના મોહમા લઇને દરિયાવમા જઈ પડે છે કોઈ વખત શેર તથા ચીતા અથવા કોઈ શેકારી આદમી કમીગાહ કરીને તે ગાય તરફ જાય છે ત્યારે તે શેકારી આદમી તથા ફાડી ખાનારા જનાવરનો, વાસ ત્રણુ વાર દુરથી એ ગાયને પોહોચે છે તેથી શેતાબ દોડતી જઇને

દરિયાવમા પડે છે" એ અજાયબી સાભળીને કેરશાસ્પ ઘણોજ અજબ રહયો તે જગો એક રાત રહીને જેહાપેહેલવાન બામદાદને વખત લશકર સાથે કીનારાની રાહે ખુશકીમા આગળ ચાલ્યો જયા એક જજીરો ઘણોક ચમત્કાર ભરેલો હતો ત્યા તે જગી જઇ પોહોચ્યો તે જજીરાની પાસે એક દરિયાવ હતો, તેમાંથી બેશુમાર અમબર તે જગો પડેલુ તથા તેની પાસે એક જજીરો દીઠો, જેની આસપાસ માહરાજા મેહેરાજ તથા જેહા-પેહેલવાન તમામ લશકર સાથે ફરયા તે જજીરાની જગાનુ ઘાસ ઝેરી દીઠુ યાને તે ઘાસ એવુ જે કોઇ પણ તે ખાય તો ઝેહેર લાગે પણ ત્યાજ બીજી તરફનુ ઘાસ એવુ કે જો ને ઝેરી ઘાસ ઉપર તે ખાય તો શેતાબ ઝેર ઉતરી જાય ! તે જગાએ કેરબાની પેદાયશ બેશુમાર હતી, પણ તે જગા એવી અજાયબ જેવી હતી કે પથરોમાથી ભાતભાતના ફુલ ખીલેલા અને તેની ખુશબો એ ફરસગ લગી જતી તે પથરમાથી તરેહવાર મેવો નિકળેલો જે મેવો તમામ લશકરે ખાધો પછી તેની નજદીક એક જગલ વાસ, ઝાડ તથા પાણીએ ભરેલુ દીઠુ તે પાણી જે કોઇ પીતુ તેને જલદ શરાબ પીએ ને કેફી થાય તે મિસાલની કેફ ચહડતી હતી બલકે બેઅખ-ત્યાર થઇ જમીન ઉપર પડતા ને કઇક વારે પાછા પોતાની હોશમા આવતા હતા તે જગો એક એવી જાતનુ ઘાસ હતુ કે તે ઘાસને જે હાથ લગાડે તો તે શખ્સને તેજ વખત બેશુમાર ઉઘ આવતી ! તેથી તે કેફી આદમીની મિસાલ જમીન ઉપર લેટી જતો હતો તે ઘાસને પકડનારો શખસ તેને હાથમાથી નાખી દેતો ત્યારે તેજ વખત હુશયાર થતો તથા એક બીજુ ઘાસ સફેદ રગનુ જેના ફુલ લાલાના ફુલ ફગતાબી શોર્ખ રગના હતા તે ઘાસ બામદાદથી તે આફતાબ ગરક થતો ત્યા લગી શીહા ધુવાના રગની મિસાલ નજર આવતું હતુ તેજ ઘાસ શીહા રાતને વખત રોશન ચેરાગની મિસાલ નજર આવતુ ! ત્યા એક બીજી જાતનુ ઘાસ એવુ હતુ કે જે મિસાલ ચમકનો પથર લોહોડાને ખેચી લે તે મિસાલ તે ઘાસ સુનાને પોતાની તરફ ખેચી લેતુ હતુ ! ત્યા તે જગો ઘણુાક પથર પડેલા હતા, તે પથરને જે હાથમા પકડતો તે શખ્સ તેજ વખત ભુઢા આદમીની મિસાલ વાંકો વળી જતો હતો અને જયારે તે પથરને હાથમાથી નાખી દેતો ત્યારે તે પાછો સીધો થતો હતો ત્યા

એવી તરાહના ફુલ હતા કે જે કોઇ તે ફુલની ખુશબો લેતુ તે ભાગ પીધેલા આદમીની મિસાલ બે અખત્યાર હસ્યા કરતું હતું ત્યાંજ એક બીજી જાતના ફુલ એવા હતા કે જે કોઈ તેને સુંઘતુ તે વગર હાય અફસોસે માહેતમ કરી જાર બેજાર રડતો હતો ! એ વગેરે બીજી તરાહના એટલાં તો અજાયબ જેવા ફુલ હતા કે તેની તારીફ થઇ શકે નહીં. જે કોઇને ખાયશ થઇ તે શખ્શોએ તેમાના કેટલાક ફુલ પોતાની પાસે મુસાફરીની અજાયબી તરીકે લઇ રાખ્યા—ત્યાંથી આગળ ચાલતા કેટલાએક ટેકડા અમબરના દીઠા તે અમબરનો એક એક ટુકડો હાથી બરાબરનો હતો. વજનમા એક એક કટકો એકસો મણને અંદાજે હતો ! તે તમામ અમબર માહરાજા મેહેરાજે જંગી કેરશાસ્પને બક્ષ્યુ માહરાજા કહેવા લાગ્યો કે "એ મિસાલનુ અમબર જેહાનમા કોઇ જગોએ પણ પેદા થતુ નથી. મગર મારા દીલમા યકીન છે કે એવી અજાયબ ને નાદર ચીજો જે આપણા હાથમા આવે છે તે પાદશાહ જોદાક તથા તારા બખ્તના ઝલકાટથી મળે છે" પછી તે જગો એક ચશમો દીઠો, તે ચશમાથી દમ કદમ દુર એક સુરાખ હતુ, જે કોઇ અંદર ઉતરીને ડુબકી મારતો તે શખ્સ વાદળની મિસાલ શેતાબ હવા ઉપર ઉડી જતો હતો તે કેટલીક શાઅત પછી ઉપરથી જેમ ધુંઇ આવે તે મિસાલ આવીને પેલા શુરાખમા જતો તે શખ્સને હવા ઉપરથી નીચે આવતી વખત તેના તન ઉપરથી પાણીના કતરા વરશાદની મિસાલ જમીન ઉપર પડતા પણ કોઇને ખબર નહીં હતી જે એ પાણી કયાથી આવે છે ? તે પાણી જે કોઇ પીતો તે શખ્સ હરગેજ ધરાતો નહીં ? માહરાજા ને જહાપેહેલવાન પોતાના રસાલા ને લશ્કર સાથે તે જગોથી ખુશી સાથે આગળ ચાલ્યા પછી શરજ શેહેરની તરફ એક જજીરામા જઈ પોહોચ્યા તે જજીરો ઘણોજ ખુશી ભરેલો, ઉંચો તથા પોહોળાઈમા બસો ફરસંગ કરતા બી જ્યાદા હતો તે શરજ શેહેરમા એક પાદશાહ ઘણાક લશ્કર સાથે દબદબા ભરેલો હતો જ્યારે તે પાદશાહને માહરાજા મેહેરાજ તથા જહાપેહેલવાનના આવ્યાની ખબર થઇ કે શેતાબ ઘાસ, કાડી તથા સર્વે સામાન જે કાંઈ પાદશાહને લાયક ઘટે તે મોકલી પોને લશ્કર સાથે તેઓને એસતેકબાલ

ગયો અને પોતાના શેહેરમા માહરાજા મેહેરાજ તથા જહાપેહેલવાનને લાવી તમામ લશ્કર સાથે એક હફતા લગી જયાફત આપીને મેહેમાન દાખલ રાખ્યા તે પાદશાહ પોતે રાત દીન ફરમાબરદારીની કમર બાંધીને તેઓની ખીદમતમા ઉભો રેહેતો હતો તે પાદશાહ હરરોજ મીજલશમા એટલો તો ખજાનો ખરચ કરતો હતો કે તે ખરચ જોઇને માહરાજા મેહેરાજ તથા જહાપેહેલવાન ઘણા અજબ રેહેતા હતા જ્યારે હફતો તમામ થયો ત્યારે ઘણીએક નાદર ચીજો તથા બેશુમાર ખજાનો માહરાજાને તથા જહાપેહેલવાનને તેણે નજર કીધો વળી ઘણોક ખજાનો લશ્કરને પણ બક્ષયો જેથી તમામ લશ્કર ઘણુ ખુશ થઈ ગયુ તે ખજાનએ કરી કીશતી એવી ભારી થઈ કે તેને ઉઠાવવાની તાકાત દરિયાવને બી રહી નહીં ! તેમા કપુર, અગર, અમબર, કશતુરી, અશરફી, યાકુત, પાદશાહી લાયકના મોતી, ઝવાહેર, એક તાજ કેરબાનુ, એક તખ્ત ફીરોજાનુ, જરી બીછાણા પરવાલાની ખુરશી, બખ્તર, તળવાર, છુટ ભાલડી અને એ વગેરે તમામ હથ્યારો ગોહરના જડાવ સાથના તથા બીજી ઘણીક ચીજ ભાતભાતની તથા ઘણા એક ઘોડા તેજ પવનની મિસાલ ચાલનારા તથા કેટલાક ગોલામો ખુબ સુરત જરી કમરબધ સાથના તથા પરીની મિસાલ નાજ તથા નખરા ભરેલી કેટલીક બાડી વગેરે ઘણોક સામાન લાવીને માહરાજા તથા જગીને નજર કીધો તે સામાનની તફસીલ અગર જો બ્યાન કરી લખ્યે તો એક જુદુ નામુ ભરાય ! માહરાજા ને જહાપેહેલવાન પોતાના લશ્કર સહીત તે જગોથી ઘણીક ખુશી સાથે આગળ ચાલ્યા ચાલતા એક જજીરામા જઇ પોહોચ્યા તે જજીરાનુ નામ એરમદ હતુ પણ જાંણે તે જગો ગોયા રોશન બેહેરત હતુ તેની હર તરફ પાહાડ તથા જગળ હતુ. તે જગળમાના ઝાડો ઉપર બેશુમાર અઝદાઓ લપટાઈ ગયલા હતા તે જગોની જમીન તમામ કપુરે કરી ભરેલી હતી જ્યારે આફતાબ નિકલતો હતો ત્યારે તેની સુફેદીએ ગોયા જમીન ઉપર સફેદ ચાદર બીછાવેલી હોય તે મિસાલ તે સરજમીન નજર આવતી હતી. ત્યા જમીન ઉપર પેચદાર સાપ રસીની મિસાલ હરતરફ ફરતા હતા હરએક જગો કપુરના ટેકડા

એકઠા થયલા હતા તે ઉપર ઘણાક અજાયબ જાનવરો બેસીને ખુશ અવાજ કરતા હતા. તે જાનવરોને વાસ્તે પેલો નાખોદા એમ કહેવા લાગો કે "જ્યારે તે જાનવરો પોતાના માળામા બેડા મેલતા, તે બેડામાથી જ્યા લગી બચ્ચા નહીં નીકલતા ત્યા લગી હરરોજ પેલા અજદહામાથી ઘણાક સાપ આવીને ચાહતા કે તેના માળામાથી બેડા લેઇ જાય ત્યારે તે બેડા શેતાબ માળામાથી ઉડીને તે સાપના સર ઉપર જોરથી જઈ પડતા તેથી તે સાપ આજેજ થઇને નાહસતા હતા જ્યારે બેડાની મુદ્દત તમામ થતી ત્યારે તે જાનવરો બેડામાથી બચ્ચા કાહાડતા અને તે બેડાના કોટલાને પોતાના માળામા ખાડો કરીને તેમા રાખતા, સબબકે પેલા સાપ તે માળામા બચ્ચાને મારવા આવે તો પેલા બેડા જોતાજ કે તેની દેહેશતે કરી પોતાનો જીવ લઈ નાહસે એ રીતે તે બચ્ચાઓ જીદગી પામી ઉછરી મોટા થતા" એ મિસાલની અજાયબ વાત સાભળીતે જેહાપેહેલવાન અજબ રહયો એવામા તે જગાની નજદીક એક શીહા પાહાડ નજર આવ્યો તે પાહાડનુ સર ઉચાઈમા ઘણુ હતુ તે પાહાડની ઉપર એક બુલદ ઝાડ ઘણુ ઉંચુ હતુ તે ઝાડ પોહેળાઈમા ચાલીસ ફરસગ લગી હતુ ! તે ઝાડના સર ઉપર એક અયવાન શનદલ તથા અગરના લાકડાનુ બનાવેલુ હતુ. તે ઝાડને વાસ્તે પેહેલવાન કેરશાસ્પે પેલા નાખોદાને પુછ્યુ કે "એ ઝાડ ઉપર એ મિસાલનુ એ અયવાન કોણુનુ છે અને એવી બુલદ જગ્યા ઉપર કોણુની બેઠક છે?" નાખોદાએ જવાબ દીધો કે 'એ જગો 'શીમોર્ગ' જાનવરની છે શીમોર્ગ બીજા જાનવરો ઉપર પોતાને પાદશાહ કેહેવાડે છે; તેથી એ જગ્યા જે બીજા જાનવરો છે તે એ શીમોર્ગના દરથી એક એક સાથે લડતા નથી એ શીમોર્ગની ખાશ્યત એ છે કે પહાડ ઉપર અજદાહને જોય અથવા બીજા જાનવરોને જોય કે શેતાબ ઉડી જઇને તે જીયાગાર જાનવરને પોતાના નખે તથા ચાચે કરી ફાડી નાખે છે ! બીજુ એકે એ શીમોર્ગ જ્યારે જગળમા કોઇને રાહ ભુલેલો જોય અને જાણે કે એ શખ્સ પાસે કાઈ ખાધાનુ હાજર નથી, કે શેતાબ એ જાનવર ઉડી જઇને બીજા જગળમાથી હરએક મેવો લાવીને તે શખ્સની નજદીક મેલે છે ! ! તે આદમી મેવો ખાઇને ધરાય છે કે પછી તેને

પોતાની ચુંગાલમા પકડી એ શીમોર્ગ ઉડે છે, તે હરએક જગો આદમીની આબાદી હોય છે ત્યા લઈ જઇ આસ્તે રહી તેને જમીન ઉપર મેલીને પોતે પાછુ આવી પોતાના અયવાનમા બેસે છે જ્યારે તે શખ્સ પોતાને ઠેકાણે જઇને કરાર પકડે ત્યારે એ જાનવર ઘણુ ખુશી થાય છે" એ શીમોર્ગ જાનવરમા એવી નેક ખસ્લત છે એવી વાત પેલો નાખોદા કરતો હતો તેવામા તે શીમોર્ગ નજર આવ્યુ તેના પરના તરેહવાર રગે કરી આસ્માનબી નકશીદાર બીછાણાની મિસાલ નજર આવવા લાગ્યુ. તે જાનવરના ઉડવાથી જાણે તે પાહાડ લાલાના ફુલથી ભરેલો હોય એવો દેખાવા લાગ્યો! તેની પાખની હવાએ કરી દરિયાની ખુશ મોજબી તેની બરોબરી નહીં કરતી કે જાણે તેવી મોજ દરિયામાબી નહીં હોય! તેના પોકારે કરી જગળમાથી જાનવરો નાહસતા હતા જ્યારે તે શીમોર્ગ નજદીક આવી પોહોચ્યુ કે સર્વ જોઇ શુ કે એક ભારી મગરમછ તેણે પોતાની ચાચમા પકડેલુ તથા એક અજદાહ ચાલીશ વામ કરતાબી લાબો તેને પોતાની ચુગાલમા પકડેલો! તે આસ્તે આસ્તે સેહેલ કરતુ આવી પોતાની જગા-ઉપર બેઠુ અને સર ફેરવીને ચોતરફ નેગાહ કરવા લાગ્યુ એ તરેહની તમામ અજાયબ ચીજો જોઇને જહાપેહેલવાન કેરશાસ્પ હકતાલાની બદગીમા ઉભો રહી કહેવા લાગો કે 'એ જહાનના પેદા કરનાર સાહેબ! તમામ અજાયબ ચીજોનો પેદા કરનાર તુજ છે તમામ છુપા ભદનો જાણનાર પણ તુજ છે—એ સાત આસમાન બી તારી કુદરતે બનાવ્યા છે અને ચાલબી તેજ આપી છે અને જમીનને પાણી ઉપર સ્થીર પણ તેજ કીધી છે જેહાનની તમામ પેદાયશને તે ચાર ગોહરથી બનાવી તેમા પેહેલી ખાક, બીજો પવન, ત્રીજુ પાણી તથા ચોથો આતશ એ ચાર ચીજમાથીજ ભાતભાતની હજારો કરામત પણ તેજ પેદા કીધી છે હરએક આદમીના ચેહેરા જુદી જુદી શીકલના તેજ સમાર્યા છે. બલકે જે કાંઇ તે ચાહ્યુ તે કીધુ અને ફરી પણ તુ જે કઈ ચાહશે તે કરશે તારી ગસ્ત રાહ તથા તારી અવ્વલ પેદાયશ કરવાની હકીકત તું વગર કોઇ બીજો જાણતો નથી મીટ્ટીના કાલબુદમા જીવબી તું મેલે છે. અને હરણના પેટમા શીહા લોહીને ખુશબોદાર કશતુરી પણ તુજ કરે

છે, તે જે કાઇ કીધુ છે તેની શરૂઆત કોઇને માલમ પડતી નથી પણ જે કોઇએ તારી તરફ નેગાહ નહીં કીધી યાને તારી ફરમાબરદારીથી સર ફેરવ્યુ તે શખ્સ બે જહાનમા ખોહાર છે જે કોઇ તારા ભેદથી વાકેફ નહીં થયો અને તારા શુક્રાના બજા નહીં લાવ્યો તે શખ્સ દીલનો આંધળો છે એ શીમોર્ગ જાનવર જે ભારી પાહાડની મિસાલનુ છે તેને શેતાબ પવનની મિસાલ ઉડવાનુ કૌવત તુ આપે છે કે તેના પરના વાએ કરી દરિયાવ બી આજેજ થવા ચાહે! એ રવેશની બેડક તેજ એને ઊંચી આપી છે એ જાનવરના પર એકસો રંગના બનાવ્યા છે! એવી અજીમ કુદરત તુ રાખે છે" એ રવેશે જહાપેહેલવાન કેરશાસ્પે બંદગી કરી પોતાનુ સર ખાકમા ધરી હકતાલાની દરઘાહમા ઘણીએક આજેજી કરી પોતાના ગુનાહથી તોબાહ કરી ગુનાહ બક્ષાવવુ માગતો હતો જહાપેહેલવાન કેરશાસ્પ બંદગીથી ફારેગ થયો ત્યારે તેણે લશ્કરને હોકમ કીધો કે 'જેઓથી લેવાય એટલુ અગર તથા કપુર લે' તે હોકમ સાભળીને જેનાથી જેટલુ લેવાયુ તેટલુ તે લીધુ અને તે જગોથી બીજા જજીરા તરફ આગળ ચાલ્યા.

બીજા જજીરાની હકીકત.

આગળ ચાલતા એક જજીરો ઘણીએક ખુશ હવાથી ભરેલો હતો તેની નજદીક જઇ પોહોચ્યા તે જગોના ઝાડો તથા ફુલની તારીફ આદમીજાતથી હરગેજ થઇ શકે નહીં તે જજીરા શિવાય કોઈ બીજા જજીરાની તારીફ આદમીઓના મોહમા નહીં હતી તે જજીરાને વાસ્તે પેલો નાખોદા જહાપેહેલવાન કેરશાસ્પને કેહેવા લાગ્યો કે "જે કોઈ શખ્સ એક વરસ લગી એ જગોની આબોહવામા રહે તો તે મરદ હરગેજ બીમાર બી નહીં થાય અને બુઢોબી નહીં થાય અગર જો તે મરદ ઉપર હીમ પડે યા ગરમીથી તેને લુ લાગે તો બી તેને કશુ નુકસાન નહીં પોહોચે!" જહાપેહેલવાને તે જગો ખુશ રંગના તથા ખુશ સરોદના લલકારનારા

મુર્ગો દીઠા જેહાપેહેલવાને કમાનનો ચીલ્લો ખેચીને ખદગી તીરે કરી કેટલાક મુર્ગો માર્યા ત્યારે નાખોદા કહેવા લાગ્યો કે "એ નામદાર! એકે મોર્ગને હર્ગેજ મારતો ના હવે એથી હાથ ઉઠાવ! શા વાસ્તે કે એ જગોથી આગળ ચાલતા એક દરિયાવ ઘણો ઊડો આવે તેની રાહ કોઈ નાખોદા લોકોને માલમ નથી જ્યારે તે દરિયાવની નજદીક કોઈની કીશ્તી જાય છે ત્યારે એ જાનવરોમાથી કેટલાક જાનવરો ઉડીને તે કીશ્તીની આગળ પોકાર કરતા ચાલે છે, તેના અવાજ ઉપર તે લોકો કીશ્તી ચલાવે છે વાસ્તે આપણી ફીકર મને લાગે છે કે તુ તો બેદેહેસ્ત એ જાનવરોને મારે છે અને આપણુને તો ઊંડા દરિયાવમાથી આગળ જવુ છે વાસ્તે તે જગો આપણુને રસ્તો કોણ દેખાડશે? આપણી કીશ્તી તે જગા ગરક થશે" એ સખુન સાભળીને જહાપેહેલવાન દીલમા અદેશો કરવા લાગ્યો અને તે જાનવરો માર્યાથી ઘણોક પશેમાન થઇને પછી તે જાનવરોમાથી કેટલાક જાનવરને જીવતા પકડીને પોતાની કીશ્તીમા માવજતથી રાખ્યા કે મબાદા તે દરિયાવમા વખત ઉપર તે જાનવર હાજર નહીં થાય તો એ જાનવરની મદદે કરી આપણે સલામત નિકળી જઇય પછી ત્યાથી એ જાનવરને ઉડારી મુકશુ તેથી આપણુને રસ્તો દેખાડશે એવો અદેશો કરીને તે જાનવરોને સાથે લીધા આગળ ચાલતા એક જજીરામા જઇ પોહોચ્યા તે જજીરામા રૂપાની ખાણુ હતી ત્યા ઘણુક મેવાના ઝાડો તથા ભાતભાતના ફુલો હતા તે જગોની જડી બુટી તરેહવાર હતી—તે ફુલ તથા મેવા એક લાખ જાત કરતા બી જ્યાદા હતા તે જગલમા બેશુમાર કેશર પાકતી હતી, તેથી જાણે તે જગાના જગળમા ખાલેશ શુનાનુ બીછાણુ બીછાવેલુ હોય એમ દીસતુ હતુ તે જગળમા એક ઝાડ હતુ તે ઝાડની ખાસ્યત એ હતી કે જ્યારે પુર્વ તરફથી આફતાબ નિકળતો ત્યારે તે ઝાડના ફુલ શેતાબ ખીલતા હતા અને જે તરફ આફતાબ ફરતો તે તરફ ફુલ બી આફતાબની તરફ મોહ રાખીને ફરતા હતા! આફતાબ ઉત્તર દિશાએ ઉતરી જતો ત્યારે તે ફુલનુ ઝાડ બીમાર આદમી ધ્રુજે તે મિસાલ ધ્રુજતુ હતુ અને જેમ એક દોસ્ત પોતાની માહાશુકથી જુદો પડે ત્યારે આખમાથી આસુ

વરશાવે તે મિસાલ તે ઝાડના પુલમાથી ગોયા પાણી વરશતુ હતુ ! ત્યા બીજા ઝાડો હતા તેના ફળમાથી કશતુરીની ખુશબો નિકળતી હતી. બાજેમાથી અબરની ખુશબો નિકળતી હતી બાજે ઝાડના પુલો હતા તે આફતાબ નિકળતો ત્યાથી તે બપોર લગી ખીલેલા રહેતા અને બપોર પછી જેમ આદમી ખુરાબ કરે અને પોતાની આખ વીચે તે મિસાલ પાછા બધ થઇ જતા હતા તેમાથી પાણીના કતરા જેમ આદમી જારી કરે અને આખમાથી આસુ નિકળે તે મિસાલ નિકળતા હતા એ મિસાલે તે પુલમાથી પાણી રાત લગી નિકળતુ હતુ જયારે રાતનો વખત થતો ત્યારે તે પુલ ખરીને જમીન ઉપર પડતા બીજા ઝાડ ઘણા મેવા ભરેલા હતા તે ઝાડને એક વરશમા બે વાર ફળ આવતા હતા તેમા એક ફસલના ફળમાથી મધ નિકળતું હતુ અને બીજી ફસલના ફળમાથી ખાડ નિકળતી હતી એ વગેરે બીજા ભાતભાતના પુલ તથા ફળ હતા તે જગળમા પરનદા મોર્ગને સર ઉપર ગેનડાની મિસાલ એક એક શીંગડુ હતુ ! એવી અજાયબી જોઇને જેહાપેહેલવાન ફેરશાસ્પ અજબ રહીને હીંદુસ્તાનના મુલક ઉપર આફ્રીન કરી કેહેવા લાગ્યો કે "જહાન દરમ્યાનમા જે કાંઈ નાદર ચીજ છે તે પાક યજદાએ હીંદુસ્તાનના લોકોને બક્ષી છે. એ હીંદુ લોકોના મોહોડા તથા સુરત જોવામા શીહા દોજખની મિસાલના છે પણ એ લોકોનું વતન જોવામા રોશન બેહેસ્તની મિસાલ ખુશી ભરેલુ છે એવી અજાયબ ચીજો તથા એવી ખુશ હવા બીજા મુલકમા નથી હુ તમામ હીંદુસ્તાન ફરી વળ્યો છુ પણ એ એયામમા કોઇને મે બીમાર તથા સુસ્તી ભરેલા તથા આજાર ભરેલા જોયા નથી ! અગર બીજા લોકોને વરસ પોહોચ્યા છે તેના સબબે બુઢા થયલા છે, પણ તે લોકોના તન ઉપરથી શીહા બાલ જોવુ છુ. તેજી તથા તુદીમા જવાન મરદની મિસાલના દલેર નજર આવે છે" એમ કરતા તે જગો બે હફતા લગી રહીને તમામ અજાયબ ચીજો જોઈ માહરાજા ને જેહાપેહેવાન પોતાના તમામ લશ્કર સાથ આગળ ચાલ્યા

ત્રીજા જજીરાની હેકાયત.

---*---

આગળ જતા એક બીજા જજીરાની નજદીક તે નામાદારો પોહોચ્યા. ત્યાં જોય શુ કે તે જજીરામા કાટા તથા ક્ચરા શિવાય કાઇ બીજુ દીઠુ નહીં. હરતરફની જમીન અને પાણી ખારા, તે ખારી જમીન ઉપર એક તરફ એક બાગ દીઠો તેમાના ફુલ તમામ ખુશબોમા દિલની મુરાદ તથા જોક વધારે તેવા હતા તે એક બાગ નહીં હતો પણ ગોયા બેહેસ્તની જગ્યા હતી તે જજીરામા હકતાલાના બેહેસ્તમા જે નાદર ફુલ હતા તે તમામ ફુલના ઝાડ લાવીને તે બાગમા રોપ્યા હતા તે બાગ દરમ્યાન એક ચશમો ખાલેશ પાણીનો હતો, જેમાથી ગોલાબ મિસાલ ખુશબો આવતી હતી, જે જોઇને માહરાજા મેહેરાજ જેહાપેહેલવાન ફેરશાસ્પને કહેવા લાગો કે "એ ચશમામા ઘણુ અજાયબ જેવુ છે" એટલુ કહીને તે નામદારે હુકમ કીધો તેથી તે બાગમાથી ઘણાક ફુલો તોડી એક ચાદર ઉપર મેલીને તે ચશમા નજદીક ધરયા તેજ વખત તે ચશમામાથી એક જોશ ઉડયો જે જોશમાથી એકાએક આતશ રોશન થયો ! તે આતશે કરી પેલી ચાદર ઉપરના તમામ ફુલ બળી ગયા પણ ચાદર સલામત રહી. તે તમાશો જોઇને જેહાપેહેલવાને ફરીથી પુછ્યુ કે "એનો ભેદ કેમ જણાશે ? આપણે એ જગો ફરી હરીને એ વાતની જોશતેજો કરયેં તો ઠીક" માહરાજા મેહેરાજે કહયુ જે "એ હકતાલાની કુદરતનો ભેદ આજ લગી કોઈ પામ્યુ નથી, કે એ પાણીમાથી આતશ શી રવેશે નિકળે છે ? અને તે આતશે કરી કેમ ફુલ બળી જાય છે ને ચાદર નથી બળતી તે શુ છે ? એ ભેદનો જાણનાર પરવરદેગાર શિવાય કોઇ બીજો નથી આદમી જાતની શી કુદરત કે એવા બારીક ભેદ જાણે" પછી તે જગ્યાથી એક પાહડ તરફ ચાલ્યા તેની નજદીક એક જજીરો 'શગુને" નામનો હતો તે પાહડ ઉપર બેશુમાર ચંપેલીના ફુલ હતા તે જજીરા આસપાસ શેરદીનુ જગળ હતુ અને અનાર, તોરજ ને નારજના ઝાડો બેશુમાર હતા તે અનાર તથા તોરજ તથા નારજ એવાતો મોટા હતા કે

તેમાનુ એક ફળ ઘણા જોરથી ઉડાવી શકતુ હતુ તથા એક એક તોરજ એવુ મોટુ હતુ કે એ હાથ સાથે મળતા તોજ જોરથી તે જમીન ઉપર ગોડવાતુ તે પાહડ ઉપર એક રાહ તારીક યાને અંધારી તથા તંગ હતી. તે રાહમા આગળ ચાલતા એક કોત સખત પથરનો બાધેલો હતો તે કોત દરમ્યાન એક તલાવ ઘણુ બુલંદ હતુ તે તલાવ આસપાસ બુલંદ અયવાનો તથા અગાસીઓ બનાવેલી હતી. તે અયવાનોની પાસ એક ગુમબજ પથરનો હતો તેમજ તેના સ્થંભ પણ પથરનાજ હતા તે ગુંબજના દરવાજા અગરના લાકડાના બનાવેલા હતા તેમા નકશ કોતરીને તેમા માછીના દાતના ટુકડા જડેલા હતા તે ગુંબજનો એક એક પથર એવો તો જબરદસ્ત ભારી હતો કે તેના ભારે કરી એક કીશ્તી ગરક થઇ જાય તેના એક થાભાને એકસો પેહેલવાન એકઠા મળતા ત્યારે જરા કોરભાર કરતા ! એ મિસાલનો ભારી ગુંબજ જોઇને માહરાજા મેહેરાજ જંગી કેરશાસ્પને કેહેવા લાગ્યો, કે "એ ગુંબજને એક મરદ તથા એક ઓરતે મળીને થોડા દાહડામા બનાવ્યો છે તે બે જણ પાહાડ ઉપરથી પથર લાવતા ગયા અને બાધતા ગયા એમ તે બે જણે એ ગુંબજ બાંધ્યો છે ને બે જણમા મરદનું નામ 'મારેન' તથા ઓરતનુ નામ 'મારનીને' કરી આખા હીંદુસ્તાનમા મશહુર કહેવાય છે તેઓએ એ જગા બનાવી ત્યારે તેને કોઈ બીજુ આદમી મદદગાર હતુ નહીં તેમ એ કામ ઉઠાવી લેવામા તેઓને કોઈ બીજાં આદમીનુ કામ પડયુ નહીં" એ વાત સાભળીને જંગી કેરશાસ્પ ઘણો અજબ થઇ કહેવા લાગ્યો કે 'એ મિસાલનુ જોર ને કૌવત મે આજ સુધી સાભળ્યુ નથી હાલ જોઉ છુ કે એ ઇમારતનો એક પથર કોઇ પણ જોરાવર મરદથી ઉઠાવી શકાય નહીં એવુ જોર આપણામા ક્યાં છે? અને આપણે તો આજના એટલા જોરે કરી આપણને મરદાને મરદ કહેવાડયે છીયે" પછી આગળ જતા તે પાહડ ઉપર ચાલ્યા ત્યા બસો બ્રાહામનો એક ગોફામા મીજલસ કરી બેઠેલા દીઠા તેઓની નજદીક જઇને જહાપેહેલવાન પુછવા લાગ્યો કે "અય બુઝર્ગ બ્રાહામનો ! એ

કોત તથા એ ગુબજ ઉપર તમારે આ રવેશ જપતપમા બેસવાનુ શુ કામ છે કે તમો એ વાયજહાન જગો મકાન કરી બેઠા છે" ત્યારે તે બ્રાહામનોમાથી એક બુઝર્ગ કહેવા લાગ્યો કે 'અય નેકબખ્ત પેહેલવાન! એ મકાન હમારી ભકતી બદગી કરવાની જગા છે. એ ઉપર રહીને હમો સર્વે કોઇ પાક યજદાની પરશતેશ કર્યે છીયે આ એકાત ને આદમી જાતથી દુર વેરાન જગોમા તે યજદાનની બદગીમા ધ્યાન લગાડવાથીજ ચાહી રીઆજત થાય છે આ જગા ઉપર તે ખુદાવદની ખાલેશ કુદરત શિવાય બીજી કોઇપણુ બદી કે લાલચ દેખાવ દેતી નથી કે તે નજરે પડયાથી બીજી તરફ ધ્યાન રોકાય અથવા તો કોઇ જાતની સસારી ગડબડ નથી કે બદગીમા ધ્યાન લાગવાથી બેયાન થઇયે? તેની પરશતેશને વખત એ જગા કોઇ બીજા આદમીની વસ્તી નથી વળી એ જગાની તારીફ એ છે કે અગર કોઇ શખ્સ કોઇ સાથે ગેરઇનસાફથી લડાઇ કરે અને તેનો કજીયો ઇનસાફની રાહે કોઇ ચુકવી નહીં શકે તો તે બે દાવાદાર એ જગો આવી એ ગુબજમા બેસીને ત્યા બાગે બુલદ અવાજે પોતાની હકીકત જાહેર કરે, તો જે કોઇ જુઠા ને ગેરવાજબી હોય તેને શેતાબ તાવ આવે ને તેજ શખ્સ પોતાની મેળે ઝારઝાર રડે અને આખે આધળો પણુ થાય તે શખ્સ ફરી આખે કયારે જોતો થાય કે જયારે તે પાક યઝદાથી દરીને પોતાના દાવાદારની દાદ લઇને તેના ઉપરનુ જુઠુ બોહોતાન ઉડાવી લઇ તેને રાજી કરે તોજ અગર નહીં તો હમેશ આખે અપગજ રહે વળી બીજી તારીફ એ છે કે અગર કોઇને ઘણા દાહડાની બીમારી હોય અને આરામ નહીં થાય, તે શખ્સ રાતને વખત આવીને એ ગુબજમા આરામ કરે યાને એક રાત એ જગા ખુવાબ કરે તે શખ્સને ખુવાબ કરતી વખત હમેસ લોકો તેનો ચેહેરો ગોલાબ તથ. કશતુરીના ખુશબોદાર પાણીએ કરી ધોઇને બેસાડયે છીયે જો તેની ઉમર દરાજ હોય તો તેજ રાતમા તેને સર્વે વાતનો આરામ થઈ જાય ને ફરી જ્યાલગી તે શખ્સ જીવે ત્યાલગી તેને તે દરદ થતુ નથી અગર જો તે મરદની આખેર આવી હોય છે તો તેજ વખત પોતાનો જાન પોતાના પેદા કરનારા હકતાલાને હવાલે કરે છે મતલબ એ જે પેલા શખ્સ ઘણા દહાડાના આ-

જારની સખ્તી ભોગવનો હોય તે આ કે તે પાર શેતાન છુટે છે" એ તારીફના સખુન સાભળીને જહાપેહેલવાન અજબ રહીને પેલા ગુમજમાં ગયો ત્યા તે જગ્યાએ તે નામદાર પેહેલવાને પરવરદેગારની બંદગી કરી પોતાનુ સર ખાકમા ધર્યું પછી હોકમ કરીને કેટલુક અગર કપુર, અમબર તથા કશતુરી મગાવીને તે જગ્યાએ આતશ ઉપર મેલી, ત્યાથી ઉતરીને માહરાજા મહેરાજ ને જહાપેહેલવાન પોતાના તમામ લશકર સાથે એક જગળ ઘણુ ભારી હતુ તે તરફ ચાલ્યા

દમકરનાં જઝીરાની યાને ચોથા જઝીરાની હકીકત.

તે બીયાબાનમા આગળ ચાલતા એક પાહાડ દીઠો, તે ઉપર એક-એક એક મોર્ગ આવી બેસીને સરોદ ગાય તે મિસલનો અવાજ કરવા લાગ્યુ તેના નાખ તથા ચાચમા પણ ઘણાક સુરાખ હતા તેથી તેનો અવાજ તરેહવાર નિકળતો હતો તે મોર્ગ અવાજ કરતુ જહાપેહેલવાનની નજદીક આવી લાગ્યુ, પણ તરેહવાર અવાજ કરતુ તેથી સર્વ તે સરોદ ઉપર દિવાના થઈ ગયા જહાપેહેલવાને તે મોર્ગની નજદીક જઇ તેના સુરાખ ગણ્યાજ જે પચાસ કરતા પણ જ્યાદા માલમ પડયા વાસ્તે તે મોર્ગ એક દમ મારતુ ત્યારે પચાસ તરાહનો અવાજ નિકળતો ! જેમ પખ વાજ તથા ચગ સાથે વાગે, તે મિસાલ વાજીત્રનો અવાજ તેમાથી નિકળતો હતો ! તે અવાજ સાભળ્યાથી લશકરના ઘણાક આદમીઓ ખુશીના જોશમા આવીને બેહોશ આદમીની મિસાલ જમીન ઉપર પડયા બાજે લોકો એવા તો ખુશીમા આવ્યા કે બેશુમાર હમતાથી તેઓના જીવ પણ નિકળવા ચાહતા ! તથા બાજે લોકો તેના અવાજ સાભળવામાથી ગભરાઇ ગયા એ રવેશે સર્વે કોઇ બેઅખત્યાર ઉભા રહીને તેનો અવાજ સાભળી હસ્તા એમ કરતા કેટલીક શાએત ગુજરી પછી તે મોર્ગ પાહડ ઉપરથી ઉડયુ અને જગળમાથી કેટલીક લાડી પોતાની ચાચમા લાવીને એક જગો

એકઠી કીધી પછી પોતે તે કાડીના ઢગલા ઉપર બેસીને પોતાની પાખનાં વાએ કરી તેમા આતશ રોશન કીધો, જે આતશે પેલી કાડી બળવા લાગી. આતશ પુરો રોશન થયો ત્યારે પોતે તે આતશની ચેહમા પડીને બળી ગયુ ! આ તમાશો જોઇ તમામ લશ્કર અજબ રહયુ તે મોર્ગના મુવાથી સર્વ અફસોસ કરવા લાગ્યા કે એવો સરોદ આસમાનનો ગવઇઓ જે શુકર શેતારો છે, તેનો પણ નથી !—ત્યાર પછી પેલો નાખોદા જગી કેરશાસ્પને કહેવા લાગ્યો કે "અએ જહાપેહેલવાન ! તે અજાયબી જોઇ તે જાનવરનુ ઠેકાણુ અસલ 'રૂમ' શેહેરમા હતુ તે જગ્યાથી બેવતન થઇને આ જગ્યા આવી રહયુ હતુ એ જાનવરને જોડુ નથી તથા એને નર માદા ઉપરબી કશો મદાર નથી. એ મોર્ગને એક હજાર વરશ તમામ થાય છે ત્યારે દુનીયા તથા પોતાના જીવથી પોતે ધરાઇને એ મિસાલ લાકડાની ચેહમા પોતાને બાળી નાખે છે ! * —પછી તેનીજ તે રાખમાથી બીજુ એવુ મોરગ પેદા થાય છે 'રૂમ' શેહેરનો રાગ તમામ દુનિયાના મુલકના રાગ કરતા ઉમદા ને મનરીઝ કેહવાય છે તે એટલા વાસ્તેજ ઘણો પસદ છે, કે એ મોર્ગનો સરોદ તે જગ્યાના રૂમી ગવૈયા લોકોએ ચોરયો છે તેથી તે જગ્યાના રાગને 'અરગનુન' યાને ઘણો ખુશ રાગ કરીને કહે છે" ત્રણ દાહડે દરિયાવમા સીધો પવન પેદા થયો ત્યારે કીસ્તીઓ ઉપર સવાર થઇ માહરાજા મેહરાજ ને જહાપેહેલવાન કેરશાસ્પ પોતાના તમામ લશ્કર સાથ ખુશીથી આગળ વધ્યા તે આ દરિયાવ તથા ખુશ્કીના જે અજાયબ વાત સાભળતા તે જગ્યાએ જઈ જાતે તમાશો જોતા હતા એ રેવેશે સેરેલ કરતા આગળ ચાલતા હતા પરદામા બે પગા

---

* જે મોર્ગનુ અત્રે વર્ણન આપ્યુ છે અને જેને શાએર "રૂમ" શેહેરનુ અસલ વતની જણાવે છે તે ઉપરથી માલમ પડે છે કે શાએરે અત્રે અસલી યુનાની ફીનીક્સ (Phoenix) મોર્ગની દતકથા હુબહુ આમેજ કરી છે ફીનીક્સ મોર્ગ વિષે દતકથા છે કે તે ૫૦૦ થી ૬૦૦ વરસ જીવતુ હતુ ત્યાર પછી તે પોતાની ચાચે એક ચેહ ખડકીને તે ઉપર આ નામામા કહે છે તેમ પોતાની પાખના વાએ કરીને આતશ રોશન કરી તેમા બળી મરતુ હતુ અને ત્યાર પછી તેજ તેનુજ બીજુ પક્ષી રાખમાથી પેદા થતુ

તથા ચાર પગા ઉડતા જાનવર તથા આદમી જાતમા દેવની સુરતના, એક આદમીને ઘોડાના જેવુ મોહ અને આદમીના જેવુ તન તથા એક આદમીનુ મોહ હાથીની મિસાલ સુઢનું તથા કમર લગી આદમીની મિસાલનુ અને કમરની નીચે વરૂની મિસાલનુ, એકનુ તન લીલુ તથા મોહડુ લાલ ફુલની મિસાલ ગોર્ખ તથા એકનુ સર ઘુવડની મિસાલનુ તથા શીકલ તમામ મગરમચ્છની મિસાલની તથા એકનુ સર આદમીની મિસાલનુ પણ તેના સર ઉપર રગીન શીંગડા અને તન ઉપર ગોસપદની મિસાલના બાલ હતા એ ઉપરાત દરિયાવ તથા ખુશ્કીમા ઘણાક અજાયબ આદમી તથા જાનવરો દીઠા તે જગ્યાથી પેલા નખોદાએ શેતાબ ચાલવા માડ્યુ ત્યારે જેહાપેહેલવાને તેને પુછ્યુ કે "તુ એટલી શતાબી શા વાસ્તે કરે છે? શુ એ જગો ઉપર કાંઇ ડર છે?—જે હોય તે શેતાબ રાસ્તીથી કહે!"

લડાઇ કીધી કેરશાસ્પે જગલનાં ગેન્ડાઓ સાથે તે વગરે બીજો હેવાલ.

નાખોદા કહેવા લાગ્યો કે "અય નેકબખત કેરશાસ્પ! એ જગા ઉભા રેહેવાનુ કામ નથી, કારણ એ જગલમા બેશુમાર ગેન્ડાઓ રહે છે. તે ગેન્ડા કદમા હાથી કરતા ઉચા તથા કૌવતમા જબરા સીહ કરતા પણ વધુ જોરાવર છે તેની પીઠ પથર કરતા બી સખત છે તેના સર ઉપરના સીંગડા પેહેલવાન લોકોની રાન કરતા બી પોહોળા છે તે લાબાતો ગોયા સર્વના ઝાડ મિસાલ સીધા છે અને તે સીંગડાની નોક નેજાની નોકની મિસાલની તેના પગ લોહોડાંના થામલા મિસાલના છે તે ગેન્ડા પોતાના સીંગડાના જખમે મસ્ત પાહાડને ઉખેડી નાખે છે, તે હાથીને તો એક જખમે કરી મારીને પોતાના સીંગડા ઉપર ઉઠાવી લઇ જાય છે'—એ રવેશની હકીકત સાભળ્યાથી જહાપેહેલવાન પોતાના મોતથી કાઇ ડર્યો નહીં, પણ શેતાબ તેણે તે જીયાગારની લડાઇ ઉપર જવાની કમર બાધી.

જહાપેહેલવાન કેહેવા લાગ્યો કે 'રોઝે અવ્વલથી મારા બખ્તમા રોઝ હરએક લડાઇનીજ લખી છે, તેથી મને પણ જે વખત સખત લડાઇ આવી પડે છે તે વખતે ખુશી પેદા થાય છે રાત દીન મારી મોરાદ લડાઇ કરવા ઉપર છે, વાસ્તે અય નાખોદા! તુ મને એટલો ડર દેખાડીને શા વાસ્તે વાત કરે છે? મે પ્રથમ બાળપણમા મસ્ત અઝદાહને માર્યો તેથી હુ ડર્યો નહીં તો એવા જાનવરથી મને કશો દર આવનાર નથી" એટલુ કહીને કમાન ઉપર ચીલ્લો ચહડાવી કીસ્તી ઉપરથી નીચે ઉતર્યો એવામા એક ગેન્ડો જગળની તરફથી દોડતો જહાપેહેલવાનની તરફ આવ્યો તેને જોઇ જહાપેહેલવાને શેતાબ તીર કમાન ઉપર ચહડાવીને એવો તો જોરથી માર્યો કે તેની ઝબાન તથા હલક વીધીને બાહેર નીકળી તેની પછવાડે બીજો ગેન્ડો આવતો હતો તેને લાગ્યો, તેથી જેમ દરજી બે ટુકડાને એકઠા સીવે તે મિસાલે એક તીરે કરી જેહાપેહેલવાને બને ગેન્ડાઓ શીવી લીધા એ મિસાલે નામદાર ફેરશારપે તમામ દાહડો ગેન્ડાઓ સાથે લડાઈ કીધી અને આડત્રીસ ગેન્ડા જહાપેહેલવાનના હાથ ઉપર માર્યા ગયા! પછી ખજરે કરી તે ગેન્ડાના સર કાપીને માહરાજા મેહેરાજ નજદીક લઇ જઇ મેલ્યા તે માથા જોઇ તમામ લશકર સાથ મહારાજ મેહેરાજ ઘણો અજબ રહ્યો માહરાજા તથા તમામ જાબુલી, હીંદી ને ઇગની લશકર એ મિસાલની મોટી મરદાનગી જોઇને સર્વ કોઇ જહાપેહેલવાન ઉપર આફ્રીન કરવા લાગ્યા ત્યાથી આગળ ચાલતા "હરહીર" નામનો એક જજીરો હતો, તેની નજદીક જઇ પોહોચ્યા ત્યા જઇ જોય શુ કે ત્યા એક શહેર આબાદ નજર પડયુ તે શહેરનો પાદશાહ ઘણાક લશકર સાથે દબદબાથી તે જગાએ પાદશાહી કરતો હતો તે પાદશાહને ખબર થઇ કે માહરાજા મેહરાજ જહાપેહેલવાન ફેરશારપ સાથે કીશ્તી ઉપર સવાર થઇને આવી પોહોચ્યો છે—જે ખબર સાભળીને તે પાદશાહ શેતાબ પોતાના લશકર સાથે તે નામદારોને એસ્તેકબાલ આવ્યો અને તે નામદારોને પોતાના અયવાનમા લાવી હરરોજ પાદશાહી મીજલસ કરતો અને તમામ લશ્કરને મેદાનમા ઉતારો આપીને કેટલોક ગજ હરરોજ ખરચતો હતો એ મેહેમાનદારી એક હફતા લગી

ચાલી તે જગા જ્યાફત તથા શેકાર તથા ચોગાનદડી વગેરે બીજી અશ્ર અશરતબાજી ચાલુ થઈ રહી હતી ત્યાથી ખુશવખ્તે જેહાપેહેલવાન કેર શાસ્પે માહારાજા મેહેરાજ સાથે શેકાર કરતા ને આગળ ચાલતા એક શીહા જગલ દીઠુ તેમા એક પાણીનો ચશમો દીઠો, તેમાના પાણી મોર્ગની માજર મિસાન શોરબ હતા તેમા ઘણીક માછી જોશથી દોડતી હતી, પણ તે માહીઓ તમામ લાલ રગની હતી તેને જોઇને જેહા પેહેલવાનના માણુસોએ હર તરફથી જઇ જાળ નાખી તે માહીઓ પકડી, પણ માહીને પાણીમાથી બાહેર કાહાડયા પછી પાન લાગનો કે તે માહી સખત પથર મીસાલ થઈ જતી હતી ! તે અજાયબી જોઇને અજમાયશ વાસ્તે બીજી ઘણીક માહી પકડી પણ કોઇના હાથમા પથર શિવાય માહીની જાત આવીજ નહી ! એ તાજુબી જોઈ તરેહવાર અટકલ કરતા આગલ ચાલ્યા, ત્યા એક જગલ દરમ્યાન એક બુલદ ઝાડ હતુ તેની બુલદીબી ગોયા આસમાન લગી ગયની હોય તેવી લાગતી હતી તે ઝાડનો શાયો બે તીર વાર કરતાબી જયાદા જમીન ઉપર પડનો હતો સખત પવન વાતો ત્યારે તે ઝાડના ફળ તથા પાતરા સર્વે નીચે પડી પવનના જોશે કરી હવા ઉપર ઊચે જતા હતા ત્યારે તે તમામ પતરા તથા ફળ એક મોર્ગની સુરતના થઇને ખુશ અવાજ કરતા હતા, પણ તાહડની રૂતુ થતી, કે તે જાનવરમાથી એક જાનવર પણ જીવતુ નહીં રહેતું હતું ! તે જગ્યાના પાહાડ ઉપર એક ઘેર દીઠુ, તેની નજદીક એક પાદશાહી અયવાન હતુ, જે જોઇને જેહાપેહેલવાન પુછવા લાગ્યો કે "એ જગો કોણુની બેઠક છે?" પેલા નાખોદાએ જવાબ દીધો કે "એ જગા એક શીહા પથરની પુતલી છે, તે પરશતેશ કરવાની છે તે પુતલીનુ સર ગમગીન આદમીની મિસાલ હમેશા નીચુ રેહે છે તે પોતાની પીઠ વાકી તથા દોઆના હાથ આસમાન ઉપર ઉઠાવેલા રાખે છે હરરોજ આફતાબ મગરેબની તરફ જાય છે ત્યારે એ પુતલી એક પોકાર કરીને હાય મારે છે—એક દોસ્ત પોતાની મેહબુબથી દુર પડે અને આખમાથી આસુના કતરા વરસાવે તે મિસાલ તે પુતલીની આખમાથી આસુના કતરા વરશે છે ! તેવાજ તેની ખીદમતમા કેટલાક બ્રાહામનો રેહે છે, તે બ્રાહ-

અનો શેતાબ ખાલી તાશ્ત તેની આખની નજદીક ધરે છે ને આસુ ઝીલી લે છે. તે આસુના સર્વ કોઈ હીસ્સા પાડીને વેહેચી લે છે તે આસુથી ફાયદો એ છે કે દરદ તથા બીમારી હોય તથા દીલમા ગમ તથા આખે કમ દેખાતુ હોયે તે સર્વ દરદ દફે કરે છે તે આસુનુ પાણી રોશની તથા ખુશાલી બક્ષે છે જો તે પુતલીને તેની જગ્યા ઉપરથી પાચ કદમ બાહેર લઈ જઈ મેલે તો પોકાર નહીં કરે અને હાયબી નહીં મારે!" એ ઉપરાત તે જગ્યા બીજી ઘણીક અજાયબ જેવી નવાઇની ચીજો હતી, તે તમામ જોઇને તે જગ્યાથી માહરાજા તથા જહાપેહેલવાન આગળ ચાલ્યા એમ કરતા વળી એક બીજા પાહાડની નજદીક જઈ પોહોચ્યા તે પાહાડની બુલદી માહાતાબ સાથે જઈ પોહોચેલી હોય તેની દેખાતી હતી!—તે પાહાડ ઉપર ઘણીક ખાણુ ગોહરની હતી તે જગો દેવની સુરતના આદમી બેશુમાર હતા. એક ટોલો અજાયબ આદમીઓનો હતો, તેઓની આખ શીહા તથા કદમ ઘણા ઊચા હતા. તે આદમીઓના મોહોડામાના આગળા દાત ભુડની મિસાલના મોટા અને બેહદ બાહેર નિકળેલા હતા તે લોકોની જગા ઉપર ઉડતા મોર્ગોથીબી જઈ શકાતુ હતું નહીં તે લોકોની ઝબાનબી કોઇને માલમ પડતી હતી નહીં તે લોકો દરિયાવમા માહીની મિસાલ તરતા તથા ડુબકી મારતા હતા તેઓ દુરથી કીશ્તીની નજદીક આવતા વીલબ લગાડતા નહીં તેઓનો પેશો એ હતો કે પોતાના હાથમા એલમાશના લોહોડાના ખજર પકડીને દરિયાવમાથી શીપ કાહાડીને તે ખજરે કરી શીપમાથી મોતી કાહાડે અને જે કોઈ સોદાગર આવતો તેને પેલા મોતી આપીને તેના અવેજમા લોહોડુ લેતા હતા તે લોહોડા શીવાય કોઈ બીજી ચીજને ચાહતા હતા નહીં, મગર કોઇને એટલી ખબર નહીં હતી કે લોહોડુ ખરીદ કરીને તેઓ શુ કરે છે! માહરાજા મેહેરાજ તથા ઇરાની લશકરની કીશ્તી તે લોકોએ પાહાડ ઉપરથી દીઠી કે તુરત બેશુમાર મોતી તથા ગોહર લઇને તે કીશ્તી નજદીકમા આવી પછી લશકરમાથી લોહોડુ ખરીદ કરીને તેના અવેજમા પાદશાહી લાયકના મોતીઓ આપ્યા. તે મોતી લીધાથી તમામ લશકર તવગર થઈ ગયુ અને

દરેક માણુસના દીલમા આ બનાવથી ખુશી ઉપજી

પાંચમાં જજીરામાં અઝદાહની અજાયબ સરખી હેકાયત.

પછી તે જગાથી આગળ ચાલતા એક જજીરો નજર આવ્યો, જે જગ્યાએ અઝદાહ શિવાય કાઇ બીજુ હતુ નહીં તે જગ્યાના અઝદાહ એવા તો કદાવર હતા કે બે કોશ દુરથી પોતાના દમે કરી મસ્ત હાથીને ખેંચી લઇને ખાઇ જતા! તેના ઝેહેરે કરી તે જગા તથા જગળ તમામ શીહા થઇ ગયલુ હતુ તેના દમની ઝેરી ધુઇ આસમાન લગી જતી હતી એ રવેશના ઝેરી અઝદાહાઓથી તમામ જગળ ભરાયલુ હતુ. તે અઝદાઓના મોહ શીહા ગાગની મિસાલના હતા તેના મોહોડામા જીભ ગોયા દરિયાવમા જહાજ તરે તે મિસાલ હીલતી હતી કોઇના પુછડા એવા તો વાકા હતા કે ગોયા ફાંદાની દોરી પચ દેઇને મેલી હોય! તેમના મોહોડામાના દાત એક એક સાથે ઘસાતા જેથી તેના મોહોડામાથી આતશના ભભુકા નિકળતા હતા! કેટલાકને ગરદન ઉપર ભુડની મિસાલ સખત બાલ હતા એવા ડરામણા અઝદાહ દુરથી જોઇને જહાપેહેલવાન ફેરશાસ્પે ગેતાબ પોતાનુ બખ્તર મગાવ્યુ તે નામદારે હાથમા કમાન પકડી, તીરનો ભાથરો પીઠ ઉપર લટકાવ્યો ત્યારે તમામ જાણુશી ને ઇરાની પેહેલવાનોએ ફેરશાસ્પની દામાન પકડી, કે 'અય સરદાર! હમો તારી આગળ અરજ કર્યે છીયે કે તુ એ વાતથી હાથ ઉઠાવ! તુ પોતાને પગે ચાલીને શા વાસ્તે એવા જીયાગાર અઝદાહના મોહમા જાય છે? અગર જો તુ ગયો તો એમ જાણુ કે આજ રોજે તારા જીવ ઉપર રસ્તાખેજ થશે તું નથી જાણુતો કે એ જગ્યાના અઝદાહ પોતાના દમે કરી મસ્ત હાથીને ખેંચી લે છે. તુ જહાપેહેલવાને આગળ બાળ નાદાનીના વખતમા જે પેલો મોટો અઝદહા માર્યો તે અઝદાહ કરતા તો એ અઝદાહ ઘણુાજ

બળવાન દીસે છે વાસ્તે એ જગોના અઝદાહ સાથે લડવુ અને પોતાને હાથે કરી પોતાના મોતને જગાડવુ બરાબર છે" તે પેહેલવાનો સાથે પેલો બુઢો નાખોદા પણ કહેવા લાગ્યો કે "અય જહાપેહેલવાન! તુ પોતાનો મીઠો જીવ આપવા ઉપર કોશેશ ના કર! દુનિયા દરમ્યાનમા સર્વે કોઈ પોતાનો જીવ બચાવી દોલત મેળવે છે, અને તુ ખસુસન પોતાનો જીવ આપવા ઉપર ખુશી થઇને ઘણા દાહડાની જે દોલત મેળવી છે તેને ખોહવા માગે છે! તુ જાણુતો નથી પણ એ જગ્યાના અઝદાહ ભારી ઝેરી છે પ્રથમ તેના ઝેરે કરી આદમીને પાણીના શોખાર જારી થાય છે તેથી તે જ્યા લગી મરે ત્યા લગી બેશુમાર પાણી પીયે છે તે ઝેરે મોહોડાનો ને તનનો રંગ તરેહવાર બદલાય છે એ જગલમા બાજે અઝદહા તો એવા છે કે તેને નજરે જોય તો આદમી તેની દેહેસ્તે તરતજ મરણ પામે છે—વાસ્તે અય નામદાર જહાપેહેલવાન! તુ એથી હાથ ઉઠાવ અને કીસ્તી ઉપર સવાર થા! આપણે એ જગ્યાથી શેતાબ ઉડતા મોર્ગ મિસાલ આગળ નિકળી જઇશુ" એવા સખુન પોતાના લશકરના સપેહસાલારો તથા સીપાહોના સાભળીને જહાપેહેલવાન ગોસ્સો કરી કહેવા લાગ્યો કે, "તમો સર્વે કોઇ મને એ અઝદહાની લડાઇથી મના કરો છો પણ એ ફરતુ આસમાન મને દંહેશતમદ નથી કરતુ, કે તુ એ જગથી હાથ ઉઠાવ! મગર એક વખત ઉપરથી આસમાન પણ અવાજ મારીને મને કહે કે 'અય કેરશારપ! એ લડાઇથી હાથ ઉઠાવ!' તો પણ એ લડાઈથી હુ પાછો નહીં ફરૂ, તો તમો મને સમજાવશો તેથી હુ કેમ પાછો ફરીશ? જેણે આસમાનને વગર સ્થભે ઉંભુ રાખી આ ચોખડ જહાનના સર ઉપર ફરતુ કીધુ છે તથા જેણે જમીનને પાણી ઉપર સ્થીર રાખી છે, તે કુદરતનો જે પાક યઝદાતાલા છે તેના કસમ લઇને કેહેવુ છુ કે એ લડાઇથી પાછો હુ ભીનહાર ફરનાર નથી એ જગ્યાના તમામ અઝદહાને માર અથવા તો મારો પોતાનો જીવ તેને હવાલે આપુ તોજ એ જગનો ખ્યાલ મુકુ" એટલુ કહી તેણે કમર બાધી અને તીરનો ભાથરો ફરીથી તીરે કરી ભર્યો ને જેમ શેર શેકાર ઉપર જવાના જોશમા આવે, તે મિસાલ ગરમીના જોશમા આવ્યો તે ત્યાથી બાહારના વાદળની મિસાલ

પોકાર મારીને આગળ ચાલ્યો અને તે જગ્યાએ ઉચે નીચે ફરીને તે અઝદહાઓમાથી છ અઝદહા ઘણા ભારી હતા તે મારીને તલવારે કરી તેના તનથી સર જુદા કરીને પોતાના નેજા ઉપર ચહડાવીને માહરાજા મેહેરાજની નજદીક લાવ્યો તે અઝદહાના સર જોઇને તમામ લશ્કરના લોકો અજબ રહીને એક એક સાથે વાત કરવા લાગ્યા કે 'આ જહાપેહેલવાન કેરશાસ્પે એ કામ મહાન મર્દીથી કીધુ છે કે એવા ભારી અઝદહાની લડાઇમા તે જાતે એકલો ગયો ને એ નાપાક અઝદહાઓના ઝેરથી દર્યો નહીં એ જવામર્દ કેરશાસ્પની લડાઇથી શું અઝદહા કે શુ શેર તમામ દ'ામણા જાનવરો સલામત જતા નથી' એ રવેશે સર્વે કોઇ લશ્કરના સપેહસાલારો ને સીપાઇઓએ જવામર્દ પર આફ્રીન કરવા લાગ્યા

છઠ્ઠા જજીરાની જોવા લાયક હેકાયત.

આગળ ચાલતા એક જજીરાની નજદીક જઈ પોહોચ્યા ત્યા જોય શું કે તે જેવો બીજો જજીરો કોઈ જોયામા નહીં આવ્યો હતો તેમા ખેતીવાડીના કરનાર આદમી ઘણા હતા બાજે લોકોનો પેશો લડાઇનો પણ હતો. તે જગો ફુલના ઝાડ ઘણા હતા અને તે જગા ખેતીમા અડદ ઘણા પાકતા હતા તે જગા ઉપર એક માહી ઘણી મોટી દરિયાવમા મુવેલી પાણીના મોજાએ કરી કીનારા ઉપર બાહેર કાહડી નાખેલી હતી તે માહી ઉચાઇમા એશી વામ કરતાબી જ્યાદા હતી તથા ચાલીસ વામ કરતા વધુ પોહોળી હતી ત્યા તે જગા એક હજાર આદમી એકઠા થઇને જબરદસ્ત રસીએ કરી તે માહીને બાધીને ખુશ્કીની તરફ ખેંચતા હતા તે માહી એવી તો ભારી હતી, કે પેલા એક હજાર આદમીઓ એકઠુ જોર કરતા તો પણ ખેચાતી હતી નહીં અને દમબદમ રસીઓ તુટી જતી હતી. એમ કરતા ઘણીક મેહેનતે જોર કરીને તે માહીને દરિયાવના કીનારા ઉપરથી જગલમા લાવી નાખી પણ તે માહીએ બેશુમાર મોતી તથા અમબર ગળેલુ હતું—એ ખબર તે જગાના પાદશાહને થઈ તેથી પાદ-

શાહના છડીદારોએ આવીને તે માહીનુ પેટ ચીરાવીને જે કાંઈ તેના પેટમા ચીજો હતી તે બાહેર કહડાવી લીધી. તેના મોહડામાથી દાતબી ભજાવી લીધા. તે દાત તથા તેના મગજ તથા આખમાથી ઘણુક તેલ ખેચી કાહાડયુ તેથી ત્રણુશે ઘડા ભરાયા ત્યાર પછી જે કાંઈ માસ રહ્યું તેના સર્વ કોઇએ હીસ્સા પાડીને વેહેચી લીધુ એ અજાયબી જોઇને કેર-શારપ અજબ રહયો—પેલા નાખોદા કેહેવા લાગ્યો કે "જે માહીને 'વાલ' કરી કેહે છે તે એ માહી છે હર વરશ એ કરતાબી એ જાતની મોટી માહી એજ રવેશે મુવેલી ભાના કિનારા ઉપર આવી પડે છે એ ખુલદ આસમાનના સાહેબ વગર એવી અજાયબ ચીજોથી દુનિયાના કોઈ લોકો વાકેફ નથી જે કાઇ તે ખુલદ સાહેબની ખાતરમા ઉતર્યું, તે તેને બના-વતા કશો વીલબ લાગતો નથી. તે સર્વેનો પેદા કરનાર પરવરદેગારનો હોકમ સર્વે ચીજ ઉપર બાહલ છે તે સાહેબ એક પાણીના કતરાથી પાદશાહી લાયક મસ મોટા મોતી બનાવે છે એ તમામ અજાયબી જે આપણે જોઇ તે સર્વ તેની કુદરત ઉપર ગવાહ છે" પછી તે જગ્યાના પાદશાહની નજદીક એક હફતા લગી જેહાપેહેવાન કેરશારપ તથા માહ-રાજા મેહરાજ મેહેમાન રહ્યા તે તમામ હફતો શરોદ તથા શરાબમા ગુજારયો તે હફતો તમામ થયા પછી તેઓ ખુશી સાથે ત્યાથી આગળ ચાલ્યા

સાતમા જજીરા આગળની અજાયબ જેવી હેકાયત.

તે જજીરો સીત્તેર ફરસગ કરતા જ્યાદા હતો તે નેતર તથા શેર-ડીના ઝાડે કરી ભરેલો હતો તે મોટા જજીરા આસપાસ એક જગલ ઘણુક જેબદાર તથા ખુશનુમા હતુ તે જજીરાની જગ્યાએ ખાક સુરમાની મિસાલ શીહા તથા નરમ હતી જેમ જમીન ઉપર ઘાસ ભેલાઇને ઉગે છે, તે મિસાલે આદમીઓથી તે જગલ ભરેલુ હતુ તે લોકોના સર, મોહો, તન, પગ તથા બાલ સર્વે આદમીઓની મિસાલે હતા, પણ તે લોકોના

તન ઉપર માહીની મિસાલના ભીંગડા હતા તે લોકોનાં તન ગોયા ગુજરેલા આદમીના મુરદાર તથા લુલા તન મીસાલે લુલા હતા તે જગ્યાનુ ઘાસ રગીન તથા ખુશ્બોદાર હતુ, તેથી ત્યાના લોકોને "ઓશ-તોરગ" કરી નામ દઇને કેહેતા હતા ઘાસમાથી જે કોઈ એક જડ ખાય તો તે શખ્સ તેજ વખત પેલા આદમીઓની મીસાલ મુરદાર તથા લુલો થાય ત્યા બાજે ગાય પેલુ ઘાસ ચરતી જે કોઈ તે ગાયને મારતો તે શખ્સથી તેજ વખત જમીન ઉપર પડીને પોતાનો પ્યારો જીવ હકતાલાને હવાલે કરતો હતો એ રવેશનો અજાયબ દેખાવ તે જગોએ દીઠા પછી લશકરના લોકોએ તે જગલમાથી ઘણીક શેરડી તથા નેતર ઉખાડી કીસ્તીમા ભરી પછી ત્યાથી ખુશી સાથે ત્રણ દાહડા લગી મજલ દર મજલ ચાલ્યા પછી જોવા લાયક એક જગો ઉપર સર્વે કાફલો જઇ પોહોચ્યો

સુનાની ખાંણના પાહાડની હેકાયત.

તે જગો એક પાહડ હતો, તેમા ઘણા ડહરા તથા મોટા ગાર હતા પણ તે ડહરા તથા ગારમા સુનાની ખાણ હતી તે ડહરાની આસપાસ ઘણાક મછર ઉડતા હતા તે મછર બાજે જાનવર કુગ્તાબી જોરમા ઘણાં જબરદસ્ત ને બુલદ તનબદનના હતા તે મછરના એક ઝેરી ચટકાએ કરી જેમ તબીબ લોકો આદમીને નસ્તર મારીને ફસ ખોલે છે તે મિસાલ લોહી જારી થતુ હતુ, બલકે કોઇવાર આદમીઓ તેના એકજ ચટકાથી મરી જતા હતા તે મછરના ચટકાએ કર્ર લશ્કરમાથી એકસો કરતા જ્યાદા આદમી તેજ વખત મરી ગયા તે જગાના ડહરામા બેશુમાર કીડી હતી તે એક એક કીડી બાલા રીછથી પણ મોટી હતી તે કીડીઓથી આદમીને મારવા ઉપર શેરની મીશાલ દલેરી કરતી હતી તેથી જેહાપેહેલ-વાન કેરશાસ્પે ગોસ્સામા આવી પોતાનો ગોરજ ઉઠાવીને તે તમામ બાલા રીછની સીકલની કીડીઓને છુદી નાખી. તે જગોની જમીન ખણાવી

તેવારે તે જગે સુનાની ખાણનો દરવાજો નિકળ્યો તેમા જઈ જોય શું કે તે તમામ જગો ધાસની મીશાલ સુનુ ઉગેલુ ! ત્યા સુનાના ઢગલે ઢગલા પડેલા હતા ત્યા આગળ ચાલતા તેની ખાણુ તો બેશુમાર નિકળી તેથી તમામ લશ્કરે તે જગાથી બેશુમાર સુનુ લીધુ પછી જહાપેહેલવાનના હોકમથી બીજા લોકોને અજાયબી ખાતર દેખાડવાને વાસ્તે તે મછર તથા કીડીઓમાથી કેટલાક જાનવર જીવતા પકડી પોતા સાથે રાખ્યા પછી ત્રણુ હફ્તા લગી દર મજલ ખુશીથી આગળ ચાલ્યા

લાનીશના પાહાડ ઉપરના આઠમાં જજીરાની હેકાયત

એક પાહાડની નજદીક જઇ પોહોચ્યા જેને લાનીશ કરી કેહેતા હતા તે જગો એક જજીરો ઘણો ભારી દીઠો તેનુ સર એક મુલકની પોહળાઇ જેટલું મોટુ હતુ તેની નજદીકથી હમેશ "વાક વાક"નો અવાજ નિકળતો હતો ત્યા અજાયબ મરખા ઝાડ હતા, જેના પાતરા બોલે અને તે પાનરામાથી એ રવેશનો "વાક વાક"નો આવાજ નિકલ્યા કરતો હતો તે દરેક ઝાડ સો ગજ કરતા વધુ ઉચા હતા અને તેના પાતરાનો રગ શીહા તથા "ગીલાન" શેહેરની ઢાલ કે જે ઘણી મસ્ત થાય તે કરતા પોહળા હતા તે પાતરાની શીકલ ગોયા આદમીના સરની મિસાલની હતી તેને આખ, નાખ, કાન તથા મોહોડુ એ સર્વે આદમીનીજ મિસાલે હતુ તે જગલમા એકાએક તેજ પવન વાતો ત્યારે તે જગલમા એક અવાજ રમ્તાખેજની મિસાલનો નિકળતો હતો તે પવને કરી તે ઝાડોની ડાલ કમાનની મિસાલ વાકી વળતી હતી, ત્યારે પેલા તમામ પાતરાં કે જે આદમીના સરની મિસાલના હતા તે ખરી પડતા ! તેજ વખત શેતાબ તે ઝાડની ડાળમાથી બીજા તરેહવાર પાતરા નિકળતા હતા. તે પાતરા તે વખતેજ "વાક વાક" બોલતા હતા તે જોઇ સપેહસાલાર કેરશાસ્પે પેલા નેક અકલના નાખોદાને પુછ્યુ કે "એ દાનાઇ ભરેલા બુઝર્ગ

મરદ! એ પાહાડ ઉપર એ રવેશના હજારો ઝાડ છે પણ તમામ લીલા તથા બાહારના વખતની મિસાલ તથા ઝાડો ઉપર આદમીઓના માથાની મીસાલના ચિતારો છે એ ઝાડની ડાળ બેશુમાર ભારે રહી પણ ભાગી પડતી નથી?" ત્યારે નાખોદા કહેવા લાગ્યો કે "હરરોજ આફતાબ પોતાના રોશન ચેહેરાએ કરી આસમાન તથા જમીનને જેબદાર કરે છે ત્યારે એ તમામ ઝાડોમાથી એક પોકાર ઉઠે છે, ત્યારે એ તમામ ઝાડના પાતરા નીચે ગળવા માંડે છે તે જ્યાસુધી આફતાબ ગાયબ થાય છે ત્યા સુધી તે ગળશે તે પાતરાની શીકલથી સર્વે કોઇ આદમી જાત ડર ખાઇને નાહાસે છે જ્યારે શીહા રંગની રાત જાહેર થાય છે ત્યારે એ પાહાડ ઉપરથી તરેહ તરેહના હજારો જાનવરો આવે છે અને એ ઝાડનાં તમામ પાતરા જે નીચે પડેલા હોય છે તે ખાઇ જાય છે તેથી એ જગો ઉપર પથર વગેરે બીજુ તનખુ પણ રેહેતુ નથી એ મિસાલ રાતને વખત જાનવરો આવે છે આફતાબનુ નિકળવુ થાય છે કે તે તમામ જાનવરો પાછા દરિયાવની તરફ જાય છે અને એ ઝાડો પણ પાછા પાતરાએ કરીને ભરાય છે એ અજાયબ ભેદ પાક યજદા શિવાય કોઇ બીજાને માલુમ નથી જે એ ભેદ શુ છે અને શા વાસ્તે એમ બન્યુ છે? જે ચીજ હકતાલાએ બનાવી છે તે કામને વાસ્તેજ બનાવી છે કોઇ પણ વસ્તુ નકામી બનાવી નથી તેની કદરનો જાણનાર પણ તેજ ગેબી સાહેબ છે આપણને એ ભીત્તર ભેદની જરાબી ખબર નથી પણ તે સાહેબની ગવાહી આપણે એટલી રાખયે છીએ કે આપણને પેદાનો કરનાર તથા રોજીનો પોહોચાડનારબી તેજ છે" પછી તે જગાએ આદમીઓના ટોળા દીઠા જે જંગલમા હરતરફ દોડતા હતા, તેમા બાજે આદમીને એક આખ તથા અરધુ મોહ તથા એકજ દાત તથા એકજ પગ! એવાં અરધા આદમી ઘણાક હતા, અને તે આદમી એક પગે દોડતા ત્યારે હરણ કરતા પણ વધુ ડપટ મારતા હતા બે આદમી એકઠા સાથે ઉભાં રેહેતા ત્યારે આપણુ જેવુ બે આખનુ એક આદમી થતુ હતુ! પછી તે અરધા આદમીઓ પોતાના હાથના આગળા લાબા કરીને મોર્ગ ઉડે તે મિસાલ ઉડતા, લશ્કરની નજદીક આવી પોહોચ્યાં! પણ દુર ઉભા રહીને

હેવાનની મિસાલ લશ્કરના લોકોને જોવા લાગ્યા ત્યારે ઇરાની તથા જાબુલી લશ્કરે શેતાબ હથ્યાર ઉઠાવ્યા. તેઓએ ચાહ્યુ કે તે આદમીઓને મારી નાખે તે લડાઇનો કસદ જોઇને જેહાપેહેલવાન ગોસ્મો કરી લશકરને કેહેવા લાગ્યો કે "ખબરદાર! મારા હોકમ વગર કોઇ એ લોકો સાથે લડે નહીં તમો એવા બેઅકલ છો જે અવલ નેગાહ કરીને જોતા નથી, કે એ તમામ આદમીઓમાથી કોઇબી આપણી સાથે લડવાની ખાહેશ કરતુ નથી જે મિસાલે આપણે એ લોકોને જોઈ અજબ રહયે છીએ તે મિસાલ એ બીચારાબી દુર ઉભા રહીને આપણને જોઈ અજબ રેહે છે કે એ તે શી રવેશના આદમી છે? એ આદમી તો હકતાલાની હસ્તીની ગવાહી છે જો એ લોકોને આજાર દઇયે તો આપણે સીતમગાર કહેવાઇએ એ બીચારા લોકોનો ગમ એક હકતાલા શિવાય બીજો કોણ ખાય? એ જેવા આદમી દુનીઆમા જોયા નથી અગર જો કોઈ દાના મરદ હોય તે જોઇને એ આદમીઓ માથી એક આદમીને હરેક તદબીરથી મારી નજદીક લાવે તો આપણે તેને કાંઈ ખોરાક ખવાડી જોઇયે કે જે આપણુ લોકોના ખાધામા આવે છે તેજ ખોરાક એ લોકો બી ખાએ છે કે નહીં તે વિષેની તજવીજ કર્યે" એ સખુન સાભળીને જાબુલી લશકરના એક સવારે શેતાબ પોતાનો ઘોડો તેજ પવન મિસાલે તે લોકોની તરફ દોડાવ્યો કે તે લોકો ઉપર કમદ નાખીને તેમાથી એક બે આદમીને પકડી લાવે. તે સવારને આવતો જોઇને પેલા આદમી એક પગે એવા તો નાઠા કે પેનો સવાર તો તે આદમીઓની બરોબર દોડી શકયોજ નહીં પછી તે જગાથી આગળ ચાલતા ઉડા દરિયાવમા એક પાહાડ બરફ કરતા વધુ સફેદ દીઠો, જે તે પાહાડ એવો તો રોશન અને ખાલેશ હતો, કે તેની રોશની આઇના મિસાલ એક ફરસગ દુરથી નજર આવતી હતી તેની જમીન એવી તો સાફ હતી કે એક મોર્ગ તે ઉપર બેસતુ તો તેના બી પગ કમડાઈ જતા, તેથી તે જગો મોર્ગથી બી બેસી શકાતુ નહી હતુ તે પાહાડ નજદીક એક ચશમો ખખળતા પાણીનો પણ હતો, જેથી કોઇ શખ્સ તેમા ઉતરી શકતો નહીં હતો તે પાહાડનો પડછાયો પેલા ચશમામા પડેલો હતો, જેથી ગોયા

ઢોલના અવાજ મિસાલ તે પાણીમાથી જોશનો અવાજ નિકળતો હતો. તે ચશમાની આસપાસ રંગબેરંગી ઘણાક મોર્ગ હતા, જે મોર્ગના સર ઉપર ગાય મિસાલ શીંગડાં ઉગેલા હતા. તેને ચાર પગ તેમા બે પગ શીના તરફ અને બે પગ પુછડા તરફ હતા તેની બે ચાચ લોહી મિસાલ લાલ રંગની હતી તેની ચુગાલ નશતર મિશાલે તેજ અનીદાર હતી. તે તમામ મોર્ગોએ આદમીને દીઠા ત્યારે તેઓ પોકાર કરતા ઉડી જઇને પેલા ચશમાના પાણી જે જોશ કરતા હતા, તે પાણી ઉપર જઈ બેસીને માહી મીશાલ તરવા લાગ્યા એ ઉપર શાઓત એક ગુજરી કે પેલા પાહ'ડ ઉપરથી એકાએક એક શીહા વાદલ જોશથી નિકળ્યુ તે પેલા ચશમાની ઉપર આવી ઉભુ, તેજ વખત તે ચશમાના પાણી જે જોશ કરતા હતા ને થડા પડી ગયા તેથી પેલા તમામ મોર્ગ જે ઉપર તરતા હતા, તે તમામ ડુબકી મારીને નીચે ગયા. પછી પેલુ વાદલ પાછુ પાહાડ તરફ જઇને ગાયબ થઈ ગયુ તે અજાયબી જોઇને જહાપેહેલવાન ઘણો તાજુબ તથા હેરાન રહ્યો.

કોહેકાલુનના નવમા જઝીરાની અજાયબ જેવી હેકાયત.

જહાપેહેલવાન કેરશાસ્પ અને માહરાજા મેહરાજ રંજ અને સખ્તી ખેચતા એક મહિને કોહેકાલુનની નજદીક જઇ પોહોંચ્યા ત્યા એક જઝીરો હતો તે ઉપર કાટા, વાસ તથા ઝાડ શિવાય એક કદમ મેલવાની જગો ખાલી નહીં હતી તેની એક તરફ જગલ હતું, જ્યા પાણીનો ચશમો હતો જેના પાણી ઘણી બદબો મારતા હતા. જહાપેહેલવાને પેલા નાખોદાને પુછ્યુ કે "એ જગો શી શી અજાયબી છે તે મને જાહેર કર!" જેથી પેલો નાખોદા કહેવા લાગ્યો કે "એ પાહડ પછવાડે ઘણુક લશકર જોરાવર છે તે લશકરના આદમીઓને 'શગશાર' કરીને કેહે છે. તે 'શગશારી' લશકર લડાઇને વખત દલેરી ઘણી રાખે છે. તેઓના ચેહેરા-

મોત મિસાલના તથા મોહોડા સગ મિસાલના છે તેઓના તમામ તન ઉપર બકરા મિસાલ બાલ ઉગેલા રહે છે તેઓના દાત ભુડની મિસાલના મોટા તથા કાન હાથીની મિસાલના છે તેઓના તન શીહા ગલીને રગના છે તેઓના મોહ હડતાલની મિસાલે જરદ રગના છે. તે લોકાને માટે બીછાણુા તથા ફરશ કાઇ છેજ નહીં પણુ સગ મિસાલ હમેશા જમીન ઉપર બેસે છે. તેઓ ખોરાકમા માહી તથા મેવા ખાય છે તેઓ એ જગલમા સુનુ, કથીર, મોતી તથા લોહોડુ એકઠુ કરી રાખે છે. કોઇ સોદાગર એ જગ્યાએ આવે છે તેની પાસેથી કાળી મણી તથા પરવાલા લઇને તેના અવેજમા સુનુ, મોતી, કથીર તથા લોહોડુ આપે છે પણુ એ બે ચીજ સીવાય કાઇ બીજુ ખરીદ કરતા નથી કાળી મણીની લહો ભરીને એ જગોના લોકો પાતાના ગળામા તથા સર ઉપર લપેટે છે. પરવાવાલાની લહો ઓરત લોકો પોતાના ગળામા રાખે છે. એ લોકોના નમામ ઘોડા એ જગલમા એક જગો એકઠા ચરે છે, પણુ તે ઘોડા હજારો છે તે ઘોડા દોડવામા તેજ પવન કરતાબી ઘણુાજ જ્યાદા છે તથા લડાઇને વખત દરિયાવની મિસાલે જોશમા આવે છે એ 'શગશારી' લોકોને લડાઈનુ કામ પડે છે કે શેતાબ સર્વે કોઇ તે ઘોડાના ચારીગાની તરફ જાય છે અને દરેક પોતાના ઘોડાઓને કમદે પકડે છે તે ઉપર સવાર થઇ કીના ભરેલા વરૂ મિસાલ લડાઇમા જાય છે ઘણી સખત લડાઈ કરવી પડે છે ત્યારે સર્વ એક એક લાકડાનો કકડો બે ગજ કરતા લાબો હાથમા પકડે છે અને તે લાકડા ઉપર બે શાખ લોહો- ડાની નેજાની મિસાલ નોકદાર જડેલી હોય છે તેઓ લાકડાના જખમે કરી એક મરતબે પાહાડનેબી જમીનથી ઉખેડી નાખે છે તે લોકોની લડાઇને વખત આફતાબની આખ લોહી ભરેલી થાય તેવો બનાવ બને છે એ લોકો લડાઇના ઝનુનમા આવે છે ત્યારે જમીન ઉપરથી ભારી ઝાડને ઉખેડી નાખે છે તેઓ એવો તો પોકાર મારે છે કે ગોયા સખત પથરનુ દીલ ફાટી જાય. જ્યારે દરિયાવની તરફ જાય છે ત્યારે ભારી મગરમછને ચુગાલે કરી પકડી ખેચી કાહાડે છે જગલના શેરોથી તો એ લોકો કદી દરતાજ નહીં. તે લોકોના મોહોડામાથી જગળા ભુડની મિસા-

હના દાત બાહેર નિકળેલા હોય છે, તે દાતે કરી પેહેલવાન લોકોનાં બખ્તર ફાડી નાખીને તેઓના સીનાને જખમ મારે છે તથા સવારોને ઘોડાના જીન ઉપરથી બેતાબ ઉડાવી લઇને જીવતા ને જીવતા ખાઈ જાય છે. જહાપેહેલવાન તે આજલગી પોતાના બખ્તની મદદે કરી ઘણીક સખત લડાઇ કીધી છે પણ એમ જાણ કે એ 'શગશારી' લોકોની લડાઇમાથી તુ સહીસલામત આવવાનો નથી એ લોકોની લડાઈ ઘણી સખત છે" એ વગેરે તે નાખોદાએ ઘણાક સખુન કહયા પણ સપેહસાલાર કેરશાસપને તેથી કશો દર લાવ્યો નહીં અને તે જગો ડેરા મારી મકાન કરી રહયો જ્યારે અબનુશી રગના ગુબજમાથી આફતાબ બાહેર નિકળ્યો, યાને બામદાદનો ખુશનુમા વખત થયો ત્યારે પાહાડ ઉપરથી જગળમા દેવની સુરતના 'શગશારી' લોકો તથા 'ફીલગોશા' (યાને હાથીના જેવા કાનના આદમી) જોવામા આવ્યા અને તે નાપાક લોકોથી તે જગલ ભરાઈ ગયુ અને લડાઇનો કસદ કરીને હેરેમનની મિશાલે તે આદમીઓ જોશમા આવી પોકારો કરવા લાગ્યા

લડાઇ કીધી જહાંપેહેલવાન કેરશાસ્પે "શંગશારી" તથા 'ફીલગોશા' ટોલા સાથે તે હકીકત

પેલા "શગશારી" તથા ફીલગોશા*" આદમીઓએ જહાપેહેલવાનના લશકરને દીઠુ ત્યારે લડાઇને વાસ્તે શેર મિસાલ દોડવા લાગ્યાં અને

* બુનદેહેશ (બાબ ૧૫) મા માણસોની સાત જાતનુ વર્ણન આપ્યુ છે અને ડા વેસ્ટ નોટમા કમેરે છે તેમ કોઇ હસ્તનેખમા નીચલી ૧૦) જાતના માણસો જણાવ્યા છે—છાતીના જેવી આખવાળા, ત્રણ આખવાળા, છાતીના જેવા કાનવાળા, ફીલગુશા (હાથીના જેવા કાનવાળા) એક પગવાળા, જળપાદ ચીતાના જેવા માથાવાળા, સીંહના જેવા માથાવાળા, ઉંટના જેવા માથાવાળા, અને કુતરાના જેવા માથાવાળા

લાકડાના કકડા ઉઠાવીને મેદાનમા આવી ઉભા યા એકાએક લડાઈ ઉભી થઇ જેથી દરિયાવના પાણીની જગોએ જાણે લોહીની મોજ જારી થઈ હરએક ઇરાની તથા જાબુલી પેહેલવાનો કમીગાહથી કુદીને મેદાનમા દોડયા અને શગશારીમાથી ઘણાકને ખાકમા ઉધા નાખ્યા સપેહસાલાર ફેરશાસ્પેબી હાથમા સમશેર પકડીને પોતાના ઘોડા ઉપર સવાર થઇ મેદાનમા આવીને લડાઇ શરૂ કીધી તે વખતે એવો દેખાવ થઇ પડયો કે જાણે તે વેળાએ રસ્તાખેજ થઇ પડી હોય તે મિસાલે ત્યા શોરશાર ઉઠતો હતો જહાપેહેલવાન જે તરફ હુમલો કરી ઘોડો ઓકાવતો તે જગો "શગશારી" તથા "ફીલગોશો" ની લોથના મસ મોટા ટેકડા કરતો હતો એ રવેશની લડાઇ જહાપેહેલવાને કરીને તે નાપાક દેવની સુરતના જીયાગાર લોકોના મગજ કાહડી નાખીને રસ્તા દરમ્યાન તેઓના સર તથા કાન પાયમાલીમા નાખ્યા તોબી તે નાપાક લોકો ઇરાની લશકર ઉપર ગાલેબ હતા. ઇરાની સવારો તેઓની નજદીક જઇને લડાઇ કરતા અને જ્યારે તે લોકોને આજેજ કરતા ત્યારે તે લોકોના ઘોડા એવા તો તેજ હતા કે શેતાબ પવન મિસાલ નાહાસીને બીજી જગા જઈ ઉભા રેહેતા હતા. તીર, નેજા તથા છુટભાલડીથી તથા ગોરજ તથા તલવારથી તે લોકો ડર નહીં રાખતા હતા તેઓમા એક શખ્સ ઇરાની લશકરના સવારોના હાથ પગ ઉખેડતો અને બીજો શખ્સ ગરદન પકડી સવારને ઘોડા ઉપરથી ઉઠાવી તેને જીવતો ચાવી ખાતો એ રવેશની ઘણીક લડાઇ કરીને ઇરાની લશકરમાથી ઘણાક લોકોને જીવતા ખાઇ ગયા ત્યારે જહાપેહેલવાને પોતાના લશકર ઉપર અવાજ મારીને કહ્યુ કે "એ દલેરો! તમો સર્વ કોઈ એક મરતબે એકઠા કમાનને ચીલો ચહડાવીને તીરની લડાઇ કરો જેથી એ નાપાક લોકો બરતરફ થશે" એટલુ કહી પોતેબી કમાન પકડી—તેજ વખત ઇરાની લશકરે તલવાર તથા ગોરજ હાથમાથી મેલીને સવ કોઈએ કમાન ઉપર હાથ નાખ્યા અને તીરની લડાઇ શરૂ કીધી તેથી તે નાપાક "શગશારી" તથા ફીલગોશા" ઉપર જેહાન તંગ થઈને એક પોહોરમા તે નાપાક લોકોમાથી બે હીસ્સા માણસ માર્યા ગયા જે કોઇ જીવતા રહ્યા તે નાહસી જઇને દરિયાવમા પડયા બાજે જઇને પાહાડની કઢણમા છુપાઇ બેઠા જહાપેહેલવાને હોકમ કીધો

તેથી જગનમા કાટા તથા કચરો એકઠો કરી તે નાપાક લોકોની લોથને આતશે કરી બાલી નખાવી તેને લીધે તમામ જગલ આતશ ભરેલુ થયુ' તેથી જે કોઈ "શ'ગશારી" તથા "પીલગોશા" આદમી જગલમા જીવતા હતા તે બી તમામ બળી ગયા. તે આતશ સરદ થયા પછી જહાપેહેલવાન પોતાના લશકર સાથે તે જગલ આસપાસ ફરતો હતો એવામા પાહાડ ઉપર એક કોટ ઘણોજ મજબુત દીઠો

જઇ પોંહોંચ્યો જહાંપેહેલવાન કેરશાસ્પ "શીઆમક"* નાં દોખમાની નજદીક તે દાસ્તાન.

હેકાયત એવી જાહેર થઈ છે કે જહાપેહેલવાન કેરશાસ્પે પાહાડ ઉપર એક કોટ દીઠો, તેથી તે પેલા નાખોદાને પુછવા લાગ્યો કે 'અય દાના મરદ! આ કોટની અદર શુ તલેસમાત છે?" નાખોદાએ જવાબ દીધો કે "એ કોટની અદર ઘણી નેક જગો છે તેમા બુજેર્ગ 'શીઆમક' નુ દોખમુ છે. તે દોખમાનો પાયો લોહોડાનો નાખીને સાત જાતની ધાતુએ કરીને તેની દીવાલ બનાવી છે તે દોખમા ઉપર કથીરની જાલી નાખીને તેને ઢાકેલુ છે" કેરશાસ્પ પેહેલવાને સખુન સાભલ્યો કે તમામ લશકરના લોકો તે કોટ આસપાસ ફરી એ કોટનો દરવાજો શોધવા લાગ્યા પણ ચાર તરફ દીવાલ શિવાય કાઇ બીજુ નજર આવ્યુ નહીં નાખોદા કેહેવા લાગ્યો કે "એ પાક જગાનો દરવાજો કોઇને નજર આવનાર નહીં અગર જો તુ નામદાર એ કોટ દરમ્યાન દાખલ થઇ શીઆમક શાહનુ દોખમુ જોવાની ખાહેશ રાખતો હોય તો સર્વ કોઇ પોતાના કપડા પાક પાણીએ ધોઇ ગોસલ કરો—પછી તે નવા કપડાં પેહેરી

* "શીઆમક" એ શખસને કેટલાક લોકો "શીશ" કરીનેબી કેહે છે અને એના બાપને "ગઇઓ મરદ" ને "બાવા આદમ" કરીને કેહે છે—એ વીશેનો ઓલાસો "શારેશતાન" કેતાબવાચો કરી જાય છે.

પાક યજદાની બંદગી કરીને એ કોટ ઉપર નેગાહ કરો તોજ તમોને એ જગાનો દરવાજો નજર આવશે" એ સખુન સાંભળીને કેરશાસ્પ તથા બીજા જે કોઇને દોખસુ જોવાની ખાહેશ હતી તેઓએ લડાઇના કપડા તનમાથી ઉતારીને પાક પાણીથી પોતાનુ તનમન સાફ કરીને બીજા કપડા પેહેરયા અને ખોદા સાહેબની બંદગીમા ઉભા રહીને ઘણીક આજજી કીધી, તેવામા ત્યા એકાએક એક મરદ એવો હાજર થયો કે તે મિસાલના ખુબસુરતી ભરેલા આદમીઓ જેહાન દરમ્યાનમા થોડાજ જનમ પામ્યા હોય તે મરદની ત્રણ આખ હતી તેમા બે આખ મર્વેને હોય છે તે મિસાલે હતી અને એક આખ પેશાની ઉપર વચમા હતી એ મરદે એકાએક આવીને બુલંદ અવાજે કરી પઢવા માડયુ, જેનો હલક એવો તો ખુશ હતો કે તે ખુશ અવાજના સાભળયાથી તમામ લશકરના લેકો પેલા "શગશાર" તથા "શીલેગોશા" ઓની લડાઇથી ગમગીન હતા તે મર્વે તે આદમીના ખુશ આવાજની અસરથી આગળી ગમગીની વીસરી ગયા તેજ અવાજની મિસાલનો પેલા કોટમા ઘણો આવાજ નિકળવા લાગ્યો' તે કોટને હરતરફ દરવાજા નજર આવ્યા! તે દરવાજામા જેહાપેહેલવાન તથા બીજા દાના લોકો દાખલ થયા તે જગા એક બાગ રોશન બેહેશ્ત મિસાલનો દીઠો તે બાગમા અરદીબેહેશત મહીનાના બાહારની મિસાલ ફુલ ખીલેલા હતા વળી ત્યા એક બુલંદ ઝાડ હતુ જેનુ સર માહાતાબ સાથે જઇ મળેલુ હોય એવુ ઊચુ હતુ તે ઝાડનુ ઠડ લીલા રંગનુ તથા તમામ ડાલ શીહા રંગની હતી તેના પાતરા સુના મિશાલે જરદ રંગના હતા તે ઝાડના પાતરા એક ઢાલની મિસાલે પોહોળા હતા તે પાતરા ઉપર આદમીના ચેહેરાની શીકલ કાહાડેલી હતી તે ઝાડના ફળ લાબા દોધીની મિસાલના હતા તે ફળ ઉધા લટકતા હતા ફળ ખાધામા શાકરની મિશાલે મીઠા હતા, અને જોવામા લોહીની મિસાલ રાતા હતા—તે અજાયબ ઝાડ જોઇને સપેહસાલાર કેરશાસ્પે પેલા ત્રણ આખના મર્દને પુછ્યુ કે "એ અજાયબ જેવુ ઝાડ શુ છે" તે મરદે જવાબ દીધો, કે "એ ઝાડ ઘણું પુરાણુ છે હકતાલાએ આ જેહાન પેદા કીધી ત્યારે એ ઝાડને તમામ ઝાડોની અગાઉ પેદા કીધું હતું. એ ઉપર હમેશ મેવો દોધીની મિસાલનો

જારી રહે છે એ મેવો ખાધામા શાકરની મિસાલ મીઠો છે અને સુગધમા કસ્તુરી તથા અમબરની મિસાલનો ખુશબોદાર છે એ ઝાડ ઉપરથી એક પાતરૂ તથા એક ફળ કમ થાય નહીં અગર એક ફળ અથવા પાતરૂ કમ થયુ તો તેજ વખત તે જગો ઉપર બીજુ પેદા થાય છે અગરજે એ ઝાડના ફળને એક લેહેજા કરતા જ્યાદા વખત સુધી તુ સુધે તો તારા નાખ તથા કાનમાથી તુરત લોહી જારી થાય પણ એ મેવામાથી કાઇ એક ફળ તોડીને ખાય તે શખ્સને સાત દાહડા લગી ભુખ લાગે નહીં" એ મિસાલ તે ફળની તારીફ સાભળ્યામા આવી તેથી તે ઝાડ ઉપરથી કેટલાક ફળ તોડીને જેહા પેહેલવાને ખાધા અને બીજા પોતાની સાથે હતા તેઓનેબી ખવાડયા પછી તે બાગમા એક અયવાન હતુ તેનો દરવાજો પેલા ત્રણ આખના મર્દે ખોલયો ને અદર જાઇ જોય શુ કે તે અયવાનમા એક આસમાનની સુરત કાહાડીને તે આસમાન ઉપર બેકીમત ગોહરનો જડાવ જડેલો હતો તેનેથી તે જગા આફતાબ તથા માહાતાબની મિસાલ રોશની ભરી હતી તે જગોની દીવાલ, જમીન તથા દરવાજા સર્વે મોતી તથા પરવાલાએ કરી મઢી લીધેલા હતા. તે અયવાનમા પાદશાહી લાયક એક તખ્ત બીલોરનુ માડેલુ હતુ તે તખ્ત ઉપર એક સુનાની પુતલી તમામ ગોહર તથા મોતીએ શણગારેલી હતી તે પુતલીના હાથમા એક યાકુતની તખ્ની આપેલી હતી પુતલીને તે બુલદ તખ્ત ઉપર સુવાડેલી હતી તેના સર ઉપર સુનાનુ એક 'તાબુત' હતુ, તે ઉપર મોતી તથા ગોહરની લહેાે વીટેલી હતી એ મિસાલનો તમાશો જોઇને જેહાપેહેલવાન પેલા ત્રણ આખના મર્દને પુછવા લાગ્યો કે "અય નેક રાહના દેખડાવનાર મર્દ ! એ પુતલીનો ભેદ શુ છે અને તમામ પાદશાહી લાયક મોતી તથા ગોહરની લહોએ વીટી લીધેલા 'તાબુત'મા કોણની જગો છે ? એ પુતલીનાં હાથમા યાકુતની તખ્ની શા વાસ્તે આપી છે અને તે તખ્તી ઉપર શુ લખ્યુ છે ?"—પેલો મરદ કહેવા લાગ્યો કે "એ અયવાન તથા તખ્ત તથા બાગ સર્વે પાદશાહ 'શીઆમક'નુ છે—અને એ સર્વે તલેસમાત પાદશાહ 'શીઆમક'નોજ બનાવેલો છે જ્યા સુધી આ દુનિયામા તે હૈયાત હતો ત્યા સુધી તેણે પાદશાહી કીધી. એ

તલેસમાતથી તે નામદાર પાદશાહે બનાવ્યો તેણે પોતાના લોકોને ફરમાવ્યુ કે જ્યારે મારો વફાત થાય તેવારે મારા તનને એ 'તાબુત'મા મેલીને એ જગાનો દરવાજો બંધ કરજો એ રવેશે તે પાદશાહે ફરમાવ્યુ હતુ તેથી તેના પાક તનને એ 'તાબુત'મા મેલ્યુ છે. તે નેકબખત પાદશાહનો વફાત થયો ત્યારે સર્વ કોઈ કહેવા લાગ્યા કે, હવે આપણે પાદશાહ શીઆમકનો રોશન ચેહેરો કાહા દેખીશુ ?—વાસ્તે આપણે પાદશાહ 'શીઆમક'ના ચેહેરાની એક પુતલી બનાવ્યે અને તેને એક તખ્ત ઉપર બેસાડયે જે વખત આપણુને પાદશાહ શીઆમકનો ચેહેરો જોવાની ખાએશ થશે, તે વખત આપણે તે જગ્ગોએ જઈ પાક પાણીથી ગોશલ કરી પાક કપડા પેહેરીને તે તલેસમની જગ્યાએ જઈ એ પુતલીનો ચેહેરો જોઈ આપણો જીવ ખુશી કરીશુ એવો અંદેશો સર્વ કોઇએ એક દીલથી કીધો અને એ પુતલી પાદશાહ શીઆમકના ચેહેરા જેવી બનાવીને તેને એ જગોએ તખ્ત ઉપર આરામ કરાવ્યો છે, શા વાસ્તે કે જે દાહાડે તે પાદશાહ યાદ આવે તે દાહાડે એ જગાપર આવીને એ પુતલીનો ચેહેરો જોઇને ગમને દફે કરે અય જેહાપેહેલવાન ! એ જગા બીજુ' અજાયબ જેવુ એ છે કે અગર કોઈ શખ્સ એ જગોથી હરએક ચીજ બાહેર લઈ જવા ચાહે તો અવલ તો તે શખ્સને દરવાજો નજર નહીં આવે અને તેના તનને પારાની મિસાલ લરજો પેદા થાય. તે શખ્સ પેલી ચીજને પાછી તેની જગો ઉપર મેલે ત્યારેજ તેના તનનો લરજોબી ભાગે અને દરવાજો માલુમ પડે બીજુ એ છે કે પાદશાહ શીઆમકે પોતે ગુજરતી વખત ઘણી સારી નસીહત કહી છે, તેમાની નસીહતના સખુન એ યાકુતની તખતી ઉપર નજર આવે છે

શીઆમકશાહ પાદશાહે પોતાની અંતની ઘડીએ કહી સભળાવેલી નસીહત.

"અએ નેક બખ્ત બેટા !—તુ જે જગોએ આવ્યો છે તે જગો

મારૂં દોખમું છે હું બુઝર્ગ બુન્યાદનો પાદશાહ શીઆમક છુ મારો નામદાર બાપ પાદશાહ ગઇઓમરદ હતો મારા હોકમમા હફતેકેશવર જમીનનો મુલક હતો તમામ દેવ, પરી તથા આદમી સર્વ મારા તાબામા હતા મે પોતાની તમામ ઉમર ખુશી શીવાય "કાંઇ બદઅહિ-શામા ગુજારી નથી બલકે દુનીઆની કોઇ લેહજત મારાથી ખાલી રહી નથી એ રવેશે ખુશી તથા અયશમા મારી ઉમર એ દુનીયામા (૧૧૨૪) અગીઆરશો ને ચોવીશ વરસની થઈ જો કે માગ તાલુકામા પાદશાહી ખજાનો ઘણો હતો, તોપણ જે દહાડે મારૂ મરણુ આવ્યુ તે દાહડે સર્વે કાઠ પોતાને ઠેકાણે રહ્યુ હુ ખાલી હાથે મુફલેસ ફકીરની મિસાલ થયો અને મારો કોઇએ ગમ નહીં ખાધો વાસ્તે અય બેટા ! તુને જાહેર કરૂ છુ કે આ દુનિયા બેવફા તથા ફરેબબાજ છે વળી તે કેવી છે કે અવ્વલ તો આપણુ આદમી જાતને મીઠા શરબતનુ પ્યાલુ આપીને ખુશી કરે છે પણુ પછવાડે ઝેહેરની જામ નોશ કરાવે છે યાને અવ્વલ જીંદગાની બક્ષીને તમામ ન્યામત સાથે મોજ કરાવે છે, પણુ પછવાડે એકાએક છુપુ મોત આવીને ખાલી હાથે મોકલે છે જેમ બાપ પોતાના ફરજંદને ગોદમા રાખીને નાજથી ગખે છે, તેમ એ દુનિયા આપણુને પાળે છે. પણુ પછવાડે દુશમન મિસાલ લાત મારીને દૂર કરે છે વાસ્તે અય બેટા ! તુ એ બેવફા જેહાન ઉપર દીલ બાધીને એતેબાર ના રહે ! મારી ઉપર નેગાહ કરીને તુ વિચાર કર કે એ દુનિયાએ મને પાદશાહી આપીને તમામ મુલક ઉપર મુરાદ માફેક હોકમ ચલાવનારો કરી જેહાન જીતનાર ને રાખનાર પાદશાહનો ખેતાબ બખશ્યો, પણુ તેણે પછવાડે મારો કેવો હાલ કીધો છે ? તે તુ જો કે ખાલી હાથે દુરવેશની મિસાલે નાચાર કરી આ ખાકમા નાખ્યો છે અય બેટા ! તુ એ મકરબાજ તથા ફરેબબાજ દુનિયા ઉપર નચીંત ના રેહેનો ! એ દુનિયામા મારી રવેશે કોઇએ અયશ અશરત તથા મોજ મજાહ કીધી નહીં હોય હવે તુ અંદેશો કર કે જ્યારે એણે મારી સાથે વફાદારી નહીં કીધી તો હવે પછી બીજા કોણુની સાથે વફાદાર થશે ? હુ કરતા નામદાર પાદશાહ બીજો કોઈ શખ્સ થયો નહીં હોય એવુ હુ ધારૂ છુ. જો કે એવી નામદારી કીધા છતાં હાલમાં

હુ કેવો બેહાર થઇને આ જગો ઉપર પડયો છુ "

એવા નસીહત ભરેલા સખુનો વાચ્યાથી કેરશાસ્પ પેહેલવાને પોતાની આખ મધેથી આસુનો વરસાદ વરસાવ્યો અને ફરીને બીજી મરતબે પેલા મરદને પુછ્યુ, કે 'અય પાક દીલના દાનાવ મર્દ ! એ વગેરે બીજી જે કાઇ નસીહત તુ જાણુતો હોય તે મને કહે કે જેવી નસીહતથી મને બે જેહાનમા ફાયદો થાય અને હુ જ્યા લગી જીવુ ત્યા લગી તારૂ નામ કદી વીસરૂ નહીં અને તારી યાદગારી રાખુ " એ સખુન સાભળીને તે મર્દ કેહેવા લાગ્યો કે "અય નેકબખ્ત પેહેલવાન ! આદમીજાતને અવ્વલ એ સજાવાર છે કે હકતાલાની હસ્તીથી વાકેફ થાય, યાને બેશક કરી જાણે કે હકતાલા તે એકજ છે તારી પોતાની જાતી અકલથી એમ કરી જાણવુ જે તમામ ચીજનુ જોડુ છે પણ એકલા હક્તાલાનુજ ફકત જોડુ નથી તે સાહેબથી હરદમ ડરતો રહેજે ! જ્યારે તને એ જહાનમા કાઇ મુશકેલી આવી પોહોચે ત્યારે તેની પનાહ માગજે કે તેથી તમામ મુશકેલ આશન થાય ! તુ હરામ ચીજથી પોતાનુ મોહ ફેરવેલુ રાખજે, તુ ગુનાહના કામથી ડરતો રેહેજે ! અગર તો પોતાના ઘરમા બેસીને ઘરના દરવાજા બધ કરીને છુપો ગુનાહ કરી જો તુ ગુમાન લઇ જશે કે મે ગુનાહ કીધો તે કોઈ આદમીના દેખતા કીધો નથી. અને કોઈ જાણુતુ પણુ નથી, એવુ તુ પોતાના દીલમા જાણે પણ એ નામવર ! તારો ગુનાહ અગર આદમીજાતે નહીં જાણ્યો પણ ગેબી ખબરનો જાણુનાર હકતાલા છે તે તમામ જોય છે સર્વ લોકોએ એ સાહેબથી ડર ખાવો જોઇએ. આકેબત સર્વ કોઈએ તે પાક દાવરની દરઘાહમાં રજુ થઈને જવાબ દેવો છે આપણુ સર્વના તન સાથે ત્રણુ મુદઇ ઘણુા ભારી છે તેમા બે તો તનની અદર છે અને એક તનની બાહેર બે મુદઇમા એકતો ગોસ્સો તથા બીજો લોભ ત્રીજો તનની બાહેરનો મુદઈ તે મશકેરી છે એ ત્રણુ ચીજને દાનાવ લોકો નાપસદ કરે છે અગર તું ચાહે કે મને બીજો ગુનાહ કરવા ઉપર દલેરી નહીં થાય અને જે કાઈ આગળ ગુનાહ થયો હોય તેની નોજેશ તું ચાહતો હોય તો એ ત્રણે મુદઇ જે ઉપર કહયા છે તેને તારા તાબામા રાખ યાને એ ત્રણે ચીજ ઉપર

દલેરી કરતો ના પોતાની અકલે કરી ગેસ્સો તથા લોભ અને કોઇની મશ્કેરી કરવાથી બંધ રેહેજે! તારૂ પોતાનુ દીલ હકતાલા સાથે બાધજે અને એ મકર તથા લોભ ભરેલી દુનિયા સાથે આશના થતો ના આ દુનિયાની તમામ ચાલ બાજીગર લોકોના ખેલની મિસાલની છે બાજીગર લોકો હરએક ચીજ આપણુને દેખાડે પણ પછવારે તેના હાથમા ખાક શિવાય કાઇ બીજુ રહેતુ નથી એ દુનિયા દરમ્યાન જર અને ખજાનો મેળવતા ઘણી મખ્તી તથા રંજ ખેચવી પડે છે તે જર ખજાનો જવા ચાહે છે ત્યારે એક લેહેજામા જતો રેહે છે દાનાવ મર્દ હરગેજ થઇને લોભ ના કરતો! વખત ઉપર ખોદાતાલા જે કાઇ આપે તે ઉપર સબર એખ્ત્યાર કરજે! જે કમબખ્તને લોભ ઘણો હોય તે બુરા શખ્સના તમામ દાહડા, વરશ તથા મહિનો હાયવાય ને બળાપા ભરેલા જાય તે નાપાક અદેખા લોભીથી કોઇ બીજાનુ સારૂ તથા દોલત કે આબરૂ દેખી શકાય નહીં લોભા પારકાની અદેખાઇ કરીને પોતાના જીવને વગર આતશે બાળે છે વાસ્તે અય પેહેલવાન! તુ કોઈ બીજાની દોલત તથા મીલકત જોઇને અદેખાઇ ના કરતો! તુ અકલથી અંદેશો કરીને જો કે જે શખ્સનો સેતારો રોશન હોય તે પોતાના બખ્તના જોરે કરી દોલત પામે છે તો તુ નાહક બેસીને બળાપો કરી શુ સબબ ગમગીન થાય છે? તે ફોકટના બળાપાએ કરી બળાપો કરનારના તનને આજાર પોહોચે છે હાય અફસોસ કીધાથી તેની રોજી તથા ઉમર એ બંને ચીજો કમ થાય છે. દુનિયામા કોઇ નેકી તથા બદી તારી નજદીક હોય તે ઉપર જીકર કર્યાની જગો સબર કરી હકતાલાના શુકાના હરદમ તથા હરપલ બજા લાવજે!"

એ રવેશના નસીહત ભરેલા સખુન સાભળ્યા તેથી જહાપેહેલવાન ફેરશારપ ઘણો ખુશી થયો ને તેણે ઘણુા નાદર મોતી તથા ગોહર તે મરદની નજદીક ધરીને તે કબુલ રાખવાને આજેજી કીધી, ને બુઝર્ગ કહેવા લાગ્યો કે "એ હુનરમદ પેહેલવાન! મેં તુંને તે ખજાનો આપ્યો જે પાક જીવનાં મરદ લોકોના મગજમા પેદા થાય છે યાને દાનાઇનો ખજાનો આપ્યો અને તે તો મને તે ચીજ આપી કે જેની પેદાએશ પથરમાથી

થાય છે મે તો તુને પાક યજદાની રાહ દેખાડી અને તે તો મને નાપાક હેરેમનની રાહે લઈ જવાનો લોભ દીધો છે! દુનિયામા જે શખ્સ મોતી તથા ગોહર જમાવ કરવા પડયો તે શખ્સ ખોદાતાલાની રાહ ભુલે છે અગર મારી ખાહેશ મોતી તથા ગોહર ઉપરજ હતે, તો એ જગો દુખમાનુ તમામ અયવાન એ બે ચીજે કરી ભરેલુ છે તેજ લઈને હુ કબજે કરૂ તો કોણ પુછનાર છે? મગર અય પેહેલવાન! હુ તેની તરફ નજરથી કરતો નથી એ તારા મોતી તથા ગોહરને હુ એક મુઠી ખાક બરાબર ગણુતો નથી જે ખોદાની બદગીનો ખરીદદાર હોય તેને દાનાઈ તથા નસીહત પસદ આવે છે તેને ગજ તથા ગોહર સાથે કાઈ કામ નથી અગર દુનિયાના ખજાનાને આબરૂ હોય તો એની પેદાયશ ખાક તથા પથરમાથી નહીં હતે, ખોદાને પીછાણુનારા પાકીજેહ લોકો દુનિયાના જર ખજાનાને ખાક બરાબર કમ ગણુતે? એ ખજાના ઉપર હર-ગેજ ખુશી રેહવુ નહીં એ ખજાનો એવો બરતર છે કે અગર બે શખ્સ જીવના દોસ્ત હોય તેઓને એક એકના જીવના લેનાર દુશમન કરે છે. અગર તારી પાસે દોલત હોય તો તુ તેને સાચવવામા રાતદીન એવી ફીકર તથા અદેશામા પડે કે પળ પણ કરાર પામે નહીં ને દમ બદમ વેહેમમાજ મશગુલ રેહે કે રખેને મારી દોલતને ચોર લઈ જાય! રખેને કોઈ લુટી લે રખેને એકાએક આગ લાગે અને બળી જાય રખેને વેપારમા ખોત આવે વગેરે તારા દીલમા ભાતભાતના અદેશા તથા ફીકર પેદા થાય દુનિયા દરમ્યાનમા તુ એ રવેશ દોલતની પછવાડે રાત દીન રજ ખેચે અને જ્યારે તારો વકત થાય ત્યારે તે દોલત તો તુને કામ આવે નહીં આ ફાની જેહાન તે મીનોઈ જહાનનો અમબરો પામવા ખાતરજ આદમીને જે મોટી દોલત છે તે અકલ છે જે કોઈ અકલે કરી નેકી તથા નેકનામીનો ખજાનો મેળવે તે જેવો બખ્તાવર મરદ બીજો કોઈ નથી. દોલતનો ખજાનો તો આપતા આપતા ઘટી જાય પણુ અકલનો ખજાનો કોઈને આપતા ઘટે નહીં બલકે ઉલટો વધે છે અવ્વલ જો આદમીને અકલ હોય તો હર વખ્તની બદગી હાથથી જવા દે નહીં. બદગી કીધાથી આદમીનુ રવાન બેહેસ્તી થાય છે, અને એ ખજાનો

બેહેસ્તમા કામ આવે છે. તે ખજાના કરતા બીજો ખજાનો બેહેતર કેમ હોય ? જેહાન દરમ્યાન અકલ તમામ ચીજ ઉપર મવ્વકલ છે. જેને અકલ નથી તે શખ્શનુ તન ગોયા ગુજરેલા આદમી બરાબર છે જે મિસાલે તુ પોતાની માદરને પેટે અવતર્યો, ત્યારે તુ નાગે તનેજ આ ફાની દુનિયામા જન્મ પામ્યો છે તેજ મિસાલે તુ ગુજરશે ત્યારેબી નાગા તનેજ રૂખસ્ત લેવાનો છે નો પછી દુનિયાઈ ઠાલી દોલતનો લોભ શા કામનો ? એ દુનિયામાં જે શખ્સ ખાસે પીશે ને બીજાને ખવાડશે ને પેહેરશે હોડશે અને બીજાને પેહેરાવશે હોડાવશે તથા બક્ષેશ કરશે તે, તે પોતે સાથે લઇ ગયો કેહેવાશે બખીલાઇ કરીને જે દોલત એકથી કરશે તે સઘળી વ્યર્થ જવાની, એ સર્વે સત કરી જાણુજે દોલત આપણી સાથે આવવાની નથી, ફક્ત નામદારી ને નેકી. એવો અદેશો કરી જે મળે છે તે ખાઉં છુ ને પોશાકબી જેવો ખોદાતાલા આપે છે તેવો દીલમા પેહેરૂ છુ હયા એક ઝાડ છે તે ઝાડ દાઈની મિસાલ માહારી પરવરેશ કરે છે જ્યારે મને પાણીની પ્યાસ લાગે છે ત્યારે એ ઝાડ પોતાની જડમાથી મને પાણી આપે છે અને ગરમીને વખત મારા સર ઉપર છાયો રાખે છે. એ ઝાડના ફળ ખાઉ છુ અને પોશાક પણ એજ ઝાડના પાતરાનો પહેરૂ છુ જ્યા તલગ હુ જીવનો છું ત્યા લગી મને એજ રવેશે પસદ પડે છે" એવી વાત પેલા ત્રણ આખના મરદથી સર્વેએ સાભળી તેથી ઘણા અજબ રહીને તે દાનાવનો સેજદો કરી બાહેર નિકળ્યા

જઇ પોંહચ્યો જહાંપેહેલવાન કેરશાસ્પ શાહાનશાહ તેહમુરસ્પનાં દુખમા નજદીક તે હકીકત.

પાદશાહ શીઆમકના દોખમાને સેજદો કરી ત્યાંથી બાહાર નિકળ્યા અને બીજાં જગળ તથા પાહાડ ઉપર ફરવા લાગ્યા એમ કરતા એક

પાહાડ ઉપર જઈ પોહોચ્યા તે પાહાડમા હીરા, યાકુત તથા કેરબાની પેદાયશ હતી ત્યા તરેહવાર ફુલો તથા જરી બુટી તથા ભાત ભાતના મેવા રંગારંગી ઘાસ શબુલ તથા બેશુમાર શેરદી અને કેશર વગેરે બીજી ઘણીક નાદર ચીજોની પેદાયશ માહારાજા મેહેરાજે દીઠી તેથી તેને અફ્સોસ આવ્યો કે એવી જગા હુ કેમ હાથમાથી જતી મુકુ ? એ અંદેશો કરી એક જવામર્દને પોતાના લશ્કરમાથી દસ હજાર સવાર હવાલે કરી તેને તે જગાની સરદારી આપી ત્યા કાયમ રાખ્યો અને ફરમાવ્યુ કે તે પાહાડ ઉપર કોઇને દખલ આપે નહીં પછી જે કાઇ લશકર હતુ તેને કીસ્તી ઉપર ચહડાવ્યુ ને કીસ્તીઓ આગળ ચલાવી દરમ્યાનમા એક મહિના લગી રાત દીન કીસ્તીઓ ચલાવી ત્યારે એક પાહાડ બદામ નામનો ઘણો ભારી દીઠો, ત્યા ઉતરયા તો જોય શું કે તે પાહાડ ઉપર એક કોટ શીહા પથરનો બુલંદ દીઠો તેની બુલંદી માહાતાબ સાથે જઇ પોહોચેલી હોય તેવી જોવામા આવતી હતી તે કોટના દરવાજા નજદીક શીહા પથરની ત્રણસો શીડી ઉપર ચહડવાની મેલેલી હતી પણ પોહોળાઇમા તે શીડી ઘણી તગ હતી તે નજદીક એક સવાર પથરનો મસ્ત હાથીની મિસાલનો ઉભો રહીને તે કોટની પાસબાની કરતો હતો તે સવારે એક હાથમા ઘોડાની લગામ પકડેલી અને બીજો હાથ ઘોડાની કુમચી ઉપર મેળેલો હતો એ મિશાલનો તમાશો જોઇને જહાપેહેલવાન પેલા નાખોદાને પુછવા લાગ્યો કે "એ સવાર તથા એ શીડી કોણે બનાવી છે ?" નાખોદાએ જવાબ દીધો કે "એ કોટની અંદર એક છુપો તલેસમાત છે પણ કોઇને માલમ નથી જે અંદર અજાયબ જેવુ શુ છે ? જે શખ્સ એ કોટના દરવાજાની પેહેલી શીડી ઉપર પગ મેળે છે કે શેતાબ આ સવાર ઉભો છે તે પેલા શખ્શને તે જગેથી ઉઠાવી લે છે." એ સખુન સાભલીને જેહાપેહેલવાને એક મર્દને બખ્તર, ઢાલ, તલવાર તથા ગોરજ વગેરે તમામ હથ્યાર બધાવીને ફરમાવ્યુ કે શેતાબ એ શીડી ઉપર ચહડીને દરવાજાની નજદીક જાય. તે મર્દ પહેલી શીડી ઉપર ચાહડયો કે પેલો સવાર જે દરવાજા નજદીક ઉંચે ઉભેલો હતો તેણે શેતાબ જોશમા આવીને પોકાર કરીને એક ભારી પથર ઊચેથી નાખ્યો,

પથર સુધા પેલો મરદ બેજાન થઈ જમીન ઉપર નીચે પડયો તેજ વખત બીજો મર્દ લશકરમાથી બાહેર નિકળી હાથમા તીર કમાન પકડીને તે શીડીની તરફ આગળ ગયો કે પેલા સવારને ખદગી તીરે કરી નીચે નાખે, પણ તેનુ શીડી ઉપર ચહડવુ કે બીજો પથર એવો તો ઉપરથી પડયો કે તે મરદબી ગરદાપેચ થઇને શીડીથી દસ કદમ દુર જઇ પડયો. એ મિસાલે ચાર મરદ એકેક પછી ગયા પણ પેલી શીડી ઉપરથી પડીને બે શખ્સ માર્યા ગયા, અને બે શખ્સ જખમી થયા, તેથી ફરીથી કોઈ બીજાએ જવાને હીંમત પકડી નહીં જેહાપેહેલવાને ગોસ્સો કરીને ફરમાવ્યા ઉપરથી બેલદાર લોકોએ તમામ સીડી ખોદી નાખી, ત્યા જોય છે તો એક કુવો કોહોની મીસાલે ઊંડો હતો તે કુવાને માથે આસમાનની શેકલ બનાવેલી તેને એક સુનાની સાકળ મોતી તથા ગોહરના જડાવે જડેલી હતી તે સાકળના એક છેડાનો આકડો પેલા આસમાનમા ભેરવેલો તથા બીજો છેડો પેલા સ-વારના કમરબંધમા ભેરવેલો હતો જે વખત તે કુવો દેખાયો તેજ વખત પેલી સાકળને આસ્માન સાથે ખેચી લઇને તોડી નાખી કે આસમાન શાંકળે કરી બધાઇને અલગ રાખેલુ હોય તેમ થયુ અને પેલા બેલદાર તે કુવામા પડયો તેજ વખત પેલો સવાર જે શીડી ઉપર ઉભેલો હતો તેબી જમીન ઉપર નીચે પડયો તે સવારનુ નીચે પડવુ કે પેલા કોટનો દરવાજો પોતાની મેલે ખોલ્લો થયો પછી જેહાપેહેલવાન પોતાના લશ્કરના ખાસ લોકો સાથે તે કોટની અદર જઇ તેમા હરતરફ નેઘાહ કરી જોવા લાગ્યો. એક મકાન રોશન બેહેસ્તની મિસાલનુ નજર પડયુ, જેની આસપાસ ચાર અયવાન બીલોરના બનાવેલા હતા અને અયવાનના કગુરા ઉપર હરએક જાતનાં ખુશ રગીન જાનવરો બનાવીને બેસાડેલા હતા તથા તેની દીવાલ ઉપર આદમી, દેવ, હાથી, મગરમછ, ગોરખર, શેર, ચીતા તથા વરૂ વગેરે બીજા તમામ જાનવરોની સુરત ચીતારેલી હતી તથા ઘણીક સુનેરી તથા બીલોરી સમેદાનીઓમા મોમબતી મુકેલી હતી અને તે બતીઓને માથે બબે યાકુત મેલેલા હતા, તેમા એક લાલ તથા બીજુ જરદ રગનુ હતુ. તે ગોહેરોની એવીતો તારીફ હતી કે તેની રોશનીથી કરી તે જગા આફતાબ તર્યા

માહાતાબની રોશની કરતાબી જ્યાદા રોશની આપતી હતી તથા પેલા ચાર અયવાનની નજદીક એકએક સુનાનુ ઝાડ બનાવીને ઉભુ કીધેલુ હતુ, જેના પાતરા જમરૂદના પાનાના બનાવેલા હતા તથા ફુલ પરવાલાના બનાવેલા હતા અને ફળ યાકુતના બનાવેલા હતા તે ચારો ઝાડના સાહયા નીચે એકએક તખ્ત કિમતી ગોહરના જડાવના મેળેલા હતા તે તખ્ત તથા તેના પાયા ગોહરના બનાવેલા હતા તથા તે અયવાનની જમીન એવીતો સાફ હતી કે તેમાથી આરસીની મિસાલ આદમીના ચેહેરા નજર આવતા હતા તે જગાથી આગળ ચાલતા એક ઘર લાજવરદી રંગનુ બનાવેલુ પાકીજે બેહેસ્તની મિસાલનુ દીઠુ ત ઘરની આસપાસ તમામ પરદા જરી દેહેબાના હતા, જે પરદાઓની આસપાસ મોતીના તથા યાકુતના જડાવ જડેલા હતા તે પરદાઓમા એક 'તાબુત" બનાવેલુ હતુ અને જાણે તમામ જેહાનની કશતુરી તથા અબરની ખુશબો તે 'તાબુત' માજ ભરેલી હતી કેરશારપ પેહેલવાને હોકમ કીધો કે એ તાબુતને ખુલ્લુ કરે કે તેમા શું છે તે આપણે જોઈએ—પણ ઘણીએક હીકમત કીધા છતાબી તે ખુલી શકયુ નહીં વળી તેમા એવી કરામત હતી કે તે જગોના ગોહર મોતી તથા યાકુત અગર કોઈ શખ્સ ચોરી લઇને એ જગાથી બાહેર નિકળી જવા માગે તો તે શખ્સને દરવાજો નજર આવતો નહીં અગરજો તે શખ્સ ઘણીબી જોસ્તેજો કરતો પણ ગુમરાહાની મિશાલ તેજ જગાએ ફરયા કરતો મગર જે ચીજ જે જગા ઉપરથી લીધી હોય તેજ જગાએ પાછી મેળે કે તેને તુરત દરવાજો નજર આવતો! તે જગાથી કેટલાક કદમ આગળ ચાલ્યા કે એક ઘણુ મોટુ ભોયરૂ જમીનની નીચે નજર આવ્યુ, જે ભોયરામા એક ઘર શબરંગનુ તથા એક પાણીનો ચશમો હતો જે ચશમાના પાણીનો રંગ સુનાનો હતો અને તે પાણીમા બેકીમત ગોહરો આફતાબની મિસાલ રોશન હતા, જેથી તે ઘરમા રોશનીનુ નુર નજર આવતુ હતુ ચશમાની નજદીક એક તખ્ત હતુ તે ઉપર એક ગુજરેલા મરદને મોહોડા ઉપર ચાદર હોરાડીને સુવાડેલો હતો, જેના હાથમા એક તખ્તી યાકુતની હતી તે તખ્તી ઉપર ત્રીસ બત સુનાના હરફે લખેલા હતા તે જોઇને જેહા પેહેલવાન કેરશારપે

નાખોદાને કહ્યુ કે "એ તખ્તી ઉપરના હરફ વાચીને એથી મને વાકેફ કર કે એમા શુ લખેલું છે?" પેલા નાખોદાએ તે હરફ વાચ્યા તેથી તેનાં મોહડાનો રગ ઉડી ગયો અને ચેહેરો જરદ થઇ ગયો. તેણે જરા દમ ખાઇને જેહાપેહેલવાનને કહ્યુ કે "અય નેકનામ બુઝર્ગ બુન્યિાદના સરદાર! એ તખ્તીમા લખ્યું છે કે જે કોઇ અકલમંદ મરદ અમારી આરામ કરવાની જગા ઉપર આવે તે શખ્શને હુ નસીહત કરૂ છું કે આ દુનિયા પાચ સાત દાહાડાની છે—વાસ્તે દુનિયા ઉપર તુ પોતાનું દીલ બાધતો ના અને લાલચ તથા લોભે કરી પોતાના તનને રજમા ના નાખતો તુ નેધાહે કરીને જો કે હું જેહાનનો પાદશાહ 'તેહેમુરશ' તે હોશગ પાદશાહનો બેટો છું મે એવા એવા ઘણા એક તલેસ્માત બનાવીને તેમા બેશુમાર ગજ ખરચ કીધો છે—અગર તુ એ જગાનું એક હલકુ ગોહર જોશે તેનીબી કીમત એક મુલકના કરતા જ્યાદા હશે. એ મિસાલ બેકીમત ગોહરો મે એ જગાએ એકઠા કીધા છે—અને બેશુમાર જર તથા ગોહરનો રાખનાર હુ જેવો પાદશાહ જેહાનમા રહયો નહી તો બીજો કોણ રેહેવાનો છે? વાસ્તે તુ નામદાર પેહેલવાન કે તુને સર્વે કોઇ કેરશાસ્પ કરી કેહે છે અને તાહારૂ આવવુ આ માહારા મકાન ઉપર થયુ છે અને તુબી માહારી ઓલાદનો છે વાસ્તે મારી તરફથી તારી ઉપર ઘણીએક દોઆ હોજો—કે તુ મારા તોખમનો હતો તો એ જગો માહારા દોખમાની નજદીક હાજર થઇ મારા રવાંનને ખુશી કીધું બેટા તુ મારી નસીહત સાભળ—અવલ એ છે કે આ ફાની જેહાન ઉપર પોતાનુ દીલ ના બાધતો તથા નચીતબી રેહેતો ના કે મારી પાસે ગજ તથા ખજાનો છે તો મને કશો ગમ ઉપજવાનો નથી એવા અદેશો હરગેજ કરતો ના! તુ નથી જાણુતો કે એ દુનિયા તો એક બાજીગરની મિસાલની છે કે એક એક શાએતમા તને તરેહ તરેહની બાજી દેખાડશે—વાસ્તે એ જેહાનથી પોતાનુ મોહ ફેરવીને તારા પાક યજદાનની તરફ રજુ રેહેજે અને તે પાક દાવરના ફરમાનમા રહીને હરેક કામમા પાક યજદાથી મદદ માંગજે કે તે પેદાનો કરનાર સાહેબ

તારી તમામ નેક મોરાદ હમેશ હાસલ કરશે ! અગર તારી પાસે તમામ દુનિયાની ન્યામત હાજર હોય તથા તમામ હફતે કેશ્વર જમીનની પાદશાહી હોય તોબી તુ તે ખોદાતાલાનો ખાકી બંદો છે એ વાત બેશક કરી જાણજે. જે કોઇ અહેરેમનનો ફરેબ ખાઇને તેની મોરાદ માફેક કામ કરે છે તે બેઅકલ મરદ આકેબત પસ્તાઇ અહેરેમન ઉપર લ્યાનત નાખ્યા વગર રહેતો નથી, વાસ્તે અગર જો તને એક મરતબે અહેરેમન સીધી રાહ બતલાવે તોબી તુને તે ખોદાતાલાની રાહને મુકતો ના પણ પોતાની અકલ ઠેકાણે રાખીને રાત દીન એ દુનિયાની ઘણી લાલચનો અંદેશો ના કરતો ! શા વાસ્તે કે જે કોઇ દુનિયામા ઘણો અંદેશો કરે તે શખ્શની ઉમર કોતાહ થાય છે. કોઇ બીજાનુ બુરૂ ના ચાહનો જે ચીજ તને પસદ નહી આવે તે ચીજ તું બીજાને આપતો ના તુને દુર દરાજ રાહમા જવુ હોય તો હુશિયારીથી તે રાહનો તોશો કરજે તારાથી કાઇ ગુનાહ થયો હોય તો તેથી શેતાબ પશેમાન થઈ પુરી તોબા કરજે પણ એકદમ નાઉમેદ ના થતો કે મારાથી ઘણો ગુનાહ થયલો છે તેથી હવે હુ સવાબ કરૂ તે સવાબ રદ જાય ! વાસ્તે હવે સવાબ શા માટે કરૂ ? એવો અદેશો કરીને ગુનાહ ઉપર ગુનાહ ના કરતો. આ વાત ઉપર ઘણી કોશેશ કરજે કે જે દાહડે હકતાલા તને પોતાની અદલ દરઘાહમા બોલાવે તે દાહડે તને તે જગા ઘણા આદમીઓમા પોતાના જબુન ગુનાહથી શરમ નહી આવે. તે એ જગા સુનાનું તાબુત દીઠું છે તે ઉપર નજર ના રાખ અને તે ઉપર દસ્તદરાજી ના કર ! તે તાબુતમા એક અંગોઠી, એક હાથનુ કડુ તથા એક ગોહર આફતાબની મિસાલનુ રોશન છે. એ ત્રણે ચીજ તે શખ્શ લઈ જશે કે જે બુઝર્ગ હકતાલાની પેગમબરી કરશે, તે શિવાય કોઇ બીજાની તાકાત નહી કે એ ચીજની તરફ નેઘાહ કરી જોયએ. તે પોતાની જવાનીના તોરથી અદેશો કીધો નહી અને એકાયક ફરમાવ્યુ કે એ તાબુતને ખોલ્લુ કરો કે એમા શુ છે તે આપણે જોઇએ. એ બેટા અવ્વલ અદેશો કરીએ પછી જે કામ કરવું હોય તે કર્યે—ખેર ! હવે તો જે બનવાની હતી તે બની પણ હવે પછી એ વાતનો કશો અંદેશો નથી."

એવા ખુબી ભરેલા સખુંન સાભળીને જેહાપેહેલવાંન, મહારાજ મેહેરાજ તથા બીજા જે કોઇ પેહેલવાનો તે જગોએ હાજર હતા તે સર્વે ગમગીન થઇ જારી કરવા લાગ્યા એક તો પોતાથી પેલા તાબુત સાથે બેઅદબી થઇ હતી અને બીજુ,તો પોતાના વતન તથા ખેશ કબીલાથી દુર પડયા હતા એ અંદેશાથી કેટલીક જારી કીધી પછી પોતે તે જગા બેઅદબી કીધી હતી તે માટે કેટલોકવાર પાક યજદાની નજદીક પોકારીને આજજીથી માફ માગી પોતાના ગુનાહની તોબાહ કીધી. તે પછી તે તાબુતને સેજદો કરી તે જગાથી પાદશાહ તેહેમુરશના રવાન ઉપર આફીન કરતા બાહેર નિકળી પાછા કીશ્તીઓ ઉપર સવાર થઇ આગળ દુર દરાજ મજલ કરતા કેટલેક મહિને એક શેહેર 'તામલી' નામનું હતું ત્યા ખુશી સાથે જઇ પોહોચ્યા. ત્યા દરિયાવના કીનારા ઉપર ઉતરીને જોય શુ કે તે જગા ઉપર ઘણાક આદમીઓ એકઠા થયલા દીઠા—તે જમીન ઉપર ખેતીવાડી દીઠી—તે આદમીઓમા એક મરદ બુઝર્ગ હતો જેના હાથમા એક તાબાની તખ્તી તથા એક મજીઠના લાકડાની પુતલી પકડેલી હતી અને તે તખ્તી ઉપર યુનાની ભાષામા ચાલીસ હરફ તથા સાત શીકલ કાહડેલી હતી. તે બેહુ ચીજને લઇ પેલા મરદે આસમાનની તરફ ઉંચી ધરી અને એક મરતબે સર્વે કોઇએ ઉચા હાથ કરીને એક પોકાર કીધો જેથી વરસાદ જારી થયો, તેથી તમામ આદમીઓએ પોતાની મશકો, કુજા તથા ખુમ પાણીથી ભરયા કે તેજ વખત વરસાદ બંધ થઇ ગયો! જહાપેહેલવાન કેરશાસ્પ એ તમાશો જોઇ ઘણો અજબ થઇને પુછવા લાગ્યો કે "અય નેક બખ્ત આદમીઓ! તમારા ભેદથી મને જરા વાકેફ કરો કે એ તમારો ભેદ શુ છે કે એ રવેશે તમોએ પોકાર કરી વરસાદ માગી સર્વેએ પાણી ભરી લીધુ એટલે વરસાદ ગુમ થઇ ગયો!" તે લોકો કેહેવા લાગ્યા કે "આ જગો કુવા અથવા તલાવ કે ચશમા મીઠાં પાણીના નથી અને જ્યારે અમો લોકોના ઘરમા મીઠું પાણી થઇ રહે છે ત્યારે હમો લોકો પોતાના ઘરમા ખરચ પ્રમાણે મશક, કુજા અને ખુમ ખાલી લઇને આ જગા દરિયાવના કિનારા ઉપર આવી એ તખ્તીને આસમાનની તરફ ઉચે કરીને એ પુતલીને એક

શખ્શના માથા ઉપર બેસાડીયે છીયે અને અમો સર્વ કોઈ હકતાલાની સેતાયશમા ઉભા રહીયે છીયે અને એક મરતબે હકતાલાની નજદીક પોકાર કરી જારી કરીયે છીયે, તે પોકારથી પાહાડ, જગલ તથા દરીયાવમાથી જોશ આવે છે એમ કરતા શાએત એક ગુજરે છે કે એક વાદળ જોશ કરતુ આવીને એટલો તો વરસાદ એ જગોએ વરસે છે કે તેથી ચીનના દરિયાવની મિસાલ પાણીની મોજ મારે છે ત્યારે અમો સર્વે લોકો જેટલો ખરચ્ચ હોય તેટલુજ પાણી ભરી લીજયે છીયે તેજ વખત વરસાદ બધ થઈ જાય છે વળી જ્યારે પાણી થઇ રહે છે ત્યારે એજ રવેશે આ જગા આવી હકતાલા પાસેથી પાણી માગીને ગુજરાણ કરીયે છીયે" આ હેરતભરી વાત સાભળીને જહા પેહેલવાન કહેવા લાગ્યો કે "ફરીથી તમો એ બાજી કરો તો હુ મારી નજરે જોઇ ખાતરી કરૂ પ્રથમ મે જોયુ તેનુ મને ધ્યાન નથી રહ્યુ તે સાથે હમણા વળી તમારા કહેવાથી મારી ખાએશ ઘણી થાય છે કે બીજી મરતબે સારી તરેહથી એ ખેલ જોઉ"—ત્યારે તે લોકોએ ફેરશારપને જવાબ દીધો કે "અય નેકનામ મરદ! એ બાજી હર વખત નહીં થાય પણ જ્યારે સર્વેના ઘરમા મીઠુ પાણી થઇ રેહે ત્યારે સર્વે એકઠા થઈને એ જગા આવીને હકતાલાની શેતાયશ કરીયે છીયે ત્યારેજ એ મોજેજો બને છે નહીં તો ગમે એટલી મેહેનત કરીયે પણ એક કતરો વરસાદનો આવે નહીં અગરજો તારી ખાહેશ જોવાની હોય તો ઘણાક દાહાડા આ જગા મકાન કરીને રહે અને તે દાહાડો આવે ત્યારે એ તમાશો જોજે"

ચાલના પાહાડની અચરત સરીખી હેકાયત.

દરિયાવના કિનારા ઉપર એક પહાડ હતો તે પહાડ ઉપર તેઓ ચહડયા તે જગા એ એક ઘણુ મોટુ જગલ તેઓએ દીઠુ જે પાહાડની સામે એક બીજો પાહાડ બે કોશ લાબો દરિયાવની અદર હતો તે પહા-

ડની ખાસ્યત એ હતી કે જ્યારે દરિયાવના મોજા આવતા ત્યારે પહાડ પાણીની સાથે આગળ આવતો અને વળી પાણીની સાથે પાછો જતો ! કોઇ વખત હાથીની મિસાલે રેલાઇને સીધો ચાલતો, તો કોઇ વખત જેમ લડાઇને વખત સવારો જોશથી ઘોડાને છલાગ મરાવે છે તે મિસાલ છલાગ મારતો હતો તે પહાડને જોઇને સર્વ એક એકને કહેવા લાગ્યા કે "એ દરિયાવમા એ ભારી 'કાટાશલીયુ' જાનવર છે અને એની પીઠ ઉપર એવા ઝાડ જેવા કાટા ઉગેલા છે"—તે સખુન સાંભળીને નાખોદા કેહેવા લાગ્યો કે "એ જવામર્દો ! તમો એને કાટાશલીયુ જાનવર શુ કહો છો ? એ તો એક પહાડ છે જેવો દુનિયામા બીજો પહાડ નથી." પછી જહાંપેહેલવાને તે નાખોદાને પુછ્યુ કે "એ રવેશે ચાલતો પહાડ દુનિયામા કોઇએ સાભળ્યો નથી વાસ્તે એ અજાયબ વાતની તને કાંઈ વિગત માલમ હોય તે કેહે ?" ત્યારે તે નાખોદા કહેવા લાગ્યો કે "અય-સગ્કરાજ પેહેલવાન ! તુ એ પહાડને જોઇને અજબ શુ રહે છે પણ હું વાત કહુ તે સાભળ ! જગબાર શેહેરની પાસે દરિયાવમા એક જજીરો છે તે ઉપર એક શેહેરના જેટલી વસ્તી છે વળી તે જગો પથર તથા કાટા શિવાય બીજુ કાઇ નથી તેથી તે જગો ખેતીવાડીબી થતી નથી તથા તે જગો તરફ કીશ્તી બી જઇ શકતી નથી પણ તે શેહેરના લોકોનો ખોરાક હમેશ હકતાલા પોતાની અજીમ કુદરતથી પોહોચાડે છે. તે જંજીરાથી એક દાહડાની દુર રાહ છે તે જગોએ એક બીજો જજીરો છે તે જજીરા ઉપર મેવો, ફળ તથા ભાતભાતની તમામ ન્યામત તથા બેશુમાર ખોરાક તથા અનાજ પાકે છે. જ્યારે બહારનો વખત થાય છે ત્યારે દરિયાવના પાણીના મોજાએ તે જંજીરો પોતાની જગોથી હીલીને કીશ્તીની મિસાલ શેતાબ ચાલીને તેની પડોશમાના જગબારની પાસેના જજીરાની પાસે બરાબર જઇને ઉભો રેહે છે ત્યારે તે શેહેરનાં આદમીઓ ખુશી થતા તે જંજીરાની નજદીક જઇ તે ઉપરથી જે કાઇ ન્યામત મેવો, અનાજ, ઘાસ તથા કાઠી પોતાના વરસ દાહાડા લગીનો ખોરાક તે ઉપરથી લે છે—જ્યારે સર્વ લોકો પોતાની મોહતાજ મુવાફક લઇ રહે તે પછી તે જંજીરો પાછો કીશ્તીની મિસાલ જઇ પોતાની જગા

ઉપર કાયમ રેહે છે—એ રવેશે હર વરશ તે લોકોને હકતાલા રોજી પોહોચાડે છે તેથી તે જગાના લોકોને પોતાની રોજી શોધી કાહાડવાનો ફીકરો અદેશો કરવો પડતો નથી પણ પોતાની જગા ઉપર બેસી રહે છે અને તે પેદાના કરનારની યાદમા હરદમ મશગુલ રહે છે" એવા અજા-યબ સખુન સાભળીને જહાપેહેલવાન તે નાખોદાને કેહેવા લાગ્યો કે "તું નેધાહ કરીને જો કે જ્યારે આફ્તાબ નિકળે છે ત્યારે ફરંદા, પરંદા ચો-પગા તથા શેકાર વીગેરે બીજા તમામ જાનવરો ભુખા ઉઠે છે અને રાતને વખત સર્વ કોઇ પોતપોતાને જોઇતો ખોરાક ખાઇને તનદરોસ્ત થઇ સુવે છે તે સર્વને ખોદાતાલા ભુખા પ્યાસા રાખતો નથી તો આદમજાત ખોદાતાલાની બંદગીના કરનાર હરગેજ ભુખ્યા રહેજ નહીં" એ મિસાલે જહાપેહેલવાને તથા પાદશાહ મેહેરાજે પોતાના લશ્કર સાથે તમામ દરિયાવની સહેલ કરી દરેક અજાયબીનો તમાશો જોયો, પણ હીન્દુસ્તાનના મુલકના જેવી અજાયબ જગો બીજી દીઠી નહીં પછી દરિયાવની સેહેલગાહથી ફારગ થઇને ખુશકીની રાહે જગલમા ચાલતા એક મહિને ચીનના મુલકથી બાહેર નિકળી આગળ ચાલ્યા ત્યારે માહારાજા મેહેરાજે પોતાના દીલમા એવો અદેશો કીધો કે જેટલા મુલક હીંદુસ્થાનની ખુશકીની રાહ મધે મારા તાબામા છે તે તમામ મોલક જહાપેહેલવાનને દેખાડુ કે એ નામ-દારના દબદબાથી બીજા પાદશાહો મને એશતેકબાલ આવી રજુ થાય, તેથી જગી ફેરશાસ્પબી જાણે કે મેહેરાજની હીંદુસ્થાનમા એવી દબદબા ભરેલી પાદશાહી છે એવો અદેશો કરી ખુશકીની રાહે હીંદ સસ્થાનમાં આગળ વધ્યા. તે ખબર સાભળીને જે કોઇ રાજાઓ મેહેરાજના તાબામા હતા તેઓએ પોતાના શેહેરો શણગારીને મોટા તથા નાના અમીરો સાથે ઘણોએક હદીયો તથા ફરશ તેમજ ઘણીક નાદર તોફા ચીજો નજર લાવતા—એમ કરતા હીંદ સસ્થાનનો તમાશો જોતા આગળ ચાલતા એક દાહાડે રાહમા ચાલતા એક જગલમા જઇ પોહોચ્યા તે જગા બેશુમાર પોપટના ટોળે ટોળા દીઠા, તેઓના તમામ તન જગલની હલ્યારી મિસાલે લીલા હતા તથા ચાચ અને ચુગાલ અનારનાં ફુલની મિસાલે શોરખ હતી—તે બેશુમાર પોપટે તે જગાની જમીન ગોયા લીલા કપડા ઉપર મજીઠનો રગ છાંટે તે મિસાલ નજર આવતી હતી તથા તે જગલમાં

એક ઝાડ નદીના કીનારા ઉપર ઘણુ મોટુ હતુ જેની તમામ ડાલો બુલંદ હતી તથા પાતરા સફેદ હતા અને તેનાં બી કાળા ને ફળ બેહ-બોસકની મિસાલ ઘણા મીઠા અને ખુશબોદાર હતા—તે ઝાડની તમામ ડાલો ઉપર પોપટના એટલા તો માળા કીધેલા હતા કે તેથી તે ઝાડ નજર પણ નહીં આવતુ હતુ તે ઝાડની ખાસ્યત એ હતી કે જે કોઈ એક મરતબે તે ઝાડનો સાહયો પોતાની ઉપર પાડીને બાહેર નિકલે તેના તન ઉપર કોઈ આજાર અથવા મુરદાર લોહી એક વરસ લગી ગલબો નહીં કરે તે જગાથી આગળ ચાલતા રાહમા એક શેહેર દીઠુ તે શેહેરમાં ઘણાક આરાસ્તગીથી ભરેલા દેહેડા હતા તે તમામ દેહેડામા એક દેહેડુ ઘણુ ઉચું બનાવેલુ હતુ અને તેની તમામ જમીન તથા દીવાલ સખત પથરની બનાવેલી હતી તેમા ચીતાર તથા ખુશબો શિવાય કાંઇ બીજું નહીં હતું તેમા એક પુતલી માહાતાબને ચેહેરાની હતી પણ તેને જર જેવર કાંઇ હતુ નહીં તે પુતલી તે દેહેડાના ગુબજમા હવા ઉપર અંતરંગ હતી નહીં ઉપરથી તાગેલી કે નહીં નીચેથી કાંઇ બેઠક આપીને બેસાડેલી—એ મિસાલ હવા વચ્ચે અંતરંગ હતી, તે વગરે.બીજા પુતલા ઘણાક આદમીની સુરતના તથા મોર્ગની સુરતના હતા તેને પણ પેલી પુતલીની આસપાસ ઉચા હવા ઉપર રાખેલા હતા તે દેહેડામા કેટલાક આદમીઓનું ટોલું અંજુમન કરી બેઠેલુ હતુ. તેઓના તન તમામ શીહા હતા. તેઓ સર તથા દાહાડી મુડાવેલા શેવડા લોકોના જેવા હતા. તેઓ તમામ પોતાનાં મોહોડા ઉપર લુગડા બાધીને તે ગુબજની આસપાસ યકીનથી બેઠેલા હતા તે લોકોને એવુ ગુમાન હતું જે આસમાન ઉપરથી ખોદાતાલા આવીને એ જગોએ અંતરંગ ઉભો છે અને તે પુતલીની આસપાસ બીજા પુતલા જે આદમી તથા મોર્ગની સુરતનાં અંતરંગ ઉભા છે તે તમામ ફરેશતા તથા પરી છે—એ મિસાલ તે લોકો પોતાના દીલમા ગુમાન લાવીને સર્વ કોઇને કહેતા હતા. વળી એક અજા-યબી તે જગોએ એ હતી કે તે શેવડાઓના દીલમા મોરાદ હોય અને તે પુતલીની નજદીક જઇને પરસ્તેશ કરી તે પાસે મોરાદ માગતા, તો તેજ વખત તેની મોરાદ બર આવતી તે એટલા વાસ્તે કે તે લોકોનાં દીલમાં

તેઓનું યકીન સાબેત હતુ તેથી પોતાની મોરાદને પોહોંચતા હતા—બાકી તે પુતલી તો ફ્કત લોહોડાની હતી અને તેની દીવાલ, ગુબજ તથા જમીન સર્વ ચકમકના પથરની હતી–તે ચકમકના પથરના ખેચાણનાં સબબથી પેલી લોહોડાની પુતલી હવા ઉપર અતરગ રહી હતી, કાય કે તે લોહોડાને છ તરફ્થી ચકમકના પથર પોતાની તરફ્ ખેચતા હતા પણ આમનસામણુ જોરે કરી તે એક બાજુ તરફ્ ખેચાની નહીં હતી અને તેથીજ તે પુતલી અતરગ રહી શકતી હતી તે તમાશો જોઇને આગળ ચાલતા એક શેહેરમા જઈ પોહોચ્યા, જે શેહેર ઘણુ આરાસ્તગી ભરેલુ અને ખુબી તથા દમદબા સાથનુ હતુ તે શેહેરની બાહેર એક દેહેડું સુનેરી કામે કરી ચીતારેલુ હતુ તે દેહેડાની દીવાલ તથા ગુબજ સર્વે ગોહરે કરી જડેલા હતા, તેના અયવાનમા એક તખ્ત માહી દાતનું હતુ તે ઉપર એક પુતલી સુનાની બેકીમત ગોહરે શણુગારેલી તથા તેના ગળામા જડાવદાર તોક, સર ઉપર હીંદ સસ્થાની તાજ મેળીને દબદબા સાથે બેસાડેલી હતી તેના તખ્તની નજદીક એક ઝાડ ઘણુ બુલદ ઉગેલુ હતુ તે ઝાડ ઉપર સાત તહરેનો મેવો લાગતો હતો એક તો અનજીર, બીજી દરાખ, ત્રીજી અમૃત, ચોથુ શેબ, પાચમુ અનાર, છઠુ નારજ તથા સાતમુ બેદ—એ સાતે મેવા તે ઝાડ ઉપર લાગેલા હતા જેથી તમામ ઝાડ ભરેલુ હતુ અને વરસમા બે મરતબે તે ઝાડને ફ્ળ લાગતા હતા તે ઝાડના તમામ પાતરા ઉપર પેલી પુતલીનો ચેહેરો નજર આવતો હતો તે શેહેરના જે કોઈ આદમી આજારી તથા નાકૌવત થઈ જતા તે આદમી પેલા ઝાડ ઉપરથી એક ફ્ળ તોડીને ખાતા તો તેજ વખત તેના તન ઉપરથી આજાર બરતરફ્ થઈ જતો. તે ઝાડની ઉપર એક વાકુ દાતરડુ બેલમાશના લોહોડાનુ ઘણી તેજ રશીએ કરી ટાગેલું હતું અને જે કોઈ હિન્દુ તે પુટલી ઉપર પોતાનો જીવ ફીદા કરવા ચાહતો તે શખ્સ પેલું દાતરડુ પોતાના હાથમા ભેરવીને પોતાના બન્ને હાથ નીચે કરતો તેથી જેમ ફાસી દીયે છે તે મિસાલ એક મરતબે તેને જખમ એવો તો સાફ લાગતો કે તેનું સર પેલા દાતરડામા ભરાઈ રહેતુ અને ધડ જમીન ઉપર પડતુ—જહા પેહેલવાન કેરશાસ્પ પોતાના લશકરના

આજે નામદારો સાથે તે દેહડુ જોવાને અંદર દાખલ થયો ત્યા જઈને
સર્વે તમાશો સારી રવેશે જોયો પેલા ઝાડ પર ગોયા બાગમા તરેહ
તરેહના ઝાડો ઉપર મેવો આવે તે મિસાલ તે એકજ ઝાડ ઉપર સર્વે
મેવો જેમ દેતો હતો તે જગાથી આગળ ચાલતા એક બીજુ શેહર નજરે
પડ્યુ તથા એક દેહેડુ દીઠુ તેની આસપાસ ઘણાક શેવડા બુઢા તથા
જવાન બેઠેલા હતા પણ તેમા એક પુતલી બીલોરને તનની હતી. તેના તનને
ગોહર તથા મોતીએ શણગારેલુ હતું અને તેના સર ઉપર એક તાજ કેર-
બાનુ મેળેલુ હતુ પણ તેના તન ઉપર એટલુ તો જરીયાન હતુ કે ગોયા
કપડાની જગ્ગે તેના તનમા જરિયાનજ પેહેરેલુ હોય તેમ માલમ પડતું
હતુ. તે પુતલીના બન્ને હાથ માથા ઉપર મેલેલા હતા એક હાથ સુનાંનો
તથા બીજો હાથ રૂપાનો બનાવેલો હતો. તેની નજદીક એક ટાકુ ખાલેશ
પાણીથી ભરેલુ હતુ તે પુતલીના મોહોડામાથી પાણી નિકળતુ હતુ તે
પાણી પેલા ટાકામા જતુ હતુ અને તે શેહેરના લોકોને કાઇ દરદ કે આ
જાર થતો ત્યારે તે ટાકાના પાણીથી ગોશલ કરી પોતાના તનને સારી
રવેશે પાક કર્ર ને પેલી પુતલીની નજદીક ત્રણ મરતબે પોતાનુ સર જમીન
ઉપર મેલતા તેજ વખત તેના તન ઉપર જે દરદ હોય તે દફે થઈ જતું
અગર કોઇ હીંદુ તે પુતલી ઉપર પોતાનો જીવ ફીદા કરવા ચાહાતો
તે શખ્સ પેલી પુતલીની નજદીક આતશની સઘડી લાવી તે આતશ ઉપર
લોબાન, અગર તથા કપુર વગરે બીજી ખુશબોદાર ચીજો મેલીને પોતાનું
મોહોડું તેની ધુઇ ઉપર રાખીને એક શરપોશ એવુ મેલે કે તેનુ માથું
તમામ અંદર રહે અને તે શખ્સ દીલથી પેલી પુતલીને દુવા કરે એમ
કરતા જ્યારે આતશની ગરમી તથા ધુઇએ કરી તેના બેહુ દીદા
ગલી જાએ અને પછી એજ મીશાલે સખ્તાએ કરી જીવથી નિકળી જાએ.
એ અજબ તમાશો જોઇને તમામ લશ્કર સાથે આગળ ચાલતા રાહમા
એક શહેર ઘણુ ખુશ દીઠુ—તે શેહેરમા એક દેહેડુ હતુ તેની અંદર એક
ઝાડ સીધા સર્વે મિસાલનુ ઊગેલુ હતુ. તે ઝાડ હમેશ ફળથી ભરેલું
રહેતુ હતુ તેના પાતરા સુકાયા પછી તે જગાના લોકો, તેને વાટીને
સુરમો કરી આખમા આંજતા હતા અને તેની જડ કીમિયુ કરવામાં

કામમા આવતી. એક શખ્સને બીજા શખ્સ સાથે કજીયો થતા તેઓનો ઇનસાફ કોઇથી થઇ નહીં શકતો અને વાત સોગદ પર આવતી ત્યારે લોહોડુ ઘડવાની એરણુને આતશમા નાખી સારી તહરેથી ગરમ કરતા કે તે લોહોડાનો રગ તથા આતશનો રગ એક થઇ જતો—એ મિસાલ ગરમ કરી પેલા ઝાડના પાતરામાથી એકકુ પાતરૂ પેલા બન્ને દાવાદારોના હાથ ઉપર મેલે અને તે ઉપર પેલી ગરમ કીધેલી એરણુ મુકતા અગર જે જુઠો દાવો કરતો હોય યા જુઠુ બોલી કોઇ ઉપર તોહોમત લાવતો હોય તે શખ્સના હાથનો પોહોચો ગરમીએ કરી બળી જવા ચાહાતો તેથી તે શખ્સ તેજ વખત તે એરણુ તથા ઝાડના પાતરાને જમીન ઉપર નાખી દેતો અને જે શખ્સ સાચો હોય તેના હાથને કશો આજાર નહીં પોહોચતો. એ રવેશે તે ઝાડની ખુબી હતી તે જગાએ વળી લાલ તથા યાકુતની પેદાયશ હતી તે જગાના જેવા લાલ તથા યાકુત બીજી જગા નહીં હતા અને તે શેહેરના આદમીઓ અદના તથા આલા સર્વે તેવા લાલ તથા યાકુતને એકઠા દોરીમા ભરીને તેની લઠો પોતાના સગ ઉપર વીટી રાખતા હતા તથા તે જગાના હિન્દુ લોકો પુતલાની પરસતેશ નહીં કરતા હતા પણ સેતારાઓની પરશતેશ કરતા હતા. એ ઉપરાત બીજી અજાયબીઓ જોઇને તે જગોથી લશ્કર શાથે આગળ ચાલ્યા.

ત્રીજા પાહાડ ઉપરની અજાયબ હેકાયત.

રાહમા આગળ જતા એક પાહાડ કાળા પથરનો દીઠો, તે પાહાડને એક તરફથી ભોયરાની મિસાલે કોતરીને બીજી તરફથી બાહેર નિકળવાનો દરવાજો મેળલો હતો પણ તેની, અદર ચાલવાની રાહ ઘણી સકડાશની હતી. ત્યાના હિન્દુ લોકોનો રવૈયો એ હતો કે અગર જો કોઇ એગાનો મરદ બાહેરથી આવીને એમ કહેતો કે "હુ" બી હીંદુ છુ તેથી તમારા

મજહબમા લેઓ" તો પણ તે જગાના લોકો એકાયક તે શખ્સને પોતાના મજહબમા લેતા નહીં હતા—શા વાસ્તે કે તે શખ્શ હીંદુની મુનિયાદનો છે કે કોઈ બેગાનો છે તેનો જ્યારે તે લોકોના દીલમાં સદેહ પડતો ત્યારે લોકો એતેફાક કરી પેલા બેગાના મરદને તે પાહાડની તરફ લઈ જઇ તે શખ્સના હાથ બાધીને તેને કેહેતા કે તુ એ ભોયરામાં દાખલ થઇને પેલી રાહે બાહેર નિકલ—એમ કહી તેને તે ભોયરામા ઉતારતા હતા અગર જો તે મરદ સાચો અને પાક દીલનો હોય તો તે શેતાબ પેલી રાહે સુરાખમાથી આશાનીએ કરી બાહેર નિકળી જતો અને જે શખ્સ જુઠો અને નાપાક હોય તે સુરાખમાથી બાહેર નિકળી શકતો નહી પણ તે ભોયરામાની સુરાખમાજ બધ થઈ રહેતો એ તમાશો જોઇને જહાપેહેલવાને હીંદ સસ્થાનના મોલક ઉપર આફ્રીન કીધી તે જગાથી આગળ ચાલતા બીજો એક બુલદ પાહાઠ ઘણો ઉંચો હતો તથા એક બીજો અજાયબ જેવો લોહોડાનો એક પાહાડ તે પાહાડની નજદીક હતો અને તે પાહાડનુ લોહોડુ વગર આતશે ગરમ તથા લાલ રહેતુ હતુ તે એ મિસાલે કે ગોયા આતશમાથી તરત કાહાડયુ હોય રાતને વખત તે પાહાડ રોશન આતશની મિસાલ નજર આવતો હતો તે પાહાડથી દુર એક જગો પાણીની નેહેર હતી તેમા ચકમકના પથરનો પાહાડ હતો જ્યારે વરશમા એક વાંર તે પાહાડ ઉપરથી લોહોડુ ગરમ થઇ બાહેર નિકળતુ તેવુજ પેલા ચકમકના પથર ઉપર જઈ કેટલીએક શાયત અઠડતુ તેથી હકતાલાની કુદરતથી એક તલવાર ઓલમાસની લોહોડાની બની રેહેતી હતી—તે તલવાર માહરાજા મેહેરાજના શીલાખાના શિવાય કોઇ બીજા પાદશાહોના શીલાખાનામા નહીં હતી. તે જગાએ માહારાજા મેહેરાજની ચોકી મેળેલી હતી તેથી તે તલવાર બનવાનો દાહાડો આવે તે દહાડા ઉપર તે ચોકીદાર લોકો તે જગો જઇ ઉભા રહીને તે તમાશો જોઇ પછી તે તલવાર તે જગાથી લાવી માહરાજા મેહેરાજની આગળ રજુ કરતા પણ તે તલવારને હાથમા ધરતા ઘણી સખ્તી પડતી હતી તે તલવાર એવી અજાયબ જેવી હતી કે જો કોઇને તે તલવારે કરી ગરદન મારતા તેનું લોહી

જમીન ઉપર નહીં પડતુ પણ તેના તનમાજ રેહેતુ હતુ. એ ઉપરાંત ઘણીએક અજાયબ થવા જોગ ચીજો માહરાજા મેહેરાજે જહાપેહલવાન કેરશાસ્પને એટલા વાસ્તે દેખાડી કે તે માહરાજાનો દબદબો કેરશાસ્પ પેહેલવાન જોઇ પાદશાહ જોહાકની નજદીક તમામ વાત કરે તો તે માહરાજાનો દરજ્જો જ્યાદા થાય એવી ખાહેશ વાસ્તે જહાપેહેલવાનને ૭ વરસ લગી હીંદ સસ્થાનની તમામ અજાયબ ચીજો દેખાડી.

જય પોહોંચ્યા જહાંપેહેલવાન કેરશાસ્પ તથા માહરાજા મેહેરાજ કનોજ શેહેરની તરફ તે હકીકત

જહાપેહેલવાન કેરશાસ્પને ઘણીક ઇજજત સાથે માહરાજા મેહેરાજે પોતાના કનોજ શેહેરમા દાખલ કરી અને પોતાના ખજાનાનો દરવાજો ખોલી તેમાથી દેહેડા, કેનાત, ફરસ, કમરબદ, તાજ તખત, જડાવદાર બખ્તર એ ઉપરાત બેશુમાર યાકુત, મોતી તથા સુનાના શેર, શેકાર, મોર તથા બાઝ જાનવરો સર્વે શાજ સાથના કેરશાસ્પને બક્ષ્યા વળી એક દાબડો કપુરનો મોતીએ ભરેલો મીનાકારીના કામ સાથેનો હતો તે તથા પચાસ ઘોડા તમામ જરીપાખડ સાથના જે પાખડો ઉપર હીરા તથા ગોહરનો જડાવ જડેલો હતો, તે ઉપરાત બીજા એકસો ઘોડા સુનેરી સાજ સાથના તથા એક હજાર બખ્તર, ચીલતર, છુટભાલડી, નેજા તથા ખજરો એવી એવી ચીજોનો તો કાઇજ શુમાર નહી હતો વળી એકસો બાડી ચીનની ખુબસુરત તથા બસો ગોલામ પરીને ચેહેરેના તથા અશરફીઓ અને સુનુ તથા બસો ઊંઠ કપડાના તથા બેકીમતી જવાહેરો—ઝેરી તથા પાવ ઝેરીના ચાલીસ હાથીઓ તથા દશ શેહેર હીંદુસ્તાનમા ઘણા ભારી હતા તેની સનદ કરી આપી તથા સુનાના એકસો નેજાનો તે ઉપર પાદશાહી ગોહર જડેલા હતા—તે નેજાઓનુ વજણ ઘણુ ભારી હતું. એઃ જામો જહાપેહેલવાનને એવો તો માહરાજા મેહેરાજે બક્ષ્યો કે તે

જામાની મિસાલનો બીજો જામો દુનિયા દરમ્યાનમા કોઇ પાદશાહ પાસે નહીં હોય તે જામાની અજાયબી એ હતી કે હર ઘડીએ તે જામા ઉપર હજાર તરેહની રગ બેરગ સુરત નજર આવતી હતી તથા જે કોઈનુ તન દરદ તથા બીમારી ભરેલુ હોય અને તે શખ્સ તે જામો પેહેરે તો તેજ વખત તેના તનને તનદરોસ્તી તથા આરામ થતો હતો ને જામો રાતને વખત લાલ નજર આવતો હતો અને દીવસના જરદ રગનો નજર આવતો હતો તથા તે ઉપર પાણીના કતરા અસર કરતા નહીં હતા તેથી તે પાણીએ કરીને કદી ભીજવાતોતો નહીં અને તેમાથી વખતે વખત ભાતભાતની ખુશબો નિકળતી હતી અને અધારામા રોશન મસાલના કરતા તેની રોશની જ્યાદા હતી એ મિસાલનો જામો તથા સરપાવ માહરાજા મેહેરાજે જહાપેહેલવાન કેરશારપને આપ્યો બીજા ઇરાની તથા જાબુલી સપેહસાલારોને અને લશ્કરના આદમીઓને મર્વેને અનદાજે સર-પાવ આપી નવાજ્યા પછી હોકમ કરીને પાદશાહ જોહાકને વાસ્તેનો હદીઓ પોતાની નજદીક મગાવ્યો તેમા તરેહવાર રગના દેહેરા તથા કેનાતો મગાવી તે દેહેરાઓ ઉપર તમામ મુલકોનો ચીતાર પાડેલો હતો તથા એક બાગ સુનાનો પાકીજે બનાવેલો હતો તે બાગના ઝાડ સુનાનાં તથા ફુલ બેકીમત ગોહરના બનાવેલા હતા અન તેમાનુ એક એક ગોહર અગરજો રાતને વખત અધારામા મેલે તો તે જગો આફતાબની મિસાલ રોશન થાય અને તે ઝાડના પાતરા પરવાલાના તથા ફળ મોતીના બનાવેલા તે બાગમા એક ઝાડ ઘણુ બુલદ હતુ તેના પાતરા પીરોજાના તથા ફુલ પરવાલાનાં તથા ફળ ગોહરના હતા તેની હરએક શાખા ઉપર યાકુતના મોર્ગ હતા અને તેની ચાચ પરવાલાની તથા લાલની હતી અને શબજ જનાવરની પાખ બના-વેલી હતી. જ્યારે તે ઝાડને નીચે જોશથી પાણી ફરતુ ત્યારે તે ઝાડ બાગના ઝાડની મિસાલ તાજુ થતુ હતુ અને તેની શાખો ઉપર તમામ મોર્ગ જે બેસાડેલા હતા તે ખુશ અવાજે ભાતભાતનો શોરોદ કાહાડતા!* એ

---

* જેવી રીતે હીંદુસ્તાનના રાજા મેહેરાજે અજાએબ ચીજોથી કેરશારપને નવાજ્યો તે પ્રમાણે સીકદર જ્યારે હીંદુસ્તાન પર સવારી લઇ ગયો ત્યારે તેમા કઇદ રાજાએ સીકદરને ચાર અજાયબ ચીજોથી નવાજ્યો હતો (જુઓ શાહનામુ)

પમિસાલનો તે અનાજથી ભર્યો બાગ બનાવેલો હતો તે બાગ તથા તે ઉપરાત બેશુમાર બીજો સામાન માહરાજા મેહેરાજે પાદશાહ જોહાકને વાસ્તે આપ્યો તે તમામ હદીયો લઇ જહાંપેહેલવાન કેરશાસ્પે ઇરાનની તરફ પાદશાહ જોહાકની પાસે જવાનો કસદ કરી આગળ રસ્તો પકડયો. તેની ખેદમતમા માહરાજ કેટલીક એક મનજલ સુધી મીનત તથા આજે-જીથી વદાય કરવા ગયો હતો.

રવાના થયો જહાંપેહેલવાંન કેરશાસ્પ હીંદથી તે વિષેનો અહેવાલ.

જહાંપેહેલવાન કેરશાસ્પના બાપ પાદશાહ 'અશરત' ને ખબર થઇ કે તેનો બેટો કેરશાસ્પ હીંદ સસ્થાનનો મુલક ફતેહ કરીને દબદબાથી દર મનજલ ચાલ્યો આવે છે પણ તેનો ઇરાદો પેહેલા ઇરાન જમીનની તરફ પાદશાહ જોહાકની નજદીક જવાનો છે. એ વધાઇ સાભળ્યાથી "અશરત"ના દીલ ઉપર ખુશીના બાગનો તાજો બાહાર ખીલ્યો. તેજ વખત પોતાના અમીરો સાથે લશ્કર લઈ શીતાબ ઇરાન જમીનના રસ્તા ઉપર આવી દેહેરા મારયા કે પોતાના બેટાને અવ્વલ જાબુલસ્તાનમાં લઈ જાય. એવામા જહાંપેહેલવાન કેરશાસ્પનુબી તે જગોએ આવી પોહો-ચવુ થયુ તેથી તેણે પ્રથમ પોતાના બાપના કદમને બોસા દીધા અને તેજ વખત સર્વે કોઇએ કેરશાસ્પ ઉપર વધાઇ કરી, તે પેહેલવાન સાથે બગલગીરી કીધી બુઝર્ગ અશરતે કેરશાસ્પને કહ્યુ કે "અએ બેટા! આજ રોજે મારી ખુશી છે કે, તું પ્રથમ આપણા જાબુલ શેહેરમા આવે" ત્યારે જહાંપેહેલવાને પોતાના હાથ જોડીને કહ્યું કે 'જે કામથી તુ જેવા બુઝર્ગ બાપનું દીલ ખુશી રહે; તે કામ કરવાને હુ હમેશ રાજી છુ." પછી સર્વે તે જગાથી જાબુલસ્તાન આવી પોહોચ્યા અને અયવાનમા મજલીસ

સમારી બેઠા ત્યારે ફેરશારપે પોતાના બાપની નજદીક તમામ અવ્વલથી તે આખર લગી બનેલી હીંદ સરથાનની હકીકત કહી પછી માહરાજા મેહેરાજે પાદશાહ 'અશરત' ને વાસ્તે જે કિમતી હદીયો આપ્યો હતો તે તમામ પોતાના બાપ અશરતને નજર કીધો અને પોતે જે કાંઈ હીનદુસ્તાનથી ખજાના તથા સરપાવ લાવ્યો હતો તે પણ તે પોતાના બુઝર્ગોના ખજાનામા મેલ્યો પછી તમામ અમીરો સાથે મીજલસ સમારી ને હરરોજ રામશગીરી તથા શરાબની જામ શિવાય બીજો મસગુલો હતોજ નહીં એમ કરતા જ્યારે એક મહિનો તમામ થયો ત્યારે ફેરશારપ પોતાના બાપ પાસે રજા માગીને પાદશાહ જોહાકને મળવા ઈરાન તરફ ચાલ્યો—એ ખબર જ્યારે પાદશાહ જોહાકને થઈ કે જહાંપેહેલવાન ફેરશારપ તે પાદશાહની ખેદમતમા આવે છે તેથી તે પાદશાહ જોહાક બેશુમાર લશ્કર સાથે શેહર બાહર નીકળીને જહાપેહેલવાન ફેર-શારપને એસ્તેકબાલ લેવા આવ્યો જ્યારે રાહમા મુલાકાત થઈ ત્યારે પાદશાહે ઘણીએક મેહેરબાનીથી ફેરશારપને બગલમા પકડી ખેરઆફીય-તની ખબર પુછી તેના રોખસાર ઉપર મોહબતથી બોસા દીધા અને ઘણોક નવાજ્યો પછી જહાંપેહેલવાન ફેરશારપે મેહેરાજશાહ વાલો હડીયો મગાવી પાદશાહની નજદીક મેલ્યો જે જોઈ પાદ-શાહ જોહાક ઘણોજ ખુશ થઈ ગયો. પછી એક હફતા લગી ખુશી તથા નાજ સાથે પાદશાહની મીજલસમા જહાપેહેલવાન ફેર-શારપ રહયો જ્યારે હફતો તમામ થયો ત્યારે પાદશાહ જોહાકે ફરમાવ્યુ કે "અય નામદાર જહાપેહેલવાન ! તે હિંદુસ્તાનમાં ઘણી રંજ ખેચીને સખત રાહા માપી છે વાસ્તે તું પોતાના બાપની નજદીક જવાનો કસદ કર"—એટલુ કહીને પોતાના ખજાનામાથી બે તખ્ત મગાવ્યા તેમાં એક ફેરબાનુ તથા બીજુ બીલોરનુ હતુ અને બે તાજ મંગાવ્યાં જેમાં એક યાકુતનુ તથા બીજુ પીરોજાનુ હતુ. વળી બે બખ્તર તેમા એક સીંહના ચરમનું તે ઉપર તમામ ગોહરનો જડાવ જડેલો હતો તથા બીજુ મગરમછના ચીંગડાંનુ હતું તે ઉપર બીબેકીમત ગોહરનો જડાવ જડેલો હતો, સાથે બે કમરબંધ તેમાં એક પાદશાહા તેહેમુરસ્પનો

તથા એક પાદશાહા જમશેદનો હતો તથા બસો ઘોડા તુરકી તમામ સુનાનો સાજ સાથના તથા ચાલીસ ગોલામ પરીની મિસાલના, ચાલીસ લોડી માહાતાબની મિસાલ સફેદ ચહેરાની હતી તથા બે દેહેરા શેર અને ચીતાના ચરમના હતા, તે ઉપર તમામ જરી કામ હતું તેના થાભ સુનાના તે ઉપર મેખ રૂપાની હતી તથા બાર ઊઠ અશરફીએ કરી ભરેલા હતા તથા ચૌદ ઊઠ દેબાના કપડાથી ભરેલા હતા, એ ઉપરાત એક ઝુડા તમામ જરીનો જે ઉપર આફતાબ તથા માહાતાબની સુરત ચીતારેલી હતી તેના સર ઉપર યાકુતનુ શીમોર્ગ બેસાડેલુ હતુ એ રવેશે ઘણુએક સરોપાવ જહાપેહેલવાનને લાયકનો પાદશાહ જોહાકે પોતાની તરફથી આપ્યો તથા જે ઇરાની તથા જાબુલી લશ્કર હીનદુસ્તાન ગયુ હતુ તે સર્વને ઘણુક ઇનામ આપીને કેરશાસ્પને જાબુલની તરફ બહુ આબરૂથી વીદાય કીધો નામદાર જહાપેહેલવાન જાબુલસ્તાનમા જઇ પોહોચ્યો ત્યારે ત્યા બે હફતા તુલીક રહયા પછી ખુશી શાથે એક દીને બામદાદને વખત પોતાના બાપને કહેવા લાગ્યો કે—'અય બુઝગ ને દાના બાપ ! તારી રજા હોય તો હુ એકલો બીજા મુલકની તરફ સફર કરવાની ખાહેશ રાખુ છુ" એ સખુન સાભળીને દાનાવ અશગ્ત દીલમા ગમગીન થઇ વીચારવા લાગો કે—"હવે એ મારા જંગી બેટાને મબાદા પોતાના સંસારની ખાહેશ થઇ હશે તેથી એ સફરે જવા તૈયાર થયો છે"

એટલુ પોતાના દીલ સાથે વીચારીને, પોતાના નામચીન ફરજદને કહેવા લાગ્યો કે "અય બેટા ! હવે તુ મારી ઉપર બુઢાપાના વખતમા સીતમ ના કર ! તુ એવી જુદાઇની વાત શા વાસ્તે કરે છે ? હુ તને મારી નજદીકથી એક કદમ દુર જવા દઉં નહી શા વાસ્તે કે મારા મુદઇઓ ઘણા છે અને જો તુ દુરની મુસાફરી જાય તો તે મુદઇ લોકો આવીને બુઢાપાના વખતમા મને બેઆબરૂ કરી જાબુલનો મુલક વેરાન કરી નાખશે." એ મિસાલ ઘણાક બાહાનાના સખુન કહાડયા પણ દીલાવર કેરશાસ્પે તે સખુનો કબુલ નહી કીધા અશરતે કેરશાસ્પને કહ્યુ કે—"અય બેટા ! અગર જો તારી મરજી બાહેર જવા ઉપર થઇ છે તો

બેલાશક જા પણુ થોડાક દાહડા સબર કર કે મારી બી મોરાદ બર આવે, તે કરતા તુ જાણુતો નથી કે સફરમા ચાલવાની બળા રોજખના આજાબની મિસાલ છે અને તે જગા જાન વીખ ઉપર આવે છે. તું સરફરાજ બેટા મુસાફરીમા રજ ખેચશે અને હુ તારી જુદાઇના બળાપામા આંખે મજુર જેવો થઇ બેસશ" એ સાભળીને ફેરશારપ કેહેવા લાગ્યો કે "અય નામદાર બાપ! હુ તારી નજદીક રાસ્ત સખુન કહુ છુ કે મારી ખાહેશ ઓરત કરવા ઉપર થઇ છે—હુ હવે જવાનીને પોહોચ્યો તેથી બીજા દુશ્મન લોકો મારી ઉપર તાણુા મારીને કેહેશે કે—'અસરતનો બેટા જહાપેહેલવાનમા નામ કેહેવાડે છે પણુ પોતે ઓરત તો રાખતોજ નથી—વાસ્તે તેનુ કારણુ શુ છે' શુ નામર્દ છે યા એની બુનિયાદ નીચી છે તેથી એને કોઇ પોતાની બેટી આપતુ નથી?' એ રવેશે મુદઇ લોકો મારી ઉપર જુઠા તાણુાજાણુીના સખુન કેહેશે—વાસ્તે તું મને રજા આપ કે હુ ઓરત કીધા પછી તારી નજદીકથી હરગેજ દુર થાઉ નહીં' એ સખુન સાભળીને અસરત કેહેવા લાગ્યો કે "અય બેટા! હુ તને કેહુ તે સાભળ કે ત્રણુ આદમીને પોતાના ઘરબેઠાં ઓરત આવી મળે છે—તેમા પેહેલો તે જેની બુનિયાદ બુઝર્ગ હોય. બીજો તે કે જે મર્દ જુવાન તથા ખુબસુરત હોય. અને ત્રીજો તે કે જેની પાસે જર ખજાણો ઘણો હોય—એ ત્રણે આદમીને પોતાના ઘર બેઠાં ઓરત આવી મળે છે તો હવે તુ પોતાના દીલમા અદેશો કર કે તે ત્રણે ચીજ તારી પાસે છે તુ જાતે ખુબસુરત છે, તથા પાદશાહ જમશેદની બુનિયાદનો છે અને તારા જેટલો ખજાનો તેટલો તો હુ ધારૂ છું કે આ મુલકમા કોઈ પાસે નથી એ ત્રણે ચીજ તારી પાસે છે તો તું પોતાને ઘરે બેસ! હાલ હરેક જગ્યાના પાદશાહનો પેગામ તારી સાથે પોતાની બેટીની શાદી કરવાને વાસ્તે આવી પોહોચશે તું એમ જાણે છે કે હુ પેહેલવાન છુ તેથી પોતાની બાજુના જોરે હરેક તરફનાં પાદશાહની બેટી લાવુ પણુ એ કામ તો હકતાલાએ બખ્ત ઉપર રાખ્યું છે. તેણે જે કાઇ તારા બખ્તમા કલામ માર્યા હશે તેથી એક રજ કમ

જાઆદા થનાર નથી, પણ જો તારી ખાહેશ બાહેર મુસાફરીપર જવાની થઈ છે તો તુ એકલો ના જા! પોતાના દબદબાથી ઘણાક લશકર સાથે જા કે આપણા બુઝર્ગોનુ નામ આલમમા મશહુર થાય" એ સખુન સાભળીને જહાપેહેલવાન કહેવા લાગ્યો કે "અય બુઝર્ગ પેદર! મને લશકરનું કે ખજાનાનુ કામ નથી, મને ફકત હકતાલાથી મદદ ને તારી દુઆ બસ છે" પછી અશરત આજેજ થઇને ત્રીજી મરતબે કહેવા લાગ્યો કે "મને એવા ઉંધા બખ્તનો શુ કામ તે દાદારે કીધો કે પોતાના એક-પુરા ફરજદને મારી નજદીક આશાયશથી બેઠેલો દેખી શકતો નથી. અય બેટા! તુ શુ નથી જાણતો કે સફરની બળા ઘણી સખત છે બાજે જગો એવી તો મુશકેલી આવી પડે છે કે તે જગા પોતાના જાનનીજ સલામતી માગવી પડે છે—વાસ્તે તને જે જગો જવાની ખાહેસ હોય ત્યા જા, પણ મારી નસીહત છે તે દીલથી સાભળીને રેહેજે અને સખુરી ઉપર અમલ કરજે કે જેથી કરી તને ફાયદો થશે!"

જંગી ફેરેશાસ્પને તેના બાપ અશરતે કરેલી નસીહત.

"પ્રથમ તો એ કે તુ પોતાના ઘોડા ઉપર સવાર થઇને સફરમા ચાલે તો મજલ ઘણી દુર કરતો ના તથા તુ ચાહે કે હુ કેટલીક મજલ ઘોડા ઉપરથી નીચે ઉતરીને પાઉ પ્યાદો ચાલુ તો પોતાના ઘોડાની લગામ કોઇ બીજાના હાથમા આપતો ના! શા વાસ્તે કે તે શખ્સ થાકેલો તારા ઘોડા ઉપર સવારી કરે તો બીજે દિને તારાથી તે ઘોડા ઉપર સવારી થાય નહીં એકતો તુ પાઊ પ્યાદો ચાલેલો તેથી થાકેલો, બીજુ તારા ઘોડાએ બે શખ્સની સવારી ભરેલી જેથી કરી તે ઘોડો ઘણો થાકેલો. એવો દાવ જોઇને મુદઇ આવીને મોકાબલે ઉભો રહે તો તારો તથા તારા ઘોડાનો તરત જાન લે. વળી જે જગ્યા પાહાડ ઉપર ચહડવુ પડે, તે જગ્યાએ ઘોડા ઉપર સવારી કરીને ચહડતો ના—ત્યા તો પાઉ પ્યાદો

ચપ્પનેજ ચાલજે કાયજે પાહાડની આસપાસ ઉડા ગાર ઘણા હોય છે તેથી મબાદા ઘોડાનો પગ આડો અવળો પડે તો તું તે ગારમા નહીં પડે રાહ દરમ્યાન જે જગ્યાએ મકાન કરે તે જગ્યાએ રાતને વખત આતશની રોશની રખાવજે કે દરદા જાનવર આતશની રોશનીથી દુર રેહે જે કાઇ ગહ તને માલમ નહીં હોય તે રાહ ઉપર જવામા એકાયક દલેરી ના કરતો! તેમજ જે જગ્યાના પાણીથી તુ પુરો વાકેફ નહી હોય તે પાણી એકાએક પીતો ના! જે મંજલ કરે તે પાચ કોશ કમતી કરજે પણ જ્યાલગી આબાદીની જગો મળે ત્યાલગી જગલમા જઇને મકાન ના કરતો તથા સફરમા ચાલતા તને કાઇ કામને વાસ્તે ઘોડા ઉપરથી ઉતરવુ પડે તો અવલ આસપાસ નેત્રાહ કરીને પછી ઉતરીને જે કાઇ કામ હોય તે શેતાબ કરીને પાછો ઘોડા ઉપર સવાર થજે! તુ જગલમા રસ્તો ભુલે તો તે જગ્યાએ તુ ઉભો ના રેહેતો પણ આગળ ચાલતો જજે અને પછવાડે જોતો જજે અને પોતાના કદમની નિશાણ રાખતો ચાલજે, કાયજે અગરજો તને પાછુ આવવુ પડે તો તે કદમની નિશાન ઉપર પાછો આવીને સીધી ગહ પકડે! તને રસ્તે ચાલતા રાહમા સાજ પડી જાય તે જગ્યાએ જરા સબર કરી ઉભો રહેજે, આસમાન ઉપર સેતારા જાહેર થાય ત્યારેજ સેતારાઓની નિશાન ઉપર ચાલજે કે ફલાણા શેહેરના સર ઉપર ફલાણો સેતારો છે—તે નીશાન ઉપર ચાલજે તથા જે જગ્યાએ અજાણ્યા શેહેરમા જાય ત્યાના બાગ તથા હવા તને ઘણીબી ખુશ દેખાય પણ ત્યા એક દાહાડાથી જ્યાદા રેહેતો ના તથા રાહમા ચાલતા નકામો ઘોડાને જોલાન દઇને થાકવતો ના! એવુ નહી થાય જે નકામો ઘોડાને અગાઉ થાકવ્યે અને પછવાડે કામની વખત સુસ્ત થઇને ઉભો રેહે!—વાસ્તે મજલમા તે ઘોડાને થોડોજ ચલાવજે તથા મુસાફરીમા બે દાહાડાની રાહ હોય તેને એક દાહાડે નહીં કાપતો. બુઝર્ગ લોકો એમ ફરમાવી ગયા છે કે સફરમા ઘોડાને એક કોશ કમ ચલાવ્યે—આપણે તો સવારી કીધેલી અને ઘોડાને તો આપણો તથા આપણાં હથ્યારનો ભાર ઉઠાવીને ચાલવુ એ બે રંજ ઘોડાને છે માટે મુસાફરીમાં ઘોડાની બરદાસ્ત આપણા જાન કરતાબી ઘણી કરીયે. રાહ દરમ્યાન તું

જે જગ્યાએ મકાન કરે ત્યા પોતાના ઘોડાને પોતાની નજદીક બાધજે અને હથીઆરનેબી પોતાથી દુર ના મેલતો બલ્કે તમામ રાત કમાનને ચીલલો ચડાવીને હોશ્યારીથી બેસજે તથા રાહમા કોઈ બેગાનો મરદ મળે તેને એકાયક બેગારી દાખલ પકડતો ના અગર ઘણી જરૂરી પડે તો તેના માથા ઉપર પોતાના હથીઆર ના ચડાવતો પણ તેને બીજે સામાન ચડાવીને પોતાના ઘોડાની આગળ ચલાવજે ત્રણ ચીજથી ઘણી પહરેજ કરજે તેમા એકતો કોઇની મતા જુલમથી લુટી નહી લેવી તથા બીજુ એ કે ચાલતા લગી કોઇ સાથે બીગાડ નહીં કરવો—અલબતે થઇ આવે તો ફેસાદ હોય તેને ભાજીને સુલેહ કરવી તથા ત્રીજુ એ કે કોઇને બેગુનાહ જીવથી મારવો નહીં એ ત્રણ ચીજથી પુરી પરેહેજ કરજે તથા જે શેહેરની નજદીક રાતને વખત તુ જઇ પોહોચે ત્યા તેજ વખત શેહેરમા દાખલ ના થાતો! તે શેહેર બાહેર વાડી અથવા ઉતારાની જગ્યા નદીનો કિનારો હોય ત્યા મુકામ કરજે તથા જે શેહેરની આબોહવા ખરાબ હોય તે જગ્યાએ ખાણુ કમ ખાજે તથા જે કોઇ બદકાર ભુડા ફેલનો કરનાર હોય તેને પોતાનો આશનાવ ના કરતો!—આપણુને ભુડો દોસ્ત હોય તે કરતા એકલા બેસ્યે તે બેહેતર છે બદકાર મરદને તુ પોતાનો આશનાવ કરશે તો સર્વ કોઈ તને બદ ખસલતનો કરી ગણશે તથા મુસાફરીમા તને શરાબની ઘણીબી ખાહેશ થાય પણ અદાજે શરાબ પીજે, નહીં તો તને નુકસાન કરશે પોતાના ઘરમા યા બેગાની જગ્યાએ શરાબ અદાજે પીવામાજ ફાયદો હોય છે જે નદી તથા ચશ્માનો ભેદ માલમ નહી હોય તેમા ઉતરવા ઉપર દલેરી નહીં કરીયે મગર એક મહિનાની રાહ દુર પડે તો ફરીને જઇએ પણ અજાન નદીમા નહીં ઉતરીયે અગર તુ માહીની મીસાલ તરી જાણતો હોય તોપણ કોઇ આદમી નદીમા ડુબતુ હોય અથવા વમલમા પડીયુ હોય તેને કહાડવા ઉતરે તો તેને પછવાડેથી જઇને પકડજે પણ મોહોડા ઉપર જતો ના! અગર આપણામા જોર હોય તે ઉપર મગરૂરી કરી નાવારસ તથા ગરીબ લોકો ઉપર સિતમ નહી કરીયે—કાયકે એ વાતમા આપણુને કોઈ નેકનામ નહીં કહે! ખુબી તથા નેકી તેની જાણવી કે પોતાની પાસે જે ઝર ખજાનો હોય તે

મિસકીન લોકોને બક્ષી તેનુ કામ સમારે તેની નેકનામી જાણવી. ખાણુ ખાય તો એ રવેશથી ખાજે કે તે ખાધાથી તને ઇજા નહી પોહોચે તારી પાસે જર ખજાનો હોય તેને તુ પોતેબી વાપરજે અને ગરીબ અદના લોકોનેબી આપજે કે જેથી તુ આ જહાનમા નામદાર થશે અને પેલી જેહાનમા બેહેસ્ત પામશે. તુ પોતાની પાસે માલ ખજાનો બખીલી કરીને એકઠો કરે તે કરતા ખાય તથા ખવાડે તે બેહેતર છે. દોલત જે છે તે આદમીજાતને ખાવા પીવા તથા પોશાહ પેહેરવાને વાસ્તે છે નહીકે બખીલ થવુ અગર એ ચીજની હાજત નહીં હોયતો તે દોલતની તરફ હરગેજ કોઇ નેગાહબી નહી કરતે તુ હરેક કામ કરવા ચાહે તો અવલ તે કામની આકેબતનો અદેશો કરીને પછી તે કામ કરજે ! આપણો દુશ્મન ઘણી નરમી પકડે તો ઘણી હુશ્યારીથી રહીને કામ લઇએ કે તે કમીગાહ કરી આપણુ ઉપર ગાલેબ નહીં આવે. કોઇ શખ્સના ઉપસાર દુનિયાદારીના ગમના સબબથી જર્દ થયલા હોય ને તે પોતાની ગરોગાનીમા બેઠેલો હોય તો તેને એ મિસાલ જોઇને તું હરગેજ હસતો ના કારણુ તને શુ માલમ કે તે બીચારાને દુનિયામા શુ દરદ હશે ? જ્યારે તારી ઉપરબી તેની મિશાલ દરદ પડે ત્યારે તુ તેના દરદની કદર જાણે જે દરદ તથા ગમ તો એ મિશાલે થાય છે. જે શખ્સ તારી સાથે નવો દોસ્ત થવા આવે તો તેની ખાસ્યઅત તને માલમ નહીં હોય તો તેની નજદીક પોતાના દિલનો ભેદ હરગીજ કેહેતો ના ! કોઇ શખ્સ ચોરીનો માલ લાવે તે માલ ઘણી કીફાયતે પડતો હોય તોપણુ તે માલ હરગીજ વેચાતો લેતો ના ! અગરજો તુ લાલચનો મારયો તે માલ લેશે તો પાચે દાહાડે તે ચોરી પકડાય ત્યારે કેટલોક માલ સામો પોતાના ઘરમાથી આપતાબી તારો છુટક થાય નહીં જુઠા મરદ સાથે તુ વાત પણુ ના કરતો કારણુ કે તે નાપાક તારી નજદીક બોલશે કાઇ અને બીજાને કેહેશે કાઇ તેથી તુ રૂસવા થશે. જ્યારે તને સરદાર લોકો સાથે વાત કરવી પડે ત્યારે નરમીથી સખુન બોલજે ! જે તારા કરતા જોરાવર હોય તે સાથે લડાઇની ખાહેશ રાખતો ના ! કોઇ ભુખો પ્યાસો કે મુફલેસ હોય તેને પોતાની અનામત રાખવા આપતો ના ! અને અદેખાઇ ભરેલા

આદમીની નજદીક પોતાની દોલત તથા મરતબાની વાત કરતો ના ! વખત બેવખત ઘણુ સુવુ ના કરતો—કાયજે ઘણોવાર સુતાથી આદમીની તબેહ આળસુ થાય છે બુઢી ઓરતની સાથે આશના થઇને તેના ફરેબમાં પડનો ના અને તે ઓરતથી પોતાને બેઘાહ રાખજે કાય કે બુઢી ઓરત તે ગોયા ચકમકના પથરની મિસાલે છે—જેમ ચકમકનો પથર સખત લોહોડાને પોતાની તરફ ખેચી લે તે મિસાલે તે ઓરત મરદને ખેચે છે અગર મરદ ઘણો હુસ્યાર તથા જોરાવર હોય તો પણ તેને ફરેબ દઇને પોતાની તરફ ખેચી લેતા વીલબ લગાડતી નથી વાસ્તે એ બેટા, મે જે કાંઈ તને નસીહત કીધી તે તમામ યાદ રાખીને તે ઉપર અમલ કરજે ! તે કરતા તુ દાનાવ છે તેથી પોતાની દાનાઇએ કરી વીચાર કરીને જે કામ કરવુ હોય તે કરજે !" એટલુ કહી પછી પોતાના બેટાને બગલમા પકડીને કેટલોક વાર આખમાથી આસુ વરસાવી જહાપેહેલવાન કેરશાસ્પે પોતાના દીલની ખુશી મુવાફેક સફર જવાનો સામાન તૈયાર કીધો

જહાંપેહેલવાન કેરશાસ્પ રૂમ શેહેરની તરફ રવાના થયો તે તથા બીજી હેકાયત

જહાપેહેલવાંન કેરશાસ્પે પોતાના વિજળી સરખા ઘોડા ઉપર પાદશાહોની મિસાલ જરીનુ જીન કગાવીને પોતે પાક યજદાનુ નામ જબાન ઉપર લઇ ઘોડા ઉપર સવાર થઇ એક ગોલામને ખીદમતમા સાથે લઇ પોતે તે ગોલામ સાથે આગળ ચાલ્યો એમ કરતા પોતાના દીલમા ખ્યાલ લાવીને શામ શહેરના જગલની તરફ ઘોડો ચલાવ્યો જગલમા જઇ પોહોચતા ત્યા ઘણાક ઝાડ ફળ ભરેલા દીઠા, તે જગ્યાએ કસ્તુરીની ખુશબોની મિસાલના ફુલો હતાં એક ચશ્મો ખાલેશ પાણીનો હતો તે ચશ્માની નજદીક એક મસ્ત શેર કમીગાહકરી બેઠેલો હતો તેણે એક

ગોરખને પોતાની ચુગાલે કરી જમીન ઉપર નાખ્યુ—ને તમાશો જોઇને જહાપેહેલવાને પોતાના ઘોડા ઉપર અવાજ મારીને શીતાબ તલવાર ખેચીને એક જખમ એવો જોરથી તેને માર્યો કે તે શેર તથા ગોરખર એના ચાર ટુકડા કરી નાખ્યા પછી પેલા ગોલામ પાસે કેટલાક કાંટા અને કચરો મગાવીને તીરના પેકાને કરી આતશ રોશન કરી પોતાના નેજામા તે ગોરખર્નાં કવાબ કીધા—એ કામમા જહાપેહેલવાન હુટાયલો હતો એવામા બે કાસદ દોડના રાહ માપતા આવ્યા તેમા એક કાસદ ખાવર જમીનથી તથા બીજો કાસદ રૂમ શેહેરની તરફથી આવતો હતો પણ તે બે કાસદોએ ઘણી મજલ કીધેલી હતી તેથી સુસ્ત થઇ ગયા હતા તેથી આ શબજા તથા ફુલથી ભરેલી આરામની જગ્યા જોઇ ત્યા ઉતારો કરી થાક ઉતારવાનો ઇરાદો કરી નજદીક જઇ જોય શુ કે એક દલેર મરદ બેઠેલો હતો જેની એક તરફ મસ્ત શેર પડેલો અને બીજી તરફ ગોરખર પડેલુ હતુ અને ત્યા આતશ રોશન થયલો હતો તેની પાછળ એક ગોલામ ઉભેલો હતો અને નજદીક એક ઘોડો પાહાડનાં ટુકડાની મીસાલનો ઉભેલો હતો જેની ચાલ ઉપર પેચદાર કમાન નાખેલી હતી અને જીનની ઉપર ભારી ગોરજ મેળેલો હતો એ મિસાલનો અજબ તમાશો આ બીયાબાનમા જોઇ પેલા બન્ને કાસદ જહાપેહેલવાનની આગળ ગયા કે જહાપેહેલવાને બન્નેને મેહેમાનની મીસાલ આબરૂ આપીને પોતાની સાથે ખાણુ ખાવા શેફરા ઉપર બેસાડયા અને સાથે ખાણુ ખાવા લાગ્યા તે બેઉ કાસદોએ એક એક કવાબ ખાધો નહીં એટલામા જહાપેહેલવાને અરધો અરધ ઉપર ગોશત ખાધુ તેથી તેનુ ખાવુ તથા બેઠક જોઇને બન્ને કાસદો અજબ રહ્યા કાચ કે મોટો ભાગ ગોરખર જંગી કેરશારપે ખાધુ ખાણુ ખાધાથી સર્વ ફારગ થયા ત્યારે જહાપેહેલવાન કેરશાસ્પે પેલા કાસદોને પુછ્યુ કે 'તમોએ હરજગો અજાયબ ચીજો જોઇ હોય તે મને કહો કે તે તરફ હુ જઇ તે નજરે જોઉ !'

પ્રથમ રૂમી કાસદે પોતાની વાત શરૂ કીધી કે "અય નેકબખ્ત મરદ ! મે આ જમાનામા ઘણી અજાયબીઓ દીઠી છે કે રૂમના પાદશાહને એક બેટી છે. તેના દીદાર જોઇને બેહેસ્તની પરીબી બેખબર થઇ

જાય છે—કાએકે તે બેટી નહીં પણ ગોયા એક પુનમનો ચાંદ છે કોઇથી તેની સારી પેઠે જોવાઇ શકાતુ નથી પણ હર તરફના પાદશાહોના દીલ તે ઉપર લાગી રહેલા છે તેથી પોતાના અયવાનોમા તે બેટીની તસવીર રાખીને રાત દીન તે ઉપર નેગાહ કરી જોયા કરે છે—પણ તે ખુબસુરત બેટી ઉપર તેના બાપની ઘણીજ મોહબત છે તેથી તે બેટીની શાદી કોઈ પાદશાહ સાથે કરવા ચાહતો નથી કાય જે તે એમ સમજે છે કે અગર કોઇ પાદશાહ સાથે નેકા કરાવીશ તો એ બેટી મારી નજદીકથી દુર પડશી તારે મારૂ જીવવુ નથી. એવુ બાહાનુ કરીને એક કમાન પોતાની દરબાહમા રાખી છે અને પોતે સખત સોગંદ ખાઇને કોલ કરી બેઠો છે કે જે કોઇ એ કમાનને ખેચે તે શખ્સ સાથે મારી બેટી સાથે નેકા કરૂ એવો કોલ તે પાદશાહે કીધો છે તેથી હર તરફના નામદાર પેહેલવાનો તથા શાહાજાદાઓ આવ્યા પણ કોઇથી તે કમાન ખેચાઈ નહી તેને લીધે તે નાઉમેદ થઇ પાછા ગયા" એ વાત પેલા કાસદની ઝબાનથી સાભળીને જેહાપેહેલવાન પોતાના દીલમા ફુલની મિસાલ ખીલી ખુશીથી શીતાબ ઘોડાની પીઠ ઉપર સવાર થઇ ઘણી ખુશી સાથે રૂમ શેહેર તરફ રાહ પકડી એમ કરતા બે મંજલ આગળ ચાલ્યો ત્યારે એક જગ્યો જઈ પોહોચ્યો ત્યા જોય તો ઘણાક આદમી નાગા પડેલા દીઠા તે આદમીઓ ખાકમા પડી જારબેજાર રડતા હતા, તેમાથી બે હીસ્સા આદમી સખત જખમી થઇ પડેલા હતા તથા બે હીસ્સા આદમીને ઘણુજ સખત મુશકે બાધેલા હતા, તેથી તે બીચારા નાગા નાવારેસ ખાકમા પડીને પોકાર કરતા હતા તે આદમીઓને કેરશાસ્પે પુછ્યુ કે "એ મીસાલ તમો ઉપર સખતી શા સબબથી છે અને તમો એવા બીયામાનમા એટલી જારી તથા ફરીયાદ શા વાસ્તે કરો છેવો ?" જવાબમા સર્વે કોઇ ગમથી પોકાર કરીને કેરશાસ્પને કેહેવા લાગ્યા કે—"એ તારીફ ભરેલા સવાર ! હમો તો સોદાગર લોકો છીએ—હમો મીસર શેહેરથી ઘણોક માલ ખરીદ કરીને રૂમ શેહેરની તરફ જતા હતા અને બેશુમાર ગોહર, મોતી તથા બીજો માલ હમો પાસે હતો અને અમો નફાને વાસ્તે મેહેનત તથા સખતી ખેચતા રૂમ શેહેરની તરફ જતા હતા એવામા ચાલીસ ચોર કમીગાહા કરી અમો ઉપર આવી પડયા અને અમને જખમ કરી મુશ્કા બાંધી

હમારો તમામ માલ તથા ખજાનો તે ચોર લોકોએ લુટી લીધો અને અમોને એ રંગેશે ઘાહેલ કરી નાખ્યા છે વાસ્તે એ પાહાડની મીસાલના ઘોડેસવાર! અગર તુ મરદાનગી કરે તો તે ચોર હમણાજ ગયા છે. હજુર એક કોશ લગી ગયા નહીં હોય અને અમારી બેશુમાર મતા લુટી લઈ અમોને જખમી કરી દરદ તથા પોકારમા નાખીને તેઓ ખુશી અને મઘન થતા જાય છે" તે લાઇલાજ થઈ પડેલાઓથી આ સખુન સાભળ્યા કે જેહાપેહેલવાનનું દીલ ગમગીન થયુ અને તેજ વખત તે ચોર લોકોની પછવાડે પવનની મિસાલે પોતાનો ઘોડો ડપટાવ્યો. એમ કરતા થોડાક આગળ ચાલ્યો કે પેલા ચોર લોકો નજર આવ્યા તેઓ પાસે લુટનો અસબાબ અનામત હતો તેજ વખત એક પોકાર તે લોકો ઉપર મારયો કે—"એ નાપાક અને નાતરસ લોકો! એટલી શીતાબી કરીને ક્યા જાઓ છો? હવે તમો સર્વ કોઇ પોતાના જીવને તનમાથી દુર કરો—હુ તમારા સરનો ભાજનારો આવી પોહોચ્યો છુ" એ સખુન સાભલીને તે ચોર લોકો હસી કેરશારપને કેહેવા લાગ્યા કે—"અય દીવાના મરદ! આજ રોજે તે પોતાના જીવ ઉપર સીતમ કીધો છે કેમકે તુ જાણી જોઇને અમો લોકોની પછવાડે આવ્યો છે—એ ઉંધા નસીબના હૈડાના ફુટેલા! તુ જાણતો નથી કે અમો ચાલીસ મરદ હેરેમન મિસાલના રાત દીન જંગલમા ફરનારા છીએ કે મસત શેરથી કે મગરમછથી અંદેશો કરતા નથી તેવા દલેરોની પછવાડે તુ એક લોકડીની મિસાલનો થઇને દોડતો આવ્યો છે એ બેઅકલ! હમોએ પેલો કાફલો લુટયો ત્યાં તો હમોને મેહેનત કરવી પડી ત્યારેજ તે લોકોની ચીજો અમારે હાથ આવી પણ તુ ઉંધા નસીબનો પોતાની મેળે અમારી નજદીક પોતાનો જીવ, તે સાથે ઘોડો તથા પાદશાહી ગોહરના જડાવદાર જીન વીગેરે કીંમતી સામાન આપવાને આવ્યો છે તેથી તને તારી મગરૂરીના ગુમાનથી ખાલી કરીયેચ." એ સખુન સાભલીને જેહાપેહેલવાને પોતાના ઘોડાને એક મારીને તે ચોરોની સાથે લડાઇ કરવા માડી. અવ્વલ એક ચોરની ગરદન ઉપર તલવારનો એવો તો જખમ માર્યો કે તેનુ સર દડીની મિસાલ ઉચું હવા ઉપર ઉડી ગયુ. પછી બીજા બે શખ્સોની કમર ઉપર એકો

એક નેજો મારયો તેથી તે બે શખ્સોને ખાકમા નાખી ફરીથી ગોરજ ઉઠાવીને એક ચોરની ગરદન ઉપર મારયો તેથી તે નાપાકને ઘોડા સાથે ગરદાપેચ કરી નાખ્યો એ મિસાલની રસ્તાખેજ જોઇને બીજા ચોરો પોતાના હાથમાથી હથીઆર નાખીને ઘોડા ઉપરથી નીચે ઉતરી કેરશાસ્પ પાસે માફ માગવા લાગ્યા તેથી તેને પોતાના બાપની નસીહત યાદ આવી-જેથી તે લોકોને માફ કરી જીવતદાન બક્ષયુ પણ તેઓના ઘોડા તથા સામાન તથા પેલા સોદાગરોના તમામ અસબાબ લઇને તે ચોરોને જીવતા કાહાડી મુકયા અને તે જગોથી કેરશાસ્પ પાછો ફરી પેલા સોદાગરોની નજદીક પોકારતા શેરની મિસાલ આવ્યો અને શેતાબ તે લોકોના હાથ મુશકે બાંધેલા હતા તે છોડી કહ્યુ કે "જે કોઇનો માલ હોય તે તે જગા જઇને લઇ આવો" તેજ વખત તે લોકો દોડતા જઇને પોતપોતાનો માલ ઓળખીને પાછો લઇ આવી જહાપેહેલવાન ઉપર ઘણીક દુવા કરવા લાગા અને તે લોકોમા ઘણા જખમી થયલા હતા તેઓને પેલા ચાલીસ ચોરના ચાલીસ ઘોડા હતા તે ઉપર બેસાડી તે કાફલાને સાથે લઇને પોતે ખુશીથી રૂમ શેહેર તરફ ચાલ્યો. એમ કરતા રાહમા ચાલતા એક ઘણો માયાવાળો સોદાગર તેઓની સાથે હતો તે સોદાગર જહાપેહેલવાન સાથે ખુશ દીલથી દોસ્ત થયો અને તમામ રાહમા કેરશાસ્પની ખીદમત બદાની મિસાલ બજા લાવતો હતો તે સોદાગર રાત દીન મુલકે મુલક ઘણો ફરેલો હતો તેથી હરેક નેક તથા બદ રાહથી કેરશાસ્પને વાકેફ કરતો હતો તેની સાથે દીલ મળી ગયુ અને જહાપેહેલવાને તેને પોતાનો પુરો નેકખાહ જાણ્યો, તેથી પોતાના દીલનો તમામ ભેદ તેને કહયો જેમ બાપ તથા બેટાને એકએક ઉપર અરસપરસ મોહબત હોય તેમ એક એક સાથે મળી જઇ તમામ રાહમા તરેહવાર વાતો કરતા રૂમ શેહેરના પાદશાહની બેટીની બેશુમાર તારીફ કરવા લાગ્યો એમ કરતાં રૂમ શેહેરમા જઇ પોહોચ્યા અને સર્વ કોઈ પોતપોતાના મકાન ઉપર ગયા ત્યારે પેલા સોદાગરે ઘણીક મીન્નતથી જહાપેહેલવાનને પોતાનો મેહેમાન કરી ઘણી આજેજી તથા મીન્નતથી પોતાને ઘર લઈ ગયો. તે સોદાગરની ઓરત

ઘણી દાનાવ તથા નેક બખ્ત હતી તેથી તે મેહેમાન જોઈ ને પોતાના ખાવંદને પુછવા લાગી કે "અય ખાવંદ! એ આફતાબની મિસાલના ચેહેરાનો અને પાદશાહી દબદબા ભરેલો મેહમાન તુ કયાથી લાવ્યો?—" તે સોદાગરે જહાપેહેલવાન કેરશાસ્પે રસ્તામાં દલેરી કીધી અને ચોરો પાસેથી તમામ માલ મતા પાછો મેળવી કેદ પડેલા સોદાગરોને છુટા કરી તે માલ તેઓને હવાલે કીધો અને પોતાની સાથે દોસ્તી થઇ તે તથા પાદશાહની બેટી ઉપર કેરશાસ્પ પેહેલવાન દીલ રાખતો હતો તે સર્વે બ્યાન કરી પોતાની ઓરતને કહ્યુ—તેથી તે સોદાગરની ઓરત જહાપેહેલવાન ઉપર ફીદા થવા લાગી કે "મારો મરદ એ જવા મર્દની દલેરીએ પોતાનો માલ તથા ખજાના સાથે પોતાના મુલકમા સહી સલામત આવ્યો"

તે સોદાગરની હવેલી એવી જગ્યાએ હતી, કે જેની પછવાડે એક બાગ રોશન બેહેસ્તની મીસાલનો ખિલેલો હતો અને તે બાગની એક તરફ પાદશાહના મેહેલની દેવાલનો પુસ્તો આવેલો હતો સોદાગરે પોતાના બાગમા એક પાકીજેહ મિજલસ સમારી અને જંગી કેરશાસ્પને ત્યા દરમ્યાન સાથે બેસાડીને રામશગરોના શરોદ તથા ચંગના અને તબોરાના અવાજ શરૂ કીધા અને તે દબદબાવાલી મિજલસમા શરાબનો દોર તથા નાચરંગનો તોર ચલાવ્યો

જહાંપેહેલવાન કેરશાસ્પની બાહાદુરીની ખબર પડવાથી રૂમ શેહેરના પાદશાહની બેટી તે ઉપર મોહીન થઈ તે હેકાયત

રૂમના પાદશાહની બેટીની એક દાયા ઘણી હુસ્યાર હતી તે દાયાને પેલા સોદાગરની ઓરત સાથે દોસ્તી ઘણી હતી બાજે જે વાત પાદશા-

જુની દરબારમા થતી તે જો સોદાગરને કામની હોય તો તે દાયા છુપી રીતે સોદાગરની ઓરતને કહેતી, તેથી તે સોદાગરનું કામ ઘણુ સમરતુ હતુ તે દાયા એક દીને બામદાદને વખત સોદાગરની ઓરત પાસે આવી કેહેવા લાગી કે "તારો ખાવદ ઘણે વરસે પરદેશથી સફર કરી આવ્યો છે તેથી તને હુ મુબારકબાદી દેવા આવી છુ" એટલુ કેહેવુ કે તે દાયાની નજર જહાંપેહેલવાન પર ઉપડી—જોય શુ કે એક ફરેસ્તાની મિસાલનો પકીજેહ ચેહેરાનો પહેલવાન, સોદાગરના બાગમા પુલના ઝાડના સાહયા નીચે જરી તખ્ત ઉપર બેસી શરાબબાજી કરે છે એ રવેશે તે દાયાએ કેરશાસ્પને પાદશાહી કબાહ પેહેરીને બેઠેલો દીઠો અને તેનો ચેહેરો તથા રોખસાર માહતાબની મિસાલના અને તેની આસપાસ કસ્તુરીની મિસાલના ખુશબોદાર ઝુલફા હતા એ રવેશે ચેહેરો તથા તેનો ચલકાટ જોઇ તે દાયા ઘણીજ અજબ થઇ સોદાગરની ઓરતને પુછવા લાગી કે "તારા ઘરના બાગમા બેશુમાર ખુબસુરતી ભરેલો પાદશાહી દબદબા સાથે અદબથી બેઠેલો મરદ કોણ છે ?" સોદાગરની ઓરત કેહેવા લાગી કે 'એ નેક બખ્ત દાયા, હુ નથી જાણુતી કે એ મરદ કોણ છે પણ જોવામા તથા શાનોશોકતમા એ મરદ કોઇ મોટા ખાનદાનનો જગી શાહજાદો છે એના જેવો મરદ આજ લગી મારા જોવામા આવ્યો હતો નહીં એ દલેર પોતાના જોર તથા અકલ ને બાજુના દબદબાએ કરી સખત પાહડના દીલને ફાડી નાખવા ચાહે છે એનો તેજો તથા દાઘ લોહોડાની છે, અને એ નવજવાન જરી પટકાએ કરી કમરબધ ટગ બાધેલો રાખે છે એના દીદાર જોયાથી ગમગીની બરતરફ થઇ જીવ ખુશીમા આવે છે બોલવામા એવો તો શીરીન ઝબાન છે કે આપણો જાન એ મરદ ઉપર ફીદા કરીયે પણ એ મેહેરબાન દાયા ! તુ પોતાની ખાતેર નીશાથી એટલુ જાણજે કે એ મરદ આપણા પાદશાહની બેટી ઉપર પોતાના દીલથી મોહબત રાખે છે કારણ કે એ મરદ રાત દીન આપણા પાદશાહની બેટીની જીકરમા ગુજારે છે વળી એ મરદે દુર દરાજ રાહથી એટલી દુર મજલ એજ કારણથી કાપી છે. એ નામદાર મરદ એમ ચાહે છે કે જે કમાન રૂમી પાદશાહની નજદીક છે તે

પોતે એવી શાહજાદીનું ઇનામ મેળવે" એ સખુન સાભળીને તે દાયા બેજબ રહીને શેતાબ તે જગ્યાથી ઉડીને પોતાની શાહજાદીની નજદીક આવીને ફેરશાસ્પની તમામ ખુબી જાહેર કીધી તે તમામ તારીફ સાભળીને પાદશાહની બેટીના તનમાથી સબર ઉડી જઈ લાલની મિસાલનાં રોખસાર ઉપરથી સુરખી ગુમ થવા લાગી અને એક મરતબે તે મરદને જોવાને ઇંતેજાર થઇ જેમ વીછુના દંખથી દીલને કરાર નહીં મળે તે મિસાલે તે શાહજાદીના દીલમા બેકરારી પેદા થઇ આફતાબ ગુરબ થયો ત્યારે તે નામદાર પેહેલવાનને નજરે જોવા વાસ્તે તે શાહજાદી પોતાના અયવાનની અગાશી ઉપર આવી અને દિવાના માણુસની મિસાલ સોદાગરના બાગ તરફ નેગાહ કરતા ત્યા જોય શુ કે એક નવજવાન મરદ સીધા સરવની મિશાલે તખ્ત ઉપર બેસી અયશ તથા ખુશીથી શાકીને હોકમ કરી શરાબની જામ માગે છે તે જોઇને તે શાહજાદી પોતાના દીલ સાથે કેહવા લાગી કે—એ મરદના ચેહેરાની મિશાલ માહતાબબી સફેદ નથી દીસતો. એટલુ પોતાના દીલ સાથે કહીને બીમાર આદમીની મિસાલે ઝુરાપામા બેઠી તેથી તેના તનમા ગોયા આતશની ચેહ સીંચી હોય તે માફક ગરમી ઉઠવા લાગી. પેલી દાયાએ પોતાની શાહાજાદીનો ચેહેરો જરદ થયલો દીઠો તેથી તેને પુછવા લાગી કે "અય માહરોય! એકાએક તુને એટલો શુ ગમ પેદા થયો કે હમણા તારા ઝુલફા તથા રોખશાર જરદ થઇને તારા ચેહેરાનો રગ બીજીજ તરાહનો નજર આવે છે?" એ સખુન સાભળીને તે શાહજાદી કહેવા લાગી કે "અય મેહેરબાન દાયા! તું મારાં દીલના ભેદ પોશીદા રાખનાર છે યાને મારી વાત બાહેર પાડતી નથી તેથી તારી નજદીક રાસ્ત કહુ છુ કે આપણા અયવાનની પછવાડે સોદાગરના બાગમા પેલો નવજવાન મરદ અયશ કરે છે તે મરદ ઉપર મારી મોહબત તેજીથી દોડે છે તે સબબથી હુ નાતવાન થઇ બેઠી છુ અને ગોયા મારા જીવ ઉપર ગમગીનીનુ તાળુ દેવાયુ છે. હુ નથી જાણુતી કે એ તાળાની કુચી કોણુ પાસે છે? એ દાયા તુ ખાતરી સાથ જાણુ કે મારૂં દીલ એની સાથે બંધાયુ છે, પણુ હુ દરૂછ કે એ નવજવાનથી કમાંન ખેચાશે કે નહીં? જો નહીં ખેચાશે તો મારો બાપ તેને જીવથી દુર

કરશે, ને મારાથી એ જવાન વગર જીવાશે નહીં અને હુ એ જવાંમર્દ ના ગમમા જાન ઉપર કરીને મરણ પામશ માહરા બાપની નજદીક બદનામ થઇને તમામ દુનિયામા રૂશવા થઇ એ જેહાનથી અશબાબ બાધશ —વાસ્તે તુ ને કહુ તે સાભળ એ બેકરારીના દરિયાવના તોફાનમા તે મને નાખી છે તો હવે તુજ મને એ બલાના દરીઆવમાથી દસ્તગીરી કરીને કાહાડ યાને પેના નવજવાન મરદ સાથે મને મેળવ અને તે નેકબખ્ત મરદ સાથે મારી દોસ્તી વધારવા એ નામદારની નજદીક મારો પેગામ લઇ જઈ મારા દરદની દવાઇ કર !" એટલુ કહીને બદ્રામની મિશાલની નાજુક આખમાથી આસુની જગે એ લોહીના કતરા વરસાવવા લાગી તે શાહજાદીને એ રવેશ ગમગીન થયલી જોઇને દાયા કહેવા લાગી કે "અય ખુબસુરત પુતલી ! તુ કશો અદેશો ના કર ! હુ તારા કામ વાસ્તે મારો જાન આપીશ તુ દાના દુરબીન ને એલમની પઢેલી છે તો તારા દીલમા અદેશો કર કે આ દુનિયા દરમ્યાન તમામ ચીજનો જે ચારો કરવા માગ્યે તે થાય તેમા કાઇ સદેહ નથી પણ આદમીનુ મોત આવે ત્યારેજ ચારો નહીં થાય વાસ્તે ખોદાવદતાલાના હોકમથી એ તારા કામનો ચારો કરી તારી મોરાદ બર લાવશ !' રાતનો વખત થયો કે તે દાયા પેલા સોદાગરની ઓરતની નજદીક જઈ અવલ દુન્યાદારીની કેટલીક વાત કરી પછી આસતે રહી જગી કેરશારપને વાસ્તે પુછવા લાગી કે "તારા મેહેમાનની શી ખબર છે ? તે મરદ આપણા પાદશાહની બેટીની ખાએશ રાખીને પેલી કમાન ખેચવાનો ઇરાદો રાખે છે કે નહી ? યા પોતાને માર્ગે પાછો પોતાને વતન જવા માગે છે ? મારા પાદશાહની બેટી એ મરદની મોહબતમા ગીરફતાર થઇ છે" એ સખુન સાભળીને સોદાગરની ઓરત કેહેવા લાગી કે "અય નેકબખ્ત દાયા ! તુ પાદશાહની બેટીની મોહબતની વાત શુ કરે છે ? કાલ રોજે એ પહેલવાન દમબદમ પાદશાહની બેટીની સલામતીમા શરાબની જામ ઉડાવતો હતો—વાસ્તે આપણે બન્ને જન મળીને કાઇ ચારો એવો કરીયે કે એ બન્નેની મોરાદ હાસલ થાય ને આપણુને સવાબનો બેહેરો પોહોચે તુ નથી જાણતી કે કોઇ આપણી નજદીક એક વાત અજાયબ જેવી કરે ત્યારે તે વાત સાભળ્યે પણ તેમા

ગુમાન ઘણુ રેહે કે તે વાત શુ હશે અને જ્યારે તેને નજરે જોઇયે ત્યારેજ આપણી ખાતરે નીશા થાય વાસ્તે આખનુ કામ જોવાનુ અને દીલનુ કામ દુર અદેશો દોડાવવાનુ છે તેથી સાભળેલી વાત કરતાં પોતાની નજર જોયા જેવી મજબુતી બીજી કોઇ નહીં હોય" અદેશાના આ સખુન સાભલીને દાયા કેહેવા લાગી કે "અગર તારી ખાહેશ તારા મેહેમાનને મોરાદે પોહોચાડવાની છે તો તુ હડી અયવાન રોશન કરીને એક જગો શણગાર કે તે જગો ઉપર આજ રાત્રે હુ શાહજાદી માહારોયને લઇ આવુ, પણ મારે તારી સાથે કોલ છે કરવોછે કે તારો મેહેમાન મારી શાહજાદી સાથે કાઇ બેઅદબી કરે નહી"—એ મિસાલ તે સોદાગરની ઓરત સાથે કોલ કરીને શૈતાબ દાયા શાહજાદીની નજદીક આવી જે વાત થઇ હતી તે તમામ કહી. પેલી તરફ સોદાગરની ઓરત જેહાપેહેલવાનની નજદીક વધાઇ લઇ ગઇ કે "આજ રોજે પાદશાહની બેટી પોતાની મરજીથી તારો ચેહેરો જોવા આ જગ્યાએ આવનાર છે"—એટલુ કહીને પોતાના બાગમા એક જગો રોશન બેહેસ્તની મિસાલ મીજલસ સમારી બીલોરી શીશાઓમા ખાલેશ લાલ રગનો શરાબ ભરી તેમા કસ્તુરી તથા ગોલાબ આમેજ કીધો પછી તે મિજલસમા જહાપેહેલવાન આફતાબની મિસાલે રોશન ચેહરા સાથે દબદબા ને ખુશીથી બેઠો અને સોદાગરની ઓરતે ચાહ્યુ કે પોતાનો જાન કેરશાસ્પ ઉપર ફીદા કરે—એમ કરતા જ્યારે અરધી રાત ગુજરી તમામ જેહાનમા શીહાઇનો વરસાદ વરસ્યો યાને પુરી અધારી થઇ કે માહરોય શાહાજાદીએ પોતાના સર ઉપર શીહા ચાદર નાખી અને પોતે તે ચાદરમા છુપાઇને પેલી દાયા સાથે સોદાગરનાં બાગ તરફ ગઇ. ત્યા જેવી પોતાના સર ઉપરથી પેલી ચાદર ઉડાવી તેવી ગોયા આફતાબની મિસાલની રોશની તે બાગે પકડી તેના હાથમા એક જામ શરાબે કરી ભરેલી હતી તે ગોયા તેમા શરાબ નહીં પણ લાલાના ફુલનો બહાર હતો! તેના તનમા રૂમી પોશાક તમામ જરીનો પેહેરેલો હતો, તેના સર ઉપર એક તાજ યાકુતનુ મેળેલું હતું, જે ઉપર તમામ બેકીમત ગોહર તથા મોતીનો જડાવ જડેલો હતો. તે બાગમા સરવનાં ઝાહડની મીસાલે લટકતી આવીને પોતાનું ખુબસુરત મોહ હસ્તું કરીને

પોતાનુ કદ વાકુ કરી દુરથી જહાપેહેલવાનને સેજદો કીધો અને નખરાથી કેહેવા લાગી કે—"અય નાવાકેફ મેહેમાન ! તુ પોતાની મોરાદને વાસ્તે દુરદરાઝ રાહથી આ જગ્યાએ આવ્યો છે તો હકતાલા તારી મોરાદ બર લાવશે" એટલુ તે માહારોયનુ કેહેવુ કે જેહાપેહેલવાને શેતાબ ઉઠીને તે શાહજાદીને સલામ કીધી અને તેજ વખત તે માહારોયને બગલમા પકડીને એક એક સાથે બગલગીરી કીધી અને એક એકના રોખસાર ઉપર બોસા દીધા પછી બને જણુ એક જગોએ બેસીને હાથમા શરાબની જામ પકડીને એક એકની સલામતીમા શરાબ પીવા લાગ્યા શરાબની મસ્તીમા આવ્યા કે જહાપેહેલવાન કહેવા લાગો કે—"અય માહારોય ! આજ ગેબે હુ ખોદાતાલાના શોકરાના કરૂં છુ કે તુ જેવી ખુબસુરત માશુક ! અગર હુ અવ્વલ જાણુતે જે તુ જેવી પુતલી એક આશાન કામ કરવાથી હાથમા આવે છે યાને એક કમાન ખેચવાથી હાથમા આવે છે છે તો હુ હરગેજ હીંદસ્થાન તરફ જતે નહી અવ્વલ એ જગા આવીને એ કમાન તારા બુઝર્ગ બાપની નજદીક ખેચીને તારો ગમ દુર કરતે" એ સખુન સાભળીને માહારોય કેહેવા લાગી કે "એ રોશન ચેહેરાના દબદબા ભરેલા મરદ ! તુ જાણુતો નથી કે મારા બુઝર્ગ બાપની દરગાહમા તે કમાન ફોલાદના લોહોડાની કેવી ભારી છે કે એકાએક તે કમાનને હાથી ઉઠાવી શકતા નથી તો તુ નવજવાન શી રવેશે ઉઠાવી શકશે ? હજુ તને પુરેપુરી ખબર નથી તે કમાનની ઉપર લાકડુ છે પણુ અદર ફોલાદનુ લોહોડુ છે તેથી તે ઘણી ભારી કમાનને ખેચવા માટે ઘણાક પેહેલવાનો તથા શાહજાદાઓએ આવીને જોર કીધુ પણુ કોઇથી ઉઠાવી શકાઈ નહીં–તો તુ કેમ ખેચશે ? તેઓ નાચાર થઇ નામુરાદીથી પાછા ફર્યા છે અને તેઓની મશકેરી મારા બાપની દરબારના ગવૈયા લોકો શરોદમા ગાયન તરીકે ગાય છે તેથી તમામ મીજલસ તેઓના કમજોર ઉપર હસે છે એ રવશ તેઓની પછવાડે રૂશવાઇ થાય છે તેથી તુ તે કમાન શી રવેશ ખેચશે ? વાસ્તે તુ થોડા દાહાડા સબર કર કે હુ મારો બાપ જાણે નહીં તે મિસાલ છુપી એક બીજી કમાન તેજ મિસાલની લાકડાની બનાવુ અને પછી રાતને વખત ગોલામોને ચોરીથી મોકલી પેલી લોહો-

ડાની કમાન ત્યાથી હું ચોરાવી તેની જગોએ લાકડાની મુકાવુ કે તે કમાન તારાથી આશાનીથી ખેચાય તો મારી મોરાદ બર આવે અને શુરખરૂ મારી માગણી કરી શકે" એવા સખુન શાહજાદીથી સાંભળીને જહાંપેહેલવાન હસી કેહેવા લાગ્યો કે "અય માહારોય! તુ જેવી ઓરત સાથે નેકી કરવાને વાસ્તે અગર એના જેવી દસ કમાન એકઠી એક વરતએ ઉઠાવીને ખેચુ તો એક કમાન શા હીસાબમા છે કે તુ ભારી અંદેશો કરે છે? વાસ્તે તુ કશો અંદેશો ના કર! એ કમાનનુ ખેચવું તો બીલકુલ મને આશાન છે—અગર એ કમાન તારી નજદીક લોહોડાની છે પણ મારી નજદીક તો ગોયા મોમની છે" એટલું કહીને તેના ગોલાબ મિસાલના રોખશાર ઉપર બોસા દીધા તે જગ્યાએ પેલી દાયા તથા સોદાગરની ઓરત શિવાય કોઈ બીજુ હતું નહી—તે બન્ને ઓરતો તેઓની ખિદમતમા ગોલામની મિસાલે ઉભા રહી શરાબ નામતા હતા અને તે બન્ને આશક માશુક શરાબ પીતા હતા અને જેકવાર આવી એક એકને ગોદમા પકડીને બોસા દેતા હતા પણ અવલ પેલી દાયા સાથે સોદાગરની ઓરતે કોલ હતો તે મુવાફેક કામ લેતા હતા ને બોસા તથા બગલગીરી શિવાય બીજી હરતરેહની જેકથી પહરેજ રહેતા હતા. એમ કરતા પાછળી રાતનો વખત થયો ત્યારે માહરોય જહાપેહેલવાન પાસે રજા માગીને શીતાબ પોતાના અયવાન તરફ આવીને પોતાની જગો ઉપર બેઠી અને ફેરશાસ્પના દીદાર જોયા તેથી દીલ ઉમેદ ભરેલુ કીધુ એમ કરતા આફતાબે પોતાનો રોશન ચેહેરો પરદામાથી બાહેર કાહડયો ત્યારે જહાપેહેલવાન પાદશાહને મળવાને વાસ્તે અવ્વલ દરઘાહના દરવાજાની નજદીક ગયો અને દરબાનને કેહેવા લાગ્યો કે "હું ઇરાની મરદ ગરીબ તથા મુફલેસ આદમી છુ અને મારાં ઘરમા ખાધાની તગી ઘણી ચાલતી હતી તેથી મે પોતાના દિલમાં અંદેશો કીધો કે હુ રૂમ શેહેરની તરફ જઇને પાદશાહની દરઘાહમા પેલી કમાન ખેચુ કે રૂમના પાદશાહની બેટી સાથે મારી શાદી થાય તો હુ પોતાની જીદગાની બાઆબરૂ ચલાઉ અને ઘરમા ખાધાની તગી છે તેથી બીલકુલ

નચીત થઇ પાદશાહનો અમીર થઇ બેસુ તો ગરીબ મા બાપ છે તેઓ-નીબી બુઢાપાના વખતમા ખબર લઇ શકુ એવો અંદેશો કરી હુ ઇરાન જમીનથી આવ્યો છુ અને હુ ચાહુ છુ કે આજ રોજે નામદાર પાદશાહની નજદીક પેલી કમાન ખેચુ." આ સખુન જેહાજોય કેરશાસ્પની ઝબાથી સાભળીને પાદશાહની દરવાહના દરવાજા ઉપરના ચોકીદાર લોકો હસવા લાગ્યા કે એ મરદ કોઇ દીવાનો છે. તેઓ પુછવા લાગ્યા કે ' તું રૂમી પાદશાહની બેટીને લેવા આવ્યો છે તો તારી પાસે લશ્કર તથા ખજાનો ક્યા છે? એ બેઅકલ મરદ, હફતેકેશ્વર જમીનના પાદશાહોએ અમારા પાદશાહાની બેટીની ખાએશ કીધી તેને એ બેટી નહી આપી તો તું એક મુફલેસ આવીને એટલી દલદેશરી કરે છે તો તારા દીલમા સમજીને રસ્તો પકડ નહી તો એ જગોથી છકડ ખાઇને જશે" આ સખુન સાભળીને જેહાપેહેલવાન તે લોકોને કહેવા લાગ્યો કે "અય સિપાહી લોકો! હુ તમો લોકોમા કોઇપણ વાતે અકલનુ ગોહર જોતો નથી તે હકતાલાએ દુનિયા દરમ્યાન બે ચીજ પેદા કીધી છે તેમા એક સારી અને બીજી માઠી કેહેવાય છે, તેમા જેમ સારી ચીજ પાદશાહોને વાસ્તે નથી કીધી તેમજ માઠી ચીજ ગરીબોને વાસ્તે નથી પેદા કીધી એ તો બખ્તના આધાર ઉપર છે જેના બખ્તમા જે કાંઇ લખ્યુ તે તેને મળે છે તો તમો કહો છો કે હફતેશ્વર જમીનના પાદશાહો તથા પેહેલવાનો આવ્યા તેઓથી એ કમાન ખેચાઇ નહીં તેથી તમારા પાદશાહે તેઓને પોતાની બેટી આપી નહી તો હુ એક ગરીબ સવાર છુ તેથી મને પાદશાહ બેટી કેમ આપે? તમો નાદાનીથી શા વાસ્તે એ વાત કરો છો? આ દુનિયાની ચાલથી તમો વાકેફ નથી દુનિયાનો રવૈયો એ છે કે અગર એક આદમી બીમાર હોય તેની દવાઈ તબીબ કરતો હોય કે એ મબાદા મરી જશે વાસ્તે હુ આસુદો છુ તેથી એની દવાઈ કરૂ પણ એકાએક આસમાનથી એવો અસબાબ બની આવે છે કે તે તબીબજ મરી જાય છે અને પેલો બીમાર તેને ઉઠાવીને દફન કરે છે અને વળી બીજુ એ જે એક શખ્સ ઝાડ રોપીને તેની પછવાડે હેરાન તથા સરગરદાન થાય છે પણ તેના ફળ તે શખ્સ ચાખતો નથી બલકે નજરે જોતો બી નથી અને બીજો શખ્સ

વગર મેહેનતે તેના ફળ ખાય છે. આ વાકી પીડના આસમાનની ચાલ એવીજ છે તેથી તમો એમ જાણો કે પાદશાહ તથા અમીર હોય તેજ દુનિયામા મોટા કહેવાય! દુનિયા દરમ્યાન મોટો મરદ તેને કહીયે કે જેને હકતાલાએ પસદ કરીને ચાહયો હોય તેજ શખ્સને સર્વે કરતા મોટો જાણ્યે તે કરતા તમારા પાદશાહનો કોલ છે કે જે કોઇ મરદ એ કમાન ખેચે તેને પોતાનો દામાદ કરે તો હવે એ જગ્યાએ પાદશાહબી સરખો અને ફકીરબી સરખો તેથી જે એ કમાન ખેંચશે તે પાદશાહાનો દામાદ થશે આ વખત હુ મુફલેસ છુ, મારી પાસે લશ્કર કે ખજાનો કાઇ નથી પણુ મારી પાસે મોટો ખજાનો અકલ તથા મારો હુનર છે તે મારૂ લશ્કર છે અને મારૂ જોર છે તે મારી પાદશાહી છે એ નાદાન લોકો ગમે તેવો મુફલેશ સિપાહી હોય તેની એકાએક મશકેરી નહી કરીયે કાયજે તેની પાસે પોતાના જોર તથા હુનરની પાદશાહી દોલત છે તેથી તેના મગજમા તોર આવતા વીલબ લાગતો નથી જ્યારે સિપાહી પોતાની વારી ઉપર આવે ત્યારે આપણા જાનની ખરાબી થાય વાસ્તે એકાએક જાણુ અજાણુ પરદેશી સિપાહીની મશકેરી નહી કરીયે. આતશની એક ચીંગારીએ ઘણો આતશ રોશન થાય છે અને બેશુમાર જગલને બાળી નાખતા વીલબ લગાડતો નથી" આ દાનાઇ ભરેલા સખુન તે લોકોએ જગી કેરશાસ્પની જબાનથી સાભળ્યા ત્યારે દરબાને અદેશો કીધો અને શેતાબ જઇને પાદશાહને જાહેર કીધુ કે "અએ પાદશાહ! એક મુફલેસ સવાર દરઘાહના દરવાજા ઉપર આવ્યો છે, તે સવાર સવાલ જવાબ ઘણી દાનાઇથી કરે છે" પાદશાહે ફરમાવ્યુ કે "તેને મારી નજદીક લાવો કે કોઇ હેમક જેવો હોય તો આપણે તેની ખુશ મશકેરી કરીને ચાર ઘડી દાહાડો ગુજારીયે યા કોઇ શખ્સ રાતનો કેફી હશે અને તે કેફની ખુમારીની મોજમા એવા નાલાએક સખુનો બોલતો હશે તો તમાચા તથા છકડે કરી તેની ખુમારી ઉતારી મેલ્યે કે ફરીથી કોઈ શખ્સ એવી બેઅદબીના સખુન આપણી દરઘાહમા આવીને બોલવાની હીંમત કરે નહી." એ સાભળીને દરબાન આવીને જહાપેહેલવાન કેરશાસ્પને પોતાના

પાદશાહની નજદીક લઇ ગયો

જહાંપેહેલવાન કેરશાસ્પ રૂમની દરબારમાં જઇ તે જગોએ મેળેલી કમાન ખેંચીને પાદશાહનો દામાદ થયો તે વીશેની હેકાયત.

પાદશાહની નજદીક જઇ પોહોચ્યો કે જહાપેહેલવાને શેતાબ જમીનને બોસો દીધો અને પાદશાહી અદબથી ઉભો પાદશાહે કેરશાસપને દીઠો કે મશકેરીની રાહે બુલદ અવાજે કેરશાસ્પને પુછ્યુ કે "અય દામાદ ! તુ હમણા કયાથી આવી પોહોચ્યો અને તારી શી ખબર છે ? તુ એટલી તસ્દી લઇને ઇરાન જમીનથી શા વાસ્તે આવ્યો છે ? અગર તારી દરઘાહમા કોઇ સવાર હાજર હતો નહીં કે તુને પોતાની જાતે તસ્દી ખેચવી પડી ?" એ રવેશે રૂમના પાદશાહે કેટલોએક વાર સુધી મશકેરી કીધી અને પછી જગીને પુછ્યુ કે "અય હેમક ! તુ કદે ઉચો છે અને સીનામા ફરાખ છે પણ તારૂ નામ શુ છે ?" ત્યારે બુઝર્ગ બુનિયાદનો જેહાપેહેલવાન કેહેવા લાગો કે "અએ તખત તથા તાજના રાખનાર રૂમી પાદશાહ ! તુને આ બુલદી તથા બુઝર્ગી ઉપર બેસીને એ રવેશ ખદા લોકોની મિસાલ મશકેરીના સખુન નહીં બોલવા જોઇએ પણ બુઝર્ગ પાદશાહોની મિસાલ સવાલ જવાબ કરવા જોઇએ. અગર તુ મારૂ નામ પુછે છે તો મારૂ નામ 'કમાનકશ' છે યાને મને કમાનનો ખેચનાર કરી કહે છે તેથી તુ પાદશાહ અગર પોતાની દામાદીમા પસદ કરે તો એક લેહેજામા એ કમાનને એવી રીતે ખેચીને ચીલો ચહડાઉ કે તુબી જોઇને અજબ રહે અને તારી મીજલસના તમામ લોકો મને શાબાશ કરીને મારી બુન્યાદને વખાણે." એ મિસાલે દબદબા ભરેલા સખુન સાભળીને પાદશાહ જેહાપેહેલવાનને કેહેવા લાગ્યો કે

"અગર તુ એ કમાન ખેચીને જો ચીલ્લો ચહડાવે તો પાક યઝદાના કુસમથી કહુ છુ કે મારી બેટી તારે હવાલે કરૂં. અગર એ કમાન તારાથી નહી ખેચાય અથવા કમાનને ચીલો નહીં ચહડાવે તો તારી સાથે કોલકરાર કરૂ છુ કે તેજ વખત તને મારા તખ્તની નજદીક ફાસી દેવાડુ" કોલ કરાર કરી તે ઉપર પોતાના અમીરોની શાખ કરાવીને તે લેખ જેહાપેહલવાનને હવાલે કીધો અને તેની પાસેથીબી તે મુજબ પોતે લખાવી લીધુ. જેહાપેહેલવાન કહેવા લાગ્યો કે "અય પાદશાહ! એ કામમા તો હુ કમર બાધી ઉભો છુ પણ એક બીજી વાત મને પસદ આવે છે તે સાભળ કે હમણા તાહરી બેટી પોતાના અયવાનની અગાશી ઉપર આવીને પોતાના દીદારથી મારો જીવ ખુશી કરે તો હુ એ કમાનને મારા હાથની છેલી આગળીએ ઉડાવી ખેચુ." એ સખુન સાભળીને પાદશાહાને બેઅજાલત લાગી તેથી પોતાના જનાની મેહલમાં કેહેવાડયુ કે 'મારી બેટી મારી નજદીક આવીને ઉભી રેહે!" થોડા વખતમા તે પરીની મિસાલની માહરોય બાઅદબથી પાદશાહની નજદીક બેઠી, પાદશાહે ફરમાવ્યુ કે "અય મરદ! તુ ફરીથી કોલ કર કે એ કમાન તું પોતાના એક જોરે ખેચશે કે નહીં?" ફેરશાસ્પે તેમ કબુલ કીધુ. પાદશાહે ફરમાવ્યુ તેથી દસ પેહેલવાન જે રૂમ શેહેરમા નામીચા કેહેવાતા હતા તે જઇને પેલી કમાન જોરથી ઉઠાવી લાવી પાદશાહાના તખ્તની નજદીક મેલી તે મસ કમાનને જોયાથી પાદશહાની બેટી માહરોયનાં મોહોડાનો રગ જરદ થઈ ગયો અને જહાપેહેલવાનની મોહોબતથી દીલમા લરજવા લાગી અને દીલના ગમથી વિચારવા લાગી કે "અફસોસ! આજ રોજે એ નવજવાન પેહેલવાન મારો આશક ફસી જશે તો હુ એના ગમથી નામુરાદ થઇને પોતાના જાન ઉપર કરીશ!" એ રવેશ માહરોય ગમગીનીથી જરદ થઇને અદેશામાં હતી.

પેલા દસ પેહેલવાંનનું કમાંન લાવીને મેલવુ કે તરતજ જેહાપેહેલવાન મસ્ત શેરની મિસાલે ગુડણ મરહી બેઠો અને દલેરીથી તે કમાનની તરફ હાથ લાંબો કરી પાક યઝદાંનું મુબારક નામ ઝબાં ઉપર લઇને પોતાની છેલી આંગલીએ તે કમાનને આસાનીથી ઉઠાવીને કેટલેક વાર

પોતાના સર ઉપર ફેરવી અને પછી નીચે ઉતારી શેતાબ આસાનીથી ત્રણુ મરતબે ચીલ્લો ચહડાવ્યો તથા તે ત્રણુ મરતબે પાછો ઉતાર્યો પછી પકડીને એક જોર કરી તે કમાનના ટુકડે ટુકડા કરી દુર ફેકી દીધી. તે તમાશો જોયાથી પાદશાહની દરબારમાં "શાબાશ–શાબાશ"ના પોકારો ઉઠયો તેથી પાદશાહ અજબ રહી કેટલોક વાર બેહોશ જેવો થઈ ગયો અને જ્યારે પાછો હોશમા આવ્યો ત્યારે જહાપેહેલવાનને કેહેવા લાગ્યો કે "અય પરદેશી મરદ! મારૂ બેમુલુ ગોહર હતુ તે તારા હાથમા આવી ચુકુ અને તારા દીલના બાગમા તમામ ખુશીના ફુલ ખીલી નીકળ્યા! હવે એ મારી બેટી તારી ઓરત છે અને તુ મારો દામાદ છે પણુ મને મેહેતલ આપ કે હુ મારે લાયકનો સામાન તૈયાર કરૂ તે પછી તારી સાથે મારી બેટીના નેકા કરાવીને બાખુશી તારે હવાલે કરૂ" એ ફરેબી સખુન સાભળીને જહાપેહેલવાને કહ્યુ કે "અય પાદશાહ! હવે હુ મેહેતલ આપુ નહી હવે એ ઓરત મારી છે તે કરતા અગરજો એ શાહજાદી માહરોય પોતાની ઝબાએ કરી તુને મેહેતલ આપે તો મારે કબુલ છે" પાદશાહે પોતાની બેટીને પુછ્યુ પણ માહારોય ઘણી દાના અને ચાલાક હતી તે તરત પામી ગઈ કે મુફલેસ મરદને મારા બાપને પોતાની બેટી આપવી પડે છે તેની શરમ તથા ખેજાલત લાગે છે તેથી તે સબબથી એવુ બાહનુ કરી મેહેતલ માગીને ફરેબ અને ચારાથી એ નામદારને જીવથી મારી નાખશે જેથી જીદગાની હરામ થશે એવો નેક અદેશો મન સાથે કરી પોતાના બાપને કેહેવા લાગી કે "એ બુઝર્ગ બુન્યાદના બાપ! તુ નેક ઇનસાફ ઉપર ચાલ કે મબાદા એ મરદ કમજોર હતે અને એનાથી કમાન ખેચાતે નહીં તો તુ એ બીચારાને તેજ વખત તારા તખ્ત આગળ ફાશી દેતે ને એક દમબી તુ એને મેહેતલ આપતે નહી, વાસ્તે હવે તારા કોલ કરાર કરતા દશ ઘણુ જ્યાદા એ મર્દે કામ કીધુ છે તો હવે તુને લાયક છે કે એને હવાલે તુ મને કરે હવે આપણો બીજો કશો પણ ચારો રહયો નથી. તે કરતા એ નામવર બાપ! આજ લગી આપણી દુનિયાદમા કોઇ શખ્સ પોતાના કોલથી પાછો ફર્યો નથી વાસ્તે તનેબી સજાવાર

નથી કે તુબી પોતાના કોલથી ફરે. આદમી બેઆબરૂ થાય ત્યારે જુઠુ બોલે યા ચારો કરી મેહેતલ માગે પણુ જે દાના અને હુનરમદ હોય તે એવો પેશો હરગેજ કરે નહી દાનાવ લોકો ફરમાવી ગયા છે કે ઓરત લોકો મરદ સાથે કદખુદાઇ કરે ત્યારે તેને હુનરમદ ઓરત કરી કહીયે અને બેટી પોતાના બાપના ઘરમા બગેર મરદ રહે તે કરતા ને કદખોદાઇ કરીને પોતાના ખશમના ઘરમા રહે તે બેહેતર છે એક ઓરત અગર ઘણુી દાના અને નેક હોય પણુ મરદ વગરની હોય તો તેને નીમ ઓરત કરીને કહે છે અને તેણે મરદ કીધો ત્યારે તે આખી ઓરત કહેવાય છે અગરજો ઓરતને મોટી પાદશાહી તથા મુલકની સરદારી હોય અને મરદ નહી હોય તો ગોયા તે ઓરત જેવી કમબખ્ત ને અભાગણી બીજી કોઇ નહી. દરેક ઓરતને મોટી પાદશાહી એ છે કે પોતાના સર ઉપર મરદનુ તાજ રાખે અય બાપ! અગર ઓરત ગોહર તથા મોતી બેશુમાર પેહેરે પણુ તેને મરદ નહી હોય તો તે બેશુમાર જરીયાન તથા ગોહર તેના તન ઉપર કોરી તથા ઠીરની મિસાલે છે ઓરત છે તે ગોયા જમીન છે અને મરદ છે તે વરસાદ છે જમીન ઉપર વરસાદ વરશે છે ત્યારેજ જમીન બીજથી હરીઆલી ભરી થાય છે અને ભાત-ભાતના ફુલ તથા ફળ તેમાથી બાહેર નિકળે છે તે મિસાલે ઓરતનેબી મરદ હોય તેમાથી પાદશાહીના કરનારા આદમી પેદા થાય છે મરદ લોકોનુ નામ દુનિયામા ફરજદથી રહે છે અને મરદને ફરજદના જેવી ખુશી કાઇ બીજી નથી અને ઓરત લોકોને મરદના જેવી ખુશી બીજી નથી! વાસ્તે એ બાપ! તારે બાખુશીથી આ બાહદુર મરદને પોતાનો દામાદ કરવો જોઇએ"

ગુસ્સે થયો રૂમનો પાદશાહ પોતાની બેટી ઉપર અને જહાંપેહેલવાને તે બેટીનો હાથ પકડીને તે પર ગોહરો વધાવ્યા તેનું બ્યાન.

એવા સખુન પોતાની બેટીની ઝબાથી સાભળીને તે પાદશાહ ગુસ્સામા આવીને સરે મીજલસ પોતાની બેટીને કેહેવા લાગ્યો કે "અય કમબખ્ત બેટી ! અફ્સોસ છે કે તારે માટે હુ આજ લગી બદનામ થયો અને હફ્તેકેશવર જમીનના પાદશાહોને પોતાના મુદઇ કીધા હું તને આજ લગી હીંદી અગરની મિસાલ જાણુતો હતો અને તે અગરને આજે આતશ ઉપર મેલ્યુ તો તેમાથી ગુગલની મિસાલે બદબોઇ નિકળી મને તો ગુમાન હતુ કે તું બેટીથી જહાનમા નામદાર છેઉ પણુ હુ તો તું બેઅકલ બેટીથી દુનિયામા રૂશવા અને ફજીહત થયો. વળી હુ આજસુધી જાણુતો હતો જે મારા ખજાનામા બેકીમત ગોહર છે તે સર્વ કરતા મારી બેટી વધુ કીમતી છે પણુ તુ તો સખ્ત પથર જેવી નિકળી કમબખ્ત ! શેતાબ મારી નજદીકથી તારૂ મોહ ફેરવ ! તુને શીહા રાતમા રાહ ગુમ થજો ચાને દરદા જાનવર તને ફાડી ખાજો અને તુ જે જગો જાય ત્યા તને રાહમા ઉડા કુવા મળજો અને તારી નિશાન દુનિયામા રેહેતીજ ના ! હવે પછી તુ એમ ચાહે કે હુ પરીની મિસાલની થઇને તારા અયવાનની આસપાસ ઉંડુ તોબી મારા અયવાનની આસપાસ તને ફરવા દેઉ નહી" એટલુ કહીને તે બેટીનો હાથ જહાપહેલવાન કેરશારૂપના હાથમા આપીને કહ્યુ કે "તમો બેહુ જના મારી નજદીકથી દુર થાઓ ! હવે પછી તમને મારા શેહેરમા એક શાયત મુકામ કીધેલો સાભળીશ તો તમો બેહુને એકઠા ફાસી દેવાડીને તમો ઉપર તમામ ;પથરનો વરશાદ વરશાવીશ." એટલુ કહીને પાદશાહ ગમગીન મોહ સાથે ખામોશ બેઠો તેજ વખત જહાપેહેલવાને પોતાના હાથની બાજુ ઉપરથી એક તશબી યાકુતની કાહડી અને તે તશબીમા બસો દાના યાકુતના હતા તેમાનો એક એક

દાનો એક એક પાદશાહી ગજ કરતાબી જયાદે હતો બલકે તમામ હફતે-શવર જમીનના પાદશાહોની દોલત એકઠી કરે. તોબી તે યાકુતની એક તશબીની કીમત નહીં થાએ તે બશે દાનાની વધાઈ માહારોયના સર ઉપર કીધી યાને તે ઉપરથી ઓવાડી નાખી શીતાબ પાદશાહની નજદીકથી ખુશી થતા આગળ ચાલ્યા અને શેહેરથી બાહેર નીકળી માહારોયને પોતાના ઘોડા ઉપર બેસાડીને જહાપહેલવાન તેની આગળ ચાલવા લાગ્યો. એ ખબર પેલા સોદાગરને થઈ કે પેલા ઈરાની સવાર રૂમના પાદશાહ કયસરની બેટીને લઇ ગયો છે તેજ વખત તે સોદાગર એક ઘોડો તથા એક થેલી અશરફીની તથા બીજો કેટલોએક રાહનો સામાન લઈ પાદશાહ નહીં જાણે તે મિસાલ જઈ પોહોચ્યો અને જહાપેહેલવાનની નજદીક તે હદીયો મેલી ઘણીએક મીન્નત કરી પોતાના ઘેરે આવી બેઠો. જમી કેરશારપ તથા માહા-રોય બન્ને જણુ ઘોડા ઉપર સવાર થઇને આગળ રાહ માપી એ ખબર કેશર રૂમને થઇ કે પેલો સોદાગર પેલા ઈરાની સવારને ઘોડો તથા બીજો કેટલોએક સામાન આપી આવ્યો, તેજ વખતે શાહ પેલા સોદાગરને બોલાવી મગાવીને પુછવા લાગ્યો કે "અગર તુ પોતાના જાનની સલામતી ચાહતો હોય તો મારી નજદીક રાસ્ત બોલ જે એ મરદ કોણ છે? અને એને એટલો સામાન તથા ઘોડો તે શા વાસ્તે પોહોચાડયો અને તું મારા ગોસ્સાથી ડરયો નહી?" એ સખુન સાંભળીને તે સોદાગરે પોતાની ઝબાન ખોલીને તમામ મિજલસની હજુર અવ્વલથી તે આખર લગીની હકીકત કહી અને રાહમા ચોર લોકોએ સોદાગરોને લુટયા તે મરદાનગી ભરેલી કેરશારપની તમામ હકીકત કહી. તે હકીકતનુ સાંભળવુ કે પાદશા-હનુ મોંહ અંદેશાએ કરી જરદ થયુ અને પોતે કીધેલા ગુનાહથી ઘણો પશેમાન થવા લાગ્યો. પછી દીલ સાથે કેહેવા લાગ્યો કે એ મરદ કોઈ ક્યાની શાહજાદો છે યા કોઇ બુઝર્ગ ખાનદાનનો પેહેલવાન છે કારણ કે બસો દાના યાકુતના ઘણાં બેશુળા એની પાસે ક્યાંથી આવે અને એટલી દલેરી તથા જોર જાણુલી પેહેલવાન શિવાય કોઇ બીજાને હોય નહી." એટલુ વિચારી પાદશાહ ઘણોજ અંદેશામા પડયો અને પોતાની મિજલ-સનાં લોકોને કેહેવા લાગ્યો કે "બલાશ એ મરદ જહાંપેહેલવાન કેરશારપ

શિવાય કોઇ બીજો નહીં હોય !" એટલુ કહી પોતાના ખાસ સવારોમાંથી બસો સવાર તથા એક અમીર બુઢો અને ઘણો દાનાવ હતો તેને જહાપેહેલવાનની પછવાડે મોકલી હુકમ કીધો કે તે સાથે ઘણીએક નરમીથી અને આજીજીથી એવા બંદોબસ્ત કરો કે તે નામદાર એ જગો પાછો ફરી આવે. તેજ વખત પાદશાહના હોકમથી તે બુઢો અમીર પેલા બસો સવારો સાથે શેતાબ પવનની મિસાલે દોડયો એમ કરતા બીજે દીને એક ચશમા નજદીક જહાપેહેલવાન આશાયશની મિસાલે શેકાર કરીને જોકમા બેઠેલો હતો તે જગ્યાએ જઇ પોહોચ્યા જહીંપેહેલવાન પછવાડે જોય શુ કે આસમાન ગીરદે ભરેલુ દીઠુ અને જગલની તરફથી રૂમી સવારોને આજર ગોશસ્પની મિસાલ દોડતા આવતા દીઠ તેજ વખતે શેતાબ ઘોડાની લગામ લઇ હાથમા ભારી ગોર્જ પકડીને સવાર થઇ તેજ પવન મિસાલ તે સવારોની સામે ગયો અને એક ઘણો બુલદ પોકાર મારી પુછવા લાગ્યો, તેવાજ પેલા બસો સવારોની હરોલમા પાદશાહનો જે અમીર ચાલતો હતો તે શેતાબ ઘોડા ઉપરથી પ્યાદો થયો અને પેલા સવારો એક તરફ બાજુ પકડીને ઉભા અને તે અમીર પોતાના હાથ બક્ષ કરી મીન્નત અને આજેજી કરતો જગી કેરશાસ્પની નજદીક આવી કહેવા લાગ્યો કે "અય જગી નામદાર ! એ બસો સવાર તારી સાથે લડાઈ કરવા આવ્યા નથી પણ હમારા પાદશાહે તને બોલાવવાને વાસ્તે મોકલ્યા છે કે એ નામદાર મરદ ! તુ મારો એક સખુન સાભળીને પાછો ફર ! તે વાસ્તે અમો તને બોલાવવા માટે આવ્યા છીયે તેથી તુ તારા ઘોડાની લગામ શેહેરની તરફ ફેરવીને પાદશાહની નજદીક આવે તો ઘણુ ખુબ છે વળી પાદશાહે કેહેવાડયુ છે કે આજ દીન પછી હુ તારા હુકમથી સર કદી ફેરવુ નહીં, વાસ્તે તુ પાછો આવીને મારા પાદશાહી મેહેલમા રેહે અને મારો વાકો થાય પછી રૂમના મુલકની પાદશાહી તારીજ છે તે કરતા અગર તારી મરજી પોતાના વતનની તરફ જવાની હોય તો તારી પીઠથી એક ફરેજદ થાય ત્યાર પછી તુ પોતાના શેહેરની તરફ જજે કે તે ફરઝદને હુ મારી પાદશાહી ઉપર બેસાડુ તો મારૂ નામ દુનિયામા મારી પાદશાહી સાથે કાયમ રેહે ! નહી તો હું બેઆર-

ગીના સબબથી નામુરાદ થઇ આ દુનિયામાથી જઇશ અને કોઇ બેગાનો મારી પાદશાહી ઉપર બેસીને મારો મુલક કબજે કરશે, વાસ્તે બેહેતર એજ છે કે તુ પાછો શેહેરમા આવે" આ સખુન પેલા અમીરની ઝબા-નથી સાભળીને જહાપેહેલવાને કહ્યુ કે "એ બુઢા! તું પાછો જા અને તારા પાદશાહને કેહે કે જે ચીજ હરગેજ થાય નહી તે ચીજ તું શા વાસ્તે બોલે છે તથા જે શેકાર ફાદામાથી છુટો તેની પછવાડે બેહુ-દાપણાથી હાથમા ફાદો લઇને શા વાસ્તે દોડે છે અવ્વલ જે સાચામાથી ઈંટ બાહેર નિકળી તે ઇટ ફરીથી તેના કાલબુદમા આવતી નથી અય કમબખ્ત પથરની કદરના જાણનાર! તારા હાથમા બેકિમત ગોહર આવ્યુ તેની કદર ટે જાણી નહીં અને પોતાની બેઅકલીએ કરી તે ગોહરને હાથમાથી નાખી દીધુ તુ રૂમીના તાબામા રહીને હુ તારા નામને હફતે કેશવર જમીનના મુલકમા મશહુર કરતે યાને તમામ હફતે કેશવર જમીનના પાદશાહો પાસેથી તને સલામી અપાવતે તેથી તુ હફતે કેશવર જમીનનો પાદશાહ કહેવાતે પણ તુ દગાબાજ છે વાસ્તે હમણાં ઇરાન જમીનના પાદ શાહની ખીદમતમા જવાની ઉમેદ ઘણી છે મારા ઉપર આફતાબની રોશની છે તો હુ ચેરાગને શા વાસ્તે મીન્નત કરૂ જેના બાગમા અજીર તથા શેબના ઝાડ હોય તે શખ્સ થુવડના ઝાડની કાય હાજત રાખે. વળી જે આદમીના અયવાનમા મોરના પરની મિસાલ નક્ષ હોય તે શખ્સ શીહા કાગડાના પર શા વાસ્તે હાથમા પકડે વાસ્તે અય દાના બુઢા મરદ! તુ પાછો ફર અને તારા પાદશાહને કેહે કે કસમ પાક પરવરદેગારના કે જો અગર તારા શેહેરની તરફ પાછી લગામ ફેરવું તો એટલુ તારા પાદશાહને કેહેજે અને અય અમીર! અગરજો હવે પછી તુબી મારી નજદીક કાઇ સખુન બોલશે તો ગોરજે કરી તારૂ મગજ કુટી નાખીશ." તેના આ સખુન સાભળીને તે અમીર તથા પેલા બસો સવાર ખામોશ રહીને નાઉમેદ થઇ પાછા ફરયા. જહાંપેહેલવાને ઘોડો ફેરવી, માહારોયની નજદીક આવી તમામ હકીકત કહી. પછી ઓરતમરદ બંને ઘોડા ઉપર સવાર થઇ મીસર શેહેરની તરફ બીયાંબાનમાં ચાલ્યાં. તે બીયાબાન એવુતો ડરાંમણું હતુ કે તે જંગલમાં ગમે તેવો

હીંમતવાન મરદ જાય તોબી તે દેહેશત ખાધા વગર રેહે નહીં. તે જગલ તમામ પથર, કાંટા તથા અઝદાએ કરી ભરેલુ હતુ તથા તે જગાની હવા આતશ કરતાબી વધુ ગરમ હતી તથા તે જગાનું ઘાસબી ઝેરી હતુ અને પાણી કડવા હતા. એ મિસાલના દરામણા જગલમા દશેક દાહાડા રાતદીન ચાલ્યા ત્યારે તે બીયાબાન તમામ થયું ત્યા એક જગો ઉપર તહરેવાર મોર્ગ આવી બેસતા હતા, જે એકાએક ઉંધા પડતા હતા અને તેજ વખત તેની બેહુ પાખ ઉપરના પર નિકળી જતા પછી તે મોર્ગથી ઉડી નહી શકાતુ તેથી પગે ચાલતા હતા તે જગા તમામ તે મોર્ગોથી ભરેલી દીઠી ત્યારે પેહેલવાને તે મોર્ગોમાથી ઘણાક મોર્ગ પકડી ઘણા દાહાડાના ભુખ્યા હતા તેથી નાસ્તો કીધો અને શાયત એક ખોઆબ કરી આગળ ચાલ્યા એમ કરતા એક પાહાડ ઉપર જઇ પોહોચ્યા, જે પાહાડનું સર આસમાન સાથે જઇ પુગ્યુ હોય તેમ દેખાતું હતું તથા તે પાહાડ ઉપર જવાની રાહ પેચદાર સાપની મિસાલ હતી તેનુ જગલ એકસો ફરસંગ કરતા જ્યાદા હતુ તેની રાહમા એક ગાર ઘણો ઉડો હતો તે ગારમા એક હબશી ઘણો લડાયક હતો કે તેને જોઇને "એબલીશ" તથા "ભુત"બી ડર ખાઇને નાહાસતા, ગોયા તે ખુદબખુદ એબલીસનો દાદો હતો.

લડાઇ કીધી જંગી કેરશાસ્પે પાહાડપરના હબશી સાથે અને માર્યો ગયો હબશી જહાંપેહેલવાનના હાથ ઉપર તે હકીકત.

તે હબશી ચેહેરામા શીહા કાગ મિસાલનો, કદમા મિનારા મિસાલ ઉચો તથા જોવામા દેવની સુરતનો હતો. તેના મોહોમાથી બે દાંત હાથીની મીસાલ લાબા બાહેર નિકળેલા હતા. જેની ઉપર નેજ્જાના

પેકાન મિશાલના તેજ કાટા હતા. તે હબશી લડાઇ કરવા ચાહતો ત્યારે હાથમા એક બુલંદ માહીનો કાટો તથા પથર રાખતો હતો પહાડને મથાલે તે હબશીએ એક દીદબાન બેસાડેલો હતો જે દીદબાન એકસો ગાઉ લગી દુરથી જોતો હતો. તે હબશીની નજદીક બેશુમાર લશકર તથા પેહેલવાન આવતા પણ કોઇ શખ્સ તેના હાથથી જીવતો ખલાસી પામતો નહીં હતો. તે પાહાડની પછવાડે એક શેહેર ઘણી આબાદી સાથે હતું પણ તે હબશીની બદફેલીથી કટાલો ખાઇને તમામ દુખ પામેલુ હતુ અને તે શેહેરની આસપાસ ઘણાક ગામડા હતા તે શેહેર તથા ગામડામા સર્વ કોઇ તે હબશીના તાબામા હતા. તે ગામના લોકો હરરોજ તહરેવાર ખાણુ પકાવીને તે હબશીને પોહોચાડતા હતા અને હરએક ગામમાથી એક એક કુમારી ઓરત ઘણી ખુબસુરત હોય તેને જરીયાન પેહેરાવીને તે હબશીની નજદીક પોહોચાડતા હતા. તે નાપાક હબશી તે ઓરતને બે મહીના રાખી જ્યારે બે મહીના તમામ થતા ત્યારે પેલી ઓરતને ચાવીને ખાઇ જતો હતો એ રવેશનો તે શેહેરના લોકો ઉપર ઘણી આબાદી છતા તે નાપાકનો આવો જુલમ હતો જ્યારે જોહાપેહેલવાન કેરશાસ્પ તે પાહાડની નજદીક જઇ પોહોચયો ત્યારે પેલા દીદબાને જોઇને તે હબશીને ખબર કીધી તેજ વખત તે હબશીએ ઉઠીને શેતાબ એક તાશ શરાબની પીટી લઇ, એક ભારી પથર તથા માહીનો કાટો હાથમા પકડી શીહા વાદલ મિસાલ જંગી કેરશાસ્પ ।। તરફ દોડીને એક પોકાર એવોતો મારયો કે તેથી પાહાડની અંદરથી જાણે તેવો આવાજ નિકળ્યો તે અવાજ સાભળીને કેરશાસ્પ જોય શુ કે એક હબશી શીહા પાહાડ મિસાલ દોડતો આવે છે, જેની નજદીક ગોયા અહેરેમન ખુબસુરત નજર આવે એવો નાપાક બદસુરત તે હબશી એટલો તો ઉંચો હતો કે જાણે તેના માથાને આસમાન લાગેલુ હતુ તથા તેનુ તન એવુતો શીહા હતુ કે જાણે દોજખની 'શીહાઇબી તેનાથી સફેદ હોય! તેના શીહા તન ઉપર આફતાબ તથા માહાતાબ મિશાલ સફેદ ધાબા હતા, તેની આખમા ગોયા લોહીના બે મસ ચશમા ભરેલા હતા. તેના બન્ને અબરૂ જર્દ રંગના હતા, તેનુ નાખ ઘણુંજ લાણુ હતુ, તેનાં નાખનાં બે ફીફરા ગોયા બે મોટા નલ હતા અને તેનું

મોહો દોજખના ગાર મિસાલ બદબો ભરેલુ હતુ. એ રવેશનો બદસુરત હબશી પછવાડે આવી પોહોચ્યો અને હાથ ઉઠાવીને પેલો બસો મણનો પથર જહાપેહેલવાન કેરશાસ્પ ઉપર જોરથી મારયો તે જબરા પથરનું જેવુ આવવુ કે હોનર ભરેલા પેહેલવાને પોતાનુ સર બચાવી લીધુ, તેથી તે પથર જમીન ઉપર એવો તો જોરથી પડયો કે જમીનમા ગરક થઇ ગયો પછી તે હબશી બોલ્યો 'દુન્યાથી ગુમ થઇ જજો! તુ એટલો તે શુ મગરૂર કે મારૂં દાન આપ્યા વગર જાય છે? અગર તારા જાનની સલામતી ચાહતો હોય તો અવ્વલ મારૂ દાન ચુકવી પછી તારો રસ્તો પકડ! નહીં તો હમણા તારા સરને તનથી દુર કરી આ તારી ઓરતને પાહાડ ઉપર લઈ જઇને મારી ઓરત કરી રાખીશ." કેરશાસ્પે આ સખુન સાભળ્યા કે તેને કેહેવા લાગ્યો કે "અય દોજખના દેવ! તુ એવી બેહુદી વાત શુ બોલે છે? મારી પાસે દાન માગે છે તો મારી પાસે ગોરજ તથા તલવાર છે, તેનાથી હમણા તને દાન ચુકવી આપુ છુ અય બદબુનિયાદના તને એવુ તો દાન આપુ કે ફરીથી તુ એ જગા દેખે નહીં અને બીજા કોઇને હેરાન કરે નહીં" એ સાભળી તે હબશી જોશથી લડાઇમા આવ્યો અને મગરમછની મિસાલ પોકાર કરવા લાગ્યો તેને જોઇને જેહાપેહેલવાન ગુસ્સામા આવી પોતાનો ગોરજ ઉઠાવીને શેકારી શેરની મિસાલ દોડી પોહોચ્યો જોરમા આવી બે હાથે કરી એવો તો ગોરજ તેના સર ઉપર મારયો કે તેનુ સર તથા આખ તથા મગજ સર્વ એકઠુ મળી ગયું. પછી તેના સરને તલવારે તનથી જુદુ કરીને હાથમા લઇને પેલા દીદબા-નની તરફ રાહ પકડી અને તે પાહાડ ઉપર પ્યાદો તેની પછવાડે દોડયો, પણ તે દીદબાન તે જગોનો વાકેફગાર હતો તેથી પાહાડની કદણુમા છુપાવા લાગ્યો તેજ વખત પેહેલવાને શેતાબ કમાન ખેચીને એક તીર એવો તો તેને મારયા કે જેથી કરી તે પાહાડના પથર સાથે સીવાઇ ગયો પછી જેહાપેહેલવાને માહરોય સાથે ઘોડા ઉપર સવાર થઇને આગળ રસ્તો પકડયો અને બને જણા પેલા શેહેરની તરફ ચાલ્યા. એવામા તે શેહેરના આદમીઓએ દુરથી તેને દીઠો તેથી સર્વે દોડતા

આવીને કહેવા લાગ્યા કે "અય જમાનાના પેહેલવાન મરદ! તુ અમોને કેહે કે એ ડરામણી રાહમા તારી સાથે એવો કોણ મદદગાર હતો કે એ પાહાડ ઉપરના હબશીના હાથમાંથી એવી જવાન ઓરત સાથે તુ સલામત આવ્યો? શુ તું ઉડતું મુર્ગ છે કે એકાએક ઉચો આસમાન ઉપર ઉડીને એ જગા આવી પોહોચ્યો? યા કાંઈ એવી જાદુઈ રાખે છે કે તે રાહ ઉપરથી તુ ગુજર કરીને એ જગે તમામ સામન, ઘોડા તથા આ ખુબસુરત મેહબુબ સાથે સલામત નિકળ્યો?" જહાપેહેલવાને કહ્યુ કે "જે માહરા બદખાહ હોય તે પેલા હબશી મિસાલ ખુનમા લપટાયલા રેહેજો!" એટલુ કહી તે નાપાક હબસીનું માથુ ઘોડાની બાગદોર સાથે બાધેલું હતુ તે પેલા લોકોની નજદીક ફેકી દીધુ, જે જોઈ સર્વ ખુશીથી પોકાર કરી જહાપેહેલવાનના જોર તથા હીંમત ઉપર દુવા કરવા લાગ્યા અને ફેરશારપનો હુકમ લઇ પાહાડ ઉપર તે હબશીની મતા લુટવા ગયા અને તે જગાથી ઘણુ સુનુ, ગોહર તથા મોતી લઇ આવ્યા અને પાદશાહી લાયકના ફ્રગશ તથા પાદશાહી લેબાશ વીગેરે જેને હાથ આવ્યુ તે કબજે કીધુ તેજ દાહાડે તે શેહેરના સોદાગરની બેટીનો પેલા હબશીની જગા ઉપર જવાનો વારો હતો તેથી તે જગા પાહાડ ઉપર પેલા હબસીને હવાલે કરી આવ્યા હતા તે સોદાગરની બેટીનેબી સલામત લાવીને તેના બાપને હવાલે કીધી પછી તે પાહાડને ખોદાવી નખાવ્યો. શેહેરના તમામ લોકો એકઠા મળીને ઘણુંએક હદીયો જહાંપેહેલવાનની નજદીક પેશ લઇ જઇને મીંનત કરવા લાગ્યા કે "અય નેકનામ મરદ! અમો સર્વની મરજી છે કે તુ આ શેહેરનો પાદશાહ થાય." એ સખુન જહાપેહેલવાને કબુલ નહીં કીધો પણ તે લોકોની ખુશી વાસ્તે તે જગો એક હફતા લગી રહ્યો અને પછી આગળ ચાલ્યો પણ તે જગોથી એક કાસદને બોલાવીને પોતાના બાપ પાદશાહ "અશરત" ઉપર વધાઈ લખી મોકલી. તે કાસદનું પાદશાહ અશરતની નજદીક પોહોચવાથી અશરત ઘણો ખુશી થઇ તે વધાઇના લાવનાર કાસદને બેશુમાર ગોહર તથા અશરફીએ વધાવ્યો પછી ફરમાવ્યુ કે તમામ લશકર તૈયાર થાય તથા એક સફેદ હાથી ઉપર જરીનું તખત માડીને તેની ઉપર પરદા નાખે. તે વીગેરે બીજા ઘણુંએક

હાથી તથા સવારો સાથે દબદબાથી લશકરને જહાપેહેલવાનને એસતેકબાલ મોકલ્યુ. લશકરના સવારો રાહમા ચાલતા ખુશીથી એક એક ઉપર અબીર, કસતુરી તથા અંબરની મુઠી મારતા હતા અને ઘોડા ઉપર બેઠા બેઠા શરાબની જામ પીતા હતા. અમીર લોકોની સવારીને નજદીક કલાવંત લોકો શરોદ ગાતા ચાલતા હતા—એ રવેશે ખુશી કરતા તમામ અમીરો જહોપેહેલવાનને એસતેકબાલ ગયા અને જાબુલ શેહેરમા તમામ મોહોલાઓમા તથા ગલીઓમા આરશીઓ ટાગી અને ઘરે ઘર શરોદ તથા ખુશીના આવાજ થવા લાગ્યા જહાપેહેલવાનના આવ્યાથી જાબુલ શેહેરમા ઘણી રામશની થઈ અને પાદશાહ અશરતે પોતાના બેટાને તથા તેની મોહરદારને ઘણુા પ્યારથી ગોદમા પકડી તેના રોખશારા ઉપર બોશા દીધા. અયવાનમા એક તખત યાકુતનુ સમારેલુ હતુ તે તખત ઉપર જહાપેહેલવાન માહારોય સાથે અયશ અશરતથી બેઠો અને પોતાના બુઝર્ગોની રસમ મુવાફેક મોટા દરબ્બારના મોબેદ લોકોને બોલાવીને માહારોય સાથે નેકા કીધા. અશરતે પોતાના બેટાની ઓરતને વાસતે એક ગજ કે જે આગળ પાદશાહોનો હતો તે ખોલી માહારોયની ઉપર એટલા તો ગોહર તથા મોતીનો વધાવો કીધો કે તેની ગરદંન લગી મોતી તથા ગોહરનો ઢગલો થયો. ઘણીક આબરૂ આપીને મોહબતથી તેની ઉપર સર્વ કોઇ પ્યાર કરવા લાગા અને તે ભારી દબદબો અને દમામ જોઇને માહારોયે એક નામુ લખીને છુપુ પોતાના બાપ ઉપર મોકલ્યુ કે—

"એ બુઝર્ગ બાપ! તે તો એ જહાપેહેલવાનની બુન્યાદને કાઇ પીછાણી નહીં પણ એ નામદાર મર્દ તો જહાપેહેલવાન કેરશારપ પોતે છે કે જેનો દબદબો સર્વથી મોટો છે અફસોસ તારી અકલ ઉપર! તુ પોતાને રૂમ શેહેરનો પાદશાહ કેહેવાડે છે પણ કોઇની કદર પીછાનતો નથી. હવે તો જે બની તે ખરી પણ તુ પશેમાન થઇને એક નામુ ઘણીક મીન્નત તથા આજેજી કરીને લખાવીને ઘણાક હદીયા સાથે મોકલી દેજે! અગર નહીં તો એ જહાપેહેલવાન તારા ઉપર ઘણો ગુસ્સામા છે તેથી મબાદા તારો મુલક પાયમાલ કરી નાખશે."

એ રવેશે માહારોયે ઘણી નસીહત પોતાના બાપ ઉપર નામુ લખી "હેજબ" (એટલે કાસદ)ને આપીને રવાના કીધો. જ્યારે તે નામુ રૂમના પાદશાહને "હેજબ"થી પોહોચ્યુ ત્યારે નવીશંદાએ હાજર થઇ તે નામુ પાદશાહની નજદીક બુલંદ આવાજથી વાચ્યુ કે રૂમના પાદશાહ પોતાના કામથી ઘણો પસ્તાવા લાગ્યો અને તેજ વખતે એઅદાજે ખજાનો બાહેર કાહડયો જેમા પાદશાહી ફ્રરશના ચાલીસ ઉંટ, સાઠ ઉંટ જરી કુરતાના, બાવીશ ઉંટ દેબાના કપડાના, ચાલીસ ઉંટ ખાલેશ રૂપાના તથા સોલ ઉંટ સુનાની અશરફીના ભરેલાં હતા, એકશો કુરશી અગરનાં લાકડાની સાલ કુરશી પરવાલાની સુનામા મઢેલી તથા બે મોટી કુરશી યાકુતની તે સાથે બે તખત ગેનડાના શીંગડાના, બે તાજ કેરબાના, બાર કુરશી સુનાની, એકસો ઘોડા અરબી સુનેરી નાલ જડેલા ગોહરના જીન તથા પાખડ સાથના, બસો ઉંટ તમામ પાદશાહી અદાલતના સામાને ભરેલા, એકસો ઉંટ શહેદ રંગના તથા એકસો ઉંટ શીહા રંગના, જે ઉંટો ઉપર મખમલી ઝાલર નાખેલી હતી. ચોવીસ ઉંટ દેહેરાના ભરેલા તથા દસ ઉંટ બખતરે ભરેલાં હતા સીતેર ગોલામ રૂમી જરીપટકાની કમર બાંધેલા તથા ચાલીસ બાડી આફતાબ કરતા રોશન ચેહેરાની તથા છ હાથી સફેદ બીલોર મીસાલના, એ વિગેરે ઘણોક ખજાનો પાદશાહ અફ્રરતને વાસ્તે તથા બીજો ઘણોએક અસબાબ જહાપેહેલવાન ફેરેશારપને વાસ્તે મોકલી એક નામુ ઘણી આજેજી તથા મીન્નતથી લખી એક દાના અમીરને તે નામુ તથા હદીયો આપી ઝબાની કેટલીક ઓજરખાહી કરી જાબુલસતાનમા મોકલ્યો તે નામુ નવીશંદાએ વાચ્યુ ત્યારે તે પાદશાહે ઘણીક ઓજરખાહી કીધેલી અને પોતાની તકસીરની માફ્ માગેલી હતી તેથી તથા વેલો બેશુમાર હદીયો જોયો તેથી જહાપેહેલવાનનો ગુસ્સો નરમ પડયો અને રૂમના પાદશાહ ઉપર મેહેર આવી તેથી તે રૂમના પાદશાહના અમીરને ઘણીક આબરૂ આપીને નવાજી તે નામાનો જવાબ પોતાના બાપને નામે નરમી તથા સુલેહથી લખાવ્યો તે મધે લખાવ્યું કે 'તુ કશી ફીકર ના કરતો! આજદન પછી તારો ગુનાહ દરગુજર

કીધો છે વાસતે અગર તારી ઉપર કોઇ મુદઇ હલખો કરે યા કોઇ મુશકેલી આવી પડે તો શેતાબ નામુ લખીને એલચી મોકલજે કે તરત અમો તારી મદદે આવીશુ અને દરેક કામમા તારી ખુશી હશે તેમ કરશુ, પણ તુંબી મારો એક સખુન માની તારા શેહેરમા એક સોદાગર છે જે નેકબખતે મારા બેટાને આશાએશથી બાગમા રાખીને ખીદમત કીધી છે તે સોદાગરને દાન જગાત માફ કરજે અને તેની ઉપર જાન ફીદા રાખી તે સોદાગરને જે કાંઇ કામ આવી પડે તેજ વખત તેની મોરાદ માફક કરી આપજે ' તે સોદાગર સાથે તુ ખુબી કરશે તે ગોયા મારી ઉપર હેશાન છે અને હુ તે ખુબી પોતાની તરફ જાણીશ " એ પ્રમાણે તે સોદાગરની બાબદમા ઘણાક બરદાસ્તના સખુન લખી નામા ઉપર પોતાની મોહોર કરી પેલા રૂમી અમીરને કેટલોક સરોપાવ આપીને રવાના કીધો અને પોતે ખુશી સાથે જાણુલમા રહ્યો તે અમીર રૂમ શેહેરમા જઇ પોહોચ્યો અને પાદશાહાતે નામુ આપ્યુ તે નામુ વાચતા વાર પેલા સોદાગરને બોલાવીને ઘણીક આબરૂ આપી પોતાનો અમીર કીધો તેના ઉપર તમામ અમીરો કરતા ઘણી મેહેરબાની રાખવા લાગ્યો.

એવી નેકીને વાસ્તે દાના લોકો ફરમાવી ગયા છે કે અગર તારામાં અકલ હોય તો દુનિયામા હરેક આદમીજાત સાથે ખુબી કરજે. તે નેકી તથા ખુબીનો બદલો અલબતે એક દીન ફળ આપીને સરફરાજી વધારશે તથા જે કોઇએ નેકીનો પેશો માડયો તે હરેક જગો સરફરાજ થાય છે, અગર તારી પાસે દોલત હોય યા તુ ફકીર હોય તોપણ થાય તેટલી નેકી કરી નેકનામીના મેદાનમા તુ હોનરના ઘોડા ઉપર સવાર થઇને હકતાલાની શેતાયશનો કમરબધ બાધ તથા તનમા વફાદારીનું બખ્તર પેહેડ અને અકલની કમાન તથા હોશની તલવાર હાથમા લે, એ મીસાલની સવારી ઉપર બેસીને આ દુનિયાના મુલક ઉપર ફત્તેહ પામ

જહાંપેહેલવાન ફેરશાસ્પે એક શેહેર આબાદ કીધું તે તથા બીજી હકીકત.

—— ० ——

એ બાદ કેટલાક મહીના ગુજરી ગયા કે એક સેતારેશનાસ મરદ જે રૂમ શેહેરમા ઘણો મશહુર હતો તેને જહાપેહેલવાને બોલાવીને વરતારો કહ્યું એવી જમીન પસંદ કીધી અને તે જગ્યાએ એક શેહેર "જેરંજ"* નામનું આબાદ કીધું અને તેની આસપાસ કોટ બાંધી એક બુલંદ કીલ્લો ઉઠાવ્યો તે કીલ્લો ઘણોજ ઉંચો અને મુસ્તકીમ કીધો. તે કીલ્લાં આસપાસ એક ખાહી બનાવી હરતરફના દરયાવમાથી તેમા પાણી આવવાના ગરનારા મુક્યા એ કામમા જહાપેહેલવાન મશગુલ હતો એવામાં કાબુલ શેહેરનો પાદશાહ ગુજરી ગયો તેથી તેનો બેટો પોતાના બાપની જગા તખ્ત ઉપર બેઠો પણ પોતાના બાપની જે રાહ રસમ હતી તે દુર કરી શરકશી પકડી, તેનો બાપ હર વરશ જાબુલના પાદશાહ અશરતને સલામી આપતો હતો તે સલામી તેના બેટાએ તખ્ત ઉપર બેઠા પછી બે વરસ આપી નહીં, ઉલટુ પાદશાહ અશરત ઉપર જોર કરીને નામુ લખ્યુ કે "તારી પાસે ઘણાક શેહેર છે તે શા વાસ્તે જોઇએ? મારા બાપ પાસેથી જેટલા વરશ તે સલામી લીધી તે પાછી આપી બીજા કેટલાએક શેહેરબી ખાલી કર!" આ નાલાયક સખુન સાભળીને પાદશાહ અશરતે તેની ઉપર ઘણાક નામા નશીહત ભરેલા લખ્યા કે તેથી તે છોકરો અદબ પકડે પણ તેણે તે નશીહત કબુલ નહીં કીધી પણ તેને બદલે ઘણી શોખી કરી જવાબ લખ્યો તેના બાપનો વજીર જે ઘણો દાનાવ હતો તે વજીરેબી તે છોકરાને ઘણી નસીહત કીધી કે "અય

* "જેરજ" શેહેર રૂમના મુલકની આસપાસ હોવાનુ શાએર જણાવે છે એ શેહેર સીસ્તાન જે જાબુલી પેહેલવાનોનો મુલક હતો તેનુ અસલથીજ રાજધાની શેહેર હતુ. "ઈરાની શેહેરો" નામની પેહલવી કેતાબ પ્રમાણે પહેલવહેલુ એ શેહેર અફરાસીઆબે સ્થાપ્યુ અને પછી પોતેજ ફના કર્યું

નામદાર પાદશાહ ! તુ શા વાસ્તે ફેશાદનું નવુ બીજ રોપે છે ? આપણે અસલથી જાબુલી પાદશાહોના તાબેદાર કેહેવાતા આવ્યે છીયે અને આપણે થોડોક હદીઓ સલામી આપી તે પાદશાહના સાહયા હેઠળ અમનથી પાદશાહી કર્યે છીયે. એ જાબુલી પાદશાહના દબદબાથી આપણ ઉપર એકાએક કોઇબી મુદઈ ગલબો કરી શકતો નથી વાસ્તે નાદાનીથી હાથ ઉઠાવ ! તુ એમાથી સારો ફેજ નહીં જોશે તુ નથી જાણુનો અગર કોઇ સાથે દોસ્તી કરવા ચાહયે તો એકસો વરશેબી કોઈ શખ્સને દોસ્ત કર્યે નહીં અને એક દહાડામા એકસો દુશમન જીવના લેનાર કરવા ચાહયે તો તુરત કરી શકયે ! દુનિયાનો ખજાનો છે તે આદમીજાતના ખેદમતગારની મીસાલ છે, પણ જ્યારે આદમીજાતનો જીવ ગયો કે ખજાનો શુ ફાયદો કરે ' કોઈ શખ્સના હાથમા સુનાની અંગોઠી હોય અને આપણા હાથમા ફક્ત એક કોડી હોય તે કોડીને પેલી અશરફી કરતા બેહેતર જાણીને પોતાના તખ્ત ઉપર સબર કરી બેસ્યે વાસ્તે તારા બુઝર્ગોની જેવી અસલ બોઝર્ગી છે તેવી તો તુનેબી મળે અગર તુ એમ ચાહે છે કે પાદશાહ અશરત પાસે મારા કરતા દશ ઘણા મુલક છે તે હુ લેઉ પણ પાદશાહ ! તુ પોતાની બુઝર્ગી ખોહી તારા મુલકની ખરાબી કરશે ! તું તારા દીલમા એવુ ગુમાન લાવતો હશે કે જહાપેહેલવાન કેરશાસ્પ તો જાબુલ જમીનથી ઘણો દુર થઇને પોતાના નામનુ એક શહેર આબાદ કરે છે તેથી તે તો હવે એ જગ્યે આવશે નહીં પણ જ્યારે તારા શરકશી ભર્યા સખુન સાભળશે ત્યારે તે એક મહિનાની રાહ દસ દાહાડે કાપતો આ જગા આવી પોહોચશે વાસ્તે તુ તારા બુઝર્ગોની રસમથી શા વાસ્તે ફરે છે " એ વગેરે ઘણીક નસીહત તે દાના વજીરે કીધી પણ તેને તે પાદ-શાહ ખાતરમા લાવ્યો નહીં અને પોતાનો પીતરાઈ ભાઇ "અમબા-રશીન' નામનો હતો તેને સાઠ હજાર સવાર સાથે હરોલમા જાબુલ તરફ રવાના કીધો. પછી બીજા એક લાખ સવાર કાબુલી તલવારના રાખનાર તથા એકસો સાઠ હાથી લડાઇના તૈયાર કીધા અને 'અમબારશીન'ની પછવાડે મોકલ્યા

એ ખબર પાદશાહ અશરતને થઈ તેથી પોતાના બીજા શેહેરોમાથી

લશ્કર બોલાવી પોતાનો ભત્રીજો 'નોશચાર' નામનો ઘણો હુશિયાર અને ચાલાક હતો તેને પોતાના જાબુલી લશ્કરનો સ્પેહશાલાર કરી મોકલ્યો. એ રવેશે બન્ને તરફથી સપેહસાલારો ઘણાક લશકર સાથે બાહેર નિકળી એક સાથે મુકાબલે થયા, બન્ને તરફથી નગારાના અવાજો નિકળવા લાગ્યા અને દલેર લોકોના હાથની ચુંગાલ લડાઇ ઉપર કુશાદે થતી હતી. સવાર લોકોએ એક જગાએ અલાહેદી લડાઈ કરવા માડી અને પાઉ પ્યાદાઓ હાથમા ઢાલ તલવાર પકડીને એક તરફ ભેલા થઇ ગયા. લડાઇની ગીરદે કરી. તમામ હવા શીહા થઇ ગઇ, લડાઇ કરતા એક દીન તમામ નહીં થયો એટલામા બન્ને તરફથી ઘણુક લશકર માર્યું ગયું અને ઘણુંક જખમી થયુ એવામા લડાઇના મેદાનમાથી જાબુલી નોશઇઆર પેહેલવાન બાહેર નીકલીને અમબારશીન કાબુલીને મુકાબલે જઇ ઉભો અને પોતાની ઝેરી પાણીની તલવાર ખેચી એક જખમ એવો તો હુનરથી મારયો કે તે અમબારશીન પોતાના ઘોડાના જીન ઉપર અને તેનુ સર દડીની મિસાલ તન ઉપરથી ઉડી ગયુ કાબુલી લશકરે પોતાના સરદાર અમબારશીનને એ રવેશ દીઠો કે સર્વ કોઇ લગામ ફેરવીને કાબુલ તરફ નાસવા લાગ્યા જેથી જાબુલી લશ્કરે તેની પછવાડે ત્રણ ફરસંગ લગી દોડી તે લશ્કરમાથી બે હીસ્સા લશકર મારી નાખ્યું. એમ કરતા આફતાબ ગરક થયો કે જાબુલી લશ્કર તે જગાથી પાછું ફર્યું એવામા કાબુલનો પાદશાહ પોતાની ખાસ સવારી સાથે ત્યા આવીસે જોયશુ કે તમામ જગલ માર્યેલા લશ્કરે ભરેલું દીઠું, તેથી ગુસ્સામાં આવીને રાતોરાત કોશેશ કરીને લશ્કર સમારીયુ. પોતાના પીતરાઇ ભાઈ અમબારશીનની લોથને અગર તથા સુખડના લાકડાથી બાળી નાખી ઘણીક જારી કીધી પેલી તરફ પેહેલવાન નોશયારની મદદેથી તેજ રાતે જાબુલથી ઘણુક લશ્કર આવી પોહોચ્યું.

સફેદ બાજે પોતાની બાજુના પર વીખર્યાં તેથી શીહા કાગડો નાહાસી ગયો યાને શીહા રાત તમામ થઇ અને રોશન રોજ જાહેર થયો કે બામદાદને વખત કાબુલી લશ્કરમાથી નકારાંના આવાજ નિકળ્યા અને તમામ લશ્કર કમર બાધીને મેદાનમા આવી ઉભુ. તેને જોઇને નોશયા-

દેખી લશ્કર તૈયાર કીધુ. સર્વ કોઇએ ઘોડાના તંગ ખેચ્યા સીપાહી લોકો શીતાબ હથ્યાર બાંધી મેદાનમા આવી લડાઇ શરૂ કીધી કે હર તરફથી ધર પકડનો પોકાર ઉઠવા લાગ્યો તથા ઘોડાઓ હરણુવા લાગ્યા જેના આવાજથી જેહાન જોશ ભરેલી થઇ બેશુમાર ગીરદ ઉડવા લાગી જેથી આફતાબ ધકાઇ ગયો અને તલવાર સાથે તલવાર અથડતી અને નેજાઓના નોકે કરી પેહેલવાનોના સીના ફાટવા લાગ્યા એ રવેશેની સખત લડાઇમા કાબુલનો પાદશાહ કલબગાહમા ઉભો રહીને પોતાના લશકરને "શાબાશ શાબાશ" કરી હીમત આપતો હતો તેથી જાબુલી લશકર ઉપર તેઓ આફત ગુજારતા હતા આ તમાશો જોઇને જાબુલી લશ્કરની કલબગાહમા નોશયાર બાહેર આવીને મસ્ત શેર મિસાલ પોકાર કરી કેહેવા લાગ્યો કે "જાબુલ જમીનના પેહેલવાનો! આ કાબુલના નામરદ લોકોથી શા વાસ્તે ડરો છો? એ નામના ઉઠાવનારા મરદાને મરદ લોકો! હાથમા ગોરજ તથા શમશેર પકડીને નામને વાસ્તે એવી કોશેશ કરો કે એ કાબુલી લશ્કરના દેમાગ ખાકમા પાયમાલ થઇ જાય! તમો જાણતા નથી કે એ લશ્કરતો ગઇ ગતે આપણા ડરથી નાસતુ હતુ તેને પાદશાહે હીંમત આપીને લડાઇના મેદાનમા પાછુ ફેરવ્યુ છે" જે સવારે નાહાસવા ઉપર મોહો ધરયુ તેને નેજાએ કરી માર્યો એવામા કાબુલી લશ્કરે ગલબો કીધો અને પેહેલવાન નોશયારની આસપાસ ફળી વળ્યુ અને એક મરતબે તલવાર તથા ગોરજે કરી તે નામદારને જીવથી માર્યો જેવારે નોશયારના બેટાએ પોતાના બાપને જમીન ઉપર ઉંધો પડેલો દીઠો તેજ વખત ઘોડાને એડ મારીને મેદાનમા આવીને કાબુલી હેશી પેહેલવાન જે નામીચા હતા તેઓને પોતાના બાપના કીનામા ખાકમા ઉધા નાખી પોતાના બાપની લોથને મેદાનમાથી ઉઠાવી ઘોડા ઉપર મેલી શીતાબ જાબુલી લશ્કરમા જઇ ઉભો તે સપેહસાલારની લોથને જોઇ જાબુલી લશ્કર હથ્યાર નાખી નાસવા લાગ્યુ તેની પછવાડે કાબુલી લશ્કરે એવા તો ગલબો કીધો કે જાબુલી લશ્કરની લોથે કરી તમામ જગળ ભરી નાખ્યુ અને ઘણાક સવારોને કેદ પકડયા, એમ કરતા રાતનો વખત થયો તેથી કાબુલી પાદશાહે હોકમ કીધો કે એ જગળમા દેહેરા મારો કે શેકાર મારીને કેટલાક

હફતા એ જગો આશાયશ કર્યે હવે પેલી તરફ જાબુલી લશ્કર પોતાનો જાન સલામત લઇને નાઠા તે પાદશાહ અશરતની નજદીક જઇ પોહોચ્યા અને લડાઇની હકીકત અવલથી આખેર લગીની કહી, જે સાભળી પાદ- શાહ અશરત અફસોસ ખાઇ હાથ ઉપર હાથ મારવા લાગ્યો અને નોશ- યારના મુવાથી ઘણી જારી કીધી અને તેજ વખત એક નામુ પોતાના બેટા જહાપેહેલવાન ઉપર લખાવ્યુ કે "હુ પોતાની જાતે લશ્કર સાથે કાબુલના પાદશાહ ઉપર હુમલો લઇ જાઉં છુ" એ રવેશે નામુ લખી એક એલચીને આપી શીતાબ જગી કેરશાસ્પની તરફ રવાના કીધો તે એલચી તેજ પવન મિસાલ રાહમા ચાલતો હતો હવે પેલી તરફ જેરજ શેહેરમાં જહાપેહેલવાન કેરશાસ્પનો એક દાના મોબેદ હતો તેને આસમાનની ચાલની ખબર ઘણી હતી તેણે એક દિને કેરશાસ્પને કહ્યુ કે એક ફેસાદ જહાનમા ઉઠવો જોઇએ અને એ મહીનામા કાબુલનો પાદશાહ ભારી લશ્કર સાથે આવી પાદશાહ અશરતનો મુલક ખરાબ કરે અને જાબુલી લશ્કર ઘણુ માર્યુ જાય અને પાદશાહ અશરત ઘણો તગીમા આવે તથા એક નામદાર તારા બાપદાદાના ખાનદાનનો મરદ માર્યો જાય પણ આકેબત તને જાબુલસ્તાનની તરફ જવુ પડે અને તારા ગયાથી પાદશાહ અશરત ફતેહ પામશે વળી તારા બાપનો એલચી એક હફતામા તારી નજદીક આવવો જોઇએ એવુ સેતારાની ચાલથી માલુમ પડે છે" એ રવેશે પેલા મોબેદે કેરશાસ્પને અવલથીજ ખબર કીધી હતી

એમ કરતા તે હફતો તમામ થવા આવ્યો પણ કોઇ એલચી અશ- રતની તરફથી આવ્યો નહીં ત્યારે પેલા નજુમી ઉપર જગી કેરશાસ્પે ગુસ્સો કીધો અને કહ્યુ કે "તુને નજુમમા પુરી ખબર નથી તો એવુ જુઠું બોલીને શા વાસ્તે રૂશવા થયો? જુઠુ આદમીની શેતાબ આબરૂ લીયે છે વાસ્તે જે દાના અને કાબેલ હોય તે હરગીઝ જુઠુ બોલે નહીં" આવા સખુન કેરશાસ્પની ઝબાનથી પેલા સેતારેશનાસ મોબેદે સાંભળ્યા કે તે દાના મોબેદ કેહેવાં લાગ્યો કે "અય સરફરાજ પેહેલવાન! તુ એહલું બહુ શા વાસ્તે બોલે છે? તારા બાપનો એલચી શાહાંનસી ઉપર સવાર છે અને તેજ પવન મિસાલ રાહમા દોડે છે તે આજ તોને અખીઆર ઘડી પુ-

હડો રેહેશે કે તારી દરબાહમા આવી પોહોચશે. તે કરતા હુ તારી નજદીક ઉભો રહુ છું. જ્યારે મારા કેહેવા મુવાફેક વાત ખરી પડે તો જમીન ઉપર બેસું અગર નહી તો મારી નજુમના દફતર લાવીને તારી નજદીક આતશમા બાળી નાખુ." એટલું કહી તે નજુમી સર્વના ઝાડ મિસાલ ઉભો. જ્યારે દાહાડો અગીઆર ઘડી રહયો એવામાં જેહાંપેહેલવાનના દરવાજા ઉપરથી દરબાંને આવીને અરજ કીધી કે એક એલચી શાહાનશી ઉપર સવાર છે અને કહે છે કે હું પાદશાહ અશરતનું નામુ લાવ્યો છુ તેથી શીતાબ મને કેરશાસ્પને મેળવ

ખબર થઇ જેહાંપેહેલવાંન કેરશાસ્પને પોતાના બાપ શાહ અશરત ઉપર શેકશત આવી તેની હકીકત.

દરબાનથી જગી કેરશાસ્પે આ સખુન સાભળ્યા તેજ વખત તે એલચીને બોલાવીને નામુ મુનશી પાસે વચાવ્યુ અને એલચીની ઝબાની હકીકત સાભળીને પોતાના દિલ સાથે કહેવા લાગ્યો કે પેલા નેકબખ્ત નજુમી મોબેદે જે કહીયુ તે તમામ દરૂસ્ત હતુ પછી તે નજુમી મોબેદને પાદશાહી કપડાનો સરપાવ આપીને કહીયુ કે" માફ કરજે, મારેથી તારી સાથે ઘણી નાલાયકી થઇ છે મારી ખાતર જમા થઇ કે એ જમાનામા તુ જેવો સેતારેશનાસ બીજો કોઇ મરદ નથી." એટલુ કહી શેતાબ પોતાના ઘોડા ઉપર જીન કરાવીને બસો સવાર સાથે લઇ જાબુલની તરફ રવાના થયો અને રાતદીન રાહ માપતો બાર હફતાની રાહ એક હફતામાં કાપતો એક પાહાડ ઉપર જઇ પોહોચ્યો. ત્યા મસ્ત શેરની જગો હતી. એક તરફ વાશનુ જગળ હતુ, બીજી તરફ ખાહી હતી તે જોઇને કેરશા-સ્પે પોતાના સવારોને કહ્યું, કે "તમો એ જગા મકાન કરો! આજરોજે હુ એ શેર શાથે લડાઇ કરૂ. હું એકલો એ મસ્ત શેરને કાબુલનો પાદ-

શાહ ધારીને હુ મારા દીલમા તે સાથે લડુ અને જોઉ કે કોણુને ફતેહ-મદી છે?" એટલુ કહી પોતે એકલો તે પાહાડ ઉપર ચાલ્યો, એવામાં ત્રણુ શેર મસ્ત હાથી કરતા ઉચા વાસની ઝાડીમાથી બાહેર નિકળી પોતાના પાઉએ કરી જમીન ખોદીને ખાક ઉખડવા લાગ્યા અને તેનાં ચોકારે કરી તે પાહાડના દિલ ચાક થવા લાગ્યા. તે શેરમા એક ઘણો જબરદસ્ત હતો જે કેરશાસ્પની રાહ બાધીને હરોલમા ઉભો, જેહાંપેહલવાને એક ચોકાર પોતાના ઘોડા ઉપર મારયો અને શેતાબ એક તીર બે પેકાનનો ખેચીને એવોતો જોરથી તેના મોહમા મારયો કે તેની ઝબાન તથા હલક સાથે સીવી નાખ્યા બીજા શેરની તરફ ઘોડો ડપટાવીને એક નેજો મારયો અને તેને જમીન સાથે બરાબર કરી મેલ્યો ત્રીજા શેરને તલવારે કરી ખાકમા નાખ્યો. પછી તે શેરના નખ તથા દાંત ઉખેડી પોતાના સવારો સાથે શેતાબ આગળ ચાલ્યો. રાહમા એક ગામડુ દીઠું જે ગામડામા લશ્કર સાથે દાખલ થયો તે ગામડામા એક બુઢો બ્રાહમન હતો તે પોતાના દેહેરામા બેસી જહાપેહેલવાનને બોલાવીને કહેવા લાગ્યો કે "અય શેરમર્દ પેહેલવાન! તારૂ નામ કેરશાસ્પ છે અને તારો નેયાગાન પાદશાહ જમશેદ થઇ ગયો છે. હું તુને કેહુ છુ કે તુ પોતાના જોર તથા મરદીએ કરી તમામ જેહાનને પોતાના તાબામા લેતા તુને ઘણી લડાઇ કરવી પડશે અને "મુનહેરાશ" દેવની તુ બાજુ બાધશે અને તે "દેવ"ને મારવાથી તું તમામ જેહાનને બેખોફ કરશે યાને જેહાન નચીંત થશે." એ સખુન સાભળીને જહાપેહેલવાન કહેવા લાગ્યો કે "અય બુઝર્ગ! તું જે સખુન બોલે છે તે દરૂસ્ત છે પણ તુને એ ખબર કેમ થઇ?" તે બ્રાહ્મને કહયુ કે મારો અદેશો ઘણો દુર છે તેથી જે કાંઇ દુનિયામાં નીપજ્યુ તથા નિપજવાનુ હોય તે મને ખોઆબમા માલમ પડે છે અગર હજુરથી તારી ખાતર નીશા નહીં થતી હોયતો હુ કેહુ તે તું સાભળ કે કાલ રોજે તે રાહ દરમ્યાન ત્રણુ શેર ઘણા મોટા મારયા અને તુને એક મોબેદે કેટલીક હકીકત કહી હતી તેવારે તેને નાબન્જુર રાખી પણુ ત્યાર-બાદ તારા બાપનો એલચી આવ્યા પછી તારી ખાતરનીશા થઇ તેથી તે તે મોબેદને ઘણો સરપાવ આપી તેની પાસે માફી માગી. પછી તું બસો

સ્વાર સાથે તારા બાપની મદદે કાબુલના પાદશાહની લડાઇમાં જાય છે. પણ તુ ખાત્રી રાખ કે કાબુલના પાદશાહની પાદશાહી તુ છીનવી લેશે અને તેનો મુલક તારા તાબામા થશે એ વધાઇ હું તને કહુ છુ વાસ્તે એક મારો સખુન છે તુબી તે કબુલ કર કે જ્યારે તારૂ જવુ નોબાહના બુતખાનાના તરફ થાય ત્યારે ત્યાના બુતપરસ્ત લોકો છે તેઓ ઉપર સખ્તી ના કરતો! અગરજો તુ એ વાતનો કોલ કરીને સોગદ ખાએ અને પોતાની નેક અકલે કરી તે સોગદ પાલે તો તુને ત્રણ નસીહત જે ઘણી ઉમદા છે તે કહી સભળાવુ, કે જે નસીહતથી તને ઘણો ફાયદો થશે" જેહાપેહેલવાન કેરશારપને તે બ્રાહામનના સખુન મલ્યા તેની ઉપર ઘણો એતબાર આવ્યો તેની સાથે કોલ કરી સોગદ ખાધા કે "નોબાહાના દેહેરામા જ્યારે જાઉ ત્યારે તે જગાના બુતને તથા બુતપરસ્ત લોકોને હરગેજ આજાર દઉ નહીં અને કોઈ પાસે દેવાડુ બી નહીં" પછી તે બ્રાહામન કેહેવા લાગ્યો કે "અગર કાબુલના પાદશાહની બેટી પોતાના અયવાન ઉપર આવી તારા હાથમા લાલ શરાબની જામ આપે તે તુ પીતો ના તે શરાબમા ફરેબ થશે વાસ્તે એટલુ કરજે કે તે શરાબ તેનેજ પાજે તે ઘણીબી મિન્નત કરે પણ તુ ફરેબ ખાઇ એકાએક તે શરાબ પીતો ના બીજી નસીહત એ છે જે બીજે દાહાડે લશ્કર આગળથી તને રાહામાથી પોતાના ઘરમા બોલાવે અગર તે ઘણીબી ઓજખાહી તથા આજેજી કરીને બોલાવે તોબી તુ જતો ના અને તારી જગો કોઇ બીજાને મોકલજે! ત્રીજી નસીહત એ કે તે જે પેલુ શેહેર આબાદ કીધુ છે અને તે ઉપર ઘણોએક ગજખજાનો ખરચ કીધો છે પણ તેની જમીન તમામ રેતીની પેદાયશની છે તેથી કોઇ દિન તે રેતી પવને ઉડશે તો તે શેહેર તે રેતીમા ગરકાવ કરી નાખશે વાસ્તે તેની આસપાસ લાકડાનો કોટ ઓસ્તવાર બાધી લેજે કે જેથી તે રેતીનો કશો આજાબ તે શેહેરને પોહોચે નહીં" એ ત્રણ નસીહત શાભળીને જહાપેહેલવાને દિલથી કબુલ કીધી પછી તે બ્રાહામનને નમન કરી તે જગાથી પવન સિમાલ રાત દિન આગળ ચાલ્યા

પેલી તરફ પાદશાહ અશરત એલચીને રવાને કીધા પછી પોતે

જાબુલ શેહેરમાથી ઘણાક લશકર સાથે બાહેર નિકળી કાબુલી પાદશાહની લડાઇને વાસ્તે મનજલ કરતો આગળ ચાલ્યો.

બીજી મરતબે શેકસ્ત ખાધી પાદશાહ અશરતે કાબુલી પાદશાહથી તે તથા બીજી હકીકત

જ્યારે બન્ને પાદશાહ એક એક સાથે મોકાબલે થયા ત્યારે બન્ને લશ્કરે લડાઇની સફ ખેચી, પણ તે બન્ને લશ્કરનો સુમાર હતોજ નહીં એટલું લશ્કર આમને સામને થયુ. પછી સવારો અને પેહેલવાનો કમીગા- માથી બાહેર નિકળ્યા અને એટલી તો તલવારો બાહેર નીકળી કે ગોયા હવા ઉપરથી તલવારનો વરશાદ વરસતો હતો તથા પેચદાર અજદા મિસાલ સુંઢ મરોડતા મસ્ત હાથીઓ મેદાનમા નિકળ્યા તે હાથીઓ દાતના જખમ મારતા તેથી લોઢાના બખ્તરોમાથી આતશ રોશન થતો. એ રવેશની સખત લડાઇ થવા લાગી તેવામા કાબુલી લશ્કરના હાથીઓ નાસવા લાગ્યા ને જાબુલી લશ્કરમા રસ્તાખેજ પેદા થઇ જાબુલી લશ્કરના હાથીઓ પાછા હટીને નાહાસવા લાગ્યા તેથી પણ જાબુલી લશ્કર તે હાથીઓના પગ તળે પાયમાલ થયુ તેથી પાદશાહ અશરતે તેઓની પછવાડે પોતાનો ઘોડો નખાવનો જઇ સર્વ કોઇને નામ બનામ પાછા બોલાવી કેહેવા લાગ્યો કે "તમારા ઉસ્તાદે તમોને નાશવાનોજ હુન્નર શીખવ્યો છે કે શુ ?" એ રવેશે ઘણાક સખુન કહી થોડાક લશકર સાથે પાએદાર રહ્યો અને પોતાના નામ તથા શરમને વાસ્તે ડાબી તથા જમણી તરફ સવારોને મોકલી લડાઇ કાયમ રાખી પોતાના ઘોડાને ગરેમ કરી નેજાએ કરી કાબુલી લશ્કરના સવારોને જીન ઉપરથી ઉઠાવવા લાગ્યો. એમ કરતા આસમાનની આરસીએ કાટ ખાધો યાને આફતાબ ગુરબ થયો ત્યારે પાદશાહ અશરતે એક પાહાડની પનાહ પકડી. તેની નીચે મુકામ

કીધો તે જગ્યાનુ જગળ ઘણુ તાજુ હતુ અને પોતાના લશ્કરમાથી જે કોઈ નાહાસતા હતા તેઓને તે જગો બોલાવીને સુમાર કીધો ત્યારે છસો હાથી તથા ત્રીસ હજાર સવાર કમ થયા અને જે જીવતા રહેલા હતા તેબી જખમી તથા સુસ્ત તથા પાણીની શોખારે કરી તેઓના જાન લબ ઉપર આવેલા હતા. હરતરફ તલાયા ફરતા મેલી તમામ રાત લશ્કરે હોશીઆરીથી ગુજારી સુનાની અશરફીના રગનો આફતાબ બાહેર નિકળ્યો ત્યારે કાબુલી પાદશાહનો અઝદાપેરકર ઝુંડો નજર આવ્યો અને દમબદમ લશ્કર બાહેર નિકળ્યુ તે જોઇ જાબુલી લશ્કર ઘાભરૂ થવા લાગ્યુ અને સર્વે કોઇ પાદશાહ અશરતને કેહેવા લાગ્યા કે "આપણે શુ ચારો કરીએ ? દુશમનતો લડાઇને વાસ્તે લશ્કર બાહેર કાહાડે છે અને આપણુ ઉપરતો જહાન તગ થઇ છે તેથી સવાર તથા ઘોડા સર્વે સુસ્ત થઈ ગયા છે અને સર્વ ગોયા સુસ્તીથી મોહોતને પોહોચ્યા છે આપણા લશ્કરમા એકબી સવાર આસુદા તનનો અને જખમ વગરનો નથી તેમજ રાહ ઘણી દુર છે અને દુશમન પછવાડે લાગુ રહી દુબાલો પકડયો છે." એ સખુન સાભળી પાદશાહ અશરત કેહેવા લાગ્યો કે "હવે એક મરતબે આપણે સર્વ એકડી લડાઇ કરી જોઇએ કે યજદાં કોણુ ઉપર મેહેરબાન થાય છે મરદને તમામ કામ તથા બેકરારી એ બન્ને ચીજ પાક યજદાથી છે વાસ્તે કોઇને ખબર નથી કે આકબત ફતેહમદી કોણુને છે ? બુઝર્ગો ફરમાવી ગયા છે કે હરેક સખ્તીમા જ્યાલગી હૈયાતી હોય ત્યાલગી હકતાલાથી ઉમેદ રાખ્યે ! પણુ એકાએક નાઉમેદ થઇ પોતાના કામથી હાથ ઉગાવ્યે નહીં આપણે જાણ્યે કે સખ્તીમાથી મારી મોરાદ શી રવેશ બર આવશે પણુ પાક યઝદા એવો સાહેબ છે કે શીહા રાતમાથી સફેદ રોજ જાહેર કરે છે વાસ્તે તે સાહેબથી નાઉમેદ રહીયે નહીં ! આપણે બેશક જાણ્યે છીયે કે આકિબત સર્વ કોઇને મોત શિવાય ખલાસી નથી તો પાદશાહી તખ્ત ઉપર તથા લડાઇમા મરવુ એ બન્ને બરાબર છે !" એટલુ કહી પોતાનુ બખ્તર મગાવી કીનાનુ નકારૂ કરાવ્યુ પછી સવાર થઇને લડાઇની સફ સમારી અને કાબુલી લશ્કરને મોકાબલે ગયા અને એક બીજા ઉપર તલવાર તથા

ગોરજના જખમ મારવા લાગ્યા. દલેરોના લોહીએ જમીન શોર્ખ તથા હવા શીહા થઇ ગઇ તથા દલેરોના સર ઉપર ભારી ગોરજ પડતા તેના ધબકારાએ મોટો ઘોઘાટ થતો હતો એમ કરતા આકેબત જાબુલી લોકો આજેજ થયા અને ઘણાક સવારો ખાકમા પડયા તેથી તમામ લશ્કરે લડાઇથી મોહ ફેરવ્યુ અને બાજે લોકો પાહાડની તરફ નાહાસી ગયા અને બાજે જગલમા નાહસવા લાગ્યા. એ રવેશે પોતાનુ બખ્ત બરગશ્તે જોઇ પાદશાહ અશ્રરત અજબ રહયો પછી તલવાર ઉઠાવીને બાહેર નિકળી પોતાના લશકરમાથી બે સવારને જીવથી મારયા અને ઘણાક સખત શોગદ ખાધા કે "જે કોઇ દુશમનની તરફ પીઠ કરશે યા પોતાનો જાન બચાવવાને વાસ્તે આ જગાથી નાહસશે તે શખ્સને હુ મારે હાથે તલવારનો જખમ મારી જીવથી મારીશ" એ સખુન સાભળી તમામ લશ્કર નાસવાથી પાછુ ફરયુ અને એક લડાઇ બીજી મરતબે કીધી તે લડાઇમા એટલી તો ખુનરેજી થઇ કે તેનો કાઇ શુમારે થાયજ નહી! એમ કરતા તે લડાઇમા બીજી મરતબે જાબુલી લશ્કરમાથી એક હીસ્સો લશ્કર મારયુ ગયુ અને બે હીસ્સા જખમી થયુ તે જખમી લોકો પોકાર કરવા લાગ્યા અને પોતાના જીવ તથા માલ મતાથી ઉમેદ કાપી બેઠા અને એક હીસ્સો લશ્કર સલામત રહ્યુ તે સર્વે ડાકેલા હતા પણ તેવોએ એતેફાકથી મનસુબો કીધો કે આજ રોજે આફતાબ ગરબ થાય ત્યા સુધી લગી આપણે જીવથી કોશેશ કરીને લડાઈ કરીએ અને રાતને વખત હરેક ચારો કરી એ મોતના ઘરમાથી છુટીએ યાને દેહેરા તણુ પડતા મેલીને નાહાસી જઇએ એવો મનસુબો કરી એક મરતબે શમશેર તથા ગોરજ ઉઠાવીને સર્વ કોઈ લડાઇમા પડયા અને સખત લડાઇ કરવા લાગ્યા. એમ કરતા આફતાબનુ મોહ જરાજરા છુપાવા લાગ્યુ તે વખત એકાએક પાહાડ ઉપરથી દીદબાને પોકાર મારયો અને કહ્યુ કે જેહાપેહેલવાન કેરશાસ્પનો ઝુડો જગલમા દુર નજર આવે છે તે સખુન સાભળતા જાબુલી લશ્કરમા ખુશીનો પોકાર ઉઠયો અને જખમી લોકો એવા હુશ્આર થયા કે ગોયા તેઓના તન ઉપર જખમ લાગ્યાતાજ નહીં. એ રવેશે સર્વ ખુશીમા આવ્યા અને શાદીના નગારા તથા કરનાયાના અવાજે કરી

જગળના શેર તથા શીંહ રાહ ભુલી ગયા અને જાબુલી લશકરનાં દરેક સવારને દસ પેહેલવાનનુ જોર આવી ગયુ, પાદશાહ અશરતે શેતાબ કેટલાક અમીરોને જહાપેહેલવાનને એસ્તેકબાલ મોકલીને પોતાનો તમામ અહેવાલ કેહેવાડયો

પેલી તરફ કાબુલી લશ્કરના લોકોને એવુ ગુમાન હતું કે જાબુલી લશ્કર જુઠો ઠાગો કરીને શાદીના નક્કારા વજાડે છે—વાસ્તે એવો ઠાગો કરીને રાતનાં નાસી જશે એવુ ગુમાન સર્વ કોઇને હતુ પણ જહાપેહેલવાનને આવ્યાની તો તેઓને ખબર હતીજ નહીં તેથી રાતને વખત સર્વ કોઇએ લડાઇ બધ કીધી અને જહાપેહલવાન કેરશાસ્પે પોતાના બાપના લશકરમાના જે જાબુલી લોકો નાહાસતા હતા તેઓને પાછા ફેરવી શુમાર કાહાડયો તેથી દશહજાર સવાર થયા એમ કરતા શેતાબીથી પાદશાહ અશરતની નજદીક આવી પોહોચ્યો તેનો હાલ તબાહી ભરેલો દીઠો કે દુશમન લોકોએ ગલબો ઘણો કીધેલો હતો તેથી પાદશાહ અશરત ઘણો દલગીર બેઠેલો હતો આ મામલો જોઇ તેજ વખત ગોસામા આવી કીનાની કમર બાંધી અને પોતાના બાપના લશકરના પેહેલવાનોની ખબર પુછી કે તે લોકો નજર નથી આવતા તે કયા છે? ત્યારે સર્વ કહેવા લાગ્યા કે તે લોકો તો દુશમન લોકોના હાથ ઉપર મારયા ગયા અને જુજબી હૈયાત છે પણ તેબી જખમી થઇ પડેલા છે તેથી રાત દિન જખમના દરદથી પોકાર કરે છે એ હકીકત સાભળી ત્યારે જેહાપેહેલવાન કેરશાસ્પ એવોતો ગુસ્સામા આવ્યો તેની ગરમીથી તેના તનમા તાપ ચહડી આવી અને પોતે સખત સોગદ ખાધા કે આજની રાતમાં તે જાબુલી પેહેલવાનોનો કીનો કાબુલના પાદશાહ ઉપર કાપલી લઉ અને તે નાપાક ઉપર એવી તલવાર મારૂ કે તેઓના લોહીએ કરી રાતનો શીહા રગં છે તે લાલાના ફુલ મિશાલ શોર્ખ નજર આવે. એકતો રાત શીહા તથા મારો ઘોડોબી શીહા તથા કાબુલી લોકોના તન શીહા તથા તેઓના દિલ શીહા છે તો મારા બારી ગોરજે કરી તેઓનાં બખ્ત એવા શીહા કરી નાખુ કે તે પોતાના બખ્ત ઉપર જારજાર રૂડયા કરે!

શબેખુન મારયું જહાંપેહેલવાંન કેરશાસ્પે કાબુલનાં લશકર ઉપર તે હેકાયત.

એટલુ કહીને શેતાબ જહાંપેહલવાને જંગલમા તલાયા મેલી પોતે શાએત એક આશાયશ લીધી તે રાત કાગડાની પાખ તથા હબશીના મોહ કરતા પણુ વધુ શીહા હતી અને તે રાતનો માહતાબ જેમ હબશીનાં હાથમા ચેરાગ હોય તે મિસાલ નજર આવતો હતો તેથી હેરેમન દોજખમા ફરતો હતો કે એવી ડરામણી શીહા રાત દોજખમાબી નથી એ મિસાલની ડરામણી રાતથી જહાંપેહેલવાન કેરશાસ્પે નહીં ડરતા શેતાબ લડાઇનો સામાન તૈયાર કરી કેટલાક પેહેલવાનોને સાથે લઇ બેમાલુમ બાહેર નિકળી આગળ ચાલ્યો. દુશમનના લશકરની નજદીક જઇ પોહોચ્યો ત્યારે એકસો તલાયા લોકો જે કાબુલી લશ્કરમા ફરતા હતા તે લોકોને જોઇ શેતાબ પોતાની તલવાર મ્યાનમાથી બાહેર કહાડી શબરંગ ઘોડાને દોડાવી બાગે બુલંદ પોતાનુ નામ કહી કેટલાક સવારોને જીન ઉપરથી નીચે નાખ્યા તેથી બીજા લોકો ત્યાથી નાસવા લાગ્યા. જંગી કેરશાસ્પ પોતાના સવારોને કેહેવા લાગ્યો કે “એ લોકોની પછવાડે તલવાર તથા ગોરજ ઉડાવીને શીતાબીથી દુંબાલો પકડો ! અગર તમોને રાહ માલમ નહીં પડતી હોય તો તમો મારા આવાજ ઉપર કાન રાખીને આવી પોહોચો.” પછી એક આવાજ એવો જોરથી માર્યો કે તેથી તમામ જહાન જોશમા આવી અને દુશમન લોકોના ચાલીશ સવાર જીવથી મુવા તેમજ કેટલાક બેહોશ થયા અને સર્વ કોઇ એકઠા થઈ દુશમનના લશ્કર ઉપર જઈ પડયા અને બેશુમાર લશ્કર માર્યું તેથી તમામ લશ્કર શીહા રાતમા બહરમ થઇ જઈ હરતરફ નાહાસવા લાગ્યુ તેથી ઘોડાની રેકાબ તથા લગામ કોઇને માલમ નહીં પડી અને આદમી ઘોડા તથા હાથી એ સઘ તે જગોથી નાહાસ્વા લાગ્યા અને સર્વ સામાન તેજ જગા પડતો મેલીને

એ રવેશ નાહસવા લાગ્યા કે કોઇ એકલો તથા કોઇ ઘોડા ઉપર અને કોઇના હાથમાં હથીઆર એ રવેશે લશકર જીવની દેહેસ્તથી નાસતું હતું પણ જાબુલી દલેરો મસ્ત હાથીની મિસાલ તે લોકોની પછવાડે હાથમા ગોરજ તથા તલવાર પકડીને દોડતા હતા એવામા જેહાંપેહેલવાન કેરશાસ્પે હોકમ કીધો જે આપણુને અંધારામા કાંઇ માલમ નથી પડતું તેથી આતશ હરએક તરેહથી રોશન કરો. ત્યારે જાબુલી લસ્કરમા એક શખ્સ ઘણો દાના હતો તેણે તેજ વખત તે જગોથી આતશ લઇને દેહરા સળગાવી મેલ્યા તેથી કાબુલી લશ્કર તે રોશનીની મદદથી મારતા આગળ ચાલ્યા પણ તે રોશની રાતની શીહાઇ આગળ કાંઇ હિસાબમા નહીં હતી તે શીહા રાતમા તલવારોની ગરમી તથા તેજી જેમ હબશીના શીહા ચેહેરા ઉપર સફેદ દાત નજર આવે તે મિસાલ તલવારનો ઝલકાટ નજર આવતો એમ કરતા એક શાયતમા તે જાબુલી એકસો સવારોએ દુશમનના લશકરને મારીને હર જગોએ તે લોકોની લોથના ટેકડા કરી લોહીની નદી જારી કીધી એમ કરતા સુનાને રંગનો આફતાબ બાહેર નિકળ્યો તેથી જહાંપેહેલવાન કેરશાસ્પ હાથીઓની સફની તરફ દોડતો જઇને કમાનને ચીલો ચહડાવી તીરે કરી સુનાની ઝુલ સાથેના સાત હાથી જે ઘણા જબરદસ્ત હતા તે મારી જમીન ઉપર નાખ્યા પછી પાહાડ ઉપર જોય શુ કે એક કાબુલી મરદ લડાઇનુ બખતર તથા ટોપી પેહેરીને તે લોકોની દીલ્બાની કરે છે તેના સીનાની તરફ એક તીર નીશાન કરી માર્યો જે તેના સીનામાથી દાખલ થઇ પછવાડે નિકળી ગયો ને તે મરદ બેજાન થઇ ખાકમા પડ્યો. પછી તે જગાથી પોતાના લસ્કર સાથે જાબુલી લસ્કરની તરફ દોડી જેમ શેકાર કરીને વાઘ ખુશી થતો આવે તે મિસાલ બાપની તરફ ખુશી થતો આવી પોહાચ્યો તેથી અશરતના લશ્કરમા ખુશાલીના નગારાનો આવાજ થવા લાગ્યો. તે શબેખુનમા કાબુલી લશ્કરનુ દશ હજાર આદમી માર્યું ગયુ અને જખમીનોતો કાંઇ શુમાર હતોજ નહી પણ કેરશાસ્પનો કોઇ સવાર માર્યો ગયો નહીં માત્ર એક મરદ ગુમ થયો તે શિવાય કોઇને એક જખમબી લાગો નહીં! થોડા વારમા પેલો ગુમ થયલો મરદ પણ એક કાબુલી સવારોને કમંદે બાંધી

એ થતો આવી પોહાચ્યો. હવે પેલી તરફ કાબુલી લોકો જહાપેહેલ-વાનના તીર જેનાથી હાથી તથા પેલા દીદબાનને માર્યો હતો તેની આસપાસ ઉભા રહીને તે તીર જેવા લાગ્યા કે એક તીરે એક એક હાથી માર્યો છે. એજ રવેશે પેલા દીદબાનને પણ મારયો હતો તેઓ જોય શુ કે તેવો તીર કદી કોઇએ જોયો નહીં હોય તે મિસાલનો તીર તે દીદબાનના સીનામાથી પછવાડે નિકળી જઇને પથરમા ગરી ગયલો હતો. એ રવેશના તીર જોઇને કાબુલી પેહેલવાનોના ચેહેરા જરદ થઇ ગયા. સર્વે-એ ધાર્યુ' જે એ મિસાલના જખમ જેહાંપેહેલવાન કેરશાસ્પ શિવાય કોઈ બીજાના હોય નહીં લશકર દરમ્યાન કાબુલના પાદશાહે પોતાનો ઘોડો બાહેર કાહાડી મેદાનમા આવી જાબુલી લશ્કરની તરફ અવાજ મારી પુછવા લાગ્યો "જગી કેરશાસ્પ કયા છે? અગર તમારા લશકરમા હોય તો મને તેની વધાઇ દેવો કે તેની સાથે હુ બહુની લડાઈમા હતો અને મે તે સાથે તમામ હીન્દસ્થાનનો મુલક માપ્યો છે યાને હુ તેની સાથે તમામ હીંન્દસ્થાનમાં ફર્યો છુ મે સાભળ્યુ છે જે કેરશાસ્પ જાબલુસ્તાનથી દુર જઈને એક શેહેર પોતે નવુ આબાદ કરીને ત્યા જઇ રહયો છે' એ સખુન સાભલીને જાબુલી લશ્કરમાંનો એક શખ્સ કેહેવા લાગ્યો જે 'એ બેહોશ' ગઈ રાતના તારા ઉપર શબેખુન થયુ તે કેરશાસ્પથીજ થયુ હતુ હજુરતો રાહનો થાકેલો આવીને એટલા સવારો મારયા છે પણ હવે પછી બીજા જે કાઇ હશે તેની જડબેખ કાહાડી નાખશે. હજુ તમારી સાથે તેણે લડાઈ કયા કીધી છે? ગઇ રાતના તો તમોને જરા નસીહત કીધી, સુલતાની લડાઇ તો હવે પછી કરશે" એ સખુન સાભળીને કાબુલનો પાદશાહ પોતાના લશ્કર તરફ જરદ મોહો સાથે ચાલ્યો પણ એ ભેદ કોઇને જાહેર નહીં કીધો જે કેરશાસ્પ જાબુલી લશકરમા આવેલો છે. પછી પોતાના લશકરને અવાજ મારી કેહેવા લાગ્યો જે "તમે કઇ ડર ખાતા ના! કાયકે પેલો કેરશાસ્પ કાઇ આવ્યો નથી. કાલ રોજે અશરતની મદદે એક નામદાર સરદાર તથા બીજા બસો સવાર આવી પોહોચ્યા છે તેણે એ રવેશ આપણાં લશકર ઉપર શબેખુન કીધુ અને તીરબી તેજ

સરદારના મારેલા હશે. મને કેરશાસ્પ સાથે લડતા કોઈની મદદ નહીં જોઇએ અગર તે પેહેલવાન છે તો તેને એકલો હું બસ છુ જે કોઇ આજેજ થાય તે શખ્સ શબેખુન કરવા માગે, એ શબેખુન કરવાથી નામદાર પેહેલવાન લોકો એબ કરે છે, જે કોઈ નામર્દ હોય તે શબેખુન કરવા ચાહે, એ કામ મરદ લોકોના નથી અગર ચાહુ તો એક શબેખુન ઇરાની લશ્કર ઉપર એવુ કરૂં કે તમામ દરીયાવ તથા નદીના પાણી લાલાની મિસાલના કરૂ પણ પેહેલવાન લોકોના તાણાથી દર રાખુ છુ!" એટલુ કહી તમામ લશ્કર પાછુ એક જગોએ એકઠુ કરી લડાઇનુ નગારૂ કરાવ્યુ કે સર્વેએ લશકરની સફ ખેચી લડાઇની તૈયારી કીધી

લડાઇ કીધી જહાંપેહેલવાંન કેરશાસ્પે કાબુલી લશકર સાથે અને શેકશત ખાવી કાબુલના પાદશાહે તે હકીકત.

આ તરફ જહાપેહેલવાન કેરશાસ્પે પોતાના લશ્કરની સફ ખેચી અને સર્વ કોઇને પોતપોતાની જગો ઉપર ઉભા રાખી જખમી હતા તે લોકોને એક જગોએ હલાયદા રાખ્યા અને જે સવારો લડાયક હતા તેને પોતાની સાથે રાખી પોતાનો અઝદાપેકર જુદો હરોલમા કાહાડયો તે લશ્કરની તલવારે કરી જગલ તથા આસમાન રગબેરગ નજર આવવા લાગ્યુ, પીત્તલની કરનાયના અવાજ નિકળવા લાગ્યા તેમજ નગારાના આવાજ ઘણા દીલપસદ નિકળતા હતા પેહેલવાન લોકો પોતપોતાના જગી ઘોડાઓ ઉપર સવાર થઇ વિજળીની મિસાલ તલવારે કરીને આદમીઓનુ લોહી રેડવા લાગ્યા છુટભાલડી તથા તીર પેહેલવાન લોકોના બખતર તથા ટોપ ઉપર જઈ વળગતા તેથી ચકાચકનો આવાજ ઉઠતો હતો. નામદાર જહાપેહેલવાન કેરશાસ્પે એ રવેશની સખત લડાઇ દીઠી

જે તમામ જેહાન લડાઇની સફમા સવારો ઉપર બદબખ્તીનો દરવાજો ખોલે છે યાને સવારોના જાન લેવા ચાહે છે તેથી પોતાના શબરંગ ઘોડાને તેજ કરી મેદાનમા આવીને લડાઈનો ગોરજ ઉઠાવી ડાબી ને જમણી તરફ જોશથી કુદવા લાગ્યો જેથી ગોયા તે લશ્કર ઉપર ઝેહેરનો વરશાદ પાણીની જગા વરશતો હતો અને જેમ આદમી ઝેર ખાય અને તુરત મરે તે મિસાલ ફેરશાસ્પના ગોરજના જખમે કરી સવારો હર તરફ જમીન ઊપર પડતા હતા એ પ્રમાણે હાથીઓની સુંઢને તલવારે કરી ટુકડા કરી નાખતો તથા પેહેલવાન લોકોનુ મગજ બાહેર કાહાડી નાખતો. ગોરજનો જખમ મારતો ત્યારે જમીનથી આજેજ આવતી હતી. તે પોતાના ફાદાએ કરી હરેક હુમલામા દશ સવારોને જીન ઉપરથી નીચે નાખતો એવામા એક હાથી મસ્ત પાહાડની મિસાલનો દોડતો આવી જંગી ફેરશાસ્પની કમર ઉપર પોતાની સુંઢની પેચ મારીને ચાહયુ જે ફેરશાસ્પને જીન ઉપરથી ઉઠાવી લે પણ દલેર પેહેલવાન પોતાના ઘોડા ઉપરથી હીલ્યો નહીં અને એક ગોરજ જોરથી તેના ઉપર મારયો કે તેજ વખત તેના ગળામાથી લોહી જારી થઈ તેના સરમાથી મગજ બાહેર નિકળી પડયુ. એ રવેશના ચાર મસ્ત હાથીઓ જીવથી મારીને વાદલની મિસાલ પોકાર કરતો હરતરફ દોડતો હતો એવી સખત લડાઇ જોઇને દેહેસ્ત ખાઇ બીજા તમામ હાથીઓ જહાપેહેલવાનની નજદીકથી નાહસવા લાગ્યા અને એ તરફ જંગી ફેરશાસ્પ દોડતો અને હરતરફ પેહેલવાનો તથા સપેહસાલારોના ઝુંડાઓને ઉંધા નાખતો હતો એ મરદાનગી જોઇ કાબુલી સીપાહો કેહેવા લાગ્યો જે "એ તો જહાપેહેલવાન ફેરશાસ્પ પોતાના બાપની મદદે આવ્યા છે આપણા પાદશાહે આપણને ફરેબ દીધો જે એ ફેરશાસ્પ નથી પણ એ તો પોતે જહાપેહેલવાન હમણા પીછાનવામા આવ્યો" એ રવેશ તમામ કાબુલી પેહેલવાન એકમેક સાથે વાત કરી પાહાડ તથા બીયાબાનમા જેનાથી જયા નહસાયુ ત્યા નાઠા પણ કોઇ શખ્સે બે જણને એકઠા નાહાસતા જોયા નહીં અને સવારો બેહોશીથી આગળ નાહાસતા જમીન ઉપર પડતા અને પ્યાદાઓ હાથીઓના પગ નીચે પાયમાલ થઈ જતા. એમ કરતા આફતાબનો વખત નજદીક આવ્યો ત્યારે લશ્કરનો શુમાર કરતા,

કાબુલી લડાયક સવાર સોલ હજાર કેદ પકડાયા અને પાચ હજાર સવાર માર્યા ગયા પછી દેહેરા તથા કનાત તથા તમામ સામાન તથા હથ્યાર તથા ઘોડા સર્વ એક જગો એકઠા કીધા તેથી તેનો શુમાર કોઇથી કાહાડી શકાયો નહી. જહાપેહેલવાને પોતાના લશકરને હોકમ કીધો કે સર્વ કોઇ જેના હાથમા જે ચીજ આવે તે લેવો, તેજવખત સર્વે લશકરે તેમાથી જે ચીજ પોતાના હાથમા આવી તે લીધી. જે બ દીવાન હતા તેને કેરશાસ્પે શેતાબ જાબુલ મોકલી દીધા બાર હજાર લડાયક સવારો અશરતની સાથે આપીને જાબુલસ્તાનની રવાના કરી પોતે કાબુલ તરફ તરફ ચાલ્યો રાહમા જતા નોબાહ શોબહારના દેહેરા દરમ્યાન જઇ પોહોચ્યો ત્યા જોયશુ કે એક ઘર રોશન ખુશી ભરેલુ દીઠુ તેની ઉપગની દીવાલ ખાલેશ રૂપાની, દરવાજો સુનાનો બનાવેલો અને તમામ જમીન સગીન રૂપાએ કરી મઢી લીધેલી હતી તેના અયવાન ઉપર હર તહરેના શેતારાની શેકલ કાહાડી તેમા આફતાબની ચાલ કીધેલી તમામ કામ ઝળકતા યાકુત તથા પાદશાહી લાયક મોતીનું કીધેલુ હતું તે અયવાનમા ગોહરનુ જડાવદાગ તખ્ત હતુ જેની ઉપર એક સુનાનુ બનાવેલુ પુતલુ રોશન માહાતાબ મિસાલ બેસાડેલુ હતુ, તે પુતલુ હરદમ પોતાના હાથ ઉઠાવી પજા પોહોળા કરી એક પોકાર કરતુ ત્યારે તેના બેઉ હાથ પાણીએ કરી ભરાઇ જતા જે પાણીએ કરી પોતાનુ તને પોતાને હાથે કરી તે પુતલું ધોતુ તે પાણી કોઈ આદમી જામમા એકઠુ કરીને પીતુ તે શખ્સ પોતાની મોરાદ જે કાઇ ધારતો હોય તે રાતના ખુઆબમા જોતો તથા જે ઝાહાડને ફળ નહીં આવતુ હોય યાને વખત ઉપર ફળ તૈયાર નહીં હોએ અને તે પાણીમાથી તે ઝાહાડના થડની નીચે થોડુક પાણી રેડે તો તે ઝાડ તેજ વખત ફળદાર થઇ આવતુ તે પુતળાના તખ્તની આસપાસ પરીની મિસાલની બાડીઓ હતી જેઓને કોઇ આદમી જોય તો તેનું દીલ હાથથી જતુ રેહેતુ યાને તે બાડીને જોઇને બેહોશ થઇ જતુ તે બાડીઓ ઉચા બારીક કપડા તનમા પેહેરીને મોરના પીછે કરી તે પુતલા ઉપરથી તમામ ચીજ સાફ કરી હરદમ તે ઉપર દુવા કરતી હતી તેની નજદીક ઘણાક આદમીઓ બેહેસ્ત પામવાની લાલચે તથા ગુનાહની માફીને વાસ્તે મુરાદ ભર બેઠેલા હતા. સર્વ કોઇ પોતાને અદાજે તે પુતલાની નજદીક અજાયબ ચીજો તથા સુનુ લાવી નજર કરતાં તે દેહે-

રામા જહાપેહેલવાન ફેરશાસ્પે પેલા સાઠ મરદના દરમ્યાનમા પુજારી બેઠેલા દીઠા તેઓમા એક બુઢો મરદ પોતાના હાથમા બતી પકડીને બેઠેલો હતો તે બુઢા મરદને પુછ્યુ જે "એ બાડી લોકો કોણ છે તથા આ પુતલુ કોણનુ છે?" એ સખુન સાભળી તે બુઢો મરદ જગી ફેર-શાસ્પને કેહેવા લાગો કે "એ પુતલુ અમારો ખોદા છે અને બાડી લોકો પોતાના ખોદા ઉપરથી મોરના પીછે કરી માખ ઉડાવે છે. જે એ સવા-બના બદલામા ખુદાએ એવોને રોજીની કોશાએશ કરી બેહેસ્તનો નતીજો આપે તે ઉમેદથી એ બાદીઓ ખીદમતમા ઉભી છે." જગી ફેરશાસ્પ કેહેવા લાગો કે "એ કમબખ્ત ઉંધી અકલના લોકો! એક નાતવાન પુતલાને પોતાનો ખોદા કરી કેહેવો છો પણ એ પોતે નથી બોલતુ, નથી જોતુ, નથી આવાજ બાહેર કાહાડતુ કે નથી નેકી તથા બદી જાણતું.* તમામ જહાનનો સાહેબ તેને કેહેવો લાજમ છે જે તમામ ચીજનો જાણ-નાર અને નેકી તથા બદી ઉપર પાદશાહ કરી કેહેવાય છે યાને પોતે દુનિયાના લોકોને નેકી તથા બદીથી વાકેફનો કરનાર છે અને તેના હોકમે કરી દુનિયા પેદા થઇ છે તથા આ દુનિયામા જે કાઇ ચીજ છે તે તેણે પેદા કીધી, તે ખોદા ચાહે તો જમાનાના લોકોને બુઝર્ગી આપે યાતો બુઝર્ગી પાછી છીનવી લીયે, તથા જે ઉપર મેહેરબાન થાય તેને એક લેહેજામા સઘળી વાતે બેનેયાજ કરી મેલે યાને ઘણાક આદમીઓ ઉપર સરદારી આપી તેની મોરાદ હોય તે રવા કરે અને તે સાહેબ સર્વ ચીજ ઉપર ગાલેબ છે યાને ઘણો જોરમદ છે નહી જે આ તમારા ખોદાની મિસાલ એક મછર ઉડારવાનુ જોર નથી રાખતો! તે તો તમામ કુદરતનો સાહેબ છે એ હેમક લોકો! તમો અદેશો કરી વિચારો કે કોઇ ઉપર એક માખ બેસે તેને બીજો શખ્સ ઉડાવનાર જોઇ-

---

* ફેરશાસ્પને અહીંઆ મુર્તીપુજાની સામે બોલતો ચીતાર્યો છે પણ પેહેલવી પુસ્તકો પ્રમાણે એ પેહેલવાન પોતે મુર્તીપુજા તરફ ઢળેલો હતો (જુઓ પેહેલવી વદીદાદ, ફરગરદ ૧) અને માજદયસ્ની દીન ઉપર એતબાર રાખતો નહી હતો કેટલાએક કહી ગયા છે કે એ સુદરેહ કુસ્તી પેહેરતો નહીં.

એ તો બીજા લોકોને એ આફત તથા બદીથી કેમ નેગાહ રાખી શકે ? અય ગુમરાહ લોકો ! અગર એક તમારો બાહામન જો મેને મળતે નહીં અને સોગદ નહીં દેતે તો તમારૂ, તમારા ખોદાનુ તથા બીજા સર્વ કોઇનુ સર તનથી દુર કરતે અને એ તમારા ખોદાનુ ઘરબી ખરાબ કરી નાખતે.” એ પ્રમાણે કેરશાસ્પે તે બાહામનની નસીહત યાદ કરીને કોઈ સાથે બદી નહીં કીધી અને એકાએક તે દેહેરામાના લોકોને આજાર નહીં દીધો પણ તે જગોથી કુચ કરી તમામ લસ્કર કાબુલ શેહેરની તરફ ચલાવ્યું તે શેહેરની નજદીક જઇ તમામ શેહેર ઘેરી લીધુ. તે શેહેરમાથી શુ મરદ કે શુ ઓરત એ તમામના રદનનો અવાજ જહાપેહેલવાને પોતે તથા તમામ લશકરે સાભળ્યો

આજેજ થયો કાબુલનો પાદશાહ અને નામું લખ્યું જહાંપેહેલવાન કેરશાસ્પ ઉપર તે હકીકત.

હવે પેલી તરફ કાબુલનો પાદશાહ ગમ તથા દરદ ભરેલો પોતાના સપેહસાલારોને કેહેવા લાગ્યો કે “એં કેરશાસ્પ જેવો તુદ તથા આદમીઓનો લોહીનો પીનારો કોઈ શખ્સ થયો નથી અને કદી થશેબી નહીં, કાએજે તેને આપણ જેવા હજારો સરદારો તથા પેહેલવાનોને મારી નાખ્યા વળી હજુર દુબાલો મેલનો નથી પણ લડાઇ તલબ કરે છે” એટલુ પોતાની મજલીસની નજદીક કહી એક નામુ છુપુ કેરશારપ ઉપર લખી તેમા તમામ મીનતજારીથી લખ્યુ જે “એ જગી પેહેલવાન ! અગર એક ગુનાહ મારાથી થયો ને મે તમો સાથે બેફરમાની કીધી તેનો બદલો તો હુ પામ્યો કે એ રવેશ ખજાનો તથા લસ્કર ખરાબ કરી પાછો નાસી આવી તારા તાબામા રહયો છુ એ કરતા મને તેનો બદલો ભુંડો શુ મળે અને મારા શેહેરના તમામ આદમીઓ વગર

માથાના થઇ ગયા યાને તારા હાથ ઉપર મારયા ગયા અને જે કોઇ હૈયાત છે તેના ધરમા તમામ રદન શિવાય કાઇ બીજો પોકાર નથી આવતો વાસ્તે પાક યજદાથી તથા કેયામતના દહાડાથી કાઇ અદેશો કરી મારા લશકરની ખુનરેજી કરવાથી હવે હાથ ઉઠાવ ! અગર જો એ વખતમા તુ મને જીવતદાન આપી ગુનાહ માફ કરે તો જે કાઇ મારા બાપદાદાથી સલામી આપતા આવ્યા છીયે તે કરતા હુ બમણી સલામી તને આપુ. પણ એ વખતમા મારો ગુનાહ માફ કર ! હુ જીવુ ત્યા સુધી તારા ફરમાનમા રહુ તથા તુ નામદારના ખેદમતગારો રેકાબ પકડીને ચાલે છે તે મિસાલ હુ તારો એક કમીનો બદો થઇ રહુ." એ રવેશનું નામુ લખી જહાપેહલવાન ઉપર મોકલ્યુ તે કેરશાસ્પે વાચીને નામબારદારને ગોસાથી કેહેવા લાગ્યો જે "તારા શાહને કેહેજે કે તું લડાઇથી આજેજ થઇ મકર તથા ચારા કરે છે કોઇએ બીજા તરફ આગળ નેકી કીધી હોય અગર તે શખ્સ એ રવેશ આજેજી કરે તો પોતાને એવી આફતમાથી છોડવે તથા જે કોઈ આપણી સાથે બતીની મિશાલ નેકી કરે યાને આપણી નજદીક રોશની કરી પોતાના તનને બાળે તે મરદ સાથે એ વખતમા ખુબી કરવી જરૂર લાજમ છે પણ કાબુલના નાપાક પાદશાહે મારા બેશના લોકોને મારયા વાસ્તે તેને મારી સાથે હવે બનાવ ક્યાથી હોય અને અમારા બન્નેના દીલ એકઠા શાથી થાય ? જે સાપને પુછડી પકડીને ઉચકે તે વખતે સાપનુ કાઈ ચાલતું નથી પણ અગર જો ફુરસદ પામે તો પુછડીનો પકડનાર જાણે જે મેં સાપની પુછડી પકડીને આજેજ રાખ્યો છે પણ એવો તો દખ તેને મારે કે તે શખ્સ પાણી પીવાનો ઈંનતેજાર રહી જાય તે મિસાલ તું મને છેડીને હરગીજ જીવવાનો નથી એ તુ ખાતર નીશાથી જાણજે ! તુ જાણે છે જે હુ માગ શેહેરમા આવી નચીંત થઇ બેઠો છુ અને હવેં મને લશ્કરનુ કામ નથી પણ એ બેહુદો ખ્યાલ તારા મગજમાથી બાહેર કાહાડી નાખજે ! કાલ રોજે તમારા લોહીએ તમામ નદીનુ પાણી લાલ મજીઠના રંગની મિસાલનુ કરૂ. અગર એ તારા શેહેરનો કીલો આસમાનની મીસાલ જબરદસ્ત હશે તો તેને બીયાબાનની મિશાલ વેરાન કરી નાખી મારી તેજ તલવારે કરી તારૂ સર તનથી જુદુ પડવાનું અને તારૂ તન ખાકમા લોહી સાથે લોટવાનુ. એક તલવાર સફેદ હીરાને રંગની નવી

મારી પાસે આવી છે તેને માટે મે માન્યુ છે કે તે તલવારને પ્રથમ કાબુલના પાદશાહ ઉપર અજમાવુ તમામ દરદાના કાન તથા આખ યાને ઉમેદ તારા લશકર ઉપર છે જે કેરશાસપ ક્યારે લશ્કરનુ લોહી પોતાના ગોરજે કરી રેડે ને કાબુલી લશ્કરને કયારે મારે જે હમારો ખોરાક થાય. મારા નેજાનુ નોક તારા મગજની ઉમેદ ઘણી રાખે છે અને હું ગીધને વધાઈ દઈ આવ્યો છુ જે અગર તમોને ગોશ ખાવાની ખાહેશ હોય તો કાબુલ શેહેરમા આવી પોહોચજો!" એ તમામ સખુન પેલો નામાનો લાવનાર કાસદ સાભળીને શેતાબ કાબુલના પાદશાહની આગળ ગયો અને તે પાદશાહને સર્વ બીના કહી એ હકીકત સાભળીને પાદશાહનો હોશ દીલમાથી ગુમ થયો. પછી લશકરને બોલાવી તમામ હકીકત કહી પણ તે લોકોથીબી કાઇ દલેરી દીઠી નહીં યાને પોતાના સપેહસાલારોથી પાછો લડવાનો જવાબ નહીં મળ્યો કોઇએ જગી કેરશાસ્પની લડાઇ સામે દમ નહીં માગ્યો તેથી કાબુલનો પાદશાહ ઘણો ગુમરાહ થઇ ગયો એ ખબર તેના લશકરને થઇ તેથી લડાઇનો સામાન તેજ જગાએ પડતો મેલીને સર્વ કોઇ જ્યા નહસાયુ ત્યા નાહસી ગયા તેથી પાદશાહે એક સવારી મોટી સખ્તીએ કરી પોતાની સાથે લઇ પોતાનો કબીલો તથા ખજાના વિગેરે સર્વ ચીજ તે જગાએ પડતી મેળીને પોતે બાહેર નિકળી મુલતાનની તરફ નાઠો એ ખબર જહાપેહેલવાનને થઇ તેથી તેજ વખત ઘોડા ઉપર સવાર થઇ લશકર સાથે પાદશાહનો દુબાલો પકડવા શીતાબ પવન મિસાલ કુદતો ગયો તેની નજદીક જઈ પોહોચ્યો પોતાનો ગોરજ ઉઠાવીને એવોનો તેના માથા ઉપર માર્યો જે તેનું કદ જમીન ઉપર છુપાઇ ગયુ યાને તેનુ તન જમીન ઉપર માલમ નહીં પડયુ પછી એકસો સવાર તેની સાથે હતા તેના હાથ બાધી પોતાના લશ્કરમા લાવી કેદ કીધા અને કાબુલ શેહેરને ખરાબ કરવા પછવાડે લાગ્યા તમામ લશ્કરને હોકમ કીધો જે શહેરમા લુટ ચલાવે. તમામ શેહેરમા આતશ મેળી બાળી નાખી સર્વે તારાજ કરી નાખ્યુ અને શેહેરમાથી લુટનો સામાન તમામ લશકરે એક હફતા લગી પોતાનાં મકાન ઉપર લાવી નાખ્યો. એ મિસાલ કાબુલ શેહેર જેરોજબર કરી

નાખ્યુ, તે એવુ જે એક ઈંટ દિવાલની જગા ઉપર બરકરાર નહીં રહી તથા ઘણાક મરદ તથા ઓરત તે શેહેર બાહેર નિકળી ગયાં હતાં તે આવી જહાપેહેલવાનની નજદીક પોકાર કરી રડીને ફરીઆદ કરવા લાગ્યાં. એ રવેશ નાના મોટાનો પોકાર જોઇ જહાંપેહેલવાને દીલમા મેહેર લાવી તે લોકોને જીવતદાંન બક્ષયુ જહાપેહેલવાને બદીથી હાથ બધ કરીને કાબુલના પાદશાહની દરબારમા જવાનો કસદ કીધો ત્યા જતા રાહ દરમ્યાન એક તગ ગલીમા એક ઓરત ઘણી પાકીજેહ તથા ખુબસુરત દીઠી તે ઓરત તમામ લશ્કરને પુછતી હતી જે "નામદાર લોકોનો સાહેબ ફેરશારપ તે કાહા છે? એ લશ્કરના સવાર! તમો તે જંગી ફેરશારપને કેહો જે તે શેતાબ એ ઘરમા આવે કે મારા ઘરમા આવ્યાથી તેને ફાયદો થશે." સપેહેસાલાર ફેરશારપે જાણ્યુ કે એ બેહુંદી ઓરત નાપાક મકાર છે પેલા બ્રાહામને પુરો વાકેફ કીધો છે પછી પોતે અંદેશો કરી કાબુલી લશ્કરના બદીવાનોમાથી એક શખ્સને કદાવર જોઈ તે ઓરત પાસે મોકલ્યો કે ફેરશારપ તે એ મરદ છે એટલુ સાભળી તે ઓરત પેલા મરદને પોતાના ઘરમા લઇ ગઇ ત્યા એક જગોએ ઘટીનો પથર દરવાજાના ઉપર નીચે જાદુઇ કરી મેલેલો હતો તે મરદનું અંદર દાખલ થવુ કે પેલો પથર ઉપરથી પડવાથી તે મરી ગયો એ ખબર જહાપેહેલવાનને થઇ તેથી આતશ રોશન કરી તે ઘરને સલગાવી દીધુ, જેથી તે જાદુગર ઓરત તથા તે ઘર એ બને સાથે બળી ગયા પછી જેહાંપેહેલવાને હક્તાલાની દરઘાહના શુક્રાના કીધા જે તે મને આજ રોજે એ બદીથી આઝાદ કીધો યાને સલામત રાખ્યો છે આગલ ચાલી કાબુલના પાદશાહના અયવાનની તરફ મોહો કીધુ તે જગાએ આવીને પોતે તેના તખતં ઉપર બેઠો અને તેનુ અયવાન તમામ ખજાનાથી ભરેલુ હતુ તે શેતાબ ખાલી કીધુ. જે કાઇ ચીજો જમીનમા ડાટેલી હતી તે બાહેર કાહડી પોતાના કબ્જામા લીધી તે જગાથી મોતી વીગેરે ઘણોક સામાન જંગી ફેરશારપનાં હાથમા આવ્યો તેમાથી કેટલોક ખજાનો હાથી, ઉંટ તથા પાડાઓ ઉપર બાધીને અશરતની તરફ મોકલ્યો. એ મિસાલ બેશુમાર અશબાબ તથા ઘણોક ખજાનો પોતાના બાપ તરફ રવાના કીધો. પછી પોતે તે પાદશાહી

તખ્ત ઉપર બેઠો અને ખુશી થઈ શરાબ બાજી કરવા લાગ્યો પાદશાહના મેહેલમાથી ફુલની મિસાલની અને નાજુક તનની ઘણીક ખુબસુરત બાદીઓ કેરશાસ્પના હાથમા આવી તે દરમ્યાન એક ઓરત માહાતાબ મિસાલના ચેહેરાની અને આદમીઓના દિલને દિવાનુ કરનાર નાજનીં હતી, જે કાબુલના પાદશાહની બેટી હતી. તે ઓરતની મોહોબત ઉપર જેહાપેહેલવાનનું દિલ દોડવા લાગુ ,તેની ઉપર કેરશાસ્પની પુરી ખાહેશ થઈ તેથી તે બેટીની મા ઉપર મેહેલમા એક મરદને મોકલીને તે સાથે નેકા કરાવવાનું પુછાવ્યુ કેરશાસ્પ પોતે તે બેટી ઉપર એવોતો દિવાનો થયો જે તેના વગર એક ઘડી તેનાથી સબર નહીં થતી હતી. જે દાહાડે શેકાર મારી આવતો તે દાહાડે પોતાના સપેહેસાલારોને દુર કરી તે બેટી સાથે પોતે સુફ્ગ ઉપર ખાણુ ખાતો અને જોક કરતો પણ તે બેટી પોતાના બાપના કીનામા વખત જોયા કરતી કે ક્યારે ફુરસદ પામુ કે મારા બાપનો કીનો એની ઉપર લેવુ. એ અ દેશો કરી પોતાની બદબખ્ત મા સાથે મનસુબો કરતી જે આપણે પેહેલવાન કેરશાસ્પને છુપુ ઝેર દઇ મારી નાખ્યે. એ રવેશે મનસુબો કરી તે બેટી જાહેરમા જેહાપેહેલવાનની નજદીક નરમ અને થોડુ બોલતી પણ પોતાના બાપના કીનાનો દાઘ દિલમા ગરમ રાખતી, તેથી એક દિન જેહાપેહેલવાન શેકાર કરી ઠાકી ગયલો મેહેલમા આવ્યો અને તે બેટી તથા તેની મા કેરશાસ્પની નજદીક એકલા ઉભા રહી બાદી લોકો મિસાલ ખીદમત કરવા લાગ્યા તે બેટીએ પોતાના હાથમા બીલોરની જામ લાલ શરાબે કરી ભરેલી આફતાબની મિસાલ રોશન પકડેલી હતી અને તેમા પેહેલવાન નહીં દેખે તેમ તે બેટીની માએ ઝેર લાવી મેલ્યુ અને બન્ને જણા કેરશાસ્પને કેહેવા લાગ્યા જે 'અય પેહેલવાન ! આજ રોજે તુ ઘણો રજ દેખી થાકી આવેલો છે વાસ્તે હવે ખુશી થવા આ શરાબની જામ પી તનની સુસ્તી તથા ઠાક દુર કરી નાખ !" જેહાપેહેલવાન આસ્તે રહી જોય શુ કે તે શરાબની જામ શીહા નજર આવી તેથી તેને પેલા બ્રાહામનની નસિહત તુરત યાદ આવી. તે બેટીને કેહેવા લાગ્યો જે "એ માહરોય! આજ રોજે એ શરાબની જામ મારી યાદમા તું પી !" એટલુ કેહેવું કે તે બેટીના બન્ને ગાલ

અનારના દાનાની, મીશાલ લાલ હતા તે કેરબા મિસાલ જર્દ થઇ ગયા અને આખમાથી મોતી મિસાલ આસુ ગળવા લાગ્યા પણ લાચારીના સબબે તે શરાબની જામ કેરશારપની નજદીક ઉભી રહીને પીધી તેવીજ જમીન ઉપર પડી પોતાનો જીવ ખોદાતાલાને સોંપ્યો ! તે બેટીને જોઇ તેની માનુ દિલ નાતવાન થઈ ગયુ અને દિલના ગોસ્સાએ પેહેલવાન સાથે લડવા લાગી ત્યારે તેજ વખત પેહેલવાને છીને તેજ ખંજરે કરી તેનુ માથુ દુર કરી નાખ્યુ અને તેના કરતુકના ફળ ચાખવા પેલી જેહાન રેવાના કીધી.

હવે આ કેતાબનો જોડનાર શાએર એમ કહે છે જે કોઇ ઓરતોના મકરથી દરે તે શખસને દાના તથા અકલમદ નહીં કેહેવો જોઇએ તથા જે ઓરત નેક હોય તેના ઘરમા ગોયા ખજાનો તથા નેઆમત મોજુદ જાણવી અને જેની ઓરત ભુડી તથા બદજાત હોય તેના ઘરમા ગોયા દેવ તથા સાપની વસ્તી જાણવી કમઅકલ ઓરત જાહેર બોલવામા લીલા ઝાડના પાતરા મિસાલ નરમ તથા ખુશનુમા છે પણ પોતાના પેટમા સાપ મિસાલ ઝેર રાખે છે ફાવે તો આદમીઓને ફરેબે કરી મારી નાખવાને બી ડરે નહીં

જેહાપેહેલવાન કેરશાસ્પ તે બન્ને ઓરતોની બાબતથી ફારેગ થયો ત્યાર પછી પોતાના લશકરમા એક પેહેલવાન ઉચી જુન્યાદનો હતો તેને બોલાવી કાબુલ શેહેરની પાદશાહી સોપી પોતે લશ્કર સાથે જાબુલસ્તાન જઇ એક મહિનો તે જગ્યા રહયો તથા કાબુલી બદીવાન લોકો જે લડાઇમા પકડાયા હતા તેમાથી ત્રીસ હજાર આદમીઓને કેરશાસ્પે 'જેરજ' નામનુ શેહેર જેને શીશતાન કરી કહે છે ત્યા મોકલી દીધા, કારણ કે તેણે પાક યઝદાના સોગદ ખાધા હતા જે અગર કાબુલી લશ્કર ઉપર ફત્તેહમદી પામુ તો જે બદીવાન પકડુ તેના લોહીએ શીશતાનનો કીલ્લો બાધુ તેથી તે જગો કાબુલી બદીવાનોને મોકલી દીધા અને પોતેબી તે જગા જવાનો કસદ કીધો.

નસીહત કીધી પાદશાહ અશરતે પોતાના બેટા જગી કેરશાસ્પને તે હકીકત.

જેહાપેહેલવાને કેરશાસ્પને શીસતાન જતી વખતે તેના બાપે પોતાની નજદીક બોલાવી ઘણોક નવાજયો અને કહેવા લાગ્યો જે "અય બેટા ! તુ તો દાના છે તેથી તને નસીહત કરવાની કાઇ જરૂર છે નહીં, પણ જવા મરદ ! અગર તુ ઘણો દાના અથવા મકર તથા હુનર ભરેલો હોય તો પણ બુઢા લોકોના કામ તથા તદબીરને પોહચે નહીં. હરેક જવામર્દથી કીનો તથા લડાઇ સખત થાય અને બુઢા મરદોથી તદબીર તથા અકલે કરી કામ થાય, યાને જવામર્દ પેહેલવાનો લડાઇ તથા પોતાના કૌવતે હરએક કામ કાહાડી મુલક તથા કીલ્લા જીતે અને બુઢા મર્દો પોતાની અકલ તથા તદબીરે કરીને લીયે બુઢા મર્દ અકલમદ અને દાનાઇથી ભરેલા હોય તેમજ જવામર્દ ખુની તથા લડાયક હોય, વાસ્તે હાલ તું પોતાના બખ્તે કરી પાદશાહીને પોહોચ્યો છે પણ તે તાજ તથા તખ્ત ઉપર તો તને બુઝર્ગી ઘણી જોઇએ પ્રથમ તને પાદશાહી કરવાની ખાહેશ હોય તો પોતાના બાપ દાદાની ચાલ તથા ભલી રાહ હકતાલાની શીખ યાને પ્રથમ એ બન્ને ચીજથી વાકેફ થા ! સાભળ ! પાદશાહ લોકોની ચાર એબ ઘણી ભારી છે, એ કરતા બીજી એબ કાઇ પાદશાહોને ઘણી બુડી નથી. તેમા એક તો એ જે બેહુદી અકલે કોઇ આવીને એક સખુન નેક યા બદ કહે તેને પોતાના દિલમા ઉતારે નહીં તથા તેની તજવીજ કીધા વગર તરત તે સખુન કોઇ શખ્સે આવીને કહ્યા તે ઉપર અમલ કરે. બીજુ એ જે નામર્દી યાને એક કામ પોતાની નજદીક સખત આવી પડયુ તેથી આજેજ થઈ નામુરાદ થઇ જાય ત્રીજુ એ જે બખીલી કરે ચોથુ એ જે હરએક કામમા આળસ કરે. એ ચારો ચીજમાં ઘણી હુસ્યારી જોઇએ નહીં તો એ જેવી બીજી કાઇ ચીજ ભારી નથી. પાદશાહ લોકોને અકલ છે તે ગોયા એક તાજ છે તથા હોશ તથા દાનાઇ છે તે ઘણુ નેક લશકર છે પાદશાહોને મોટો ખજાનો તે

દાના તથા અકલમદ આદમીઓની સોબત છે લડાઇના પેહેલવાન છે તે ગોયા પાદશાહનુ સખત બખ્તર છે. તે પાદશાહ બેહેતર છે જેને ઘણા અકલમદ દોસ્ત હોય અને સર્વ કોઇને પોતે જે કાઇ આપવુ હોય તે આપે પણ કોઇ પાસેથી ચીજ માગે નહીં તથા પોતાનિ સરકારના પેશકારો ઉપર તાકીદ રાખે જે સર્વ કોઇ પોતાના તાલુકા ઉપર ઓસ્તવાર રેહે અને એકેકના પેશામા બીજાને મદદ કરવા નહીં જાએ યાને બીજાના તાલુકા ઉપર નજર રાખે તો તેથી પોતાનો તાલુકો જળવાય નહીં વાસ્તે તાકીદ રાખવી જે સર્વે કોઈ પોતાના તાલુકા ઉપર હુસ્યાર રહે તથા જે કોઇ રાત દિન પાદશાહની મસલતમા હોય તે ઉપર પાદશાહને નચીંત નહીં રૈહેવુ જોઇએ પાદશાહો દાદ લેવાથી તથા બક્ષેશ કરવાથી કરી નેકબખ્ત હોય. જે પાદશાહોનુ બખ્ત દાદ તથા બક્ષેશ સાથે હરદમ નેક સોહોબત રાખે છે તથા તે ચાહે જે હુ પાદશાહી કરૂ અને તેનુ નામ રહે તો પોતે સખાવત કરવી જોઇયે હરએક કામમા અકલ તથા દાદનો પેશો કરતો રેહેજે, જે વજીર રાખે તે જુનો અને નેક અકલનો હોય તેને રાખજે કે હરવખ્ત તને મુશકેલી આવી પડે તો પોતાની નેક અકલે કરી તારી મુશકેલીને દફે કરે. તે હરેક ચારામા એક દિલ તથા તને રાહનો દેખાડનાર હોય સીપાહી લોકો પોતાની તલવારે કરી તારો ગમ દફે કરી ખજાનો વધારે તથા દાના વજીર હોય સે પોતાની નેક તબેથી સર્વ હાથમા લાવી શકે તુ હમેશ એક દોસ્ત નેક કામનો કરનાર તથા આબાદીનો ચાહનાર હોય તેને રાખજે જે કાઇ નવી રસમ તુ એકાયક ધરવા જાય તો તને તારા મોહોડા ઉપર કહી શકે કે એ નાદરૂસ્ત કામ તુ શા વાસ્તે કરે છે તથા પોતાની અરજ બેદેહસ્ત કરે. તે ઘણો દાનાવ તથા લાલચ વગરનો હોય અને તારી દરબાહને સારૂં લાગે તેવા કામ કરે અને સર્વે કોઇના મરતબાને પીછાણી તારી રજા લઈ જે કોઇને શેતાબ અદર બોલાવવો હોય તેને બોલાવે પણ તે દેખા- વમા નેક યાને ખુબસુરત હોય તો સારો, કારણ કે હરદમ તારા મોહોડા આગળ આવે અને પારકા આદમી તેને જોય તો તેની ખુબસુરતીએ કરી તારો દબદબો વધે કે પાદશાહનો અરજબેગી એ રવેશનો છે વાસ્તે અંદર

મેહેલમા ઓરતો કેવી ખુબસુરત હશે? તે અરજબેગી જે કાંઇ તુને કેહે તે વખત જોઇને કેહે નહીં કે બેઅકલી મિસાલ વખત બેવખત જે મનમાં આવે તે તને જાહેર કરે અને દરબારના સર્વે લોકોને તેને અંદાજે આબરૂ આપજે તથા એક નવીશનદો ઘણો પાકીજેહ ખતનો લખનાર, સર્વે ચીજનો જાણનાર, હીસાબનો કરનાર, ચાલાક યાદદાસ્તનો રાખનાર હોય તેને મુનશીગીરીના મરતબા ઉપર રાખજે કે તારો ભેદ કોઇની આગળ કહે નહી ને દીલથી તારો બંદો થઇ રેહે બાજે જગો નામુ લખવુ પડે તો અંદેશો કરી પોતાની દાનાઇથી લખે અને તેનુ દીલ હરેક વાતથી હાથમા લાવે. પેહેલવાન લોકો એવા જોઇએ કે કીનો લેવાની તેઓમા ખાહેશ ઘણી હોય, ઘોડા એવા જોઇયે કે લડાઇને વખત ઘણી તેજી રાખતા હોય અને તે પેહેલવાનો લડાઇમા જોસ્સો કરી દલેરીથી અંદર પોતાને ઝુકાવે યાને એકાએક પાછા નાહાશે નહી ને તમામ વરશ તારી ફરમાબરદારીથી બાહેર નહી નિકળે જેઓ લડાઇના હથ્યાર તમામ પોતાની પાસે રાખતા હોય તેને શાબાશી કહી મરતબો વધારતો જજે. હંમેશ ખબર રાખજે કે લશકર બેકરાર નહી બેસે, તેમજ રજથી આસુદે નહી રેહે પહરેજગાર તથા દરવેશ લોકો હોય તેને બાઆબરૂ રાખી તે લોકોની ખબર લેતો રેહેજે, સબબ કે એવા લોકોની દુવા કામ કરે છે, તે સીપાહી તથા લશકરથી નહી થઇ આવે. તારી સરકારના લોકો જે કોઈ તારી નજદીક કારોબાર કરતા હોય તેને એટલો પાવર ના આપતો જે બાજે કામ કરે તે તારા પુછ્યા વગર કરે અગર તેણે પુછ્યા વગર કામ કીધુ તો તુ પોતાની પાદશાહીથી હાથ ધોજે પોતાના શેહે-રના માહુકાર લોકોના હાથમા હથ્યાર ના રાખવા દેતો. જો તે લોક પોતાના હાથમા હથ્યાર રાખે તો તારા પાદશાહી લશકરનો કાંઇ દબદબો રેહેશે નહીં જે તુ જાણે કે એ શખ્સ મારી બરાબરીનો છે, યા અગર કોઈ નીચા આદમીથી તું આજોર્દે થાય પણ તે શખ્સમા કાંઈ હુનર હોય તો તે ઉપર કાંઈ ગોસ્સો ના કરતો અલબતે તેના હુનરથી તારા શેહેરને આબરૂ રહે છે ને બીજા લોકો એમ કેહે કે ફલાણા પાદશાહના સેહેરમા હુન્નરમંદ આદમીઓ રેહે છે. સર્વે કોઇને અંદાજે એકાએક ઉપર

નેગાહ કરજે અને હુનરને અંદાજે મરતબો વધારજે જે તારી સરકારનો પુરો નેકખાહ હોય અને તું પોતાની ખાતરનીશાથીં તે શખ્સને દોસ્ત ધારતો હોય અને અગર તે મરદમા કાંઈ એબ હોય તો તેની એબને તું હુનર કરી જાણીને તેનો મરતબો વધારતો રેહેજે બેદાદીએ કરી એક ચીજ કોઇ પાસે ના લેનો પણ ઇનસાફ તથા દાદની રૂહે તે રાજી થઇને તને આપે તો લેજે અથવા હરેક વાતે તેને રાજી કરીને તે ચીજ તુ લેજે. જુહું બોલવુ વાતમા હરગેજ ના કરતો તેમજ ગોસ્સાને વખત જે કાંઈ અંદેશામા આવે તે ના કરતો કારણ કે પાદશાહ લોકોનું કીધેલું એકાએક ફરે નહીં, એવુ કામ કીધા પછી વીચારી જોય અને પશેમાન થાય તે શા કામનુ? બે શખ્સોનો કજીઓ ચુકવવા બેસે ત્યારે તું એક શખ્સની શરમ કરી તેની તરફદારી ના કરતો, કાય જે તેથી ખુદા-તાલા ઘણો નાખુશ છે પોતાની રૈયતમા જમીનના ખેડનાર હોય તે લોકોને તમામ આશાયશ તથા ઘણો દિલાસો દેઈને રાખજે કે જેથી તારા મુલકને જીયાન નહી પોહોચે તેમજ પોતાના ઘેરના દુજાના ઢોર તથા જમીનના ખેડનાર હોય તેની ખબર હમેશા લેતો રેહેજે કાયકે વખતે તેઓ ઘાસ તથા પાણી વગર રેહે, જો રહેતો એનો ગુનાહ ઘણો ભારી છે જે મશકેરીનો કરનાર તથા નકલનો કાહાડ-નાર હોય તેને હરગેજ પોતાની નજદીક બોલાવીને કોઈની મશકેરી ના કરાવતો એથી તારીબી હોરમત તથા આબરૂ નહી રેહેશે. જેના ઉપર તુ ગુસ્સો કરી ભવા ચહડાવે તે વખત હરગેજ એકાએક હસતો ના, પણ પોતાનો ચેહેરો ગુસ્સાથી દબદબા ભરેલો રાખજે તથા જે શખ્શને તેં બુઝર્ગી તથા મરતબો આપ્યો હોય તે મરતબો તેથી એકાએક વગર ગુનાહે છીનવી ના લેતો અગર તેનાથી એકુ ગુનાહ થયોતો તે ઉપર નેગાહ રાખજે પણ મનસબ આપે તો હરગેજ પાછો લેવો નહી-જેથી સવે કોઇને તારી ઉપર એતબાર રેહેશે જેહાનના સાહેબે તુ ઉપર કરમબખ્શેશ કરી નેકી કીધી તો તુબી સર્વ કોઇ સાથે નેકી કર—યાને હકતાલા તારા ઉપર બક્ષેશ કરે તો તું તારી ખલક ઉપર બક્ષેશ કરતો રહે જે બેગુનાહ હોય તેની બુરાઇ કોઇ બીજા સખ્શે તારી નજદીક આવી કહી તો તુ બેશ

જાણજે કે તે શખ્સમા હુનર હશે તે એ દેખી નહી શકતો વાસ્તે તેની બદગોઇ તારી નજદીક આવીને કેહે છે' કારણ કે જે ઝાડ ઉપર મેવો ઘણો હોય તે ઉપર પથર ઘણા પડે તે મિસાલ પેલામા હુનર જોઇને તેની બદી નાહક તારી આગળ આવીને અદેખા લોકો કહે જે નવી ચાલ હોય તે તું હરગેજ ના ધરતો કે તે રસમ જ્યાલગી રહેશે ત્યા સુધી તારી ઉપર લ્યાનતનો વરશાદ વરશે વાસ્તે જે કાઇ આગળ રસમ ચાલતી આવી હોય તે ઉપર અમલ કરતો રેહેજે કે તેથી કોઇ તને બદનામી નહી પોહોચાડે તથા જ્યા સુધી પોતાના મુલકની હદ હોય ત્યાસુધી રાહ વાતપાડાઓથી સાફ રાખજે અને જે કોઇ ચોર લોકોને તુ પકડાવે તેનો એલાજ તલવાર તથા સુળી વગર કાંઈ બીજો ના કરતો યાને તલવારે કરી મારજે અથવા સુળીએ ચહડાવજે જે વખત તુ જગા ઉપર બેસે તે વખત જે તારી ઉપર જખુન તાકતા હોવ તે શખ્સને શેતાબ બેસવાનો હોકમ આપજે અને જે તારા નેકખાહ હોય તેને તારી નજદીક રેહેવા દેજે દુશમન સામો ઉભો રેહે ત્યારે તે ઝડપથી દોડતો આવી તને મારતા વીલબ નહીં લગાડે વાસ્તે તેવા લોકોને શેતાબ બેસવાનો હોકમ કરજે કોઇની ઓરત ઉપર પાદશાહીને જોરે કરી જુલમ ના કરતો, એ કામમા હકતાલાથી દરતો રેહેજે જે નેક કામ તે જહાનમા મદદે આવે તે કરતો રેહેજે કાય કે નાનો ગુનાહ જે પાદશાહ લોકોથી થાય તેને મોટો ગુનાહ દુનિયામા લોકો જાણે છે યાને પાદશાહોએ ગુનાહ કરવા નહી જોઈએ અને બાજે ગુનાહ કરે તો તેને મોટો ગુનાહ કેહે છે કારણ કે પાદશાહો છે તે આ જહાનમા ખુદાનો નમુનો છે દાદ અને ઇનસાફનો દરવાજો દાદના ચાહનાર લોકો ઉપર બધ ના કરતો યાને જે કાઇ તું બોલે યા સોગદ ખાય તે ઉપર ઘણો ઓસ્તવાર રહી તે કામ સરજામ પોહોચાડજે કે તેથી પાદશાહીને ઘણી મજબુતી કહેવાશે. તુને કાઇ કામ આવી પડે તે કામ અગરજો સલુક તથા નેકીથી થઇ આવે તો કરજે પણ જો નેકી કરતાં તે કામ નહી થાય ને બદીથી થઇ આવે તો સુખેથી કરજે પણ પ્રથમ નેકી કરજે. જે આગળા બુઝર્ગોની નેકીના દાસતાન જાણતા હોય તે દાસતાન તારી નજદીક

રાત દાહાડો કેહેતા રેહે એવા આદમીઓ સાથે હરવખ્ત બેસવું રાખી આગળા પાદશાહોની કરણી સાભળતો રેહેજે! અગર કોઇ પાદશાહની વાતમા તને ખતરો આવે તો તુ પોતાનો નેક રવૈયો હોય તે ઉપર ચાલજે પણ તે બુઝર્ગોની વાત સાભળતો રેહેજે! અગર કોઇ ચુગલીખોર હોય તેને તુ તારી નજદીક આવવાનો હોકમ ના કરતો અગર આવે તો તેની વાતને દિલમા ના ઉતારતો! જે નાપાક ફરેબ કરી આદમીઓને માહોમાહે એક બીજા સાથે લડાવે તે શખ્સને સખત નુકસાન કરજે તારા શેહેરમાંથી તમામ ફેસાદ ભાગી જાય તેમ કરજે. તારી સરકારમા કામના કરનાર જે હોય તેઓને શાબાશી કહી હર મીજલસમાં તે લોકોની તારીફ કરતો રેહેજે કે તે જોઇને બીજા શખ્શોબી તારા કામ ઉપર જીવ ફિદા કરે. કેટલાક શખ્શોને તાલુકો આપી મેલજે કે તારા મુલુકોની તજવીજ કરી આવીને તારી નજદીક જાહેર કરે કે ફલાણો શખસ શેહેરમા ઘણી બેદાદી કરે છે યા હરેક ચીજના તાલુકદારો ઇજારા કરતા પૈસા વધતા ઉઘરાવી લીએ છે એ વીગેરે જે કાંઇ જુલમની હકીકત હોય તે તારી નજદીક આવીને કહે. જે શખ્સને તું જાણે જે વધતો મનસબ આપ્યાથી તારા તાબામા એકાએક રેહેશે નહી તેવા શખ્સનો ઘણા કામ ઉપર મનસબ હરગેજ વધારતો ના જે કોઇ હકીમ ઘણો દાના અને ખબરદાર હોય તેને બોલાવી તેની સાથે બેસવુ કરી તબીઅતની હકીકત તેને પુછતો રેહેજે પોતાનો બદખાહ મુદઇ ખુહાર અને નીચો હોય તે ઉપર મગરૂરી ના કરતો પણ હુશીયાર રેહેજે. કારણ કે સાપનું બચુ ઝીણું હોય તેને થોડા દાહાડામા મસ્ત અઝદા થતાં બીલકુલ વાર નથી લાગતો, તેમજ ગરમીનો આતશ જરાક હોય તેને પ્રથમજ સરદ કરજે નહી તો વધી તમામ જહાન બાળવા માગશે ને કામ ફેસાદનું હોય તેથી પ્રથમ પરેહજ કરજે નહી તો વખ્તું એટલે તેનો ખમીઆજો તુંને ઘણો ખેચવો પડશે. જેને નેક મરદ જાણે તે સાથે નેકી કરજે ને બુરા મરદ સામેથી થઈ આવે તો પ્રથમ નેકી કરી જોજે નહીં તો બદી તો પછવાડે તૈયારજ છે. તે ખાંણું ખાજે

કે જે તને નુકશાન નહી પાહોચાડે અને જે વખત ખાણુ ખાવાનો હોય તેજ વખતે ખાજે માશુક મેહેણુઓની પછવાડે ઘણો સરગરદાન ના રહેતો કે જેથી તારૂ તન સુરત થઇ તારૂ મોહોડુ જરદ થઇ જશે. જે શખ્સ ઉપર તુ મેહેરબાન થઇ ચાહે જે એનો મરતબો વધારૂ તો બેહેતર છે પણ એકાએક તેને મરતબો ના આપતો જરા જરા કરતા ઘણી મુદતે તમામ મરતબો આપજે, કારણ કે જ્યારે તેને એકાએક વધારે મરતબો આપીને મનસબદાર કીધો ને તે નીચી બુન્યાદનો હોય તો તે શખ્સ નહી તારી કે નહી પોતાની કીમત જાણે સર્વને બરાબર પીછાણી જાણીને પોતાનુ કામ લેજે જે વખત તુ તખ્ત ઉપર બેસે ત્યારે પોતાની નજદીક તલવાર અથવા ગોરજ રાખીને બેસજે એવુ નહીં થાયજે તુ તખ્ત ઉપર બેસે ત્યારે તારી બાજુ ઉપર કોઇ ઉભા રહે યા ખેદમતગાર લોકોમા કોઈ શખ્સ તારી નજદીક હથિયાર બાજી સાથે નહીં આવે પોતાનો ભેદ કોઇની આગળ ખોલીને ના કેહેનો તેમજ દુશમન લોકોને નીચા કરી ના ગણુનો તથા જે કોઇ ઉપર તારો ડર તથા દેહેશત ઘણી હોય તેને બાજે વખત દિલાસાના સખુનબી કેહેતો રેહેજે કે જે તારાથી ઘણો દરીને બાજે કામની ખરાબી નહી કરે જ્યારે તું પોતાના દાનાવ લોકો સાથે મસલેહત કરવાનો હોય તો તેઓને એકઠા બોલાવી મસલેહત ના કરતો પણ એકએક શખ્શને હલાયદો બોલાવી સર્વ સાથે વાત કરજે અને જેની તદબીર તને પસદ પડે તે ઉપર અમલ કરજે પણ એવુ નહી થાય જે તે લોકો એક એકની વાત જાણે કે ફલાણાએ પાદશાહને શુ મસલેહત આપી છે સર્વે કોઇને પોતાનો ચેહેરો વખત બેવખત દેખાડયા ના કરતો એક હફતે પોતાના લશ્કરને દેખાવ દઇ હાજરી લેવાનો હોકમ કરજે તારી સવારી રાહમા જતી હોય ત્યા કોઈ શખ્સે ફરીઆદ કીધી તો તે જગો શેતાબ તેની દાદ લઈ ઇનસાફ કરજે પણ તે શખ્શને પોતાની નજદીક ના બોલાવતો. દુરથી તેની હકીકત પુછી ફેસલો કીધા વગર આગળ ના ચાલતો. પોતાની ખીદમતમાં નવુ માણુસ આવી રહ્યુ હોય તે ઉપર એતબાર કરી પોતાનુ દીલ ના આપતો યાને બાજે પરદાની વાત તે સાથે ના કરતો ઓરતોના કલા

ઉપર અમલ કરી કોઇ સાથે એકાએક બીગાડ ના કરતો અગર ને ભોસ્ત જે કાંઇ વાત કહે તે સાભળી લેજે પણ એવુ કહેલું અમલ લાવવાનું તારા અખત્યારમા રાખજે અગર તને ખજાનાની ખાહેશ ઘણી હોય તો નેકી કરજે કે તેના જેવો ખજાનો બીજો કાંઇ નથી. દુનીયાઇ ખજાનો તો આ દુનીયામાં રહી જશે પણ નેકીનો ખજાનો તારી સાથે આવશે હરજગે કાસદ યા એલચી મોકલે તે ઘણો દાના તથા દુરબીન હોવો જોઇએ કેમકે બાજે જગે પાદશાહો સાથે જવાબ કરવો પડે તો ત્યા સારી તરાહથી જવાબ સવાલ કરે યાદદાસ્ત ઘણી રાખતો હોય એવો એલચી હુસ્યાર હોય તેને મોકલજે કોઈ ઉપર નામુ લખે તેમાં ઝાઝો દમામ ના કરતો પણ બાજે નરમીના સખુન લખજે જેથી જે કામ હશે તે બની આવશે અગર ઘણી દેહેશતથી લખ્યે તો સામુ આદમી નફટ થઇ જાય વાસ્તે જે કાંઈ કામ નરમી કાહાડે છે તે ગરમી તથા દબદબાએ કરી નિકળતુ નથી બાહેરનો એલચી આવે તેને એકાએક પોતાની નજદીક બોલાવતો ના પ્રથમ હોકમ કરજે કે ખિદમતગાર લોકો તજવીજ કરી સર્વ તેની તપાસ કરી જોય કે તેની પાસે કાંઇ છુપુ હથ્યાર નહી હોય એ રવેશે તેહેકીક કીધા પછી તેને પોતાની નજદીક બોલાવજે. તે એલચી સાથે વાત કરવી પડે તો ઝાઝુ બોલતો ના અને પ્રથમ તેને સર્વ હકીકત કેહેવા દેજે પછી જરૂરિયાત સખુન બોલવો પડે તો તુ બોલજે જે શખ્શ તારી તમામ વાતથી વાકેફ નહી હોય તેને એકાયક પોતાની હજુરમા ના રાખતો જે કોઇ ઉપર તુ નામુ મોકલે અને તેનો જવાબ આવતા વિલંબ લાગે તો એમ જાણજે કે કાંઈ કામ લબાણુ કે ભારી પડશે કાએજે તરત જવાબ નહી આવે તેથી વીચારી અંદેશો કરી લખશે તુ હરજગો ફરે ત્યા પાસે સુનુ, મોતી તથા જવાહેર રાખજે, તેમજ તે જગે ઘોડો, બખ્તર તથા લડાઇના હથિયાર વગર ના ફરતો। જ્યારે રાહમા કોઇ દુશ્મન કીનાનો લેનાર પેદા થાય તો તું અજાણો થઈ તેની મરજી માફક સખુન કહેજે, પછી તે સાથે જોર હોય તો લડજે. અગર તુ જાણે જે એની સાથે હુ બર નહી આવીશ અને સામે વાળો ઘણી સખત લડાઇનો કરનાર છે તો તેને બાજે ચીજે કરી

ફરેબ દઇને મારજે લડાઇને વખત પોતાના બાજે પેહેલવાનોને કાંઈ સરોપાવની ઉમેદ આપી હોય તો તે લડાઈથી ફત્તેહ કરી આવ્યા પછી તેને જે કાંઇ આપવા કહ્યું હોય ને શેતાબ આપજે કે બીજી વખત તારા હોકમ વગર લડાઇમા પોતાનો જીવ આપે. જે વખત તને દુશમનની દેહેશત ઘણી હોય ત્યારે લશ્કરને દરમાયો સારી પેઠે આપજે કે તેથી અચ્છી રીતે લડાઇ કરે પણ એવુ નહી થાય જે દરમાયો આપતા તારા દુશમનને ખબર થાય. અગરજો એ ખબર દુશમન જાણે તો ઘણો ખુશી થાય જે દરમાયો આજેજ આપ્યો હશે તેથી લશ્કરની ખુશામત કરતો હશે તેથી તે મુદઇ જોર ઘણુ કરવા માગશે. હરરોજ દુશમન સાથે લડાઈ કરે ત્યારે લશ્કરનો પોશાક જુદો હોય તે ખુબ છે, જેથી દુશમન ઘણો આજેજ થઇ જાય છે તથા જે જગો તને દુશમન સાથે લડાઇ હોય ત્યા હર એક રાત્રે જુદી જુદી જગા ઉપર ખુવાબ કરવાનો વીચાર રાખજે યાને સુવાની જગો મુકરર એક ના રાખતો તથા જે પાણી પીયે તેને પ્રથમ તારી આગળ કુજો લાવે તે શખ્સને ચખાડયા પછી તુ પીજે પેહેરેદાર લોકો દેલાવર પેહેલવાન તથા મેહરબાન દિલના હોય તેને રાખજે તથા રાતની ચોકી એક એક પોહોરે બદલવાની ગોઠવણ કરજે કે રખે કોઇ સાથે પેહેરેગીર છુપી મસલહત કરી દગો કરવાની ખાયશ રાખે તો તેટલા બીજાનો પેહેરો આવે તેથી તે મસલહત પડતી રહી જાય લડાઇને વખત તુ પોતે લશ્કરથી એખલો ના ફરતો અને તખ્તુમા કોઇ બીજા સોબતી વગર એકલો ના બેસતો, તેમજ તું નાહાસવાનો હોય તો રાતને વખત નહાસજે કે તારી પછવાડે કોઇ દુબાલો કરી આવી નહી પોહોચે તુ દુશમન ઉપર ફતેહમદી પામે કે તેજ વખત હકતાલાથી દરી તેની બદગી કરજે અને હરતરફ છુપી જગાથી તે વખત દરીને દુશમનના લશ્કરને નાહાસતી વખત રાહ બધ ના કરતો અને તેના દલેર પેહેલવાનોને પકડી તેઓને મારવા ઉપર એકાએક દલેરી ના કરતો—અગર આજારનો દેનાર દુશમન તારા હાથમા કેદ થાય તો તેજ વખત તેને ના મારતો પણ બદીખાનામા રાખજે. ખુદા જાણે કોઇ શખ્સ તારા લશ્કરમાનો કામનો સપેહસાલાર તે લોકોના હાથમાં

પકડાય તો પાછો આવજા માવજામા કામ લાગે, વાસ્તે દુસ્મન હાથમાં આવેલો તરત મારવો નાદરૂસ્ત છે. જીવતા આદમીને મારતાં તો કાંઈ વીલબ લાગતો નથી પણુ મારેલાને પાછો જીવતો કરવો નહીં બને એવુ કામ છે રાતને વખત પોતે 'આવતા દાહાડાને અદેશો કરતો રેહેજે કે કાલ રોજે શુ બની આવશે ? પાદશાહોની તોખમના જે કાઇ હોય તેને એકાએક જહાનમાથી ગુમ ના કરી મારી ના નાખતો તથા જે મોટા ખાનદાનના હોય તેની જડએખ ઉખાડી નાખતો ના." સપેહેસાલાર ફેરશાસ્પે પોતાના બાપથી એ તમામ નેક નસીહત સાભળી તેજ વખત જમીનને બોસો દેઇ સીસ્તાન તરફ આગળ ચાલ્યો. ત્યા પોહોચ્યા પછી જે કાબુલી લોકો બદીવાન પકડેલા હતા તેવોને એક જગા એકઠા કરાવી હોકમ કરી જબેહ કરાવી તેઓના લોહીએ કરી મટોડાનો કુલ કીધો, તે શેહરના કોટની દીવાલ અરધી તૈયાર થઇ હતી અને બાકી અરધી રહી હતી તેને કાબુલી બદીવાનના લોહીએ કરી કુલ કરાવી તમામ કીધી. શેહેરના કોટથી ફેરશાસ્પ ફારેગ થયો ત્યાર પછી તે શેહેરને પાચ દરવાજા લોહોડાના મેલ્યા પણુ વા આવતો ત્યારે તમામ શેહેરમા રેતી ઉડતી જેથી શેહેરના લોકોને કાઇ સુજ પડતું નહી તેથી જગી ફેરશાસ્પને પેલા બ્રાહામનની નસીહત યાદ આવી અને તેણે શેહેરની આસપાસ ઝાડ રોપાવ્યા. તે ઝાડ મોટાં થયા પછી જરાક રેતીનો આજાબ કમ થયો શેહેરને એક તરફ પાહાડ અને બીજી તરફ દરિયાવનો કિનારો આવેલો હતો તે જગોમા પારસ તથા કેરમાનના બાજે લોકો આશ્રાયશને માટે આવી રહ્યા હતા, તેઓને સિપાહીગીરી આપીને ઘણુક નવુ લશ્કર તૈયાર કીધુ. કાબુલ શહેરના આદમીઓમા જે કોઇ ઓરતોને પકડી લઈ આવ્યા હતા તેઓને ભઠીઆરાની જગો ઉપર રાખ્યાં, જે ખાણુ તૈયાર કરીને વેચે તથા કાબુલી મરદોને સીસ્તાનમાં મજુરીના કામ ઉપર રાખ્યા. રાતને વખત તે લોકો મજુરીથી ફારેગ થાય કે પેલી ઓરતો ખાણુાંની દેગ પકાવી તૈયાર કરી રાખતાં તે ખાણું પેલા શખ્શોને વેચાતું આપી પૈસા લેતાં તેથી મજુર લોકોને ઘણુ આસાન પડતુ કે જેવા મજુરીથી પરવાર્યા કે પોતાને ગમે તેવું

ખાણું વેચાતુ લઇ ખાતા એ રવેશ પારકા દેશના લોકોને પોતાના શેહરમા સગવડ કરી આપી.

મુબારક ફાલના જહાપેહેલવાન કેરશાસ્પના બખ્તના ઝલકાતે સીસ્તાન શેહેર સાત વર્શે તૈયાર થયુ તમામ કામના બાજારી લોકો આવી તે જગો આબાદ થયા હતા તે શેહેર હરતરેહના આદમીઓથી ઘણુ શોભી રહેતુ હતુ. ગોયા તે સીસ્તાન શેહેર નહી હતુ પણ એક રોશન બેહેસ્ત હતુ હરેક મુલક કરતા ત્રીસ ઘણી બુઝર્ગી સીસ્તાનમા વધતી હતી. તે જગા મરદાને મરદ લોકોની વસ્તી પેદા થઇ તેમાનો એકએક મરદ હજારો લશ્કરને ભારી હતો સપેહસાલાર કેરશાસ્પ સીસ્તાનની પાદશાહી ઉપર બેઠો અને દાદ ને બક્ષેશનો દરવાજો ખોલી તે શેહેર આબાદ કીધાની ખુશીમા ઘણો મગ્નન થયો પેહેલવાન કેરશાસ્પ સુખથી એટલો તો આસુદો થયો કે તેના ઘોડાથી તેની સવારીનો બોજો ઉપડી શકાયો નહીં તેથી તેને હાથીની સવારી કરવી પડી થોડાક વખત બાદ હાથીઓ તેની સવારીથી આજેજ આવવા લાગ્યા ને હાથી પણ સવારીમા બે કુરશગ જોર તથા સખ્તીથી ચાલતો પછી સવારી સહિત આગળ ચાલી શકતા નહીં પેહેલવાન કેરશાસ્પ જેવો સર્વ વાને ખુશી હતો તેવા ઘણો ગમગીન થવા લાગ્યો કે અગર હાથીનીબી સવારી કામમા નહી આવે તો મારી પાદશાહીનો દબદબો કેમ ચાલશે ‘ પાદશાહ થોડો કાઇ પ્યાદા ચાલતા નથી તો હુ સીસ્તાનનો પાદશાહ કહેવાઇ ઘોડા તથા હાથી ઉપર સવારી નહી કરૂ તો એ પાદશાહી મરતબો શા કામનો ? અગર હુ એ રવેશ સવારીનુ આગલ જાણુતે તો પોતાને પાદશાહ કરી કહેવાડતે નહીં અને એ જગાની પાદશાહી બીજા શખ્શને આપતે. એ મિસાલ ગમગીન થઈ હરરોજ અંદેશો કરતો હતો એક દિન રાત વખત ખ્વાબમા સુતેલો હતો અને પાદશાહ જમશેદને ખ્વાબમા દીઠો તે કેરશાસ્પની નજદીક આવી કહેવા લાગ્યો “અય નામદાર પેહેલવાન ! તારા હમોને બુઝર્ગીના આપનાર કામ કીધાથી તારા બાપ દાદાના રવાન ઘણા ખુશી થયા છીયે તુ જેવા ફરઝદને અમો દલગીર કેમ થવા દીજીએ ‘ તારો જીવ સવારી કરવાના સબબથી ઘણો

આજોઈ છે તેથી તુ કાઇ અંદેસો ના કરનો ! તારાં શીસતાન શેહેરમાનાં એક પરેહજગાર મરદના ઘરમા એક બલદ છે તે બલદ તેને ખુશીથી રાજી કરીને મગાવી લે અને તે ઉપર તારી સવારી કરજે ! મગર તે શિવાય બીજી કોઇ સવારી તારા કામના આવશે નહીં વાસ્તે તે ઉપર પોતે સવારી કરજે અને તેની કાંઇ એબ ના જાણુનો ! બાજે જગો હાથીનીમી સવારી કરજે પણ બલદ વગર કોઇ તુને હમેશ કામમા આવશે નહીં" એટલું કહી પોતે ગેબ થઇ ગયો અને પેહેલવાન કેરશાસ્પ ખ્વાબથી જાગી શેતાબ ઉઠીને દડતાલાની દરઘાહમા શોકર કરવા લાગો જે 'અય પાક માહેબ! સર્વ કોઇની મુશકેલ આશાનનો કરનાર તુજ છે અને બદા લોકોમા કાઇ સબર નથી, તુ હકતાલા તમામ જેહાનનો ગમનો ખાનાર છે' વિગેરે ઘણીએક મુનાજાત કીધી, એમ કરતા આફ્તાબ તલુ થયો કે પોતે તખત ઉપર બેસી પેલા પહરેજગાર મરદને બોલાવી ઘણીક આબરૂ આપી મીનતથી કહેવા લાગ્યો જે "અય નેક મદ! એક ચીજ તારી પાસે માગી લઉ છુ અગર તુ ખુશી થઇને તે ચીજ મને બક્ષે તો લઉ અને તેના અવેજમાં તુ જે માગે તે તુને આપુ" તે પહરેજગાર મરદ હેરાન રહી કહેવા લાગો જે 'અય કેરશાસ્પ ! તારી પાદશાહીને લાયક હુ દરવેશ પાસે શું ચીજ હોય ? મગર એ બાહાને તુ મને મારવા ચાહાતો હોય તો સુખેથી માર ! બાકી એવી શુ ચીજ છે કે તારી નજદીક પોશીદો રાખુ ? માલ તથા મના વીગેરે મારો જીવ સર્વ તુને હાજર કીધો ! તારી મરજીમા આવે તે કર !" કેરશાસ્પ કેહેવા લાગ્યો જે "તારા ઘરમા બલદ છે તે મારી સવારી કરવાને વાસ્તે આપે તો મારી મુરાદ પુરી હાસલ થાય !" એક તરફ પેહેલવાનનુ કેહેવુ કે તે પહરેજગારે પોતાના ઘર દોડતો જઇને તે બલદ લાવી કેરશાસ્પને નજર કીધો તેથી જહાપેહેલવાન ખુશી થઇ તે પરહેજગાર મરદને ઘણોક નવાજી વીદાય કીધો. પછી પોતાની સવારી તે જબરા બલદ ઉપર કરવા લાગ્યો. હકતાલાના હોકમથી તેના બોજે બલદ આજેજ નહીં આવ્યો કેરશાસ્પ હરવખત તે બલદ ઉપર સવારી કરતો હતો અને બાજે જગા નજદીક જવુ હોય ત્યા હાથી ઉપર સવારી કરી જતો હતો. તે ઉપર આ નામાનો બનાવનાર શાહેર કેહે છે જે,, એ

બુબજની મીસાલનુ ફરતુ આસમાન જેમ ફરે છે તેમ હરદમ દુનિયાની ચીજોને ફેરવે છે તથા આ જેહાન તમામ વર્શ મહિનો એક જાંમો પેહેરે છે પણ તે જામો બાહેરથી સફેદ પણ અંદરથી શીહા છે યાને આ દુનિયા પ્રથમ ઘણી પ્યારી લાગે છે પણ પછવાડે તારો જીવ લેવા ઉપર ફરે છે. તે જામો પોતાના તન ઉપર હરદમ એ દુનિયા ફેરવીને પેહેરે છે જેથી આપણેબી હરતહરે ફરયા કર્યે છીયે, વાસ્તે એ મરદ! તુ ખ્વાબમાથી જાગ યાને હુશિયાર થા, જે તારી ઉમર તો તમામ ખ્વાબ તથા ખાણામા જતી રહી ને તે જેહાનમાં કાઇ લઇ જવાનો તોશો કર! તુ પોતાના ઘરમાબી સુઇ રેહે છે અને ઘોરમાબી સુઇજ રેહેવાનો છે તો હવે પછી ક્યારે જાગીને પશેમાન થશે? જે દિન જાય તેને ગણીમત જાણીને પોતાના ગુનાહથી તોબાહ કર તથા હમેશ તુ આ દુનિયામા ઘર તથા પોશાક શા વાસ્તે સમારયા કરે છે? તને એ જગા રાખવાનુ કોણ છે જે પોતાની માયા એ જેહાન સાથે લગાડી મેલે છે! તુ જાણે છે જે હુ ખ્વાબમા ખુશ સુતો છુ પણ મોત તારી પછવાડે હરરોજ ઉઠીને નજદીક આવતું જાય છે તે તો તુને ખબરજ નથી? જેમ એક પાદશાહ બીજા પાદશાહ ઉપર રાતને વખત એકાયક લશ્કર ચહડાવી શબેખુન કરવા આવે છે તેમ તારૂ મોહોત તારી ઉપર શબેખુન કરવા તૈયાર છે ને કોઇ દિન તને મારી લેશે વાસ્તે આ જેહાનમા તુ હરખાતો કોશેશ કરે તે કરતા પેલી જેહાનમા જે ચીજ તને કામ આવે તે વાત ઉપર કોશેશ કર! એ જગા કરતા તને તે જગા ઘણી દરૂસ્ત પડશે એટલુ તું બેશક જાણજે અને આ જગા તે ઉતારાની જગો મિસાલ છે, અને તે જગા તે પોતાનુ જાતી મકાન હોય તે મિસાલ હમેશ રેહેવાની છે. આ જેહાનમા જે લોકો જીવતા છે તે સર્વ મરવાના છે અને તે જગા જાવેદાન સુધી જીવવાનુ છે

શીસતાન ઉપર જેહાપેહેલવાન કેરશાસ્પ પાદશાહી ઉપર બેઠો તેથી તેનો દરજ્જો તથા મરતબો આફતાબ મિસાલ વધતો ગયો—તે શેહેરની આશાયશ યાને તમાંમ રવૈયો નેક રાહથી ચાલવા લાગ્યો તેથી કેરશાસ્પનો

હોકમ ને કાનુ હરજગે ચાલવા લાગ્યો.

આવ્યો પાદશાહ જોહાક શીસ્તાંનમાં જહાંપેહેલવાન કેરશાસપને જોવાને વાસ્તે તે હકીકત.

જહાંપેહેલવાન કેરશાસ્પના કામથી હરવખતની ખબર પેદરપે પાદ-શાહ જોહાકને થતી હતી તેથી જોહાક તે ઉપર ઘણી બદી કરવા ચાહતો. તે ચાહાતો કે એ કેરશાસ્પ કોઇ જગા લડાઇમા મારો જાય યા પોતાના મોતે શિતાબ મરે તો હુ પોતાની પાદશાહી ખુશીથી ચલાઉ એ છે ત્યા લગી મને ગોયા એના તાબામા રેહેવુ પડે છે અને એની આગળ મારી પાદશાહીનો કાંઈ બોજ નથી હર જગાના બીજા પાદશાહો કહે છે કે જોહાક પોતાના મુલકમા પાદશાહ કહેવાડે છે પણ હમેશા કેરશાસ્પની ફરમાબરદારી કરે છે, અને તેથી તેની પાદશાહી ચાલે છે એ પ્રમાણે પાદશાહ જોહાક કેરસાસ્પ ઉપર ઘણું ગુરૂ તાપનો પણ કશી વાતે કેર-શાસ્પને આજેર્ઝે કરી નહીં શકતો. અંદેશો કરી પોતે કેટલાક લસ્કર સાથે કેરશાસ્પે નવુ શેહેર આબાદ કીધુ હતું તે તરફ આગળ ચાલ્યો. તેનુ શેહેર તથા તે જગાની આબાદી જોઇ એ ખબર પેહેલવાન કેર-શાસ્પને થઇ કે જોહાક તેનુ શેહેર જોવા વાસતે નજદીક આવી પોહોચ્યો છે તેથી કેરશાસ્પે જોહાકને પોતે ઘણીક આબરૂ સાથે હાથી ઉપર સવારી કરીને એસ્તેકબાલ લેવા ગયો રાહમા પાદશાહને દીઠો તેવોજ હાથી ઉપરથી નીચે ઉતરી પાદશાહ સાથે બગલગરી કરીને ખેર આફીયત પુછી-પછી પેહેલવાન કેરશાસ્પ પાદશાહની રેકાબના પાદશાહની સવારીના હાથીના દાંત પકડી વાત કરતો ચાલવા લાગ્યો તેથી જોહાકે કહ્યુ જે "તું નામદાર પેહેલવાનને લાયક નહીં કે મારી રેકાબમા ચાલે! તું હવે શીસતાનનો પાદશાહ થયો તેથી તને વાજેબ નથી વાસ્તે પોતાના હાથી

ઉપર પાછો સવાર થા !" તે સાભળી જહાપેહેલવાન હાથી ઉપર સવાર થયો રાહમા ચાલતા પાદશાહ જુહાક કેરશાસ્પનો ચેહેરા તથા કદ જોઇ ઘણો હેરાન રહયો જે આગળ એ મિશાલ પીલતન નહીં હતો એક ગોરજ કેરશાસ્પના હાથમા ભારી પાહાડ મિસાલ દીઠો અને તેની રાન નીચે એક હાથી તમામ પાખર સાથે શમારેલો જેમ એક મસ્ત પાહાડ ચાલે તે રવેશે ચાલતો હતો પેહેલવાન કેરશાસ્પની તમામ ચાલ જોઇ રાહમા અદેશો કરવા લાગ્યો જે એક ચારા તથા મકરે કરી એને એક જગો સખત રાહમા મોકલુ જે ભારી દુશમન હોય તે એને શેતાબ મારી લીયે, નહીં તો હવે મારી પાદશાહી ગેહેવી ઘણી ડહણુ છે આગલો બોજ છે તેથી એ ઘણી મારી પાદશાહી ચલાવ્યા કરે છે અને હાલ સીસતાનની પાદશાહીએ બેઠો છે હમણા એ મારો દબદબો પોતે જોશે તો તરત એ મારી પાદશાહી લઇ મેલશે એ મારો મોટો દુશમન થઇ લાગ્યો છે, એના કરતા તમામ જેહાન મારી દુશમની કરે તો બેહતર છે પણુ એ એક દુશમન મને એકલો ભારી છે" એમ કરતા આગળ ચાલી સીસ્તાન નજદીક જઇ રેહેમન નદીના કીનારા ઉપર તબુ ઠોકી તે જગા મુકામ કીધુ અને કેટલાક દિન તે જગા ખુશી સાથે રહ્યો. એ ખબર પાદશાહ અશરતને થઇ કે જુહાક કેરશાસ્પનો આબાદી ભરેલો નવો મુલક જોવા ગયો છે તેથી અશરતે ઘણો તોફા હદીઓ પાદશાહ જુહાકને નજર તરીકે મોલ્યો સીસ્તાનમા એક બાગ કેરશાસ્પનો હતો ત્યા જઇ એક હફતો પાદશાહ જુહાક ખુશીથી શરાબ તથા રામશ ગરોના અવાજ સાથે રહયો બાહારનો વખત હતો તેથી તમામ દિન બાગમા ફુલની શયર કરી રાતને વખત શેકાર કરવા બાહેર નિકળતા. ત્યાના જગલમા તહરેવાર શેકાર રહેતા પાદશાહ જુહાક તથા કેરશાસ્પ જઇ જેમ લડાઇને વખત નાતરસીથી આદમીઓને મારી નાખે તે મિસાલ શેકાર મારી જમીન ઉપર નાખતા હતા તે જગા કબી શરાબની જામ હાથમા પકડી હકતાલાની યાદમા ઉડાવતા તો કોઇ મારેલા ગોરખરના કવાબ કરાવી આતશ ઉપર વરી નાશતો કરી ખાતા. સપેહસાલાર કેરશાસ્પ શરાબની મસ્તીમા આવી ગોરખર તથા શામરની પછવાડે છુપો સતાઇને દોડતો હતો તે શામર રાહમા આજેજ આવી જતા પાને

ઘેરાઇ જતા કે કેરશાસ્પ તેના શીંગડા પકડીને બીજા ઉપર મારતો તેથી એક હુમલામા બે ત્રણ શેકાર મારતો તથા પોતાના તનના જોરે બાજે ઉપર એવો તો ગોરજ મારતો કે જેથી તે શેકારના ટુકડે ટુકડા કરી નાખતો એ રવેશ પાદશાહ જુહાકની નજદીક એક બાજી યાને રમુજ કરતો તેથી પાદશાહ અજબ રહી પેહેલવાન ઉપર દુવા કરવા લાગ્યો પણ દીલમા જુહાક કેહેવા લાગો જે એ મુલકથી એને હુ દુર મોકલીશ નહીં ત્યા સુધી હુ દેહેસ્તથી નચીંત નહીં થઇશ, યાને મારી ફિકર ક્યારે ભાગે કે કેરશાસ્પને એ જગાથી કાંઈ બાહાનુ કરી દુર મોકલુ, બાકી હવે મને કોઈ દિન ઠરવા દીયે નહીં કે સુખે બેસવા દીયે નહીં બાગમા આવી ખુશીથી શરાબ પીને મજલીશ સમારીને રામશગરોના શરોદ સાભળવા લાગ્યા અને માહતાબ મીસાલની બાડીઓ બાગના ચમનને આસપાસ પાદશાહની ખિદમતમા આવી ઉભી તે રામશગરોનો નાચ જોઇ જુહાક અજાયબ રેહેવા લાગ્યો કે એજ રામશગરો હર રોજ જગી કેરશાસ્પની નજદીક શરોદ ગાતી હતી પણ આજના જેવી ખુશી કોઇ દિન એ લોકોએ દેખાડીતી નહી પાદશાહ જોહાક કોઇવાર પોતાની મતલબ મુવાફિક, જેહાપેહેલવાન સાથે કામ લેવાનુ હોવાથી ઉપરા ઉપરી શરાબની જામ પેહેલવાન કેરશાસ્પની યાદમા ઉઠાવી તે મિજલસમા કેરશાસ્પની શેકારબાજી, કૌવત તથા જોરની ઘણી તારીફ અનજુમનની નજદીક કરી કેટલીક દુવા કીધી કે "જહાનના પેહેલવાન! તુ હમેશ ખુશી સાથે જીવજે! ગોયા હકતાલાએ તને મારી મુશકેલ આશાન કરવાને વાસ્તે પેદા કીધો છે! મારી પર કોઇ વખત બુરા સેતારાની ચાલથી મુદઇ આવી પોહોચે ત્યારે તુ તેને તે જગા જઇ મારે છે પણ તે વખત તારૂ મોહોડુ જોઉ છુ કે હુ એમ જાણુ છુ જે મારો દુશમન આજ રોજે મારયો ગયો એવો તારો ચેહેરો જોવાથી ફાલ મુબારક થાય છે તુ છે તેથી હુ મારા દિલને હરેક વાતે નચીત રાખુ છુ. કોઇ દુશમન મને દેહેશત દેખાડે છે તો હુ તેને એમ લખુ છુ જે હમણા મારા જેહાપેહેલવાન કેરશાસ્પને તારી તરફ લશ્કર સાથે મોકલુ છુ કારણ તુ તે સરફરાજ પેહેલવાન વગર જેર નહીં થશે. એ

રવેશ ઘણીએક તારી દેહેસ્ત દેખાડુ છુ તેથી તે મુદઇ હઠી જઈ આપણુ તાબામા રહી સલામી કબુલ કરે છે તેથી હુ જાણુ છુ જે એ સર્વે મુલકમા મારો દબદબો છે તે પેહેલવાન કેરશાસ્પથી છે કેટલાક કામ એ રવેશ તારે નામે કરી સુધારૂં છુ તથા બાજે જગા તને રંજ તથા સખની પડે છે તેથી મને હર વાને આશાયશ છે આજ લગી ખોદાના હોકમથી તું જેવો પેહેલવાન મારો સપેહસાલાર કેહેવાય છે તેથી મારા કામનો કાંઈ અટકાવ પડયો નથી તેં માહરે વાસ્તે હરજગા પોતાનુ તન ફીદા કીધું અને હરેક સખ્તીને સખ્તી કરી જાણુનો નથી. મારા જે બદખાહ હતા તેને તુ ઉથા નાખ્યા અગર ઘણાબી પેહેલવાન અથવા પાદશાહ હતા તો શું થયુ પણ આજ લગી કોઈ મારી ઉપર બાજી નથી લઇ ગયા પણ હાલ ખાવર શેહેરનો પાદશાહ જેની અટક અફરીકી કેહેવાય છે તે મારી સાથે ઘણી શેખી કરી કહે છે જે હુ કઇ જુહાક પાદશાહનો તાબેદાર નથી મારા જેવો કોઇ લડાઇમા જોરાવર નથી તેથી બીજા પાદશાહની ખુશામત શા વાસ્તે કરૂ ? તેમા બીજા પાદશાહો કરતા પોતાના મુલકમા બેસી મારી મશકેરી કરે છે તથા તને વાટપાડો ને સાપનો મારનાર જાદુગર કરીને કહે છે તથા મને મરદુમ દેવ આદમીઓને જીવતાનો ખાનાર ઉંધી અકલનો કરી કહે છે તેથી મને ઘણી નામોશી લાગે છે એક મરદ કમજાત આપણને મોહો-ડામાથી બદ બોલે તે સબબથી હુ તારી પાસે આવ્યો છુ કે તને એ નાપાકની લડાઇમા જવુ જોઇએ તુથી તેની ઉપર કીનો લેવાશે તેની સાથે મુનહેરાશ નામે દેવ છે તે તારી કમદના ફાદામા આવશે. અગર એ કામ તારૂ પાક યજદા સરજામ પોહોચાડે તો એમ જાણજે કે પાદ-શાહીમા મારૂ તથા તારૂ નામ હફતેકેશવર જમીનમા, ચળકતુ થશે,” સપેહસાલાર કેરશાસ્પ કેહેવા લાગો જે “એવો કોણ શખ્સ છે જે તને એ રવેશ નાલાયક સખુન બોલે ? આસમાન આફતાબ તારા તાજ પાસેથી રોશની માગી લઇ તમામ જેહાનને ખુશ રાખે છે તારૂ સર ચોથાં આસ-માન સાથે જઇ પોહોચેલુ કેહેવાય છે એવો તુ બુઝર્ગ પાદશાહ છે કે તારા તાબામા જમાંનો છે તમામ જમીન તારો ખજાનો તથા આફતાબ

તારો ખજાનચી છે તો એ રવેશના બેગુનિયાદ લોકો તારી ઉપર તાના- જાણી કરે ? અગર તે અફરીકીના ટોલામા મુનહેરાશ દેવ જેવા આદમી ત્રણસો હોયતો શુ થયુ પણ તારી પાદશાહીના ઝલકાતે મારા દીલમા કાઇ ડર નથી અને તે કોઇથી હુ બીહીતો નથી. હમણા તે જગાની રાહ માપુ અને તે અફરીકી તથા મુનહેરાશ દેવ બન્નેના માથા તારી નજદીક લાઉ !" પછી શરાબ પીધાથી બન્નેના સર મસ્તીમા આવ્યા ને રામશગરો ગાતા આજેજ થઇ મિજલસના સર્વ લોકો બાગમા પોતાની જગા ઉપર ખ્વાબ કરવા ગયા સપેહસાલાર ફેરશાસ્પે પોતાના અયવાનમા જઇ શેતાબ નવીશન્દાને બોલાવી એક નામુ પોતાના બાપ પાદશાહ અશરત ઉપર લખાવ્યુ કે "પાદશાહ જુહાકની તરફથી તથા તેના હોકમથી મારૂ જવુ ખાવર જમીન તરફ થાય છે વાસ્તે કાઇ મસલહત તને પુછવી હોય તો શેતાબ પવનની મિસાલ આવી એ જગા ખાણુ તથા પાણી પીએ તો ખુબ છે. તારી ખિદમતમા મને આવવુ લાજમ છે પણ શુ કરૂ પાદશાહ જુહાકને મેલીને અવાતુ નથી ?" લખાવીને તેજ વખત એક શાહાનસી સવારને હવાલે કીધુ તે નામુ પાદશાહ અશરતને પોહોચ્યુ તેવુજ નવીશદા પાસે વચાવી તેમાની હેકાયત નવીશંદાની ઝબાથી સાભળી ઘણો ગમગીન થઇ તેજ વખત કુચ કરી છડી સવારી સાથે રાહ માપવા માડી અને રાત દિન બેકરારીથી ચાલતા એક હફતામા સીસ્તાન આવી પોહોચ્યો પ્રથમ પાદશાહ જુહાક સાથે મળી તે જગા એક મિજલસ સમારી અને શરાબબાજીનો દોર ફેરવવા લાગ્યા. ખાણુ ખાધાથી ફારગ થયા કે અશરત તથા ફેરશાસ્પ પોતાની જગા ઉપર જઇ મસલહત કરવા લાગ્યા પ્રથમ અશરતે ફરશારપને કહીયુ કે "અય બેટા ! પાદશાહ જુહાકને તે પ્રથમજ કા નહીં ના કીધું જે એ કામ મારૂ નથી ? એકાએક કબુલ કેમ કીધુ જેથી મારો જીવ અંદેશા તથા ફિકરમા નાખ્યો. તુ નથી જાણતો કે જે ભારી કામ હોય છે તે તને બાજે વખત સોપે છે તે તારો દર ખાઇને હરએક વાતે તારૂ મોત આવે તે કરવા માંગે છે પણ ખોદાતાલા હર જગા તારો નેગેહબાંન છે તો હરેક વખત ફત્તેહમદીથી તુ પાછો આવે છે તેથી જુહાક તને દેખી

શકતો નથી પણ આ લડાઇ તને ઘણી સખત પડશે. આપણા ઘરમા એક મેહેમાન આવી ખાણુ ખાતી વખત જે વાત કરે તેમા તે ત્રણસો સખુન કહે તેમાનો એક સખુનબી નહી માણ્યે, અગર તુ હાથીની મિસાલ ઘણો જોરેમદ હોય પણ તારા કરતા કોઇ બરતર જોરનો ગખનાર શખ્સ હશે તુ જાણ કે ખાવર જમીનની રાહ ઘણી બીહામણી, ડરામણી અને અને ઘણી સખત છે તે તમામ ગહમા દરિયાવ તથા પાહાડ આગળ પછવાડે છે ત્યા કાઇ પણ આબાદી નથી તારા પોતાના કૌવત ઉપર નને નચીંત નહી રેહેવુ જોઇએ હરજગોથી તુ ફત્તેહમદી પામશે, બાજે જગા નીચા કામથી આજેજ થઇ પાછુ ફરવુ પડે છે એ અફરીકીન લોકમા જ્યાદા લશ્કર છે તથા જે મુનહેગાશ દેવના હાથમા પડે છે તે શખ્સ મીન્નત તથા આજીજીએ તેના હાથથી ખલાસી પામતો નથી તે એક જબરદસ્ત દેવ લડાઇનો કરનાર છે પ્રથમ તો જે તેને જોય કે તેનો હોશ જતો રેહે! તે નાપાક એવો તો ઉચો છે કે ઓકાબ જાનવર અગર આસમાન ઉપર ઉડતુ હોય તો તેને પકડીને નીચે નાખે! પાહાડ ઉપરથી વાઘ તથા ચીતાને જીવતા પકડી લાવે છે તેમજ દરિયાવમા ડુબકી મારીને મગરમછને બાહેર કાહાડી નાખે છે ત્રણ મરદને એકઠા કર્યે તોપણ તે દેવની બાજુની પોહોળાઇને નહીં પોહોચે તેના કદની લબાઇ હેશી વામ કરતા જ્યાદા છે વાસ્તે એવા દેવની લડાઇમા તુ ના જા! હવે મનેબી બુઢાપાએ તોડી નાખ્યો છે જે હરગેજ તેને પાછો બાધી શકાય નહીં મારા સર ઉપરથી બુઢાપાએ શીહા બાલ ઉખાડી લીધા અને તેની જગા એક સફેદ તાજ લાવી મેલ્યુ યાને સફેદી આવી બુઢાપાએ મારી ઉપર હાથ નાખી મારા સર ઉપરથી જવાનીનુ તાજ ઉડાવી લીધુ છે તે જવાનીના દાહડા ઉપર બન્ને પગના જોરે વાની મિસાલ હર જગો દોડતો હતો પણ હાલ એવી તો સુસ્તી થઇ છે કે હરજગો તકીઓ લઇને બેસવુ પડે છે ને ઉઠતી વખત બન્ને હાથ મદદગારી કરે છે ત્યારેજ પગથી ઉઠી ઉભુ રેહેવાય છે જવાનીના વખતમા હું તીરની મિસાલ હરજગા ફરતો હતો અને હાલ તે તીરની જગા મારી પીઠ કમાન મિસાલ વાકી થઈ ગઇ છે. જે

દુનીયામા પેદા થયો તેને નહાનપણુથી જવાની ઉપર ઉમેદ હોય ને જવાની પછી બુઢાપાની ઉમેદ હોય ને બુઢાપા પછી મોત શિવાય બીજી ઉમેદ ક્યાથી હોય ?' એ રવેશની વાત સાભળી જગી કેરશાસ્પ આખમાથી આસુ લાવી બહારના વાદળ મિસાલ રડવા લાગ્યો અને ગમગીન થઈ પોતાના બાપને દીલાસો દઇ કહેવા લાગ્યો જે "તુ હરગેજ કશી વાતનો ગમ ના ખા આપણું સર બુઢાપાએ કરી અગર નેતર મિસાલ સુકાઇ જાય તો પણ પાક યઝદાથી આપણી ઉમેદ કાપ્યે નહી' અકલમદ બુઝર્ગ તે કહેવાય જે ચીજ નાચાર બનવાની હોય તેનો ગમ હરગેજ ખાય નહી ઓરત હોય તે ઘરમા બેસી રહે પણ મરદ શમશેર મારનાર હોય તે બાહેર નિકળી તમામ મુલકોમા ફરી નામદાર થઇ આવે ! જે શખ્સના તનને દુનિયામા આજાર નહી પોહોચે તેને પનોનો કરી નહીં કહીયે ! પનોનો તેને કહયે જે પોતાના તનને રજ તથા સખ્તીમા નાખી તે જગોથી નીકલીને બચીને બાહેર નિકળી આવે ! મરદારી' રજ કે મહેનત વગર હરગેજ પામી શકાય નહીં, મેહેનત વગર કોઇ શખ્સ પથરમાથી હીરો કાહાડી શકતુ નથી જે દરિયાવમાથી શીપ કાહાડવા જાય તે પ્રથમ પોતાના જીવને મેદાનમા મેલે ત્યારેજ તે શખ્સના હાથમા બેકિમતી મોતી આવે છે. તે જગા બેશુમાર ખજાનો તથા જોહર હોય તે જગા ઉપર ભારી ઝેરી અઝદાની બેઠક રેહે છે જે દલેરી કરી પોતાના તન ઉપર રજ તથા મેહેનત ખેચી તે અઝદાને મારે તેના હાથમા તે ખજાનો આવે છે" એ રવેશે પોતાના બાપને દિલાસો દઇ તેની રજા લઇને એક હફતા લગી રાહમા લઇ જવાનો સામાન તૈયાર કરવા માડયો, જ્યારે તમામ આસબાબ તૈયાર થયો કે કામથી ફારેગ થઈ પાદશાહ જુહાકની આગળ ગયો જુહાકની આગળ તેનુ જવુ કે તે પાદશાહે કેરશાસ્પની ઘણીક તારીફ કરીને નવાજી રાહનો બીજો સામાન પોતાની તરફથી આપ્યો તેમા શાહાનસી એક હજાર જે ઉપર તમામ લડાઇનાં હથીયાર બાધેલા હતા, તહરેવાર દેહેરા પાદશાહી લાયકના, બસો હીનદુસ્તાની તલવાર, બસો ઢેલી અશરફીની, ચાલીસ ગોલાઓ જેને જોઇને જીવ ખુશ થાય એવા ખુબસુરત, એક હજાર ઘોડા લડાયક સુનાના સાજ

સાથના, તથા પચાસ હજાર લડાઇના પેહેલવાનો, એ મિસાલનુ ઇનામ પાદશાહ જુસાકે કેરશાસ્પને આપ્યુ તે સર્વે ખુશીથી કબુલ કરી આગળ રાહ માપી અને શીસતાનના તખત ઉપર એક શખ્શ જે પોતાનો સગો હતો તેને બેસાડી તમામ લશકરની સાથે પોતે કેરમાનની તરફ બીયાબાન જંગલમા ચાલ્યો

જઇ પોહોંચ્યો જહાંપેહેલવાન કેરશાસ્પ તનજે શેહેરની નજદીક અને એસ્તેકબાલ આવ્યો તનજેનો પાદશાહ તે હકીકત.

હવે એક તરફ પાદશાહ જુહા કે પોતાના બાબુલ શેહેરની તરફ પોતાને મુલક જવાનુ મોહ થયું અને બીજી તરફ જહાંપેહેલવાન કેર-શાસ્પ જે શેહેર જતો ત્યાના બુઝર્ગ લોકો ઘણાક હદીયા સાથે મોકાબલે લેવા આવતા. એમ કરતા તનજે શેહેરની નજદીક જઇ પોહોચતા તે મુલક તેના લશ્કરે ઘેરી લીધો. તનજેનો પાદશાહ ઘણો શરકશ ને નામદાર હતો તેની પાસે પુશ્કલ ખજાનો તથા બેશુમાર લશ્કર હતું અને બબર શેહેરથી તે ખાવરના મોલક સુધી એક મહિનાની રાહ સુધીનો મોલક તે તનજેના પાદશાહના તાબામા હતો તે પાદશાહને જહાંપેહેલવાનના આવ્યાની ખબર થઇ કે તેણે પાહાડ તથા જંગલ જમી કેરશાસ્પ ઉપર હદીઓ મોકલી ભરી નાખ્યુ, તે પાદશાહને પંચોતેર બેટા ઘણા બુઝર્ગ હતા તેઓને તહરેવાર હદીયા આપી કેરશાસ્પની નજદીક એસતેકબાલ મોકલી પોતાના શેહેરના હરેક ઘરના દરવાજા આગલ દેબાના કપડા સજાવી જેબદાર કીધુ. પોતાના અયવાનમા જંગી કેરશાસ્પની જગા કરી પોતે તથા પોતાના તમામ બેટા ગોલામ લોકો મિસાલ કમર બાંધી તેની નજદીક ઉભા અને

જહાપેહેલવાન કેરશારપને બે હફતા લગી મેહેમાન રાખી હર વખત તે ઉપર એક એક ખજાનાનો વધાવો કરતા હતા. તે પાદશાહની ખુબી તથા ખિદમત જોઇને જહાપેહેલવાનનુ દિલ તે ઉપર ઘણું મેહેરબાન થયું તેથી નામદાર જહાપેહેલવાન તે પાદશાહને કેહવા લાગો જે "એ રવેશે ખિદમત તથા બુઝર્ગી આપવી સર્વે કોઇથી થઈ આવતી નથી. જે બુનિયાદે બુઝર્ગ હોય તેજ બીજાની બુઝર્ગી પીછાનીને તેને લાયક ખિદમતે કરે. અય નેકબખ્ત પાદશાહ! તે બે હફતા લગી મારો જીવ ઘણો ખુશ કીધો તેથી તારી નજદીક હુ ઘણો શરમીંદો છુ અને એના અવેજમા તારી સાથે શુ નેકી કરૂ? કોઇ શખ્સ અગર તારી સાથે દુશ્મની રાખતો હોય અને તેનાથી તારૂ દીલ આજોર્દે રહેતુ હોય તેની જગા મને બતાવ કે તે તારો દુશમન માહાતાબ મિસાલ આસમાન ઉપર જઇને બેસે તોબી તેની સાથે લડાઇ કરી આસમાન ઉપરથી તેને નીચે નાખુ જે કામ જર ખજાનાથી નહીં થઇ આવે તે કામ તલવાર, જોર તથા હુનરે કરી નિકળી આવે છે." એ સાભળી તનેજેનો પાદશાહ કેરશારપને કેહેવા લાગો જે 'આ જગા દરિયાવમા મારા મુલકથી એક હફતાની રાહ દુર છે ત્યા એક જજીરો ઘણો ભારી તમામ ચીજથી ભરેલો બસો ફરસખ પોહોલો છે તથા તેનુ નામ 'લાકેતે' કરી કેહે છે તે જનજીરા ઉપર એક લાખ મરદ લડાઇના પેહેલવાન રેહે છે. તેઓ તમામ ખુબસુરત પણ બુતપરસ્તીના કરનાર છે તથા ચેટાના ચામડાં શિવાય કોઇ બીજા તેઓનો પોશાક નથી અને પોતાની જબાનથી બીજી તહરેથી બોલે છે તથા લડાઇને વખત તેઓ બખ્તર તથા ટોપ રાખે છે તથા હથિયારની જગ્યા માહીના દાત તથા હાડકા રાખે છે. તે લોકોના ગોરજ ઉપર ગોસ્પદનાં માથા ને માહીના કાટા બાધેલા છે, પોતાનું તન ને સર ઘણુ ઓસ્તવાર રાખે છે તથા ગોફણના પથરે એકસો કદમ દુરથી પાહડને તોડી નાખે છે. તે લોકોમા કોઇ કદાચજ શખ્સ નામર્દ કે કમજોર હોય પણ તમામ બીજા મસ્ત વાઘને પણ બીયાબાનમાંથી નસાડે એવા જોરેમંદ છે તે લોકોની દેહસ્તે મારાથી નથી દરિયાવની

તરફ જવાતુ કે નથી તે લોકોના તરફ જવાતુ. રેત તે લોકોથી સર્વે તહરે હુ આજેજ છુ તેથી લડાઇનો ચારો કાઇ દેખાતો નથી વળી તે જગા કાઇ લોહડાનુ હથીઆર લઇ જવાતુ નથી કારણ કે જે ત્યાનો પાહડ તમામ ચકમકના પથરનો છે અગર તે જગા લશ્કર હથીયાર સાથે જાય તો તેના હથીઆર તથા બખ્તર સર્વે તે પાહાડ ખેચી લે છે તેથી તે લોકો આશાનીથી તમામ લશ્કરને મારે છે એવો સીતમ અમો ઉપર ગુજરે છે વળી તે જગા જવાની રાહ તમામ મુશકેલ છે તેમજ તે પાહાડ ઉપર તહેરેવાર હથીયાર નીચા લટકે છે આગળ અમો તથા બીજા પાદશાહો લશ્કર લઇને તે જગો ગયા હતા પણ તમામ હથિયાર પખી મિસાલ ઉડીને તે ચકમકના પાહડ સાથે વળગી ગયા ' અને અમો સરગરદાન થઇ પાછા આવ્યા "

રવાના થયો જહાંપેહેલવાંન કેરશાસ્પ 'લાકેતે'ના જજીરાની તરફ તે હકીકત.

ઉપલી હકીકત સાભળી એક મરદ ઇરાની લશ્કરમા ઘણો દાના હતો તેણે જહાપેહેલવાન કેરશાસ્પને કહયુ કે "એ પાહડ ચકમકનો છે તેથી લોહડાની બનાવત નામે ઉઠાવી લે છે એથી બીજા તમામ આદમીઓને બળા પોહોચે છે પણ તેનો ઇલાજ હુ જાણુ છુ તે એ કે ચકમકના પથર સાથે દુધ લગાડએ તો હરગેજ લોહડાને ખેચી લે નહીં અથવા તો લોહડાને દુધે કરી તર કર્યે તો ચકમકનો પથર તેને ઘણોએ ખેચે પણ તે દુધ લગાડેલુ લોહડુ તેની તરફ જઈ શકેજ નહીં. અગર તે લોહડાંને પાણીએ કરી ધોય તો પછી તે ચકમકના પથરની તરફ ખેચાઇ જાય, બાકી દુધમા ભીંજવેલું લોહોડુ હરગેજ ચકમકથી ખેચી લેવાય નહીં. વાસ્તે અય નામદાર પેહેલવાન ! તે જગો લઈ જવાના લોહડાના હથીઆર જેવો કે તલવાર, તોપ, બખતર વિગેરે તુરત ત્યા કામમા આવે ક્યારે કે

વાહાણુમા દુધે કરી તર કરી મેળવા જોઇએ ખોદાના હોકમથી એ હીક "મલે ચકમકના પથરનુ તે સામે કાઇ ચાલવાનું નથી." એ હુનર જહાંપે હેલવાને પેલા ઇરાનીની ઝુબાનથી સાભળ્યો તેથી ઘણો ખુશી થઇ પોતાની ખાત્તર નાશાથી તે જગા લઇ જવાના દરેક હથિયાર લોહડાના હતા તેને વહાણુમા દુધે કરી ભીજવી મુકી બીજા ઘણાક દુધાળા જાનવરો વહાણુપર સાથે લીધા બાર હજાર લડાઇના શેર મરદોના સીતેર વાહાણ ભર્યા અને બાકી પોતાનુ તમામ લશ્કર તે જગા રાખી તે લશ્કરનો સરદાર પોતાના પીતરાઇ ભાઇ હતો તેને ઉપરી રાખી કહ્યુ જે "અમો આવ્યે ત્યાસુધી લશ્કરને એ જગા મભાળથી ગમજે અને હરેક વાતે સભાળ લેતા રેહેજે કે કોઇ એકાયક અરસપરસ એક બીજા ઉપર જુલમ તથા બેદાદી નહીં કરે" એટલુ કહી પોતાને જે કાઈ બીજો સરંજામ લેવો હતો તે લઇ તે જગાથી વહાણુ ઉપર મવાર થઇ આગળ ચાલ્યો.

લડાઇ કીધી જહાંપેહેલવાન કેરશાસ્પે કતરી પાદશાહ સાથે તે તથા બીજો અહેવાલ.

તે જજીરાની નજદીક જહાપેહેલવાનની લડાયક કીસ્તીઓ જઇ પુગી. ત્યા ભારી જંગલ દીઠું. લશકરને કીસ્તી ઉપરથી ઉતારી તે જગો મુકામ કીધો. તે જગાના પાદશાહનુ નામ કતરી કરીને હતુ જે ઘણો દેલાવર હતો. તેને ગોસ્સો આવતો ત્યારે સીંહ તેની નજદીક મછર કરતાબી કમ હતો તે કતરીએ કેરશાસ્પના આવ્યાની ખબર સાભળી ત્યારે હુકમ કીધો કે આપણુ લશકર બાહેર નિકળી જંગલમા દેહેરા મારે તે હુકમ સાભળી લશકર હુસ્યાર થઈ લડાઇના મેદાનમા આવી ઉભુ ને ત્રણ ફરસહંગ લગી સંફ બેઠી પાદશાહ કતરી ગોસ્સા ભર્યો મોહ સાથે આવી ઉભો. તેના તમામ લશ્કરનાં તનમા શેરના ચામડાનાં બખ્તર હતાં અને સર્વ કોઇએ હાથમાં ગોફણ

પકડેલી હતી અને તેમા ભારી પથરો ચહડાવેલા હતા તે ગોફણના પથરે કરી પેહેલવાનોની ઢાલ કે ટોપ સર્વે રેજે રેજ થઇ જતી

જ્યારે જહાપેહેલવાન ફેરશારપે એવો મામલો દીઠો કે પોતાના લશકરને ફરમાવ્યુ જે લડાઇનું નગારૂ વજાડે હુકમ મુજબ નગારચીઓએ નગારાંનો અવાજ કીધો તેથી જાણુલી દલેરોબી કીનાની કમર બાધી હરતરફ દોડવા લાગા. કતરીના લશકરમાથી ગોફણના પથરો વરસવા લાગ્યા. તુરત આ તરફથી ઈરાની લશકરમાથી તીરનો વરસાદ વરસવા લાગ્યો જેથી તમામ જહાન વાદળ મીસાલ શીહા થઇ ગયુ ગોફણના પથરો સાથે તીરના પેકાનો લાગતા તેથી એટલો તો આતશ રોશન થતો કે ગોયા તમામ જગામા આગ લાગેલી હોય એવો દેખાવ થઇ પડયો તથા પથર એવા તો જોરથી આવી પડતા કે તેના ઢપકારાએ કરી તમામ જગલ મોટા જોશ ભરેલુ થયુ હતુ અને ઇરાની લોકોના ખદગી તીર જોરથી એવા તો જતા કે આદમીના સીના ફાડી બાહર નિકળી જઇને પાહાડ ઉપર લાગતા તેથી તે જગાના પાહાડ ગોયા ચાલણીની મીસાલ સુરાખદાર થતા હતા એ રવેશની સખત લડાઇ ઉભી થઇ જેમ કે શરાબે કરી એક શખ્સ મસ્ત થાય તે મિસાલ દલેરોના લોહીએ કરી જમીન મસ્ત થઇ તથા તલવારોની તાબેશે કરી પાહાડના દીલ ધ્રુજતા હતા એવી જબરી લડાઇમા પેહેલવાન લોકોએ નેજાઓની નોક ઉડાવીને ઘોડાઓની લગામ ઘોડાઓને હવાલે કીધી હતી તથા લશ્કરની કલબ-ગાહમા જહાપેહેલવાન ફેરશારપ બેઉ હાથમા ગોરજ પકડીને શેરની મીસાલ પાઉ પેગદો કુદતો જઇ આદમીઓના સર કુટી નાખતો અને હરેક હોમલે એક જગોથી ત્રીસ કદમ કુદતો અને હરેક જખમે કરી દસ પેહેલવાનને જમીન ઉપર નાખતો બાજે વખત એવો આવાજ મારતો કે તે આવાજે ઘણુક આદમી જીવથી મરતા હતા કતરી પાદશાહે જહાપેહેલવાનનુ જોર તથા લડાઈ ઘણી સખત દીઠી તથા પોતાના લશકરના આદમીઓને ખુવારીથી ખાકમા પડતા દીઠા ત્યારે પોતાનાં દીલ સાથે કેહેવા લાગો કે "આજ લગી મે એ મીસાલની લડાઈ કોઈ આદમીની દીઠી નથી તેમજ એવા પેહેલવાનના ભારી ગોરજના જખમની

તાએશ અલબરૂઝ પાહાડથીબી રાખી શકાય નહીં તો કોણુની તાકાત કે એની લડાઈમા જવાની હીંમત કરે? જે કોઇ અલબરૂઝ પાહડની સાથે મરદાનગીથી લડાઇ કરી શકે તે મરદબી એ પેહેલવાનના હાથથી શેકસ્ત પામે એવી લડાઇ તથા દલેરી એ પેહેલવાનમા છે વાસ્તે હવે તો એની લડાઇમા મને જવુ જોઈએ. મારી ખાતર નીશા છે કે હવે એ પેહેલવાન કેરશાસ્પ ઘણી લડાઇ કીધાથી ને બેશુમાર કુદયાથી સુસ્ત થઇ ગયો છે તેથી હું એનો જીવ લઇ એને નાબુદ કરીશ" એટલું કહી એક મોટો પોકાર મારી હાથમા માહીનો એક કાટો બુલંદ ઝાડ મિસાલનો પકડી એક પાહાડ મિસાલ મેદાનમા દોડતો આવી જહાંપેહેલવાનના સર ઉપર મારયો પણુ જહાંપેહેલવાન હુનર ભરેલો હતો તેથી તેનો જખમ પોતાના ગોરજ ઉપર સંભાળી લીધા બાદ જહાંપેહેલવાને મસ્ત શેર મિસાલ કુદી એક ગોરજ એવો તો તેના સર ઉપર મારયો કે તેજ વખત તેને ખાક બરોબર કરી નાખ્યો. કતરીના લશ્કરે પોતાના પાદશાહને મુવેલો દીઠો કે સર્વે કોઇ હથિયાર નાખી પાહાડ તરફ નાસ્વા લાગ્યા કે ઇરાની લશ્કર તેઓને નાસતા જોઇ તેઓનો દુબાલો પકડી પછવાડે શેહેર લગી જઇ પોહોચ્યુ અને તે લોકોમાથી બે હીસ્સા લશ્કર મારયુ પછી સર્વે કોઈ તે શેહેર લુટવા પડયા અને શેહેરેની ગળી ગુચીઓમા લુટવા લાગ્યા તેથી તમામ લશ્કર તવંગર થઇ ગયુ તે જગા એટલુ તો જવાહેરાત હતુ કે ઇરાની તથા જાબુલી લશ્કરને સુનુ તથા રૂપુ લીધાની હાજત નહીં રહી. અને તે જગાના સઘળા ઘર માહીના દાંત તથા હાથીદાંત તથા અગરનાં લાકડાએ કરી બાંધેલા હતા, એવુ તે મોતેબર શેહેર હતુ બાજે લોકોને મારયા તથા બાકીનાને કેદ પકડયા કતરી પાદશાહના કબીલામાથી ત્રણસો ઓરત જેમા તે પાદશાહાની બે બેટી તથા તેની ઓરતો એ સર્વેને જીવતા કેદ પકડીને જહાંપેહેલવાન કેરશાસ્પની નજદીક લઇ ગયા તેઓને જહાંપેહેલવાને આબરૂથી રાખ્યા. પછી તે કતરીના અયવાન પછવાડે એક ઘર અંબર તથા કશતુરીએ ભરેલુ હતું તે તમામ કાહડી કીસ્તીઓમાં ભરયુ અને તે ઉપરાંત બીજી ઘણીક નાદર ચીજો પસંદ આવી તે લીધી અને તેની દસ કીસ્તી ભરી તે કીસ્તી ઉપર બસો પેહેલવાનની ચોકી

મેલી પોતાના પીતરાઇ ભાઇ તરફ તે કીસ્તી રવાને કીધી તે લડાઇથી ફારેગ થઈ આગળ જવાનો સામાન તૈયાર કીધો અને તે જગાથી ખુશી સાથે હર તરફના જજીરાઓનો અજાયબ જેવો તમાશો જોતા આગળ ચાલ્યા એમ કરતા એક જજીરામા જઇ પોહોચ્યા ત્યા શીશોડ જાનવરો શિવાય બીજા કાઇ જાનવરોની અસલ દીઠી નહી તે શીશોડ જાનવરો ઘણા મસ્ત હતા અને તેના તન ઉપર તીરની મીસાલ સખત કાટા હતા તેમાનુ એક એક જાનવર હાથી કરતા મોટુ હતુ તે જાનવરો ગુસ્સામા આવીને પોતાના તનને કમાનની મીસાલ વાકુ કરતા ત્યારે તેના તન ઉપરના તમામ કાટા તીર મિસાલ છુટીને દુર જઇ પડતા અને બખતર તથા ઢાલને વીધીને બાહેર નિકળી જતા તે જાનવરોમાથી જાણુલી પેહેલવાન લોકોએ ઘણાક જાનવર મારી તેના કાટાના તીર બનાવ્યા જહા-પેહેલવાન કેરશાસ્પ લશ્કર સાથે ત્રણ હફતા લગી રહયો, અને પેલી દસ કીસ્તી ભરી મોકલી હતી તેને ખાલી થઇને આવવાની રાહ જોતો હતો જહાપેહેલવાન લાકેતે શેહેરથી પેલી દસ કીસ્તી સામને ભરીને તનજે શેહેરમા પોતાના પીતરાઇ ભાઇની તરફ બસો સવારો સાથે રવાના કીધી હતી તે કીસ્તી દરિયાવમા નવ દાહાડા સુધી આગળ ચાલી અને દસમે દાહાડે તે કીસ્તીઓને તોફાન લાગ્યુ તેથી દસ દાહાડા ને દસ રાત તોફાનને જોરે બીજી તરફ નિકળી ગઇ અને અગિયારમે દાહાડે તે કીસ્તીઓ કાકેરેહેના જજીરામા જઇ પોહોચી તે જજીરા ઉપર બેશુમાર લશ્કર હતુ તે જગાના પાદશાહાનુ નામ કફીશોમાર હતુ તે જજીરા ઉપરના લોકોએ પેલી કીસ્તીઓ ખજાનાએ ભરેલી દીઠી તેથી દોડતા આવીને તે કીસ્તીમાના તમામ સામાન લુટી લીધો તેથી તે કીસ્તી ઉપર જે બસો પેહેલવાનો હતા તેવોએ લડાઇ ઘણી સખત કીધી પણ તેઓના બખ્તે યારી નહી આપી તેથી એકસોને સાત પેહેલવાનો તે લોકોના હાથમા કેદ પકડાયા અને થોડાક મારયા ગયા અને થોડાકે દરી-યાવના નખાવ્યુ તેથી ડુબી ગયા તેમા એક કીસ્તી ઉપર થોડાક લોકો નાતવાન તથા આજારી હતા તે લોકોએ મીન્નત તથા આજજી કીધી ત્યારે તે લોકોને કહયુ જે તમારેથી જ્યા જવાય ત્યા નિકળી જાઓ.

તેથી તે કીસ્તી ઉપરના લોકોએ જહાપેહેલવાનની તરફ મોહ કરી પવન મિસાલે કિસ્તી હાકીને એક હફતામા જહાપેહેલવાનની નજદીક જઇ પોહોચી તમામ હકીકત કેરશાસ્પની નજદીક બ્યાન કરી કહી. તે સાભળતાં વાર જહાપેહેલવાન કેરશાસ્પ ગુસ્સામા આવી તેજ વખત લસ્કર સાથે કીસ્તી ઉપર સવાર થઇ કાફેરેહના જજીરાની તરફ ગલ માપવા લાગ્યો એમ કરતા રાહમા એક જજીરો ઘણો સખત તથા અજાયબ દીઠો તેની આસપાસ ત્રણ મજલ લગી બીયાબાન જંગલ હતુ જે બીયાબાનમા બેશુમાર લોકડી હતી જેના તમામ બાલ જરદ, તન શીહા, પુછડા લાલ તથા કાન સફેદ હતા તે પાહાડની નજદીકથી પાચ ફરસંગ આશરે એક બીજો પહાડ ગલીની મિસાલ શીહા રંગનો હતો પણ તે પાહાડ ઉપર કોઈ નવજવાન મરદ જોરે કરી તથા કોઇ બુઢો મરદ ચારાએ કરીનેબી ચહડી શકતો નહી. તે પાહાડ ઉપર ઘણુંક અમબર નીચે પડેલુ હતુ તે પેલી તમામ લોકડીઓનો ખોરાક હતો તે લોકડીઓમાથી ઘણીક લોકડી તે લસ્કરના લોકોએ મારી અને તેના ચામડાના શાહયા બનાવી બખ્તરની નીચે પેહેરવાના પેહેરણુ કીધા તે ચામડાનો શાહયા જે કોઇ પેહેરીને રાતે સુતા તેઓના મગજ અમબરની ખુશબોએ કરી તર થતા હતા તે પાહાડ ઉપર જઇને જોય છે તો બેશુમાર સુનુ તથા રૂપુ પડેલુ હતુ તેમાથી જેટલુ લેવાયુ તેટલુ સુનુ લીધુ અને તે જગાથી આગળ ચાલતા રાહમા એક બીજા પાહાડ ઉપર જઇ પોહોચ્યા. તે પાહાડ ઉપર ઘાશ કે કાઇ જાનવરની જાત હતી નહીં. ઝીણી રેતી શિવાય કાઇ બીજુ હતુ નહી તે જગાની જમીન ખારી હતી અને તેમાં ગરમીની જગાની પેદાયશ ઘણી હતી, તેથી હરદમ આતશના શોલા નિકળતા હતા જે માહાતાબ લગી જતા તે પાહાડ ઉપર જે જતો તે રેતીમાં ગરક થઇ ગરમીથી કબાબની મિસાલ ભુજાઇ જતો તેના કિનારા ઉપર માહીના હાડકા મસ્ત ચેનારનાં ઝાડ મિસાલ લાબા પડેલા હતાં. વળી હરતરફ માહીના મોહોડાબી ઘણા પડેલા હતા તે જગાથી આગળ ચાલતાં રાહમા એક જજીરો દીઠો તે જજીરા ઉપર એક મરદ પોતાના હાથમાં કામળ પકડેલી ને ઉચો નીચો દોડતો જતો અને કામળનુ ચૌંત કરીને

તે જગાથી સર્વને દુર રાખતો હતો, એ રવેશ તે મરદનો અજાયબ જેવો તમાશો જોયો.

લડાઇ કીધી જહાંપેહેલવાન કેરશાસ્પે મુનહેરાશ દેવ-સાથે અને કેદ પકડાયો મુનહેરાશ દેવ જંગી કેરશા-સ્પના હાથ ઉપર તે વીગરે બીજો અહેવાલ.

પેલા મરદની નજદીક જંગી કેરશાસ્પ જઇ પોહોચ્યો ત્યારે જહાપેહેલવાન તેને પુછવા લાગ્યો કે "એ મરદ ! તુ કોણ છે અને એ જગા દીક્ષાની શા વાસ્તે કરે છે ?" પેલા મરદે જવાબ દીધો જે "હમો લોકોનું બખ્ત બરગશતે થયુ તેથી હમારી એક કીસ્તી તુફાનમા ડુબી ને હમો એ જગો આવી લાગા તેજ વખત એક દેવ ઘણો અજાયબ આ પાહાડ ઉપરથી આવી હમારી કીસ્તી પકડી તે કીસ્તીમાં હમો બસો આદમી હતા તેવોને તેજ વખત ચાવીને ખાઇ ગીયો પણ તેમાથી ફકત હુ પુરસદ પામ્યો અને પાહડના કોહમા ભરાઇ ગયો તેથી બચી ગયો છુ" એ સખુન સાભળી જહાપેહેલવાને તે મરદને પોતાની કીસ્તીમા લીધો અને પોતે તે દેવની સાથે લડવાને વાસ્તે બખ્તર પેહેર્યું ત્યારે કેરશાસ્પનાં લશ્કરના સર્વે બુઢા તથા જુવાન જંગી કેરશાસ્પની નજદીક પોકાર કરી કેહેવા લાગ્યા કે "અય જહાપેહેલવાન ! તું તો જાણતો નથી પણ એ તો મુનહેરાશ દેવ છે* વાસ્તે તું એ ઉપર કમર શુ બાધે છે ? દેવ ઘણો જબરદસ્ત છે અને આદમી જાતને તો નજરે દેખતા વાર પકડી ખાઈ જાય છે અને જોરે કરી ભારી પાહડને ખાકમા સુરમા મિસાલ કરી નાખે છે. અગર જહાં-પેહેલવાન ! તારૂ તમામ લશકર એકઠુ થાય તોબી એ દેવ આજેજ

* ફીરદોસી પ્રમાણે સામે જે અજદહાને માર્યો હતો તે અજદહા આ મુનહરાશ દેવની શીકલ જે અતરે ચીતારી છે તેને મલતો આવે છે.

નહી થાય પણ તે તમામ લશકરને બરહમ મારે ! એ દેવ જોરથી પોકાર કરે છે ત્યારે સીહનાં પેટમાંથી હમેલ નિકલી પડે છે અને એ દેવ પોતાના હાત ફચકચાવે છે તેમાથી વીજળી મિસાલનો ચમકાટ નિકળે છે. તે એટલો તો ઉચો છે કે તેનું સર આસમાનસે લાગે છે તથા આસમાન ઉપરથી ઓકાબ જાનવરને પકડી લે છે અને દરીયાવમાથી ચુંગાલ મારીને મગરમછને ખેચી કાહાડે છે. એ દેવના તાબામા એક શેહેર ઘણુ ભારી છે તે શેહેરમા ઘણા તરેહવાર આદમીઓ છે અને તે શેહેરની સરદારી એ દેવ કરે છે તે પોતાની જગો એક શીહા ગારમાં કરી બેઠો છે અને જેવારે ખબર સાભળે છે કે દુરથી તેના શેહેરની તરફ કીશતી આવે છે કે તેને સેતાબ પકડીને તેમા જે કાઇ હોય તે લુટી લે છે અને તેમાના આદમીઓને તેજ વખત કાચાના કાચા કરડી ખાએ છે અને મશત શેરને તો ગોશપદની મીશાલ આસાંનીથી પકડી લે છે તથા અજ-દાથી કશી વાતે ડરતો નથી. અને દરીયાવના મગરમછ તો તેનો ખોરાક છે એ રવેશનો તે દેવ છે વાસતે અય જહાપેહેલવાન ! તું પોતાના જીવ ઉપર નાહેક સીતમ ના કર. આદમીના તનમાથી જીવ ગયા પછી પાછો આવતો નથી અને આજ લગી કોઇ શખસ બે મરતબે માએને પેટે પેદા થયો નથી" એ તમાંમ હકીકત સાભલીને જહાપેહેલવાન કેરશાસ્પ કેહેવા લાગો કે "તમોને ખબર નથી કે મારી સાથે પાદશાહ જોહાકને ગોફતેગો થઇ ત્યારે અવલ એ મનુહેરાશ દેવની વાત થઇ છે વાસતે એ દલેર પેહેલવાનો ! તમો એક નાપાક દેવથી એટલા શુ ડર ખાઓ છો. તમો જોવોકે એ નાપાક જીહાગાર દેવને પાક યજદાની મદદથી એજ ગોરજનાં જખમે કરી મારૂ છુ આદમીજાત જે કોઈ નામદાર પેહેલવાન હોય તેને લડાઇને વખત જીવની દેહેશત નથી તો તમો પોતાના દેલમાં અંદેશો કરો કે જેવો મારો જીવ છે તેવોજ તેનોબી જીવ છે. આપણુમા શેરપણું હોય તો શેરનો શેકાર કરી શકીએ તથા જોરાવર લોકોની ચુગાલમા જે કોઇ લડા-યક સવાર હોય તેજ જાય. વાસતે તમો કશીવાતે અંદેશો ના કરો. એ કાંમ હકતાલાની મદદથી આશાનીએ કરી સરંજામ પોહોચશે" એવા જહાપેહેલવાંન કેરશાસ્પના સખુન સાભળીને સર્વ કોઇએ ઘણીક મીનતજારી કીધી પણ

જહાપેહેલવાન કેરશાસ્પે કોઇનું સાભળ્યુ નહીં અને હથિયાર બાધી પાઉ ધ્યાદો એકલો તે પાહાડની તરફ જઈ તેની આસપાસ ઘણો ફરયો શોધ કરતા એક ઉડો ગાર નજર પડયો તે ગાર નહીં હતો પણ ગોયા શીહા દોજખ હતુ તેમા જોય શુ કે તે નાપાક હેરેમન એક શીહા પાહાડ મિસાલ બેઠેલો હતો ગોયા ને દેવ નહીં હતો પણ એક ડરામણી બળા હતી જે તેની સુરત જોતા તે દેહેસ્ને તુરતજ મરી જતા તે નાપાકનુ મોહ ભુંડની મિસાલ ને ચુગાલ શેર મિસાલ હતી તેના તન ઉપર રીછ જાનવરની મિસાલના બાલ હતા તેની બેઉ બાજુ હાથીની મીસાલ હતી, તેનું મોહ જરદ ને તન શીહા હતુ, પેશાની લાલ ને આખના ભવા સફેદ હતા અને બન્ને કાન હાથીની મીસાલના હતા તે નાપાકના પોકારથી પાહડ નેતરના ઝાડ મિસાલે ધ્રુજતો હતો તેનુ કદ એકમા વામ કરતા પોહોળાઇમાં જ્યાદા હતુ તેને જોઈ જહાપેહેલવાન કેરશાસ્પનુ દિલ જુસ્સામા આવ્યુ તેથી પાક યજદાની નજદીક આજજી કરી જોર માગી જુસ્સામા આવીને એક તીર ખદગી કમાન ઉપર ચડાવી યજદાનનુ નામ લઈ તે દેવ ઉપર એવો તો જોરથી મારયો કે તેની આખમા થઇ આરપાર નિકળી ગયો તે તીરનુ લાગવુ કે તે દેવે એક પોકાર એવા તો કીધો કે તેથી કરી ગોયા જમાનો ધ્રુજવા લાગ્યો ને ને પાહડ તથા ગાર બહમ મળી ગયો! તે દેવે ચાહયુ કે જોશથી ગારના સર ઉપર આવે પણ તે ગારના સર ઉપર જહાપેહેલવાન હુશીયારીથી ઉભેલો હતો તેણે એક જખમ તલવારનો એવો તો સાફ મારયો કે તે નાપાકનો એક હાથ તનથી જુદો કરી નાખ્યો જેના દરદથી તે દેવ ગારમા હર તરફ દોડવા લાગ્યો અને જોરથી કુદીને ઉપર આવવા ચાહાતો હતો તેજ વખત પેહેલવાન કેરશાસ્પ ગોરજ તેના સર ઉપર મારતો જેથી તે દેવ પાછો ગારમા પડતો ને તેના સરમાથી બેશુમાર લોહીના ફુવારા જારી થયાથી તે દેવ એવો પોકારતો હતો કે પાહાડ તથા જગલ શોર ભરેલું થયુ પછી તે દેવ પોતાની ચુગાલે કરીને તે ગારમાથી ખાક ઉખેડવા લાગ્યો અને ભુખરાયલો શેર મસ્તી કરે તે મીસાલ મસ્તી કરવા લાગ્યો અને જહા પેહેલવાનની ઉપર પથર ફેકી એવો તો ગોસ્સાથી દાંત કચ-

ફ્યાવતો હતો કે તેના દાતમાથી આતશના શોલા નિકળતા. ને જે પથર મારતો તે પથર આવીને જમીન ઉપર પડતો તેથી જમીનમા ખાડા પડતા હતા કે તેથી જમીનની આજેજ આવી હતી પણ દિલાવર કેરશાસ્પ હર તરફ ફરતો જઇ તેના પથરનો જખમ બચાવતો અને જોરથી તેના સર ઉપર કોઇવાર ગોરજ મારતો તો કોઇવાર ખદંગી તીર મારતો કે તે દેવના મોહમાથી ગમનો શોર ઉઠતો હતો અને જહાપેહેલવાન કેરશાસ્પના મોહમાથી જોરનો પોકાર ઉઠતો હતો તે દેવનુ તન લોહીમા ગરક હતુ તેમ જહાપેહેલવાનનુ તન પરસેવામા ગરક હતુ કોઇવાર તે દેવના પથરથી બચવા જમીન ઉપર બેસી જતો અને કોઇવાર ઉઠીને દેવના સર ઉપર પથર મારતો, એ રવેશ તે ગારમાથી તે દેવને નિકળવાનો રસ્તો બધ કીધો હતો ગુસ્સામા આવીને એક ગોરજ એવો તો જોરથી તે દેવના સરપર માર્યો કે તેનુ મગજ બાહાર નિકળે તેમ તેનુ સર ફાડયું ! તે દેવ બેહોશ થઈ એક પાહાડ મિસાલ બેખબર થઇ પડયો તેજ વખતે જેહાપેહેલવાને તે ગારમા ઉતરીને તે દેવને હિકમતથી મજબુત બાધી ગોરજે કરીને તેના મોહમાથી તમામ દાત પાડી પોતે ગારમાથી બાહાર નિકળી પોતાના લશકરમાથી એક હજાર પેહેલવાનને મોકલી તે દેવને ગારમાથી બાહેર કહડાવી પોતાની કીશ્તીમા નખાવ્યો જેના ભારે કીશ્તી ગરક થવા ચાહતી હતી તેનુ તન તથા બદસુરતી જોઇ તમામ લશ્કર હેરાન રહયુ. જેહાપેહેલવાન કેરશાસપે ફરમાવ્યુ કે એ દેવના એક હાથ તથા પગમા લોહોડાની સાકળ નાખી ભારી બધથી બાધે, તે હુકમ મુજબ તુરત તે દેવને બાધી લીધો. તે દેવ પાછો હોશમા આવ્યો ત્યારે દરીયાવની મીસાલ જોશમા આવીને દમબદમ એવો તો દરામણો પોકાર કરતો કે તેથી ગોયા હેરેમનની દરતો હતો

રવાના થયો જહાંપેહેલવાન કેરશાસ્પ કાકેરેહેની તરફ લડાઈ કરવા અને ફ-તેહ પામ્યો કેરશાસ્પ તેની હકીકત.

તે જગાથી પોતાના લશકર સાથે એક હફતે કાકેરેહની તરફ જઇ પોહોંચ્યો એ ખબર તે જજીરાના સરદારને થઇ તેથી તેણે તેજ વખત બેશુમાર લશ્કર તૈયાર કરી સાથે પોતે બાહેર નિકળી જોય શુ કે સીત્તેર મોટી કીશ્તી દરિયાવમાથી આવે છે અને તે કીશ્તીના મગ જાણે માહતાબ સાથે જઇ લાગ્યા હોય એવુ દીસતુ હતુ તે દેખાવ જોઇ કાકેરેહેના લશ્કરે લડાઇનો સામાન તૈયાર કીધો શેહેરમાની સઘળી રૈયતબી તૈયાર થઇ લડાઇના સામાન સાથે શેહેરમાથી બાહેર નિકળ્યા તે બેશુમાર લશ્કર જોઈ જહાપેહેલવાન કેરશાસ્પેબી પોતાના લશ્કરને કિનારા ઉપર ઉતારયુ. બન્ને તરફથી લડાઇના નકારા તથા કરનાયાના આવાજ નિકળ્યા અને બને તરફનુ લશકર તૈયાર થયુ. તે લશ્કરના ઘોડાની નાલે તમામ જમીન ગીરદ ભરેલી થઇને આસમાન ગદળુ થઇ ગયુ. હથિયારોનો ખણુ-ખણાત અને તલવારના ચકચકાતે કરી દરિયાવમા બીજી સફેદીની મોજ થઇ હતી ખુનખાર જગ શરૂ થઇ, બેશુમાર લોહી જમીન ઉપર પડી તમામ જગલ લાલાના ફુલના ચમન મિસાલ શોર્ખ રગનુ નજર આવવા લાગ્યુ પુસ્કલ માર-કાપથી ઇરાની લશ્કર આજેજ આવ્યુ અને નાહસ-વાની તૈયારી કીધી પણ આખર એક લડાઇ એવા જોરથી કીધી કે જેથી જમીન ઉપર પાણી ચાલે તે મિસાલ જમીન ઉપર લોહી ચાલ્યુ અને ઝાડપરથી પાતરા ખરે તે મિસાલ આદમીઓની લોઠો પડવા લાગી જેના પોકારે જમાનોબી શોર ભરેલો થયો એ મીસાલની સખત લડાઇ જોઇને કાકેરેહેનો પાદશાહ ઇરાની લશ્કરની કલબગાહ ઉપર દોડતો આવી પોહોચી જહાપેહેલવાન કેરશાસ્પની નજદીક જઇ પોતાના હાથમા માહીનો

કાંટો કરવતની મીસાલ સખત દાતાદાર હતો તે કાંટો જંગી કેરશાસ્પ ઉપર માર્યો તેજ વખત જહાંપેહેલવાન કેરશાસ્પે પોતાના સર ઉપર ઢાલ પકડી જે ઢાલના બે ટુકડા થઇ ગીયા પણ જહાંપેહેલવાને પોતાનુ સર ચોરાવી લીધુ તેથી તે નામદારને કશો પણ ઇલજામ નહીં પોહોચ્યો પછી તે પાદશાહ જેમ પાંજરાંમાથી એક મુર્ગ છુટી નાહસી જાય તે મીસાલ બાહેર નિકળી પાહડ તરફ નાહસીને ગુમ થયો તે જોઇ તેના તમામ-લશકરે નાસવા માંડ્યું જેની પછવાડે ઇરાની લશકરે દુબાલો પકડી ઘણાકને જીવથી માર્યા પછી શેહેરમા દ્રાખલ થઇ તે શેહેર લુટવા લાગ્યા. ત્યાથી એટલી તો મતા લુટી કે તેની કીંમત કોઇથી થઇ શકે નહીં પાદ-શાહી મોતી, ગોહર, સુનુ, કશતુરી, કપુર અગર વગેરે ઘણીક નાદર ચીજો મળી પછી પાદશાહના અયવાનની તરફ ગયા અને પાદશાહની દરગાહમાથી બેશુમાર મતા બાહેર કાહાડી. બખ્તર, આરાએશત ઘોડા વીગેરે બીજી ઘણીક નાદર ચીજો કાહાડી, એમ કરતા તેવોએ એક પાદશાહી ઘર દીઠું જેની દીવાલ સુનાની અને તે ઉપર બે કીમતી ગોહરનો જડાવ જડેલો, તેની જમીન ચીની નકશીદાર તથા બાજે દીવાલો ખાલેશ રૂપા મીસાલ સફેદ કપુરની કીધેલી હતી. તે ઘરમા જે કાઇ નાદર ચીજો હતી તે ઉખેડી લીધી. જે ઇરાની લોકો તેનાં બદીખાનામાં કેદ પકડેલા હતા તેવોને છુટા કરી જે કાંઈ મતા હતી તેને એકઠી કરીને ચાલીશ કીસ્તી તે સામાનથી ભરી અને તે જગાથી તનજેહે શહેરની તરફ આગળ ચાલ્યા

જઇ પોહોંચ્યો કેરશાસ્પ લશકર સાથે તનજેહે શેહેર તરફ અને ખબર થઇ તેના પાદશાહને જહાંપેહે-લવાનના આવ્યાની તે હકીકત.

તનજેહે શેહેરની નજદીક જહાંપેહેલવાનના આવી પુગવાની ખ-

શેહેરના પાદશાહને ખબર થઇ કે તમામ શેહેરમા આઇના (યાને આરસી) બાધી સર્વે ખુશી રામશનીમા બેઠા. તે સર્વ લોકો મુનહેરાશ દેવને જોવા મલ્યા જે કોઈ તે દેવને જોતા તેના દિલમા એવી તો દેહેશત બેસતી કે ગોયા એક એક હફતા લગી બીમારી ખેચતા તે દેવની બંને બાજુ ઉપર બે હાથી રાખેલા હતા તે હાથીને આશરે તે દેવ ચાલતો હતા તેથી ગોયા જમીન ઉપર મસ્ત પાહડ ચાલતો હતો પણુ તે બેઉ હાથી-ઓખી ચાલતી વખતે ધુજતા હતા તેથી તેની બન્ને બાજુ લોહોડાની સાકળો બાધીને તે હાથીની ગરદનની રસી સાથે બાધેલી હતી જેથી તે હાથી આજેજ થઇને એવા તો પોકાર કરતા હતા કે દર તરફના પાહાડોથી શોર ભરેલા થતા હતા જહાપેહેલવાન જેવો તનજેહે શેહેરમા દાખલ થયો ને પાદશાહની દરવાહ લગી પુગ્યો ત્યા સુધી પાદશાહી લાયકના મોતીનો વધાવો લોકો જહાપેહેલવાન ઉપર કરતા હતા ને જહાપેહેલવાનને જોઇને તે શેહેરના તમામ લોકો ખુશી થતા હતા કે આપનો મુદઇ હતો તેને આ નેકબખ્તે મારી આપણે માથેથી મોટી બળા દફે કીધી જહાપેહેલવાન તનજેહે શેહેરમા એક મહિના લગી અયશ અશરત સાથે પાદશાહની દરવાહમા રહી તમામ મહિનો શરાબની જામ તથા રામશગરો તથા ન્યામત ખાનામા ગુજાર્યો પછી તે પાદશાહ તથા તેના અમીરોને ઘણોક હદયો આપી પોતાની સાથે રાખવા જેવી જે ચીજો હતી તે સાથે લઇ બાકીના માટે પોતાની ઇરાની લશકરને ફરમાવ્યુ કે જેને જે પસદ આવે તે લે. એ હુકમ સાભળી ઇરાની લશકરે જેટલો લેવાયો તેટલો અસબાબ લીધો, તે લેતાબી બેશુમાર સામાન વધ્યો, તેથી તનજેહ શેહેરના પાદશાહને કહયુ કે "તમામ માલ ખજાનો છે તે તારા લશકરને વહેચી આપજે." પણુ અવલ પાદશાહ સાથે કોલ કીધો કે "અગરજો મને આગળ જતા ખજાનાનુ કામ પડશે તો હુ તારી પાસે મંગાવીશ ત્યારે તું સેતાબ મોકલી દેજે!" એ રવેશે કોલ કરી કેટલોક ખજાનો તે પાદશાહ પાસે અનામત રાખી પોતે તે જગાથી કુચ કરી આગળ ચાલ્યો, જ્યારે અફરીકીના મુલકની તરફ જઇ પોહોચ્યો ત્યારે અફરીકીના પાદશાહને ખબર થઇ કે ઇરાન જમીનથી પાદશાહ જો-

જાકે ઘણુંક લશ્કર લડાઇને વાસ્તે મોકલ્યુ છે ને લશ્કર આજર ગોશાસ્પ મીસાલ જોશ કરતુ આવી પોહોચ્યુ છે. એ લશ્કર એક લાખ કરતાં જયાદા છે તે સાથે તમામ કાબુલી ખંજરના રાખનાર અને શમશેરનાં મારનાર છે અને તેનો સરદાર એક નવજુવાન મરદ હાથી કરતાબી તનમાં ભારી છે અને તેની પોસ્તપહનાથી તે લશ્કર હરેક જગા લડાઇમા ફ્તેહ પામે છે તે દલેર મરદ પોતાની કીનાની તલવાર ઉડાવે છે ત્યારે આસમાન તેનો ફરમાબરદાર થઈ રહે છે. લડાઇને વખત શેરને તો તે ગોરખર મીસાલનો શેકાર કરી ગણે છે અને એક તીરે કરી બે હાથીને એકઠા સીવી નાખે છે પોતાની સવારીના હાથી ઉપર હાથમા પેચદાર કમંદ પકડીને બેસે છે ત્યારે ગોયા એક શેર હાથમા અઝદા પકડી એક પાહાડ ઉપર બેઠો હોય તે મીસાલ નજર આવે છે. તે પેહેલવાને મુનહેરાત દેવને બાધી તે દેવના આજારથી તમામ જહાનને છોડવી છે વાસ્તે એ પાદશાહ એવા દેવમદ પેહેલવાને તારી તરફ લડાઇની ચુંગાલ ખોલી છે તે સારૂ એ વખત જો તુ શોસતી કરશે તો મુધ્ધ સરજોર થશે એ ખબર અફ્રીકી પાદશાહે સાભળી ત્યારે તમામ જહાન તેની નજરમાં શીહા થઇ ગઇ ને તેના બે સમેહેસાલાર ઘણા લાયક હતા તેમાથી એકને બોલાવી તેને હવાલે એક લાખ સવાર કરી એક ઝુંડો તથા તખત અને તાજ બક્ષી ઘણુાક દબદબાથી જહાપેહેલવાન કેરશાસ્પની મોકાબલે મોકલ્યો તે લશ્કરનુ સામુ આગળ જવુ અને ઇરાની લશ્કરનુબી આવવું થયું તેથી ફાશ નામના શેહેર આગળ બને લશ્કરનો મોકાબલો થયો તેથી ત્યા દેહેરા મારી મુકામ કીધો.

નામુ લખ્યું અફ્રીકીના સપેહસાલારે જહાંપેહેલવાન કેરશાસ્પ ઉપર અને કેટલોક પેગામ ઝબાંની કેહેવાડયો તે અહેવાલ.

તે બન્ને જંગી લશ્કરે આવન સામન દેહેરા મારયા તેવારે જહા-

રીફીના સપેહેસાલારનો એક એલચી જહાપેહેલવાન ફેરેશારપની નજદીક એક નામુ લઈ આવી કહેવા લાગ્યો કે "અય જહાપેહેલવાન! જે દાના મર્દ હોય તેણે મગજમા મગરૂરીનો પવન નહીં રાખવો જોઇએ વાસ્તે હુ અરજ કરૂ છુ કે દુનિયા દરમ્યાનમા કોઇ શખ્સ મગરૂર હોતો ના કે તે મગરૂરીના પવને કરી કોઇ દિન પોતાનુ સર બરબાદ કરે! તુ અમારા પાદશાહને રાજા બહુ હીંદીના જેવો કમજોર જાણી તેની સાથે લડાઇ કરવા ચાહે છે પણ તને ખબર નથી કે અમારો પાદશાહ લડાઇનો કસદ કરે છે ત્યારે જમાનોબી તેની દેહેસ્તથી ધ્રુજીને ભારે આજજી કરી મીન્નતથી પનાહ માગે છે. તેના ખજરે પાહડમાથી પાણીની જગા લોહી વરસે છે ને તેના ઘોડાની દોડ બરાબર વિજળીબી દોડી શક્તી નથી. એવો કોણ મરદ છે કે કીનાને વખત તેની પેશાની ઉપર નેગાહ કરી શકે. તે પોતાના હાથમા પેચદાર કમદ પકડે છે ત્યારે તુ જેવા ત્રણસો ફેરેશારપને એકઠા બાંધે છે વળી એ પાદશાહ પાસે એટલો તો ખજાનો છે કે જોહાક પાદશાહ જેવા એક હજાર પાદશાહને ગોલામની મીસાલ વેચાતા લઇ શકે. વાસ્તે એ બેહુદા મરદ! તે પોતાની ખામ અક્કલે કરી પોતાની ખરાબી કરી છે પોતાના પગે ચાલીને ગારમા આવ્યો છે વાસ્તે અગર જો તુ પોતાના પ્યારા જીવ ઉપર મેહેરબાની લાવતો હોય તો હું કહું તે કામ કર કે તુ લશકર સાથે શોખીથી આવ્યો છે તેનો કરશો મુનાફો નથી પણ હજુ અમારો નામદાર પાદશાહ એ જગા આવી નથી પોહોચ્યો તેટલા તુ પોતાના હાથ પટકાએ કરી બાંધીને અમારા સીપેહસાલારની નજદીક આવી મીન્નત કરી માફ માગ કે તુ પોતાના જીવથી બચે! અગર નહી તો તને પકડીને બાંધી અમારા પાદશાહની નજદીક લઇ જઇશુ ત્યાર બાદ તુ મીન્નત અને અને આજજી કરશે તે કશી કામમા આવવાની નથી" આ શેખી ભરેલા સખુન જહાપેહેલવાને તે એલચીની ઝબાનથી સાભળ્યા કે ગોસ્સામા આવી હોકમ કીધો કે એની દાહડી મુછના બાલ ઉખાડી નાખવા, જે હોકમ મુજબ તુરત તે એલચીના બુરા હાલ કરી ઝબા કાપી નાખી! તે જોઇ એક બુઢો મરદ કપુરની મીસાલના સફેદ બાલ થયલો આવી તે એલચીને કેહેવા લાગો કે "અય મરદ!

પોતાની ઝબાને કાબુમા નહી રાખ્યે તો ગોયા પોતાની આસ્તીનમાં સાંપ તથા વીછુ રાખ્યા મીસાલ છે. આપણા મોહોડામા ઝબાન છે તે ગોયા એક શેરને બદીખાનામા રાખ્યા મીસાલ બંધ કીધેલી છે તે ઝબાનને અકલના બધે કરી બાધેલી છે તેને છુટી મેલ્યે તો તે શેર આપણને જીવથી મારે છે વાસ્તે પોતાની ઝબાંને દોસ્ત તથા દુશ્મનની નજદીક બોલવામા મલાહજો રાખ્યે ! એ ઝબાન છે તે આદમી જાતનો મેહેરબાન દોસ્ત છે પણ એમ કરતા એક મરતબે જીવના લેનાર દુશમન કરતાબી ઘણી બદતર છે." એ રવેશ તે બુઢા મરદનું કેહેવુ કે જહાપેહેલવાને તે એલચીને પોતાની નજદીકથી બેહેરમત કરાવી બાહેર કહડાવી મુકી તેજ વખત પોતાના લશ્કરને આગળ ચલાવ્યુ. રાહમા જતા એક ગામ અરદીએ નામનુ હતુ તેની આમપાસ એક જંગલ ઘણુ હવા ભરેલું હતુ તેમા શેબના ને જીતુનના ઝાડ બેશુમાર હતા તે ગામમા દુશ્મનનુ લશ્કર આવી પડેલું હતું સુનેરી રંગનો આફતાબ બાહેર નિકળ્યો કે બન્ને તરફથી લડાઇના નગારાના અવાજ નીકળ્યા અને હર તરફથી સવારો મેદાનમા નિકળ્યા કે એક જબરૂં જંગ શરૂ થઇ અને લડાઇનો શોર તમામ જહાનમા ઉઠયો સવારોની તલવારે કરી જેમ ખેજાનના પવને કરી ઝાડના સુકા પાતરા ખરે તે મીસાલ આદમીઓના સર જમીન ઉપર પડવા લાગ્યા તથા દિલાવર સવારોના પોકારે કરી તમામ જંગળ ક્યામત મીસાલ ભારી શોરશોર ભરેલું થયુ એમ કરતા રાતનો વખત નજદીક પોહોંચ્યો તોબી લડાઇ જારી રહી પણ કોઇ લડાઇથી પાછા ફર્યા નહીં. તે રાત માહાતાબની રોશનીથી રોશન રોજની મીસાલની હતી તેથી જમીન ઉપર ખાડા ટેકડા વીગેરે નજર આવી માહાતાબના નુરે કરી તમામ જમીન આરસી મીસાલ ચળકતી હતી એવી ચાદની રાતમા જહાપેહેલવાન કેરશાસ્પ પાછ પ્યાદો હરતરફ દોડી જે ઉપર કીનાનો ગોરજ મારતો તે શખ્સને ખાક સાથે બરોબર કરી નાખતો, તેથી બેશુમાર લોહી જમીન ઉપર પડી તમામ મેદાન મજીઠના જંગલ મીસાલ નજર આવવા લાગ્યું એમ કરતા આફ-

રીકીના લશકરમાથી એક સવાર લડાઇના હથીયાર બાધેલો ઘોડો દપતા-વતો આવી પોતાની તેજ તરવારે કરી ઇરાની લશકર ઉપર જમણી તથા ડાબી તરફ રસ્તાખેજ ગુજારવા લાગ્યો. એક તરફ જહાપેહેલવાન કેર-શાસ્પ કીના ભરેલો થઇ ઝાડની નીચે જરા આશાયશને વાસ્તે ઉભો હતો તેને દુશમનના લશકરના પેહેલવાનને ઇરાનીઓ ઉપર ગાલેબ દીઠો કે સીતાબ શેર મીસાલે કુદી તેની નજદીક જઇ તે સવારના ઘોડાનુ દુમ પકડીને કેટલોક વાર જગો ઉપર સ્થીર રાખ્યો પછી તેને સવાર સાથે પોતાના સર ઉપર ગોફનની મીસાલ ફેરવી પોતાની નજદીકથી એકસો કદમ દુર ફેકી દીધો કે તેના જરબે કરી અફરીકીના લશકરમાથી બીજા કેટલાક સવારો માર્યા ગયા જહાપેહેલવાન પોતાના ગોરજે કરી એ રવેશથી દુશમનના લશકર ઉપર રસ્તાખેજ કરવા લાગ્યો કે તે સિતમ જોઇ અફરીકી લશકર જગલમા પરાગંદે થઇ નાહસવા લાગ્યુ તેઓનો દુબાલો પકરીને ચાર ફરશગ સુધી ઇરાની લશકર દોડયુ ને બે હીસ્સા લશકર માર્યું ને એક હીસ્સો કેદ પકડાયુ પછી જહાપેહેલવાન પોતાના લશકર સાથે પાછો આવી દેહેરામા બેસીને ન્યામત ખાણુ ખાવામાં તથા શરાબ પીવામા રાત ગુજારી.

ફતેહ પામ્યો જહાંપેહેલવાન કેરશાસ્પ અફરીકીનાં લશકર ઉપર તે હકીકત.

આફતાબે પોતાનો રોશન ચેહેરો પરદામાથી બાહેર કાહાડયો તેથી તમામ જહાન આરાસ્તા થઇ યાને બામદાદનો વખત થયો ત્યારે જહા-પેહેલવાને કીના ઉપર કમર બાધી પોતાના લશકરમાથી કેટલાક દલેરોને ચાલીસ જગા ઉપર કમીગાહ કરી રાખી પોતાના લશકરમાથી કરનાયા તથા નગારાના અવાજો કીધા, તેના શોરે જોશમા આવી પાણીના રગની તલવારોમાથી આતશના શોલા નીકળવા લાગ્યા. તે આતશ નહીં હતો પણ

ગોયા કીનાના લોહીની તાએસના મસ શોલા હતા. બેશુમાર ગીરદ ઉડવા લાગી જેથી આસમાનથી શીહા નજર આવતું હતુ જહાપેહેલવાન ફેર-શાસ્પે પોતાના લશકરને કહ્યું જે "આ જંગલમાં દુશમન લોકો પનાહ પકડી બેઠા છે વાસ્તે સર્વ કોઇ એક મરતબે ચારો કરી જંગલની તરફ નાહાસ્યે જ્યારે તે લોકો આપણુને નાહસતા જોશે ત્યારે તે લોકો એ જંગલમાથી છુપાયલા છે તે ખુશી થતા બાહેર નિકળી આપણો દુંબાલો પકડશે પછી આપણે પાછા સામા થઈ તે લોકોને ચુટી ચુટીને મારશુ. એ રવેશ ફરેબ કરશું તોજ એ લોકો જંગલ તથા પાહડમા છુપાયલા છે તે બાહેર નીકલશે." એટલું કહી ઇરાની લશકર તથા જહાપેહેલવાન પોતે સર્વે કોઇ લગામ ફેરવી બેઅખત્યાર નાહસવા લાગ્યા તેઓનુ નાહસવુ કે અફરીકીના લોકો જે જીવની દેહેસ્તથી છુપાયલા હતા તેઓએ તે જગાથી બાહેર નીકળી તેજીથી ઇરાની લશકરનો દુંબાલો પકડયો જેવું તે લોકોનું બાહેર નીકળવુ કે કેટલાક ઇરાની પેહેલવાનો જેઓ ચાલીસ જગો ઉપર કમીગાહકરી બેઠેલા હતા તેઓ શીતાબ તે લોકોની પછવાડે દુંબાલો કરી દોડયા વળી બીજા ઇરાની લોકો જે આગળ નાહસતા હતા તે પાછા ફરીને સામા લડવા લાગ્યા ને અફરીકી લોકોને વચમા ઘેરી લીધા અને બન્ને તરફથી એ રવેશની તલવારો ચાલી કે તે અફરીકી લોકો ગોયા બેહોશ આદમીની મીસાલ ઘાભરા થઇ ગયા આદમી ઉપર ઘોડા અને ઘોડા ઉપર આદમી તેમજ બાપ બેટાને તથા બેટો બાપને જીવની દેહેસ્તને લીધે મારતા હતા. ઘણાક લોકો હાથીના પગ નીચે રગડાઇ ગયા અને ઘણાકના સીના ચાક થયા. ઘણાકના સરમાથી બેઅદાજે લોહી વેહતુ તથા બાજે લોકોના હાથ પગ તુટેલા અને બાજે જખમી થઇ બેહાલ ખોહારીથી ખાકમા પડેલા હતા. કોઇના તનમા બખ્તર પેહેરેલુ અને સર ખાકમાં નાખીને પડેલો તો કોઇના હાથમા ખંજર પકડેલું અને વગર માથે પડેલો એ રવેશ બેશુમાર લશ્કર માર્યુ કે તેનો શુમાર કહાડી શકાયો નહીં. વળી ઘણાક આદમીઓ કેદ પકડયા જેમા લશ્કરનો સરદારથી કેદ પકડાયો. જેહાપેહેલવાને તે સપેહસાલારને પકડાયલો દીઠો ત્યારે તેના બન્ને કાન તથા નાક કપાવી તેની પેશાની ઉપર દસ જગોએ આતશે કરી ડાગ દીધા

પછી તેને કહ્યું કે "અય મરદ! તુ શીતાબ તારા પાદશાહ પાસે જઇ જે કાંઇ આ જગા તે નજરે દીઠુ હોય તે તમામ જાહેર કરીને કેહ! મેં તારા કાન તથા નાક કપાવ્યાં એટલા વાસ્તે કે તે મને નામામા ઘણાક નાલાયક સખુનો લખ્યા હતા તેથી મે તારી સાથે એ ચાલ ઇનસાફની રાહે ચલાવી છે." એટલુ કહી તેના સર ઉપર એક છકડ મારીને બાહેર કાહડી મુકયો। પેલો સપેહસાલાર નાક તથા કાન વગર ખોહાર ચયલો પોતાના પાદશાહની તરફ જતો હતો એવામા રાહમા એક ગામ દીઠુ તેથી તે ગામમા જઇ ત્યા એક બુઢી ઓરત નજદીક જઇને કહેવા લાગ્યો જે "અય નેકબખ્ત ઓરત! હુ એક બેકશ મરદ છુ મે તારે ઘર ખેતીવાડીની આબાદી દીઠી તેથી તારી નજદીક મેહેમાનની મીસાલ આવ્યો છુ" તે ઓરતે તેને પીછાન્યો નહી તેથી આવાજ મારીને કહેવા લાગી કે "અગર તુ ખાણુ ખાવાનો તથા પાણી પીવાનો હોય તો હુ કહું તે એક કામ કર. તુને એમ નથી કેહેતી કે તુ તારા સર ઉપર ભારી બોજો ઉઠાવીને મજલ જા પણુ એટલુજ કર કે આ દાતરડુ છે તે લઇને મારી ખેતીમાથી ઘઉના કળશ કાપી લાવે તો તને તેની મજુ-રીમા ખાણુ મળશે" એ સખુન સાંભળી પેલો સપેહસાલાર ઘણો ભુખ્યો હતો તેથી પોતાની સરદારી ઉચી મુકી પેલુ દાતરડુ લઇને ખેતરમાંથી ઘઉના કણુશ કાપીને ગાસડી બાધી પોતાના સર ઉપર ચહડાવીને લાવ્યો તેથી તે બુઢી ઓરતે તે ઉપર મહેરબાન થઇને જવની રોટી, છાશ, ખજુર તથા દુધ લાવીને તે મરદની નજદીક મેલ્યુ, જે ખાઇ તે રાતના ત્યા સુઇ રહી બામદાદને વખતે ઉઠી પોતાના લશ્કર તથા પાદશાહની નજદીક જઇ પોહોચ્યો તેને એ રવેશે આવતો જોઇ પાદશાહે તેને પોતાના લશ્કરની ખબર પુછી જેથી તે કેહેવા લાગ્યો કે "અય પાદશાહ! તું ખબર શુ પુછે છે? હુ તારી નજદીક ઉભો છુ પણુ તુ જોતો નથી કે મારા મોહ ઉપર નાક કાન તથા મારા તનમા હોશ નથી એવા પરે-શાન હાલે હુ ઉભો છુ તો જેવો મારો હાલ તેવો તમામ લશ્કરનો હાલ જાણુજે તથા એથી બી વધારે તે લોકોનો બુરો હાલ થયો છે" એ ખબર તે પાદશાહે સાભળી કે ગમગીન થઇ ફરીથી લશ્કર તૈયાર કીધુ.

આ તરફથી જહાપેહેલવાન કેરશાસ્પ પોતાના લશકર સાથે એક મંજલ આગળ વધી આવ્યો

નામુ લખ્યું જહાંપેહેલવાંન કેરશાસ્પે અફ્રીકી પાદશાહ ઉપર તે હકીકત.

હવે રાહમા એક જગા ઘણી ખુશ હવાની હતી જ્યા મીઠા પાણીના બેશુમાર ચશમા દીઠા તેથી તે ખુશનુમા જગાએ દેહેરા મારી જંગલમા ઘોડા બાધ્યા તેથી તે જગલ ગોયા એક શેહેર મીસાલ આબાદ થયલુ નજર આવ્યુ પછી જહાપેહેલવાન કેરશાસ્પે પોતાના નવીશદાને બોલાવી ફરમાવ્યુ કે એક નામુ ઘણા દબદબા અને ગુસ્સાથી મારે નામે અફ્રીકીના પાદશાહ ઉપર લખ કે તે વાચતા વાર કીનાની કમર બાધી લડાઇમા આવે નવીશદાએ એક નામુ રસ્તાખેજના શોર ભરેલુ પોતાની અકલે લખ્યુ. તેની કલમ પોતાની આખમાંથી શીહા કસ્તુરીનો વરસાદ સફેદ કપુરના ખેતરમા વરશાવતી હતી તે નવીશદાએ નામા ઉપર અવલ પાક પેદાના કરનારનુ નામ લખ્યુ કે તે સાહેબે જમાના ગરદેશને ફરતી કરી દુનિયાને પેદા કીધી અને આદમી જાતના જાનને હવા મીસાલ બેઆલુમ તનમા મેળ્યો અને આસમાન ઉપર આફતાબ તથા માહતાબને ચાલતા કીધા અને તમામ સેતારાઓની જુદી જુદી ચાલ આપીને એક એક તાલુકા ઉપર રાખ્યા. એ રવેશે પાક પેદાના કરનારની તારીફ લખી પછી લખ્યુ કે—અય અફ્રીકી! જહાનના પાદશાહ જોહાકે તારી બેદાદી તથા જુલમની વાત લોકોની ઝબાંનથી સાભળી છે કે તે પોતાની બદબખતીએ કરી તે પાદશાહ સાથે સરકશી કરી મગરૂરીથી પાદશાહ જોહાકને અઝદાની, સુરતનો બદસુરત કહ્યો તથા હુ જે જહાપેહેલવાન છું તેની બુનીઆદને બદ સખુન બોલી બદનામ

કરે છે અને તું હુરેમનને તોખમનો નાપાક શરકશ થઇ બેઠો છે. તું પોતાના દીલમા જાણે છે કે તારા કરતા કોઈ બીજો જોરાવર નથી અને તુ પોતાની પાસે ઘણોક ગજ તથા લશ્કર રાખે છે તેથી પોતાના જોર ઉપર મગરૂર થઈ પોતાના દિલની આખ ખોલી કાંઈ જોતોજ નથી ને બેદાદી તથા સિતમનો પેશો લઇ બેઠો છે પણ તુ જો કે મે મારા ભારી ગોરેજે મુનહેરાશ દેવને શી રવેશ આજેજ કીધો છે મે કીનાની કમર ખેચી ત્યારે મે એકલાએ તે દેવની બાજુ બાધી તે કરતા તમામ રૂમનો મુલક હીનદુસ્તાનની જમીન સુધા, મે સિધના દરિયાવ લગી જેરોજબર કરી નાખ્યો તે વખતે પાક યજદા શિવાય મારો મદદગાર કોઇ બીજો નહીં હતો. વળી મે ભારી અઝદા સાથે તનહા જાતે લડાઇ કીધી તે તમામ ઉપર નેવાહ કરીને અગર જો હાલ તુ આજજીથી મીન્નત કરી અમારા પાદશાહની નજદીક આવશે તો તુ પોતાના તખ્ત ઉપર બેસી આશાયશથી પાદશાહી કરશે પણ જો પોતાની ઉંધી અકલે કરી સરકશી કરશે તો તારા તખ્તની જગા અગર માહતાબ સાથે આસમાન ઉપર હશે તો ત્યા થીબી મારી તલવારે કરી તને ખાકમા ઉંધો નાખી તારી દરગાહને જેરોજબર કરી નાખી તારા તનને શેરનો ખોરાક કરી તારા સરને નેજાની નોક ઉપર ચહડાવી ઇરાન લઇ જઈશ." એ રવેશનુ નામુ નવીશદાએ લખી તૈયાર કીધા બાદ જહાપેહેલવાન એક એલચી ઘણો હુશિયાર તથા દાનાવ હતો તેને તૈયાર કરી બાજે ઝબાની પેગામો કહી ઘણીક નસિહત કરી રવાને કીધો. તે એલચી નામુ લઇ અફરીકી પાદશાહની નજદીક આવી પોહોચ્યો અને તે પાદશાહને પોતાના અયવાનમા તખ્ત ઉપર બેઠેલો દીઠો તે અયવાનના તુતક ઉપર તખ્ત માડી રોશન આફતાબ મિસાલ બેઠેલો હતો. તેના મેહેલની તમામ જમીન સગેમરમરની અને તમામ દીવાલ બીલોરની હતી અને બસો કગુરા તેના તખ્તની આસપાસ યાકુત તથા મોતીના બનાવેલા તથા બીજા ચાલીસ તખ્ત પાદશાહી લાયકના હતા તેમા બાજે તખ્તના પાયા વાઘની શીકલના હતા તેના ખાસ તખ્તની નીચે ચાર થાભલાને ઘણાક કીમતી ગોહરો જડેલા હતા તેથી તે થાભલાઓની રોશની દુરથી ;એવી તો જાહેર થતી જે તેની

સામે જોય તેની આખમાથી આસુના કતરા નિકળે એવા જખમ ભરેલા હતા અને તે અયવાન ગોયા બાગે બેહેસ્ત મિસાલ રોનકદાર સણગારેલુ હતું

એલચીએ પેલુ નામુ અફ્રીકી પાદશાહની નજદીક ધર્યું પછી પેલો દાના એલચી જે પેગામ ઝબાની લઇ ગયો હતો તે સર્વે બ્યાન કરી કહ્યું. અફ્રીકીએ તે પેગામ સાભળ્યા બાદ મુનશીએ મોટે અવાજે નામુ વાચ્યુ તેની હકીકત સાભળી તેથી તે પાદશાહ ઘણો ગુસ્સામા આવી તે એલચી ઉપર રીશે ભરાઇ ફરમાવ્યુ કે "એ એલચીને બાધીને એના તન ઉપર ચાલીસ લાકડી મારે" તેજ વખત છડીદાર લોકોએ તે એલચીને બેઆબરૂ કરી તેના સર ઉપર છકડ તથા તમાચા મારી તેને એક લાકડાં સાથે બાધીને ચાલીશ લાકડી જોરથી તેના તન ઉપર મારી અને તેના તન ઉપર નીમકનુ પાણી છાટી ઘણીક બેઅદબી કરી ખોહારીથી બાહેર કાહડી મુક્યો પછી પાદશાહે પોતાના બે સપેહસાલાર હતા તેઓને શિતાબ બોલાવી ચૌદ હજાર સવારો સાથે આગળ રવાને કીધા. તે સપે-સાલારોએ કીનાની ચુગાલ ખોલી અને શિતાબીથી રાહ માપતા ઇરાની લશકરને મોકાબલે જઇ પોહોચ્યા

લડાઇ કીધી જહાંપેહેલવાન કેરશાસ્પે અફ્રીકીનાં લશકર સાથે અને તેના બે અમીરોમાંથી એક માર્યો ગયો અને બીજાએ પેહેલવાન કેરશાસ્પ પાસે જીવતદાન માગ્યુ તથા નાહાસી ગયુ અફ્રી-કીનુ લશકર તે હકીકત.

બન્ને તરફના લશકરે સફ ખેચી અને જુવાનોનાં સર

કરનાયા અને કીનાના નગારાના અવાજે જમાનો શોર ભરેલો થઇ ઘોડાઓ હર તરફ હરણુવા લાગ્યા તથા દલેર સવારો એક બીજાને હીંમત આપવા માટે પોકારતા હતા તેથી પાહડના દીલ પણ ધ્રુજવા લાગ્યા અને મેદાનમાથી એટલી તો ગીરદ હવા ઉપર ગઇ કે ગોયા રોશન રોજ શીહા રાત મીસાલ નજર આવતો હતો પણ તે મેદાનમાં દલેર સવારોની એટલી તો તલવાર નિકળી હતી કે જેના ચળકાતે તમામ મેદાન ગોયા આફતાબની રોશની મીસાલ રોશન નજર આવતુ હતુ બન્ને લશકર એક એક સાથે ભેલાઇ જઇ ગોરજ તથા શમશેરની લડાઇ કરવા લાગ્યા. જેમ એક વાદલમાથી પાણીના કતરા શિતાબ ગળે તે મિસાલ આદમીઓના માથા જમીન ઉપર પડવા લાગ્યા અને જખમી લોકો ખાકમા પડી પાણીની જગો આદમીઓનુ લોહી પી પ્યાસ ભાજતા તેમજ હરેક તરફથી મસ્ત હાથીઓ પોતાનુ તન રેલવતા દોડતા જેથી તેના પગ નીચે રગડાઇ જતા એ રવેશની સખત લડાઇ થવા લાગી એવામા અફરીકીના લશકરનો એક સવાર શીહા વાદલ મિસાલ જોશ કરતો આવી ગોરજ તથા તલવારે કરી ઇરાની લશ્કરની સફ પરાગંદે કરવા લાગ્યો. તે જે તરફ દોડતો ત્યા આદમીઓની લોઠના ટુકડા કરી નાખતો, એમ કરતા ઇરાની લશ્કરની કલબગાહમા જહાપેહેલવાન કેરશાસ્પની નજદીક આવી લાગ્યો અને એક ખુટભાલડી કેરશાસ્પ ઉપર ફેકી તેથી જંગી કેરશાસ્પે શેતાબ પોતાની સવારીના હાથી ઉપરથી કુદીને તે સવારનો હલક પકડી ઘોડાની પીઠ ઉપરથી ઉઠાવી એવો તો જોરથી જમીન ઉપર પટકયો કે તેનુ તન રેજેરેજ થઈ ગયુ પછી જહાપેહેલવાન ગુસ્સામા આવી અફરીકી લશ્કર ઉપર જઈ પડી ગોરજ તથા તલવારે કરી તે લશ્કર ઉપર રસ્તાખેજ કરવા માડી અને ભારી ગોરજના જખમે કરી મસ્ત હાથીઓના મગજ ભાજી નાખતો હતો તેથી પાહાડ મીસાલના હાથીઓ જમીન ઉપર પડતા એ મિસાલની સખત લડાઇ જોઇ અફરીકીના બન્ને સપેહસાલારો આજેજ થયા. તે બન્ને સપેહસાલારોમા એક શખ્સ બુઢો, દાનાવ, અકલમંદ અને દુરઅંદેશ હતો તે પોતાના દીલ સાથે કેહેવા લાગ્યો કે એ જહાપેહેલવાનની જવામરદી ભરી લડાઈ આગલ હેરેમનબી

ગોયા તાબેશ રાખી શકે નહીં તેથી એવુ નકી માલમ પડે છે કે અમારા પાદશાહ અફ્રીકીનો મુલક તથા તાજ રેહેવાનું નથી એ પેહેલવાનની એવી સખત લડાઇ છે વાસ્તે એ પેહેલવાન અમારા લશકરને બરહમ મારે અને બાજી હાથથી જાય તે કરતા અગાઉથી હુ એ જહાંપેહેલવાનની નજદીક જઈ અગર જો એ વખતમા હુ માફી માગશ તો એ જંગી પેહેલવાન મારો ગુનાહ માફ કરી મને જીવતદાન બક્ષશે. એવો અંદેશો પેલા અમીરે પોતાના દિલ સાથે કીધો તે ઉપરથી આ નામાનો જોડનાર શાહેર એમ કહે છે જે કોઈ શખ્સ એક કામ કરે તેમા દુરઅંદેશી રાખે તે શખ્સ પછવાડે પશેમાન નહીં થાય પણ તેનુ કામ ખચીત મજબુતી પકડે.

પેલો સપેહસાલાર એવો અંદેશો કરી પોતાનાં લશ્કરના જે બુઝર્ગ આદમીઓ હતા તેઓને સાથે લઇ જહાંપેહેલવાનની નજદીક આવી હાથ જોડીને માફ માગવા લાગ્યો, તેજ વખતે જહાંપેહેલવાને ઘણોક દીલાસો દઇ તથા નવાજી સરફરાજ કીધો. પછી જહાંપેહેલવાને તેને કહ્યુ કે “જે દાહાડે હકતાલાની મદદથી હુ અફ્રીકી ઉપર ફતેહ પામશ ત્યારે એ કીરવાનના મુલકની પાદશાહી તારે હવાલે કરીશ” એ રવેશે તેને દિલાસો આપી પોતે બીજી મરતબે અફ્રીકીના લશ્કર ઉપર હુમલો કીધો અને ઇરાની લોકોએ ભારી ગોરજ તથા શમશેર ઉઠાવી એક લડાઇ એવી તો સખત કીધી કે તેથી એટલાતો આદમી મારયા ગયા કે જમીન ઉપર ચાલવાનો રસતો બી બધ થઈ ગયો દુશમનનુ બખ્ત મરગસ્તે થયુ ત્યારે અફ્રીકીના લશ્કરમા પેલો જે એક સ્પેહસાલાર બાઉ હતો તેબી મારયો ગયો જેવુ તે સ્પેસાલારનું જમીન ઉપર પડવુ કે તમામ લશ્કરે પોતાના હથિયાર જમીન ઉપર નાખી સર્વ કોઇ જહાંપેહેલવાન પાસે માફી માગવા લાગ્યા અને જે ફરસુદ પામ્યા તે પોતાના પાદશાહની નજદીક નાહઠા. એનો દુબાલો ઇરાની લશ્કરે પકડયો તેથી પેલા પેહેલવાનોને છેક કીરવાન શેહેરના દરવાજા સુધી મારતા મારતા જઈ પોહોંચ્યા. દુશમનો પાદશાહ પોતાના દેહેરામાં ગયો અને હબસીના પાદશાહે પોતાનું લશકર મેદાનમાં કહાડયું પાને સતનો વખત

થયો ત્યારે જહાંપેહેલવાને અફ્રીકીના શેહેરની નજદીક નદીના કીનારા ઉપર દેહેરા મારીને લશકર સાથે મુકામ કીધો

પેલી તરફ અફ્રીકીના પાદશાહે પોતાના લશકરનો એવો હાલ જોયો તેથી તેની આગળ તમામ જહાન શિહા થઈ. પછી બીજી મરતબે લડાઇની તૈયારી કીધી અને ખજાનાનો દરવાજો ખોલી સર્વે લશકરને બેશુમાર ખજાનો બક્ષ્યો રોશન રોજ જાહેર થયો ત્યારે એકાએક કેરવાનનુ લશકર એટલું તે શેહેરમાથી બાહેર નિકળ્યુ કે ગોયા તે શેહેરની આસપાસ પોલાદના લોહડાનો કોટ હોય તે મિસાલ શેહેરને નેગાહ રાખી ઉભુ જાણે તે લશકરના સવારો નહી હતા પણ ગોયા મસ્તી ભરેલા તમામ હાથીઓ હતા તે લશકરના સવારોના તનમા ચીતાના ચામડાનાં બખ્તર પેહરેલા હતા અને હાથમા મગરમચ્છના ચરમની ઢાલ, વીજના લોહોડાની તલવાર સાથે પકડેલી હતી તેના સપેહસાલારોએ તનમા શીહા માહીના ભીંગડાના બખ્તર પેહેરેલા હતા અને સર ઉપર માહીના મોહોરાની ટોપી મેળેલી હતી તે લશકરને જોઇ ઇરાની લશકર શિતાબ કમર બાધી તૈયાર થયુ. બન્ને લશકરમાથી કીનાના નગારા, ને જગના કરનાયાના લડાયક અવાજો ઉઠવા લાગ્યા તેથી આદમી, ઘોડા તથા હાથી સર્વ કોઈ મસ્તીથી જોશમા આવી લડાઇમા પડયા અને જમણી તથા ડાબી તરફ જગ કરવા લાગ્યા જેની ધરપકડનો પોકાર એવો તો ઉઠયો કે જગલમાથી શેરોબી હરતરફ નાહાસવા લાગ્યા એ રવેશની સખત લડાઇમા જેમ શાદીને વખતે મેહેમુઓ પોતાના હાથના પજા મેદીથી રગી લાલ કરે છે તે મીસાલ પેહેલવાનના હાથ આદમીઓના લોહીથી લાલ થયા હતા તથા એટલુ તો લસ્કર મારેલુ જમીન ઉપર પડયુ કે તેનો કશો શુમાર હતોજ નહીં. તલવાર સાથે તલવાર લાગની તેની ચકાચકનો આવાજ ગોયા વિજળી મિસાલ નજર આવતો હતો કમાનના ચીલ્લા ખેંચાતા તેના આવાજે પાહાડના દીલમી જાણે સખતીમા પડયા હતા તથા ભારી ગોરજના ધબકારાથી જમીન ગોયા આજેજ આવી હતી. લડાયક સવારો પોકાર મારતા હતા જેના અવાજથી હેરેમનના દીલ ફાટવા આહતા હતા તેમજ ઘોડાઓના પગની

નાલે જ ગળના પાહડ સુરમા મિસાલ બારીક થયા હતા. એ રવેશે હલેર સવારોનુ એટલુ તો લોહી જારી થયુ કે જાણે દરિયાવમા મગર-મચ્છ તરે તે મિસાલ તે લોહીમા મુવેલાં આદમી તરતા હતાં. એ રવેશની સખત લડાઇ ત્રણ દાહાડા જારી રહી. તે ખુનરેજી જોઇ આસમાન ઉપરથી જાણે કોઈ કેહેતો હોય કે "ઓ જહાપેહલવાન કેરશાસ્પ હવે બસ કર!" એવો દેખાવ થયો પણ સવ કોઇ એવા તો રણમાં પડયા હતા કે તેઓના મગજમા હોશ યા તનમા જીવબી નહીં હતો પેહેલવાન લોકોના હાથના પંજા તલવાર મારતા તથા કમાંન ખેચતા આજેજ આવી ગયા અને ઘોડાઓ દોડવાથી સુસ્ત થઇ ગયા અને લોહોડાની પાખરે કરી હાથીઓની પીઠ ઘસાવા લાગી અને આદમીઓની લોઠે કરીને એક કોસ લગી જંગળ ભરાઇ ગયુ. એ રવેશની જબરદસ્ત લડાઈ જહા-પેહેલવાને પોતઃની ઉમરમા બી નહી જોઇ હતી તેથી પોતે બેસબર થઇ ગયો હતો પણ પોતાની જવાનીની હીમતથી હાથમા ગોરજ પકડી બાજુપર કમાન લટકાવી લડાઇની સફમા જઈ પડયો તેની સવારીનો હાથી ગોયા ફોલાદના લોહોડાના એક પાહડ મીસાલ જમીન ઉપર દોડતો હતો અને પોતે ગોયા તે ઉપર એક બબર જાનવર મિસાલ હાથમા પેચદાર કમંદ પકડી બેઠો હતો તથા તે હાથી જોવામા તો હાથી હતો પણ ચાલવામા પરંદુ મોર્ગ હતુ અને તેના દમનો ફુફારો માહાતાબ લગી જતો હતો! જે જગા કદમ મેળતો તે જગા ગોયા એક ઊંડો ખાડો ખણેલો હોય તે મીસાલના ખાડા પડતા હતા. એવા જબરદસ્ત હાથી ઉપર જહાપેહેલવાન બેસી દોડતો હતો તેથી ઉડતી ગીરદથી તમામ જહાન શીહા કરતો. એવા-મા જહાપેહેલવાને પોતાના લશ્કરમાથી એક સવાર, જે અફ્રીકી લોકોની ઝબાન જાણનાર હતો તેને પોતાની નજદીક બોલાવીને કહ્યું કે "તું શિતાબ અફ્રીકી પાદશાહની નજદીક જા અને મારી તરફથી તેને એમ કેહે કે અય નાપાક બદગુમાન! તુ પોતાના ઘણું લશકરને જોઇ મગરૂર રેહે છે કે જંગી કેરશાસ્પને આજેજ કરૂ પણ એવા કાચા અંદેશાથી તું પોતાના મગજને ખાલી કરજે અને પોતાની ગોશ્ના અંદેશામા રેહેજે અગર તારી મદદ આસમાન કરશે તોબી તુને તારા લશ્કર સાથે મારા હાથે

ગોરજના જરબે કરી ખાક બરાબર કરી નાખશ. અગર જો તારામા લડાઇની હીંમત હોય તો શેતાબ મેદાનમા આવ! આપણુ બન્ને જણુ લશકરની હજુર લડાઇ કરી જોઇએ કે, હકતાલા કોણુ ઉપર મેહેરબાન થાય છે. આ રવેશની સખત લડાઇમા આજ ત્રણુ દાહડા થયા નાહક આપણુ લશકર માર્યું જાય છે વાસ્તે તુ આવ કે આપણે બેહુ જણુ લડીયે તો લશકરની ખરાબી થતી બચે" પેલા શખ્સે જંગી કેઃશારપની ઝબા નથી એ રવેશ પેગામ સાભળ્યો કે સેતાબ અફ્રીકીની નજદીક જઇને તમામ પેગામ બ્યાન કરી કહ્યો તે દબદબા ભરેલી હકીકત સાભળીને અફ્રીકીએ દલગીર થઇને પેલા પેગામ લાવનાર મરદને બુલદ અવાજે કહ્યુ કે "જા, તારા કેરશારપને કહે કે અય બેહુદા મગજના! હજુર તે પોતાના કરતા જબરદસ્ત પેહેલવાનોના હાથથી છકડ ખાધી નથી તેથી તુ બેહેકીને બોલે છે જવાનીના વખતમા તનનુ જોર તથા દલેરી જ્યાલગી હોય ત્યાલગી તે શખ્સ કોઇ બીજાને પોતાના કરતા જોરાવર જાણે નહીં તે કરતાં તુ બુઝર્ગીની તથા શરફ્રાજીની ખાએશ શુ રાખે છે? તુ તો શરકશ દેવની તોખમનો છે અગરજો હું પોતાની જાતે એકલો તલવાર પકડીને મેદાનમા આવુ તો તુ જેવા એક હજાર પેહેલવાનોને એક હુમલામા મારી લેવુ તે કરતા હુ તારી સાથે લડાઇ કરવા લાયકનો હોઉ તો તારા મેદાનમા આવુ. તું તો પાજી જોહાકનો એક ચાકર છે અને હુ તે તાજનો રાખનાર પાદશાહ છુ તો મારા મેદાનમા બીજોબી પાદશાહ હમનબર્દ જોઇયે. તું જેવા એકસો કેરશારપ તો મારી ખીદમતમા ગુલામ રેહે છે તથા મને કીનાનો જોશ આવે છે ત્યારે હુ જમાનાને જેર કરૂ છુ અને એક હાથે કરી આસમાનને ખાકમા નીચે લાવુ. લડાઇને વખત દરિયાવ મારી નજદીક આવે તો તેને તલવારની તેજીએ કરી બાળી નાખુ. અગર ભારી પાહાડ આવે તો ગોરજે કરી ખાકસાર કરી નાખુ તેમજ સીંહ જાનવરને તો હુ શેકારની મિસાલ એક તીરે કરી મારી લેવુ છુ તો તુ એક નામર્દ ધરાની મારા શું હિસાબમા છે વાસ્તે અગર તું પાદશાહી દબદબો રાખે છે તો તુ તારા લશકરમાથી પચાસ સવાર બાહેર મેદા-

નમાં કાહડ અને હું બી મારા લશકરમાથી પચાસ સવારને લાવું અને આપણે ઉભા રહીને તે સવારો પાસે લડાઈ કરાવીને જોઇએ કે કોણના પેહેલવાનોમા મરદાનગી ને દલેરી જ્યાદા છે જ્યારે તે પેહેલવાનો એક એક સાથે લડીને પોતાના સર બરબાદ કરે પછી આપણે બેહુ જણા મેદાનમા ઉતરયે" એ રવેશે બન્ને જણાએ કરાર કીધો અને પોતાના લશકરમાથી પચાસ સવાર જબરદસ્ત હતા તેઓને મેદાનમાં કાહડી એક જગો ઉભા રાખીને પાચ પાચ પેહેલવાનોને લડાવ્યા અને જે કોઇએ હમનબરદ માગ્યા તેને તે સાથે લડાવીને સર્વ કોઈ તમાશો જોવા ઉભા. તે સવારોની લડાઇથી ઉડતી ગીરદે કરી તમામ હવા શીહા થઇ ગઇ. ઘણી સખત લડાઇ કરતા શાયત એક ગુજરી ત્યારે બન્ને તરફનો એકકો પેહેલવાન માર્યો ગયો જ્યારે આફતાબ માથેથી નીચે ઉતર્યો તેટલા વારમા અફરીકીના પચાસ સવાર માર્યા ગયા ને એકુબી જીવતો રહયો નહીં અને ઇરાની સવારોમાના દશ સવારોબી મારયા નહીં અને ઇરાની લશકરને ફાલ નેક આવી તેની ખુશીમા શાદીના નકારાંના આવાજ નિકલ્યા. અફરીકી લશકરની મશકેરી કરવા લાગ્યા તે મશકેરીના સખુન સાભળી અફરીકી પાદશાહને ઘણી શરમ લાગ્યાથી ગુસ્સા ભરેલો થઇ એક અવાજ મારી જેહાંપેહેલવાને કેહેવા લાગો કે "હવે તું હુશિયાર થા! આપણી લડાઇની નોબત આવી પુગી છે."

લડાઇ કીધી અફરીકી પાદશાહે જહાંપેહેલવાન કેરશાસ્પ સાથે અને મારયો ગયો અફરીકી જંગી કેરશાસ્પના હાથ ઉપર તે વીગેરે બીજો અહેવાલ.

એટલુ કહી પોતાનાં લશકરની કલબગાહમાંથી વીજલીની [illegible]

જોરથી મેદાનમા આવી એક નેજો માહીના હાડકાનો ઘણો સખત પોતાના હાથમા રાખ્યો હતો તે નેજો ઉઠાવી જહાપેહેલવાનની સવારીના હાથીના સર ઉપર મારયો કે તેજ વખત પાછો ઉઠાવીને તે હાથીના દાત ઉપર મારયો તેથી તે હાથીના બન્ને દાત ભાગી જમીન ઉપર પડયા તેવોજ ફરીથી નેજો ઉઠાવી બીજી મરતબે હાથીના કાનમા મારયો તે નેજો એક કાનમાંથી બીજા કાનની રાહે બાહેર ફુટી નિકળ્યો તેથી જહાપેહેલવાનની સવારીનો હાથી પછાડ ખાઇને જમીન ઉપર પડયો જેવુ તે હાથીનું પડવુ કે જહાંપેહેલવાન શિતાબ કુદીને જમીન ઉપર પાકિં પ્યાદો ઉભો અને પછી ઝબા ઉપર પાક યજદાન નામ લઇ પોતાનો ગોરજ ઉઠાવી બબર જાનવર મિસાલ પોકાર મારી બન્ને હાથે અફરીકીના સર ઉપર એવો તો જોરથી મારયો કે તેથી નીચેની જમીન બી ધુજવા લાગી ને જરબે કરીને અફરીકીનું મગજ નાકની રાહે નિકળી પડયુ. તેનું સર ગુમ થઇ ગયુ જહાપેહેલવાનની સવારીનો હાથી તથા અફરીકી પાદશાહ એ બન્ને એક એક જરબે માર્યા ગયા અફરીકીના લશ્કરે પોતાના પ્રાદશાહને એ રવેશ ખોહારીથી મુવેલો દીઠો કે સર્વેએ લડાઇથી પોતાના મોહ ફેરવ્યા. જ્યારે રાતનો વખત નજદીક પોહોચ્યો કે તમામ મેદાન આદમીઓની લોઠે, બખ્તરે તથા હથીયારે ભરાઇ ગયુ અને જેના ઘોડા શિતાબ દોડયા તે શખ્શો પોતાના જાન સલામત લઇને શેહેરમા દાખલ થયા પણ જેના ઘોડા દોડમા સુસ્ત હતા તેઓ ઇરાનીઓના હાથ ઉપર માર્યા ગયા અને કેટલાક સવારો કેદ પકડાઇ ગયા તે ઉપરથી આ નામાનો જોડનાર શાયર એમ કેહે છે કે આ દુનિયામા શાદી તથા ગમી એકએકની પછવાડે મુકેલી છે એક શખ્સને નુકસાન પોહોચે ત્યારે બીજા શખ્સને ફાયદો થાય તથા જ્યા સુધી એક શખ્સને ગમી નહી પોહોચે ત્યા સુધી બીજો શખ્સ ખુશી નહી થાય. જ્યા લગી એક જમીન ઉપર ખાડો નહી પડે ત્યા લગી બીજી જમીન ઉંપર ટેકડો નહી થાય, એ રવેશની દુનિયાની ચાલ છે પછી જહાંપેહેલવાન કેરશાસ્પ ત્રણ દાહડા અફરીકીનાં ગેહેરની નજદીક તણુ મારી પોતાના લશ્કર સાથે રહ્યો પણ ફરીથી કોઇ શખ્સ લડાઇ માટે શેહેરમાંથી બાહેર પડયો નહીં. ચોઠે દિને આફતાબે

પોતાની રોશનીએ રોશન રોજને ઝલકાટ આપ્યો યાને ચોઠે દિને બામદાદ વખતે તે શેહેરનાં લોકોમાંથી બે હીસ્સા આદમી એકઠાં થઈ પોતાના તનમા શીહા કફન પેહેરી, પોતાની ગોદમા પોતાના બચ્ચાંને લઇને જારી તથા પોકાર કરતા જહાંપેહેલવાનની નજદીક આવીને મીનતથી આજીજી કરવા લાગ્યા કે "અગર અમારા પાદશાહ અફ્રીકીએ પોતાની કમબખ્તીથી ગુમરાહ થઇ તારી સાથે શોખી કીધી તેનો બદલો તે પોતે પામ્યો. તે તો પોતાની મગરૂરીથી મારયો ગયો પણુ તે કમબખ્ત અમારા જીવ ઉપર સિતમ નાખી ગયો તેથી અમો લોકો ઇરાનીઓના હાથ ઉપર બેગુનાહ માર્યા જઇએ છીએ અગર જો તુ જહાંપેહેલવાન મેહેરબાન થાય તો અમો જીવથી બચ્યે અગર તારી મરજી એવીજ હોય કે અમોને જીવથી મારવાજ છે તો અમો સર્વ અમારા તનમાં કફન પેહેરીનેજ તારી નજદીક આવ્યા. છીએ પણુ અય જહાંપેહેલવાન ! તુ અમોને મારયા પછી અમારા બચ્ચાને કતલ કરવાનો હોય તો અવ્વલ હમોને રજા આપ કે અમો અમારે હાથે અમારા બચ્ચાને સંભાળી જબેહ કરયે પછી એ બચ્ચા ઉપર કેટલોક વાર જારી કરી રહેવા બાદ તુ અમોને કતલ કરજે !" એ રીતની ઘણીક મીનતજારી કરી પોકારથી ફરિયાદ કરવા લાગ્યા. તે જોઇને તે લોકોની ગોદમા જે બચ્ચા હતા તે પણુ રડવા લાગ્યા. બાજે વખત તે બચ્ચાના માએ બાપ બચ્ચા માટે રડતા અને તે બચ્ચાં પોતાનાં માએ બાપ માટે રડતાં તે બચ્ચાની આજીજી તથા જારી જોઇ જહાંપેહેલવાન ફેરશારપનુ સીનુ ભરાઇ આવ્યુ તેથી તેની આખમા આસુ આવ્યાં અને દિલમા રેહેમ આવી તેથી તેજ વખત તે લોકોને જીવતદાન બક્ષ્યું અને તે ઉપગાત કેટલીક ચીજ અફ્રીકીના લશ્કરની લુટમા આવેલી હતી તે તમામ તે લોકોને બક્ષેમ કરી દિલાસો દીધો તેથી લોકો ખુશી સાથે પોતાને મકાન ગયા. પછી પોતે તે શેહેરમા દાખલ થઇ અફ્રીકીની દરગાહમા જઈ એક હફ્તા લગી શરાબ તથા ખુશ શરોદમા બેઠો. એક હફ્તો તમામ થવા બાદ અફ્રીકીનો જે અમીર લડાઇમા ફેરશારપને મળ્યો હતો તે અમીરને અફ્રીકીના તખ્ત ઉપર બેસાડી પાદશાહી તાજ તેનાં સર ઉપર મુકી તમામ લશ્કર તથા રૈયતને ફરમાવ્યુ કે "તમો સર્વ એના

ફરમાનમા રેહેજો ! એ તમારો પાદશાહ છે અને તમો એની રૈયત છે." તે હોકમ સાભળી તે શેહેરના તમામ સોદાગરો તથા બુઝર્ગ લોકોએ તેને પોતાનો પાદશાહ કબુલ કરીને ભાત ભાતનો હદીયો નજર, કીધો તેથી તે અમીર હતો તે પાદશાહ થયો તે ઉપરથી દાનાવ લોકો એમ કહી ગયા છે કે "જહાનમા એ મિસાલ બાજી ઘણી છે એક એક સાથે તરેહવાર મકર કરે છે એક શખ્સની જગા આસમાન ઉપર માહતાબની બરાબર હોય તેને એકાએક એવો તો નીચે નાખે છે કે તેની જગા શીહા ખાકમાબી નહીં થાય એક શખ્સ સખતી તથા ગમમા પડેલો હોય તેને એકાએક આસમાન ઉપર માહતાબની બરાબર લઇ જઇને બેસાડે છે. એક શખ્સ પાસે સખતી તથા મેહનત ખેચાવીને દોલત જમાવ કરાવે અને તે શખ્સની દોલત બીજા શખ્સને વગર મેહેનતે બક્ષે છે વાસ્તે અય ઇનસાનો આ દુનિયા દરમ્યાનમા દોલત હોય તે ઉપર મગરૂર નહીં રહીયે આપણુ પાસે દોલત નહીં હોય તેથી નાઉમેદીબી નહીં થઇયે કે હુ હમેશ એવો મુફલેસ રહી જઇશ કોઇ આદમી આ દુનિયામા એક સો વરશ જીવે અને જે દાહડે વખત પોહોંચે તે દાહાડે એક દમનીબી મેહેતલ એ દુનિયા આપતી નથી. કોઈ શખ્સ ઘણાક વરશ બદીખાનામા પડેલો હોય અને તેની હવદ પુરી થાય ત્યારે તે શખ્સને બંદીખાનામાથી બાહેર કાહડી તખ્ત ઉપર બેસાડે છે. વાસ્તે આ દુનિયા હમેશ કોઇ ઉપર બરકરાર રેહવાની નથી વળી આ દુનિયા એકજ ખાસ્યતબી નથી રાખતી પણુ તેની ખાસ્યત ભાતભાતની છે આ દુનિયા ગોયા એક મેહેમાન ખાનુ છે તેમજ આ જમીન છે તે સુફરો છે, આપણે છીએ તે ગોયા એના મેહેમાન છીયે વાસ્તે તુ શિતાબ મેહેમાનની મિસાલ ખાઇ લે કારણુ કે મેહેમાન હોય તે એકજ જગા મકાન કરી રેહેતો નથી વાસ્તે દુનિયામા કોઇ હમેશ જીવતો રેહેવાનો નથી

હવે પેલો અફરીકીનો સપેહસાલાર જ્યારે પેહેલો કેરશાસ્પ સાથે લડવા આવ્યો હતો અને તે સપેહસાલારનું નાક અને કાન કેરશાસ્પે કાપ્યુ હતુ તે સપેહેસાલારે એકસો મરદને બોલાવીને પુછ્યુ કે હુ તમોને ઘણોક ખજાનો બક્ષી તમોને નેહાલ કરીશ પણુ તમારી પાસે છુપા

ખંજર લઈ કાલ રોજે હુ નવો પાદશાહ જેને કેરશાસ્પે બેસાડયો છે તેને સલામ કરવા જાઉ ત્યારે તમો મારી સાથે આવજો અને તમો તે પાદશાહનુ સર તનથી દુર કરીને શિતાબ એ શેહેરને પોતાના કબજામાં કરજો એવી મસલત કીધી. જેની ખબર એક શખ્સે જાઇને તેજ વખત તે નવા પાદશાહને કહી, જે સાભળતા વાર પાદશાહે પોતાના અમીરો સાથે મસલહત કરી પોતાના ગોલામોને હથિયાર બધાવી તૈયાર કીધા. શીહા રાતનો વખત થયો ત્યારે તે ગોલામને કમીગાહ કરી રાખ્યા. એમ કરતા બામદાદનો વખત થયો ત્યારે પેલો નવો પાદશાહ પોતાના તખ્ત ઉપર આવી બેઠો, જેની ખીદમતમા દરબારીઓ હાજર થયા. એવામા પેલા બદ નૈયતના સપેહસાલારનુ એકસો મરદો સાથે આવવું થયુ તેજ વખત તે પાદશાહ સર ઉઠાવી પેલા સપેહસાલારને બુલદ અવાજે કહેવા લાગ્યો જે "અય કમબખ્ત બદ નૈયતના! તું નાક તથા કાન વગરનો પાદશાહ લોકોની પાદશાહી ઉપર નજર રાખે છે તુ જાણુતો નથી કે પાદશાહી તે ખુબસુરત તથા એબ વગરના આદમીને જેબ આપે છે તો નાપાક તારા મોહો ઉપર નાક કહા છે? તથા તને કાન કહાં છે? તે વગર તું પાદશાહી તખત તથા તાજ માગે છે તે તને કયાથી મળે? અગર એક શખ્સનું તન ઘણુ ભારી હોય પણુ અવ્વલ તેના બન્ને પાઉં ઓસ્તવાર જોઇએ, જો પાઉ ઓસ્તવાર હોય તો તે શખ્સથી કુદી ચુંગાલ મારી શકાય! તું જાણુ કે તારી મદદ કમબખ્તીએ કીધી છે તેથી તને એવું બદ સુઝ પડે છે. જહાપેહેલવાન કેરશાસ્પને લાજમ નહીં હતું જે તારૂ નાક કાન કાપી તને જીવતો મેળે તારૂ સરબી કાપવુ જોઈતું હતું તું જીવ્યો તો તારા દિલમા અદેખાઈ આવી પણુ મને મારા રોશન બખ્તના ચળકાટથી અને પાક યઝદાની અને જહાપેહેલવાન કેરશાસ્પની મેહેરબાનીના સહાયાથી પાદશાહી મળી છે અને તુ કમબખ્તીનો માર્યો એ મિસાલ મારી સાથે બદી કરવા ચાહે છે?" એટલુ કહી પછી ગુસ્સામા આવીને હુકમ કીધો કે "એ બદ બુન્યાદનાને તથા એના સોબતીઓ જેઓ દગો કરવા આવ્યા છે, તેઓને ગરદન મારો." તેજ વખત પેલા ગોલામોએ કમીગાહ-

આથી બાહેર નિકળી શિતાબ પેલા એકસો મરદોને તથા પેલા સપેહસાલારને પકડી લઇ પાદશાહની દરઘાહના દરવાજા ઉપર સર્વ જણાને સુલી ઉપર ચહડાવી તેઓના તન બજારના રસ્તા ઉપર નાખ્યા કે જે આત્રે જાય તે તેઓના તન ઉપર લ્યાનત નાંખે કે જે પોતાના પાદશાહને બદી ચાહે તે શખ્શનો એ રવેશે હાલ થાય તથા જે પોતાના સાહેબ સાથે શોખી તથા બદ દયાનત કરે તે કરતા તેને શેર ફાડી ખાય તે બેહતર છે પણ આ નાપાયદાર જમાનો એવોજ છે કે કોઇ વખત કોઇ શખ્સની સાથે દુસ્મની કરે અને કોઇ વાર મદદગાર થાય તથા એ ફરતા આસમાનના બે હાથ છે તેમા એક હાથમા કીમતી ગોહર છે અને બીજા હાથમા ઝેર ભરેલુ ખજર છે જેના ઉપર એ આસમાન મેહેરબાન થાય તે શખ્સને કીંમતી ગોહર આપી તવગર કરે વા નામેહેરબાન થાય તો પેલા ઝેરી ખજરે કરી તેનું સર કાપી નાખે. એ દગાની તથા કીનાની ખબર જહાપેહેલવાન કેરશાસ્પને થઇ તેથી ઘણો અજબ ગ્હીને તે પાદશાહની નજદીક આવી કેહેવા લાગ્યો જે "તુ એ મિસાલ દુશમનના દગાથી ખબરદાર થઇને તે લોકોને જીવથી માર્યા તે મને ઘણુ પસદ પડયુ કારણ કે બદ લોકો સાથે બદી કર્યે તેની કશી એબ નથી પાદશાહી એ રીતે ચાલે છે તેમા એક તો નરમી તથા બીજી તો ગરમી નરમી મુફલેસ તથા નાવારસ લોકો સાથે કર્યે તથા ગરમી સખત દિલના શરકશ લોકો સાથે કર્યે એ બે ચીજ પાદશાહમા નહીં હોય ત્યારે તે પાદશાહને કોઇ મોજુદમા ગણે નહીં નેકનામી તથા નેકી દુનિયા દરમ્યાન સર્વ કરતા બેહતર છે પણ બાજે જગા બદી કરવી પડે છે અને તે બદી કીધાથી નેકીનો ફાયદો નજર આવે છે" જહાપેહેલવાન તે મુલકમા સાત મહિના રહ્યો તે ખબર સાંભળી ખાવર જમીનના તથા બબર ગેહેર વિગેરે હરતરફના પાદશાહોએ ઘણોક નાદર હદીયો કેરશાસ્પ નજદીક મેલ્યો.

દરમ્યાન કેટલાક દાહડા ગુજર્યા પછી જહાંપેહેલવાન કેરશાસ્પ કોરતીઓ શેહેરની તરફ ચાલ્યો તે રાહમા બેશુમાર ખજુરના ઝાડ હતાં તે ઝાડોને જેમ ઓરત લોકો જરીઆન પેહેરે ને ખુશ લાગે તે મિસાલ

ખજુરના ફળ જેમ દેતા હતા તે જગાથી આગળ જતા એક જંગલ ઘણુ સખત આવ્યુ તે જગાની જમીન તમામ સુનાની હતી, ત્યાથી સર્વેએ જેટલુ લેવાયુ તેટલુ સુનુ લીધુ તે જગાથી આગળ ચાલતા એક જંગલ ઘણુ ખુશ હવા ભરેલું દીઠુ. તેમા ભાતભાતના રંગના બેશુમાર મુર્ગ ખુશ હલકે કરી અવાજ કરતા હતા તે મુર્ગોમાથી કેટલાક મુર્ગ લશકરના લોકોએ ખાવા વાસ્ને પકડયા પણ તે મુર્ગની હલક લોહડાના હથિયારે કરી કપાઇ નહીં! તે જગાથી આગળ ચાલતા એક પાહડ ઘણો બુલંદ નજર આવ્યો તેનુ સર ગોયા આસમાન સાથે જઈ મળેલુ અને તે પાહડની નીચે ઘણાક પથર સંગેમરમરના પડેલા હતા અને તે પથર ઉપર મસ્ત શેરની સુરત ચીતારેલી હતી તે પથરમાથી અગર કોઇ એક પથર લઇને પોતાની કમરે બાધે તો તે શખ્સને કોઇ બીજો શેર નુકસાન નહીં કરે એવા તે પથર હતા તે જગાથી આગળ જતા રાહમા એક બીજો પાહડ ઘણાક ખુશબોદાર ફુલે ભરાઇ ગયલો દીઠો તે ઉપર એક બુતખાનુ સાદા પથરનુ હતુ પણ તેના તમામ પથર દેબાના કપડા મિસાલ રંગદાર હતા તેની ઉપર એક ફીરોજાનુ તખ્ત માડેલુ હતુ તે ઉપર ચાર પુતલી હતી તેમાની એક પુતલી તમામ લાલની, બીજી યાકુતની, ત્રીજી સુનાની તથા ચોથી પરવાલાની બનાવેલી હતી એ રવેશની તે ચાર પુતલી બેસાડી તે ચારો પુતલીના એકએકના હાથમા હાથ આપેલા અને તે ચારો પુતલી એક એક સાથે વાત કરી આગળી દેખાડતી અને માથા હીલાવતી હતી તે પુતલીઓમા દીલ તથા જીવ નહીં હતો તે છતા એક એક સાથે બોલીને વાત કરતી હતી તે પુતલીઓનો ભેદ કોઇએ જાણ્યો નહીં કે એ અજાયબી શુ છે! આગળ ચાલતા એક નાનુ શેહર દીઠુ તેમા આદમીઓના ટોળા અંદાજેથી જ્યાદે હતા. તેની નજદીક ચશમો પાણીનો હતો તે ચશમાની પહોળાઇ એક તીરવાર કરતા ઘણી ન હતી. તે ચશમામાથી તે શેહેરના આદમીઓ ગળે માહી પકડીને બાહેર કાહડતા, તે માહીને આફતાબની ગરમીથી સુકવતા, તે માહીનો રંગ સફેદ કપુરની મીસાલનો હતો અને તેમાથી કશતુરી મીસાલની ખુશબો નિકળતી હતી. તે જગાના પાહડ ઉપર બીજા ચશમા ઘણા હતા જેના પાણી જે પીતા તેને મીઠાશ

ખાય તેવી મજાહ આવતી હતી પણ ઉનાળો થતો ત્યારે તે ચશમાનાં પાણી સુકાઇ જતા તથા તાહાડના હીંગામમા તે ચશમા પાણીએ કરી ભરાઇ જતા પછી એક બુતખાનુ સગેમરમરનુ' દીઠુ જેનો દરવાજો સુનાનો અને અગાસી સફેદ રૂપાની હતી તે અગાસી ઉપર એક જરી તખ્ત મેલી તે ઉપર એક પુતલુ બાજ જાનવરની સુરતનુ સુતેલુ હતુ તેની એજમત એ હતી કે મેષનો આફતાબ થતો યાને પાદશાહીનો રોજ આવતો તે દાહડે તે પુતલુ તખ્ત ઉપરથી ઉઠી કુદી એક અવાજ મારતુ અગર તે વખત તેની ચાચમાથી પાણીના કતરા તખ્ત ઉપર પડતા કે તે જગાના લોકો જાણતા કે એ વરશ મર્ર વાતે સારૂ તથા ચમન ભરેલુ જશે, સર્વ ચીજની ફરાખીબી થશે તથા આદમીજાતને કાઇ આજાર નહીં પેદા થશે અગર તેના મોહમાથી અવાજ મારતી વખત પાણી નહીં નિકળે ત્યારે જાણતા કે તે વરશ સર્વે વાતે તગી ભરેલુ જશે એ મીસાલે તે જગાના લોકો વરશ દહાડે મેહેમાર જોતા અને પોતાના સામાનની તજવીજમા રહેતા તે બુતખાનાની નજદીક એક ઘણો બુલદ મીનારો તમામ પથરનો બનાવેલો હતો તે ઉપર એક નકારૂ લટકાવી મેલેલુ હતુ, તેની ફાલ એ રવેશની હતી જે અગ-રજો કોઇનુ ફરજદ ભાઇ અથવા ખેશ કબીલા વિગરે હરેક દોસ્ત કેઠે દુર પરદેશ ગયો હોય અને માલમ નહીં પડતુ હોય કે તે જીવતો છે યા તેનો વાકો થયો છે ત્યારે તે નગારાની નજદીક આવી તે જનાર શખશનુ નામ લઇને નગારા ઉપર બે મરતબે હાથ મારતા અગર તે શખ્સ ગુજરેલો હોય તો તે નગારામાથી કાઇ અવાજ નહીં નિકળતો અને જો હૈયાત હોય તો બુલદ અવાજ નિકળતો તે અજાયબી જોઇને કેટલીક મજલ આગળ ચાલતા એક જગલ શેકારગાહનુ દીઠુ તેની તમામ જમીન વેલુની હતી પણ તે વેલુ એવી તો ગરમ હતી કે ગોયા તેની નીચે આતશ હોય અને તે ઉપર પાણીની દેગ જોશમા આવે તે મિસાલ તે જમીન ગરમીથી જોશ કરતી હતી એક ઝાડ ઘણુ બુલદ સખત પથર ઉપર ઉગેલુ દીઠુ. ઝાડ ઉપર ઘેટાના ઉન મીસાલ પશમ ઉગેલી હતી. તે ઉન રગમા આદમીના લોહી મીસાલ લાલ હતી અને નરમીમાં

રેશમ કરતાં ઘણી સાફ હતી. તે ઝાડ ઉપરથી સર્વ કોઇએ ઘણીક પશમ લાવીને ઘોડાઓના ખોગીર, બીછાંના તકિયા તથા બખ્તરની નીચે પેહેરવાના કુરતા કીધા તે ઝાડની નજદીક એક શેહેર ઘણુ ન્યામત તથા માલ મતાના આદમીઓ સાથે આબાદ હતુ તે જગાએ બાહારનો વખત નજદીક આવતો ત્યારે તે ઉનના ઝાડના ફુલ ખીલતા ત્યારે એક જાનવર ગાયની સુરતનુ દરિયાવના કીનારા તરફથી દોડતુ આવી જેમ ખાકેશ ભરેલુ આદમી હકતાલાની નજદીક શેજદો કરી પોતાનુ સર ખાકમા મેલે તે મીસાલ તે જાનવર પેલા ઝાડ નજદીક એતેકાદથી પોતાનુ સર જમીન ઉપર મેલતુ તે ઝાડના ફુલ ત્રણ મહિના લગી તાજા રહેતા, ત્યા લગી તે જાનવર બીજી જગોએ જતું નહીં હતુ મગર બાજે વખત ચરવા જતું પણ તે જગાથી બીજી જગાએ જતુ નહીં પેલા ફુલને ત્રણ મહીના તમામ થતા અને તે ફુલને એબ્જા પોહોચતો ત્યારે તે જાનવર પોકાર મારતુ અને પોતાનુ સર તેની નજદીક જમીન ઉપર પછાડતુ જેથી તેનું સર ફાટીને રેજેરેજ થઇ જતુ એ રવેશનો ત્યા તમાશો જોઇ આગળ ચાલ્યા ત્યા એક નદી ઉડી રાહમા વેહેતી હતી પણ તેની અજાયબાત એ હતી કે બામદાદને વખત આફતાબ રોશન થતો ત્યારે તે નદીના પાણી મગરેબની તરફ જતા અને આફતાબ માથેથી ઉતરતો ત્યારે તે નદીનાં પાણી મશરેકની તરફ જતા પણ તેનો ભેદ કોઇને માલમ નહીં થયો કે તે પાણી રાત દિન આફતાબથી જુદાઇ શા વાસ્તે રાખે છે. તે જગાએ બે દિવસ રહી લશ્કર સાથે આગળ ચાલતા રાહમા એક જંગલ શબજ ઘાસનુ ભરેલુ આવ્યુ તેમા જાનવરો શબજ રંગના હતા તેમાંનું એક જાનવર પોકાર કરતુ હતું તેનો અવાજ ઘણો ખુશ હતો અને તે જાનવરનુ કામ એ હતુ કે જે જગા પાણીની તંગી હોય અને તે જગાથી પાણી દુર હોય કે તે જાનવર પેલા તમામ જાનવરોને પાણી પોહોચાડવું તે એ રવેશે કે તે જાનવર હવા ઉપર ઉચુ ઉડતુ અને ચોતરફ નેગાહ કરતુ એકુ જગો પાણીની ચશમો નજર આવે ત્યારે તે જાનવર બુલંદ અવાજે પોકાર કરતુ ને પાણીની તરફ જતુ કે બીજાં તમામ જાનવરો તેના આવાજ ઉપર ઉંડા પાણીનાં ચશમાની તરફ જઇ પાણી મને પીતાં.

મામ જાનવરો પાણી પીધાથી તનદરોસ્ત થતા. તે જગા ઘણાક પાહાડ-
મેવા તો બુલદ હતા કે ગોયા તેના સર આસમાન સુધી જઇ મળ્યા
તા તે પાહડો શીહા તથા સુફેદ નિમકે ભરેલા અને તેની નજદીક
ાસના ઝાડનુ એક વન જોવામા ઘણુ દરૂસ્ત હતુ. તેની આસપાસ શેરો
ાથા ચીતાઓના ગોવાળા બેશુમાર હતા તે વાસના ઝાડની અદર એક
ીજુ' ઝાડ હતુ તેના ફુલ શરાબ પીવાના પ્યાલા મિસાલના હતા તેની
ાસ્યત એ હતી કે જે કોઇ આદમીજાત તેની નજદીક જઇ તે ફુલની
ુશબો લેતો તે શખ્સ બેશુમાર હસ્યા કરતો તથા હર કોઇને તે જગાના
ારથી યા ચીત્તાથી ડર લાગતો હોય અને તે શખ્સ તે ફુલના ઝાડ
ીચે જઈ બેસતો તેને શેર તથા ચીત્તાથી ઇલજામ થાય નહીં તથા તે
ાડના સુકા ફુલ લઇને શરાબની જામમા નાખતા કે તે ફુલ પાછુ
ાજુ થતુ અને શરાબમાથી ખુશબો નિકળતી જહાપેહેલવાન વાસના
ાડમા ફરવા લાગ્યો જ્યા ઘણાક શેરને માર્યા બાદ બાહેર આવ્યો
ા એક જગા નજર પડી જ્યા ઘણાક ચરવા એકઠા બેસી બુલદ અવાજ
રતા હતા કે તેનો શોરશોર આસમાન ઉપર જતો તે જાનવરો આસપાસ
ેઠેલા ને અદર એક આતશની ચેહ રોશન કીધેલી તે આતશમા પોકાર
ારતા લેટયા કરતા હતા તે તમાશો જોઈ જહાપેહેલવાન અજબ થયો
ા "આપણુ આદમીજાતથી એ આતશની ચેહની નજદીક જઇ શકાતુ
ાથી અને એ પરદા જાનવરો એ આતશમા આશાયશથી લેટતા ફરે
ે ?" પછી એક શખ્સ જહાપેહેલવાનના લસ્કરમા ઘણો હુશીયાર અને
ીજા જજીરાઓની ખબરનો જાણનાર હતો જેણે ઘણીક સફર કીધેલી
ાતી તેને જહાપેહેલવાને પુછ્યુ કે "એ શી ચીજ છે ?" તે બુઢો મરદ
ાહેવા લાગ્યો જે "આ જગાથી એક મજલ દુર એક શેહેર છે તે શેહે-
રના લોકોને જ્યારે કાડીની હાજત પડે છે ત્યારે તે લોકો એ જાનવ
રોના દરથી કાડી લાવી શકતા નથી તેથી સર્વ કોઇ એકઠા થઈ એ
જગલમા એક જગા આતશ રોશન કરે છે તે આતશની રોશની એ
જાનવરો દેખે છે ત્યારે શેતાબ પોતાની જગાથી ઉઠીને અવાજ કરતા તે
આતશની તરફ જાય છે અને આતશમા બેડાથી એઓના જીવને ઘણી

ખુશી પેદા થાય છે એમ તે લોકો એ જંગલમા આવી સર્વ કોઇ પોતાના ખપ માફક કાઢી લઈ જાય છે. અને તે શેહરના લોકોને બીજા શેહેરના લોકો આતશપરસ્ત કેહે છે" એ અજાયબ વાત સાભળી જહાપેહેલવાને તે જાનવરોમાથી કેટલાક જાનવર પકડાવીને પોતાની સાથે લીધા અને તે જગાથી આગળ ચાલ્યા એમ કરતાં શીરીનના મુલકની તરફ જઇ પોહોચ્યા ત્યા રાહમા જતા એક દરિયાવ ઘણો ભારી મોજા ભરેલો દીઠો જે મીસાલ ક્યામતને વખત દુનિયા બરહમ માગે ને મીસાલ તેના મોજા દરિયાવને બરહમ મારતા ગોયા તે મોજાએ કરી આસમાનને જમીન ઉપર ખેચી લાવવા ચાહતો હતો, એ મીસાલે તે દરીઆવના મોજા આસમાન લગી ઉછલી પેહેલી રાતથી તે અરધી રાત લગી તે દરિયાવના મોજાનો શોરશાર આસમાન લગી જઇ પોહોચતો યાને અરધી રાત એવા ભારે જોરથી મોજા ચાલતા અને અરધી રાત પછી તે દરિયાવના પાણી પથર મિસાલ સખત બધાઇ જાતાં, તે બામદાદના વખત લગી એ મિસાલ બધ થઇ જમીનની મિસાલ ફરી જતા હતા તે ભારી દરિયાવમાથી પાછલી રાતને વખત ઉતરીને પાર નિકલ્યા તેના કિનારા ઉપર કેટલાક ઇડા ભાગેલા દીઠા તે ઇડા દરિયાવના મોજા કરતા મોટા હતા બલકે એક એક ઇંડુ ગોયા એક એક ગુબજ કરતા મોટુ હતુ તે ઇદા વાસ્ને જહાપેહેલવાને ઘણી તજવીજથી તલાસ કીધી પણ કોઇએ જવાબ દીધો નહી કે એ ઇદા અમુક જગાથી આવી પડયા છે અને તે અમુક જાનવરના છે પછી તે જગાએ કેટલાક પાણીના ચશમા દીઠા તેમા માહીની જગાએ શીહા રંગના ઠીગણા આદમી હતા તે આદમીઓમાથી અગર કોઈ આદમી એક શાયત પાણીમાથી બાહેર નિકળતુ તો તેજ વખત મરણુ પામતુ અને એમ સાભળ્યુ છે કે રાતને વખત દરિયાવ તરફથી એક જાનવર સુના મિસાલ જરદ રંગનુ જેમ બામદાદને વખત શોર્ખ આફતાબ નિકલે તે મિસાલનુ શોર્ખ તે જાનવર આવી પોતે પથર સાથે ઘસડાય છે તેના તન ઉપરથી બાલ નીચે પડે છે જેથી તેટલી જમીન તમામ જરદ રંગની થાય છે પછી તે જંગલ આસપાસ ગામડા છે તેમાના લોકો બાજે વખત જંગલ તરફ ફરવા નિકલે

તેમાં જે કીસ્મત જોરાવર હોય તે શખ્સને હાથ પેલા જાનવરના બાલ આવે! તે બાલનુ કપડુ વણી અગર કોઇ શખ્શ પેહેરે તો તેમાથી કસ્તુરી મિસાલ ખુશબો નિકલતી. વળી તે કપડા ઉપર ગીરદ નહી લાગતી તેમજ પાણીની તે ઉપર કશી અસર થતીજ નહી. તે જોવામા ગોયા ખાલેશ સુનુ ચળકે તે મિસાલ ચળકાટ મારતું હતુ, તે બાલનુ કપડુ પેહેરે તો માલમ નહી પડે કે તાશનો લેબાશ પેહેરયો છે યા જરદ સુનાનો છે એ મિસાલનુ તે જાનવર હતુ. તે જાનવરના બાલ જહાપેહેલવા-નના લશ્કરના લોકોના હાથમા આવ્યા તે લાવીને જમીન ઉપર મુકતા ગોયા ખાલેશ સુનાને તાવી જમીન ઉપર રેડયુ હોય તે મિસાલ ચળકતા. તે બાલના કપડાના એક જામાની કીમત એક પાદશાહાના ખજાનાની કીમત બરાબર હતી તે જગા જહાપેહેલવાને મુકામ કરી તે જાનવરના બાલના છ તાકા બનાવ્યા અગર તમામ હફતે કેશવર જમીનના પાદશા-હોની પાદશાહીમા તલાશ કરે તો તે જાનવરના બાલના એક કપડાથી બીજુ કપડુ નહી મળે જહાપેહેલવાન કેરશાસ્પે પોતાના તન ઉપર રજ ખેચ્યો તેના બદલામા એવો ગજ પામ્યો એ બનાવની ખુશીમા ચાલીસ દહાડા મગરેબના દરિયાવના કિનારા ઉપર દેહેરા મારી તમામ દિન શેકાર તથા શરાબમા ગુજારી દમબદમ શરાબની જામ ઉડાવતા હતા.

મગરેબના દરિયાવના કીનારાની અજાયબ જેવી હકીકત.

હવે તે દરિયાવના કિનારા ઉપર એક જંગલ હતુ. તે જંગલમાં જીરાફ જાનવર તથા હાથીઓ બેશુમાર હતા. સર્વના ઝાડ ઘણાક હતાં. તે ઝાડો ઉપર બેશુમાર ફુલ ખીલેલાં હતા. એ મીસાલના લાખો ઝાડ તે જગાએ હતા તેના ફુલ સફેદ તથા તમામ પાતરા જંગલ મીસાલ શબજ

હતા. જે તે ફુલની ખુશબોઈ લેતો તે શખ્સને સિતાબ સુસ્તી તથા ખુવાબ આવતો તેથી તે બેઅખત્યાર જમીન ઉપર પડતો પણ જ્યારે પુરો ઉંઘમા પડતો ત્યારે તેને એક શખ્સ ખ્વાબમા આવી જાહેર કરતો કે 'અય મરદ! આસ્તે રહીને ઉઠ અને ફુવારો પાણીનો ચશમો છે તેમાં ડેતરી ગોશલ કર કે તેથી તું હુસ્યાર થશે" એ મિસાલ તે જગા ને ફુલમાં અજાયબાત હતી. તે ઝાડના ફુલ તોડી ઈરાની લશ્કરના કેટલાક આદમીઓએ તેની ખુશબો લીધી તેથી તેજ વખત તેઓને સુસ્તીથી ઉંઘ આવી બેઅખત્યાર જમીન ઉપર પડયા ત્યારે એક શખ્સે ખ્વાબમા આવી બસારત કીધી તેથી આસ્તે રહી ઉઠી પેલા ચશમામા ગોશલ કીધુ જેથી તેઓ પાછા હોશમા આવ્યા. પછી મગરેબ જમીનનુ "અનદોલશ" નામનુ શેહેર હતુ તે તરફ લશ્કર ચલાવ્યુ "અનદોલશ" શેહેરમા પુગી તે જગાના પાદશાહ સાથે મજલીસ સમારી ન્યામત ખાણુ તથા શરાબની જામ તથા રામશગરોના આવાજ સાથે એક હફતા લગી ખુશીમા બેઠા. એક હફતો તમામ થયો ત્યારે તે શેહેરમાથી આગળ ચાલતા એક જગાએ જઈ પોહોચ્યા. તે જગાએ ઘણાક મોટા પાહડો દીઠા તે પાહડ બુલદીમા ઘણા ઉંચા હતા તે પાહડોની આસપાસ ઈરાની લશ્કરના લોકો ફરવા લાગ્યા ત્યા ઘણીક રૂપાની ખાણુ નજર આવી અને પાહડોમાથી પાણી મીસાલ રૂપુ વેહેતુ હતું. તે જગાથી ઘણુક રૂપુ સર્વે કોઈએ લીધુ પછી ખુશી સાથે આગળ ચાલ્યા એમ કરતા એક શેહેર ફારતીએ નામનુ ઘણુ આબોહવા ભરેલુ આબાદ દીઠુ તે શેહેરની તરફ ચાલતા તેની નજદીક એક નદી ઘણી ઉંડી વેહેતા પાણીની અને નાદર હતી, તેના જોવાથી જેમ એક શખ્સ મરતો હોય ને પાછો જીવતો થઈ ખુશી થાય તે મીસાલ સર્વે કોઈને તે જોવાથી ખુશી પેદા થઈ તે જગા એવી અજાયબાત હતી કે તે શેહેરમાથી એક મરદ એક આખનો આવીને તે નદીમા બુડકી મારીને નીચે જઈ ખ્વાબ કરતો તે મરદના બીછાણાની જગા નદીમાંની રેતી હતી અને હોડવાની જગો નદીના પાણી હતા. તે એક આંખનો શીહામદે વખત બેવખત આવીને પેહેલી રાતથી તે અરધી રાત લગી પાણીની નીચે ખ્વાબ કરતો. એ મીસાલ જહાંપેહેલવાને તે મરદને કરામત ભરેલો

દીઠો તેથી તે નામદારે તેને ઘણીક ચીજ બક્ષી અને પછી જીવ ખુશી કરવા વાસ્તે જંગલની તરફ શેકાર કરતા આગળ ચાલ્યા એમ કરતા એક ગોરખર ઘણુ ફરબે દીઠુ તેની પછવાડે જહાંપેહેલવાને પોતાનો ઘોડો ડપટાવ્યો પણુ આકેબત તે ગોરખર હાથથી જતુ રહ્યું અને જહા પેહલવાન પોતે પાણીનો પ્યાસો થયો તેથી ઠાકીને પાહાડ ઉપર ચહડયો તે જગા એક ગારમા કેટલાક શખ્સો ઘણા નેક એતેકાકથી બેઠેલા હતા તે પાહડની ઉપર આગળ જતા રસ્તો ઘણો તંગ હતો. તેને માથે એક દોખમુ સખ્ત પથરનુ બાંધેલુ હતુ અને તે દોખમામા એક શખ્સ ઘણો ડરામણી સુરતનો ગુજરેલો સુતેલો હતો પણુ તેના તમામ હાડ સર્વ રંગથી ખાલી હતા અને તેનુ સર ગુમબજની મીસાલ ભારી હતુ. તેની તમામ રગો કમદની મીસાલ પેચ થઇ ગયલી તથા તેની બન્ને બાજુ રૂપાના થાભા મીસાલ સફેદ હાથની હતી તેના બન્ને ગુડણુ ચાલીસ ગજ કરતા જ્યાદા હતા તે દોખમા ઉપર એક તખ્તી પથરની હતી તેમા યુનાની હરફે લખેલુ હતુ પણુ કોઇ શખ્સ તે વાચી શકયો નહીં એ મિસાલ તે મરદનુ તન જોઇ જહાપેહેલવાન ઘણો અજબ રહયો આગળ જતા એક બીયાબાન જંગલ ઘણુ ભારી દીઠુ તેમા પાણીની નેહરો જારી હતી ત્યા બેશુમાર મુર્ગો ખુશ હલકે અવાજ કરતા તે જગા જહાપેહેલવાને એક ઝાડના સાહયા નીચે બેસીને પુરતુ પાણી પીધુ અને તેથી તૃપત થઇ તે જગાએ મુકામ કરી આશા-યશ લીધી

સવાલ કીધો જહાંપેહેલવાન કેરશાસ્પે રૂમી બ્રાહામનને તે હકીકત.

પછી ખોદાનુ નામ લઇને કેરશાસ્પે ઉઠવા ચાહ્યું તેવામા તે જંગ-

ામાથી એક બ્રાહામણ ઘણો બુઢો વાકી પીઠનો હાથમા લાકડી પકડેલી કેરશાસ્પની નજદીક આવી ઉભો તે બ્રાહામણના બન્ને રૂખશાર બુઢાપાએ ઘાશ મીસાલ જરદ થયલા હતા તેને એટલાંતો વરશ ગુજરેલા તેનુ મોહોતબી ઇતેજારીથી આજેજ થઇ પોકારતું કે 'મે' ઘણાબી આદમીઓના જાન લીધા છે પણ એ શખ્સ મારી ચુગાલમા આવતો ાથી જે એ બુઢાથી હુ છુટુ !' એ મીસાલનો બુઢો મરદ આવી જહાપે-હેલવાન નજદીક એક પથર પર બેઠો અને રૂમી ઝબાનમા જહાપેહેલવાન ાપર કેટલીક દુવા કીધી તે સાભળીને જગી કેરશાસ્પે પુછ્યુ કે 'અય બુઝર્ગ મર્દ ! તુ કોણ છે અને તારી ઉમર કેટલા વરસની છે ? આ જગા એકલો છે અને તને હમશોબતા, ખેશ કબીલાના લોકો, ફર-ઝદ તથા ઓરત વીગેરે કોઇ નથી ' વળી એ પાહડ ઉપર કાઇ મેવો ાથા ફળ નથી તો એ જગા તે શી ખુબી દીઠી કે તુ એકલો રેહે છે ?"

એ સખુન સાભળી તે બ્રાહામણે જવાબ દીધો કે "અય નેકબખ્ત ારદ ! તુ મને મારા વરશને વાસ્તે પુછે છે તો મને આજ લગી ૯૦૦ ાવસો વરશ થયા છે અને દુનિયાની આબાદી કરતા મને આ બીયાબાનની જગા ખુશ લાગે છે તુ નથી જાણતો કે જે જગા આદમીજાતને ખુશ આવે ત્યા તેનુ દિલ લાગે અને પોતાના જીવને જે જગા પસદ આવે તે જગા આબાદી કરતા બેહેતર છે ઘુવડ જાનવરને વેરાન જગો ઘણી પસદ આવે છે તેથી તે જાનવર તે જગા પોતાનુ મકાન કરી રેહે છે ાથા બુલબુલને અરદીબેહસ્ત મહિનાનો બાહાર ખુશ આવે છે તેથી 'નુ મકાન બાગમાજ છે વાસ્તે જેના દિલને જે ચીજ તથા ે જગા પસદ આવે તે તે પાદશાહી કરતા આલા કરી જાણે છે. ાસ્તે અય નેકબખ્ત મરદ ! રાતદિન મારો કારબાર પાક યઝદ ાથે છે અને હુ તે શિવાય કોઈ બીજાની પરશતેશ કરતો નથી અને મે પાહાડ ઉપર મકાન કરી ખાવામા ઘાસનો ખોરાક ને પેહેરવામા ઝાડના પતરા લઉ છુ. અગર એ જગા કોઈ મારા ખેશ કબીલાના ાકો મારી નજદીક નથી પણ હું ઘણો ખેશ તથા કબીલો એ જગો ાખુ છું. અવ્વલતો મારી અકલ મારી મા છે, હોશ મારો બાપ છે,

પાક નૈયત મારી ઓરત છે, દાનાઇ તથા તરકીબ મારા બેટા છે, એક મત મારી માસી છે, દુર અદેશો મારો કાકો છે, દીન તથા દાદની રાહ મારા બે ભાઇ છે, અદેખાઇ તથા લોભને મારવુ એ મારા બે ગુલામ છે, વખતો વખતની બદગી કરવી એ મારી મજલીશ છે ગુસ્સાને મારવો તે મારો ખોરાક છે અને સેહેવતથી દુર રહેવુ એ મારો દરબાન છે, એ મિસાલે મને એ જગા ખેશ કબીલો તથા ચાકર નફર છે બીજા આદમીઓના ખેશ કબીલાના લોકો તો કાહેલી બી પડે પણ એ મારા કબીલાના લોકો કબુ કાહેલી બી નથી પડતા તે કરતા હુ એ જગા એકલો કે બે વારેસ નથી મારો વારસ મદદનો કરનાર પાક યઝદા છે, જેની મદદ મને બસ છે દુનિયા દરમ્યાન એક હજાર પાદશાહની પરશતેશ કરયે તે કરતા હકતાલાની પરશતેશ કરવી ઘણી ફાયદો કરે છે કારણ કે તમામ ચીજનો પેદા કરનારો તે સાહેબ છે અને આકેબત સર્વેને તેની સાથે કામ લેવુ છે આ જેહાન તે જીવ લેનાર તથા રંજ ખેચાવનાર છે અને તે જેહાન જીવની વધારનાર આશાયશ ભરેલી છે, તે કરતા દુનિયા દરમ્યાન અગર તારો કોઇ દુશમન નહીં હોય તો તુ નચીંતમા રેહેતો કે આ જેહાન દરમ્યાન મારો કોઇ દુશમન નથી એ જેહાન છે તેજ તારા જીવની દુશમન છે" એ સખુન સાભળી જહાપેહેલવાનની ખાતર જમા થઇ કે એ બુઝર્ગ મરદ ઘણો દાનાવ અને ખોદાપરસ્ત નજર આવે છે એવો અદેશો કરી તે નેક મરદ કહ્યુ કે "અય બુઝર્ગ દાના મર્દ ! હુ જોઉ છુ કે તુ દાનાઇ તથા ફજીલતનો ગંજ છે વાસ્તે જે દાના આદમી હોય તે પોતાની ફજીલત જાહેર કરવામા કસુર નહીં કરે અને કરે તેને બુઝર્ગ લોકો દાનાવ નથી કેહેતા આ દુનિયા દરમ્યાન આદમીજાત તો સર્વે છે પણ બુઝર્ગ આદમી તે છે જે પોતાની દાનાઇએ કરી બીજા આદમીઓને નેક રાહ દેખાડે તેથી બુઝર્ગી પામે છે ઝાડ પોતે ફળનો બાપ છે યાને તે ઝાડ પોતે પરવરદેગારથી મોટુ થાય છે ત્યારે તેને ફુલ આવે છે પણ જે ઝાડમા ખુશબો નથી તેને સુકવીને બાળે છે અને ફુલ તેનુ મચુ છે તેમાં ખુશબો છે તેને સર્વે કોઈ ચાહી પોતાના સર ઉપર ચહડાવે છે નાદાન આદમી થઇને બુઢા આદમી મિસાલ દાનાઇની વાતો કરવા ચાહે તેના

સખુન સાંભળી તે ઉપર અમલ કરે તે બન્ને ફાયદો નહીં હોય દાના આદમી ગોયા બેહેસ્તના બાગનુ ઝાડ છે, તેની અકલ તે ઝાડની જડ છે, પાકી અને પરહેજગારી છે તે તેનુ ખાતર તથા પાણી છે, તેના ફુલ તે પાક નજર છે. તથા તેના ફળ તે દાનાઇ છે જેમ જેમ તેને તોડયે તેમ તેમ તે વધતા જાય પણ કમ નહીં થાય તથા જે દાના આદમી હોય તેને દાનાઇની વાતો પુછ્યે જે નાદાન કશી ચીજ જાણતો નહીં હોય તેને કાંઈ પુછવા જવાતું નથી વાસ્તે અય બુઝર્ગ ! અવલ તારો સખુન અકલની તારીફનો નિકળ્યો છે વાસ્તે અય દાના નેક રાહના બતલાવનાર ! તુ મને કહે કે અકલ શુ ચીજ છે ?"

એ સખુનો સાભળી તે બુઝર્ગે જવાબ દીધો કે "અય પાક દિલના અને તેજ હોશના દાના મરદ ! તુ અકલને વાસતે પુછે છે તો અવ્વલ આદમીજાતની કીંમત અકલે થાય છે અકલે કરી તેનામા દાનાઇ ઉતરે છે, જેને ઘણી અકલ હોય તે શખ્સ માટે જાણવુ કે તેની પાસે એ કીમતી રોશન ગોહર તથા આદમીના જીવનુ બખ્તર અકલ છે. હકતાલાએ દુનિયામા તમામ ચીજો પેદા કીધી અને તે તમામ ચીજને અકલે જોઇ. અકલ છે તે હકતાલાના રાહનો રોશન ચેરાગ છે આ દુનિયામા બદી તથા નેકી તે ચેરાગની રોશનીએ કરી જોઇ શકયે છીયે આદમીનાં તનને જેબ અકલથી હોય છે તથા અકલે કરી રવાનને બેહેસ્ત લઇ જઈ શકયે છીયે. આખે દુનિયામા હરજગા રાહરસ્તો જોઈ શકયે છીયે પણ જેને અકલની આખો હોય છે તે હકતાલાના દીદાર જોઇ શકે છે. જે દાના અકલમંદ આદમી નસીહતના સખુન બોલે તેના અવાજનો ઉમેદવાર એક મરતબે ખોદા પણ રેહે છે તથા જે અકલમંદ અગર એ સેતાબીની ચાલે કરી ગમગીન તથા બેવારેસ હોય પણ જેનામાં અકલ છે તે તેના ગમનો દફે કરનાર દોસ્ત છે"

ફરીથી જહાપેહેલવાન કેરશાસ્પે પુછ્યુ કે "આદમીના તનનો ખોરાક તથા પોશાક સર્વ કોઇને જાહેર છે પણ પાકીજેહ ચીજનો પોશાક તથા ખોરાક શુ છે ? અગર કોઈ ચાહે કે મારા જીવને ખોરાક કરૂં તથા પોશાક પેહેરાવુ તો શી ચીજ ઉપર અમલ કરે ?"

તે બુઝર્ગે જવાબ દીધો કે "જીવનો પોશાક પોતાની દીનનો રાહ રવૈયો છે તે મુજબ ચાલવુ એ શિવાય બીજો પોશાક કાઇ ખુબ નથી. તુ નથી જાણુતો કે જ્યારે તનમાંથી જીવ નિકળી જાય છે ત્યારે તમને એક કફન શિવાય બીજુ કઈ આપતા નથી. કારણ કે તેથી તન ઢકાય છે અને જીવનો પોશાક તે દીનનો હોકમ છે તેથી જીવનો શણગાર તથા જીવનો ખોરાક અકલ તથા દાનાઈ છે દાનાઇથી જીવને પાળી શકયે જે કોઇ નાદાન હૈયાત હોય તેને મુવેલો જાણ્યે તેમજ જે કોઇ દાનાઇ વગરનો હોય તેનો જીવથી ગુજરેલો જાણુવો"

ફરીથી જહાપેહેલવાને પુછ્યુ કે "મોહોત શાથી હોય અને ગુજરવુ કેટલી તરેહનુ છે?"

બુઝર્ગે જવાબ દીધો કે "જ્યારે જીવ જુદાઇ પકડે ત્યારે તનને મોત આવે છે દાના લોકોની નજદીક બે તરાહનુ મરવુ છે એક તો એ કે તનમાથી જીવ નિકળી જાય તેને મુવલો કહે તથા બીજો એ જે નાદાન હૈયાત હોય અને હકતાલાની રાહથી દુર હોય તેનેબી ગુજરેલો જાણુવો"

જહાપેહેલવાન કેરશારપે પુછ્યુ કે 'અય દાનાઇ ભરેલા મર્દ! તે મને જીવની રાહ રસમ બતલાવી પણુ એ જીવ શી ચીજ છે અને તે જીવની જગા કઇ છે?"

દાના બુઝર્ગે જવાબ દીધો કે "મારી જાણુમા આવ્યુ છે કે જીવ છે તે તનમા એક જોહર છે જે આદમી નજર જોઇ દાનાઇ પકડે છે. દાનાઇ તથા અકલ વગર સર્વે ચીજનુ ચાલવુ તથા પોહોચવુ તે જીવનુ જોહર ઉપર છે, જેમ કે એક પાદશાહથી તમામ જહાનનો મુલક ચાલે છે તે મીસાલ આપણુ તન ગોયા જહાનની મીસાલ અને જીવ તે પાદશાહ છે તે જીવે તમામ તન ચાલે છે અને તનની બાહેરની ને અદરની ખબર જીવ હમેશ લે છે, બલકે પાદશાહ લોકોની મીસાલ કશી ચીજ તેની નજદીક પોશીદા નથી અને સર્વે વાતે વાકેફ છે જેમ આ જેહાન હકતાલા પાયદાર ચલાવે છે તે મીસાલ આપણુ તન જીવની કોશેશ કરી બરપા રેહે છે"

આ સખુન જહાપેહેલવાન કેરશારપે સાભળ્યા ત્યારે ખુશી થઇને

કેહેવા લાગ્યો કે અય દાના તે સર્વે વાતે મારી ખાતર નીશા કીધી પણ જ્યારે જીવ નિકળી ગયો ત્યારે તેને રેહેવાની જગો ક્યા થાય છે?"

બુઝર્ગે જવાબ દીધો જે "તેને રેહેવાની જગા ચોથા આસમાન ઉપર થાય છે અને કયામત લગી ત્યા રહે છે. જીવ તનથી દુર થાય છે ત્યારે ચોથા આસમાન ઉપર હકતાલાનુ નુર કદીલની મીસાલ રોશન છે તે જગા જઈ આસુદગીથી રહે છે જ્યારે કયામતનો દાહડો આવશે ત્યારે હકતાલા તેની નેકી તથા બદીનો હીસાબ શુમાર કરવા પાછો તનમન કરે છે અને હીસાબ શુમાર કરયા વગર તેને તેની જગા ઉપર બેસાડે નહીં અગર સવાબ જ્યાદા હોય તો રોશન બેહેસ્તમા જગા આપે યા ગુનાહ જ્યાદા હોય તો દોજખને હવાલે કરે, પણ મે આગળા દાનાવ લોકોથી જીવના મકાન બાબમા બીજી તરેહ સાભળ્યુ છે જે એ જીદગાની 'રવાઈ' છે યાને ખાક, વા, પાણી અને આતશ એ ચાર ચીજનુ એક તન બનાવીને તેમા જીવનો મુકામ કરી તનને સાત પાચ દાહડા દુનિયાની ખુબી લેવા ફેરવે છે તે બદીખાનામાથી જીવ બાહેર નિકલે ત્યારે અગર જો તે આદમીએ પોતાની હૈયાતીમા હકતાલાની રાહ જાણી પોતે હરેક વાતે દરી ચાલ્યો હોય તો પોતે જીવ અવ્વલ પોતાની જગાએ જાય છે ત્યાં તે મરદને બીજી જીદગાની મળે છે યાને તેનુ રવાન બેહેસ્તમા અમન પામે છે અગર કોઈ શખ્શ ગુમરાહીથી આ જહાનમા ચાલ્યો અને દીન તથા દાદની રાહને પીછાણી નહીં અને દિલમા ખતરો રાખ્યો તે શખ્શનું રવાન દોજખમા હેરેમનને હવાલે થાય છે જહાપેહેલવાન! મે તને જીવની તથા તેને મકાન કરી રેહેવાની જગા જેવી સાભળી હતી તેવી બતાવી છે વાસ્તે અગર કોઈ બીજી હકીકતની ખાહેશ રાખતો હોય તો પુછ, કે તેનો જવાબ દઊં! મને કેહેવાને ઉલત એટલા માટે આવે છે કે તારૂ પુછવુ ઘણુ નેક છે. મે તને સખુન તો થોડા કહ્યા છે પણ એમાં ફાયદો ઘણો છે"

એ સાંભળી કેરશાસ્પ ઘણો ખુશી થઈ કેહેવા લાગ્યો કે "અય દાનાં! એક પુરશીશ બીજી રાખુ છું તેનો મને જવાબ દે કે એક દુનીઆ ઓરત છે તેની ખાસ્યતે જવાન ઓરતની મીસાલની છે અને તે ઓરતની મીસા-

હની છે અને તે ઓરત હમેશે હમેલદાર રેહે છે અને હર વખત બચાં જણી તેને દુધ પાઇ નાજથી પરવરેશ કરે છે જે વખત તે બચ્ચા મોટાં થાય તેજ વખત તે બચાને મારીને ખાઇ જાય છે તે શુ છે ?"

જવાબ દીધો બુઝર્ગે કે "તે બુઢીયા ઓરત તે આ જહાન છે અને તેના બચ્ચા તે જાનવર વીગેરે આપણુ આદમી જાત છીએ એ જહાન અવલ આપણુને પેદા કરીને પછી મારી નાખે છે"

પુછ્યુ કેરશાસ્પે કે "એક ગાવ છે અને તેના ચાર કદમ નીચે તમામ જહાન છે તે ગાવ કઈ અને ગાવના ચાર પગ હલાયદા દેરગનાં છે, તે ગાવ ચાલે ત્યારે કદમ ઉઠાવ્યા પછી જગો ખાલી રેહેતી નથી. તેના અનદામના બાર ઓજાર છે અને તે બાર ઓજારમા એક એક ઓજારના સાઠ હાડકા છે"

જવાબ દીધો બુઝર્ગે કે "તુ જે ગાવ માટે પુછે છે તે ગાવ તે જહાન દરમ્યાન વરશનો અનદાજો છે, તેના ચાર પગ જુદી તરેહના રગના છે, ને વરશની ચાર ફસલ છે એક બાહારનો વખત બીજો તાહાડ, ત્રીજો ખિજાનનો વખત ચોથો ઉનાલો એ ચાર ફસલ હેલાયદી હેલાયદી બાર ઓજાર તે બાર મહિના છે એક એક ઓજારના અનદામમા સાઠે હાડકા તે દાહાડો તથા રાત મળી એક દાહાડાની સાથે પળ છે."

પુછ્યુ જહાપેહેલવાન કેરશાસ્પે કે "સાત ખુમચા કિંમતી ગોહરોએ ભરેલા છે તેની આસપાસ એક મોર્ગ પોતાના પર ખોલી ઉડતુ ફરે છે, તે મોર્ગ ઘણો ખોરાક પેલા કીંમતી ગોહરનો કરે છે, જે ખાધાથી પેલા ખુમચા ખાલીબી નથી થતા તેમ તે મોર્ગબી ઘણાક ગોહર ખાધાથી ધરાઇને પાછુ ફરતુ નથી"

જવાબ દીધો બાહામણે કે "સાત ખુમચા તે આ દુનિયામા સાત મુલક છે જેને હફતેકેશવર કરી કહે છે, તેમા ગોહર તે આપણુ આદમી તથા જાનવર છે તથા એક મુર્ગ તે મોત છે તે મોતના માર્યાથી હફતે કેશવરનો મુલક ખાલીબી નથી થતો તેમ તે મોત માર્યાથી આજેજબી થતુ નથી. અય જહાપેહેલવાન ! હવે એથી મારી અકકલ જ્યાદા નથી

કે તને જવાબ દઇ શકે વાસ્તે હવે ખામોશ રહે—પુરશેશનો છેડો નહીં હોય પણ જવાબ સર્વે. સવાલના પાછા ફરતા નથી" એ સખુન જહાંપેહેલવાને અકલથી પસંદ કીધા અને કહ્યુ કે "અય બુઝર્ગે! જે કાઇ તેં ફરમાવ્યુ તે દરૂસ્ત છે પણ હવે એક સખુનનો હુ ઉમેદવાર છુ તેનો જવાબ દે. પેલુ દોખમુ કોણનુ છે, તેની હકીકત સરથી તે પાઉ લગી ખોલીને જાહેર કર કે એ દોખમુ કોણનુ છે? અને તેમા એવા ભારી હાડ કોણના છે! તેની નજદીક પથરની તખતી ઉપર લખેલુ શુ છે?" બ્રહામણે જવાબ દીધો કે 'મે કોઇની ઝબાનથી સાભળ્યુ નથી જે એ દોખમુ ફલાણાનું છે જે મીસાલે તે અદર હાડ જોયા તે હુ (૯૦૦) નવશો વર્શ થયા જોતો આવ્યો છુ તુ પથર ઉપરના હરફને વાસ્તે પુછે છે તો એ પથર ઉપર લખ્યુ છે કે 'એ જેહાન કોઇ ઉપર બરકરાર નથી વાસ્તે આ દુનિયાના લોકો! તમો પોતાના જોર તથા મરદી ઉપર મગરૂર રહીને ગુમાન ના લઇ જતા તથા બદી કરવા ઉપર દલેરી ના રાખતા અવ્વલ એ ભારી હાડકા ઉપર નેગાહ કરીને જોજે તથા તે પાક યજદાથી હમેશ દરતા રેહેજો કે જેણે એવા પેહેલવાનને એક શેહજામા હલાક કરી નાખ્યો એ મીસાલના પેહેલવાનને કોઇએ દીઠો તો નહી તેનેબી બીચારગીથી ખાકમા સુવુ પડયુ છે વાસ્તે આ દુનિયાથી દરતા રેહેજો!' એ રવેશ તે તખ્તી ઉપર લખેલુ છે—" એટલું કહી તે બ્રાહ્મણે ઘણી મીન્નતથી જહાંપેહેલવાનને કહ્યુ કે "આજની રાત તે જગો આરામ કર જે વાતમા તારી ખુશી હતી તે માફક મે તને જવાબ દઇ વાકેફ કીધો. હવે જે ચીજમા મારી ખુશી છે તે તુ કબુલ કર! તું જાણ કે હવે મારો વખત નજદીક પોહોચ્યો છે, બુઝર્ગોની નસીહત છે કે તારા રાનના ચાબકા બુઢાપાએ નરમ કીધા ત્યારે તું તારા મોતનો ઇનતેજાર રહેજે તથા દીવાલ ઉચે તથા નીચેથી દુટવા લાગે ત્યારે જાણવુ કે કોઇ દિન દુટી પડશે અને ખાક સાથે બરાબર થઇ જશે. હું જવાન હતો ત્યારે દુનિયાની હરેક ખુબીનો ફાયદો લેતો હતો અને હવે જેહાન રાહજન થઈ તેથી મારી જવાની ને દુનિયાનો ફાયદો સર્વે લુટી

લીધો અને આસમાને મારા ઉપર નવસો વરશ ગુજારયા, પણ હવે મારી ઉમરનો ઘોડો ચાલવાથી સુસ્ત થયો! અય પેહેલવાન! કાલ રોજે આફતાબ માથેથી નીચે ઉતરશે તે વખત હુ મારો જાન હકતાલાને હવાલે કરશ અને મારી અજલ આવશે વાસ્તે હુ તને કહુ છુ જે તુ મારી નજદીકથી ના જા! કાલ રોજે હુ મારો જાન હક્તાલાને સોપુ ત્યારે તુ નેક રવેશથી મારા તનને દોખમામા મેલી પછી તું ખુશી સાથે અત્રેથી જજે!" એવા અજાયબ સખુન સાભળી જહાપેહેલવાને એ મામલો જોવા તે જગા મુકામ કરી તમામ રાત તે બ્રાહમનના ગમથી અફસોસ ખાવા લાગ્યો.

બીજે દિને આફતાબ માથે આવ્યો ત્યારે તે બ્રાહમન પોતાની જગા ઉપરથી ઉઠી અવ્વલ પાક યઝદા નજદીક ઘણી આજજી કરી ચશમામા પોતાના તનને ધોઇ પોતાના રાબેતા મુજબ ઝાડના પાતરા પોતાના તન ઉપર લપેટયા યાને ઝાડના પાતરાંનો પોશાક પેહેરી પાક યઝદાની નજદીક પોકારવા લાગ્યો અને પાક યઝદા પાસે પોતાનો ગુનાહ માફ કરાવવાની આજજી માટે કેટલોક વાર પોતાનુ સર જમીન ઉપર ખાકમા મેલી પોતાના ગુનાહથી પશેમાન થઇ જાર જાર રડયો અને ઘણી મીનતથી કેહેવા લાગ્યો કે "અય દાદ તથા દીનના સાહેબ! મે તો પોતાની તમામ ઉમર ગુનાહ કરવામા ગુજારી છે પણ એવા દાહડાથી તો હુ ગફલતમા રહી, લોભ તથા લાલચના બધમા પડી, હુ તારાથી દરયો નહી બલકે એકદમ હુ ગુનાહથી ખાલી રહ્યો નહી અને હમણા માહરો આખર વખત આવ્યો ત્યારે પશેમાન થાઉ છુ પણ હુ તારા બંદાને ઉમેદ મોટી છે કે તુ પોનાની મેહેરબાનીથી ગુનેહગારનો ગુનાહ બક્ષે છે તેથી હુ પણ મારા ગુનાહથી માફ માગી મારા પાપથી ખલાસી માગુ છુ" એ રવેશે આજજી કરતા પોતાનો જાન હક્તાલાને હવાલે કીધો તેને ગુજરેલો જોઇ જહાપેહેલવાને તે ઉપર ઘણીક જારી કીધા બાદ પોતાના બુઝર્ગોની રાહ રસમ મુવાફેક એક જગા દોખમાની કરીને તેમા તે બ્રાહામનને મેલી તેને સેજદો કરી તે જગોથી પોતાના લશ્કરની તરફ આવી પુગ્યો

પછી તે જગાથી કુચ કરી આગળ ચાલતા એક શેહેર ઘણું આબાદ ને દિલપસદ નજર આવ્યુ, તેની નજદીક જઇ પોહોચ્યા જેનુ જગલ

તમામ લાલ પુલે ભરેલુ હતુ તેની નજદીક એક પાહાડ હતો જે પાહડની કઠણુમા એક જગલ કેસરનું ભરેલું હતુ. પાહડ ઉપર એક દીવાલ ઘણી મજબુત પીત્તલ તથા કાસાએ બાધેલી અને તે દીવાલની એક તરફ પેહેલવી હરફે લખેલુ હતુ કે 'હુ' પાદશાહ છુ ' મારી ઉમર ત્રણ સો વર્શની થઇ હતી આ દુનિયાના તમામ પાદશાહો મારા તાબામા હતા, મારા ગજ ખજાનાની કીમતનો શુમાર હતોજ નહી આ પાહાડ ઉપર હુ એકસો વર્શ લગી મકાન કરી રહયો હતો તેથી મારા હાથમા બેશુમાર સુનુ તથા ગજ આવ્યો તે તથા બીજો બેશુમાર ખજાનો મે એ જગાએ દીવાલના પાયામા ગારેલો છે એ રવેશ મે રજ ખેચી બેશુમાર ગજ મેળવ્યો પણ આખર મને આ જહાનથી પસતાવો ખાઇ ખાલી હાથે જવુ પડયુ હું નાખુશીથી ગુજરી તે જહાનમા નાખુશ રહીશ કાચજે મે મેહેનત કરી એ મીસાલ ખજાનો મેળવી હુ નામુરાદ ખાલી હાથે ગયો અને બીજો શખ્સ આવી પોતાના કબજામા મારો ખજાનો કરશે અને મારા હાથમા તો અફસોસ તથા મેહેનત શિવાય કાઇ બીજુ રહેશે નહીં. દાના લોકો ફરમાવી ગયા છે કે તુ પોતાની મેળવેલી ચીજ માલમતા ઉપર અમલ નહીં કરે યાને વાપરે નહીં તો તે ચીજ બીજો સખાવત કરનાર મરદ વાપરે અને ખાય તેની હોય, એ મિસાલે કહી ગયા છે, અગર મે એ ખજાનો જમા કરવા પર રજ ખેચ્યો છે, તેનો દશમો હીસ્સો જો હકીકત બ્યાન કરૂ તો દુનિયામા કોઇ આદમી માલ ખજાનો જમા કરવા ખુશી થાય નહીં, એવી જેહેમત ખેચી છે મારો વખત તમામ થયો ત્યારે મારા હાથમા શીહા ખાક શિવાય કાંઇ રહયુ નહીં. વાસ્તે અગર બની આવે તો નેકી તથા ખુબીનો ખજાનો જમા કરતા રેહેજો કાય કે આકેબત નેકી તથા ખુબી કામ આવશે. અફસોસ ! કે મે અવ્વલ જાણ્યુ નહીં તેથી તમામ ઉંમર દુનિયાનો ખજાનો જમા કરવા ઉપર ખરચ કીધી. વાસ્તે નસીહત કરૂ છુ કે તમો મારા હાલ ઉપર નેગાહ કરી દુનિયામા નેકીના માલ ખજાના પાછળ મેહેનત કરજો. અગર આદમીજાત પાસે બુલદ ખજાનો હોય તો પણ આપણે પરદેશી ફકીર છીયે અને તવગર તો તે હકતાલા છે વાસ્તે આ મારો ખજાનો

જેના હાથમા આવે તે નેક અકલ તથા દુર અંદેશા ધરાવતો હોય તો ખાય પીએ અને ગરીબ લાચારને બક્ષેશ કરે! અગર તુ કોઇને બક્ષેશ નહીં કરી, આ જગા જમીનમા દફન કરી રાખે તો એમ જાણુયુ કે તે ખજાનો તારો નહીં! આ જહાન દરમ્યાન કોઇની દોલત હમેશા પાયદાર રેહેતી નથી—વાસ્તે અગર તને દુનિયામા દોલત મળી આવે તો સખાવત કરી ખાઇ પીને નેકી તથા નેકનામી લઇ જજે! નેકી કરશે તેથી તને બન્ને જહાનમા ફાયદો થશે. આ જહાનમા તારા નામની યાદગારી રેહેશે તો ગોયા તુ એ જહાનમા હમેશ જીવતો છે તથા પેલી જહાનમા તારા રવાનને હકતાલા બુઝર્ગી આપી તારી જગા ફરેસ્તા લોકોની સાથે રોશન બેહેસ્તમા કરશે આ જહાન એક દરામણી ચેહની મીસાલ છે તેથી તુ હુસ્યારીથી ચાલ કે તારો પગ ફસલાઇ તુ તે ચેહમા પડે નહીં તને આ જહાનની ખબર નથી કે એ જાતે ઘણી બદ છે તેથી બીજાને આશાયશમા રહેવા કેમ દીયે? અવ્વલ તો એનો અંદેશો હમેશ બદ છે તે પોતાના ફરજદનેજ ખાય છે, પોતાના ખાવદને જીવથી મારે છે, અને પોતે વળી હમેલદાર થઇ ફરજદ જણે છે હજુ આપણે આદમીજાત પોતાના ફરજદનો ગમ ખાઇ રાત દિન હલાવતમા રાખવા ચાહયે છીયે પણ આ દુનિયા એવી નાતરસ છે કે પોતાના ફરજદને પોતેજ ખાય છે! વાસ્તે અય નેકબખ્ત મરદ! તુ એ નસીહત યાદ ગખી તે ઉપર અમલ કરજે જેથી હમેશા હકતાલાની પનાહ તને રેહેશે! સખ્તીને વખત તે સાહેબ શિવાય કોઇ બીજો તારી ફરિયાદને પોહચનાર છે નહીં" જહાપેહેલવાન ફેરશારપે તમામ હકીકત પેલી દીવાલ ઉપરથી વાચી તેથી પોતાની આખમાથી મોતી મિસાલ આસુ વરસાવી બેલદાર લોકોને બોલાવીને ફરમાવ્યુ કે "એ દીવાલ શેતાબ ખોદી નાખો!" તેજ વખત તે લોકોએ ખોદી નાખી ત્યારે તેની નીચેથી એક અધારી ચેહ નજર આવી પણ તે ચેહ તમામ ગોહર તથા અશરફીએ ભરેલી હતી. તે ચેહમાથી અવ્વલ ગોહર તથા મોતી કહડાવીને તેના એકસો ને વીસ ઉંટ ભર્યાં ને બીજા ગોહર તથા મોતી બાકી રહયા તે તમામ લશકરને બક્ષ્યા આ ખજાનાનો કબજો લીધા પછી તે ગજમાથી યાદગારી

માટે એક ઉમદા જામ કરાવી તેની અંદર તથા બાહેર કીમતી ગોહરોનો જડાવ જડાવી તેમા એક તરફ પાદશાહ જમશેદની શિકલ જેમ તે પાદશાહ પોતાનાં પાદશાહી તખ્ત ઉપર દબદબાથી બેસતો હતો તેજ મિસાલે કહડાવી તથા બીજી તરફ જહાપેહેલવાન કેરશાસ્પે પોતાની શિકલ કહડાવી. પછી હમેશાં જહાપેહેલવાન મીજલસમા બેસતો ત્યારે તે જામમા શરાબ પીતા પેલા ગંજની યાદદાસ્ત રાખતો હતો.

તે જગાથી તમામ ખજાનો કાહડી ફારેગ થયા પછી રૂમની તરફ પોતાના સમરા કેશર પાસે ચાલ્યો તે દાહડે રૂમનો પાદશાહ પોતાનાં લશકર સાથે મામુરીએ નામનુ જંગલ જે ઘણુ ખુશ હવાનુ ગોયા રોશન બેહેસ્ત મિસાલનુ હતુ, તે જંગલમા શેકાર માટે ગયલો હતો, તે જગા પાદશાહ કેશરને ખબર થઇ કે જહાપેહેલવાન કેરશાસ્પે પોતાના લશકર સાથે સયર કરતો આ તરફ આવી પોહોચ્યો છે તેથી કેસર પાદશાહે શિતાબ રૂમ શેહેરમા જાસુસોને દોડાવી તાકીદ કરાવી કે તમામ શેહેરમા રોશની કરે તથા તાકીદ કરે કે સર્વ કોઇ પોતાના દરવાજા ઉપર આરશીઓ બાંધે અને નવરોજના દાહડા જેવી ખુશી તથા અયશ અશરત કરી જહાપેહેલવાન કેરશાસ્પની યાદમા શરાબની જામ નોશ કરે એવો હોકમ કરી પાદશાહ પોતે તમામ અમીરો સાથે ત્રણુ મંજલ સામે એસ્તેકબાલ ગયો અને દિલની ખુશીથી જહાપેહેલવાનને રૂમ શેહેરમા લાવી પોતાના પાદશાહી તખ્ત ઉપર બેસાડી બેશુમાર ગોહરોનો વધાવો કરી ઘણીક ઓજરખાહીથી મીન્નત કીધી પછી રૂમના પાદશાહની સરકારમા એક રામશગર ઘણી પાકીજેહ શરોદની ગાવામા તેમજ જે વાજીત્ર આપે તે વજાડી જાણુવામા માહોક હતી, અને તે રામશગરનુ અર્ધુ માથુ એક તરફથી મરદ મિસાલ હતું તથા બીજી તરફ ઓરત મિસાલ હતું. વળી તેનું તનબી અરધુ મરદની શિકલનું અને અરધુ ઓરતની શિકલનુ હતુ ! તે રામશગર એક તરફનો હાથ તબોરા ઉપર મારતી ત્યારે બીજી તરફનો હાથણી શેતાબ જઇને વાજીત્ર વજાડતો તથા એક તરફના મોહોમાથી શરોદ કાહ્દતી ત્યારે બીજી તરફના મોહોમાથીબી નિકળતો. એક તરફથી શાસબે

ફરી મસ્ત થતી ત્યારે બીજી તરફનુ સરબી શરાબની મસ્તીમાં આવતુ તે રામશગરને પાદશાહે બોલાવી રૂમી સરોદ કરાવી ચગના અને તંબોરાના અવાજ વચ્ચે પાદશાહ પોતે તથા જહાંપેહેલવાન કેરશાસ્પ તમામ મીજલસના લોકો સાથે ખુશીથી શરાબની જામપર જામ ઉડાવવા લાગ્યા રામશગરનો બન્ને તરફથી અવાજ એવો તો ખુબીથી નિકળ્યો જે સાભળવાથી મિજલસના તમામ લોકો બેહોશ જેવા થયા, તે ખુશ અવાજે હવા ઉપરના મોર્ગોઓ પોતાના પર નાખી જમીન ઉપર પડયા !

એ રવેશે ખુશી સાથે જહાપેહેલવાન તે જગા એક હફતો રહયો અને પેદરપે શરાબની જામ ઉડાવવા લાગ્યો હફતો તમામ થયો ત્યારે પાદશાહ કૈશર જહાપેહેલવાનને સાથે લઇને પોતાના પાદશાહી મેહેલમા ગયો. તે મેહેલ નહીં હતો પણ ગોયા બેહેસ્તનો બાગ શણુગારેલો હતો તે મેહેલમા અયવાન ઘણા પાકીજેહ હતા જે અયવાનો નજદીક ગોહર તથા લાલના બાગના ચમનો બનાવેલા હતા તે ચારે અયવાનમા એક રૂપાનુ, બીજુ સુનાનુ, ત્રીજુ અકીકનુ તથા ચોથુ બીલોરનુ એ મિસાલ તે અયવાનો બનાવેલા હતા, તેના દરવાજા પરવાલાના હતા અને તે ઉપર કીમતી ગોહરો તથા મોતીના જડાવ જડેલા હતા તેની તમામ જમીન સગેમરમરની હતી તે ઉપરાત બીજા બસો અયવાન સુના તથા રૂપાના થાભલાના બનાવલા હતા અને તે દરેક અયવાનમા એક એક તખ્ત જરીનુ માડી તે ઉપર પાદશાહી તાજ લટકાવેલુ હતુ પેલા ચાર અયવાનોમા એક તો બીલેરી અયવાંન હતુ, તેમા રોશન આફતાબ મિસાલ ચળકતી બે પુતલી હતી. આ બન્ને પુતલીમા એકનો ચેહરો મરદનો અને બીજીનો ચેહેરો ઓરતનો હતો તેઓના સર ઉપર યાકુતના તાજ મેળેલા તથા સુનાના અયવાનમા બસો ખુરસી કેરબાની તથા ફીરોજાની માડી તે સર્વે ખુરસી ઉપર એક એક પુતલી ગોહરની બનાવી બેસાડેલી હતી. તેઓની ખીદમતમા એક ચાકર ઉભેલો હતો તે ચાકર હરદમ ધુપદાનમા આતશ ઉપર અમબર તથા કસ્તુરી બાળતો હતો તથા તે અયવાનો દરમ્યાન એક ચબુતરો ઘણો બુલદ બનાવેલો હતો જે ઉપર ફરતા આસમાનનો નકશ કાહડેલો હતો. બોરજ ખાલેસ

સુનાનાં બનાવી આસમાન ઉપર આફતાબ તથા માહાતાબની શિકલ કાહાડી તે ફરતા કીધેલા હતા તથા એક બાગ ઘણો નાદર બનાવેલો હતો. તે બાગ તથા બેહેશતના બાગમા કઈ ફરક હતો નહીં. તેની દીવાલ સુનાની બાંધેલી તેમા એક હોજ સુન્નાનો બાંધી તેમા પાણીની જગા ગોલાબ રેડેલો હતો, તે બાગમા હરતરફ સર્વ, ચેનાર, તથા બેદના ઝાડો હતા. તે ઝાડોના સાહયા નીચે મોર્ગ તથા હ શ જાનવરો લટકતા હતા, તેની ડાળ ઉપર બુલબુલ, તુતી તથા કુમરી બેસી ખુશ હલકે શરોદ કરતા હતા તે બાગમા એક ફુલ હતુ તે શીયાલામા તથા ઉનાળામા હમેશ ખીલેલુ રેહેતુ હતુ બીજુ એક ફુલ રાતને વખત રોશન ચેરાગ મીસાલ ચળકતું હતુ તે એક દાહડામા બે મરતબે ખીલતુ તથા તે ઉપરાત તરેહવાર મેવાના તથા ફુલના ઝાડો હતા, તે ઝાડોમા કેટલાક ઝાડને પાચ અથવા છ તરેહનો મેવો લાગતો હતો તેની ડાળ સાથે જરી પાજરા લટકાવીને તેમા ખુશ રગના માર્ગ બેસાડેલા હતા તે મોર્ગો ખુશ શરોદે આવાજ કરતા હતાં. સર્વે પાણીના ચશમામા પાણીની જગા ગોલાબ ભરેલો હતો, તેમાં રેતીની જગા લાલ તથા અમબરની હતી તે બાગમા મજલીસ શમારીને એક મહિના લગી શરાબ તથા રામશગરોના અવાજ તથા ન્યામત ખાણું ખાવામા મશગુલ રહ્યા

નામુ લખવુ જહાંપેહેલવાન કેરશાસ્પની બાનુએ પોતાના બાપ કેસર રૂમ ઉપર તે વીગેરે બીજો અહેવાલ.

તે બાગમા એક મહિનો તમામ થયો પછી એક દિન બામદાદને વખત એક નામુ જહાંપેહેલવાન કેરશાસ્પની બાનુનુ પોતાના બાપ

ઉપર આવ્યુ તેમા ઘણી મીનતગુજારી કરી લખેલુ હતું કે "અય મેહેરબાન બાપ ! તુ તો કાંઇ જાણુતો નથી પણુ મારો ખાવદ જહાપેહેલવાન કેરશાસ્પ, પાદશાહ જોહાકના કહેવાથી આજ પાચ વરશ થયા બાહેર મગરેબની તરફ લડાઇ ઉપર ગયો છે અને તેની કશી ખબર પડતી નથી તથા જે દાહડેથી તે ગયો છે તે દાહડેથી તે આજલગી તેનુ એક નામુબી નથી આવ્યુ અને એક સવારબી નથી આવ્યો કે જહાપેહેલવાન ફલાણી જગોએ છે વાસ્તે હમો રાતદિન તેના ગમથી બેકરારીના દરિયાવમા ગરક છીયે, તેથી તું મેહરબાન બાપ મારો ગમ ખાઇને તે ગમના દરિયાવમાથી મને કહાડ યાને ચેહારો તરફ સવારો દોડાવી તેની ખબર કહાડજે કે તે નામદાર અગરજો હૈયાત હશે તો આવી મળશે, વાસ્તે તેની જેવી ખબર મળે તેવી શિતાબ મારી ઉપર શાહાન્સી સવાર મોકલીને મને ખબર કરાવજે કે તે નામદાર હૈયાત છે યા કોઇ હેરેમનના હાથ ઉપર મગરેબના મુલકમા માર્યો ગયો છે યા કોઇ ઉડા દરિયાવમા ગરક થયો છે—જે ખબર પામે તે શિતાબ લખજે. મારી ખાતર નીશા છે કે તે નામદાર જહાંનો પેહેલવાન છે તેથી હરેક જગોએ બેસીને ખુશીથી એશઅશરત કરતો હશે પણુ પેહેલવાન લોકોને મારવા ઉપર ઘણુા આદમી કોશેશ કરે છે વાસ્તે મબાદા કોઇ ફરેબી ઓરત પોતાની બેવફાઇનો પેશો આગળ કરી તે નામદારને કાંઇ ચારા તથા મકરે કરી ઝેર દઇ જીવથી મારે તે અંદેશો છે, યાતો નાપાક મુનહેરાશ દેવની લડાઇમા એકાએક જાણુઅનજાણુ ગયો હોય એ બે વાતથી તે નામદારનો જાન જાય તેથી મોટો અંદેશો પેદા થયો છે. તે નામદારને હક્તાલાથી ! ફતેહમદી હોજો તે તો બાજે જગો ઉપર એશ અશરતથી બેશીને ખુશી કરતો હોશે પણુ તેની જુદાઇના સબબથી હુ દરદ તથા રજમા પડી છુ અને ગમે કરી મારા તનમા કપડા વીછુના કાટા મીસાલ ડખ મારે છે ફિકરે તન સુસ્ત થઇ બળાપાએ તમામ હાડકા બતીની મીસાલ ગળી ગયાં છે અને દેહેશતે સીનું ધરતીકપ મીસાલ ઉછળે છે તથા રાતદિન ભાતભાતના ખ્યાલ તથા અંદેશા કરતા મારૂ મગજ સુસ્ત થઇ ગયુ છે તથા દમબદમ સરદ હાય આરવાથી મારૂ બદન સાંપ મીસાલ ઝેર ભરેલુ થયુ છે અય બાપ ! તું

ખાતર જમા રાખજે કે દુનિયા દરમ્યાન જે પોતાના જોડાં સાથે ઘણી મોહબત તથા એખલાશ રાખતો હોય તેમાથી અગર એક જુદું પડે ત્યારે તેના જેવુ દરદ બીજુ કાંઇ નથી." એ રવેશનુ પુશકલ મીન્નત તથા આજેજી ભરેલુ નામુ લખી શિતાબ એક સાહાન્સી સવારને પોતાના આપની તરફ વિદાય કીધો. તે સાહાન્સી સવાર રૂમ શેહેરમાં આવી પોહોચ્યો ત્યારે પાદશાહની દરઘાહ ઉપર આવી દરબાનને કહ્યું કે "શિતાબ પાદશાહ કેશરને ખબર કર!" તેજ વખત દરબાન આવી ખબર કીધી કે "એક ખુબસુરત એલચી સીસ્તાન શેહર તરફથી નામુ લઇને આવ્યો છે તે પાદશાહની ખીદમતમા આવવાની ખાહેશ રાખે છે." તેજ વખત પાદશાહે તેને બોલાવી હેશાનથી નવાજીને મજલેશમા બેસાડીને શેતાબ શાકીને હોકમ કરી તે એલચીને ત્રણ જામ શરાબની પાઇ પછી પોતે નામુ વાચ્યુ પાદશાહ તે વાંચીને મુછમાં હસવા લાગ્યો ત્યારે તરત કેરશાસ્પે પાદશાહને પુછ્યુ કે આ નામુ વાચીને હસયો તેનો શબબ શુ છે ત્યારે પાદશાહે તે નામુ જહાંપેહેલવાનના હાથમા આપ્યુ. કેરશાસ્પે તે નામુ તમામ વાચ્યુ તેથી તેના દીલમા માહારોયેની મોહબતે જોશ કીધાથી તેના ગમથી દિલ બળવા લાગ્યુ અને તેજ વખત કેરશાસ્પની આખમા આસુ આવ્યા અને પોતાના દિલ સાથે કેહેવા લાગ્યો કે બુઝર્ગ લોકો ફરમાવી ગયા છે તે દરૂસ્ત છે કે પોતાના વતનથી દુર પડીને બીજા શેહેરમાં પાદશાહી કરીએ પણ તેમ કરતાં જો પોતાના વતન તથા ખેશ કબીલાથી દુર પડવુ પડે તો તે પાદશાહી કરતાં ફકીરી બેહેતર છે. એવો અંદેશો કરી શિતાબ પોતાના લશકરને ફરમાવ્યુ કે બોર્ગને બાગ દેતી વખત કુચ કરી સર્વ કોઇ સીસ્તાનની તરફ મોંહો પકડે. એવો હુકમ સાભળીને રૂમના પાદશાહે જોયુ કે એ નામું વાચ્યાથી કેરશા-સ્પની ખાહેશ પોતાને વતન જવાની થઇ ખરી તેથી પાદશાહે કેટલોક હદીઓ પોતાની બેટી માહારોયને વાસ્તે તૈયાર કીધો તે મધે બે તખત, તેમા એક હાથીદાતનુ તથા બીજુ માહીનાં દાતનુ, બે તાજ તેમાં એક કેરબાનુ તથા બીજુ યાકુતનું, બે તોક તેમાં એક ગોહરના જડાવનો તથા બીજો મોતીનાં જડાવનો, બે પોંહોચી જે ઉપરનાં જડાવોનાં ગોહરોની

કીંમત ઘણી ઉમદા હતી તથા બે કાનની બાલી રોશન આફતાબ કરતાબી ઘણી ચળકતી તથા બે જરીની જુહુતી તેબી ગોહરના જડાવની તથા રૂમી દેહેબાના સહાડ રેશમી પરદા તમામ જર બફ્તરના તથા જનાની પેહેરવા સના પચાશ બોચકાં અને તે તમામ પાદશાહી લાયકના કપડાની સાથે સહાડ બાડી ખુબીમાં પરીની મીસાલની, પચાશ ગોલામ માહાતાબને ચેહેરેના જરી કમરબંધ સાથે, તે સાથે દશ દાયા ઘણીક દાનાવ તથા ગમની દફે કરનાર તથા હાથીની દશ અંબારી અગરની તથા પરવાલાની, પચાસ ઉઠ સફેદ કપુરની મીસાલના તથા પચાસ ઉટ શિહા ગલીને રંગના પાદશાહોની દરબારને લાયકના અને એ વીગેરે બીજો ઘણોક સામાન મજલેસ તથા બાગનો. એ રવેશનો હદીયો પોતાની બેટીને વાસ્તે તૈયાર કરાવી બીજો હદીયો પોતાના દામાદ જહાપેહેલવાન કેરશાસ્પને નજર કીધો તેમા પોતાના ખાસ ખજાનામાથી તમામ નાદર ચીજો મંગાવી તેમા એક તખ્ત અકીકનું તમામ બેડકથી તે પાયા સાથે કોરી કાહાડેલું હતુ એક તાજ ફીરોજાનું તથા બાર ખુરસી પરવાલાની પાયા સાથે કોતરી કાહાડેલી તથા બે ફરશ તુશ જાનવરના ચામડાના, બે દેહેરા ચીત્તાના ચામડાના જેના થાલા સુનાના, મેખો રૂપાની તથા રસી કાચા રેશમની, તે ઉપર જર વીટેલો, બે નકારા સુનાના કુડાના તે ઉપર તમામ ગોહરનો જડાવ જડેલો હતો તથા એક ઝુડો રોશનીમા આફતાબ કરતા રોશન હતો જે ઉપર જરીનો શેર બનાવી બેસાડેલો તથા બે બખ્તર વાવલ નામની માહીના ચરમના, જે ઉપર આતશ તથા પાણી કાંઇ અસર કરેતુ નહીં તથા એક હજાર અબલખ ઘોડા તમામ સુનેરી સાજ સાથના, પચાસ હાથી સફેદ બીલોર મીસાલના તથા બાર પાંજરા જેમા શેર તથા બબર જાનવરને બંધ કીધેલા હતા તે તથા છ ગેંડા ઉઠાવમા હાથી કરતા મસ્ત લોહડાની સાકળે બાધેલા તથા છ સો પાજરા સુનાના તેમા તરેહવાર મોર્ગ બેસાડેલા, બસો સનદુક દેબાના કપડાની ભરેલી, એક હજાર સંદુક તમામ હથીઆરે ભરેલી, ચાલીસ સંદુક ખાલેશ સુનાની અશ્રફીએ ભરેલી તથા એક સો ખુરશી અગરની તમામ સુનામા મઢેલી તથા એક હજાર ઝાડ સુનાના બનાવેલા, જેના પાતરા જમરૂદના તથા ફુલ

લાલાના, અને ફુળ ગોહરના બનાવેલા હતા, દસ ડાબડા મોતીએ ભરેલા, તે ઉપરાત બીજો ઘણોક હદયો જહાપેહેલવાનને નજર કીધો અને બીજો ઘણોક ખજાનો જહાપેહેલવાનના લશ્કરને બક્ષ્યો. જહાપેહેલવાનને રવાના કરવા પાદશાહ કેશર રૂમી એક મજલ સુધી સાથે ગયો અને બીજે દિને પાદશાહ પાછો ફરિને પોતાના શેહેરમા આવ્યો પેલી તરફ જહાપેહેલવાને લાબી મજલ કાપવા માડી અને રાહમા ચાલતા પોતાના પીત્રાઇ ભાઈ, જેને તનજેહે શેહેરનો હાકેમ કરી બેસાડયો હતો તે ઉપર સવાર મોકલી ખબર કીધી કે શિતાબ ઘણુએક લશ્કર સાથે મનુહેરાશ દેવને બાધેલો લઇને રાહમા આપી પોહોચે.

જઇ પોહોંચ્યો જહાંપેહલવાન કેરશાસ્પ પાદશાહ જોહાકની નજદીક તે વિગરે બીજો અહેવાલ.

જહાપેહેલવાન સર્વે લશ્કર સાથે તરતુશ શેહેરમા આવી એક મહિના લગી તે જગોએ રહ્યો પછી તે જગાથી કુચ કરીને દજહુખત ગગની તરફ લશ્કર ચલાવ્યુ. એ ખબર પાદશાહ જોહાકને થઇ કે જહાપેહેલવાન કેરશાસ્પ દર મજલ ચાલ્યો આવે છે તે ખબર સાભળી પોતાનુ પાદશાહી અયવાન સમારી પોતાના તમામ સપેહેસાલારો ને લશ્કર સાથે એક મજલ લગી જહાપેહેલવાનને એસ્તેકબાલ લેવા મોકલ્યા. પેલી તરફ જહાપેહેલવાન કેરશાસ્પ એક સફેદ હાથી ઉપર પીરોજાનુ તખ્ત માડી એક પહાડ મીસાલ બેઠેલો હતો તેના હાથીની આસપાસ તમામ જાબુલી સવારો હાથમા નેજા તથા ગોરજ પકડી દબદબા ભરેલા ચાલતા હતા. એ રવેશની તે નામદારની સવારી દુરથી પાદશાહ જોહાકના અમીરોએ દીઠી ત્યારે સર્વ કોઇએ શિતાબ પાંઉ પ્યાદા થઇ જહાંપેહેલવાનને સજદો કરી દુવા કીધી. તેજ વખત નામદાર જહાપેહલવાને પોતાના

હાથી ઉપરથી નીચે ઉતરી સર્વે સાથે બગલગીરી કીધી અને સર્વની નામ બનામ ખેર આફ્યત પુછી પાછો પોતાના હાથી ઉપર સવાર થઈ આગળ ચાલવા લાગ્યા ત્યારે પાદશાહ જોહાકના તમામ અમીરો તેની નજદીક પાછું પ્યાદા ચાલવા લાગ્યા. તે જોઇ જહાપેહેલવાને તેઓને કહ્યું કે "મારી ખુશી છે કે તમો સર્વ ઘોડા ઉપર સવાર થાવો!" તે હુકમ સાંભળી સર્વ પોતાની સવારી ઉપર બેઠા અને બેશુમાર ખુશી કરતા બાબુલ શહેરની તરફ ચાલ્યા. એમ કરતા જ્યારે શેહેરની નજદીક જઇ પોહોચ્યા ત્યારે તમામ અમીરો પાછા પ્યાદા થઇ જહાપેહેલવાનની રેકાબમા ચાલવા લાગ્યા પાદશાહ જોહાકને ખબર થઇ કે જહાપેહેલવાન આવી પોહોચ્યો કે તેજ વખત પોતાના તખ્ત ઉપરથી ઉઠીને પોતાની ખાસ સવારી સાથે જહાપેહેલવાનને એસ્તેકબાલ લેવા શેહેરથી બાહેર બે કોશની મજલ પર ગયો જહાપેહેલવાનની સવારી નજદીક આવી ત્યારે પાદશાહ શીતાબ પ્યાદો થયો, તે જોઇને તેજ વખત જહાપેહેલવાનબી હાથી ઉપરથી નીચે ઉતરી પાદશાહની નજદીકની જમીનને બોસા દીધા ને પાદશાહે જહાપેહેલવાનને બગલમા પકડી ખેરઆફ્યત પુછી પાદશાહ તથા જહાપેહેલવાન બન્ને એક હાથી ઉપર સવાર થયા તે વખતે નકારા તથા કરનાયાના અવાજ એટલા તો થવા લાગ્યા કે જાણે તે ખુશીમા આસમાન ઉપર બેહેરામ તથા તીર ફરેસ્તા નાજ કરવા લાગ્યા એમ કરતા પાદશાહની દરબાહમા આવી પોહોચ્યા તેજ વખત પાદશાહે જહાપેહેલવાનનો હાથ પકડી પોતાના તખ્ત ઉપર જમની બાજુ બેસાડી ઘણી મેહેરબાનીથી ખબર પુછી કેરશાસ્પે પોતાના લશ્કરના સપેહસાલારને હોકમ કીધો તેથી ખાવર જમીન વગેરે બીજા મોલકો ઉપરથી સલામી લીધી હતી તે તમામ હદીયો લાવી પાદશાહને નજર કીધો અને જે કાંઇ અવ્વલથી તે આખેર લગીની હકીકત હતી તે તમામ પાદશાહની નજદીક બયાન કરી કહી તથા અફરીકીની તથા મુનહેરાશ દેવની લડાઇની વાત તમામ કહી, તેથી પાદશાહ જોહાક ઘણો અજબ થઇ જહાંપેહેલવાનનાં જોર ઉપર આફીન કરવા લાગ્યો. પછી મુનહેરાશ દેવને બાંધેલો લશ્કરમાથી મંગાવી પાદશાહે જોયો. તેને જોયાથી પાદશાહની દરબાહના તમામ

લોકો દેહેસ્તે કરી એક મરતબે બેહોશ થઈ ગયા એવો તે નાપાક દેવ દરામણો હતો તે દેવના મોહોડામા દાત નહી પણ ગોયા લોહોડાના નેજા હતા તથા તેની બન્ને આખ ગોયા બે લોહીની ભરેલી હોજ હતી, તેની પેશાની ગોયા એક શીહા પથર હતો તથા તેની બન્ને બાજુ ગોયા તેનાં તન ઉપર બે ચેનારના ઝાડ હતા તથા તેના બન્ને પગ ગોયા લોહોડાના બે મીનારા હતા તેનું તન એક મોટા પાહડ જેવુ, તેનુ મોહો દોજખના ગાર કરતાબી વધારે બદબો મારતું હતુ. તેના તન ઉપરના બાલ પેચદાર સાપ મિસાલ વળેલા હતા, તેના સર ઉપર બે શીંગડા ઘણા બુલદ હતા. તે દેવ પથરની જમીન ઉપર ચાલતો તો તેમા તેના કદમે કરી ખોહો મીસાલ ખાડા પડતા હતા. તેનુ તન એવુ તો બદબો મારતુ કે તેની બદબોએ કરી ચાર કોશ દુરથી ગોરપદ તથા મુર્ગ નાહસતા, એવો નાપાક બદસુરત દેવ જોઇ પાદશાહની દરધાહના તમામ લોકો હકતાલાના શુકરાના કરી કહેવા લાગ્યા કે "અય પાક યઝદા! એવા ભારી દેવનેબી તે જાન આપી દુનિયામાં ફરતો કીધો તે સાથે એ દેવને બાધનાર જોરેમદ જહાપેહેલવાન કેરશારપનેબી તેજ પેદા કરી તેને એવુ જોર તથા હીમત આપી. કે એવા જીયાગાર દેવની લડાઇમા એકલો જઇને તેને બાધી લાવ્યો," એ રવેશે સર્વ પરવરદેગારના શુકરાના બજાવવા લાગ્યા. પાદશાહે ફરમાવ્યુ કે મેદાનમા ચાર થાભલા લોહોડાના ઘણા ભારી ગાળે અને લોહોડાની સાકળે એ દેવને ચારો તરફથી ઉસ્તવાર તે થાભા સાથે બાધી મુકે. હુકમ મુજબ તે દેવને બજારના ચાર રસ્તા ઉપર ઓસ્તવાર બાંધી કેટલાક પેહેલવાનોને ચોકી રાખ્યા. તે દેવને જોવા વાસ્તે શેહેરે શેહેરથી આદમીઓના ટોલેટોલા આવતા તેમા કેટલાક આદમી તેને જોયાથી બેહોશ થઈ પડે તો વળી બાજે લોકો તેની અજમાયશ જોવા હરેક ચીજ તેની નજદીક નાખતા તો શેતાબ તે દેવ ખાઇ જતો પછી પાદશાહ જોહાકે એક મીજલસ ઘણી પાકીજેહ સમારી જહાપેહેલવાનને બુઝર્ગીથી પોતાની જમની બાજુ ઉપર બેસાડી સર્વના હાથમા શરાબની જામો અપાવી હુકમ કીધો કે અવ્વલ સર્વ જહાપેહેલવાનની સલામતીમા શરાબની જામ નોશ કરે. એ મીસાલે એક મહીના લગે હરરોજ નવી નવી મિજલસ

સમારી જહાપેહેલવાનને બુઝગી આપતો; એમ કરતા મહિનો તમામ થયો ત્યારે પાદશાહ જોહાકે જહાપેહેલવાનને એક કોહોલા તથા કમરબંધ, જરી ઢાલ તથા તલવાર એ વિગેરે બીજા તમામ હથ્યારો તથા જહાંપેહેલવાન પોતાની તલવારને જોરે પાદશાહ જોહાક વાસ્તે બીજા પાદશાહો પાસેથી સલામી લાવ્યો હતો તે તમામ પાદશાહે જહાપેહેલવાન કેરશાસ્પને બક્ષી આઆબરૂથી સીસતાનની તરફ રવાના કીધો

જહાપેહેલવાન કેરશાસ્પ પોતાના બાપ પાદશાહ અશરતની નજદીક જઇ પોહોચ્યો અને તે તેની પોતાની મોહરદારના અને પોતાના બેશ કુબીલાના દીદાર જોઈ ઘણો ખુશી થઈ પોને રાહના રંજથી આશાયશ પામ્યો તે દાહડા ઉપર સરફરાજ પાદશાહ અશરતની તબ્યત કાહેલી હતી તે બીમારી ઘણી વધી રોજ બરોજ તન સુસ્તી પકડવા લાગ્યુ તેથી ખાણુ તથા શરાબની ઉપરની તે નામદારની રગબત ઉતરી ગઇ યાને ખાધાનુ મેલી દીધુ એવી બિમારી થઈ તે વખત નામદાર અશરત પાદ-શાહને બસો છોતર વર્ષ થયલા હતા છેલ્લે તેની આખર આવી અને પોતાનો પાક જીવ હકતાલાને હવાલે કીધો તેના પાદશાહી તખ્ત ઉપર જહાપેહેલવાન કેરશાસ્પ બેઠો તે ઉપરથી એ નામાનો જોડનાર શાયર કહે છે કે "આ દુનિયાનો માર્ગ એજ છે તમામ ચીજનો દારૂ છે પણ મોતનો ઇલાજ નથી અને મોતની લડાઇમા લશ્કરનુ કામ પડતુ નથી. તનને બુઝગી પાક જીવથી છે અને તનમાથી જીવ નિકલી ગયો ત્યારે તે તન ખાકને હવાલે કર્યે છીયે અગર કોઇ આદમીજાત પોતાની હૈયાતીમા રોશન સેતાગની ચાલે એવી બુઝર્ગી પામે કે તેનુ મગ આફતાબ કરતાં બુલદીમા ઉંચે જાય મગર મોત આવે ત્યારે તેના તનને ખાકમા કીડી ને દુખમામા ખલીલો ખાય છે આ દુનિયામા બે ઘોડા છે તેમા એક ઘોડો શીહા તથા બીજો સફેદ છે યાને શીહા રાત તથા સફેદ રોજ એ બન્ને ઘોડા આપણને પોતાપર સવાર કરી હમેશ દોડે છે પણ તે જગાથી આપણુ આગલ જઇ શકતા નથી જેમ એક કાફલો એક શેહેરથી બીજે શેહેર જાય છે તેમાના બાજે આદમી આગળ ચાલે છે અને બાજે પછવાડે ચાલે છે, પણ સર્વ એક જગા મકાન કીધેલો હતો ત્યા આવી

જમાવ થાય છે, તે મિસાલ આ દુનિયાનો રવેંગો છે. કોઇને આગળ અને કોઇને પછવાડે પણ આકેબત તે જેહાનમા જવુ છે. પનોતો મરદ તે કે જેણે પોતાની જીદગાની સવાબના વેપારમા ગુજારી હોય અને તમામ પુંજી નેકીની જમા કીધી હોય."

જહાપેહેલવાન કેરશાસ્પ પોતાના બાપની જમા તખ્ત ઉપર બેઠો અને દાદ તથા સખાવતનો દરવાજો ખોલ્યો, એ વાતને કેટલાક વરસ ગુજરી ગયા બાદ જહાપેહેલવાન કેરશાસ્પનો એક સાવકો ભાઇ ગોરંગ નામનો હતો તેનોબી વાકો થયો ને તે ગોરંગનો એક બેટો બે મહિનાનો નાહનો હતો તેથી જહાપેહેલવાને તે બેટાનુ નામ નરીમાન રાખ્યુ અને દિલની મોહબતથી તે બચ્ચાને પોતાના જાન મીસાલ ફરજંદ દાખલ પાળી મોટો કીધો પણ તે નરીમાને પોતાના બાપને દીઠેલો નહીં તેથી જહાંપેહેલવાન કેરશાસ્પનેજ બાપ કરી કેહેતો હતો અને તેના દિલમાબી એમજ હતુ કે એ મારો બાપ છે. એમ કરતા જ્યારે તે નરીમાન લાયક ઉમ્મરનો થયો ત્યારે જહાપેહેલવાને પોતાના તમામ હુનર કમાન ખેચવાના તથા ગોરજ ઉઠાવવાના તથા તલવાર મારવાના તથા ચોગાનદડી રમવાના તથા શેકારગાહ જવાના તથા ઘોડો ફેરવવાના તથા કુસ્તી રમવાના તથા કમંદ ફેરવવાના તે બેટાને શિખવ્યા તે હુનર શિખવ્યાથી નરીમાન પેહેલવાનીમાં એવો તો હુસ્યાર નિકળ્યો કે પોતે નેજો ઉઠાવતો ત્યારે તેની નોકે કરી પાહાડનુ દિલ ફાડી નાખતો અને ખંજરના તાપે કરી હાભના પાણીને બધ કરતો તથા કુસ્તીના હુન્નરે મસ્ત હાથીના દાત ઉખેડી નાખતો અને ભારી પાહડને આશાનીથી ઉઠાવી જમીન ઉપર મારતો, એવો જોરાવર તે નરીમાન* નિકળ્યો

---

* અવસ્તામા તેમ જંદો હલવીમા કેરશારપના બેટા નરીમાન વીશે કાંઇ લખાણ મલતુ નથી, બલકે અવસ્તામા તો કેરશાસ્પનેજ "નઇરેમનાઓ" યાને "બહાદુર મનનો" એવો એલકાબ આપ્યો છે.

નામું લખ્યુ પાદશાહ ફરેદુને જહાંપેહેલવાન કેરશાસ્પ ઉપર તે વગેરે બીજી હેકાયત.

હવે એક દીને પાદશાહ ફરેદુને પોતાના ખાસ નવીશદાને ફરમાવ્યું કે "એક નામુ ઘણીક પાકીજેહ એબારતથી હુ જેમ કહુ તે મિસાલ ખુશ ખતે કરી જહાપેહેલવાન કેરશાસ્પ ઉપર લખ કે અય દિલાવર જહાપેહેલવાન પાદશાહ! તુ તમામ જહાનના પાદશાહોને તથા સપેહસાલારોની પોશ્ત પનાહનો કરનાર છે. વાસ્તે તને એક વધાઇ લખુ છુ બુલદ આસમાનના સેતારાની ચાલથી અને મારા બખ્તની મદદે મને ઇરાન જમીનની પાદશાહી મળી છે અને હુ બુઝર્ગી પામ્યો છુ અને હર તરફના પાદશાહોના દિલ મારી મુરાદ માફક રજુ રહે છે તમામ પાદશાહોની મોહોર તથા શીકા ઉપર મારી મોહોરનો શીકકો બુઝર્ગી રાખે છે, મગર પાદશાહી કરવી તે શખ્સને લાયક છે કે અવ્વલ તો પોતાના તનને નસીહત કરી અકકલને પોતાના સરનું તાજ કરે, દાદ તથા ઇનસાફને પોતાનુ તખ્ત કરે, હોશ અને તદબીરને પોતાનો વજીર કરે તથા દાનાઇનુ લશકર કરે. એ મિસાલ જે અવ્વલ પોતાનો જાન ઉપર પાદશાહી કરે તેને આ ફાની જહાનમા પાદશાહી કરવી સજાવાર છે પાક યઝદાની મદદથી એ તમામ ચીજ મારી પાસે છે પાક દાદારે મને ઇરાન જમીનનો પાદશાહ કરી બેસાડયો છે તો જોહાક જેવો નાપાક, બદ ખસલતનો, તમામ જહાનનો દુશમન કે જેણે હેરેમનની મોરાદ ઉપર ચાલીને હકતાલાની ખલકને આજાર દીધો બલકે બે હીસ્સા જહાન વેરાન કીધી એવો જુલમગાર અને બેદાદ હતો તેને વાસ્તે તુ નામદારે હરેક મુલક ઉપર કીનાની કમર બાંધી અને પોતાના તન ઉપર સખ્તી તથા રંજ ખેચી સખત લડાઇઓ કીધી અને હીંદુસ્તાન તથા ખાવર તથા રૂમ વગેરે મગરેબનો મુલક પોતાના ભારી ગેરજે કરી જેરોજબર કરી નાખ્યો તથા મસ્ત અઝદા તથા ભારી શેહેરો તથા જાદુગાર દેવો સાથે લડયો અને પોતાની તમામ ઉમર નાપાક

જોહાક માટે રંજ તથા સખ્તીમા ગુજારી અને હાલ જ્યારે મને પાક યઝદાંએ મદદ કીધી અને તે કુમકના કૌવતે મે જોહાક પાસેથી તાજ તથા તખત છીણુવી લઈ તે નાપાક અઝદાની સુરતના જોહાકને બાંધી* તેના જુલમથી ખલકને છોડાવી તેથી તમામ જહાન તેની જાદુઈથી ખલાસી પામી છે અય જહાપેહેલવાન! હુ તુ નામદારને પોતાના જીવ તથા આખના દીદા કરતા બેહેતર જાણુ છુ વળી આપણે તો બાપદાદે પાદશાહ તેહેમુરસ્પના તોખમના અનલગ બેશી થયલે છીએ તેથી હુ તો તમામ ઉમેદ તારી ઉપર રાખુ છુ કે મારી મોરાદ માફક કમર બાંધે. તુ તમામ દીન તથા દાદની રાહનો જાણુનાર છે, હકતાલાના તાબામા રેહેવુ અને બુઝર્ગ પાદશાહના તાબામા રેહેવુ એક સરખુ છે વળી મારા સાભળ્યામા આવ્યુ કે હકતાલાએ તારી નેક મુરાદ મુવાફેક એક રોશન પેહેલવાન તારા ખાનદાનમા પેદા કીધો છે તે બેટાને તુ પોતાના જીવ કરતા બેહેતર ગણે છે અને તેનુ નામ જગી નરીમાન રાખ્યુ છે કસમ પાક યઝદાના કે મને એવી ઉમેદ છે કે તે નામદાર નરીમાનને હુ નજરે જોઉ અને મારા જીવને તેના દીદાર જોયાથી ખુશી કરૂ જહાંપેહેલવાન! તુ જેવુ મારૂં નામુ વાચે તેવોજ શિતાબ દેહેરા મુલક બાહેર મારજે અને મજલ દર મજલ પોતાનું અસવાન કરજે અને ઘોડાની પીઠને પોતાનુ તખ્ત કરજે યાને દર મજલ ચાલ્યો આવજે! પાક તોખમના નરીમાનનેબી તારી સાથે લાવજે. અય જહાપેહેલવાન! તારા આવ્યાથી મારા લશકરના દલેરોના દિલમાં

---

* આ નામાનો ઇસલામી લખનાર પણ જોહાક માટેની જરથોસ્તી દતકથા અત્રે કબુલ રાખે છે એ અત્રે કહે છે કે ફરેદુને જોહાકને બાંધ્યો, નહીં કે મારી નાખ્યો ઇરાની માન્યતા મુજબ જોહાકને ફરેદુને દેમાવદ પહાડ ઉપર સાકળથી બાંધ્યો છે જ્યા તે રસ્તાખેજ સુધી પડી રહેશે અને છેવટે પોતાની મેળે છુટો થઈ જહાનમા પાછો નાશ ફેલાવશે, પણ તે વખતે કેરશાસ્પ પેહેલવાન પોતાની લાબી ઉઘમાથી જાગ્રત થઇ તેનુ માથુ ગુરજથી છુંડી નાખશે.

નવો જાન આવશે અને તારા આવ્યાથી મારી દરબાર જેબ ભરેલી થશે. હુ મારા બખ્તની મદદથી ઈરાન જમીનની પાદશાહી પામ્યો છુ પણુ તુ જેવો નામદાર મારા તખ્તની નજદીક સુનાની ખુરસી ઉપર બેઠો નથી તેથી હું પુરા પાદશાહી દરજ્જાને પોહોચ્યો નથી. અય નામદાર પેહેલવાન ! મારૂ આ નામુ વાચી તેજ વખત ઘોડા ઉપર સવાર થજે ! હુ તારી આમદની ઇંતેજારીમા છુ. મારી મરજી એ છે કે તને ચીનના મુલક તરફ મોકલુ શા વાસને કે નેક ખસલતના કાવે આગરહને* ખાવર જમીનની તરફ મોકલ્યો છે તેથી ચીન તરફ જનાર તું શિવાય કોઇ બીજો નર નથી." એ રવેશ નામુ લખાવી પાદશાહ ફ્રરદુને તે ઉપર પોતાની મોહર કરીને એક સવારને હવાલે કરી શિતાબ જાબુલ તરફ રવાને કીધો

તે એલચી જહાપેહેલવાનની નજદીક જઇ લાગ્યો તેજ વખત તેણે જમીન ઉપર સર નમાવી સેજદો કરીને પાદશાહનુ નામુ આપ્યુ, જે નવીશદાએ બાગેબુલંદ વાચી સભળાવ્યુ. જહાપેહેલવાન તે નામાની તમામ બીનાથી વાકેફ અને જોહાકના જુલમથી ખલકને ખલાસી પામેલી સાભળી અને પાક દીનના ફ્રરેદુનને પાદશાહી તખ્ત ઉપર બેઠેલો સાભ-ળ્યો ત્યારે તેની ખુશાલીમા જહાપેહેલવાન એવો તો ઉલટમા આવ્યો કે ગોયા પાછો નવજવાન બન્યો ને તે બેશુમાર ખુશીએ પોતાની દરબાર શોરશાર ભરેલી કીધી અને ખજાનાનો દરવાજો ખોલી તમામ રૈયત લોકોને ફરમાવ્યુ કે પાદશાહ ફ્રરેદુન ઇરાન જમીનના તખ્ત ઉપર બેઠો તેની વધાઇમા જેને જે કાંઈ પસદ આવે અને જેટલી ખાયશ હોય તેટલો જર ખજાનો પોતે પોતાને હાથે ઉડાવી લઇ જાય. એ હુકમ સાભળી શેહેરના તમામ લોકો પોતાને હાથે જે કાંઇ પસદ આવ્યુ તે ઉડાવી

* ફેરદુનના વખતનો આ દેશ હીતકારી પુરૂશ જાતે લુહાર હતો જોહા-કના જુલમથી ઇરાની રઇયતનો છુટકારો કરવા ફ્રરેદુન જે જોહાકથી બીહને છુપો પાહડમા ભરાયો હતો તેને શોધી કહાડી લશકરની સરદારી આપી જોહાકનો પરાજ્ય કર્યો

થઈ ગયા તેથી તમામ રૈયત તવંગર થઈ ગઇ તે વધામણીમાં જહાપેહે-લવાનના ખજાનામાથી એક સો ગજ કરતાબી વધારે જર ખરચાયો. એ ખબર સાભળ્યાથી નરીમાન ખુશી થઇ કહેવા લાગ્યો કે "હવે તમામ જહાનનુ કામ આશાન થયુ " પછી જહાપેહેલવાનને અરજ કરી કહેવા લાગ્યો કે 'અય પેદર! પાદશાહ ફરેદુનની ખીદમતમા જવા કમરબદ શિતાબ બાધવો જોઇયે એ રવેશે પાદશાહાનુ ફરમાન આવ્યુ તો આપ-ણુને તેની ખિદમતમા પોહોચવુ જોઇએ" એ સખુન સાભળી તેજ વખત જહાપેહેલવાને બાર હજાર સવારો તૈયાર કરી બેશુમાર હદિયો પાદશાહ ફરેદુન વાસ્તે તૈયાર કીધો તેમા ત્રણ હજાર ઘોડા, એક જાતના અમલખ તમામ સુનેરી સાજના તથા બસો હાથી સુનેરી પાખરના, એક સો ગુલામ ખુબસુરત પરીને ચેહેરેના, જરી પટકાની કમર બાધેલા એકસો બાડી માહાતાબની મિશાલ સફેદ બદનની તમામ જર ઝવેર સાથે આરાસ્તા કીધેલી તથા એક હજાર ઉંટ સુનાની અશ્રફીના તથા એક હજાર ઉંટ પાદશાહી મજલીસના સામાનના, એક હજાર ઉંટ રેશમાના કપડાના, એક હજાર ઉંટ દેહેરા તથા રાવટીના ને તમામ જરી કામના તથા બે દેહેરા ચીતાના ચામડાના, જે ઉપર ગોહરનો જડાવ જડેલો તેથી તે દેહેરામા રાતને વખત ચેરાગનુ કામ નહીં પડતુ એવા રોશન હતા! તેના થાભલા સુનાના તથા મેખો રૂપાની તથા રશીઓ કાચા રેશમની તે ઉપર જર વીટેલો હતો તથા બે તાજ ઘણા કીમતી તેમા એક તાજ પાદશાહ તેહમુ-રસનુ તથા બીજુ પાદશાહ જમશેદનુ તથા પગવાલાની ચાલીસ ખુરસી સુનામા મઢેલી, બે તખ્ત તેમા એક યાકુતનુ તથા બીજુ કેરબાનુ એ ઉપરાત બીજો ઘણોક હદિયો તૈયાર કરી બાર હજાર સવાર સાથે પાદશાહ ફરેદુનની તરફ રવાને કીધો પાછળ પોતે તથા નરીમાન સવાર થઇ ઇરાન તરફ ઘણીક ખુશી સાથે ચાલ્યા

એ ખબર પાદશાહ ફરેદુનને થઇ કે મુબારક કદમનો જહાપેહેલવાન આવી પોહોચ્યો છે તેજ વખત તે પોતાના તમામ અમીરોને સુનાન નકારા સાથે જહાપેહેલવાનને એસ્તેકબાલ લેવા મોકલ્યો અને પોતે અય-વાન ઉપર ઉચે તખ્ત મડાવી બેઠો કે જાણુલી લશ્કરનો દમદમો તથા

સલતનત તથા અદાબે જોય કે શી રવેશનો છે ? એવામા જંગલની તરફથી ગીરદ ઉડી એથી તમામ આસમાન શીહા થઇ ગયુ તે ગીરદમાથી જાણુલી સવારો પેહેલવાનની તરતીબના બખ્તરો પેહેરેલા અને સર ઉપર વાકી કોહેલા મેળેલી અને હાથમા ગોરજ તથા નેજા પકડી આબદાર ઘોડા ઉપર સવાર થયલા અને આગળ પછવાડે ઘોડાઓને જુહુલાન દેતા. બાહેર નિકળ્યા તે સવારોના નેજાઓ ઉપર ગોસ્પદના શીહા બાલના તોરા નીશાનને વાસ્તે બાધેલા હતા તે દેખાવ જાણે ઇરાનનુ જંગલ જાણુલી લશ્કરથી બાગ મીસાલ હતો એ રવેશ લશ્કર ભરાયુ તે લશ્કરની કલબ-ધાહમા પોતે જહાપેહેલવાન તનમા બખ્તર પેઢી સર ઉપર રૂમી કોહેલા મેળી સફેદ હાથીની પીઠ ઉપર સવાર થયલો હતો, તેના સર ઉપર અઝદાહપેકર* ઝુનડો ઉડતો હતો તેની સવારીનો હાથી તમામ સુનાના સાજે સમારેલો હતો તેના મહાવતના સર ઉપરબી જરી તાજ મેળેલુ અને ગરદનમાં સુનાના તોક નાખેલો એ રવેશે દબદબા સાથે જહાપેહેલવાનની સવારી હરોલમા આવી તેની પછવાડે એક બીજી ફોજ નજર આવી તેમા તમામ સવારો લોહોડાના બખ્તરમા ગરક થયલા અને અરબી ઘોડાઓ ઉપર પાખર નાખી ને શેર મિસાલ સવાર થયલા તેઓ રાહમાં ચાલતા માહોમાહે લડાઇના હુનરો કરતા હતા તેઓ ઘોડાઓને ઉચે નીચે જોલાન દેતા અને પોકાર મારતા હતા તેથી તે જંગલના ચીતાઓ ગાભરા થઇ જતા હતા, તે તમામ સવારોના હાથમા જાણુલી ખંજર પકડેલા હતા એ રવેશની ફોજમા જંગી નરીમાન ગોયા પુનમના ચાંદના રોશન ચેહેરાનો મસ્ત પાહાડ મીસાલના ઘોડા ઉપર સવાર થયલો અને તેની આસપાસ તમામ સવારો જરી બખ્તર પેઢેલા ચાલતા હતા જહાં-પેહેલવાનની સવારીના હાથી આગળ તમામ ઇરાની અમીરો અદા અદ-

---

* કેરશારપ અને તેના ખાનદાનીઓએ અજદહાના શેકારો કર્યા હતા માટે તેઓનો ઝુન્ડો અજદહાની શીકળના હતા, જેમ કે ફરેદુને ઇરાની આલમને જોહાકના જુલમમાથી છોડવી તેણે પોતાનો ઝુન્ડો ગાવની શીકળનો રાખ્યો હતો કારણ કે ફરેદુનને પુરમાએ નામની ગાવે ઉધ ર્યો હતો.

બથી ખિદમતમા પાઉ પ્યાદે ચાલતા હતા. એ રવેશે પાદશાહની દરબારમા આવી પોહોચ્યા. પાદશાહ ફરેદુન પોતાના તખ્ત ઉપરથી ઉઠી જહાંપેહેલવાનને એકસો કદમ એસ્તેકબાલ ગયો અને તેની સાથે બગલગીરી કરી તેનો હાથ પકડી લાવી તખ્ત ઉપર સાથે બેઠા અને મુબારક ફાલના નરીમાનને બગલમા પકડીને તેના મોહો ઉપર કેટલાક બોસ્સા દઇ પોતાના તખ્તીની નજદીક સુનાની ખુરશી ઉપર બેસાડયો પાદશાહે બેરઆફીયત પુછી પછી હુકમ કરી ખાણાનો સુફરો તૈયાર કરાવી તે ઉપર તમામ જાતનુ ન્યામત ખાણુ પીણુ મગાવ્યુ

મજલેસ સમારી પાદશાહ ફરેદુનને જહાંપેહેલવાન કેરશાસ્પને વાસ્તે તે વિગેરે બીજી હકીકત.

તરેહ તરેહનુ ન્યામત ખાણુ ખાધાથી તનદરોસ્ત થયા અને બીલોર જામ શરાબે લાલાના ફુલની મીસાલ નજર આવવા લાગી તથા સુનેરી ધુપદાનમા અમર કપુર તથા કસ્તુરી બળતી ત્યાથી તેના ધુવાથી દરબાહ ખુશબોદાર થઈ અને રામશગરોના ખુશ અવાજ નીકળવા લાગ્યા અને વાસળી તથા શરનાઇના પોકાર થવા લાગ્યા અને કરામત લોકોએ તબોરાના કાન ચમર્યાથી તેના તાર સરોદ કરવા લાગ્યા. એ મીસાલની પાકીજેહ મીજલસમા બેસી પાદશાહ ફરેદુન તથા જહાંપેહેલવાન કેરશાસ્પ શરાબની જામ ઉપર જામ નોશ કરતા પાદશાહે જહાંપેહેલવાનને પુછ્યું કે 'તું મારી નજદીક ઘણે દાહાડે આવી પોહોચ્યો" કેરશાસ્પ જવાબ દીધો કે "આદમીને બુઢાપો પોહોચે છે ત્યારે આદમીને બસો ઇલત પેદા થાય છે. એક શાયતમા: ગરમી તથા એક શાયતમાં શરદી જાહેર થાય છે તેથી એ જહાંને મારામાંથી ખુશી તથા મેરાદનું ચાલવું દુર કીધું અને મારા સર ઉપરના બાલ કસ્તુરી મીસાલ શીહ. હતા તેને કપુર

મીસાલ સફેદ કીધા " એ સખુન સાભળી પાદશાહ ફરેદુને જહાપેહેલવાનને જવાબ દીધો કે "તને ઘણોબી બુઢાપો પોહોચ્યો છે પણ તુ હજુર એકસો શેર કરતા જોરાવર છે વાસ્તે મારી ખાયશ છે કે મારી મજલીશમા તું પોતાનુ થોડુક જોર મને દેખાડે" જગી કેરશાસ્પે જવાબ દીધો કે "અય પાદશાહ ! બુઢાપાના સબબથી મારા તનમાથી દસ હીસ્સા જોર કમ થઇ ગયુ છે, પણ તારા દીદાર જોવાથી ગોયા મને પાછી જવાની આવી છે." એટલુ કહી પાદશાહના તખ્ત ઉપર બેઠા બેઠા આસ્તે રહી પાદશાહના તખ્તનો એક પાયો પકડીને એવો તો હુનરથી મરડયો કે તખ્ત ઉપર પાદ-શાહબી હીલ્યો નહી અને તખ્તબી હીલ્યુ નહી બલકે પોતાના હાથમા શરાબની જામ ભરેલી હતી તેનો શરાબબી હીલ્યો નહીં એ મીસાલ આશાનીથી તખ્તનો પાયો મરડયો તે દલેરી જોઇને પાદશાહ ફરેદુન દોવા કરીને કેહેવા લાગ્યો કે "બેશક જોર તે એવા હુનર સાથે જોઇયે. અય જહાપેહેલવાન ! આફ્રીન છે તારા જાન ઉપર કે એવા બુઢાપાના વખતમા તુ એવુ જોર તથા કૌવત રાખે છે તેથી મારી ખાતર જમા છે કે તુથી મારી તમામ મુરાદ જરૂર બર આવશે" એટલુ કહી પાદશાહે પોતાનુ જોર દેખાડવા વાસ્તે પેલો તખતનો પાયો જે જહાપેહે-લવાનને મરડયો હતો તેને તખત ઉપર બેઠા બેઠાજ એક હાથે પકડીને એવા હુનર દેખાડયો કે તખતબી હીલ્યુ નહીં અને શરાબની જામબી છળકાઇ નહી અને જહાપેહેલવાનબી હીલ્યો નહીં એ રવેશે પાદશાહે તે પાયો પાછો સીધો કરી મેલ્યો ! તેનુ જોર તથા હુનર જોઇ મજલેશના તમામ લોકો તથા જહાપેહેલવાન સર્વે પાદશાહ ઉપર આફ્રીન કરવા લાગ્યા પછી દમબદમ શરાબની જામ ઉડાવી પાદશાહની તથા જહાપેહેલ-વાનની યાદમા નોશ કરવા લાગ્યા એમ કરતા દિલની હુસ્યારી ઉપર શરાબની કેફે ગલબો કીધો યાને પુરા કેફમા આવ્યા ત્યારે તમામ સરદાર લોકો મજલીસમાથી ઉઠી સર્વે પોતાના અયવાન તરફ ગયા એ મિસાલે એક મહિના લગી જહાપેહેલવાન કેરશાસ્પની મદારત વાસ્તે પાદશાહ રોજબરોજ નવી મિજલસ સમારી કેટલોક ગંજ ખરચ કરતો હતો. એક મહિનો તમામ થતા પાદશાહ ફરેદુને જહાપેહેલવાન કેરશાસ્પને

વાસ્તે સરોપાવ તૈયાર કીધો અને પોતાના ખજાનામા જે ખાસ ચીજો હતી તે મગાવી જહાપેહેલવાનને આબરૂ આપવા વાસ્તે બક્ષી તેમા એક બખ્તર પોલાદના લોહડાનુ જે ઉપર તમામ પાદશાહી ગોહરનો જડાવ જડેલો, એક તોપ જરાવની, એક સુખ્ખ સુનાની ઢાલ જે ઉપર કીમતી ગોહરનો જડાવ મઢી લીધેલો હતો તેથી આફતાબ મિસાલ ચળકતી હતી. એક સો ઘોડા સુનાની નાલના જરી જીન સાથના, ચાલીસ દેહેરા તમામ જરીનકામના, એક અઝદાપેકર શીહા ઝુડો, જેના સર ઉપર પીરોજાનુ બાજ જાનવર બનાવી બેસાડેલુ હતુ એક સો ગોલામ પરી મિસાલના જરી મોજાં સાથના, એક સો જોડ તામાના નકારાની, વીસ જોડ સુનાના નકારાની, એક સો દેહેરા ગંગારંગ કપડાના, એક સો ઘોડા સુનાની લગામ સાથના, બે હાથી ખાલેગ રૂપા મિસાલ સફેદ બદનના, બે હજાર સંદુક તેમા લડાઇનાં તમામ હથિયારો ભરેલા બસો સંદુક બખ્તરે ભરેલી, ચાલીસ ઉંટ સુનાની અશરફીના ભરેલા, એ મિસાલે પાદશાહ ફરેદુને જહાપેહેલવાન કેરશાસ્પને સરપાવ બક્ષ્યો, ત્યાર બાદ પેહેલવાન નરીમાનને બીજો કીમતી સરપાવ આપ્યો તેમા એક ગોરજ પાદશાહ તેહેમુરસ્પનો, પાદશાહ હોશંગનો એક કમરબંધ, તાજદાર પાદશાહ જમશેદની કોલાહ, પોતાની સવારીનો એક ઘોડો તમામ જડાવના સાજ સાથે સમારેલો, એક એલમાશના લોહોડાંની તલવર તથા જંગી ઢાલ તથા પાદશાહ નવરંગનુ બખ્તર તથા બીજો ઘણો સરોપાવ નામદાર નરીમાનને આપી ઘણીક દુવા કીધી પછી ફરમાવ્યુ કે અવ્વલ પેહેલવાન નરીમાન લશ્કર સાથે હરોલમા નિકળે તેને પાદશાહ ફરેદુને તે દાહાડેથી પોતાના લશ્કરનો સપેહસાલાર કીધો અને ઇરાની લશ્કરની સપેહસાલારીનો ખેતાબ નામજોય નરીમાનને આપ્યો અને પોતાના લશ્કરમથી પચાસ હજાર સવાર તથા એક લાખ જંગી પયદલ સિપાહી ચુટી કાહાડી નામદાર નરીમાનને હવાલે કીધા અને ઘણી તાકીદથી કેરશાસ્પને કહ્યું કે 'અય પેહેલવાન! તુ શેતાબ જેહુનની નદીથી ઉતરી આગળ જા અને તુરાનના મુલક ઉપર લડાઇનો ઝુડો ઉઠાવ' તું જાણુતો નથી પણ તુરકસ્તાનના મુલકના જેહુનના મમ દરિયાવથી તે જે જગાથી આફતાબ નિકળે છે ત્યા લગી સરહદ સાભળવામા આવે છે વાસ્તે

તે મુલક ઉપર જા અને તે જગાના પાદશહોને તથા ખાકાનચીન વગેરે તમામ કોઇ તાજદારોને આપણા તાબામા કર ! તેઓ પાસેથી સલામી લે તથા જે તારા હુકમથી સર ફેરવે તે પાદશાહને પકડી મારી દરગાહમાં મોકલી દે ! હું તેને લાયકની સજા કરૂ ! જે તારા ફરમાબરદાર થઇ તારી ખીદમતમાં કમર બાંધે તેની કુલે સુલતનતનો બચાવ કરજે તેના શેહેરનાં એક મોર્ગના પરનેબી આજાર પોહોચે તેવુ કરતો ના ! આપણા લશ્કરમા એવો રાબેતો રાખજે કે જગા જાય ત્યા ખોદાની ખલક ઉપર બેદાદી નહીં કરે, ગરીબોને ઇજા નહીં દે તથા જે જગાએ તુ નવો પાદશાહ બેસાડે અથવા તેજ જગોનો પાદશાહ તારો ફરમાબરદાર થાય તેને તાકીદ કરજે કે બેગુનાહ ને બેતકસીર આદમીને હરગેજ રંગ નહી પોહોચાડે. કોઇ પાસેથી હરેક સોદો ખરીદ કરે યા જે ચીજ તુ પોતે લે તેનુ દામ આપ્યા વગર લેતો ના ! જુલમ તથા જાસ્તી ગરીબ ગુરબા ઉપર કરતો ના ! તુ પોતાની પોસતપનાહમા હરદમ પાક યઝદાંને રાખજે અને તે સાહેબથી દરતો રહેજે ! તુ જે કામ કરે તેમા અકલ અને હુશિયારીને પોતાનો આશનાવ કરજે ! તુ બખીલાઇનો પેશો કરતો નહીં તેમ બખીલનુ નામ કાને સાભળતોબી નહીં અને બખીલ આદમીને તરત તારી પાસથી દુર કરજે ! જે શખ્સે બખીલ ઉપર મેહેરબાની કીધી તેણે ઓયા ખોદાતાલાની ખલવ ઉપર સિતમ કીધો વાસ્તે બખીલને મારતા ગમ ખાતો નહી. અગર આપણે બખીલી કરીયે તો અપણુ લશ્કર બદિલ થઇ પરાગંદે થઇ જાય જેથી દુશમન આપણા ઉપર ગાલેબ આવી પોતાનુ ચાહયુ કરે. જે આદમીનો એક મરતબે તારી નજરમા એતબાર નહીં અવે તો તે આદમીનો હરગેજ એતબાર કરતો નહીં જે આદમી અદેખાઈ ભરેલા હોય તેને પોતાની નજદીકથી દુર રાખજે ! બેઅકલ આદમી આવી એકાએક કાઇ દેહસ્તની વાત તરી નજદીક કરે તો તેનો કશો અંદેશો કરતો નહીં જે આજેજી કરીને જીવતદાન માગે તે ઉપર મેહેરબાન થઇને બક્ષજે અને તે ઉપર જુલમ કરતો નહી. જે કામમાં શાબાશી તથા નામદારી હોય તે કામ હાથમાથી મેળતો ના તથા જે જગા કાસમ તથા કોલનો સખુન દરમ્યાન આવે ત્યાને તું કોઈસાથે કોલ કરે યા સોગં

ખાય તે કામ ઉપર સર જાય તો સુખેથી આપજે પણ કોલથી ફરતો ના. ઇનસાફ કરતી વખતે કોઇની રૂશવત તથા રૂખ રાખીને સિતમની રાહ ઉપર ચાલતો ના ! તુ દુશમન ઉપર ગાલેબ આવે અને તે તારા હાથમા બધ પડે તો એકાએક તેને જીવથી મારતો ના તથા તેને બુઝર્ગી આપે તો શરફથી તથા મગરૂર થતો ના ! તારા લશ્કરની નજદીક પોતાની મુફલસીની વાત કરતો ના ! મિજલ્લસમા બેસી કોઇની મશકેરી કરતો ના !" એ રવેશની કેટલીક નસીહત કરી એક હુકમનામુ લખી આપ્યુ તેમાં લખ્યુ કે "હરએક મુલકના પાદશાહોને માલમ થાય જે નામદાર કેરશાસ્પ પેહેલવાનને મે મારી તરફથી મોકલ્યો છે વાસ્તે એના તાબામા રહી સલામી કબુલ કરજો અગર નહી તો એની તલવારથી તમો ખરાબી દેખશો ! પછી તમો મારી ઉપર સુલેહનો પેગામ મોકલશો તો તે હું હરગીજ કબુલ કરીશ નહી મારી પાદશાહીનો તમામ અખત્યાર જહાપેહેલવાન કેરશાસ્પને આપ્યો છે તેથી એ નામદાર જે કરશે તે થશે." એવુ નામુ લખા તે ઉપર પાદશાહ ફરેદુને પોતાની મોહર કીધી અને પાદશાહ ફરેદુને ભારી દમદબાથી જહાપેહેલવાનને રૂખસત કીધો

જહાંપેહેલવાન કેરશાસ્પ મુલકગીરી ઉપર નિકળ્યો તે વિગેરે બીજી હકીકત

એક દીને મુબારક ફાલ અને નેક સાયત જોઇ જહાંપેહેલવાન કેરશાસ્પે પોતાનુ તમામ લશ્કર અમલો શેહેર ઉપર રહી નીમરોજની તરફ ચલાવ્યુ ત્યાંથી શબરગાન શેહેર તરફ ખુશીથી ગયો કે જેને બલખબાંમી ફરીનેબી કહે છે અને ત્યાથી કુચ કરી બલખ સેહેર ઉપર રહી જેહુનના દરિયાવ કિનારાથી તે માહાવટા નેહેર વીગેરે ચીનનો મુલક તમામ તથા ચાચ શેહેર તથા અમો તથા ખોતન ફકલાબ તથા ખોતલાંન એ વીગેરે

બીજા ઘણાએક શેહેર તુરકસ્તાનના મુલકમા આબાદ હતા એ મિસાલના તમામ તુરકસ્તાનના શેહેરો ઉપર જઇ તે જગાથી સલામી તથા નજરાણુ લઇ બીજા શેહેર તરફ આગળ ચાલતા જહાપેહેલવાન ફેરેશાસ્પ ચાચ શેહેરમા જઇ પહોચ્યો તે શેહેરના બુઝર્ગો સર્વ આજજી તથા મીનતથી આવી મળ્યા. તે જગાથી આગળ ચાલતા એક શેહેર ઘણુ ખુશ હવાનું દીઠુ, તે પસદ કરી ત્યા દેહેરા મરાવી એક હફ્તા લગી આશાયશ લીધી. તે જગલમા રહી હરરોજ શેકાર કરતા હતા. તે શેહેર દરમ્યાન એક દજ ઘણો જુનો હતો પણ ત્યાના બુઢા લોકો પણ ખબર નહીં હતી કે એ દજ કોણનો બનાવેલો છે અને શા વાસ્તે એટલો મજબુત કીધો છે ? તે જગા ઉપર અરધી રાતને વખત એક પોકાર ઉઠયો તેથી ગોયા ધરતીકપ થયો હોય તે મિસાલ જમીન હાલી ! તે દજની એક તરફથી ચોથો ભાગ ઉપરથી તુટી નીચે પડયો તેમાથી ચાલીશ ડેગ તાબાની નજર આવી તે ડેગ નજદીક જઇ જોય શુ કે તમામ ડેગોના મોહડા મીટીથી બધ કીધેલા હતા તેના મોહડાપરથી મીટી ઉખેડી ત્યારે તે તમામ ડેગો સુનાએ ભરેલી માલમ પડી તે ડેગો તમામ ખાલી કરાવી તમામ સુનુ તે ગામના લોકોને બક્ષી દીધુ જેથી તે ગામમા ઘણું લગી જહાપેહેલવાન ફેરશાસ્પની નેક-નામી ઝમા ઉપર યાદગાર રહી. પછી તે જગાથી કુચ કરી અગળચાલ્યા અને મજામ શેહેરમા દાખલ થયા, જે જગાના સર્વ બુઝર્ગો આજજી કરતા ફેરશાસ્પની નજદીક આવ્યા અને બેશુમાર હદિયો નજર કરી તેના તાબામા થઈ સલામી કબુલ કીધી તે લોકોને જહાપેહેલવાને દિલાસો દીધો ને ત્યાથી ખુશીથી લશકર સાથે આગળ ચાલ્યો તે જગા ગાદમા ઘણાક પાહડો સરદ હવાના દીઠા પણ તે પાહડોમા સુનુ, રૂપુ, તાબુ તથા ગોહ-રની પેદાયશ બેશુમાર હતી. તે જગાના પાહાડ ઉપર એક ઘર સખત પથરનુ બાધેલુ અને તેની પાસે એક ગાર હતો, તેનો દરવાજો ઘણું અધારાનો અને તગ રાહનો હતો તે જગા સખ્તીથી આગળ જઈ નેઘાહ કરી જોયુ તો તે ગારમા તમામ એલીઓ ભરેલો હતો અને તેમાથી ઘણી વરાળ નિકળતી હતી તે જગાથી તમામ લસકરે ખાએશ મુજબ સુનુ રૂપુ અને ગોહર લીધા એ મિસાલ જહાપેહેલવાન ફેરશાસ્પ પાદશાહ

ફરેદુનની પાદશાહીના રોશન બખ્તના ચળકાટે જે જગા જતો ત્યા આશ્રા-નીથી કામ કરતો હતો અને રજ તથા મેહેનત કરવી પડતી નહીં હતી ! અલ્બત્ત તો હરતરફ જઇ તે જગાના પાદશાહને વધાઈ કેહેવાડતો કે "જમશેદી ઝળકાટના દાદગર પાદશાહ ફરેદુને જુલમગાર જોહાક પાસેથી તખ્ત અને તાજ છીનવી લીધુ છે અને તે સિતમગાર જોહાકને બધ કીધો છે તેથી તમામ જહાન બેદાદીથી ખલાસી પામી છે" એ મિસાલે ખુશીથી સર્વે વધાઈ કેહેવાડતો, તે સાભળ્યાથી સવ ખુશી થઇ કેહેતા કે "આ જહાન એક મરતબે નવેસરથી આબાદ થઇ" એમ કરતા આગળ ચાલી શેહેર શાદાબની નજદીક જઇ તે જગાની નદીથી ગુજર કીધી તે નદીની પેલી તરફ કિનારા ઉપર જઈ પોહોચ્યા ત્યારે તે જગા તમામ શબજો, ફુલ તથા મેવાએ ભરેલી દીઠી, તેથી ત જગા મુકામ કીધો અને તે ફુલના કયારા દરમ્યાન ઘણીક પાણીની નેહેરો જારી હતી અને ભાત-ભાતના ફુલો ઉપર બુલબુલ પોતાના દિલથી પોકાર કરતા જેના અવાજ ઉપર ફુલની કળી પોતાના કપડા ચાક કરી બાહેર નિકળતી હતી, યા ફુલ ખીલતા હતા તથા પાણીના ચશમામા બેશુમાર માહીં તરતી હતી. તે જગે હરતરફ ગોરખર તથા હરણના ટોળા ફરતા હતા તે ખુશ હવા જોઇ જહાપેહેલવાન તે જગા મુકામ કરી એક હફતા લગી રહ્યો તે મુલકના બુઝર્ગ લોકો ઘણો હદિયો લઇ કેરશાસ્પને એસ્તેકબાલ આવી મળ્યા પછી તે જગાથી ખુશી સાથે આગળ ચાલતા ગયા. જતા ઈલાક નામની નદી હતી તે નદીની હવા તથા પાણીની મોજની હકીકત લખી છે કે ગોયા નદીની નજદીક આસમાન પોતે કમર બાધી ગુસ્તાખેજ કરવા વાસ્તે આવ્યુ હતુ આવી દરામણી જગા હતી તથા તેના પાણીના મોજા એટલા તો ઉછળતા હતા કે તેનુ પાણી આસમાન સાથે જઇ લાગતુ હતુ તેમા તોફાન એવુ થતુ કે જે મીસાલ ખરાશની ઘટી ફરે તે મીસાલ તે પાણી ફરતુ તથા તે પાણીની ચાલ એવી તો જોશમા હતી કે અગર અલબરૂઝ પાહડ આડો આવે તો તેનેબી તોડી નાખે તે પાણી પેચમા સાપ મીસાલ મરોડાતુ ચાલતુ હતુ અને ચોફારમા વાદળ મીસાલનુ' અને તે પાણીનો રંગ લીલા સાપ મીસાલનો

હતો તે નદી લંબાઇમા મશરેકથી તે મગરેબ લગી જઇ પોહોંચેલી હતી તથા તેની હેબતનો દબદબો કયામતનો દાહડેના મોતની મીસાલનો હતો તે પાણીનો શોરશાર રસ્તાખેજ મીસાલ હતો તથા એટલી તો પોહોળી હતી કે એક મગરમચ્છ જોશથી ચાલતુ તો ભાગ્યગે એક મહિને પણ તે નદીને બીજે કીનારે જતુ એ મિસાલની ડગામણી નદીમાથી જહાંપેહેલવાન પાક યઝદાની મદદથી અને પાદશાહ ફરેદૂનના સેનારાની રોશન ચાલથી પોતાના તમામ લશ્કર સાથે ગુજર કરી આગળ ચાલ્યો પછી શારબાન લોકાને તથા ફરાશ લોકોને તાકીદ કીધી તેથી શિતાબ તેઓએ આગળ જઇ તાતાર દેશની સરહદમા દેહેરા મારયા તે પછવાડે પોતે જઇને ત્યા તે જગો લશ્કર સાથે કરાર પકડયો તે તાતાર દેશનો પાદશાહ ખાકાન એકર નામનો હતો, તેના તાજની બુઝર્ગી માહતાબ ઉપર બાજી લેતી હતી યાને ઘણો ભલો પાદશાહ હતો. તે પાદશાહ પોતાના લશ્કરનો હિસાબ લેતો ત્યારે લડાયક જંગી સવારોની સીત્તેર હજાર ફોજનો શુમાર આવતો અને તે લશ્કરની લડાઇથી આસમાનથી આફ્તેજ આવતુ હોય એવો બનાવ બનતો હતો. તેનો તમામ ખજાનો અગર બાહેર કહાડે તો તમામ હફ્તેકિશ્વર જમીનનો મુલક ભરાઈ જાય એટલો હતો!—તે ખાકાનએકર પોતાના શેહેરથી શેકાર વાસ્તે બાહેર નિકળતો ત્યારે તેની સાથે જલેબમા દસ હજાર સવાર તથા એક હજાર હાથી તો ખાસ સવારીમા નિકળતા હતા જરીપટકાનો કમરબંધ બાંધનારા બે હજાર ગોલામો હાથમા તીર કમાન પકડી ખિદમતમા પાઇપ્યાદા ચાલતા તથા તે પાદશાહનો ઇનસાફ એવો રાસ્ત હતો કે રાતદિન કેટલાક પ્યાદા તથા એક સરદારને સાથે આપી હર જગા મનાદી કરાવીને પુછાવતો કે જે ઉપર હરએક વાતનો જુલમ જાસ્તી હોય તે આવી મારી નજદીક જાહેર કરે એ રવેશ રોજબરોજ મનાદી ફેરવી શેહેરની ખબરદારી રાખતો અને જેના ઉપર જુલમ હોય તે શખ્સ આવી પાદશાહને હેવાલ કેહતો તેની તમામ હકીકત સાંભળી તેજ વખત તેની દાદ લેતો હતો અને કેટલુક હેશાન પોતાની તરફથી કરી ને નવાજતો અને ઇનસાફ કરતી વખત કોઇની મરવત તથા રૂખ રાખતો નહીં હતો. પોતાનો

ખેશ પણુ હોય કે બેગાનો હોય પણુ ઇનસાફની રાહમા કોઈની મરવત કરતો નહી હતો. પણુ જે વાજબી હોય તે ન્યાય કરતો હતો તથી પાદશાહ નામદારીમા ઘણો મશહુર હતો. તે પાદશાહના અયવાનની નજદીક એક કોઠડી ઘણી બુલદ હતી, તે કોઠડીનો દોર એક ફરસગ કરતા જ્યાદા ફરતો હતો. તેનેં એકત્રીસ દરવાજા સુનાના હતા, પાદશાહની સલામ વાસ્તે યા હર એક કામને વાસ્તે આવતા, તે લોકોને હરરોજ એક એક દરવાજો અલાહેદો ખોલી આપતા, તે રસ્તે આવતા અને એકત્રીસ દિન તમામ થતા કે ફરી પેહેલે દરવાજેથી આવવા જવાનો હુકમ થતો. તે દરેક દરવાજાની નજદીક એક બાગ ઘણો તાજો તરેહવાર ફુલે ભરેલો તથા તે કોઠડીની તમામ દીવાલ સુનાની તથા જમીન ઉપર સગેમરમરની ફરસબદી હતી તે પાદશાહના ખાસ અયવાન આસપાસ ચાલીસ સુનેરી ઝાડ હતા જેના ફુલ તથા ફળ ગોહરના તથા તે બાગમા બસા ગુબજ સદલ હાથી દાત તથા અગરના બનાવી ઘણી આરાએશતથી શણુગારેલા હતા તે બાગમા બે અયવાન ઘણુાજ અજાયબ બનાવેલા હતાં તે અયવાન નજદીક એક દેહેરો ચાલીસ વામનો ઉઠાવેલો હતો. તેનુ સર અયવાનની અગાસી કરતા ઉચુ ગયલુ હતુ. તેનુ કપડુ ચીનાઈ દેબાનુ હતું અને તેના થાભા સુનાના હતા, તે ઉપર ગોહરનો જડાવ જડેલો અને તેની કનાત મખમલની હતી, તે ઉપર જરબફતરનુ કામ કીધેલુ હતું, અને આસપાસ મોતીની લટ લટકતી હતી. એ મીસાલનો પાકીજેહ દેહેરો મારેલો હતો મોટા જશનનો દાહાડો આવતો ત્યારે પાદશાહ તે ખાસ મિજલસ કરવા લાયકના દેહેરામા પોતાનું તખ્ત માડતો અને ત્યા મિજલસ આરાસ્તા કરતો હતો. તેના મુલકમા હકતાલાની ફજલથી ફરાખી ઘણી હતી અને કાઇ આફત હતીજ નહીં. વરસાદના મોસમ ઉપર વરસાદ તથા પવન તથા તાહડના દાહડા ઉપર તાહાડની રૂતુ સર્વે આદમીઓને ખુશ આવે તે મીસાલ હતી. તે પાદશાહના પોશાકમા ઘણુાખરા ચીનાઇ દેબા તે ઉપર જરબફતનુ કામ હતું તથા બીજા સપેહસાલારો ચીનાઈ રેશમી કપડા પેહેરતા હતા. તેની તમામ રૈયત રેશમી પોશાક પેહરતી અને ફકીર લોક ઊનના કુરતાં પેહેરતા હતા. એ રવેશે "શેહેરના

તમામ લોકો પોતપોતાના વેશમા મશગુલ રહી એક કરતા અને પોતાના પાદશાહની દાદ, ઇનસાફ, તથા નેક નૈયત ઉપર દુવા કરતા હતા તે તાતાર મુલકની આસપાસ બીજા શેહેરોમા પાદશાહો હતા અને ખાકાંન-એકર તમામ વાતથી બેપરવાહ હતો પણુ નાપાક બદખસલતના જોહાકથી ઘણો દરતો હતો કારણુ કે જોહાક ઘણો બેદાદગર અને અદેખો હતો તેથી હમેશા દર ભરેલો રેહેતો અને હરરોજ પોતાના દિલ સાથે કેહેતો કે પાક યઝદાની કુદરતથી કોઇ નેકબખ્ત મરદ એવો પેદા થાય કે એ નાપાક જુલમગાર જોહાકની પાદશાહી છીણુવી લે એ રવેશનો અદેશો તે પાદશાહ હમેશા કરતો હતો

નામુ લખ્યુ જહાંપેહેલવાન ફેરશાસ્પે પાદશાહ ખાકાન એકર ઉપર તે વિગેરે બીજો હેવાલ.

જહાપેહેલવાન ફેરશાસ્પે તાતાર શેહેરની સરહદમા આવી દેહેરા માગ્યા અને લશ્કર સાથે મુકામ કીધો અને નવીશદાને બોલાવી ફરમાવ્યુ કે શિતાબ એક નામુ પાદશાહ ખાકાનએકર ઉપર દબદબા ભરેલુ લખ કે "શિતાબ ફરમાબરદારીથી સલામી કબુલ કર નહી તો લડાઇનો સામાન તૈયાર કર અને હોશીઆર રેહ !" નવીશદાએ એ હુકમ જહાપેહેલવાનની ઝબાનથી સાભળ્યો કે શિતાબ એક નામુ ઘણીજ દાનાઇથી ખુશ ખતે કરી લખવા માડ્યુ. તે નામમાં પ્રથમ પાક પેદાના કરનારનુ નામ લખ્યુ કે "તે સાહેબે શીહા રાતમાથી સફેદ રોજ જાહેર કીધો તથા પાણીને વગર પગે બેશુમાર જોરથી ચાલતુ કીધુ પવનને આસમાનની હવા ઉપર ઉડવું આપ્યુ ને આસમાનને ફરતુ કીધુ તથા એક પાણીના કતરાથી આદમી પેદા કીધુ તે આદમીને દાનાઇ તથા અકલ આપીને દુન્યાની તમામ ચીજો ઉપર સરદારી આપી તથા આદમીને પોતાની પાક રાહ ઉપર રસ્તો

બનાવ્યો. એવા પાક સાહેબે બુઝર્ગીનુ તખ્ત બીજા પાદશાહ પાસેથી નામદાર ફરેદુનને બક્ષ્યુ અને તેને જેહાનનો પાદશાહ કીધો અને મને તેનો ફરમાબરદાર કરી સપેહસાલારીનો ખેતાબ બખશ્યો" એ રવેશ હકતાલાની તારીફ લખી, પછી ખાકાનએકરને લખ્યુ કે "હું જાણુ કે એ નામુ જાબુલ પાદશાહના પાદશાહ કેરશાસ્પનુ છે. તુ તુરાન જમીનનો પાદશાહ ખાકાનએકર કેહેવાય છે તેથી તારી ઉપર લખ્યુ છે. તારી બુઝર્ગી અમોએ જાબજા ઘણી સાંભળી છે તેથી તને દાનાવ અને દુર-અંદેશ જાણી લખ્યુ છે કે આ ફરતા આસમાને જેહાનના દિલ ઉપરથી દરદ ઉડાવી નાખી પાદશાહી તાજ નાપાક જોહાકના સર ઉપરથી છીનવી લીધુ છે અને એક નવજવાજ બચ્ચાને બક્ષ્યુ છે તેથી તમામ જગાએ ઇન્સા-ફનો દરવાજો ખોલ્યો છે અને એ નેક પાદશાહનુ તન જમાનાએ ગોયા પોતાને હાથે ઘડયુ છે તેથી આફતાબ તેના રોશન ચેહેરા ઉપર સિતારાનો વધાવો કરે છે તેથી તેનુ નામ ફરરોખ ફરેદુન કહેવાય છે તેણે પોતાના રોશન બખ્તના જોરે જોહાક તાજના સર ઉપરથી તાજ છીણવી લીધુ તેથી પાક યઝદાની ભલી દીનનો કદમબો આફતાબ મિસાલ જેહા-નમા રોશન થયો છે અને નાપાક જાદુગર લોકોના સર ખાકમા પસ્ત થઇ ગયા છે વાસ્તે હું ઇરાન જમીન તરફથી પાદશાહ ફરેદુના હોકમથી આ મોલક ઉપર એટલા માટે આવ્યો છુ કે તુ પણ મારી મિસાલ પાદશાહ ફરેદુનને તાબે થઈ મારી સાથે આવી તે બુઝર્ગ તખ્તના બેસ-નાર પાદશાહના તખ્તને બોસો દે તો તારાથી ફારેગ થઇ ફગફુરચીન ઉપર કમર બાંધુ વાસ્તે આ નામુ તમામ વાચી એમા લખ્યા ઉપર અમલ કરજે! અગર તારામા દાનાઈ હોય તો તારો મુલક તથા દોલત સંભાળવાને વાસ્તે શિતાબ સલામી કબુલ કરી મને આવી મળજે, નહીં તો તારા લશ્કર સાથે શિતાબ મેદાનમા નિકળજે. ખોદાતાલા જે ઉપર ફતેહમદીનો દરવાજો ખોલે તે આસમાન સાથે પોતાનુ સર પહોંચાડે છે પણ તું ખાતરજમેથી જાણજે કે જે રાસ્ત રાહ ઉપર ચાલી પાક યઝદાની-દીનને હાથમાથી મેલે નહીં યાને હકતાલાની પરશતેશનો કરનાર હોય તેને હરેક જગો લડાઇમા ફતેમદી હોય" એ રવેશ નામુ લખીને તે ઉપર

પોતાની મોહોર કરી પછી એક દાના એલચી ઘણો શાયસ્ત હતો તેને આપી ખાકાનએકરની તરફ રવાના કીધો તે દાનાવ એલચી ખાકાનએકરની દરબારમા જઇ પોહોચ્યો ત્યારે પાદશાહ ઉપર ઘણીક દુવા કરી અદબથી પેલુ નામુ પાદશાહના તખ્ત ઉપર મેલ્યુ અને જે ઝબાની પેગામ કેહેવા- કહ્યો હતો તે જાહેર કરી કહ્યો ખાકાનએકરે જહાપેહેલવાનનુ નામુ જોયુ તથા એલચીની ઝબાની હકીકતથી વાકેફ થયો ત્યારે અંદેશાથી કેટલાક વાર ખામોશ રહી પછી ધીરેથી પુછવા લાગ્યો કે "અય નામાના લાવનાર ખુબસુરત એલચી ! હુ તને કેટલીક હકીકત પુછુ તે રાસ્તી હોય તે મને કેહે ! કારણ આલમમા મહશુર છે કે ઇરાની લોકોની ઝબાન ઉપર જુઠા સખુન હોય નહીં* તેથી હુ તને અવલ તો એ પુછું છુ કે એ નવો પાદશાહ ફરેદુન કોણના તોખમથી છે અને તેની નજદીક જોહાકનો મહજબ કબુલ છે યા નહીં તથા તે પાદશાહ દીન શી રવેશની પાકીથી રાખે છે અને મહજબની રાહે પાક યઝદાથી શી ખબર રાખે છે ?"

એ રવેશના સખુન ખાકાનએકરે પુછ્યા ત્યારે એલચી કેહેવા લાગ્યો કે "અય દાના પાદશાહ ! હુ કહુ તે નેક એતેકાદથી સાભળ કે જે પાદશાહ હોય તેની પાસે કટલીક ચીજ મોજુદ હોય ત્યારેજ તેને નેક પાદશાહ કહીયે અવ્વલતો પોતાની જાતે નેક અકલ રાખે તથા તેને નેક ખુબસુરત તથા પોતાના બુઝર્ગોની રાહ રસમ જાણે તથા હાથ સખાવતનો રાખે તથા દાદ ઇનસાફ કરે તથા હકતાલાની ખલકને પોતા પાસે અમા- નત કરી જાણે અને ખલકની પાસબાની કરે તથા પોતે જાતે બુન્યાદદાર હોય તેમજ સખુન બોલવમા રાસ્ત તેમજ કોલ તોડે નહી તથા નેકીની રાહને જાળવે તથા પોતાનો દબદબો રાખી જાણે, દિલમા રેહેમ ઘણી હોય એ તમામ ચીજ જે પાદશાહમા મોજુદ હોય તેને પાદ- શાહ જાણવો, એ તમામ ચીજ કરતા હજાર ઘણી ખુબી ગાદશાહ ફરે- દુનમા છે તેથી તેની ઉપર પાક યઝદાની મેહેરબાની છે. હુ તેનો રવૈયો

---

* ઇરાનીઓ સચ્ચાઇના સાથી હતા તે વીશે હીરોદોતસ કહે છે કે દરેક ઇરાની બચ્ચાને પહેલા સાચ્ચુ બોલવાની કેળવણી આપવામા આવતી

પુછે છે તો તે પાદશાહ પાક દીનના અયોમરદની દીન ચલાવે છે અને બુન્યાદ પાદશાહ તેહેમુરસ્પ દેવબધથી રાખે છે અને જોહાકની બદ રાહ રસમનો દુશમન છે યાને જોહાકની જાદુઈ ભરેલી રાહને બરહમ મારે છે. તે પાદશાહ પોતાની નજદીક હેરેમન તથા જોહાકને એકસાં જાણે આ જહાનને વાસ્તે કેહે છે કે હકતાલાએ પેદા કીધી છે અને હકતાલાજ નાપેદા કરી નાખશે તથા એ જહાનથી ગુજરીને તે જહાનમા જઇયે છે ત્યા રાહમા એક પુલ તેજ તલવાર મીસાલ છે તે પુલ ઉપર થઈ સવે કોઇને ગુજર કરવી છે અને પાક યઝદા આપણુને તે જગ્યાએ નેકી તથા બદી શિવાય કાઇ બીજુ પુછતો નથી તે કીધા પછી જે નેકબખ્ત સવાબમદ હોય તેને રોશન બેહેસ્તમા જગા આપે છે અને જે શીહાબખ્તનો બદીનો કરનાર હોય તેને દોજખમા બદીવાન કરે છે. તેની નજદીક પહરેજગાર મરદને ઘણી આબરૂ છે તથા તેનો ઇનસાફ એવો છે કે લોકડીના બચાને શેર પોતાની ચુંગાલ ઉપર લઇ જઇ પોતાનુ દુધ પાઇને પાળે છે, એ રવેશે પાદશાહ ફરેદુનની રાહ રસમ છે"

ખાકાનએકરે એલચીની ઝબાનથી એ સખુન સાભળ્યા ત્યારે પાદશાહ ફરેદુનની રાહ રસમને કબુલ કરી તે એલચીને કહેવા લાગ્યો કે "અય દાનાવ એલચી! અગર એ મિસાલનો મજહબ તથા ખુબી તારા પાદશાહમા હશે તો જાણુવુ કે એના જેવો નેક પાદશાહ દુનિયામા કોઇ બીજો થયો નથી, પણુ મે તને પુછ્યુ તેના આ મીસાલાન જવાબમાં મને એતેબાર આવતો નથી વાસ્તે તુ થોડા દિન આ જગા આરામથી રેહે કે હુ બીજા શખ્સોને પુછી તજવીજ કરૂ તુ જાણુતો નથી કે અગર કોઇનુ ફરજદ દેવ મીસાલ બદસુરત હોય પણુ તેના માબાપ હર જગા તેની ખુબી બેહેસ્તની પરી કરતા ઘણી જ્યાદા કરે. આદમીની ખુબી, હુનર તથા દાનાઇ બીજા દાનાવ લોકો ક્યારે પસદ કરે કે તેજ શખ્સના દુશમન તેની ખુબીના સખુન બોલે ત્યારે તે વાતની ખાતરનીશાથી જાણ્યે કે એ વાત દરૂસ્ત છે. પાદશાહને ઘણી તાકીદ એ વાતની

છે કે હરેક કામ કરે તેની અવ્વલ તજવીજ કરે પછી જે કામ કરવુ હોય તે કરે એક મારો કાકો હતો તેની તબ્યત એવી હતી કે તેને કોઇ શખ્સે અવ્વલ જે આવી કહ્યુ હોય તેની તજવીજ કરતો હતો નહીં કે એ શખ્સ પોતાની ગરજને વાસ્તે જુઠુ બોલે છે યા સાચુ બોલે છે ' તજવીજ કીધા વગર તે ઉપર અમલ કરતો તેથી તેના હાથમાથી પાદશાહી ગઈ અને આજ લગી તેને સર્વે બુરા સખુન બોલે છે તેથી હુ મારી ખાતરનીશા થવા તારી વાતની તજવીજ કરવા ચાહુ છુ વાસ્તે તુ એક હફતો એ જગા રહે ! હુ મારા આદમી જાબજા મોકલી એ વાતની તજવીજ કરૂ, ત્યારે પછી તને નામાનો જવાબ લખી આપુ." એટલુ કહી એક અયવાનમા તે એલચીને જગા આપી રાખ્યો એ વાત તો એ જગા રહી

હવે ખા ાનએકરનો એક ભાઈ ઘણો જબરદસ્ત હતો તેથી હરએક જગા તેનો ડાબુ મજબુત પડેલો હતો. ખાકાનએકરનો બાપ આ જહાનથી ગુજર્યો ત્યારે ખાકાનએકરને પોતાના ભાઇ સાથે બાપના તખ્તો તાજને વાસ્તે મીનાકેગો પડયો, તેથી બે ભાઇઓએ એકમેક ઉપર લશકર ખેચ્યા પણ ખાકાનએકરનો સેતારો રોશન હતો તેથી પેહેલીજ લડાઇમા ખાકાનએકર પોતાના ભાઈ ઉપર ફતેહ પામ્યો અને તે શરકશ ભાઇ ' ,મા માર્યો ગયો, જેનો એક બેટો તગીતાશ નામનો હતો, તે તગીતાશ પોતાના બાપનો કીનો લેવા ખાકાનએકર ઉપર કમર બાંધી હતી, તે હમેશા કાકા સાથે લડાઇ જારી ાખતો અને ચોર મીસાલ પાહાડની કદણુમા છુપો રહી એકાએક લશ્કર સાથે આવી પડીને ખાકાનએકરનો મુલક લુટી બાળી ખરાબ કરતો હતો તે એકદિન બાપના કીનાથી ફારેગ થઇ આશાએશથી બેસતો હતો નહીં તે તમામ ઉમર કીનાથી તાતારના મુલકને વરાન કરવામા ગુજારતો હતો, અને આદમીઓને લુટીને જીવથી મારતો હતો એ રવેશે મુલકની ખરાબી કરતો હતો એમ કરતા ખાકાનએકરના હાથમાથી એક હીસ્સો મુલક પોતાના કબજામા લાવ્યો અને ખાકાનના લસકરને હર તરહેથી શિકસ્ત દેવા લાગ્યો તગીતાશબી જ્યારે જહાપેહેલવાનનો એલચી નામુ લઇ આવ્યો હતો, તે હફતામા

લશકર લઇને લડાઇ વાસ્તે આવ્યો હતો. તે બે તરફની લડાઇથી ખાકાંનએકર ઘણો અ દેશામા હતો ખાકાન પોતાના લશ્કરના સપેહસાલારોને બોલાવી કહેવા લાગ્યો કે "મને માલમ નથી પડતું જે આ ફરતાં આસમાન મારી ઉપર શી ગીરદેશ કરવા ચાહે છે ? એક તરફથી મારા ભત્રીજા તગીતાશથી તથા બીજી તરફથી જહાપેહેલવાન ફેરશારપથી મારી પાદશાહી જેરોજબર થઇ જશે મારી નજદીક એવી તો મુશકેલી આવી પડી છે કે જેમ આગળ ચાલતા રાહમા ઉડી નદી હોય અને પછવાડે શેર આવે તે રવેશ હમણા મારો હાલ થયો છે વાસ્તે એનો ચારો કરો કે આપણે શુ કર્યે અને આ બે દુશ્મનની મુશકેલીમાથી શી રવેશે ખલાસી પામ્યે ?"

પોતાના પાદશાહની ઝબાનથી એ સખુનો સાંભળી તમામ અમીરો મસલત કરવા ખેલવતમા બેઠા પછી પોતાના પાદશાહને કહ્યુ કે 'અય દાનાવ પાદશાહ ! એક આતશ નજદીક હોય અને તમામ ચીજને બાળી નાખે તે કરતા જે આતશ દુર હોય અને દુરથી ધુંવો નજર આવે તે બેહેતર છે. યાને જહાપેહેલવાન ફેરશારપ આતશની મીસાલ તેજીથી નજદીક આવ્યો છે અને તગીતાશનો દુર છે વાસ્તે હાલ તો આપણે એની સાથે સુલેહ કરી એને નરમીથી સમજાવી પાછો પાદશાહ ફરેદુનની નજદીક મોકલ્યે તે કરતા આગળ ખાકાનચીન તથા તમામ તુરાનના પાદશાહો તથા તારો બાપ ખાકાન સર્વ અવ્વલથી નાપાક જોહાકના તાબામા રહી તેને સલામી આપતા આવ્યા છીયે અને તે જુલમગાર પાદશાહના ફરમાનમા રહ્યા તેના હોકમ વગર એક કદમ આગળ ચાલતા હતા નહી તો, એ પાદશાહ ફરેદુન તો તે કરતા દાદ, ઇનસાફ અને દાનાઇમાં તથા બુન્યાદમા ઘણો બરતર કહેવાય છે તેથી અગર તુ તેના તાબામાં રહી સલામી કબુલ કરે તો તે વાતની કાંઈ શરમ નથી એ સપેહસાલાર ફેરશારપ ઘણો જબરદસ્ત અને લડાયક પેહેલવાન છે તેથી એની સાથે આપણે લડાઇ કરવી ખુબ નથી એક દરદ જે દવાઇ કીધાથી દફે થાય તો તે દવાઇ શિતાબ કર્યે તો આપણા જીવને આરામ રેહે, વાસ્તે અય પાદશાહ ! અમારી દાનાઇમાતો એ મસલત પસદ આવે છે કે તુ પોતાનુ અયચાન

સમારીને જહાપેહેલવાન કેરશારપને મેહેમાન તરીકે બોલાવી તે નામદારની મદારત કર અને તેની નજદીક મીન્નત કરી ઘણીક નાદર ચીજોનો હદિયો આપ જેથી આપણુ કામ સુધરશે અને કેરશારપનુ દિલ આપણા ઉપર મેહેરબાન થશે. પછી એક દન પુરસદનો વખત જોઇ તું તાહરા ભત્રીજા તગીતાશની તમામ હકીકત તે નામદાર પેહેલવાન નજદીક મીન્નતથી કહે કે એ નામનો ઉઠાવનાર જગી કેરશારપ, તારા દુશમનના સરને ખાકમા નાખશે અને તારા સરને આસમાન સાથે પોહોચાડશે જ્યા સુધી બીજો શખ્સ અઝદાને મારનાર હોય ત્યા લગી આપણે શા વાસ્તે તેની ઉપર હાથ ઉઠાવ્યે અને નાહાક જીવના અદેશામા પડયે ?" એ રવેશ તમામ અમીરોએ કહ્યુ તે તમામ સખુન ખાકાનએકરને પસદ આવ્યા તેથી તે પાદશાહે તે અમીરોની દાનાઇ ઉપર આફ્રીન કીધી અને તેજ વખત નવીશદાને બોલાવી પોતાના તખ્તની નજદીક બેસાડી જહાપેહેલવાન ઉપર નામુ લખાવ્યુ. તે નામામા અવલ જેહાનના પેદા કરનાર પાક દાદગર યઝદાનુ નામ લખાવ્યુ પછી જહાપેહેલવાન કેરશારપ ઉપર દુવા કીધા બાદ લખ્યુ કે "અય નામદાર પેહેલવાન ! તે સલામીને વાસ્તે જે લખ્યુ તે મારો તમામ ખજાનો તથા મુલક સર્વ તું નામદારનુ છે અને હુ તારા ફરમાબરદાર ગોલામ મીસાલ છુ સલામી તો શુ પણ તુ મારો જાન મગાવે તો હાજર કરૂ. ઇરાનનો પાદશાહ તમામ હફતેકેશ્વર જમીનના પાદશાહોના સર ઉપર બુઝર્ગ કેહેવાય છે તે દરૂસ્ત છે વાસ્તે ફરરોખ ફરેદુનની ફરમાબરદારીમા રજુ છુ. અગર તું સપેહસાલર સલામીમા મારા દીદા તથા સર મગાવે તો તેજ વખત હું પોતાની આખના દીદા તથા સર કાપી તારા કદમ નીચે મોકલી દઉં અને મારા તનની ચામડી ઉખેડી તેની ઠેલી સીવાડી તેમા મારા જીવની પુજી ભરી તારી નજદીક મોકલી દઉ, તે વાતનોબી મને અફસોસ નથી પણ મારા દિલમા એક મોરાદ છે તે તારી પાસે માગું છુ કે તુ તારા લશ્કર સાથે મારા શેહેર તરફ આવીને મારા અયવાનમા એક હફતો મુકામ કરે તો તમામ જેહાનમા મને આબરૂ મળે અને તારા આવ્યાથી માહરૂં અયવાન જેબ ભરેલું થાય ! પાદશાહ ફરેદુનના જીવના કસમ કે એ મારો

સખુન કબુલ કરી મારી ઉપર ખુશીનો જવાબ મોકલજે કે મારો તમામ કબીલો તારો રોશન ચેહેરો જેવાને ઇનતેજાર છે." એ રવેશ ઘણીક ઓજરખાહી તે નામામા લખી અને બાજે હકીકત તે એલચીને ઝબાની કહી પછી પોતાના ઘોડાઓમાથી એક ઘોડો તેજ ચાલનો તે ઉપર તમામ સુનેરી સાજ મઢાવી કીમતી મોતીની માલા તથા એક સરપેચ પાદશા-હોની કોલાહ ઉપર લપેટે તેવો તથા એક જરી કમરબંદ જોહરના જડા-વનો એ ઉપરાત બીજો કેટલોએક સામાન તે એલચીને ઇનામમા આપી પોતાના લશ્કરના એક હજાર સવાર આબરૂને વાસ્તે સાથે આપીને જહાપેહેલવાનના લશ્કર તલગ તેને મેળી આવવા મોકલ્યા એ રવેશે જહાપેહેલવાનનો એલચી તાતારના પાદશાહથી આબરૂ પામી ખુશી થતો જહાપેહેલવાનના લશ્કરમા આવી પોહોચ્યો અને ખાકાનએકરનુ નામુ કેરશાસ્પને આપ્યુ અને ઝબાંની હકીકત કહી જે સાભળતા વાર હજુ નામુ તો વાચવાનુ હતુ પણ પેલી ઝબાની હકીકત સાભળી પોતાના એલચીને એ રવેશે આબરૂ આપેલી દીઠી તેથી જહાપેહેલવાન ગોયા ખાકા નએકરનો ફરમાબરદાર હોય એ રવેશે નરમ દીલ થઇ ગયો અને પોતાનાં દિલથી તેના ઉપર ઘણોક મેહેરબાન થયો અને તેજ વખત હુકમ કરીને ખાકાનએકરના શેહેરની તરફ લશ્કર ચાલતુ કીધુ અને પોતેબી જગી નરીમાન સાથે સવાર થઇ ગોયા રોશન આફતાબ મીસાલ આગળ ચાલ્યો.

હલકારા લોકોએ જઇ પાદશાહ ખાકાનએકરને ખબર કીધી કે જહાપેહેલવાન પોતાના લશકર સાથે આવી પોહોચ્યો તેથી ખાકાને શેતાબ જહાપેહેલવાનના લશકરને વાસ્તે ઝીયાફતનો સામાન મગાવી તૈયાર કીધો અને ભાતભાતના હજારો ન્યામત તૈયાર કરાવ્યા. બાદ પોતે શિતાબ જહાપહેલવાને એસ્તેકબાલ ગયો એવામા જહાપેહેલવાનનુબી રાહમાથી આવવુ થયું. રાહમા દુરથી એકમેકના દીદાર જોઇ સલામ અકરામે મળ્યા અને બન્ને નામદારોએ પોતાની સવારી ઉપરથીજ સલામ કીધી અને ઘણા ખુશી થયા. બન્ને પાદશાહો પોતાના સવારીના હાથી સાથે બરાબર રાખીને ચાલતી સવારીએ વાત કરતા રાજધાણીમાં આવી પોહોચ્યા તથા ખાકાનના મયદાનમાં તમામ સામાન

જ્યાફતનો તૈયાર કરી સુફરો સમારી તૈયાર હતો ત્યા જહાપેહેલવાને કદમ મેલતાજ ખાણાનો સામાન પોતે નજરે જોયો તેથી ઘણો ખુશી થઇ તમામ લશ્કરનેબી સામાન અપાવ્યો પછી પોતે પોતાના અમીરો સાથે ખાકાનના અમીરોને લઇને સુફરા ઉપર બેઠો અને ન્યામત ખાણાના ખુમચાઓ ઉપર હાથ નાખી સવેએ પોતાની ભુખ માફક ખાણુ ખાધુ, પછી લાલ શરાબનો દોર ચલાવવા લાગ્યા અને સર્વે હાથમા જરી જામ પકડી હરતરફથી સુનેરી ધુપદાનમા અગર, કપુર તથા અંબર રોશન આતશ ઉપર મેલ્યો તેથી બેશુમાર ખુશબો બેહેકવા લાગી હરતરફ રામ શગરોના અવાજ તથા વાસળી, ચગ સાથે તબોરાના અવાજ નિકળ્યા જે શગએ મસ્ત થતા તે જઇને આરામ કરતા એ મિસાલ ઇરાની લશ્કર જ્યાફતમા બેઠેલુ હતુ અને તાતારી તેઓની ખિદમતમા કમર બાધી ઉભેલા હતા એક હફતા લગી નવી નવી જ્યાફત ખાકાનએકરે જહાપેહેલવાનની મહારતને વાસ્તે ઇરાની લશકરને આપી એક હફતો તમામ થયો એવામા એકાએક એક સવાર આવી પોહોચ્યો તેણે ખાકાનએકરને ખબર કીધી કે તારો ભત્રીજો તગીતાશ બેશુમાર લશ્કર સાથે આવી પોહોચ્યો છે, જે ખબર સાભળીને ખાકાનના લશ્કરમા એક પોકાર ઉઠ્યો તેથી પાદશાહ ખાકાનએકરનો જીવ ઘણો અંદેશામા પડ્યો જહાપેહેલવાન કેરશાસ્પે ખાકાનનો ચેહેરો જરદ દીઠો ત્યારે પોતે ખાણાના સુફરા ઉપરજ બેસીને પુછવા લાગ્યો કે 'એ લશ્કર કયાથી આવી પોહોચ્યુ છે? તગીતાશ કોણ છે? તે કયા શેહેરની સરદારી કરે છે, તે તમામ હકીકત મને કેહે" સવાલ સાભળીને ખાકાનએકરે તમામ હકીકત પોતાના ભાઇ તથા ભત્રીજાની કેરશાસ્પ નજદીક તફસીલવાર અવ્વલથી આખર લગી કહી. જહાપેહેલવાન કેરશાસ્પ બુલદ અવાજે કહેવા લાગ્યો કે "એવો તે શુ જોરાવર છે કે હુ આ જગ્યાએ બેઠો છુ ને લશ્કર સાથે ચાલ્યો આવે છે? માલમ પડ છે કે એનુ લોહી જોશમા આવ્યુ હશે હેમક લોકોનો એક રવૈયો રહી ગયો છે કે સબરની વખત શિતાબી કરે તેથી તે લોકોની નાદાની માલમ પડી આવે છે પાદશાહ ખાકાનએકર! તુ એ વાતથી પોતાના દિલને હરગેજ ગમગીન ના કરતો. એ તારા દુશ્મના

લસ્કરને મારો જગી નરીમાન એકલો બરહમ મારશે અગર તારા ભત્રીજા તગીતાશ જેવા એક લાખ સવાર લડાયક પેહેલવાન હશે પણ હુ મારા નરીમાનને હુકમ કરૂ ત્યારે તું પોતાની નજરે તમાશો જોજે કે એ નામદાર બેટો શી રવેશે પોતાની તલવારે કરી મેદાનમા લોહીની નદી જારી કરે છે વાસ્તે આપણે એક કામ કર્યે કે કાલ રોજે નામજોય નરીમાન લડાઇમા જાય તે અગાઉ આજ રોજે અરધી ગત ગયા પછી આપણી ખાસ સવારીના સવારો સાથે લઇ છડી સવારીએ આગળ જઇ ને લડાઇની જગા ઉપર દેહેરા મારી કાલ બપોરનુ ખાણુ તે જગા ખાવું અને શરાબ બાજી કરવી જગી નરીમાન કાલ રોજે બામદાદનો ઉઠેલો તમામ લશ્કર સાથે આવીને તગીતાશ જોડે લડાઇ કરશે અને આપણે તમાશો જોઈ શરાબની જામ ઉડાવીશું વાસ્તે હુ મારા જાણુલી લશ્કરમાથી દસ હજાર સવાર સાથે રાખુ છું તેથી તુ તારા લશ્કરમાથી બીજા સવાર લેતો ના' આપણે અવ્વલ આગળ જઇયે, અગર તગીતાશ આપણુ લશ્કર કમ જોઇ દલેરી કરી આપણા ઉપર લડાઇ વાસ્તે આવે તો આપણેજ તેના કામને તમામ કર્યે કે નરીમાનની લડાઇનુ કામ પડશેજ નહીં અને હુ પોતેજ તેને તેના લશ્કરમાથી જીવતો પકડી લાવીશ" વખત થયો અને રોશન માહતાબ આસમાનના અયવાન ઉપર ચળકવા લાગ્યો ત્યારે જહાં-પેહેલવાન તથા ખાકાનએકર છડી સવારી સાથે રાજધાણીથી બાહર નિકળી જગલ તરફ ચાલ્યા તેઓ રાતને વખત શેકાર મારતા અને એશ અશરત કરતા આગળ જતા હતા એમ કરતા રાતનો વખત તમામ થવા આવ્યો અને ફેરશાસ્પ તથા ખાકાનએકરનુ તગીતાશના લશ્કરની મોકાબલે જઇ પોહોચવુ થયુ બામદાદની તલુ નજર આવી ત્યારે એક પાહાડ નજર આવ્યો તે પાહાડ ઉપર તગીતાશને એક લાખ સવારો સાથે દેહેરા મારી પડેલો દીઠો તગીતાશના લશ્કરના સપેહસાલારોએ જહાપેહેલવાનનાં લશ્કરને જગલમા દીઠુ ત્યારે તગીતાશને કેહેવા લાગ્યા કે "અમો તને કહયે છઇયે કે એક પેહેલવાન ઘણાક લશ્કર સાથે ઇરાન સરજમીનથી આવેલો છે તેણે ખાકાનએકર પાસેથી આપણી લડાઇ માંગી લીધી છે. તે પેહેલવાન હરોલમા જરીદે ફોજ સાથે આગળ આવી

પોહોચ્યો છે ” એ સખુન સાભળી તગીતાશ શિતાબ પાહાડ ઉપરથી નીચે ઉતરયો અને પોતાના સપેહસાલારો સાથે લશ્કર સમારયુ અને પોતે દલેરીથી જહાપેહેલવાન કેરશારપને કાઇ ખાતરમા લાવ્યો નહી. પોતે જાતે ઘણો જોરાવર હતો તેથી તે જહાપેહેલવાનથી દરયો નહી.

લડાઇ કીધી તંગીતાશે દલેર નરીમાન સાથે અને પકડાઇ ગયો તગીતાશ નરીમાનના હાથ ઉપર તે વગેરે બીજી હકીકત.

એવામા સપેહસાલાર નરીમાન પોતાના લશ્કર સાથે જહાપેહેલવાન તથા ખાકાનએકર નજદીક આવી પોહોચ્યો તેજ વખત તેણે અવાજ મારી કહયુ કે “તમો બે નામદારો આજરોજે હાથી ઉપર સવાર થઇને દુર ઉભા રહી મારી લડાઇ જોઇ ખુશીથી હાથમા શરાબની જામ પકડીને શરાબબાજી કરો ! હુ હમણા લડાઇના મેદાનમા તલવાર પકડી એક મરતબે પોતાની મરદાનગી દેખાડુ, અગર મારૂ બખ્ત મદદગાર છે તો તમો બે સરદારોના રોશન સાહયાથી અને પાક યઝદાની મદદથી એ લડાઈ મારી આવી પોહોચ્યું છુ” એટલુ કહી તેણે ઇરાની તથા જાબુલી લશ્કરની જોરાવર સફ ખેચી.

બે તરફથી લડાઇની તૈયારી થઈ ત્યારે નગારાના આવાજ નિકળવા લાગ્યા. તગીતાશના લશ્કરમાથી એક સવાર હાથમા નેજો પકડી મેદાનમાં જોશ કરતો આવી ઉભો. તેના તનમા એક બખ્તર ઘણુ તેજીદાર પેહેરેલુ અને સર ઉપર સુનાની કોલાહ મેળેલી. એ મીસાલનો દિલાવર મરદ આવી લડાઇના મેદાનમા ફરવા લાગ્યો. તેણે ખાકાનએકરના તાતારી લશ્કર ઉપર એક હુમલો કરી બે સવારને એક હુમલામા મારી લીધા.

પછી લશ્કરની જમની તરફ હુમલો કરી બીજા બે જગી સવારને ત્યાં મારયા પછી લશ્કરની ડાબી તરફની સફમાથી એક પેહેલવાનને નેજાની નોકે ઉડાવી લઇ પોતાના લશ્કરની નજદીક જમીન ઉપર પટકી મારયો જેથી તે પેહેલવાનના તનની રેજેરેજ થઇ ગઈ. એ મીસાલની તે સવારની મરદાનગી જોઈ તંગીતાશ તુરકીનુ લશ્કર ખુશી થવા લાગ્યું. તેને જોઇ પેહેલવાન નરીમાને દરિયાવ મીસાલ જોશમા આવી પાદશાહ ખાકાનએ· કરને કહ્યુ કે "તારા લશ્કરના તમામ તુરકી સવારો નામર્દ નજર આવે છે કે દુશમનનાં લશ્કરનો એક સવાર આવી તારા લશ્કરના તમામ લોકો ઉપર મરદાનગી દેખાડે છે અને તારા લશ્કરનો કોઇ પેહેલવાન તે ઓકાબલે સામે થતો નથી. મારી ખાતર નીશા થઇ કે તારા તુરકી એક હજાર સવારને અમારો એક જાણુથી સવાર બરહમ મારે, વાસ્તે હું એક બાળક છુ તેનુ જગ તુ નજર કરીને જો કે દુશમનના લશ્કરની સફમા જઈ શી રવેશ મરદાનેમરદ મીસાલ લડાઇ કરૂ છુ." એટલુ કહી શિતાબ પોતાનો ઘોડો મેદાનમા ઝોકાવ્યો અને ઘોડાને જોહલાન દઇ એકાએક તગીતાશના ભારી લશ્કરની બન્ને સફમા જઇ પડી તેણે આડા-અવળો હાથ સારી પેઠે દેખાડયો અને તમામ સફને પરાગદે કરી નાખી. પછી આવાજ મારી કહ્યુ કે "પેલો તુરકી પેહેલવાન કયા છે જેના હાથમા બે નોકનો નેજો છે અને તેના સગ ઉપર ચાર ગોશેની કોલાહ છે તેને જોવાની હુ ઘણી ખાહેશ રાખુ છુ વાસ્તે શિતાબ તેને મેદાનમા મોકલે, નહી તો હુ તમારા લશ્કર ઉપર હુમલો કરી હરજગોથી તેને પકડી કહાડી નેજાની નોક ઉપર ઉચો કરી આફતાબની ગરમીએ બાળી નાખીશ" એ સખુન સાભળી તે તુરકીએ પોતાના અબલખ ઘોડાને તેજ કરી શેર મીશાલ બખાડતો મેદાનમા આવી ઉભો અને પોતાની કમાન ઉપર ખદગી તીર ચઢાવી અવાજ મારી નરીમાનને કહેવા લાગ્યો કે "તેં મને બોલાવ્યો છે તો દુર ઉભો રહી ઓરત લોકો મિસાલ પોતાના તનને જરજેવર સાથે સમારીને તાનાજાનીના સખુન શા વાસ્તે બોલે છે!" નામદાર નરીમાને એ નાલાયક સખુન સાભલ્યા કે ગુસ્સામા આવી ઘોડને તેની તરફ ચલાવ્યો અને તેની આસપાસ ઘોડાને ફેરવવા લાગ્યો

તે પોતાના દિલ સાથે કેહેતો હતો કે "એ નાપાક તુરકીના કલેજાને તીરે કરી વીધુ યા નેજાએ કરી સુરાખ પાડુ ?" પછી જોશમા આવી ઘોડાને એડ મારી ધુવા મીસાલ શિતાબ આવી એક નેજે તેના કમરબંધ ઉપર મારી તેને ઘોડાની પીઠ ઉપરથી ઉઠાવી લીધો અને કેટલોક વાર આસમાન તરફ ઉચો ફેરવ્યા પછી તેનાજ લશ્કરમા ફેકી દીધો જેના જરએ કરી તુરકી લશ્કરમા બીજા ચાર પેહેલવાન મારયા ગયા એ રવેશની નરીમાનની દલેરી જોઇ ઇરાની લશ્કરમાથી શાદીના આવાજ ઉઠ્યા અને પેલી તરફ જહાપેહેલવાન કેરશાસ્પ તથા ખાકાનએકર બન્ને જન નરીમાનની લડાઇનો તમાશો જોઇ તેની ખુશીમા શરાબની જામ ઉડાવતા હતા પછી દેલાવર નરીમાને બીજી મરતબે ઘોડાને જોલાન દઇ અવાજ મારયો કે "તુરકી લશ્કરમા જે કોઇ મારો હમનબરદ હોય તે શિતાબ આવે !" એ સખુન સાભળી તેજ વખત એક પેહેલવાન હાથમા એલમાસના લોહોડાનો નેજો પકડી સિહ મિસાલ દોડતો મેદાનમા આવ્યો તેને આવતા જોઈ નરીમાને પોતાના ઘોડાની લગામ ડાબી તરફ ફેરવી શિતાબ હાથ લાબો કરી ડાબે હાથે તેનો નેજો છીંણવી લઈ તેજ નેજાનો એક ઝપેટો તેની પીઠ ઉપર જોરથી મારયો જેથી તેની પીઠ ભાગી ગઇ, તેથી જીન ઉપર ઉધો પડયો એ મીસાલે પેહલવાન નરીમાન મેદાનમા મરદાનગી કરી જે તુરકી હમનબર્દ આવતો તેને જેમ મોર્ગ દાણાને શિતાબ જમીન ઉપરથી ચુટી ખાય તે મીસાલ નરીમાન તુરાની સવારોને નેજાની નોકે કરી ઉઠાવી લેતો અને બાજે પેહેલવાનને નેજાની નોકે ઘોડાની ગરદન સાથે સીવી નાખતો અને બાજેને ઉઠાવી ઉચે ફેકતો હતો, અને તે પાછો નીચે આવતો ત્યારે તલવારના જખમે તેના તનના ટુકડા કરી નાખતો પોતે પોતાની સવારી વાસ્તે લોહડાની પાખડ સાથના દસ ઘોડા તૈયાર રખાવેલા હતા તેથી જ્યારે એક ઘોડો થાકી દોડવાથી સુસ્ત થતો ત્યારે તે ઘોડા ઉપરથી કુદીને બીજા ઘોડા ઉપર સવાર થતો હતો—એમ કરતા તે તમામ ઘોડા તેની સવારીથી આજેજ થયા પણ લડાઇ કરવાથી અને ભારી પેહેલવાનોને અખ્તર સાથે ઉઠાવ્યાથી તે નામદારની બાજુ આજેજ નહીં થઇ એ મીસાલે

તુરકી લશકરના છોંતેર નામીચા પેહેલવાન તેણે લડાઇના મેદાનમા મારયા. પેલી તરફ સપેહશાલાર કેરશારપ તથા ખાકાનએકર બન્ને પોતાની સવારીના હાથી ઉપર સવાર થઇ લશ્કરી લેબાશ તનમા પેહેરી પેતાના લશકરની કલબધાહમા ઉભા રહી મેદાન તરફ નેધાહ કરી જોના અને નરીમાનની મરદાનગી ઉપર આફ્રીન કરતા હતા. તગીતાશના લશ્કરમાથી છોતેર પેહેલવાન મારયા ગયા ત્યારે કોઇ બીજો પેહેલવાન એવો રહયો નહીં કે દલેર નરીમાનના મેદાનમા આવી હીંમતથી ઉભો રહે તમામ તુરકી લશ્કર પેલા છોતેર પેહેલવાન મારયા ગયા તેના ગમથી ધુજવા લાગ્યુ અને જારી કરવા લાગ્યુ તગીતાશે એ મીસાલનો મામલો દીઠો તેથી તેજ વખત પાહાડ ઉપરથી મસ્ત હાથી મિસાલ નીચે આવ્યો અને પોતાની સવારીનો ઘોડો વીજળી મિસાલ સફેદ રગનો તથા પવન મિસાલ તેજ ચાલનો હતો તેને શિતાબ ત્યા મગાવી લોહોડાની પાખર નખાવી તૈયાર કરાવ્યો અને પોતે તનમા એક બખ્તર લાજવરધી યાને આસમાની રગનુ ઘણું સખત હતુ તે પેહેર્યું અને પોતાની રૂપા મિસાલ સફેદ બાજુ ઉપર પોલાદની કમાન લટકવી સર ઉપર સુનની કોલાહ કમર ઉપર ગોહરનો જડાવદાર કમરબંધ તગ કરી તે ઘોડા ઉપર સવાર થઇને એક કમદ ચાલીસ પેચની શેકારબધ લટકાવી જીનના હરના ઉપર ભારી જોરજ મેલી, હાથમા કમદ પકડી ગોસ્સા ભરેલા મોહો સાથે મેદાનમા આવી ઉભો તેને જોઇ ખાકાનએકર જહાપેહેલવાનને કહેવા લાગ્યો કે 'હવે મારૂ દિલ ખચીત દર ભરેલુ થયુ છે અને મારો જીવ અંદેશામા પડયો છે જે આ સફેદ ઘોડાવાળો સવાર તનમા લાજવરધી રગનુ બખ્તર પેહેરેલો જગી નરીમાનના મેદાનમા આવી ઉભો છે, તે પોતે તગીતાશ જે મારી પાસે તાજ અને તખત માગે છે તેજ છે મે મારી ઉમરમાં એના જેવો લડાયક અને જબરદસ્ત સવાર કોઇને દીઠો નથી હુમલાને વખત શેર કરતા ગાલેબ છે અને નાહસતી વખત તેજ પવન કરતાં વધુ દોડે છે તગીતાશ પોતાના ઘોડાને જોહલાન આપે છે ત્યારે એના ઘોડાના પગે ધરતીકપ મિસાલે જમીન હાલે છે અને એની લડાઇની વખત એટલી તો ગીરદ ઉડે છે કે ચીનના દરિયાવના પાણી

ખુશક કરી નાખે છે એ જગી પોતાની તલવાર ઉઠાવે છે ત્યારે મગર-મચ્છનોબી તેથી છુટક થતો નથી નામદાર નરીમાને છોતેર પેહેલવાનો સાથે લડાઇ કીધી તે લડાઇને તો હુ એક ખેલ જાણુ છુ પણ હવેની લડાઇ રસ્તાખેજ જેવી છે" એ તમામ વાત સાભળી જહાપેહેલવાન ફેરશારપે જાણુલી ઝબાનમા અવાજ મારી નરીમાનને કહ્યુ કે "અય શેરદેલ બેટા! હુશ્યારીથી કામ લેજે! હવેની લડાઇ ઘણી સખત છે અને હુમલા બચાવ્યાનો વખત છે એ સવાર ખાકાનએકરનો ભત્રીજો પોતાના કાકા પાસે તખ્તો તાજ માગે છે તે તગીતાશ પોતે છે વાસ્તે તુ હુશ્યારી રાખી કામ લેતો રેહેજે! એવુ નહીં થાય જે એ તગીતાશને તુ મેદાનમા જીવથી મારે! હરએક તદબીરથી એને જીવતો પકડી એના કાકા ખાકા-નએકરની નજદીક લાવી હદિયા તરીકે હાજર કરજે!" એટલુ કહી જહાપેહેલવાન ખામોશ રહ્યો પછી તે બન્ને પેહેલવાનો સખત શેરની મીસાલ એક મેક ઉપર હુમલા કરવા લાગ્યા તેઓ કોઇવાર કમાનની લડાઇ કરતા તો કોઇવાર નેજા મારતા, વળી કોઇવાર તલવાર ઉઠાવતા હતા. એમ કરતા તે નામદારોના બખ્તર ચાક થઈ ગયા ત્યારે તે નામદારોએ ભારી ગોરજ હાથમા પકડયા અને લોહાર લોહોડા ઉપર હથોડા મારે તે મીસાલ એક મેકના સર ઉપર ગોરજ મારવા લાગ્યા પણ તે લડાઇમાથી કોઈ નામદાર પેહેલવાન ગાયેબ આવ્યો નહીં પછી તગીતાશે એક હુમલો જોરથી કરી એક ખજર નરીમાન ઉપર માર્યું તેથી પેહેલવાન નરીમા-નની ઢાલ કાપી તેના બખ્તર ઉપર તે જજર જોરથી લાગ્યુ તેથી તેમાથી આતશના શોલા નિકળ્યા મગર તગીતાશે દિલમા જે મોરાદ ધારી હતી તે માફક તો કામ બન્યુ નહીં પેલી તરફ નામદાર નરીમાન જહાપેહેલવાન ફેરશારપના કહ્યાથી તગીતાશને જીવતો પકડવાની તદબી-રમા હતો કે એ નાપાકને જીવતો પકડી ખાકાનએકરની નજદીક લઇ જાઉ પણ કાઇ કાબુ પામ્યો નહીં, કે તેને જીન ઉપરથી ઉઠાવી લે કેટલેકવારે આખરે એક હુનર યાદ કરી પોતાના ઘોડાની લગામ ફેરવી અને હારેલો સવાર પોતાનો જાન સલામત લઇ નાહાસે તે મીસાલ નહા-સવા લાગ્યો તેની પછવાડે તગીતાશ ખુશીથી દોડયો. તે જેવો પેહેલવાન

નરીમાનની નજદીક આવી પોહોચ્યો, કે પેહેલવાન નરીમાને કમદ કાહડી શિતાબ પોતાનો ઘોડો પાછો ફેરવી તગીતાશ ઉપર નાખી. કમદથી તગીતાશ તુરકીની ગરદન બધમા આવી, તેજ વખત એક આચકો મારી તેને ખાકમા ઉંધો નાખ્યો. પછી તેને ખેચતો ખાકાનએકરની નજદીક લઇ ગયો. નામદાર નરીમાને ખાકાનએકરને કહ્યું કે "હુ જાણુથી આવ્યો તે વખત તું શાહાનશાહ વાસ્તે કાઇ હદિયો લાવ્યો હતો નહીં તેથી હાલ આ નાદર હદિયો મારી તરફથી તને નજર કરૂ છુ" દેલાવરી ભર્યો આ બનાવ જોઇ ખાકાનએકરના લશ્કરમા નરીમાનની મરદાનગીની ખુશીનો એક જબરો પોકાર ઉઠયો અને તમામ લશકરે એક મરતબે તગીતાશનાં લશકર ઉપર હુમલો કીધો અને સખત પવનના જોરે ઝાડનાં, સુકા પાતરા ખરી પડે તે મીસાલ તુરકી લોકોના સર ખાકમા પડવા લાગ્યા, તેથી સર્વ હથીઆર નાખી નાહાસવા લાગ્યા. પણ એક તરફ ભારી પાહાડ આવ્યો હતો અને બીજી તરફથી ઇરાની લશ્કરે હુમલો કીધો તેથી તમામ લશ્કર નાચાર થઇ ગયુ અને વચ્ચે ઘેરાઇ ગયુ જેણે આજેજી કરી જીવતદાન માગ્યુ તે બચ્યા અને જેણે શરકસી કીધી તે મારયા ગયા તે વખત તમામ જગલ હથીઆર, સામાન, ઘોડા તથા હાથીએ ભરાઈ ગયુ. તે તમામ લુટ લઇ જહાપેહેલવાન કેરશાસ્પ ને શાહાનશાહ ખાકાન ફતેહમદી સાથે શેહેરમા દાખલ થયા ત્યા પોતાનાં લશ્કરનો શુમાર લીધો ત્યારે ઇરાની લશ્કરના બસો સવાર જખમી થયલા અને એક સવાર જીવથી મુએલો, એ રવેશ લશ્કરનો શુમાર આવ્યો, તેની ખુશીમા ખાકાનએકરે પોતાના તખ્તની જગા ગોયા આસમાન ઉપર કીધી હોય મિસાલ તે તે દીલમા ખુશી હતો. તેજ વખત ખાકાનએકરે તગીતાશને ખાવામા ઝેર મેલી તેને તે ખવાડયું તેથી તે બદખસલતનો જુલમગાર જીવથી મુવો. શાહાનશાહ ખાકાનએકરે પોતાના ખજાનાનો દરવાજો ખોલી ઘણીક ખેરાત કીધી પછી હોકમ કરીને એક મિજલસ રોશન બેહેસ્ત મિસાલ સમારીને જહાપેહેલવાન કેરશાસ્પ તથા નરીમાન વગેરે તમામ લશ્કરના સરદારો સાથે જોડથી હાથમા શરાબની જામ પકડી નામદાર ખાકાન

ખુશીમા બેઠો નામદાર ખાકાન પાદશાહે તમામ ઇરાની લશ્કરને અંદાજા પ્રમાણે સરોપાવ આપ્યો અને જહાપેહેલવાન ફેરશાસ્પ તથા નામદાર નરીમાનની નજદીક બેશુમાર હદિયો નજર તરીકે મેલી ઘણી મીન્નત કરવા લાગ્યો આ ફ તેહનુ જહાપેહેલવાન ફેરશાસ્પે પાદશાહ ફરેદુન ઉપર એક નામુ લખ્યુ તેમા તે લડાઇ તથા નરીમાનની જવામર્દી તથા ખાકાન-એકરની ખુબી તથા તગીતાશની બદખસલતી વિગેરે તમામ જે ત્યા બન્યુ હતુ તે જાહેર કીધુ. એક એલચીને તે નામુ આપી ઇરાન તરફ રવાને કીધો પછી પોતે ખાકાન સાથે મિજલસમા બેઠો

તે ઉપરથી આ નામાનો જોડનાર શાયર કેહે છે કે 'આ જહાનનો રવૈયો એવોજ છે કે એક બીજા ઉપર કીનો લેતા આવે છે તુ જાણે કે આરાજ વખતમા એ રવેશ દુનિયામા કીનો તથા લડાઇ છે પણ એ તો રોજે અવ્વલથી રીવાજ ચાલ્યો આવે છે આ જેહાન તથા તે જેહાનનો પેદા કરનાર તો જે છે તેજ છે પણ એ જેહાન દરમ્યાનમા આપણે આદમીજાત બીજી તરેહથી છૈયે અય નેકબખત મરદ' તાહરી પાસે તોશો કમ અને તને દુરદરાજ રાહ જવી છે અને વખત તો ચાલવાનો આવ્યો છે તે હવે તુ શુ કરશે? તે આ દુન્યાના લોભમ પોતાના દિલને શા વાસ્તે ગિરફતાર કીધુ છે? તુ આ જેહાનમા પેદા થયો ત્યારે તુ પોતાની સાથે કાઇ લાવ્યો નહીં તેથી તુ એ જેહાનમાથી જશે ત્યારે પણ તારી સાથે કાંઇ ચીજ લઇ જનાર નથી તારા દિલમા જેહાન દરમ્યાન જે મુરાદ હોય તે પોતાની જવાનીમા કરી લે, કારણ કે બુઢાપાના વખ-તમા આ દુન્યા પોતાના દિલની મુરાદ તુ ઉપર ચલાવશે. તું નેગાહ કરી જોય છે કે તારા બુઝર્ગો આ દુન્યામા તારી મિસાલ પેદા થઇ ખાક થઇ ગયા છે અને તુ તો અંદેશો કરતો નથી ને મોતથી ડર રાખતો નથી. તે કરતા આ દુન્યાએ બુઝર્ગો સાથે શુ કીધુ? કે તે લોકોને નાજથી પાળીને એક દીન તેઓના જીવની ગેરદ કાહાડી નાખી તેજ રવેશે કોઇ દીન તારીબી ગેરદ કાઢી નાખશે આપણુ આદમી જાત આ જેહાનના વમળમા પડેલા છીયે વાસ્તે કાંઈ એવુ કર કે એ ભારી વમલમાથી તું સલામત નિકળે"

હવે જહાપેહેલવાન કેરશાસ્પ તાતારના મુલકમા ખાકાનએકર સાથે એક હફતા લગી ખુશીથી મિજલસમા બેઠો ને હફતો તમામ થયો ત્યારે તેણે શાહાનશાહ ફગફુર તરફ જવાનો કસદ કીધો તેથી ખાકાનએકરે તમામ રાહમા લશ્કરને પોહોચે તેટલો સામાન તૈયાર કરાવ્યો. કેર-શાસ્પે કુચ કીધી ત્યારે ખાકાન પોતાના લશ્કર સાથે એક હફતા લગી રાહમા રવાના કરવા ગયો તે પછી જહાપેહેલવાનની રજા લઇ પાછો ફરી પોતાના શેહેરમા આવી બેઠો અને પેલી તરફ જહાપેહેલવાન કેરશાસ્પે શિતાબ નરીમાનને લશ્કર સાથે હરોલમા આગળ ચલાવ્યો. રાહમા આગળ ચાલતા એક બિયાબાનમા જઇ પોહોચ્યા, ત્યા ગોયા તમામ જેહાનનુ મેદાન તે જગા હતું એવુ લાગુ તથા પોહોળુ તે મેદાન હતું. તે મેદાનને હરતરફ બદસુરત દેવો તથા ભુતના મકાન હતા, ઉડતા સર્પ ખાકમાથી નિકળી એકાએક આદમીના તન ઉપર ઉડી બેસીને જીવથી મારતા તે બિયાબાનમા ઘણાક દેવો તથા ઉડતા સર્પોને મારીને આગળ ચાલ્યા એક જગા જઇ પોહોચ્યા ત્યા એક ચશમો ધુવા મિસાલ સફેદ પાણીનો હતો, બીજો એક ચશમો દુધ મિસાલ સફેદ પાણીનો હતા જે ચશમાના પાણી ખારા હતા ત્યા ગોરખર વગેરે હરેક બીજા શેકારો તે ચશમાની નજદીક પાણી પીવા જતા ત્યારે તે પાણી જોશ કરી આવી એકાએક તે જાનવરોને મગ રુઠી મિસાલ તાણી જતુ પછી શાયત એક ઘડી તે જાનવરોના તમામ હડકા તે ચશમાના કિનારા ઉપર બાહેર નિકલી પડતા! તે ચશમાની તજવીજ જહાપેહેલવાન કેરશાસ્પે ઘણી કીધી પણ કોઇથી માલમ નહી પડયુ કે એ પાણીનો એવો રગ શા સબબે છે અને એ પાણીમાથી એકાએક જોશ આવીને જાનવરોને શા વાસ્તે ખેચી લે છે? તે વાતનો ખોલાસો મળ્યોજ નહી. તે જગા ઘણાક નાના પથરા પડેલા દીઠા તે પથરાની ખાસ્યત એ હતી કે જે તેમાથી બે પથર હાથમા પકડીને તે પથરને એક એક સાથે ઘસે તે વખત એક અજાયબ પવન આવતો અને પછી વરશાદ તથા બરફ આસમાન ઉપરથી વરસતુ. તે પથર અગર કોઈ તે જગાથી બાહેર લઈ જઇને બીજા મુલકમા એ રવેશ ઘશીને વરશાદ વરશાવા ચાહે તો તે હરગેજ તે જગાએ બને નહી. તે

જગાએ બીજા પણ પથરા ઘણા હતા તે પથરા ઉપર વરસાદના ક્તરા પડતા ત્યારે તે પથરા ઉડીને વાદલ સાથે અથડાતા, તેની દેહેસ્તે તે જગાથી વાદલ શેતાબ આગળ ચાલી જતા ! એ મિસાલ તે જંગલમા અજાયબ તમાશો જોઇ જહાપેહેલવાને લસ્કરને શાગેર નામનુ એક શેહેર હતું તે શેહેર તરફ ચલાવ્યુ, અને તે શેહેરની નજદીક જઈ દેહેરા મારયા તેથી તમામ લસ્કરે ત્યા મુકામ કીધો જ્યારે શેકાર વાસ્તે બાહેર નિકલ્યા તો તે જંગલમા હરણ. ગોરખર, શાબર, શીહાગોશ, સસલા અને દુમબા વગેરે ભાતભાતના ઘણાક શેકાર હતા તે જગા જહાપેહલવાન બાજે સવારો સાથે શેર મિસાલ હર તરફ ફરતો હતો અને ગોરખરો ઉપર તીર મારી શેકારોને જમીન ઉપર નાખતો હતો એમ કરતા એક ચશ્મો પાણીનો હતો તેની નજદીક એક ઝાડ દીઠુ તેથી જહાંપેહેલવાને પોતાના ઘોડાની લગામ તે તરફ ફેરવી અને આશાએશને વાસ્તે તે જા । જઇ પોહોચ્યો ત્યારે એકાએક પોકાર ઉઠયો અને તે ઝાડ નજદીકથી એક ઓરતને આવતી દીઠી તે ઓરતે પોતાની ગોદમા એક નાનુ બચ્ચું પકડેલુ પણ તે ઓરત હરણના કરતાબી ઘણી તેજીથી દોડવા લાગી તેથી જહાપેહેલવાને પુછ્યુ કે એ મીસાલની ઓરત કોણ છે ? બાજે જુદા મર્દો સાથે હતા તેઓએ જવાબ દીધો કે ‘એબી આપણી મિસાલના આદમી છે. એ જગલમા આગલ ચાલતા એ જાતના આદમી બેશુમાર આપણી નજદીક આવશે. એ લોકો સુરતે આદમીની મિસાલના પણ તન ઉપર કુંબાની મીશાલ ઉન છે એ જાતને દેવની મીસાલના તેજ નખ છે. દોડવામા હરણ મીસાલ તરાપ મારે છે એ આદમીઓમાથી એકાએક કોઇ આપણા હાથમા આવી શકે નહી ! અગર હુનરે કરી કોઇને ફાંદામાં લાવ્યો તો તેજ વખત પોતાના જીવથી મરી જાય ! એ લોકોમા અગર કોઇ બીમાર થાય અને માદુ થાય તેને સામે પાહાડ નજર આવે છે તે પાહાડ ઉપર લઇ જઇ ઘણાક આદમી તેની આસપાસ ઉભા રહીને જારીનો પોકાર બાગેબુલદ કરે છે, ત્યારે એકાએક આસમાન ઉપર વાદલ થઇને વરસાદ વરશીને ને બીમાર આદમીના તનને ધોય છે. તે લોકો ખુશી થઇ તે બીમારને પાછો લઈ આવે છે કે શેતાબ આરામ થશે

અગર ને જગો વાદલમાંથી વરશાદ નહી વરસે તો તે લોકો નામુરાદ થઇને તે બીમાર આદમીને તેજ જગા નાખીને જતા રેહે છે કે એ શખસ મરવાનો છે" એ મિસાલની હકીકત સાભળીને કેરશાસ્પે નરીમાનને ફરમાવ્યુ કે એમાથી એક આદમીને પકડ, તેથી નામદાર નરીમાને પોતાનો ઘોડો નખાવીને તેમાથી એક આદમીને કમદ નાખીને પકડ્યું અને જહાપેહેલવાનની નજદીક લાવ્યો. તેને જહાપેહેલવાને પોતાની સાથે રાખ્યુ પણ તે આદમી થોડા વારમા મરી ગયુ

શાગેર શેહેરના પાદશાહે જહાંપેહેલવાન કેરશાસ્પ સાથે સુલેહ કીધી તે વીગેરે બીજી હકીકત.

જહાપેહેલવાન કેરશાસ્પનુ શેકારગાહમાથી પાછુ ફરવુ થયુ ત્યારે શાગેર શેહેરના પાદશાહનો એલચી ઝબાની પેગામ લઈ આવ્યો કે "અય નામદાર પેહેલવાન ! મને અગાઉથી ખબર થઇ છે કે તું ઇરાન જમીનથી લડાઇનો કસદ કરી ફગફુરચીન ઉપર સલામી કબુલ કરાવવા જાય છે પણ હું તે ફગફુરચીનનો એક કમીનો બંદો છુ. તે પાદશાહ ફગફુરે આ મુલકનો મને હાકેમ કરી અને મને પોતાની તરફથી એ તાલુકામા રાખેલો છે. એ શેહેરથી પાદશાહ ફગફુરના તખતની જગા બે મહિનાની દુર છે વાસ્તે તે પાદશાહ પાસેથી તુ જે કાંઈ લેવા ચાહતો હોય તેથી બમનું મારી પાસેથી લે અને તુ એ જગા મકાન કરી રેહ પછી ફુરસદે તું એક નામુ તે પાદશાહ ફગફુર ઉપર લખી તુ નામદાર તેનો જવાબ મંગાવ. અગરજો તે પાદશાહ ફગફુર મારી મિસાલ નરમી પકડીને તારી સાથે સુલેહ કરશે તો અમો જે કાઇ ફગપુરના અમીરો તેની તરફથી મુલકો ઉપર તાલુકદાર છીયે તે સર્વે કોઇ તારા ફરમાબરદાર છીયે. તે કરતા અગર તુ નામદાર બીજા મુલકો ઉપરથી સલામી લેવાનો હોય તો તુ તે તરફ જા અને તુ તે

જ્યાથી સલામી લઇ ફારેગ થાય એટલામા પાદશાહ ફગફુરના નામાનો જવાબબી આવી પોહોંચશે" જહાપેહેલવાન ફેરશાસ્પે શાગેરના પાદશાહથી જાવાહ ભરેલા સખુન સાભળ્યા તેથી ખુશી થઇ તેણે કહ્યુ તે મુવાફેક કીધુ અને પોતાના લશ્કરને ઢંઢેરો કરી ફરમાવ્યુ કે "આપણને શાગેર શેહેરના પાદશાહ સાથે સુલેહ થઇ છે તેથી તમામ લશ્કરને જાહેર થાય જે કોઇ એ શેહરની રૈયતને કશી હરકત કે ઇજા કરે નહીં જેને કામ વાસ્તે શેહેરમા જવુ હોય સો બેલાશક જાય." એ રવેશે હુકમ કરી જાણુંથી લશ્કર હતુ તેને હલાયદુ કાહડી નામદાર નરીમાનને હવાલે કરી ફરમાવ્યુ કે "ફગફુર ચીનના શેહેરો શિવાય બીજા પાદશાહોને તાલુકેના જે શેહેરો હોય તેની તરફ જઇ સલામી કબુલ કરાવે" પછી પોતે નરીમાનને પોતાની નજદીક બોલાવી નસીહત કહી કે "અય બેટા! હુ નશીહત કરૂ તે તું કાન ધરી સાભળ અને મારી નસીહત યાદ રાખી તે ઉપર અમલ કરે તો તને બે જહાનમાં ફાયદો થશે જવાન આદમી ઘણુબી દાનાવ હોય પણ બુઢા આદમીની વાત તથા નસીહત ઉપર કાન કરે તો તેને હરેક કામમા કોશેશ કરવી પડે નહીં, પણ આશાનીથી શિતાબ તેનુ કામ બની આવે જગી નરીમાન! તુ આજ લગી એકલો લશ્કર સાથે મુલકો ઉપર ચઢાઇ લઇ ગયો નથી અને તે દુનિયાની ગરમી તથા સરદી ખુરી દીઠી નથી. વાસ્તે હું તને લશકર ચલાવવામા તથા શબેખુન કરવાના હુનર બતાઉ તે તારા દિલમા ઉતારી તે ઉપર અમલ કરજે, તુ પોતાના દુશ્મન સાથે લડાઇનો મામલો કરવા ચાહે ત્યારે જે પેહેલવાન દેલાવર હોય તેઓને હરોલમા મોકલજે અને લશ્કરને આગળ કરીને તેની પછવાડે બહાદુરનગા રાખજે અને તેની આસપાસ જે કોઇ લડાયક સવાર હોય તેને રાખજે. તથા હરવખત પાહાડો ઉપર દીદબાન મેલી જગલમા તલાયાને હુસ્યારીથી ફરતા રાખજે હરીફ ઘણો જબરદસ્ત હોય અને તે ભારી લશ્કર સાથે આવી મોકાબલે પડે ત્યારે લડાઇમા અજમાવેલા જે મરદો હોય તેઓને કમીનગાહમા ફરતા રાખી દુશમનના લશકરની ખબર દમબદમ મગાવતો રેહેજે. ખુબ ફુરસદનો વખત જોઇ તેના લશ્કર ઉપર પેલા કમીનગાહનાં મરદો સાથે જઇ શબેખુન મારજે. લડાઇનાં દાહડા ઉપર શેકા-

રઘાહ જવું તથા શરાબનું પીવુ કમ રાખજે. રાતને વખત ઘણી એવી રાત ગયા પછી ઉઠજે ને બડી બામદાદ આગળ ઉઠવુ રાખજે. લશકર આસપાસ રાતને વખત તલાયા મેલે તો પોતાના એતેબારી લોકો હોય તેઓને મેલજે. શબેખુન કરવા જાય ત્યા પોતાની સાથે પુરા ભોમ્યા, તમામ પાહડો તથા જગલની ગલીગુચીથી વાકેફ હાય તેઓને સાથે રાખજે, પોહોરા ભરનારા સીપાહીઓને ઘણું ખાણું ખાવા દેતો નહીં. શરાબની કમ પીવા ફરમાવજે. રાતને વખત તુ આરામ કરે ત્યા પોતાનો ઘોડો તથા લડાઇના હથ્યાર પોતાની પાસે તૈયાર રખાવીને ખાબ કરજે. જે દાહાડે લડાઇ થઇ હોય તે દાહાડે રાતને વખત પોતાનાં લશકરના કેટલાક સવારોને કમર તથા ઘોડાના જીન બાંધેલાજ તૈયાર રાખજે. જે વખત તુ લડાઈ કરવા જાય ત્યારે પોતાના લશકરને દરમાયો આપી રાજી કરી પછી લડાઇ ઉપર જજે. અગર તુ પોતાની જાને દુશ્મન ઉપર તલવાર મારી ફતેહ કરી આવે તો પોતાના લશકરની તારીફ કરજે કે તમામ લશ્કરે આજ રોજે મેહનત ઘણી કીધી છે પણ ગુમાન કરીને એમ ના કહેતો કે તલવાર તો મે પોતાની જાતે મારી છે! બામદાદને વખત તુ પોતાના તખ્ત ઉપર બેસે અને તારા લશ્કરના સીપાઇ તારી નજદીક સલામ વાસ્તે આવે ત્યારે તેઓને ઘણીક આબરૂ આપી પોતાનુ સર નમાવી તે લોકોની સલામ લેજે લડાઇને વખત સરદાર લોકોને બુલદ હાથી ઉપર સવાર કરાવી તેઓના સર ઉપર ઝુડા રખાવજે કે તમામ લશકર તે સરદારને જોય તો બેવડી હિમત વધતી જાય, આપણી પાસે લશકર કમ હોય તો તે લશકરને હરરોજ જુદી તરેહના પોશાક પેહેરાવીને નવી નવી તરેહના ઝુડાઓ સાથે બાહેર કાઢીને ફેરવજે. પોતાના લશકરના નકારાના વજાડનારા તથા કરનાયના ફુકનારા હરદમ જવાન રાખજે લડાઇના મેદાનમા જાય તો પોતાના જોર ઉપર મગરૂર રેહેતો ના. બાજે જગો ચારા તથા હુનરનુ કામ આવી પડે તો ત્યાં બેહુદાપણાથી જોર કરતો ના! કેટલાક કામ જોરે થતા નથી પણ ચારા ને હુનરથી પેશ પડે છે દુશ્મન એકાએક સુલેહ કરવા આવે તો અંદેશાથી કામ લેજે, 'ગબાદા દગો નહીં થાય. આપણો દુશમન

શેકસત ખાઇને નાહાસી જાય ત્યારે હુસ્યારીથી રેહેજે. દુશમન એકાએક
રાતને વખત પોતાનો તમામ અસબાબ પડતો મેળી નાહસી જાય તો
એકાયક તેનો અસબાબ લુટવા લશ્કરને મોકલતો ના, મબાદા દુશમનોએ
ફ્રેબથી બાજે જંગોએ કમીધાહ કીધી હોય તો આપણે હલાકીમા આવ્યે-
આપણુને ખબર થાય કે દુશમનના લશ્કરના સીપાહી ઘણા સુસ્ત થયલા
છે અને પોતાના પાદશાહથી બેદિલ થયા છે, ત્યારેજ લડાઇનુ નકારૂ
કરાવી લડાઈ માગ્યે કે તે બેદિલ લશ્કર નાઉમેદીથી શિતાબ નહાસી જશે,
નાહાસતી વખતે સીપાઇ સરદારો જીનહાર માગે તો શિતાબ તે લોકોને
જીવતદાન બક્ષજે કારણ કે તેઓએ તારી સામે તલવાર બાધી નથી
દુશમન પોતાના જીવ સલામત લઇ નાહાસતા હોય ત્યારે તુ તેની પછવાડે
દબદબો કરતો ચાલ્યો જજે. પણ એકાએક તે લોકો ઉપર જાસ્તી કરતો
ના, કારણ કે તેઓ આજેજ થયલા પોતાના જાન ઉપર આવે તો સર્વ
કોઇ એક દિલ થઇ એવી લડાઇ કરે કે તે વખતે તે જીવપર આવેલા
લોકો પોતાનો જાન આપે યા આપણો જાન લે, વાસ્તે તે નાસતા લોકો
પછવાડે ઘણો દોડનો ના, તે લોકોને એકાએક ઘેરામાબી લેતો ના. અગર
દુશ્મન આપણા હાથમા બદીવાન હોય તો એકાએક તેને જીવથી મારતો
ના, અગર આપણે દુશ્મનના હાથથી શેકસ્ત પામ્યે તો તેની શરમને
વાસ્તે પોતાનો પ્યારો જાન ખોહીયે નહી શિતાબ ઘોડો ફેરવી તે
જગાથી નહાસીને પોતાનો જાન બચાવવો એ વાતની કશી એબ નથી.
ફતેહમદી તથા શિકસ્ત પામવુ કાઇ જોર ઉપર નથી, એ તો આસમાનની
ચાલ ઉપર છે તેથી વખત જોઇ બાજી સભાળ્યે, ને જાન બચાવ્યે. તારા
લશ્કરમા દુશ્મનના લશ્કરનો જાસુસ આવેલો હોય અને તે તારા હાથમા
પકડાય તો તેને મારતો નહી પણ એકાત લઇ જઇ તેને નવાજીને તેને
ખબર પુછવાની બાજી ખેલજે તે શખ્સ તારી નવાજેશના હેશાનથી
અલબત તને કાઈ પોતાના લશ્કરની છુપી ખબર કેહેશેજ તારેથી થઇ
આવે તો પોતાના દુશમન સાથેબી ખુબી કરી તે સાથે સુલેહ કરજે તુ
જોય કે દુશમન આપણી નસીહત સાભળતો નથી અને શરકશીથી
ખીના જવાબ દે છે ત્યારેજ લડાઇ કરજે પણ લડાઇ કરી દુશમનને

પરાંગંદે કીધા પછી તેના લશ્કર તથા રૈયતને હરગેજ આજાર દેતો ના. અય બેટા! ખોદાતાલાની ખલક તે હકતાલાની અનામત છે અગર તે અનામતને તું શેખીથી દસ્તદરાજી કરશે તો તારાથી હકતાલાને જવાબ દેવાશે નહી, અને તે જેહાનમાં તારૂ રવાન શીહા જગો ઉપર ખોહારીથી પડશે આ જેહાનમા કયામત લગી લ્યાનત પડશે વાસ્તે હકતાલાની ખલક સાથે ખુબી કરી દાદ ને ઇનસાફની રાહ ઉપર ચાલજે ને આ જેહાનની નેક ચાલે તે જેહાનમા પોતાના રવાનને રોશન રાખજે!"

એ મિસાલે જહાપેહેલવાન કેરશારપે નરીમાનને નસીહત કરી કહ્યું કે "મારી તમામ નસીહત તુ યાદ રાખજે પણ આ એક સખુન તને કહુ છુ તે ધ્યાનથી સાભળ કે તુ પોતાનો કોલ તોડતો ના! અગર કોલની વાત ઉપર તારો જાન જાય અથવા તારા લશ્કરનો જાન જાય તો બેહેતર છે પણ પોતાના કોલ ઉપર હરદમ ઓસ્તવાર અમલ કરજે! હુ જે દુશમન લોકો ઉપર ફીનો લઇ ફત્તેહ પામ્યો તે દાના લોકોની નસીહત સાંભળી યાદ રાખ્યાથીજ પામ્યો છુ" સરફરાજ કેરશારપે એટલુ કહી પછી જાણીતી લશ્કર નામજોય નરીમાનને હવાલે કીધુ. તે લઇ દલેર નરીમાને તે જગાથી કુચ કીધી.

જઇ પોહોંચ્યો નામદાર નરીમાન દારવેશાન શહેરમાં તે વીગેરે બીજી હકીકત.

નામદાર નરીમાનને લશ્કર લઇ આગળ ચાલતા એક હફતો તમામ થયો ત્યારે રાહમા એક શેહેર દીઠું, તેની નજદીક એક પાહાડ હતો, તે પાહાડ ઉપર તમામ સુનાની ખાણુ હતી તેથી તે શેહેરનાં તમામ લોકો પાહાડ ઉપર હરરોજ જઇને પોતાના ખરચ મોઆફેક તે પહાડી જગાથી સુનુ લાવી પોતાનું ગુજરાન કરતા હતા. અગર કોઇ શખ્શ

ખોરાક કરી પોતાના અનદાજા કરતા વધતુ સુનુ લેતો તે શખ્સ પોતે તથા તેના જે અતલગ ખેશ કબીલાના લોકો હોય તે શેતાબ મરણ પામતા હતા! તે શેહેરના તમામ લોકો જાતે ફકીર હતા અને તે લોકોના પોશાક તથા બીછાના સર્વે ઘાસના હતા એક બુઢો મરદ નરીમાનની સાથે હતો તેણે જ ગી નરીમાનને કહ્યું કે "અગર આપણા લશ્કરનો એક શખ્સ એ જગો બુલદ આવાજે સખુન બોલશે તો એકાએક વરસાદ વરસીને એક રેલ ઘણી ભારી ચહડી આવશે તેથી આપણે સર્વ કોઈ ગરક થઇ જઇશુ વાસ્તે સર્વ એ જગાથી ખામોશ ચાલે, નહીં તો આપણુ તમામ લશ્કર ગરક જશે વળી મે બીજા બુઝર્ગોથી સાભલ્યુ છે કે એ જગા એક બીજો પાહાડ છે તે પાહડના પથર ઉપર અગર કોઇ શખશ લોહોડુ ઘસડે તો તેજ વખત તમામ જેહાન વરશાદના પાણીએ ભરાઇ જાય! અગર તે પાહાડની નજદીકથી કોઈ સવાર જવા ચાહે તો અવ્વલ પોતાના ઘોડાની નાલ ઉખેડી તેની ખડીને નાલની જગો ઉનનુ કપડુ બાધે ત્યારેજ તે શખ્સ તે જગાથી સલામત નિકળી જાય નહીં તો તેના ઘોડાની નાળનુ લોહોડુ પેલા પાહાડના પથર સાથે ઘસડાય તો એકાએક વરસાદ વરસી રેલ એવી આવે છે કે સો વરસનુ જુનું ઝાડ હોય તેનેબી ઉખેડી નાખે, વળી આગલ જતા ચીનની સરહદમા એક પાહાડ આવશે તે જગો બે ફરસગ લગી કશી રોશની છેજ નહીં"

એ હકીકત સાભળી પેહેલવાન નરીમાને પાક યઝદાની કુદરતના શુકરાના કીધા અને પોતાના લશ્કરમા મનાદી ફેરવી કે એ જગાએ કોઇ શખસ બોલે નહી. આખરે તે જગાથી સર્વ ખામોશ રહી આગળ ચાલ્યા એમ કરતા રાહમા એક જ ગલ ઘણુ ભારી આવ્યુ જેમા એક ચશમો દીઠો, તેના પાણી લાલ લોહીની મિસાલ શોરખ ર ગના હતા. તે ચશમા નજદીક સાબર જાનવર પથ્થરનુ બનાવેલું ઉભુ રાખેલુ અને તે જ ગલના જાનવરમા જે આજારી પડતુ તે આવીને પેલા પથરના સાબેર સાથે પોતાનુ તન સારી તરેહથી ઘસડતુ. અગર જો તેની જીંદગાની બાકી હોય તો તે જાનવર તેજ ઘડી આસુદુ થતું હતુ અગર જો તેની અજલ આવી હોય તો તે તેજ વખતે જગો મુરદું થતુ. તે તમાશો

જોઇ તે જગાથી આગળ ચાલ્યા. ત્યા એક શેહેર ઘણુ ખુશ આબોહવા ભરેલુ દીઠુ, તેની નજદીક પાહાડ ઘણો બુલંદ હતો. તે પાહાડ ઉપર નેતરના ઝાડ તથા તીરના બરૂના ઝાડ શિવાય કાઇ બીજુ' હતુ નહી તેની અંદર એક જંગલ રંગીન હતું, તે જંગલમા ઘાસની જગા તમામ ઝાડોની ખાસ્યત પાન ઝેરની હતી, અગર કોઇ તે ઝાડના પાતરાને ખાલેશ શરાબ પીતી વખતે ખાય તો તે શખ્સ ઉપર ઝેર અસર કરતુ નહીં પણ તે પાહાડ આસપાસ કેટલાક નેગેહેબાનો તે જગાના પાદશાહે મેલેલા હતા તેઓ જે કોઇ તે જગાએ આવી પોહોચતુ તેને થોડો ઘણો હદીઓ નજર કરયા વના પાછો નહી ફેરવતા હતા તે લોકોને ખબર થઇ કે નામદાર નરીમાન જાબુલ જમીનના નામદારો સાથે આવી પોહોચ્યો છે તે વખત તેની નજદીક પેલા પાન ઝેરના ઝાડો, બેકીમત ગોહરો, ચીનાઇ અતલશનાં તાકા તથા ઘણુંક સુનુ વગેરે હદીઓ લઈ જઇ પેહેલવાન નરીમાનને નજર કીધુ, તેથી નરીમાને તે લોકોને ઘણીક આબરૂ આપીને પોતે એક હફતા લગી તે જગા મુકામ કરી રહયો તે શેહેરમા બાગ તથા બગીચા ઘણા હતા, પણ તે જગા એક ચશમો ઘણો ભારી હતો તે ચશમાના પાણી તમામ મધની મીશાલ ગલ્લા તથા મીઠાં હતા ! આફતાબ બામદાદને વખત પોતાના રોશન ચેહેરાએ કરી તમામ જેહાનને સમારતો હતો યાને બામદાદનો વખત થતો ત્યારે તે ચશમાની અંદરથી એક પોકાર ઉઠતો અને પછી તેના પાણીપર બેશુમાર પથર નજર આવતા હતા આફતાબ પોતાનુ નુર છુપાવતો યાને શીહા રાત થતી ત્યારે તે તમામ પથર પાછા પાણીમા ડુબી જતા ! તે પથરોમાથી અજમાયશને વાસ્તે નરીમાને કેટલાક પથર બાહેર કહડાવી પોતાની સાથે રાખ્યા અને ત્યાથી કુચ કરી એક હફતા લગી મંજલ દર મંજલ આગળ ચાલ્યા. તે જગા એક જંગલ ગોસપંદના ચારાએ ભરેલુ' દીઠુ પણ તે જંગલમાં ઉડતી લોંકડીઓ હતી યાને મોર્ગ ઉડે તે મિસાલ પાહાડ તથા જંગલમાં' ઉડતી અને તે લોંકડીઓના પર તમામ દવાઇ ઉપર કામ આવતા તેનો પોકાર જે સાભળતુ તેને બદફાલ નજર આવતી તેમાથી ઘણીએક લોંકડીઓનાં સર કાપી તેનાં પર ઉખેડી લઈ તે જગાથી, આગળ ચાલતાં, એક શેહેરમાં જઇ પોહોંચ્યા,!

તે શેહેરની નજદીક એક ઉંડો ખાડો કુવા મિસાલનો હતો તે અંદર એક ચશમો ખાલેશ રૂપા મિસાલ સફેદ હતો, તે ચશમા અંદર હરએક ચીજ દસ રતલથી તે એક હજાર રતલના વજનથી ભારી નાખતો કે આસમાનના પાણીની મોજ પાહાડ મીસાલ ઉંચે ઉડતી અને પેલી ચીજને બાહેર જમીન ઉપર કહાડી નાખતી હતી તે શેહેરના લોકોમા કોઇ ઉપર ચોરીનુ બાહાનુ અથવા ખુનનું તોહોમત આવેલુ માલમ નહીં પડતુ હોય કે એ તોહોમત એ શખશને સર સાચુ યા જુઠુ છે એવો શક પડતો હતો ત્યારે તે શખ્શના હાથ પગ ઓસ્તવાર બાધી તે ચશમામા બેદહેસ્ત નાખતા હતા. અગર જો તે શખ્સ ચોરી અથવા ખુનનો ગુનેહગાર હોય તો તેજ વખત તે ચશમા નીચે જઈ શિતાબ મરી જતો અને બેગુનાહ હોય તો શેતાબ તે પાણી તેને પાછો બાહેર કાઢી મેલે એવી તે ચશમાની કરામત હતી.* તે પછી એક જંગલ બીજુ દીઠુ તેમા એક ઝાડ ઘણુ બુલંદ હતું તે ઝાડનુ થડ લીલુ તથા શાખ જરદ હરતાલ મીસાલ પીળા રંગની-હતી તે ઝાડની નીચે એક ચશમો હતો, તેનાં પાણી શીહા ફીરની મીશાલના હતા। તે જંગલના તમામ જાનવરોનો રાબેતો હતો કે જે બીમારીથી આજેજ આવતુ તે શેતાબ પેલા ચશમાની અંદર ઉતરી પોતાનુ તન ધોઇ ગોશલ કરી પેલા ઝાડ આસપાસ ફરી આવી તે નીચે બેસી તેની પરશતેશ કરતુ હતુ, અગર તેની હૈયાતી બાકી હોય તો તેજ વખત તેના તનમાથી દુખ બરતર્ફ થતું અને તન દરોસ્ત થઈ પોતાની જગો ઉપર જતુ, પણ તેની ઉમર કોતાહ થઈ હોય તો તેજ વખત તેનો જાન હકતાલાને હવાલે થતો હતો એ રવેશ હકતાલાએ તે જગાના જાનવરોની દવાઇ પેદા કીધી હતી, તેથી તે ઝાડ આસપાસ

---

* બુનદેહેશ (બાબ ૨૨) માં "ફ્રઝદાન" સરોવર માટે કહે છે કે જો એક અશો માણસ આ સરોવરના પાણીમા કાઇ ચીજ નાખે તો તે પાણીમા પડી રહેતી. પણ કોઈ દરવંદ તેમા કાઇ ચીજ નાખે તો તેને પાણી બહાર ફેકી દેતુ વળી મોટી બુનદેહેશમા એક જાતના આતશ માટે કહે છે કે જો કોઈ પાક ચીજ તેની ઉપર મુકવામા આવે તો તે કબુલ કરે, પણ કોઈ નાપાક ચીજ તે ઉપર નાખવામા આવતી તો તે આતશ તુરત તેને ફેકી દેતો

એ તીરની લબાઇ સુધી તરેહવાર જાનવરોના ચામડા પડેલા હતા. તે ઝાડ આતશથી બાળો તો બળે નહી ! તે જંગલમા ઘણાક ચીતા તથા વરૂ હતા, તેઓ આસપાસ હરણુ ને ગોસ્પદના ટોલા બેશુમાર હતા, પણ તે ચીતાથી હરણુને તથા વરૂથી ગોસ્પદને કશો દર હતો નહી ! આગલ જતાં એક શેહેર દીઠુ તેની નજદીક એક નદી હતી તે આસપાસ આદમીના ટોલા ફરતા હતા, તેઓ નદીમાથી ડુમબાનુ ઉન બાહેર કાઢતાં હતા. તે લોકોને પુછવામા આવ્યુ કે "ઉન શા કામને વાસતે બાહેર કહાડો છે ?" ત્યારે તે લોકોએ જવાબ દીવો કે એ ઉનનુ કપડું જે કોઇ પેહેરે તે ઉપર આતશ તથા પાણી તથા ગેરદ કાંઇ પણ કારગત થાય નહીં ! એ સખુન સાંભળી તમામ જાબુલી લશકરે પણ તે જગોથી બેશુમાર ઉન બાહેર કહાડી સર્વ કોઇએ કપડા બનાવ્યા. તે પછી તે જગા એક બહુરૂપી આદમી દીઠુ તેનુ તન ચીતા મીશાલ ચીતારદાર હતુ. તેની આખ ત્રણ હતી તેમા બે આખ જગા ઉપર હતી અને એક પેશાની ઉપર હતી તેના હાથ ભુંડની મીસાલ હતા ! નખ શેરની મીસાલ તેજ હતા ! તે આસપાસ બેશુમાર આદમીઓ અદબથી ઉભા રહી તેની નજદીક ઘણાંક સાપ તથા વીછુ લાવી મેલતા હતા. તે જીવતા સાપને તથા વીછુને તે બહુરૂપી ખાઇ જતો પણ તેને કાંઈ ઇજા થતી નહીં. તેને જોઈ પેહેલવાન નરીમાન ગુસ્સામા આવ્યો તેથી તલવાર ખેંચીને તે નાપાકનું સર તનથી દુર કીધુ પછી તે જગાથી આગળ ચાલ્યો ત્યા રાહમા બે જંગલ ઘણા તંગ હતા તે જંગલમા તમામ મજીઠના ઝાડ હતા. તે બે જંગલ દરમ્યાન એક પાહાડ બોરજ મીસાલનો હતો, તે પાહાડ ઉપર બેશુમાર વાદરાના ટોળા હતા તે પાહાડ આસપાસ ઘણાક ચશમા હતા; તે ચશમાના પાણી શીહા હતા તથા તેની નજદીક એક તલાવ દરિયાવની મીસાલ બુલંદ હતો. તે જંગલમા એક શેહેર આબાદ થયલું હતુ. તે શેહેરમા બેશુમાર માલ ખજાનો હતો પણ તે લોકોમાથી ઘણાક આદમીઓને પેલા વાદરા પાહાડ ઉપરથી આવીને લેઇ જતા હતા. તે શેહેરનાં તમામ અમીરોનો પોશાક મોતીનો હતો. તે શેહેરના લોકોનો રવૈયો એ હતો કે કોઇને પૈસા વગેરે બીજી ચીજની ગરજ પડતી ત્યારે

પોતાના ફરજંદોને ગોલામ મિસાલ વેચી પોતાનો ઓકાત ચલાવતા હતા. તે શેહેરનાં લોકોએ જઇ પોતાના પાદશાહને ખબર કીધી, કે એકાએક એક મોટા લશકરે આવી આપણા શેહેર નજદીક દેહરા મારયા છે તેવામાં પેહેલવાન નરીમાનનો એલચીબી ઝબાની પેગામ લઇ તે પાદશાહ પાસે સલામી કબુલ કરાવવાજ આવી લાગ્યો પણ તે પાદશાહનુ બખ્ત બરગરતે થયલુ હતુ તેથી તેજ વખત તે એલચીને તમાચા મરાવી ખોહારીથી કાહડી મેલ્યો અને શેતાબ લશકર તૈયાર કરી નરીમાનની લડાઇને વાસ્તે શેહેરમાથી બાહેર નીકળી દેહરા મારયા ! તે પાદશાહનુ લશકર ઘણુંક દલેર હતુ પણ નામદાર નરીમાનની તલવારથી કોઇ જાન સલામત લઇ ગયા નહી નામદાર નરીમાને તે પાદશાહને જીવતો પકડીને પાંજરામા બંધ કીધો પછી તેના શેહેરમાથી બેશુમાર જર ખજાનો બાહેર કાહાડયો અને તે શેહેરને આતશે કરી બાળી ખાક બરાબર કરી નાખ્યુ પછી તે જગાથી આગળ ચાલ્યા અને જે પાદશાહે નરીમાનથી ફરમાબરદારી કબુલ કીધી તેના શેહેર તથા પાદશાહી આબાદ રહી અને જે કોઇએ શરકસી કીધી તેના મુલક પાયમાલ કરી નાખીને તે પાદશાહોના સર ખાકમા નાખ્યા !

નામુ લખ્યુ જહાંપેહેલવાન કેરશાસ્પે શાહાનશાહ ફગફુરચીન ઉપર તે વીશેનુ દાસ્તાન

હવે પેલી તરફ જહાપેહેલવાન કેરશાસ્પે નામદાર નરીમાનને જાણુંલી લશ્કર સાથે મુલકગીરી ઉપર મોકલ્યા પછી પોતે નવીશદાને બોલાવી ફરમાવ્યુ જે "એક નામુ ગુસ્સાથી કીના ભરેલુ ફગફુરચીન ઉપર લખ; તેમા લખ, કે જે મીસાલે શ્રી તાતાર દેશના પાદશાહ ખાકાન એકર ઇરાન જમીનના બુઝર્ગ પાદશાહ ફરેદુનનો હોકમ પોતાના સર ઉપર ચહડાવી સલામી કબુલ કરી ઘણાક હદિયા સાથે મને

એસ્તોકબાલ આવી મલ્યો તે મિસાલે તું પણ સલામી કબુલ કરીને બેકીમતી હદિયો સાથે લઈ આવીને શેતાબ મને મળ! અગર તું પોતાના મગજમા મગ-રૂરીનો તોર રાખી પાદશાહ ફરેદુનનાં ફરમાનને કબુલ નહીં કરશે તો તારાં સરને તારા પાઉ નીચે નાખી હુ તને ખાકનુ તાજ કરશ યાને તારા સરને ખાકમા નાખશ" એ રવેશ લખવાને નવીશંદાને ફરમાવ્યુ તેથી તેજ વખત નવીશંદાએ નામુ લખવા માડયુ તે નામાના સર ઉપર જહાનના પેદા કરનાર પાક પરવરદેગારનુ નામ લખ્યુ કે "તે ગયબદાન સાહેબ કોઈને નજર આવતો નથી. પણ જે શખ્સ દાનાઇ તથા અકલ રાખે છે તે શખ્સ પો-તાની અકલની આખે કરી તે સાહેબને નજરે જોય છે રોજે અવ્વલથી તે આખેર લગીનો પાદશાહ તેજ છે અને તેની પાદશાહીને હરગેજ જવાલ પોહોચતી નથી. તેનો ખજાનો તે જમીન ઉપર જે કાંઇ તેની નેક પેદાયશ છે તે છે તથા તેનુ તખ્ત આસમાન છે. તેનુ લશ્કર તમામ શેતારા છે! આફતાબ અને માહાતાબ તેના લશ્કરના ઝુડા છે આપણુ આદમીજાત બન્દગી કરયે છીયે તે તેનો શેકાર છે એ રવેશનો તે પાદશાહ અવ્વલથી છે અને હમેશા રેહેશે. આ દુનિયાના પાદશાહોને ફના થઈ તેની નજદીક જઈ પોતાનો હીસાબ આપવો છે આ નસીહત ભરેલુ નામુ જાણુલ સર-જમીનના પાદશાહ જહાપેહેલવાન કેરશાસ્પે તુ બુઝર્ગ બુનિયાદના ફગફુર-ચીન ઉપર લખ્યુ છે, કારણુ કે તારા અદલ ઇનસાફથી તમામ ચીનનો મુલક આબાદ છે તમામ તુરાન તાતાર જમીનના બીજા પાદશાહો કરતા તુ બુઝર્ગ છે તારૂ દિલ હમેશ અકલના ઘોડા ઉપર સવાર છે તુ દાના દુરઅંદેશ છે તેથી તુ જાણુ કે ઇરાન જમીનના પાદશાહી તખ્તે બીજો રવૈયો પકડ્યો છે અને જમાનાઓએબી દાદ અને દીનની રાહ પકડી કે પાક તનના ફરેદુને પોતાના નેક સેતારાની મદદે કરી નાપાક અકલના જાદુગર જોહાકને જેર કીધો અને તે જુલમગારને લઇ જઇને દેમાવદ પાહાડ ઉપર બધ કીધો છે તેથી જોહાકના જુલમથી તમામ જેહાન ખલાસી પામી છે. ઇરાન મરજમીનના તખ્ત ઉપર દાદગર પાદશાહ ફરે-દુન પોતે બેઠો છે, અને તેના દાદ તથા ઇનસાફે તમામ જેહાને તાજગી પકડી છે હર જમાના પાદશાહો તેના તાબામા ફરમાબરદાર થયા. એ

અને સપેહેસાલાર ગાવે અહગરને ખાવર જમીન તરફ ઘણુંક લશકર સાથે મુલકગીરી ઉપર મોકલ્યો છે કે તે તરફના તમામ મુલક ઉપરથી સલામી લે. આ તરફ મને મોકલ્યો છે હુ તુ ફગપુરચીનની તરફ જઇ એ મુલકોથી સલામી લઇ ચીનનો હદિયો ને સલામી ઉઘરાવુ એ રવેશ પાદશાહ ફરેદુને મને હોકમ કીધો છે વાસ્તે હુ એ તરફ આવ્યો છુ. અય ફગપુર! તુ જાણે છે કે મે હીંદુસ્તાન, સીંધ, જગબાર, સરનદીપ, અને કાબુલમા શુ કીધુ છે? અને મે મારા બચપણના વખતમા મસ્ત ને જબરા હાથી, ભારી અઝદાહ, તેજ ચુગાલના દેવો, શેર તથા વરૂ વગરે બીજા દરદા જાનવરો સાથે શી રવેશે મરદાનગી કીધી છે? એવા દરામણા જાનવરોની મારી લડાઇથી ખલાસી થઇ નહીં તો તુ મારી સાથે લડીને શું ફેજ કહાડશે? અવ્વલ તું દાનાઈ તથા અકલની આખે નેગાહ કરી તારા મુલકને નુકસાન નહીં પોહોચે તેવી ખુશ ખબરથી મને રોશન કર! અગર તુ બીજે અંદેશો કરી ઉલટી રાહે ચાલશે તો તારા બખ્તના કાન જમાનો ચીમતરશે અને લડાઇના મેદાનમા મારેથી તુ રજ ને નામોશી પામશે, વાસ્તે તને લાયક છે કે ફરરોખ ફરેદુનના તાબામા થાય શાહનશાહ ખાકાનએકરે જેવી દાનાઇનો પેશો કરીને એતેફાકથી પોતાનો મુલક રાખ્યો તે મિસાલ તું દાનાઇ પકડી સુલેહનામુ મોકલ. બલકે તે ખાકાનએકરના કરતા તુ મારી મદારત ઘણી કર, સબબ તુને તેના કરતા મુલક ને સત્તા ઘણી છે એ નામુ અવ્વલથી તે આખર લગી વાચીને તમામ હકીકતથી વાકેફ થઇ મારા લખ્યા કરતા તુ પોતા તરફથી થઇ આવે તેવી ખુબી કરજે અને એવુ કરજે કે લડાઇની જગા આપણુ જયાફતમા બેસ્યે અને તારો મુલક અમનમા રેહે તુ પાદશાહ ફરેદુનનો હોકમ બજા લાવશે તો તારી ઉપર દર્વે કોઇ આફીન કરશે.”

નવીશદાએ પોતાની પાકીજેહ અકલે એ રવેશ નામુ લખી તૈયાર કીધુ ત્યારે જહાપેહેલવાને એક એલચી ઘણો દાનાવ તથા સલુકભરેલો હાજર જવાબનો દેનારો અને શીરીન સખુનનો બોલનારો હતો તેને તૈયાર કરી તે નામુ લખી આપી ખાસ ઘોડા ઉપર સવાર કરી શાહનશાહ ફગપુરચીનની તરફ રવાના કીધો.

ચીનમા પાદશાહના તખતની જગા જે શેહેરમા હતી તેવું બીજુ કોઇ શેહેર નહીં હતુ. હજારો હજાર લશકર તેની ખીદમતમા હાજર રેહેતુ હતુ પણ તેના લશકરનો કોઇબી શખ્શ ફગપુરચીનને વરશમાં એકુ વખત નજરે દેખતો નહીં હતો. તેના અસરો તથા સપેહસાલારો મહીનામા બે વાર પાદશાહને દુરથી નજરે જોતા હતા ! એ રવેશ તે પાદશાહ બુઝર્ગી અને દબદબા ભરેલો હતો તેના અમીરોને પણ પાદશાહની નજદીક જવાને તાકાત નહીં તે શેહેરમાની તમામ ઇમારતો તરાહ તરાહની હતી. તેનો ફેરાવ છ ફરસગ કરતાબી જાદે હતો તે શેહેરની તમામ ઈમારતો ઘણી ઉચી ઉમવેશી ને નકશદાર હતી તેના લશકરના સીપાહી વગેરે તમામ શેહરના આદમીઓ તવગર હતા. કોઇ મુફલેશ હતું નહીં, તુરાનની સરહદથી તે ચીનના તમામ મુલક લગી એક વરશની રાહ દુરદરાજ હતી, તે તમામ મુલક ફગપુરચીનના તાબામા હતા. શાહાનશાહ ફગપુરનુ એક ખાસ મકાન ઘણુ બુલદ ને જેબદાર હતુ તે મકાનની લંબાઇ બે ફરશગની હતી, તે અયવાનની તમામ દીવાલ સગેમરમરની હતી તેની ફરશ તાબાની હતી ને અદર ત્રણ અયવાન ખાલેશ રૂપાના બનાવેલા હતા. હરએક અયવાનના બાલાખાના સુનાના હતા અને તે ઉપર કીમતી ગોહરો ને યાકુતનો જડાવ જડેલો હતો તે અયવાનો નજદીક પરીની આનના જરી શાહેબાનો ખેચેલા હતા તે શાહેબાનો ઉપર આફતાબની રોશની પડતી ત્યારે ગોયા કીમતી ગોહરોની રોશની મીસાલ તે શાહેબાંનની રોશની નજર આવતી હતી. તેના એક અયવાનમા પાદશાહના જરી તખ્તની જગા હતી, તે ઉપર પાદશાહ ફગફુર હમેશા ખુશીથી બેસતો હતો. તેના સર ઉપર એક તાજ ગોહરનુ કોતરી કહાડેલુ હતુ તેને ।હરનાંજ અંકોડાઓ કોતરી કહાડીને સુનાની જજીરે કરી લટકાવેલુ હતુ તેના તખ્ત નજદીક એક શીમોરગ સુનાનુ બનાવી તે ઉપર રંગબેરંગ ગોહરોનો જડાવ જડી બેસાડેલુ હતુ. તે શીમોરગ હરદમ પોતાના પર ખખડાવી આવાજ મારતું ત્યારે તેના મોહમાંથી કસ્તુરીની ખુશબોનુ પાણી શબનમની યાને જેમ રોત વખતે કાહાડ પડે તે મિસાલ વરસતું હતું. એ મીસાલ ફગપુરચીન દબદબા સાથે ચીન માહચીનના મુલકની પાદશાહી કરતો હતો.

જહાંપેહેલવાનનો એલચી શાહનશાહ ફગફુરચીનની રાજધાણી નજ-
દીક જઈ પોહોચ્યો ત્યારે ત્યાં શેહેરના દરવાજાથી તે પાદશાહની દરઘાહ
લગી બે બાજુએ લશકર સફ બાંધીને ઉભેલુ હતું તે દરમ્યાન પાદશા-
હના અયવાનના દરવાજા નજદીક બબર, ચીતા, તથા શેર, સીંહ, ગેંડા
અને વરૂ વગેરે તમામ દરંદા જાનવરો લોહોડાંની સાકળે બાંધેલા હતા તે
એલચી મેહેલ નજદીક જઇ પોહોચ્યો ત્યારે દરબાને પાદશાહને ખબર કીધી
કે "જાબુલી કેરશાસ્પનો એલચી નામુ લઇ આવ્યો છે અને કહે છે કે
મને પાદશાહની નજદીક લઇ જાઓ કે એ નામુ હાથો હાથ આપી
કેટલીક હકીકત પાદશાહને જુબાંની કેહેવાની છે" તે સાભળી પાદશાહ
ફગફુરે હુકમ કીધો કે "શેતાબ તેને મારા તખ્ત નજદીક બોલાવે" તેજ
વખત તે એલચીને પાદશાહની નજદીક લઇ ગયા ત્યા તે જોય શુ કે
પાદશાહની દરઘાહના દરવાજાથી તે શરાપરદાની જગા લગી હજારો હજાર
શમેદાનીમા બતીઓ બળતી હતી. એલચીએ દુરથી પાદશાહનો ચેહેરો
દીઠો ત્યારે જમીન ઉપર સર મેલી શેજદો બજાવ્યો અને ખાકને બોસો
દેઇ કેટલીક દુવા પાદશાહ ઉપર કીધી બાદ નામુ પાદશાહના તખત ઉપર
મેલ્યુ અને અદબથી ઉભો રહી જે ઝબાની પેગામ હતો તે આસ્તેથી
કહયો ઝબાની પેગામ તમામ થયો ત્યારે પાદશાહે નવીશદાને ફરમાવ્યુ
તેથી નવીશદાએ નામુ વાચ્યુ તે સાભળી પાદશાહ ફગફુર ગોસામા આવી
આતશની મીસાલ પોતાને ગરમ કરી મોહમાથી બેસુમાર ગાલ દીધી અને
પોતાના ભવા ચહડાવી તે એલચીને કહેવા લાગ્યો કે "તારો પાદશાહ તે
એવો કોણ છે કે મારી ઉપર તેનો એક સપેહસાલર એટલી બેઅદબીથી
નામુ લખે ? તે પાદશાહ તથા તેના સપેહસાલાર હજુર મને પીછાણતા નથી
કે હુ કોણ શાહનશાહ છુ ? મારી પાસે એટલુ તો લશકર મોજુદ છે કે
તે લશકર જમીન ઉપર ઉભુ રહે તો જમીનનેબી ઢાકી નાખે તથા મારી પાસે
એટલો તો ખજાનો છે કે તમામ હફ્તેકેશવર જમીનના પાદશાહોનો
ખજાનો એકઠો કરે તોબી મારા ખજાનાની બરોબરી નહીં કરી શકે.
એવા મારી પાસે એક હજાર ગજ ગોહર તથા મોતીના મોજુદ છે અને
સુના તથા રૂપાએ તો હુ ચાલુ તો આસમાન સુધી પાહાડ ઉઠાવી ઉભા

કરૂં મારી ખિદમતમા હજારો હજાર શાહજાદા હાજર રહે છે તે ઉપરાંત મારાં ખેશ કુટુંબી અગ્યારસોને પાસઠ શાહજાદા મારી ખિદમતમાં છે પણ તે સર્વને મે પાદશાહનો ખેતાબ આપી તેઓને એક એક મુલકપર મેલ્યા છે અને મારા ખેશમાના ચારસો પેહેલવાન મારા સપેહસાલાર છે તે લડાઈને વખત ફરતા આસમાન ઉપર કમદ નાખે છે. તેઓ ઉંડા દરિયાવમાથી ભારી મગરમછને બાહેર ખેચી કાહાડે છે બીજી બુઝર્ગી હુ એ રાખું છુ કે જ્યારે આફતાબ તમામ દુનિયને રોશન કરવા ચાહે છે યાને બામદાદને વખત મશરેકની તરફથી બાહેર નીકલે છે તે મારા મુલકમાથી નીકલે છે ત્યા લગીનો મુલક મારા તાબામા છે આ મારા શેહેરમાજ એક હજાર બુતખાના હુ રાખુ છુ તેમાનુ એક એક બુતખાનુ તમામ પાદશાહના ગંજ કરતા ઘણુ અસબાબે ભરેલુ છે. સુનાંની અને રૂપાની ખાણુ માહરા મુલકમા છે યાને સુનુ તથા રૂપુ મારા મુલકમા પાકે છે. જે ઉંચા ગોહર તથા લાલ નીકલે છે તેબી મારા મુલકના પહાડોમાથીજ નિકળે છે મારા મુલકના તમામ ઝાડો કીમિયા ઉપર તથા સખત આજારો ઉપર ઘણુ અસર કરનારા ઉગે છે મ્હારા મુલકની જડી બુટી સર્વ ચીજ ઉપર કામ આવે છે પરવાલાની પેદાયશબી એ તરફ છે અને પરીની મીસાલની ખુબસુરત મેહરુઓબી માહરા મુલક સીવાય કોઇ બીજા મુલકમા પેદા થતી નથી તથા કસતુરી જે પેદા થાય છે તે મારા ચીનનાં મોલક સીવાય બીજી જગોના હરણના પેટમા પેદા થતી નથી. એ તરફના બાજે પાહાડો ઉપરથી ખાલેસ પાણીની મીસાલ રૂપુ વેહે છે. એ ચીનના મુલકના પેહેલવાનોમા જે કમદ નાખવાનો હોનર છે તેવો હોનર બીજી જગાના દલેરોમા નથી. જે કાંઈ પાદશાહી દેહેબાના રેશમી કપડાના તાકા ચીનમા પેદા થાય છે તેવા કીમતી કપડા બીજા મુલકમા બનતાં નથી. દુનિયા દરમ્યાનમા જે ચીતારા લોકો કારીગરના કરનારા ચીનમા છે તેવા કોઇ મુલકમા કારીગરીના કરનારા નથી. બાજે હથ્યારો તથા પેહેલવાન લોકેના સરની કોહોલા જેવી ચીનમા બને છે તેવી બીજી જગાએ બનતી નથી. એ રવેશનો તમામ મુલક ચીન માહાચીનથી તે જેહુનના દરિયાવ લગી મારા તાબામા છે તેથી તમામ પાદશાહો કરતાં મને બુઝર્ગી જ્યાદા

. હું મિજલશમા બેસુ છુ. ત્યારે ગોયા એક રોશન આફતાબના મિસાલ હુ સર્વે કોઇને નજર આવુ છુ. હુ લડાઇના મેદાનમા નિકળુ છુ, ત્યારે શીહા અઝદાહ મિશાલ હું કામ કરૂ છુ. મારા ગોરજની દેહેસ્તે સખત પાહડ પાણીની મિસાલ પીગળી જાય છે તેથી આ દુનિયા દરમ્યાન જે સવ પાદશાહનુ નામ ધરાવે છે તે સર્વ મારા ચાકર છે! મારા કરતા બુઝર્ગ ફક્ત એક ખોદાતાલા છે બાકી સર્વ ઉપર હુ બુઝર્ગ પાદશાહોનો પાદશાહ છુ. તે કરતા મે મારા બેટાને હરતરફ લશ્કર લેવા મોકલ્યો છે. તેનુ આવી પોહોચવું થાય કે હુજ શેતાબ ઇરાન ઉપર કમર બાધીને ઇરાનથી તે રૂમ લગીનો મુલક ફના કરી નાખુ છુ અગર એલચી લોકોને મારવાનો રાબેતો હતે તો હવડા તારા સરને આ જગો જમીન ઉપર શીહા ખાકનો તકિયો કરી આપતે યાને તને જીવથી મારતે પણ અસલથી ઝર્ગ લોકોનો રાબેતો નથી તેથી તને જીવતો મેલુ છુ."

તે એલચીએ ફગપુરની ઝબાનથી એ રવેશના સખુન સાભળ્યા ત્યારે તેણે પોતાના દિલને હીંમત આવી ઝબા ખોલીને કહ્યુ કે "અય બુઝર્ગીના રાખનાર પાદશાહ! બોલવામા એવડી તુંદી ના કર! તે ગુસ્સામા આવી બેઅદાજે સખુન બોલી વાતો કીધી । કશો અદેશો નથી પણ તેના તમામ જવાબ દઉં સાભળવા જોઇયે. તુ કેટલીક વાતો તારી તથા તારા મુલકની તારીફમા કરે છે કે ઇરાન જમીનના તમામ શેહેરો-માથી એક મોટુ શેહેર તારા તાબામા ચીનના મુલક કરતા બરતર છે જે ઇરાન જમીનતો પાદશાહ તે તમામ હફતેકેશવર જમીનના પાદશાહો ઉપર પાદશાહ કેહેવાય છે તું તાર જે દાનાવ બુઢા અમીરો હોય તે લોકોને પુછીને તજવીજ કર કે આજ લગી ઇરાન જમીનના પાદશાહને હરએક મુલકના પાદશાહો સલામી આપતા આવે છે અને સર્વ તેની તાબેદારી કરતા આવે છે ઇરાનસરજમીનની બીજી એ ખુબી છે કે તેના પાદશાહ તમારા મુલકના લોકોને ગુલામ દાખલ વેચાતા લે છે અને તાને પસદ આવે ત્યારે તેને આજાદ કરી મેલે છે આજ લગી કોઇએ હરએક યા શેહેરોમા ઇરાન જમીનના આદમીને ગોલામ તરીકે

વેચાનો લીધો નથી, અગર એ વાત તજવીજ કરવી હોય તો કર તમારા ચીના લોકાતો બેશુમાર ગોલામ તથા બાડીઓ તરીક અમારા ઇરાનના મુલકમા ઘેરે ઘેર છે તારી ખાહેશ તજવીજ કરવાની હોય તો નામબ-નામ જણુાવુ તુરકી તથા ચીની લોકો બેવફા હોય છે મગર વફાદારી તથા મુરવ્વત ઇરાન જમીનના લોકોમાજ છે તમો લોકો બુતપર-સ્તી કરનાર છો અને ઇરાની લોકો પાક યઝદા શિવાય કોઇ બીજાની પરસ્તેશ કરતા નથી તુ કહે છે કે ચીનમા ગોહર, લાલ તથા સુનાની ખાણુ છે એ કાઇ તું રાસ્ત નથી બોલ્યો સુનું, રૂપું, તાણુ, પોલાદ, પીરોજા, ગોહર તથા પરવાલા એ તમામ ચીજની પેદાયશ તો ઇરાનના મુલકમા ઘણી છે દેબાના કપડાં ચીનમા બને છે પણુ જ્યારે ઇરાન જમીનમા આવે છે ત્યારેજ તેની કીમત આવે છે લડાયક પેહેલવાનો તો ઇરાન જમીનના અસલથીજ મશહુર છે બલકે તમામ જેહાનના લોકોની અજમાયશમા પણુ આવ્યા છે કે ઇરાન જમીનના એક પેહેલવાન એકસો ચીના કરતા બેહતર છે. તમો ચીના લોકોમા લડાઇનો હુનર તો છેજ નહી પણુ તમો લોકોમા હુનર છે તે ઓરતો મિશાલ સરના બાલને કંગઇ કરી તનમા ખુશબોદાર કપડા પેહેરી પોતાના તનને આરાસ્તે કરી દેખાડે છો. દાના આદમી હોય તે ખુબસુરતી, રંગીન કપડા તથા ખુશ-બોદાર જુલફ જોઇને આદમીને પસંદ કરતા નથી, તે તો હુનર, દાનાઇ, ને મરદાનગી તરફ નેગાહ કરે છે આફતાબ તલુ થાય છે તે અવ્વલ તારા મુલકમાથી નીકળે છે તો એ પાદશાહ તને એ વાતમા સમજણુ કયા છે? જો કે જે ચીજ ઘણી બુઝર્ગ અને નાદર હોય તે ચીજને હકતાલાએ દરમ્યાન રાખી છે અને જે ચીજ કમ કીમતની હોય છે તેને છેડે કહાડેલી છે, તે મીસાલે તું હલકા વજનનો પાદશાહ તેથી તને જેહાનના છેડા ઉપર એક કિનારે કહાડી મેલ્યો છે. તુ એમ ગુમાન ના લઇ જતો કે એથી મને બુઝર્ગી છે. અગર તું અંદેશો કરે તો તારૂં હલકાપણુ જાહેર દેખાડેલુ છે. અમારા પાદશાહને ઘણી બુઝર્ગી છે તેથી તેને તમામ હફતે કેશવર જમીનમા જગા આપી રાખ્યો છે. તુ નજરે

જોય કે શીપની અંદર પાણીનો એક કતરો બેકીમત ગોહર બને છે, અને તેની કીમત ઘણી થાય છે શીપને કોઇ હાથમા પણ પકડતુ નથી તે કરતાં હકતાલાએબી એ સમાંન વચે પોતાની અરશ કુરશીની જગો રાખી છે તે કરતા તુ કયાશ કર કે તું લડાઇની સફ ખેચે છે ત્યારે પોતાની જગો કલબઘાહામાં કરી બે બાજુ ઉપર પોતાના બાજુમો રાખે છે તે મીસાલ તું અમારા પાદશાહ કરતા કમ મરતબાનો છે તેથી તને મુલકના છેડા ઉપર કહાડી મેલ્યો છે તુ પોતાની આખ તરફ નેગાહ કર કે તમામ ખુન તથા સફેદી કોઇને દેખતી નથી તો તેને આસપાસ રાખી છે અને કીકી તમામ જેહાનને દેખે છે તો તેને દરમ્યાન જગા કરી રાખી છે તું કેહે છે કે હુ મેદાનમા નીકળુ છુ ત્યા ઘણાક કામ દલેરીના કરૂ છુ તો આદમી પોતાને મોહોડે સો હુનર જાહેર કરે તેના મ નજુર છે અને એક હુનર હાથે કરી દેખાડે તે દરૂસ્ત થઇ પડે! તુ કહે છે કે મારા જેવી બુઝર્ગી કોઈ બીજા પાદશાહોમા નથી બુઝર્ગ પાદશાહ છે તો તારા બુઝર્ગોએ નાપાક જોહાકની તાબેદારી કરી તેને સલામી કેમ આપી? તું કેહે છે કે મારો બેટો લશ્કર લેવા ગયો છે તે આવશે અને ઇરાન તરફ જઇને પાદશાહ ફરેદુનનો મુલક વેરાન કરી નાખશે તો તુ પાદશાહ તે મુલક ઉપર ભારી લશ્કર સાથે જશે ત્યારે તેનો મુલક વેરાન કરશે પણ હાલ તેનો એક પેહેલવાન જુજવી ફોજ સાથે આવ્યો છે તે તારા લાખો લશ્કરને બરહમ મારી ને તારૂ તાજ છીણવી લેશે તુ પોતાના બેશુમાર ખજાના તથા સુનાની દિવાલના બુતખાના ઉપર એટલો શુ મગરૂરીથી નાજ કરે છે? તુ જો કે એ સર્વે કાલ રોજે જેહા-પેહેલવાન કેરશસ્પના જાબુલી લશ્કરના પગ નીચે પાયમાલ થઇ જવાનુ."

પાદશાહ ફગપુરે એલચીની ઝબાનથી આ સખુન સાભળ્યા તેથી ઘણો ગુસ્સામા આવી એક પેહેલવાનને હોકમ કરી તે એલચીને છકડ તથા તમાચા મરાવી જેહાપેહલવાનનુ નામુ નવીશદાના હાથમાથી લઇ ફાડી નાખ્યુ અને મોહોડામાથી ઘણીક નાલાયક ગાળ દઈ લાત લપડાક મરાવી દરઘાહમાથી બાહેર કહડાવી મેલ્યો, તેજ વખત પોતાના શેહરમાં તરત ત્રણ લાખ જબરદસ્ત સવાર હાજર હતા તેઓને શે... ૪૫

કરી પોતાનો વડો બેટો ખાકાન નામનો હતો તેને તે લશ્કર સાથે કેરશા-સ્પની લડાઈ વાસ્તે રવાના કીધો તે પ્રમાણે તે ખાકાન લશ્કર સાથે આગળ ચાલ્યો

પેલો એલ્ચી જેવો ચીનના પાદશાહની દરબારમાથી બાહેર નિકળ્યો તેવોજ રાત ને દહાડો તેજ વા મિસાલ ચાલતો તે ચીના લશ્કર કરતા અગાઉ જેહાપેહલવાનની નજદીક જઈ પોહોચ્યો અને તમામ હકીકત તપસીલવાર બયાન કરી કહેતા બોલ્યો કે "મારી પછવાડે બેશુમાર લશ્કર પણ મંજલ દર મંજલ કુચ કરતુ ચાલ્યુ આવે છે તેમી આજ રોજે બપોર થતા આવી પોહોચશે," તે દહાડે નામદાર નરીમાન બી મુલકગીરીથી જહાપેહેલવાનની નજદીક આવેલો હતો—તેથી પેલા એલ્ચીની હકીકત સાભળી જેહાપેહેલવાન કેરશાસ્પે શેતાબ જંગી નરીમાનને પોતાની નજદીક બેલાવી તેમે તમામ હકીકત કહી, પછી દશ હજાર જાબુલી તથા ત્રીસ હજાર ઇરાની મળી ચાલીસ હજાર લશ્કર આપી કેટલીએક નસીહત કરી કહ્યુ કે "એ લડાઇ મે તારે હવાલે કીધી છે એ લડાઇમા મને મેહેનત તથા રંજ ખેચવો પડે એવુ ના કરતો." તેજ વખત પેહેલવાન નરીમાન જમીનને બોસો દઈ ઘોડા ઉપર સવાર થઇ લશ્કર સાથે આગળ ચાલ્યો. એમ કરતા ખાકાનના લશ્કરનો મુકાબલો થતા ત્યા દેહેરા મારી મુકામ કીધો પોતાના ખાસ લશ્કરમાથી પાચસો ચુનંદા સવારો સાથે લઈ નરીમાન પોતે તલાયો ફરવા લાગ્યો. એમ કરતા પેલી તરફથી એક હજાર સ્વાર ચીની લશ્કરના જંગલમા નજર આવ્યા તેજ વખત તેઓને મુકાબલે જઇ એક લડાઇ કીધી તેથી તમામ જેહાન જેરોજબર થવા લાગી પેહેલવાન નરીમાને પોતાના સબરંગ ઘોડાને લગામ હવાલે કીધી અને ચીની લશ્કરના સ્વારોમાથી એકનો કમરબંધ પકડી ઉઠાવી બીજા ઉપર મારતો તેથી તે બે શખ્સ મારયા જતા. ફરીથી બે સવારોને તેઓની ગરદન પકડીને તેઓના સર એક એક સાથે એવા તો કુટયા કે તે બેહુનાં સરમાથી મગજ બાહેર નિકળી પડયા એ મિસાલે બહારના વખત ઉપર વાદળ પોકારે તે મિસાલ પોકારી હરતરફ દોડતો જતો અને ચીના સવા-રોની ગીરદ કહાડી નાખતો હતો પણ પોતાના હાથમા નેજો તથા ગોરજ

તથા તરવાર કોઈ પકડયું નહીં હતુ અને સવારોને પકડી પકડીને બીજા ઉપર મારતો. એ રવેશની લડાઇ કરી સવા સો પેહેલવાનોને મારયા. એવી રસ્તાખેજની લડાઇ જોઇ તમામ ચીના લોકો નાચાર થઈ કહેવા લાગ્યા કે "એવો જબરદસ્ત પેહેલવાન કોઇએ દીઠો નથી એ મરદ લડાઈના પેહેલવાનોને મોર્ગ મિસાલ ગરદન પકડીને એક એક ઉપર મારે છે તો એ પેહેલવાન જ્યારે હાથમા ગોરજ યા તલવાર પકડે ત્યારે એક દમમા હજારો સિપાહને બરહમ મારે!" એમ કરતા ચીના લશ્કરમાથી પોણુ લશ્કર મારયુ ગયુ ત્યારે બીજા બાકી રહ્યા તે હથિયાર નાખી નાહાસવા લાગ્યા. એ ખબર ફગફુરના બેટા ખાકાનને થઇ કે તેના લશ્કરના તલાયાને નરીમાને શેકસ્ત દીધી, જે ખબર સાભળી ખાકાન ગમગીન થઈ શિતાબ ઘોડા ઉપર સવાર થયો અને મેદાનમા આવી ઉભો એવામા રાતનો વખત થયો

લડાઇ કીધી નામદાર નરીમાને ફગફુરચીનના બેટા ખાકાન સાથે અને મારયો ગયો ખાકાન નરીમાનના હાથ ઉપર તે વિગેરે બીજી હકીકત.

આ તરફ નામદાર નરીમાને પણ પોતાના લશ્કરમા આવી આશાયશથી કરાર પકડયો રાત તમામ થઇ અને રોશન રોજ જાહેર થયો ત્યારે બન્ને તરફના લશ્કમાથી લડાઈના નગારાના જગી અવાજ ઉઠયા અને સિપાહી લોકોએ પોતાના તન ઉપર હથિયાર બાધી ઘોડા ઉપર સવાર થઇ મેદાન તરફ મોહ ધર્યા તેથી તમામ મેદાન ગોરજ તથા તલવારે ભરાઇ ગયુ, બન્ને તરફના લશ્કરમાંથી રગબેરગ ઝુડા બાહેર નિકળ્યા અને નકારા તથા કરનાયાના અવાજ માહાતાબ લગી જતા હોય

તેવો દેખાવ થયો અને ઘોડાઓના હરણુવાથી જંગલના સસલા તથા લોંકડીઓને પણુ લડાઇનુ શુર છુટવા લાગ્યુ અને દલેર સવારો પકડ બાંધના અવાજ મારતા તેથી ગેરના દિલ દેહેસ્ત ભરેલાં થતા અને હરતરફથી તલવારોના જખમ ચાલતા તેની ચકાચકનો અવાજ આસમાન ઉપર જવા લાગ્યો. બેશુમાર ગીરદ ઉડવાથી આફ્તાબ ગોયા વાદળમા હોય તે મિસાલ નજર આવતો અને દલેર સવારોના ખુને જમીન લાલાના પુલની મિસાલ શોખ રંગની થઇ તથા નેજાઓની નોક ગોયા ગુલમોહરના ફુલ મિસાલ નજર આવવા લાગી અને હરતરફથી પેહેલવાન લોકો લસ્કર ઉપર હુમલો કરતા તેઓની તલવારે સવારો ઉપર મોતનો વરસાદ વરસતો અને જખમી લોકો ખાકમા પડી પાણીની પ્યાસથી પોકારતા તથા બેશુમાર લોહી જમીન ઉપર ચાલતુ તેથી તે જંગલમા ગોયા ખુનનો એક દરિયાવ જોશ કરતો હતો. એમ કરતા રાતનો વખત નજદીક પોહોંચ્યો તેથી બન્ને તરફના લશ્કરમાથી આશાયશના નગારાના અવાજ નિકળ્યા તેજ વખત દલેર પેહેલવાનોએ તલવારો મ્યાન કીધી અને સર્વે પાછા ફરી પોતપોતાના મુકામ ઉપર જઇ કરાર પકડયો અને હર એક તરફથી તલાયા લોકો જંગલ તરફ નિકળ્યા પણુ ચીના લશ્કર ઘણુ આજેજ થયુ હતું તેથી માહોમાહે મસલહત કરી તેજ રાત્રે સર્વે પોતાના જાન સલામત લઇને નાઠા અને ઇરાની લશ્કરથી એક દાહડાની રાહ દુર જઇ પડયા પણુ તે જંગલમાં કોઇ સખ્શ ઉભો રહયો નહી પણુ તે જંગલ પાસે એક શેહેર ચીનના તાબામા ઘણુ નાદર હતુ તે શેહેરની પનાહ પકડીને પડયા. તે શેહેરનુ નામ ખામજો કરી કેહેતા હતા તે શેહેરમા કેહેવાડયુ કે જે કોઇની ખાહેશ સીપાહીગારીની હોય તો આવે. તેનો દરમાયો તે શખ્સને મોહોડે માગ્યો મળશે. એ મિસાલ ચીના લોકો રાતોરાત નહાસીને ખામજો શેહેર નજદીક જઇ કરાર પકડી બેઠા.

આફ્તાબે પોતાના રોખસારના ચળકાટે જેહાનને રોશન કીધી, ત્યારે ઇરાની તલાયા લોકોએ નરીમાનને ખબર કીધી કે ચીનાઇ લશ્કર રાતોરાત નાહસીને એ જંગલમાથી ગુમ થઇ ગયુ. તે બેશુમાર લશ્કરનો એક સવાર પણુ એ જંગલમાં નજરૂ આવતો નથી, મગર તે લોકોના ડેરા તથા તંબુઓ

અસબાબતો એ જગા પડેલો રહયો છે. એ ખબર સાભળ્યાથી ઇરાની લશકરે શિતાબ ચીનાઇ લસ્કરનો દુમ્બાલો પકડયો. બીજે દાહડે કીનાના ચાહનાર દુસ્મનનાં લસ્કરમા ઇરાની લસ્કર તથા સપેહસાલાર નરીમાન જઇ પોહોચ્યો. પ્રથમતો ચીનાઇ લસ્કરના તલાયા જગલમા ફરતા હતા તેઓને જીવથી મારયા. પછી ખાકાનના લસ્કર ઉપર જઇ પડયા જેથી ચીના લોકોબી સવાર થયા. જગલમા બન્ને તરફના લસ્કરે સખત લડાઇ કીધી તેથી તમામ જંગલ તથા પાહાડ આદમીઓના હાથ, પગ તથા સરે ભરાઈ ગયુ. નેજા, છુટભાલડી તથા ખદગી તીરના પેકાન આદમીઓના કલેજામા જળો મિસાલ વળગી ખુન ધાવતા હતા ભારી ગોરજના જરબે પેહેલવાનોના સર ઉપર લોહોડાની કોહોલા મોમ મિસાલ નરમ થઇ જતી અને તલવારોના જખમે સવારોના તનમાના બખ્તરો કપડા મિસાલ કપાઇ જતા હતા ઘોડાની ઠોકરે પયાદા લોકો ખાકમા ઉધા પડતા અને હાથીઓની ઠોકરે જમીન ઉપરના જખ્મી લોકો પાયમાલ થઇ જતા હતા. સવારોની ધરપકડના અવાજે મરદ લોકોના હોશ ખતમ થઇ જતા હતા. પેહેલવાન નરીમાને પોતાનો ઘોડો લડાઇની સફમાથી બાહેર જોહોકાવ્યો, તેના એક હાથમા તલવાર અને બીજા હાથમા કમદ પકડેલી હતી— એક શેર પોતાના મુકામથી બાહેર નિકલે અને જગળમા શેકાર કરવા હર તરફ દોડે તેમ પેહેલવાન નરીમાને બાહેર નિકળી ડાબા જમણી ઘોડાને જોલાન આપવા માડી તે નામદારે ચીનાઇ લશ્કરમાથી પોતાનો હમનબરદ તલબ કીધો પણ ચીનાઇ લશ્કરમાનો કોઇ પેહેલવાન મુકાબલે આવી ઉભો નહીં તેથી ભુખ્યા શેર મિસાલ ચીનાઇ લશ્કર ઉપર જઇ પડી તે નામદાર પેહેલવાને સવારોના ટોલેટોલા મારી જમીન ઉપર નાખ્યા, તેથી જગલમા આદમીઓની લોઠના ટેકરા થવા લાગ્યા ખાકાને હાથી ઉપરથી નેઘાહ કરી જોતા જાણ્યુ કે લડાઇના કરનારા લશકરમા પેહેલવાનો નરીમાનની લડાઇમા ઉભા રેહેતા નથી, ત્યારે ખાકાને હોકમ કીધો તેથી ચીનાઇ લશ્કરમા જે ઘણા જબરદસ્ત ત્રણ સો પેહેલવાનો હતા તે તમામ પેહેલવાનો એકઠા થઇ એક તરફ કમીનગાહ કરી ઉભા અને એક સવારને નરીમાનની નજદીક હમનબરદની મીસાલ મોકલ્યો. તે સવારે મેદાનમાં

આવી એક છુટભાલડી નરીમાન ઉપર જોરથી મારી અને તેજ વખત પેલા ચીનાઇ લશ્કરના ત્રણ સો પેહેલવાનો જે જગો કમીંગ્રાહ કરી ઉભા હતા તે તરફ મકરથી નહાઠો. તે પછવાડે નરીમાન પેહેલવાને ઘોડો ડપટાવ્યો કે તે સવારને મારી લે જેવુ નરીમાનનું તે કમીંઘાહ જગા ઉપર જઈ પોહોચવુ કે તેજ વખત ખાકાન પોતે પેલા ત્રણ જબરદસ્ત સવારો સાથે એકાએક કમીંઘાહમાથી બાહેર નિકલ્યો અને સર્વે નરીમાન ઉપર સાથે હુમલો કરી તેને આસપાસથી ઘેરી લઇને લોહોડાની દેવાલની મિસાલ ઓસ્તવાર ઉભા રહયા. સર્વે કોઇએ પથર તથા તીર ઉપર હાથ નાખ્યા અને પેહેલવાન નરીમાન ઉપર બેશુમાર પથર તથા તીરનો વરસાદ વરસાવ્યો પણ તેથી પેહેલવાન નરીમાન ડરયો નહીં! તે નામદારે તો પોતાની તલવાર ઉઠાવી અવ્વલ એક હુમલો ખાકાન ઉપર કીધો અને એક જખમ તેની કમર ઉપર જોરથી માર્યો તેથી તે શાહજાદાનુ અરધુ ઉપરનુ તન ખાકમા પડયુ અને કમરથી નીચેનુ અરધુ તન ઘોડાના જીન ઉપર બેઠુ રહ્યુ! એ રવેશે ખાકાનને માર્યા પછી પેલા ત્રણસો સવારો ઉપર હોમલો કીધો અને તે તમામ પેહેલવાનોને ઘોડા ઉપરથી જમીન ઉપર ઉધા નાખ્યા પછી ચીનાઇ લશ્કર ઉપર હુમલો કીધો તેની પછવાડે ઇરાની લશ્કરેબી શેર મિસાલ ચીનાઇ લશ્કરની કલબઘાહ ઉપર હુમલો કીધો અને ખાકાનનુ સર તનથી કાપીને તેના લશકરની કલબઘાહમાં બુલદ નેજા ઉપર ઉચુ કીધુ.

ચીની લશ્કરના લોકોએ પોતાના શાહજાદાનુ સર દીઠુ ત્યારે સર્વે પોકાર કરી ગોયા બેહોશ થઇ ગયા તમામ લશકર પોતાની કોલાહ સર ઉપરથી ખાકમા નાખી જારી કરવા લાગ્યા ને સર્વે હથ્યાર નાખી દરદ ભરેલા દિલે ત્યાથી નાહસવા લાગ્યા, તેઓ પછવાડે ઇરાની લશ્કરે દુબાલો પકડયો, અને તે લશકરમાથી બે હીસ્સા લશકર માર્યુ અને એક હીસ્સો બદીવાન પકડયુ એક હીસ્સો જખમી થઇ પડયુ અને એક હીસ્સો નાહસીને ખામજો શેહેરમા દાખલ થઇ શેહેરના દરવાજા બધ કરી કોટની સરીલ ઉપર ચહડી ઉપરથી તીર, નેજા, તથા છુટભાલડી તથા પથર મારવા લાગ્યુ. એમ કરતા ઇરાની લશકર તમામ શેહેર આસપાસ ઘેરો ઘાલી ઉભુ પણ ચીનાઓએ કોટની ઉપરથી એટલા તો તીર તથા પથર વરસાવ્યા

કે જેથી જાણે આફતાબની ઢંકાઇ ગયો અને ઇરાની લશકરના સર પથર તથા ખદગી તીરે કરી જખમી થવા લાગ્યા. ત્યારે તમામ લશકરે પોતાના સર ઉપર ઢાલો પકડી અને શેતાબ પેચદાર કમાન ફેરવી કોટના કગુરા ઉપર નાખી કે તેઓ કોટ ઉપર ઉચા ચહડી જાય પણ તે લોકોએ કમંદ કાપી નાખી તેથી ઇરાની લોકો ફાવ્યા નહીં અને ઘણાકના સર તથા હાથ પાઉ તુટા. પેહેલવાન નરીમાને પોતાના સર ઉપર ઢાલ પકડીને હાથમાં ગોરજ ઉઠાવ્યો અને પાઉ પ્યાદો દોડતો જઈ શેહેરના દરવાજા ઉપર એવો તો જોરથી તેણે એક ગોરજ મારીો કે તેથી તમામ દરવાજો ટુકડે ટુકડા થઇ ગયો. પછી પોતે શેહેરમા દાખલ થયો તેજ વખત તે નામદાર સાથ ઇરાની લશકર તે શેહેરમા શિતાબ દાખલ થયુ અને તે શેહેરને લુટીને જેરોજબર કરી નાખ્યુ ત્યાંના તમામ અયવાનો તથા બુતખાના ખાક બરાબર કરી નાખ્યા અને તમામ પુતલાને તોડી ખાકમા ઉંધા નાખ્યા જે ચીજ લેવા જેવી હતી તે લીધી પછી તે શેહેર બાળી ભશમ કરી નાખ્યુ.

બીજે દિવસે નામદાર નરીમાને લશકર આગળ ચલાવ્યુ ચીનથી દશ દાહડાની રાહ દુર રહી ત્યારે તે જગા મુકામ કીધો કે હવે ચીન નજદીક આવ્યુ તે વિષે લશકરનો અભીપ્રાય લેવા ત્યા અટકાવ કરી રહયા. એ અંદેશામા જંગી નરીમાન હતો તેવામા બે સવાર રાહમાથી આવી પોહોચ્યા તેઓએ નરીમાનને ખબર કીધી કે "જહાપેહેલવાન કેરશારપ મજલ દરમજલ ચાલ્યો આવે છે તેણે અમોને આગળથી તું નામદાર નજદીક ખબર કરવા વાસ્તે મોકલ્યા છે" તે ખબર સાભળી નરીમાન ખુશી થયો એવામા જહાપેહેલવાનનુ તે જગો આવી પોહોચવુ થયુ તેથી સપેહસાલાર નરીમાનને હદથી જ્યાદા ખુશી પેદા થઇ. તે નામદારે જહાપેહેલવાનના આવી પોહોચવાની ખુશાલીમાં શાદીના નગારાના આવાજ કરાવ્યા.

ખબર થઇ ફગફુરચીનને તેનો બેટો ખાકાન નરીમાનના હાથ ઉપર માર્યો ગયાની તેની માહેતમ કર્યા પછી નવેસરથી નરીમાનની લડાઇને વાસ્તે લશ્કર તૈયાર કીધુ તે વગેરે બીજી હેકાયત.

પેલી તરફ ફગફુરચીનનો બેટો ખાકાન માર્યો ગયો તેજ વખત આજે ચીનાઇ લશકરના સવારોએ જઈને પાદશાહ ફગફુરચીનને ખબર કીધી કે "તારો બેટો ખાકાન શુરા નરીમાનના હાથ ઉપર માર્યો ગયો." જે ખબર સાભળ્યાથી ખાકાનના ગમે ફગફુરચીન બેહોશ થઇ ગયો. તે તખત ઉપરથી જમીન ઉપર બેઅખત્યાર પડયો કેટલેક વારે પાછો હોશમાં આવ્યો ત્યારે પોતાના તનમા પાદશાહી જામો હતો તે ચાક કીધો. તેણે પોતાનુ કીંમતી તાજ ખાકમા નાખ્યુ, તે પોતાના સર ઉપરના બાલ તોડવા લાગો અને શીહા કપડા પેહેરી એક હફતા લગી શીહા ખાક ઉપર માહેતમમાં બેઠો. એક હફતો માહેતમ તથા જારી કરતા તમામ થયો પછી પોતાના સપેહસાલારોને બોલાવી નવેસરથી લડાઇનો સામાન તૈયાર કીધો. એક સપેહસાલાર કોલા નામનો ઘણો જબરદસ્ત પેહેલવાન હતો જેની બરાબરીનો ચીન મુલકમા કોઇ બીજો પેહેલવાન હતો નહીં તેથી તેને ચીનનો જહાપેહેલવાન કેહેતા હતા તે કોલા પેહેલવાનને એક લાખ સવાર સાથે બીજો પેહેલવાન તગીતાશ નામનો આપી શિતાબ નરીમાન સામે રવાના કીધો-પોતાનો ભત્રીજો જરમાશ નામનો બીજા શેહેરમા ફગફુર-ચીન તરફથી સરદારી કરતો હતો તેના ઉપર શિતાબ સાહાનસી સવાર મોકલી કહેવાડયુ કે "પેહેલવાન કોલા તથા તગીતાશ લશ્કર સાથે દરમજલ ચાલ્યા આવે છે તેઓને જે કઇ સામાન જોઇએ તે પોહોંચાડજે અને તુ પણ ભારી લશ્કર સાથે તેઓને મદદ કરજે. પેહેલવાન કોલાને લડાઇને વખત લશકરનુ કામ પડતું નથી. એ પેહેલવાન એકલો લખ્ખો

લશ્કરને બસ છે પણ એની સથે એકદીલ થઇ માહરા બેટા ખાકાનનો કીનો ઇરાનીઓ ઉપર લેજો અગર એ લડાઇ આપણા બખ્તથી રાસ્ત આવે અને તમો નરીમાનનુ સર તનથી દુર કરી મારા બેટાનો કીનો લેઓ તો મારા મુલકમાથી અરધો મુલક તમોને હવાલે કરૂ તેની પાદશાહી તમો બે જણ મળી કરો." એ મિસાલે જરમાશને ઝબાની પેગામ કેહેવાડયો એવામા કોલા પેહેલવાનનુ લશકર સાથે જરમાશના શેહેરની નજદીક જઇ પોહોચવુ થયુ અને જરમાશ સાથે મનસુબો કરી તે જગાથી બીજુ કેટલુક લશ્કર સાથે લઇ આગળ ચાલ્યા એમ કરતા એક શેહેર ઘણુ ભારી ફ્ગપુરચીનના તાબાનુ હતુ ત્યા જઇ પોહોચ્યા એ ખબર જેહાપેહલવાન કેરશાસ્પને થઇ કે ફ્ગપુરચીનનુ બેશુમાર લશ્કર ચીનના મસ દરિયાવ મિસાલ જોશ કરતુ આવી પોહોચ્યુ, તે ખબર સાભળતાવાર જેહાપેહલવાન પોતાનુ જાણીતી લશ્કર જેટલુ હતું તેને જુદુ કહાડીને જંગી નરીમાનને હવાલે કરી આગળ હરોલમા રવાને કીધો અને પોતે ઇરાની લશ્કર સાથે તે જગાથી કુચ કીધી પેહેલવાન નરીમાન એક દાહડો તમામ લશકર સાથે આગળ ચાલ્યો ત્યારે ચીનઇ લશ્કરને મુકામ કરી પડેલુ દીઠું તેથી નરીમાનેબી તે જગા દેરા મારી મુકામ કીધો

લડાઇ કીધી નામદાર નરીમાને ચીનાઈ લશકર સાથે અને મારયો ગયો જંગી કોલા નરીમાનના હાથ ઉપર તે વિગેરે બીજો હેવાલ.

બામદાદનો વખત થયો ત્યારે બંને લશ્કરમાથી કિનાના નગારાંના અવાજ ઉઠયા અને પેહેલવાન લોકોએ તનમા બખ્તર પેહેરયા, ચરવાદાર લોકોને તાકીદ કરી ઘોડાઓના તંગ ખેચાવ્યા અને શિતાબ સર્વે સવાર

થઇ લડાઈ વાસ્તે મેદાનમા આવી ઉભા. બન્ને તરફના લસ્કરે મેદાનમા આવી સફ ખેચી અને પેહેલવાન લોકોનો ધરપકડનો આવાજ ઉઠવા લાગ્યો. નાગી તલવારોનો ચળકાટ વિજળી મિસાલ થવા લાગ્યો. તથા લશ્કરની દોડધામથી જમીનનુ દિલ ચાક થઈ ગયુ તથા લોહોડાની પાખરના હાથીઓએ તમામ જગલ પોલાદના પહાડની મિસાલ નજર આવવા લાગ્યુ.. જેમ શાથના વરશાદે શીપના દીલમા મોતી બધાય તે મિસાલે આદમીઓના લોહીએ જમીનમા દાગ બધાવા લાગ્યા બેશુમાર તલવાર ચાલતી તેથી આદમીઓના હાથ પગનો ગોયા વરશાદ વરસતો હતો, અને બેશુમાર લોહીની નહેરો તે જગલમા જારી હતી તે મિસાલની લડાઇ ત્રણ દાહડા જારી રહી પણ કોઇબી લશ્કર એક ઉપર ગાલેબ આવ્યુ નહીં ચોથો દાહડો થયો ત્યારે સરદાર લોકોના સર લડાઇથી ધરાયા તેથી પેહેલવાન નરીમાન એક મરતબે ગુસ્સામા આવી હાથમા ગોરજ પકડી દુશ્મનના લશ્કરની સફમા પેસીને બેહેહેસ્ત ડાબા જમણી તરફ ઘોડો દોડાવતો ગોરજે કરી ચીનાઇ લશ્કર મારી જમીન ઉપર નાખવા લાગ્યો તે જે-તરફ હુમલો કરતો તે જગા આદમી, ઘોડા તથા હાથીની લોથના ટેકડા કરી નાખતો, જે ઉપર ગોરજનો જખમ મારતો તેને ઘોડા સમેત જમીન ઉપર નાખતો હાથીના સર ઉપર એવોતો જોરથી ગોરજ મારતો કે તેના સરમાથી મગજ નિકળી પડતું, એ મિસાલે દુશ્મનનુ લશ્કર મારતા તેનું બખ્તર લાલાના ફુલમિસાલ શોર્ખ થઇ ગયુ, તેના હાથથી મેદાનમા ગોયા લોહીનો વરસાદ વરસતો હતો. એ રવેશની સખ્ત લડાઇ કરતો હતો એવામા ફગફુરચીનનો સપેહસાલાર કોલા જે ચીનના મુલકમા જહા-પેહેલવાન કેહવાતો હતો તે એકાએક કલબગાહમાથી પોકાર કરતો શેર-મિસાલ મેદાનમા આવ્યો તેના હાથમા એક તલવાર વિજળીની મીસાલ તેજ પકડેલી હતી. તે પેહેલવાન મેદાનમા આવી નરીમાન ઉપર અવાજ મારી કેહેવા લાગ્યો. કે "તુ લડાઇ કરે છે, પણ હુ તારી લડાઈ પસદ કરતો નથી કારણ કે તું બિચારા કમજોર સવારો ઉપર હુમલો કરીને મારે છે. એ બેઅકલ! તુ નામ ઉડાવા ચાહે છે તો પોતાના હમનબરદ સાથે લડાઇ કર! એવી લડાઇ દાનાવ પેહેલવાનો પસંદ કરતા નથી એ.

મિસાલ તુને નાતગ્સ જોઇ હુ તારો હમનબરદ થઇ આવ્યો છુ વાસ્તે હવે તુ હુસ્યારીથી ઉભો રેહે ! તારી ઉપર જમાનો આખર આવ્યો છે. જે આ દુન્યામા જોવુ હોય તે જોઇ લે ! હવે તારો દાહડો આજનોજ છે—તુ આ કાબુલી ઘોડા તથા રૂમી કોહોબા ઉપર એટલો મુસ્તાક શુ થાય છે ? હમણા તાહરૂ લોહી જમીન ઉપર પડશે અને તારો ઘોડો હમણા વગર સરનો થશે આ તારૂ બખ્તર તારૂ કફન થશે અને તારૂ સર ખાકના ટકિયા ઉપર આરામ કરશે મારા હાથમા એક મગરમછ લોહોઢાનુ છે અને એ મગરમછનો ખોરાક આદમીઓનો અને એનો દરિયાવ લડાઇનુ મેદાન છે અને એના દરિયાવના પાણી આદમીનુ લોહી છે યાને એ મારા હાથમાની તલવારથી કોઇ સલામત ગયા નથી વાસ્તે તુ પોતા ઉપર જે નાજ કરતો હોય તે કરી લે, કે હવે જે વખત જાય છે, તે તારા મોતને એસ્તેકબાલ આવ્યો છે.” એ સખુન કોલાની ઝબાનથી સાંભળી નરીમાન હસ્યો અને તેને કહ્યુ કે “અય મરદ ! તુ એ રવેશની ગપ શા વાસ્તે મારે છે ? આ જગા જુઠી ગપ મારવાનુ કામ નથી આ તો લડાઇના હુનરનુ તથા તલવાર મારવાનુ કામ છે તુ એવી દમર કરીને બેહુદી વાતો કરે છે તેથી હુ દરતો નથી તુ જાણતો નથી કે ધટના અવાજથી ઉંટ હરગેજ દરતા નથી. અય નાપાક રીમન ચીના ! હમણા તારા મગજની ગીધ પાસે ચાશણી કરાવુ છુ તારા હાથમા અગર એ મગરમચ્છ છે તો કશો મુજાકો નથી ! તમામ જાનવરો કરતા ઘણુ તેજ ઉડનારૂ ઓકાબ જાનવર તો મારી પાસે છે યાને પરદાર તીરનુ મારૂ ઓકાબ ઉડે છે ત્યારે લોહડાની ચાચે આદમીઓના કલેજાનો શેકાર કરે છે તે મારા ઓકાબને હુ ઉડતુ મેલીશ તો તે ઓકાબ તારા દેલનો શિકાર કરી તને ખાકમા ઉંધો નાખશે” એટલુ કહીને ઘોડાને મેદાનમા જોલાન દઈ બાજુ ઉપરથી ચાચી કમાન ઉતારી અને એક ખદંગી તીર ઓકાબ જાનવરનાં પરનો તે કમાન ઉપર ચહડાવ્યો અને પાક યઝદાનું નામ ઝબાન ઉપર યાદ કરીને કોલા પેહેલવાનના કલેજામાં નીશાન કરી એવો તો જોરથી મારયો કે તેજ વખત કોલા તુરકી જીન ઉપરથી ખાકમા ઉંધો પડયો.

ચીની લશકરે એ રવેશે પોતાના પેહેલવાનને ખોહારીથી મુવેલો દીઠો અને નરીમાનને એ રવેશ જોરાવર દીઠો તેથી તેઓના તનમાથી દેહેસ્તે કરી જીવ ઘટી ગયો અને સર્વેની હીંમત તુટી જઇ નાઉમેદ થઇ નાહસવા લાગ્યા તેઓની પછવાડે ઇરાનના હલેરો દોડયા તે લશ્કરમાથી સોલ હજાર સવારોને મારયા અને ચાર હજાર સવાર કેદ પકડાયા તેમાં હથ્યાર તથા ઘોડાનો તો શુમાર હતોજ નહીં તે તમામ જંગલ અસબાબે કરી ભરાઈ ગયુ હતુ હવે પેલો જરમાસ નામનો ફગફુરચીનનો ભત્રીજો પોતાનો ઘોડો ઘણો તેજ અને દોડવામા પરદા મોર્ગની મીસાલ રાખતો હતો તેથી ફુરસદ જોઇ એકલો જંગલ તરફ નાહઠો પણ તે જરમાશ નરીમાનની દેહસ્તે કરી દીવાના આદમી મીશાલ જોશથી ઘોડો દોડાવતો. તે નહીં જોતો કે રસ્તામા ટેકરો યા ખાડો છે. એ મીસાલ આકરો ધાભરો નાહાસતો હતો, એવામા રસ્તામા સુકાયલા ઝાડની એક ડાલી ભાગેલી પડેલી હતી તે ડાલની અણી નેજાના નોક મિશાલ બાહાર નિકળેલી હતી તેથી જરમાશનો ઘોડો જે જોશથી દોડયો ગયો તેથી તે ઝાડની ડાલની અણી જરમાશના હલકમા લાગી અને ઘોડો જોશમા દોડતોજ આગળ નીકલી ગયો, તેથી જરમાશ પેલા ઝાડની ડાલ સાથે લટકાયલો રહી ગયો. તે અણી જોરથી તેના હલકમા પેઠી તેજ વખત તેનો જીવ નિકળી ગયો. એ રવેશ જરમાશના મુવાની તેના લશ્કરમા કોઇને ખબર હતીજ નહીં—કારણ કે સર્વે પોતાનો જીવ લઇને નાહાસતા હતા. એ ઉપરથી શાયર કહે છે કે "જેનો વખત નજદીક આવી પોહોચ્યો તે વખત મરદી તથા અંદેશાથી દુર થતો નથી તથા જેનાં બખ્તે શીહાઇ પકડી અને મગજ ખુશ્ક થયું યાને મોત આવ્યું ત્યારે તે મરદ બેશુમાર હુસ્યારીથી પોતાની નજર ચારો તરફ રાખે તોબી કશો ફાયદો થાય નહીં".

પેહેલવાન નરીમાન લડાઇથી ફારેગ થયો અને લશકર સાથે શેહેર નજદીક મુકામ કરી પડેલો હતો. તે શેહેરનો હાકેમ ફગફુરચીનના તાબામાં તેની તરફનો હતો પણ તે મરદ ઘણો દાના તથા દુરઅંદેશાનો કરનાર અને રોશન બખ્તનો હતો. તેણે ચીની લશ્કર ઉપર શિકસ્ત ને ઇરાની

લશ્કરની ફત્તેહ દીઠી ત્યારે પોતાના શેહેરના જે દાનાવ લોકો બુઝર્ગી રાખનારા હતા તેઓને તથા પોતાના અમીરોને બોલાવી કેહેવા લાગ્યો કે "તમો દાનાવ લોકો છો વાસ્તે હુ તમને એક દાનાઇની વાત પુછુ છુ કે આપણે હમણા નરીમાનની આજજી કરયે તો આપણુ શેહેર આબાદ રેહે અને આપણેબી નરીમાનના હાથથી જીવતદાન પામ્યે તમો સર્વે નજરે જોવો છો કે જબરદસ્ત લશ્કર એ નરીમાને બરહમ મારયુ, અને એ પેહેલવાન આપણા શેહેર નજદીક પોતાના જાણુલી લશ્કર સાથે દેહરા મારી પડયો છે તેની પછવાડે જહાપેહેલવાન ફેરશારપ ભારી લશ્કર સાથે આવે છે. વાસ્તે તમે અંદેશો કરો કે એ નવજવાન નરીમાને ફગપુરચીનના બેટા ખાકાન સાથે શુ કીધુ તથા પેહેલવાન કોલા જે ચીનના મુલકનો સપેહસાલાર હતો અને જેની તલવારથી આસમાન બી જીનહાર માગતો તે પેહેલવાનને એણે શી રવેશ એક તીરે કરી જરી જીન ઉપરથી ખાકમા નાખ્યો તે ઉપરાત એ નામદારે જે શેહેર ઉપર લડાઇની કમર બાધી તે શેહેરને આતશે કરી બાળી ખાક કરી નાખ્યા છે દાના લોકો ફરમાવી ગયા છે કે લડાઇનો પાયો ઉઠાવવો એ કામ હેરે-મનના છે તે કરતા આપણુ પાસે લશકર નહીં તેમ જોર નહીં ત્યારે જબર-દસ્ત પેહેલવાનો સાથે શી રવેશ લડાઇ કરયે? મને તો બેહેતર એ સુઝે છે કે આપણે એ નામદાર સાથે સુલેહ કરયે અને એની પાસેથી જીન-હાર માગ્યે કે આપણા સર સલામત રેહેશે અને આપણી રૈયતબી ખરાબ નહીં થશે" પોતાના હાકમનો એ સખુન સાભળી સર્વે કોઇ કહેવા લાગ્યા કે "એ તરેહથી આપણે મસલત કરી કામ કર્યે છીયે, કે જેથી આપણુ સર્વે કોઇ અમન પામ્યે પણ આપણા ઉપર આપણો પાદશાહ ફગફુરચીન ગુસ્સે થશે કે મારા હુકમ વગર તમોએ સુલેહ કેમ કીધી? તે કરતા તેના બેટા ખાકાનનો કબીલો એ જગો છે અગર જો તે ઉપર નેઘાહ રાખ્યે છીયે તો મુલકની ખરાબી થાય છે' પછી તમામ અમીરોએ પોતાના સરદારની વાત પસંદ કરી સર્વે કોઇ એકઠા થઇ ઘણેક હદિયો તૈયાર કરી તે શેહેરના નામીચા સોદાગરો સાથે પેલો હદિયો લઇ એક મોટી અનજુ-મન થઇ શેહેરમાથી બાહેર નિકળી નામદાર નરીમાનના લશ્કરમા જઇ

પેહેલવાન નજદીક જમીન ઉપર પોતાનાં સર ધરી સેજદો કરી કેટલીક
ા ગુજારી કહેવા લાગ્યા કે, "એ બુઝર્ગ બુન્યાદના પેહેલવાન! હમેશાં
રો યાર તે પાક યઝદા હોજો અને તુ હમેશ ફત્તેહમદ રેહેજે!" દુવા
ા આજીજીથી કહેવા લાગ્યા કે "એ શેહેરનો હાકેમ ફગફુરચીન તરફથી
તેણે અમો સર્વેને તારી નજદીક મીન્નત કરવા મોકલ્યા છે અને કહેવા-
છે 'કે હુ તારો ફરમાબરદાર બંદો છુ, એ શેહેર ફગફુરચીને પોતાના
ા ખાકાનને જાગીરમા આપેલુ' છે, તેણે પોતાની તરફથી પોતાના નાના
ા સાથે એ શેહેરને નેગેહબાની માટે મને રાખેલો છે. તે કરતા તારી નજ-
, કાંઈ છુપુ નથી કે આ મુલક ફગફુરચીનનો છે વાસ્તે તુ અવ્વલ ચીનની તર
જઈ ફગફુરચીન પાસેથી સલામી લઈ આવ! અમો તો સર્વે તારા
બામાજ છીયે. બલકે અમારો જીવ તારી નજદીક હાજર છે યા તને
ાદ આવતું હોય તો તુ હવડાજ એ શેહેરમા આવી તમામ ગજખ-
નો સર્વે તારા કબજામાં કર, અવ્વલ તુ હમો સાથે એક વાતનો કોલ
કે અમારા શેહેરમા ઘણાક બુતખાના છે તેમા કેહટાક પુતલા બેકી-
ા ગોહરોના જડાવ સાથે જડી તે ઉપર પાદશાહી ગજ ખરચ કીધેલો
તે બુતખાનાને તું નામદાર તથા તારા લશ્કરના કોઇ સવાર ઇલજામ
ાડે નહી!" એટલું સાભળી પેહેલવાન નરીમાનને જવાબ દીધો કે
ાને તમો સાથે કશુ કામ નથી. તમો તમારી ખુશીથી આવીને મને
યા તો મારો કોલ એજ છે કે તમો તથા તમારા બુતખાનાંને તથા
ારા શેહેરમા ફગફુરચીનના બેટા ખાકાનનો કબીલો છે તેને સઘળાને
ા ઇજા કરૂ નહી અને કોઇ બીજાને ઇજા થવા દઊં પણ નહી. પણ એ
યા ફગફુરચીનનો ઘણોક ખજાનો સાભળવામા આવે છે તે મને બતાવો!
ાગફુરના ખજાના શિવાય એ શેહેરમાથી રૈયતનુ એક તણખુ ઘાસબી ઉઠા-
ા દઉ નહી તથા કોઈને રંજીદા કરૂં નહી" એટલુ કહી તે લોકોને દિલાસો
રવાના કીધા, તેઓને કહ્યું "કે શેહેરના દરવાજા ખુલ્લા રાખજો કે
ારા લશ્કરને જે જોઇયે તે શેહેરમાથી ખરીદ કરે," એમ કહી પોતાના
ાખને કોલનામુ લખી આપ્યુ. પછી પોતાના લશ્કરમા મનાદી ફેરવીને
` ખબર કરાવી કે 'એ શેહેરના હાકમ સાથે આપણને સુલેહ થઇ છે

વાસ્તે જેને કામ કાજ વાસ્તે એ શેહેરમા જવુ પડે તો જવાને છુટ છે પણ કોઇ કોઇની ચીજ લુટી અથવા કોઇને ઇજા દે તે શખ્સને શિતાબ સુલી ઉપર ચહડાવીને જીવથી મારીશ." એ મિસાલ ઘણી તાકીદ કરીને મનાદી ફેરવી. પછી પોતે તે શેહેરમાથી ખાકાનનો ખજાનો બાહેર કહાડયો અને તેમાથી એક હજાર ઉઠ ગોહરના ભર્યા. બીજો એટલો તો ખજાનો બાહેર કહાડયો કે તે શેહેરમાથી બાહેર લાવતા ત્રણ મહિના અને ચૌદ દાહડા લાગ્યા! ગોયા તમામ જેહાનનો ખજાનો તે શેહેરમા ભરી મેલ્યો હતો તથા તે શેહેરના બુતખાના ગોયા રાશન બેહેસ્ત મિસાલ સમારેલા હતા. એ રવેશનુ તે શેહેર મોતેબર હતું

જંગી નરીમાને મનાદી ફેરવી તેથી તમામ લશ્કરના લોકો તે શેહેરમા જઇ તમાશો જોઈ, જોઇતી ચીજો વેચાતી લેતા અને પોતાની પાસેની ચીજો જે ન જોઇતી તે વેચાતી આપતા. એ રવેશ હરરોઝ લશ્કરના લોકો તે શેહેરમા જઇ તમાશો જોઇ ખુશી થતા એમ કરતા એક જાણુથી પેહેલવાન કોબાદ નામનો પાદશાહ ફરેદુનના ખેશમાનો હતો તે નરીમાનના લશ્કરમા સપેહસાલારી કરતો હતો તે પોતાના ખીદમતગારો સાથે તે શેહેરમાં જાબજા ફરીને હરેક ગલી તથા શેરીઓનો તથા બુતખાનાઓનો તમાશો જોતો હતો પણ કોઇની એટલી તાકાત નહી હતી કે કોઇના ઘરમાં યા અયવાનમા પોતાના જોરથી અંદર દાખલ થઇને તમાશો જોય એટલો નરીમાનનો જાપતો હતો. એમ કરતા તે કોબાદે એક બુતખાનું ઘણુંક પાકીજેહ બજાર દરમ્યાન દીઠુ તે બુતખાનુ નહીં પણ ગોયા રોશન બેહેસ્ત હતું. તેની દીવાલ લાજવરદી રંગની હતી, તથા તેના દરવાજા સુનાના તે ઉપર મોતીનો જડાવ જડેલો હતો. તેના અયવાનની અગાસી ખાલેશ રૂપાની હતી તેની દીવાલોમા બેશુમાર તાકો હતી તે તાકોના તમામ મેહેરાબ ગોહરના કોતરી કહાડેલા હતા અને તે તાકોની નજદીક એક હજાર ફાનસ સુનાના લટકાવી તેમા બત્તીઓ રોશન કીધેલી અને તેની નજદીક એક ચબુતરો સંગેમરમરનો બાંધી તે ઉપર બુત પરસ્ત લોકો બેસી તે જગાના પુતળાની નજદીક સુનાના ધુપદાનમા કસ્તુરી, કપુર તથા અગરબતી બાળતા હતા. તેની ખુશબોએ તમામ બજાર

બેહેસ્તની મિસાલ ખુશબો ભરેલુ થતુ હતું. એ મિસાલની જગા જોઇને પેહેલ-
વાન કોબાદે દિલમા અંદેશો કીધો કે એ બુતખાનુ બાહારથી એ મિસાલ
ગોહરથી જડાવદાર છે તે અંદર શી મિસાલનુ હશે. એ રવેશે અંદેશો કરી
પોતાના ખિદમતગાર સાથે તે બુતખાના અંદર દાખલ થવા ચાહ્યુ, ત્યારે
પેલા બુતપરસ્ત લોકોએ દુરથી ચોકાર કીધો કે "અમારા ખોદાની જગા
છે તેથી તને એ જગા ઉપર આવવાનો હુકમ નથી. તું અમારા ટોળાનો
મરદ યા અમારી ન્યાતનો નથી તેથી તને એ બુતખાના સાથે
શુ કામ છે?" ત્યારે કોબાદે કહ્યુ કે "તમારા ખોદાની નજદીક હુ નહીં
આવીશ, પણ મારી ખાહેશ છે કે એ બુતખાનામા ફરી એ જગાનો
તમાશો જોઉ" ત્યારે તે લોકોએ કહ્યુ કે "અગર તારી ખાહેશ એ જગા
આવવાની છે તો અવ્વલ એક કામ કર કે અમો લોકો મિસાલનુ પોતાનું
સર તથા દાહડી મુછ બોડાવીને પોતાનુ સર બરહેને કરી અમારો મહજબ
કબુલ કર અને પછી એ જગા આવી એ પુતલાની નજદીક તારૂ સર
ખાકમા મેલી એ ખોદાને સેજદો કર અને પછી અયવાન તથા
અગાશી ઉપર ફરીને તમાશો જો અગર અમારો મહજબ કબુલ નહીં
કરે તો એ જગાથી પાછો ફરી પોતાને માર્ગે લાગ! અમો તુને એ
જગા ઉપર આવવા દેનાર નથી." જ્યારે કોબાદે એવો શોખીનો જવાબ
સાંભળ્યો તેથી ગુસ્સામા આવી તેગથી ખંજર ખેચ્યુ અને કહ્યુ કે "અય
નાપાક મહજબના કાફર લોકો! દુર થાવો અને મને રાહ આપો! અગર
નહીં તો આ ખંજરે તમારા સર ઉપર લોહીના તાજ મેલીશ!" એ મિસાલ
હેબત દેખાડી પણ પેલા લોકો દરવાજામાં આડા થઇ ઉભા જેથી કોબાદે
તે લોકોમાથી સોલ જણને માર્યા અને તે બુતખાનાને આડો જરીનો
નાખેલો પરદો ફાડી નાખ્યો એ મિસાલની જાસ્તી જોઇ બજારના
તમામ લોકો ઉભા થયા અને શિતાબ આસપાસ ફરી વળ્યા અને શોરબકોર
ફરિયાદ કરતા જગી નરીમાન નજદીક જઇ જારી કરી કહેવા લાગ્યા કે
"તારા કોલ ઉપર અમો નચીંત રહ્યા અને અમો ઉપર તો આ રવેશે
જુલમ થયો!" તે તમામ હકીકત સાંભળી નરીમાને શિતાબ એક સપેહ-

સાલારને પોતાના ખાસ ખીદમતગાર સાથે મોકલ્યો કે "જાઓ એ શેહેરમા એટલી બેદાદી અને જુલમ કોણ કરે છે! શુ તમો જાણતા નથી કે મે પોતાને હાથે એ લોકોને કોલનામુ લખી આપ્યુ છે અને લશ્કરમા મનાદી ફેરવી સર્વેને મના કીધેલા છે? એવો કોણ છે જે શેહેરમા જઇને જુલમ કરે છે? વાસ્તે તે શખ્સ કોણ છે તેને પકડીને સુલી ઉપર ચહડાવવો કે બીજા લોકોને નસીહત થાય!" એ હુકમ સાંભળી જંગી નરીમાનના ખિદમતગાર તથા પેલા સપેહસાલાર તે લોકો સાથે શેહેરમા ગયા ત્યા જઇને જોય છે તો બુતખાનાના દરવાજા ઉપર હજારો આદમી એકઠા થયલા ત્યા પેહેલવાન કોબાદ હાથમા ખંજર પકડી ઉભેલો અને લોકો પોકાર અને જારી કરે. કોબાદના ખિદમતગારોએ પોતાના ખીસા ભરેલા અને તે લોકો જે પુતલીને પોતાનો ખોદા કરી કેહેતા હતા તે પુતલીના હાથ પગ ભાંજી ઉધી નાખેલી. એ મિસાલ પેલા બે શખ્સોએ પેહેલવાન કોબાદના હાથથી ખરાબી થયલી દીઠી પણ તે બે શખ્સો કોબાદ સાથે કાંઇ બોલ્યા નહીં કે તો પાદશાહ ફરેદુનનો અતલગનો સગો છે પણ નરીમાનના હોકમથી આવેલા તેથી નરમીથી પેહેલવાન કોબાદને કેહેવા લાગ્યા કે "તુ બુઝર્ગ આદમીનુ ફરજંદ થઈ એ રવેશે ગરીબ લોકો ઉપર જુલમ કરે છે તેમ કરવુ નહી ઘટે એ તો નાદાન તથા બેબુન્યાદ આદમીનાં કામ છે એ કામ તારૂ નહીં પણ હવે તો બનાવ હતો તે બન્યો પણ એ ચીજથી હાથ ઉઠાવ અમોને પેહેલવાન નરીમાને મોકલ્યા છે વાસ્તે તુ અમારી સાથે આપણા લશકરમા આવ, અગર નહીં તો તુ પેહેલવાન નરીમાનના હાથથી સજાએ પોહોચશે, વળી તે કરતા અમોને પણ હુકમ છે કે તને પકડીને સુલી ઉપર ચહડાવવો, પણ તું તો શાહજાદો છે તેથી તને જતો મેલ્યે છીયે. તુ એ ફેસાદથી હાથ ઉઠાવી શિતાબ લશ્કર તરફ આવી નામદાર નરીમાનની નજદીક મીન્નત કર!" એટલુ કહેવુ કે કોબાદ પોતાની બુઝર્ગી ઉપર નેઘાહ કરી કેહેવા લાગ્યો કે "ઈરાન તથા તુરાનમાં મારા જેવો બુઝર્ગ બીજો કોણ છે? પાદશાહ ફરેદુને મને આજ લગી એક સખુન કહ્યો નથી તો એવો કોણ છે કે મને સુલી ઉપર ચહડાવાનો સુખન ઝબાથી બોલે! તે કરતા તમો પાજી માનસ મને રૂબરૂ બોલનાર

કોણ છે ? શિતાબ મારી નજદીકથી દુર થાવો નહીં તો તમો સર્વેને જીવથી મારીશ." કોબાદથી એવા શોખી ભરેલા સખુન સાભળ્યા તેથી તે શખ્સોએ પાછા ફરી નરીમાન નજદીક જઈ તમામ હકીકત કહી કે "એ તો પાદ-શાહ ફરેદુનનો ખેશી પેહેલવાન કોબાદ પોતે છે અને તે જગાએ તેણે ઘણીએક ખરાબી કીધી છે અને અમોને તો બેશુમાર ગાલ દીધી છે અને કેટલાક નાલાયક સખુન તને પણ બોલ્યો છે તે માફ કર અને પેહેલવાન કોબાદનો ગુનાહ અમોને બખશ. અગર જો તુ સજા કરશે તો પાદશાહ ફરેદુન આપણુથી આજાર્દે થશે અને ગુસ્સો કરશે !" એ રવેશ મીનત કરવા લાગ્યા તે સાભળી નરીમાને ગુસ્સામા આવી તે બેહુ શખ્સોને ફરીથી હુકમ કીધો કે 'એ કોબાદ અગર પોતે પાદશાહ ફરેદુન હોય તો શુ થયુ ? શિતાબ એને પકડીને બજારમા સુલી ઉપર ચહડાવો ! અગર એ કામમા સુસ્તી કરશો તો તમો બન્નેને પણ સુલી દેવાડીશ. એક વખત હુ એને જતો મેલુ'તો બીજા સપેહસાલાર લોકો મારો હુકમ બજાવે નહીં અને સર્વે બેહેકી જાય !" એટલુ કહી બીજા પેહેલવાનો સાથે તેઓને મોકલી કોબાદને પકડાવી તેના ખિદમતગારો સાથે સુલીપર ચહડાવ્યો

તે ઉપરથી શાયર લખે છે જે "જે બદખાસ્યતનુ આદમી હોય તે ઉપર એ રવેશની સખ્તી ગુજારે અને દુવા કરવા લાયકનો મરદ હોય તે ઉપર લ્યાનત વરસાવે તુ જાણતો નથી કે બદ ખાસ્યત દેવ મિસાલની છે અને નેક ખાસ્યત ફરેશ્તા મિસાલની છે અગર તારામા દાનાઈ હોય તો બદખાસ્યતની તરફ વાકી નજરે જોતો ના ! આ દુન્યા દરમ્યાન નેકી તથા બદીનો દરવાજો હમેશા ખુલ્લો રેહે છે વાસ્તે તુ તારા દિલમાં અદેશો કરી જે દરવાજામા તારી ખાહેશ થાય તેમા દાખલ થા યાને નેકી યા બદી જે તને ગમે તે કર—નેકી કરશે તો નેકનામ થશે અને બદી કરશે તો આખરે બદનામ થશે"

એ ખબર જેહાપેહેલવાન કેરશાસ્પે સાભળી કે પેહેલવાન કોબાદે એ રવેશે બેશરમી કીધી તેથી તેને નરીમાને સુલી દીધો ત્યારે જેહાપેહેલવાંન કેરશાસ્પ મિજલસમા બેસી બાગે બુલદ બોલ્યો કે "ઇનસાફ તથા દાદની રાહા એજ છે. અગર જગી નરીમાન પાદશાહ ફરેદુનની મુરવ્વત વાસ્તે

કોબાદને જીવતો મેલતે અને પોતાનો કોલ તોડતે તો નરીમાન મારા તાબ-મનો નહીં કહેવાતે, પણ નરીમાને પોતાનો કોલ પાળ્યો તેથી મારા બુઝર્ગોના નામને રોશન કીધુ કોલનુ તોડવુ અને પોતાની દીનથી ફરવુ એ બન્ને બરાબર છે, વાસ્તે એ બન્ને ચીજ આસમાન તથા જમીન કરતા બુઝર્ગ છે—અગર જો તુ ગુનાહ તથા બદીનો તોશો કરે તો તેના બદલામા તને બદીજ હરદમ પોહોચશે."

તેજ હફતામા એક શેકારી મરદ જંગલમાં જે જગો જરમાશ નામનો ફગફુરચીનનો ભત્રીજો ઝાડ સાથે સીવાઈ રહેલો હતો તે તરફ શેકારને વાસ્તે જઇ પોહોચ્યો ત્યા જોય તો જરમાશ એક ઝાડની ડાલ સાથે લટકેલો અને તેના તન ઉપરથી તમામ ગોસ્ત સડી જમીન ઉપર પડે છે. એ રવેશ જોયાથી તેના ફરઝંદોને ખબર કીધી જેથી તેના ફરઝંદોએ આદમીઓને નરીમાન પાસે મોકલી રજા મંગાવી કે તારો હોકમ હોય તો તેના તનને લાવી ઠેકાણે પોહોચાડયે નરીમાને રજા આપી તેથી તેના તનને લાવી અગરના લાકડાએ આતશમા બાળ્યુ અને તમામ હકીકત જે બની હતી તે પાદશાહ ફગફુરચીન ઉપર લખી મોકલી.

તે ઉપરથી આ નામાનો બનાવનાર શાયર લખે છે કે "આ દુન્યા-માં નાહક રંજ શા વાસ્તે આદમીજાત ઉઠાવે છે? તુ જો કે જરમાશ શાહજાદો બેશુમાર ખજાનો તથા ગંજ મેલી એ રવેશે સખ્તીથી ગુજરી ગયો. આ જેહાનને દાનેશમંદ લોકોની નજદીક કશી કીમત નથી અને જે દાનાવ હોય તે આ જેહાનનો ગમ હરગેજ નહી ખાય અગર આ જેહાન તારા ઉપર ગમનો હાંદેશો નાખે તો તુ સબર કરી ખુશીથી રેહેજે યા સબરના પાણીએ ગમના દાવને ધોઇ નાખજે! તને એકાએક કાંઇ ગમ પોહોચે તો તુ શિતાબ શરાબ પીજે કે શરાબ પીધાથી ગમ બરતરફ થઇ જશે જે બન્ને જેહાનનો નેકબખ્ત હોય તે નાસ્તો તથા ખાણુ ખાધા પછી શરાબ પી દુન્યાના ગમને બરતરફ કરતો રેહે. આ જેહાનને એક ખ્વાબ મિસાલ જાણી ખુશીથી શરાબ પીતો રેહેજે કારણ કે તારા હાથમા ખાક શિવાય કાંઇ બીજુ રેહેવાનું નથી."

પેહેલવાન નરીમાને પોતા પાસે જે ગજ ખજાનો હતો ને તે શેહેરના હાકેમ પાસે અનામત મેલ્યો અને પોતે બીજાં શેહેર તરફ રવાના થયો તે હકીકત.

પછી સપેહસાલાર જંગી નરીમાન એક મહિના લગી તે જગા મુકામ કરી રહ્યો અને ફ્રગપુરના બેગ્રા ખાકાનનો ખજાનો તેના હાથમા આવ્યો હતો તે સાથે બીજો બેશુમાર ગંજ બીજી જગાથી પોતે લાવ્યો હતો તે સર્વે ગણી તે શેહેરના હાકેમને સોપ્યો અને બીજો અસબાબ-બખી હતો તે સર્વે તે જગો મેલી તેને કહ્યુ કે “મારો કાકો જહાપેહે-લવાન કેરશાસ્પ આ જગો આવે ત્યારે એ તમામ સામન તથા ખજાનો ગણીને તેને હવાલે કરજે!” એ રવેશે તમામ સામન તેને હવાલે કરી ત્યાથી લશ્કર સાથે કુચ કરી આગળ ચાલ્યો રાહમાં એક શેહેર ફ્રગશુર નામનુ હતું તે શેહેરની નજદીક જઇ દેહેરા મારયા અને લશ્કર સાથે આરામ પકડી તે શેહેરના પાદશાહનુ નામ “ફ્રરશતુ” કરીને હતું તેને ખબર થઇ તેથી તેણે લડાઇનો સામાન તૈયાર કીધો. તે શેહેરમાથી બાહેર નિકળ્યો પણ તેની પાસે ખજાનો કોતાહ હતો તેથી તેની સાથે ઘણુ લશ્કર હતુ નહી તે ફ્રરશતુનાં લશ્કરમા એક પાડો મસ્ત હાથી કરતા ઉચો અને જબરદસ્ત હતો. ફ્રરશતુની સામે દુશ્મનની ફોજ આવતી ત્યારે તે પાડાને તે લશ્કર ઉપર છોડી મે-લતો જેથી તે જબરદસ્ત પાડો દુશ્મનના લશ્કરમા જઇ તમામ લશ્કરને ગરદાપેચ કરી નાખતો તે પાડાને પાદશાહ ફ્રરશતુએ બાજે લશ્કર સાથે આગળ હરોલમાં મોકલી નરીમાનનાં લશ્કર પર છોડી મેલ્યો તેથી તે પાડો હરતરફ દોડતો જતો અને ઇરાની લશ્કરને મારતો હતો. ડાબી તથા જમણી તરફ દોડી ઇરાની લશ્કરમાં ઘણી ખરાબી કરવા લાગ્યો

તેથી ઇરાની લશ્કરમા પોકાર ઉઠયો. પેહેલવાન નરીમાને દુરથી તે પાડાને દીઠો તો ઉડાવમા મસ્ત હાથી કરતા ઉચો અને જોરમા સીહ કરતા જબરદસ્ત અને મગરમછ મિસાલ હુમલો કરી લશ્કરની ખરાબી કરે છે, તેથી ાશતાબ પાઉપ્યાદો દોડતો આવી તે જબરદસ્ત પાડાની દુમ એક હાથમા પકડી અને બીજા હાથે તેના સર ઉપરનુ સીગડુ પકડી એક જોરે કરી તેને ઉઠાવીને જમીન ઉપર એવોતો પછાડી મારયો કે તેના તનના તથા હાડકાના પુરજેપુરજા થઈ ગયા એ મિસાલે નરીમાનનુ જોર તથા દલેરી જોઈ પાદશાહ ફરશતુના દિલમા હેબત પેદા થઇ અને તેની આખમા રોશન રોજ શીહા રાત મિસાલ નજર આવવા લાગ્યો. તે પોતાના દિલ સાથે અંદેશો કરવા લાગ્યો કે "શેરની હીમતના આ પેહેલવાન સાથે કોણુની તાકાત કે મેદાનમા ઉતરી લડાઇ કરી શકાય ' એણે ફગપુર પાદશાહના બેટા ખાકાન સાથે તથા તેના કેટલાક પેહેલવાનો સાથે શુ કીધુ કે હું એ સાથે લડી ફેજ કાહાડીશ ' હુ એ બલામા શા વાસ્તે પડુ ?" એ રવેશે અદેશામા હતો એવામા રોજનુ તાજુ ફુલ કુમળાયુ અને આફતાબ ગાયબ થયો તેથી તમામ લશ્કરે પોતાની જગા ઉપર કરાર પકડયો. પછી પાદશાહ ફરશતુએ પોતાના ખજાનામાથી કેટલોક ખજાનો તથા હાથી, ગોલામો તથા બાડી વિગરે તરહરેવાર હથ્યારો અને બીજો તેવો કેટલોક હદિયો તૈયાર કીધો

આફતાબે આસમાનની અગાશી ઉપર પોતાનુ સર ઉઠાવ્યુ યાને બામદાદનો વખત થયો ત્યારે પાદશાહ ફરશતુ પોતાના અમીરો સાથે તે તમામ સામાન લઇ પેહેલવાન નરીમાનની નજદીક જઇ અવ્વલ દુવા કરી આજજીથી કેહેવા લાગ્યો કે "અય નામદાર પેહેલવાન ! અમો સર્વ તારા ફરમાબરદાર બદા છીયે અગર અમારાથી નાદાનીથી તારી સાથે શોખી થઇ તે ગુનાહ તુ અમોને માફ કર ! આ શેહેર, લશ્કર તથા ખજાનો સર્વે તારોજ છે તુ અમારો પાદશાહ અને અમો તારા ફરમા-બરદાર બદા છીએ તેથી અમો એ શેહેરના દરવાજા ખુલ્લા મેલ્યા છે વાસ્તે તારા લશ્કરને હુકમ કર કે જેને કામ હોય તે ખુશીથી શેહેરમા આવે જાય ને જે કાંઈ લેવુ કરવુ હોય તે કરે ! પણુ અવ્વલ તુ ફગપુરચીન

પાસેથી સલામી લે અને તેને જેર કર! અમો તો સર્વ તારા બંદા છીયે." એ સખુન સાભળી સપેહસાલાર નરીમાને દિલથી ખુશી થઈ તેને કેટલો-એક દિલાસો દઈ તેને પોતાના દિલથી દોસ્ત કરી રાખ્યો અને જે જગ્યો જતો, મિજલસમા બેસ્તો યા શેકારગાહ જતો ત્યા પાદશાહ ફરશતુને પોતાની દુર નહી કરતો ને તેની ઉપર ઘણો પ્યાર રાખતો હતો. એમ કરતા એક દિન રાતને વખત પાદશાહ ફરશતુએ સપેહસાલાર નરીમાનને અરજ કરી કહ્યુ કે "મારા શેહેરની સરજમીનમા એક શયર કરવાની જગ્યા યાને એક શેકારગાહની જગ્યા ઘણી ખુબ છે તે જગ્યાના પાહાડ તથા તમામ જંગલ હરણુ તથા ગોરખરના ટોલાએ ભરેલુ છે અને ગવજન યાને શાબર તથા તેવાજ શેકાર હરતરફ ફરતા ફરે છે અને કોઈવાર શેરો તથા ચીતાઓ કમીધાહ કરી શેકારોને મારી પોતાનો ખોરાક કરે છે, વાસ્તે તારો હુકમ હોય તો કાલ રોજે બામદાદને વખત આપણે તે જગ્યે શેકારઘાહે જઈયે અને તે જગ્યે શેકાર મારી ત્યા શરાબ પીને આપણે ખુશી મનાવ્યે" એ મિસાલે તમામ રાત ગોફતેગોહ કરતા અને શરાબ પીતા ગુજારી

પેહેલવાન નરીમાન પાદશાહ ફરશતુ સાથે શેકારઘાહે ગયો તે હકીકત.

રોશન રોજ જાહેર થયો ત્યારે પાદશાહ ફરશતુ તથા પેહેલવાન નરી-માન ઘોડા ઉપર સવાર થઇ લશ્કરના બુઝર્ગો સાથે શેકારઘાહ તરફ ચાલ્યો. દરાખના ઝાડોનો મેવો આવવાની મોસમ હતી તેથી ઝાડો ઉપર તમામ દરાખ પાદશાહી બેકીમત મોતી નજર આવે તે મિસાલ સાફ નજર આવતી અને જમીન ઉપર શબ્જો સુકાયલો હતો તેથી ગોયા તે સર-જમીન ઉપર જરબફત બીછાનુ બીછાવ્યુ હોય તે રવેશે નજર આવતી

હતી તથા પાહડનાં સર સફેદ અને જંગલનું મોહો જરદ હતુ અને તેમા પેહેલવાન નરીમાનના લશ્કરના લાલ પોશાકે તમામ જમલ ચીનના બાજાર મિસાલ નકશદાર નજર આવતું હતુ તે શેકારગાહમાં જાનવરો પાખો ઉચી કરી નાજ કરતા હતા તથા ઘણાક જાનવરો ઉંચા પાહાડ ઉપર જઇ સંકૂબધ ઉડતા તથા બાજે જાનવરો પાણીના ચશમામા તરતા ફરતા અને બાજે જાનવરો ઝાડની ડાલી ઉપર બેસી બુલદ અવાજે ખુશ હલકથી શરોદ કરતા. તે જગાના પાહાડો નજદીક હરણ, ગોરખરો, વરૂ તથા શેર વિગેરે ભાત ભાતના જાનવરોના ટોળા હતા. તે જગોની હવા બાહારના દાહડા મિસાલ ખુશી બરેલી હતી અને બાજે જાનવરો એક એક સાથે લડી એક એક ઉપર પોતાની ચુગાલ મારતા તેઓના લોહીએ કરી જમીન ગોય. લાલાના ચરમ મિસાલ સુર્ખ નજર આવતી તથા લડાઇના મેદાનમા પેહેલવાન લોકો ચીનાઇ જગ્બફ્તના બખ્તર પેહેરી લડાઇમા દોડે તે મિસાલે ચીતાઓ પોતાના તનના જરદ ચામડા ઉપર શીહા બુટા સાથે હરતરફ દોડતા હતા, તથા શીહાગોશ જાનવરે હરણનો દુમાલો પકડેલો અને જગલી સગની દેહેસ્તે સસલા પરસેવામા ગરકાવ થઇ નહાસતા હતા. એ મિસાલના શેકાર ઘાહમા પેહેલવાન નરીમાન પોતાનો શીહા ઘોડો સફેદ બાજ મિસાલ હરતરફ દોડાવી તીરે શેર તથા વરૂને જમીન ઉપર નાખતો અને તલવારે ચીતાના તનના ટુકડા કરી નાખતો, ગોરખર તથા હરણના સરને કમદના ફાદામા લાવી જીવતા પકડતો અને જે જગા શેર, ચીતા કે વરૂને જોતો કે શિતાબ મારી કેહેતો કે "આબાદ શેહેરમા જાલેમ પાદશાહોનુ શુ કામ છે?"—યાને પાકીજેહ શેકારઘાહના જગલમા દરામણા જાનવરો નહીં જોઇયે તે હરતરફથી દરદા જાનવરોને મારતો. એમ કરતા બ સો વરૂ તથા હેશી શેર માર્યા અને તેના ખુને જમીનને રગદાર કીધી! પેહેલવાન નરીમાન ઉપર ભુખે ગલબો કીધો ત્યારે એક બુલદ ઝાડ નજદીક પાણીનો ચશ્મો હતો તેના છાયા નીચે બેસી શરાબની જામ ઉઠાવવા અને શરોદના અવાજ સાભળવા લાગ્યો. એક તરફ પેહેલવાન લોકોના હાથમા શરાબની જામો ઉઠાવેલી અને કાન શરોદના અવાજ ઉપર ધરેલા એ રવેશે જંગલ

દરમ્યાન ખુશીથી મિજલસ સમારી તમામ લશ્કર સાથે પાદશાહ ફ્રરશતુ અને પેહેલવાન નરીમાન આશાયશથી બેઠા બેઠા મોજ મારતા હતા.

લડાઇ કીધી પેહેલવાન નરીમાને ચોરો સાથે અને માર્યા ગયા ચોરો નરીમાનના હાથ ઉપર અને તેઓનો કિલ્લો લીધો તે હકીકત.

શીકારઘાહની જગ્આ પાદશાહ ફ્રરશતુના મુલકની સરહદ હતી અને તે જગલમા એક ડજ યાને વાંકો કીલ્લો હતો તે ડજ ઉપર ચોર લોકોનું રેહઠાણુ હતુ અને તે ડજ બુલદીમા ઘણો ઉચો હતો પેહેલવાન નરીમા-નના મગજમા શરાબનો જોશ આવ્યો ત્યારે તે ડજ તરફ નેઘાહ કરી પુછ્યુ કે "એ દુરથી જે ડજ નજર આવે છે તે કોણના તાલુકામા છે?" પાદશાહ ફ્રરશતુએ દીદામા પાણી લાવી કહ્યુ કે "પાકજાદ બુઝર્ગ બુન્યાદના પેહેલવાન! એ ડજ ઉપર સાઠ ચોર રેહે છે પણ તેમાનો એક એક ચોર સાઠ સાઠ દેવ કરતા બદસુરત અને જોરાવર છે તે લોકો શેરને ગોસપદ મિસાલ પકડી તેનુ સર તનથી ઉખેડી નાખે છે તેઓની દેહેશતથી એ જગલના શેર તથા દરદા જાનવરો પણ તે પાહાડની નજદીક જઇ શકતા નથી એ નાપાક અહેરેમનની મિસાલના જુલમગાર ચોરો ત્યા રહે છે. તેઓ જગલમાથી મારા હજારો ગાયો, ગોસ્પદ તથા ઘોડાઓના ટોલા હાંકી લઈ જઇ બીજા શેહેરમા વેચી તેના પૈસા કરે છે તથા ઘણુક ભારી કાફલા મારી તેઓની માલ મતા, ગોહર તથા સુનુ રૂપુ એ જગોએ એકઠુ કીધુ છે એ ચોરોને મારવાનો મે ઘણોબી ચારો કીધો પણ એ કિલ્લા ઉપર જવાની રાહ ઘણી તગ, પેચદાર અને અઘડી છે તેથી કોઇથી એ પાહાડ ઉપર ચહડી શકાતુ નથી. એ નાપાકો એ ડજની રાહ ઉપર હમેશાં બેઠક રાખી રાહ મારે છે તેથી એ મારા મુલકની

રૈયત ખરાબ થઇ ગઇ છે. સોદાગરોથી મારા મુલકથી બીજા મુલક તરફ જઇ શકાતુ નથી. એ નાપાક ચોરોના હાથથી ઘણાક આદમી બેગુનાહ માર્યા ગયા છે અને એઓની દેહેશતે રાત દિન મારી આખમા ખ્વાબ આવતો નથી" તે ચોર લોકોની તમામ હકીકત સાંભળી પેહેલવાન નરીમાને પાદશાહ ફ્રરશતુને કહ્યું કે "તુ પાક યઝદાને યાદ કર! હુ તને તે અંદેશાથી છોડવુ અને એ કિલ્લાને જમીન બરાબર કરી નાખુ કે ખોદાની ખલક એ જગા ઉપર બેદેહેસ્ત આવે જાય" એટલું કહી ચાલીસ પેહેલવાનોને કહ્યુ કે "તમો તે પાહાડ નીચે કમીઘાહ કરી બેસો અને મારો પોકાર તમો સાંભળો ત્યારે શિતાબ એ પાહાડ ઉપર ચહડી આવજો" એટલુ કહી તે પેહેલવાનોને હથિયાર સાથે કમીઘાહમા રાખી નરીમાને પોતાના તનમા બખ્તર પેહરયુ અને તે ઉપર જીવ લેનાર તલવાર બાધી તે ઉપર જરી શાહચો લાબો પેહેરયો અને સર ઉપર જરી પેચો લપેટી પાદશાહી એલચીનો લેબાશ લીધો અને તે પાહડ તરફ શિતાબીથી ચાલ્યો તે કિલ્લા ઉપર ઘણીક મેહેનતથી ઉચો ચઢયો. તેને જોઇ પેલા ચોર લોકો પોકાર મારી કેહેવા લાગ્યા કે "અય કમબખ્ત! તુ કોણ છે? અને એટલો શિતાબી કરી એ પાહાડ ઉપર શા માટે આવે છે? તુ કોઇ દીવાનો મરદ છે! યા તારી અજલે શિતાબી કીધી છે?" એ મજુન સાંભળી નરીમાને આસ્તે રહી જવાબ દીધો કે "હુ પાદશાહ ફ્રરશતુનો એલચી છુ એ જંગલમા પાદશાહ લશકર સાથે શેકારઘાહ આવ્યો છે તેનું નામુ તમારા સાહેબ ઉપર લાવ્યો છુ" જ્યારે તે ચોર લોકોએ તેના સરપેચ તથા જરી શાહચો તનમા પહેરેલો દીઠો ત્યારે જાણ્યુ કે કોઇ એલચી છે પણ તેના ફ્રરેબથી બેખબર હતા નરીમાન તે પાહાડની સખત રાહ ઉપરથી ફ્રરાખ જગા ઉપર તે લોકોની નજદીક જઇ પોહોચ્યો ત્યારે તેણે પોકાર મારી શિતાબ તલવાર ખેચી તેનો અવાજ પેલા જાબુલી પેહેલવાનોએ સાભળ્યો તેજ વખત તેઓ પણ પોકાર કરતા તે પાહાડ ઉપર ચહડી ગયા પેલી તરફથી ચોરોબી શિતાબ એકઠા થઇ લડાઇ કરવા લાગ્યા તેથી તે બુલદ પહાડ ઉપર રસ્તાખેજનો પોકાર ઉઠયો. નરીમાને હુકમ કીધો તેથી તે પેહેલવાનો

ચાર તરફ સફ સમારીને ઉભા અને જાણુલી પેહેલવાનોએ બેશુમાર તીર માર્યા તેથી તમામ હવા શીહા નજર આવતી હતી, ગોયા તે કીલ્લા ઉપરથી તે ચોરો ઉપર લોહોડાનો વરશાદ વરસતો હતો અને ગારમાં રહી નીચેથી ચોરો જાણુલીઓ ઉપર પથરનો વરશાદ વરસાવતા હતા પણ તે ચોર લોકો આખર જાણુલીઓના હાથ ઉપર માર્યા ગયા તે જગ્યા ઉપર જોયુ તો બેશુમાર ખજાનો જમાવ કીધેલો દેખાયો અને ઘણીક નાદર ચીજો મેળવેલી હતી તેમાથી જે કાઇ પેહેલવાન નરીમાનને પસદ પડી તે ચીજ પોતે લીધી અને બાકી તમામ ખજાનો પાદશાહ ફરશતુને બક્ષ્યો અને હુકમ કીધો કે ઘણાક બેલદારો બોલાવીને એ ડજને ખાક બરોબર કરી નાખે કે ફરી કોઇ ચોરો તે જગ્યાએ મુકામ કરી રાહ નહીં મારે એ હુકમ કરી ફરશતુના શેહેરની તરફ આવી મુકામ કીધો.

પેલી તરફ ફગફુરચીનના સપેહસાલાર જરમાશ તથા પેહેલવાન કોલાહ ઇરાનીઓની લડાઇમા માર્યા ગયા તે ખબર ફગફુર પાદશાહને થઇ તેથી ઘણો દિલગીર થયો અને તેના તને બેકરારી પકડી અને એક હફતા લગી માહેતમમા બેઠો, પછી પોતાનો ખાસ લશકરનો સપેહસાલાર તગીતાશ નામનો હતો તેને બોલાવ્યો અને નવેસરથી લડાઇનો સામાન તૈયાર કરી જાણુલી લશ્કર ઉપર કમર તગ કીધી

લડાઇ કીધી નરીમાંને તગીતાશ પેહેલવાન સાથે તે વીગેરે બીજી હકીકત

લડાઇ કરનાર અને તલવાર મારનાર દલેર પેહેલવાનો હતા તેઓને જુદા કાહડયા અને તે હજારો લશ્કર ઉપર બે સરદાર પોતાના અતલગ બેઠા હતા તેઓને મેહલ્યા અને તે બે સપેહસાલારોની સાથે તે લશ્કર આપીને ફરમાવ્યુ કે "તમો જહાપેહેલવાન કેરશાસ્પની મુકાબલે જઇ તેના સરને

-તનથી કાપી નેજા ઉપર ચહડાવી મારી નજદીક લાવો!" એ રવેશે હુકમ કરી તે ફોજને કેરશાસ્પ ઉપર મોકલી. બીજુ બેશુમાર લશ્કર તૈયાર કરી ફરમાવ્યુ કે "પેહેલવાન તગીતાશ સાથે નરીમાન ઉપર જાય અને તેના તનને ખાક બરાબર કરી નાખે!' એ હુકમ કરી લશ્કર રવાના કીધુ. એ ખબર એકાએક પેહેલવાન નરીમાનને થઈ કે ફગફુરચીને બેશુમાર લશ્કર નવેસરથી તૈયાર કીધુ છે તેથી શિતાબ નરીમાને એક શાઢણી સવાર પોતાના કાકા જહાપેહેલવાન ઉપર મોકલી તેને ખબર કરાવી કે "જબર-દસ્ત ફોજ ફગફુરચીનની તારી ઉપર જોશથી દરિયાવના મોજની મિસાલ ચાલી આવે છે તે ફોજ એટલી તો છે કે તેના એક છેડા ઉપરથી ઓકાબ જાનવર ઉડે તો બે મહિને બીજા છેડા ઉપર જઇ પોહોચે એટલુ બે અંદાજે લશ્કર છે અને વળી બીજી ફોજ સાથે ઉપર મોકલી છે તે ફોજનો તો શુમારજ નથી પણ જાસુસો ખબર લાવ્યા છે કે તે ફોજમા ચાલીસ હજાર હાથી લોહોડાની પાખર સાથના છે, એવી ફોજ મારી ઉપરે આવે છે તેથી હું આજે એ જગાથી કુચ કરી દરમજલ તે લશ્કરની સામે કુચ કરી જાઉ છુ વાસ્તે તુ હુસ્યારીમા રેહેજે વળી તારી ઉપર લશ્કર આવે છે તે ફગફુરે હુનર કરીને મોકલ્યુ છે જે ઉગટ રાહે આવે છે તે ફગફુરે આપણુ બન્ને ઉપર જબરદસ્ત લશકર જુદુ જુદું મોકલ્યુ છે વાસ્તે રાતને વખત જંગલમા તલાયા મેલી હુસ્યારી રાખજે, સબબ આ લડાઇ સખત નજર આવે છે, પણ હકતાલાની મદદથી હું પોતેજ તેની સામે જાઉ છુ ને કોશેશથી તે ભારી લશ્કર સાથે એક લડાઇ કરી જોઉ છુ કે કોણુને આસમાન યારી દે છે" એ મિસાલ તમામ ખબર કેરશાસ્પને કેહેવાડી. તે શાઢણી સવાર કેરશાસ્પની નજદીક જઇ પોહોચ્યો અને કેર-શાસ્પને તમામ હકીકત કહી તે સાભળી જહાપેહેલવાને નરીમાનનો ગમ ખાધો કે નરીમાન સાથે જુજ ફોજ છે યાને થોડુ લશકર છે અને ફગફુરના બેશુમાર લશ્કર સામે જાય છે આફ્રીન છે એ નામદાર બેટાની હીમત ને દલેરી ઉપર એ રવેશે પોતાના દિલ સાથે કહીને પછી તેજ શાઢણી સવારને હુકમ કીધો કે તુ શિતાબ પાછો ફર અને નરીમા-નની તરફ જા અને તેને મારી તરફથી ઝબાની પેગામ કહે કે "આજ

નામદાર બેટા! તુ એ બેશુમાર લશ્કર તથા એ લડાઇથી કશો અંદેશો ના રાખતો તુ પોતે હીમત પકડી મરદાનગીથી કામ કરજે! તું ઘણો શરાબ ના પીતો અને હુસ્યારી રાખી પોતાના લશ્કરને જાળવતો રેહેજે! અગર એ કરતા દસ ઘણુ લશ્કર દુશ્મનનુ લડાઈ તથા કીના ભરેલુ થઈ આવે તો પણ તું પોતાની મરદાનગીએ કરી જેમ એક મોર્ગને મારી લે તે મિસાલે આશાનીથી તેને મારી લેજે! એ વખત નામ ઉઠાવ્યાનો છે તેથી એવુ કરજે કે તારી નામદારી ક્યામતના દાહાડા લગી રહે! હું પણ તારી પછવાડે આવી પોહોચુ છુ" એ રવેશે કહી તેને શેતાબ પાછો રવાના કીધો અને પછી શિતાબ પોતાના લશ્કરમાથી સાઠ હજાર જગી સવાર લડાઇના કરનારા ચુટી કાહાડી નરીમાનની મદદે મોકલ્યા એવામા એક એલચી છુપ્પુ નામુ લાવ્યો અને અરજ કરી કહેવા લાગ્યો કે "મને શિતાબ જહાપેહેલવાન કેરશાસ્પ સાથે મેળવો" ત્યારે જહાપેહેલવાને ઇસારત કીધી કે તે એલચીને મારી નજદીક લાવે તેથી તેને લઇ જઇ હાજર કીધો તે એલચી કેહેવા લાગ્યો કે "ફગફુરચીનીનો સપેહ-સાલાર હમણા લશ્કર સાથે આવેછે તેણે મને એક નામુ આપી તારી પાસે છુપ્યો મોકલ્યો છે અને ઝબાની પેગામ કેહેવાડયો છે કે હુ હમણાં ગરદન ઉઠાવીને લડાઇ તથા કીના ભરેલો થઇ તારી ઉપર ઘણોક જોશ કરતો આવીશ પણ અય જહાપેહેલવાન! હુ તારો ફરમાબરદાર બંદો છુ, તેથી હુ તારી પાસે જીનહાર માગી લઉં છુ વાસ્તે તુ અવ્વલ પોતાના ઇરાની લશ્કર સાથે આવી અમારા લશ્કરની બહીરુનગાહ ઉપર તુરત છાપો મારજે કે હુ ડાબી તથા જમણી તરફ મકરથી લડાઇ કરતો ફરીશ બલ્કે લશ્કરની હીમત મેલાવીને લડાઇનો પુરો હુકમ પણ આપીશ નહી." જહાપેહેલવાને એ રવેશ તે સપેહસાલારને પોતાનો દોસ્ત જાણ્યો ત્યારે ખુશી થઈ દિલની મોહબતથી તેના ઉપર ઝબાની દુવા કરી કહેવાડયુ ને ઘણીક ઉમેદ આપી દિલાસો દીધો તેમજ તે એલ-ચીને ઘણોક નવાજ્યો અને તે જગા હુશિયારીથી લશ્કર સમાર્યુ. એક હાથી જહાપેહેલવાનની સવારીનો રૂપા મિસાલ સફેદ હતો તે ઉપર સુનાની પાખર નખાવી અને ગોહરના જડાવનુ તખ્ત તેની પીઠ ઉપર બધાવી

જગી ફેરશારપ પોતે હાથી ઉપર સવાર થઇ પોતાના લશકરમાથી બાહેર નિકળ્યો કે ચીની લશ્કરનો શુમાર કહાડે ત્યા જઇ જોય તો તમામ જગલ લશ્કરે ભરાઇ ગયલુ છે અને હરતરફ રગબેરગી દેહેરા મારેલા જોયા. સર્વ પોતાની જગા ઉપર ફોજ સાથે પડેલા હતા ચીની લશ્કરના તલાયાઓએ જહાપેહેલવાનને મેદાનમા એકલો દીઠો ત્યારે સર્વ એકઠા થઇ એક જગા ઉપર જહાપેહેલવાન સાથે લડાઈ કરવા લાગ્યા જહાપેહેલવાને પોતાની સવારીનો ખાસ હાથી તેઓ ઉપર જોરથી રેલાવ્યો અને બે પેકાનના તીર ઉપર હાથ નાખી તે અવ્વલ કમાન ઉપર ચહડાવ્યો અને એક જોરાવર શખ્સની ગરદન ઉપર હોનરથી મારયો કે જેમ ખજરના જખમે ગરદન ઉપરથી સર ઉડી જાય તે મિસાલ તેના સરને કાપી નાખ્યુ. બીજા તલાયા સવારોએ એ મિસાલ દીઠુ ત્યારે દલેરીથી હાથમા ખજર પકડી જહાપેહેલવાનના હાથીના પેટની નીચે આવી ચાહયુ કે અવ્વલ હાથીને મારી તેની પીઠ ઉપરથી ફેરશારપને નીચે નાખે, તે જોઇ જહાપેહેલવાને શિતાબ તલવાર ખેચી અને હાથીને ઉપરથી વાકો વાળી એક જખમ એવો તો તેના સર ઉપર મારયો કે તેને ઘોડા સાથે ચાર ટુકડા કરી નાખ્યો તલાયાઓએ એ મિસાલ રસ્તા-ખેજની લડાઇ દીઠી તેથી તેજ વખત પોતાની લગામ ફેરવી ત્યાથી નાહઠા, એ તરફથી જહાપેહેલવાન ઘણો આજોર્દ થઇ મેદાનમાથી પોતાના લશ્કર નહી' તરફ પાછો ફરયો કે આજ રોજ કોઇ મારો હમનબર્દ મેદાનમા આવ્યો અને નાહક બિચારા તલાયાઓ મરાયા ગયા પછી પેલા જે બે તલાયા જહાપેહેલવાનના હાથ ઉપર મારયા ગયા હતા તેઓને મેદાનમાથી ચીના લોકોએ ઉઠાવી લઇ પોતાના સપેહસાલરની નજદીક મેલ્યા, તે તલાયા-ઓના જખમ જોઇ ફગપુરના પેલા બે સપેહસાલારો જે લશ્કર સાથે આવેલા હતા તેઓના દિલ દેહસ્ત ભરેલા થયા કે એ રવેશના જખમ જે શખ્સ મારે તેની લડાઇમા કોણુની તાબેશ રહે ? પછી તે બે સપેહ-સાલારોએ પોતપોતાના લશ્કરમાથી એકએક શાહણી સવાર કહાડી તેઓને નામા આપીને પેલા તલાયાઓના તન તથા તેના ઘોડાને ઉઠ ઉપર બાધી ફગપુરચીની નજદીક મોકલ્યા અને નામામાં લખ્યુ કે "કોણુ કહે છે કે ફેરશારપ બુઢો અને સુસ્ત થયો છે ? તેના તીર તથા તલવારના જખમ

તું પોતાની નજરે જોઇ વિચાર કે આજ લગી કોણુ પેહેલવાને તીરના પેકાને પેહેલવાનોના સરને તનથી કાપી નાખ્યા છે? અને કોણુ મર્દે એ રવેશ તલવારના જખમે પેહેલવાનોને ઘોડા સાથે ચાર ટુકડા કરી નાખ્યા છે એ રવેશ બુઢો કેરશાસ્પ કામ કરે છે, અને તેની સાથે ઇરાની લશ્કરબી ઘણુંક બેશુમાર છે તે લશ્કરબી તમામ લડાઇને વખત જાન આપે યા જાન લે તેવુ છે તેના લશ્કરના લોકો લડાઇની વખત એવા તો કામ કરે છે કે જેહુનના દરિયાવમાથી ગરદન ઉઠાવીને સાતમા આસમાન સાથે પોહોચાડે છે. તે લોકોપાઉપ્યાદા થઇ મેદાનમાં આવે છે ત્યારે ગોયા મેદાનમા મસ્તી ભરેલા હાથી તથા ચીતા દોડે અને મસ્તી કરે તે મિસાલ ફેરયાદ ઉઠાવે છે અને તે લોકો મેદાનમા સફ સમારી ઉભા રેહે છે ત્યારે એક લોહોડાની દીવાલ બાંધી હોય એવા લશ્કરનો સપેહસાલાર કેરશાસ્પ છે! અય પાદશાહ! અગર તુ તે કેરશાસ્પને નજરે જોય તો તેના દબદબાની દેહેસ્તે એક હફતા લગી બેહોશ થઈ મુરદા મિસાલ પડી રેહે! એવી તેની દેહેસ્ત છે પણુ તુ બુલંદ તાલેના અને રોશનબખ્ત પાદશાહના બખ્તને જોરે અમોને હકતાલા ફતેહમદી નવાજશે, કા વાસ્તે કે તું પાદશાહ સર્વ પાદશાહો ઉપર બુઝર્ગ છે તેથી માહતાબબી તને સેજદો કરે એવો તારો દબદબો છે." એ મિસાલે નામુ લખી એલચીને પોતાના પાદશાહની તરફ રવાના કીધો રાતનો વખત થયો અને માહાતાબે પોતાના સફેદ નુરે કરી જમીનને જેબદાર કીધી ત્યારે બન્ને લશકરમાથી ઘાટના અવાજ નિકળ્યા અને તલાયાઓ આગળ પછવાડે ફરવા લાગ્યા અને તમામ રાત બન્ને લશકરે લડાઇનો સામાન તૈયાર કીધો તથા બામદાદની જગ માટે શુર ચહડાવ્યુ

લડાઇ કીધી જહાંપેહેલવાન કેરશાસ્પે ચીનાઇ લશ્કર સાથે તે હકીકત.

રોશન રોજ જાહેર થયો ત્યારે બન્ને તરફનાં લશ્કરના દલેરો

હથ્યાર બાંધી લડાઇ વાસ્તે તૈયાર થયા અને મેદાનમા આવી સફ સમારી અને પીત્તલની કરનાય અને ધાટના અવાજ નિકળ્યા, અને લશ્કરના દલેરો ધરપકડના અવાજ કરવા લાગા, જેની ધરપકડથી જમીને બેકરારી પકડી અને જમાનો જુમબેશમા પડયો, તે વખત ગોયા આદમીના લોહીએ તમામ જમીન મઊહના દરિયાવ મિસાલ મોજ મારવા લાગી, અને પેહેલવાનોની કોલાહ લોહીમા ગરક થવા લાગી, તલવારો સવારોના સર ઉપર મોતનો વરશાદ વરસાવતી હતી, નેજાની નોક કલેજાનુ લોહી ચાખતી હતી, તેથી લડાઇના પેહેલવાનોના દિલ તથા આખ નાઉમેદ થઇ નાહાસવા ઉપર રગબત કરની અને સર્વ લશ્કર સાથે લડાઇ નહીં કરતા પણ ગોયા પોતાના મોત સાથે લડતા હતા હાથીઓ પોતાની સુઢને પેચ દઈ જગી પેહેલવાનની ગરદન ઉપર કમદની મિસાલ નાખતા હતા એવી લડાઇમા જહાપેહેલવાન કેરશાસ્પ પોતાની સવારીના હાથીને હરતરફ દોડાવતો અને બેશુમાર આદમીઓના દિલ તીરે કરી સીવી લેતો અને હાથમા નેજો પકડીને ચીનાઇ લશ્કરમા હુમલો કરતો ત્યા સવારોને નેજાની નોક કરી ઉડાવી ઉડતા મોર્ગ મિસાલ ઉચે હવા ઉપર ફેકી નાખતો હતો પછી ચીનાઇ લશ્કરની કલબગાહમા લડાઇને વાસ્તે જોરથી દાખલ થયો કે તે લશ્કરના બે સપેહસાલારોને મારે. એવો અદેશો કરી લશ્કરની સફ ફાડી એક સરદારને નેજાએ જેમ ઓકાબ જાનવર કબુતરને ઉઠાવી લે તે મિસાલ ઉઠાવી લઇ જોરથી જમીન ઉપર માર્યો, તેથી તેના તનને રેજેરેજ કરી નાખ્યુ. એ મિસાલે ઘણાક પેહેલવાનોને મારયા અને જે તરફ હોમલો કરીને હાથી રેલાવતો તે તરફથી ચીનાઇ લશ્કરના ટોલેટોલા મારી જમીન ઉપર નાખતો અને ચીનાઇ લશ્કરના સવારો કેરશાસ્પની નજદીકથી ઘોડા ફેરવી નાહસતા હતા એમ કરતા આફતાબે પોતાનો ઝુંડો નીચે ઉતારયો ને રાતનો વખત થયો તેથી બન્ને તરફથી લશકર મેદાનમાથી પાછા ફરયા અને હર તરફથી સવારોએ પોતપોતાના મુકામ ઉપર આવી આશાયશ લીધી અને લશ્કરની આસપાસ ખબરદારીને વાસ્તે તલાયાઓ ફરવા લાગ્યા પણ ચીનાઇ લોકોને ઇરાની ઓની એવી તો દેહેસ્ત લાગી હતી કે તે લોકોએ કમર નહીં છોડી અને

તમામ રાત કોઇ આશાયશથી સુતુ નહીં

બીજી મરતબે લડાઇ કીધી જહાંપેહેલવાન કેરશાસ્પે ચીનાઇ લશ્કર સાથે તે હકીકત.

રોશન આફ્તાબે આસમાનના મેદાનમા જરી ઝુંડો ઉઠાવ્યો તેથી તમામ સેતારાઓનુ લશ્કર નાહાસી ગયુ અને જમીને જરીબખ્તર પેહેરયુ યાને રોશન રોજ જાહેર થયો ત્યારે બન્ને લશ્કરમાથી કીનાના નગારાના અવાજ નિકળ્યા અને લશ્કરના પેહેલવાનોએ ઘોડાની પીઠ ઉપર સવારી કીધી અને બે તરફનુ લશ્કર કીના વાસ્તે મેદાનમા આવી મસ્ત શેર મિસાલ દલેરી ભરયા પોકાર કરવા લાગ્યુ, જે પોકારથી મેદાન તમામ ધુજવા લાગ્યું એક તરફથી એલમાસના લોહોડાની તલવારો પેહેલવાનના સર ઉપરની ટોપ ઉપર લાગતી તેની ચકાચકીનો અવાજ જેહાનમા ફરી વળતો અને દેલાવર સિપાહીના બખ્તરની કડીઓમાથી લોહીના ફુવારા જારી થતા તો બીજી તરફથી હાથીઓની શીહા સુંઢના પેચની દેહસ્તે જંગલના શેર ડરીને નાહસવા લાગ્યા એ મિસાલ લશ્કર લોહીમા ગરક હતુ એ રવેશની લડાઇ એક હફ્તા લગી જારી રહી પણુ આખરે ચીનાઇ લશ્કર ઉપર જેહાન તંગ થઇ યાને ચીનાઇ લશ્કર લડાઇથી આજેજ થયુ, ત્યારે ચીનાઇ લશ્કરમા કેટલાક જાદુગરો હતા તેઓ શિતાબ પાહાડ ઉપર જઇ ત્યાથી જાદુઇને જોરે બેશુમાર ઉડતા સાપ ઇરાની લશ્કર ઉપર વરસાવવા લાગ્યા અને તેની સાથે સખત પવન તથા બરફ એવું તો વરસવા લાગ્યુ કે, તેની ઠંડકથી જંગલના ઝાડોબી ધુજવા લાગ્યા તેથી તમામ ઇરાની લશ્કર આજેજ આવી ગયું સફેદ બરફ વરસતું હતુ તેની થંડીએ સર્વના હાથ પગ લાકડા મિસાલ સખત થઈ ગયા અને બેશુમાર ગીરદે કરીને સર્વ ગોયા આંખે આંધલા થઇ ગયા તેમા ઉડતા સાંપો આવી પેહેલવાનોની

ગરદન ઉપર વળગી માસ ઉખેડવા લાગ્યા તેથી તમામ ચીનની લશકર આજેજ થઇ ગયુ અને શેકસ્ત ખાવા લાગ્યુ ! એ ખબર જહાપેહેલવાન કેરશાસ્પને થઇ કે પાહાડ ઉપર ઉભા રહી ચીના લોકો જાદુઇ જોરે આફત વરસાવે છે તેજ વખત કેટલાક જાણીતી પેહેલવાનોને શિતાબ તે પાહાડ ઉપર મોકલી તે નાપાક જાદુગરોના તન ખંજરે કરી કપાવ્યા, તેજ વખત સખત કડક તથા સાપ સર્વે ગાયબ થઇ ગયુ અને તે જાદુગુરથી જહાન પાક થઇ

તે ઉપરથી આ નામાનો બનાવનાર શાયર કહે છે કે "જે શખ્સ ઉપર જહાનના પેદા કરનાર હકતાલાની મેહેરબાની હોય તે શખ્સ ઉપર જાદુઇ તથા દેવ શુ કરી શકે ? તારા મુદઇ એક મરતબે તમામ જહાનના લોકો થાય પણ જ્યા લગી તારો યાર પાક પરવરદેગાર છે તો તે તમામ દુશમનથી શુ થનાર છે ?"

તે જાદુઇનુ તોફાન ગાયબ થયુ તેજ વખત જહાપેહેલવાન પોતાની સવારીનો હાથી દોડાવી ચીનાઇ લશકર નજદીક પોકાર મારતો ગયો ને અવાજ મારી કહ્યુ કે "અય નાપાક નામર્દ લોકો ! તલવાર મારવાથી અને જોર દેખાડવાથી આજેજ આવ્યા ત્યારે એ રવેશે જાદુઇ તથા હીલા કરો છો ? અગર તમો લોકોમા દલેરી હોય તો મેદાનમા નિકળી તલવારને જોરે મરદી દેખાડે. લડાઇના હુનરથી આજેજ થઇ એ રંવશ જાદુને જોરે હવા ઉપરથી સાપ, બરફ તથા વંટોળ્યો શા વાસ્તે વરસાવો છો ? લડાઇના મરદોની નજદીક જાદુઇના સાપ તે પેચદાર કમદ છે તથા છુટ ભાલડી તે બરફ છે અને તીર તે સખત પવન છે અને જબરદસ્ત પેહેલવાન તે પોતે જાદુઇનો કરનાર છે ! અય નાપાકો ! જાદુઇ શુ છે ? જાદુઇ તો પેહેલવાન લોકોની તલવારમા છે ! તમોએ તો પાહાડ ઉપર જઇ છુપા બેસીને જાદુઇ કીધી પણ હુ હવે મેદાનમા જાહેર રીતે મારા ગોરજે જાદુઇ દેખાડુ છુ'" એ રવેશે કહી કસમ ખાધા કે "કસમ પાક પરવરદેગારના ! હુ તમને કહુ છુ કે હવે એ લડાઇના મેદાનમાથી તમો લોકો પોતાના જીવને સલામત લઇ જશો નહીં" એટલુ કહી તે લશકરના સપેહસાલાર ઉપર હુમલો કરી તેની કમર ઉપર નેજો મારી શિતાબ જીન

ઉપરથી ઉઠાવી, જોરથી જમીન ઉપર માર્યો, પછી ઇરાની લશકરને હુકમ કીધો કે "હવે નામ ઉઠાવવાનો વખત છે વાસ્તે પોતાના સરને કીનાથી જોશ ભરેલા કરી હાથમા તલવાર તથા ગોરજ પકડો અને મરદાને મરદ મિસાલ દલેરી કરો અગર જો મને બુઢાપાએ એ રવેશે સુસ્ત નહીં કીધો હતે તો હુ એકલો એ લશકરને મુકાબલે ઉભો રહી જવાબ દેતે પણ હવે મારી તબ્યત મારા હાથમા રહી નથી." એ મખુન સાનળી બે તરફના લશ્કરે પોતાના દિલ મોત ઉપર ધર્યાં બન્ને તરફથી તીરનો વરસાદ જારી થયો તીરની લડાઇ તમામ થઇ પછી સર્વેએ નેજા ઉપર હાથ નાખ્યા અને નેજાની લડાઇ કીધા બાદ કીનાની લેનાર તલવાર ઉપર હાથ નાખી સખત લડાઇ કીધી પણ આકેબત ચીના લોકોનો દાહડો બરગસ્તે થયો તેથી સર્વ નાઉમેદ થઇ નાહાસવા લાગ્યા તેની પછવાડે ઇરાની લશકરે દુબાલો પકડયો અને સખતીથી કીનો લીધો. એમ કરતા તે લશકરના મુકામથી પચાશ કોશ લગી આદમી, ઘોડા તથા બીજો તમામ અસબાબ પાયમાલ થતો હતો ચીનાઇ લશકરમાથી ઇરાનીઓએ એકસોને સાઠ હાથી જીવતા પકડયા તથા રંગબેરંગ દેહેરા, તલવાર તથા બખ્તર વિગેરે ઘણોક અસબાબ પરાગદે થઇ પડયો હતો તે તમામ એકઠો કીધો તે સામાન એકઠો કરી રહ્યા પછી તેમાથી જે નાદર ચીજ હતી તે ચુટી કાહાડી પાદશાહ ફરેદુન ઉપર મોકલી અને બાકી તમામ લશકરને બક્ષેશ કીધી અને પોતાના જંગી બેશુમાર લશકર સાથે કુચ કરી જહાપેહેલવાન કેરશાસ્પ શાહનશાહ ફગફુરચીનની લડાઇમા આગળ વધ્યો.

-રાહમાં મુલાકાત થઇ જહાંપેહેલવાન કેરશાસ્પને નવ-ગર દેહેકાની સાથે તે હકીકત.

રાહમાં આગળ ચાલતા જંગલમા એક ગામડુ દીઠુ, જેની આસપાસ

ખેતીવાડી તથા બાગબગીચા ઘણાક હતા. તે ગામનો એક પટેલ હતો તેને ખબર થઇ કે જહાપેહેલવાન ફેરશારપ આની પોહોચ્યો, તેજ વખત તે પટેલ પોતાના ગામડામાથી કેટલાક લોકોને બોલાવી દહીંના મટકા સર ઉપર લઇને ફેરશારપની સામે એસ્તેકબાલ ગયો અને જહાપેહેલવાનને ઘણીક મીન્નત કરી પોતાના ગામમા બોલાવી લાવ્યો ને એક મીજ-લસ શમારી તેણે જહાપેહેલવાનના તમામ લશકરને જયાફ્ત આપી. ત્યા એક હફ્તાલગી શરાબ તથા રામઝગરોના આવાજ જારી રેહતા હર-રોજ નવી નવી મિજલસ સમારતો હફ્તો તમામ થયો પછી સર્વને પાદ-શાહી લાયકનો હદીઓ આપવા લાગ્યો તેથી જહાપેહેલવાન ફેરશારપ અજબ થઇ પુછવા લાગ્યો કે એ દેહકાની મરદ પાસે એટલી દોલત તથા માલ-મતા છે, જે પાદશાહી ગજ કરતા જાદા નજર આવે છે ત્યારે તે દેહકાની કેહેવા લાગ્યો કે "હુ ખેતીવાડી તથા ગોસ્પંદોની પરવરેશ કીધાથી માયા પુજીવાળો થયો છુ એ ખેતીવાડીના બાબમા કેહે છે કે જે કોઇ પાચ વરશ લાગુ ખેતીવાડી કરે તો તેમા તેના ચાર વરશ રજમા જાય પણ પાચમે વરશે તે ખેતી આગળા રજનુ ફ્ળ આપે. તે કરતા આગળા બુઝર્ગો ફરમાવી ગયા છે કે ખેતીનો કરનારો થોડા દાહડામા માતબર થાય છે અય જહાપેહેલવાન ફેરશારપ! આ ગામડમા મારા કરતા કોઇ બીજો માતબર નથી અને એ જગ્યા કોઇ મારા સગા તથા ખેશ પણ નથી. મારી પાસે માલ ખજાનો ઘણો છે હુ જે કાઇ પેદા કરૂ છુ તે એશ અશરતથી ખાઉ છુ અને ખાતા પીતા વધે છે તે રાખુ છુ આ દુનિયા રેહેવાની નથી તેથી હુબી રહીશ નહી એવો અંદેશો કરી માલમતા ખાઇ પીને પાદશાહોની મિસાલ અયશ કરૂ છુ' જેની પાસે દોલત ખજાનો હોય અને તે શખ્સ ખાય નહી તથા સારો પોશાક પેહેરે નહી તે શખ્સને મુફ્લેસ દરદ ભરેલા ફકીર કરતા બદતર જાણવો, બલ્કે બે જેહાનનો કમબખ્ત તેને કેહેવો સજાવાર છે, કે જેની પાસે દોલત હોય ને ખાય નહી તમામ ખુશી તે શખ્સને છે કે જેણે જે દુનિયામાં પેદા કીધુ તેમાથી બે હીસ્સા પોતે ખાય અને એક હીસ્સો બક્ષેશ કરે અને એક હીસ્સો રાખે તેનુ કામ બે જેહાનમા રાસ્ત આવે છે. આ ફરતી

ંથા એક ઝાડ મિસાલ છે. એ ઝાડને બે જાતના ફળ લાગે છે તેમા
ક ઝેરી અને બીજુ પાવઝેરી ફળ લાગે છે તથા દુનિયા આદમીની
રમા રોશન બેહસ્ત મિસાલ આવે છે પણ જે દાના મરદ દિલની
ખે આ દુનિયાને જોય છે તો એ ગોયા બદસુરત દેવ મિસાલ નજર
વે છે આ દુનિયાના કામબી સેહેતાન મિસાલના છે આ ફરતું આસ-
મ અવ્વલ દસ ઘરના ખાનદાન વેરાન કરે છે ત્યારે એકનું ખાતું
બાદ કરે છે પણ તેને પણ હમેશા આબાદ રેહેવા દેતો નથી ને કેટ-
ક વખત ગમ તથા દરદ ભરેલુ કરે છે. એ દરમ્યાનમા બે તન હમેશા
લ છે તે બે તરફ ગમને રાહ નથી તેમા પેહેલો જે શખ્સ દાના
ા દુરબીન હોય બીજો જે શખ્સ અકલ તથા દાનાઇ ખોહી દિવાનો
દ હોય, એ બે શખ્સ દુનિયાના ગમથી આજાદ છે અય જહાપેહેલવાન
શાસ્પ! હુ આ ગામડાનો પટેલ છુ અને એ ગામ મારા તાલુકામા
પણ મારૂ વતન તથા મારો બાપ ઇરાની હતો અને માગી મા જાણુ-
ી હતી, તેઓની પીડથી હુ પેદા થયલો છુ, પણ સેતારાની ચાલથી
પોતાના માબાપના ગુજરવા બાદ ઇરાનની તરફથી ફરતો ફરતો આ
ગે આવી લાગ્યો અને મે એ ગામમા પાક નૈયત રાખી ખેતીવાડી
વી, તેથી ચીનના પાદશાહે એ ગામનો તમામ તાલુકો મને આપી એ
માનો પટેલ કીધો છે, તેથી હુ એ ગામના લોકોને પોતાના ખેશ ફરઝંદ
સાલ પ્યારા જાણી આબાદ રાખુ છુ. પણ અય નામદાર! તુ તો
નના પાદશાહ ઉપર કીનાથી લડાઇને વાસ્તે આવ્યો છે તેથી તું ચાહે
એ ગામડુ લુટી બાળી વેરાન કર યા મેહેરબાન થઇ જીનહાર
કીને આબાદ રેહેવા દે!" એ સખુન સાભળ્યાથી જહાપેહેલવાનને તે
કાની ઉપર મેહેરબાની આવી, તેથી તેના ઉપર દુવા કરી કહ્યુ કે "આ
ગા હમેશા આબાદ રેહેજો અને તુ એ જગાની સરદારી એજ રવેશ
શ અશરતથી કરજો." એ રવેશે દિલાસો દઇ તે દેહેકાનીને ઘણોક
રાજી બામદાદને વખત તે જગાથી કુચ કરી તેણે લશ્કર મંજલ
મંજલ આગળ ચલાવ્યુ.

તે ગામથી જહાપેહેલવાન આગળ ચાલ્યો અને એક મંજલની રાહ

ઉપર જઇ દેહેરા મારી આશાયશ કરે શુ કે પેલા દેહેકાનીનુ નામુ જહાંપેહેલવાન ઉપર આવ્યુ તે નામામા લખેલુ હતુ કે "અય જાબુલ જમીનના પાદશાહ હુ બુઢા આદમી ઉપર મેહેરબાની કરી કરમબક્ષેશ કર કે મારી એક બાડી છે તેની ખુબસુરતી પરી કરતા જાદા છે તેનું કદ સર્વ કરતા સીધુ છે તેની આખ હરણુની આખ ઉપર મશકેરી કરે છે, તેના રૂખશાર જોઇ શરમથી આફતાબ પોતે પાણીમા પડી બેકરાર રેહે છે, તેના ઝુલ્ફાના પેચની અદેખાઇથી શીહા સાપ પેચ ખાય છે, તેના લબ એવા તો લાલ છે કે તે જોયાથી લાલ તથા પરવાળા શરમાઇ છુપા થઇ બેઠા છે તેના તનની સફેદી જોયાથી માહતાબના દિલમા દાઘ બધાય છે, તેના મીઠા અવાજ ઉપર બુલબુલ રશ્ક લાવી બાગમા જઇને ફુલની નજદીક પોકારી અફસોસ કરે છે કે એવો ખુશ આવાજ મારો પણ નથી, એવી તે બાડી ખુબી ભરેલી છે તે બાડી મારા બુઢપાને વખત ગોયા માહરી વાકી પીઠને સીધી કરનાર લાડકવાઇ છે યાને હુ છું તો બુઢો પણ તેના રોશન દીદાર જોયાથી પોતાને જુવાન જાણુ છુ તે મારી બાડીને તારા લશ્કરનો કોઇ સવાર ફરેબ દઇને છુપી પોતાની સાથે લઇ ગયો તેથી હુ બુઢાપાના વખતમા નામુરાદ થઇ હરદમ જારી તથા બેકરારીમા પડયો છુ, વાસ્તે તુ પોતાની હમેશની બુઝર્ગી ઉપર નેગાહ રાખી એ વખત મારી દાદ લે તો ગોયા તે મને ઉડા ગારમાથી બાહેર કહાડયો એમ જાણીશ ઓ નામદાર પેહેલવાન ! તે બાડીની તજવીજ કરી મારી નજદીક મોકલી દેજે અગર તુ ફરમાવે તો એક બાડીની જગો સો બડી બીજી તમામ જેવર સાથે સમારી તારી ખિદમતમાં મોકલુ તુ મેહેરબાન થઇને તેને એ તરફ મોકલે ને હુ તેના દીદાર જોઉ તો તું જાણજે કે ગોયા મુરદાને ફરીથી જીવ બક્ષ્યો તે મીસાલ હુ ખુશાલી ભરી હાલતમા આવીશ" એ રવેશનુ નામુ તે દેહકાનીએ લખી મોકલ્યુ તે નામુ નવીશદાએ જહાપેહેલવાન નજદીક વાચ્યુ તે હકીકત સાભળી જહાપેહેલવાન ઘણો નાખુશ થયો. તેણે તેજ વખત પોતાના લશ્કરમા જોસતેજો કીધી પણ માલુમ નહીં પડયુ જે અમુક દેહેરામાં તે બાડી છે કેરશાસ્પના ગોલાબોમા એક ખાસ ગોલામ હતો

ો તે બાડીને ફરેબ દઇ પોતાની સાથે લાવી જહાપેહેલવાન કેરશાસ્પના
હરાની પછ્વાડેના પરદામા છુપાવી રાખેલી હતી. જહાપેહેલવાને પુરતી
જવીજ કીધી ત્યારે તે ગુલામ તથા પેલી બાંડી છુપા લશ્કરમાથી બાહેર
કળી ચીન તરફ નાહસવા લાગ્યા એ ખબર કોઇએ આવી જહાંપેહેલ-
ાનને કીધી કે ફલાણે રસ્તે તારો ફલાણો ગુલામ તે બાડીને લઇ ચીન
રફ જાય છે, તેજ વખત સવારો દોડાવી તે બન્નેને પકડી મગાવ્યા, પણુ
બાડીએથી મરદનો પોશાક પેહેરેલો અને બાજુ ઉપર તીરનો ભાથરો
ટકાવેલો તેથી માલુમ નહીં પડતુ કે એ ઓરત છે જહાંપેહેલવાને
ાતાના જામદાખાનામાથી બાલાદસ્ત કોબાએ મગાવીને તે બાદીને પેહે-
વી અને કેટલાક બેકીમત ગોહરે કરી તેને તે આગળ હતી તે કરતાં
ા ઘણી જેબદાર કરી તે જુદા દેહેકાનની નજદીક મોકલી પછી હુકમ
ધો કે પેલા ગોલામને મેદાનમા અરધો જમીનમા દાટી તીરદરાજી
ે કે ફરીથી કોઈ બીજો એવા ફેલ નહીં કરે એ રવેશ તે ગુલામને
વથી મરાવ્યો પછી તે જગાથી કુચ કરી લશ્કર સાથે ફ્રગનશુર શેહે-
મા દાખલ થયો, ત્યા આશાયશ કરી રાહાનો રજ દુર કીધો પણુ જે
હાડે જહાપેહેલવાન કેરશાસ્પ તે ફ્રગનશુર શેહેરમા દાખલ થયો તેની
ાગળ એક હફતામા પાદશાહ ફરશતુ, પેહેલવાન નરીમાનને કેટલીક
જલ મેલવા ગયો હતો, તે પણુ તેજ દાહડે શેહેરમા આવી પોહોચ્યો.
જ વખત સામાન ઘાસ કાઠી વીગેરે મોકલી દીધી અને પછી
તે કેટલોક હદિયો નજરાણા તરીકે લઇ જઇને નજર કીધો તે હદિયા
ા એક ગાય સુનાની બનાવેલી હતી. તે ગાયના તન ઉપર તમામ યાકુ-
નો જડાવ જડેલો હતો અને પાદશાહી મોતીની પાખર તેના તન ઉપર
ખેલી તથા તેના પેટમા ખાશ કશતુરી ભરેલી તથા રેહાનની સુરતનું
રજાનનુ નાજુક ઝાડ તથા કનેર મિસાલના ઝરીન પુલ તેના બન્ને
ગડાની અદર જડી લીધેલા હતા. એ મિસાલની સુનાની ગાય જહાં-
હેલવાનને નજર કરી કહ્યુ કે "એ ગાયથી હમોને ઘણી મુબારક ફાલ
જર આવે છે. અગર સેતારાની ચાલથી વર્શની નેક ફાલ જોવા ચાહિયે
એ ગાયથી તમામ નજર આવે છે વાસ્તે એ ગાયને ઘણીક તજોય-

હથી રાખજે" એટલું કહી જહાંપેહેલવાન ઉપર દુવા કીધી કે "એ ગાયના તન ઉપરના મોતી તથા યાકુત મિસાલ તું સવને પ્યારો હોજે અને એનાં તનમાની કસ્તુરી મિસાલ તારા નામની ખુશબો તમામ આલમમા મશહુર રેહેજે તથા એના રેહાનના ઝાડ મિસાલ સીંગડા છે તે મિસાલ તારૂ સર શબ્જ રેહેજે તથા એના રંગીન ફુલ મિસાલ તારા રૂખસાર હમેશ લાલ રેહેજે." એ મિસાલ દુવા કીધી. તે ગાય જહાંપેહેલવાને કબુલ રાખ્યા પછી તે બને નામદાર એક મિજલસ સમારી શરાબ પીવા બેઠા

જહાંપેહેલવાન કેરશાસ્પ બુતખાનાનો તમાશો જોવા ગયો અને તે જગાના બુતપરશ્તોને યઝદાંની રાહ દેખાડી તે હકીકત.

એ મિસાલ ત્રણ દાહડા શરાબ પીને રામશગર ને તબોરાના અવાજ સાભળવાની જોકમા રહ્યા અને ચોથે દાહડે શેહેરનો તમાશો જોવા નિકળ્યા અને તમામ શેહેરમા ગલીએ ગલી તથા બજારે બજાર ફરવા લાગ્યા ત્યા હરેક જગે તરેહવાર ભાત ભાતના બુતખાના દીઠા તેમા એક બુતખાનુ સાદુ સગેમરમરના પથરનુ દીઠુ, તેના દરવાજા તમામ સુનાના હતા તે ઉપર બેશુમાર મોતીનો જડાવ જડેલો તેમા એક ગુબજ ઘણો બુલંદ અજનુસનો બનાવેલો હતો, તે અદર તથા બાહેર સુનાની સ્મેદાનીમા રૂપા મિસાલની સફેદ બતીઓથી રોશન કીધેલી, ત્યાં હજારો હજાર સુનેરી ધુપદાનમા અગર, અગરબત્તીઓ કપુર તથા કશતુરી બળતી હતી તે ગુબજ નજદીક એક સ્થભ લાજવરદી ઉભો ઉઠાવી તેની ઉપર ખાલેસ સુનાનો એક મોર્ગ બેસાડેલો હતો. તે જગાની સમેદાનીમાથી એક ચેરાગ બુજાઇ જતો ત્યારે તે મોર્ગ

શિતાબ પેલા સ્થંભ ઉપરથી ઉડી જઇ પોતાની ચાગે તે બતીને ઉડાવી બીજા ચેરાગ સાથે લગાડી રોશન કરી પાછો તે શમેદાનમા બેસ્તો હતો તે સ્થંભ નીચે એક હોજ રૂપાની બનાવેલી હતી. તે નજદીક એક ઘર રોશન બેહેસ્તની મિસાલનુ સમારી તેની અંદર એક પુતલી યાકુતની બેસાડી તેના સર ઉપર પાદશાહી તાજ મેલ્યુ હતુ તે પુતલીના તનમા લેબાશ પાદશાહી પેહેરાવેલો હતો તેને દાનાવ મર્દ મિસાલ દોજાનુ કરાવી અદબથી બેસાડેલી હતી. તેની આસપાસ બુતપરસ્તો પોતાના સર બહરેને કરી દાહડી તથા મુછ બોડાવી હાથ બક્ષ કરી અદબથી ઉભેલા હતા તે લોકોએ જહાપેહેલવાનને દુરથી આવતો દીઠો કે શિતાબ તેની નજદીક દોડતા આવી સર્વે સલામ કરવા લાગ્યા. તેમા એક બુઢો મર્દ હતો તેને ફેરશાસ્પે પેલી પુતલીની વાતો પુછી કે "એ પુતલી શી ચીજ છે અને એ જગા એ રવેશે સમારી શા વાસ્તે બેસાડી છે? તમો એની આસપાસ ગોલામ મિસાલ હાથબક્ષ કરી શા વાસ્તે ઉભા છો" તે બુઢા મરદે જવાબ દીધો કે "અય જહાપહેલવાન! એ પુટળી નથી પણ એતો હકતાલા પોતે આસમાન ઉપરથી ઉતરી આવી એ જગા મુકામ કરી બેઠેલો છે અમો લોકો એની ખીદમતમા એટલા વાસ્તે ઉભા છીયે કે એ ખોદાતાલા પાસે જે કઇ મુરાદ માગ્યે તે શિતાબ તેજ વખત મુરાદ પોહોચાડે છે" એ સખુન સાભળી જહાપેહેલવાન હસવા લાગ્યો પણ આખરે ગુસ્સો કરી કહેવા લાગ્યો કે "નાદાન અકલના તથા હોશથી ગુમ થયલા લોકો! તમો એટલા ગુમરાહીથી દિવાના થઇ ગયા છો કે એક પથરની સુરત જેમા કશી વાતની તવાનાઇ મળે નહીં અને જેની સુરત કારીગર લોકોએ બનાવી છે, નજરે જોવાય નહીં કે નહીં કાને સભળાયે; નહીં પગે ચલાય કે નહીં હાથે ઇસારત થાય તે ખોદા કેમ કહેવાય? એનાથી નહીં જગા ઉપરથી સસડાતુ અને એમા કશી વાતની દાનાઈ તદબીર કે હોશ ઉેજ નહીં તો હવે એ ખોદા કેમ થયો? સેતાનની રાહ પર ગુમ થયલા દીવાના લોકો! ખોદાતાલા તો કુલ જહાંનનો પેદા કરનાર પરવરદેગાર છે, જેની બરાબરીનો કોઇ બીજો દાના તથા તવાના છેજ નહીં. તે સાહેબે આસમાનો ઉપર આસમાન પેદા કીધા. પાણી ને

જમીન બનાવ્યા છે. તેણે આફતાબ તથા માહતાબને આસમાન ઉપર ચાલ આપી ફરતા કીધા અને તમામ ખલકને એક પાણીના કતરાથી પેદા કીધી છે. સવ કોઇને રાજી મુકરર કરી આપી છે અગર તે ચાહે તો એક શખ્સને રોટીનો ઉમેદવાર કરે અને અગર ચાહે તો તમામ જહાનની પાદશાહી બક્ષે તેનો કેહર તથા મેહેરબાની એ રવેશની છે તેણે તમામ પેદાયશને જાહેર કીધી અને પોતે બેમાલુમ ગયબ રહ્યો છે અય અણુ સમજુ લોકો! એ બુત પરસ્તીનો રવૈયો એક મોટા દરજ્જાના પાદશાહના વખતમા શીત નામનો પેગંબર હતો તેનાથી ચાલુ થયો છે તે નામદાર પાદશાહ ગુજર પામ્યો ત્યારે શીત પેગબરના હુકમથી એક પુતલુ તે પાદશાહના જેવીજ આબેહુબ સુરતનુ બનાવી તેને તમામ પાદશાહી લેબાશ પેહેરાવી તેના સર ઉપર જડાવદાર તાજ મેળીને એક ઘર રોશન બેહેસ્ત મિસાલ આરાસ્તે કરી તે જગા ઉપર બેસાડી સર્વ જેમ તે નેકનામ પાદશાહની પરસ્તેશ કરતા હતા તે મિસાલ તે પુતલીની પરશતેશ કરવા લાગ્યા. તેથી એ રવૈયો ચાલ્યો છે તેજ રવૈયો આજેબી રહી ગયો છે કે હરએક જમાના પાદશાહ ગુજરે છે ત્યારે તેની મોહબત વાસ્તે તેના ખેશ લોકો એક પુતલુ તેની સુરતનુ બનાવી બેસાડી તેની પરશતેશ કરે છે પણ જે જહાનના સાહેબને જાણે નહીં તે નાપાકનુ રવાન દોજખમાં જાય છે" એ સાભળી તે બુઢો મરદ જહાપેહેલવાનને કેહેવા લાગ્યો કે "અય નેક ખસલતના પેહેલવાન! તારો ખોદા કઇ નિશાનીનો છે અને તેની દિન મહજબ કયો છે તે મને કહે!" ત્યારે ફેરશાસ્પે જવાબ દીધો કે "જાહેર તથા બાતેનમા યકીનથી જાણજે કે યઝદા તે પોતે બેનેઆજ છે, જેણે પોતાની કુદરતથી આસમાનને અલગ વગર થાભે ઉભુ રાખી તેની ઉપર સેતારાનો જડાવ જડયો છે તે સાહેબે આપણુ આદમીજાતના ગોહર પેદા કીધા અને આપણા તન તથા જીવને આશના કીધા અને તે ઉપર અકલને સરદારી આપી છે. તેણે જે રાસ્તીથી પેદા કીધુ છે તેથી બન્ને જહાન તેની સાહેબી ઉપર ગવાહ છે અગર તેની પાદશાહી તને યાદ આવે તો તમામ જહાનના પાદશાહોની પાદશાહી બરબાદ જાય. તેની દિનની રાહ તુ પુછે છે તો હરએક ગુનાહથી પહરેજ કરી તેના તાબામા

રહી નેકી કરવી ને જુલમ તથા જુઠુ બોલવાથી દુર રેહેવુ, દાદ ને ઇનસાફની રાહ ઉપર ચાલવુ તે તેની દીન છે. અવ્વલ તુ તેની હસ્તીથી વાકેફ થાય ત્યાર પછી તુ તેને એક સાહેબ કરી જાણે તથા કયામતનો દાહડો તથા હિસાબ સુમારનુ પુછવુ તથા ચિનવદપુલની નજદીક જવુ તે જગા પોતાના ગુનાહ તથા સવાબનો હિસાબ આપવામા પોતાની નેક ચાલ સિવાય બીજી કોઇ સિફારસ નથી ત્યા સવાબની પુજી શિવાય કોઇ બીજી દોલત કામ આવતી નથી એ તમામ વાતને બેગુમાન માનવી" એ તમામ સખુન, જહાપેહેલવાનની ઝબાનથી તે બુઢા મરદે સાભળ્યા ત્યારે તે બુઢાએ હુકમ કીધો તેથી તમામ લોકોએ જહાપેહેલવાનની દીન કબુલ કીધી અને સર્વેએ બુતપરસ્તીની રાહ ઉપરથી દિલ ફેરવ્યા પછી જહાપેહેલવાને પોતાના લશ્કરમા ફગફુરની લડાઇનો નવો સામાન તૈયાર કરાવ્યો

લડાઇ કીધી નામદાર નરીમાને ફગફુરચીન સાથે અને ફ-તેહ પામ્યો પેહેલવાન નરીમાન શાહનશાહ ફગફુરચીન ઉપર તે હકીકત

ફગફુરચીને પોતાના સપેહસાલારોને પોતાના ભારી લશ્કર સાથે પેહેલવાન નરીમાનને મુકાબલે મોકલવા તૈયાર કરયા ફગફુરચીનની દરબાહના દરવાજા ઉપર હજારો હજેર લશ્કર પડયુ રેહેતુ તથા તેના તાબામા અગ્યાર સો ને સાઠ પાદશાહ રેહેતા હતા. તમામ પાદશાહો ફગફુરના બેશ હતા તે પાદશાહોમાથી ચાર સો પાદશાહોને પોતાના ખાસ મેહેલ નજદીક સુનાની કરનાઇ તથા સુનાના નગારાં સાથે હાજર રાખ્યા. તેના તાબામાં ત્રણુસોને છત્રીશ કિલ્લા તમામ પાદશાહી ગજ ખજનાએ ભરેલા હતા હરરોજ ફગફુર ખાણું ખાવા બેસ્તો ત્યારે તે પોતાના સુફરા ઉપર

ઘણાક મરદે આદમી સાથે ખાણુ ખાવા બેસ્તો લડાઇમા નિકળતો યા શેકારગાહ જતો ત્યારે ત્યા પોતાના ખેશોમાથી સાત શખ્સોને પોતાની મિસાલના પોશાક, કોલાહ, ઘોડા તથા બીજો સર્વે અસબાબ એકજ જાતનો પેહેરાવીને પોતાની સાથે રાખતો એવી મતલબે કે કોઇ એકાયક પાદશાહ ફગફુરને પિછાણે નહી તેની દરગાહમા એક એક કોથડી અબ-નુંશી રંગની બનાવી તેમા સુનેરી નોબતો હાજર રાખેલી જે નોબતોમાથી સી-તેર નોબતોના અવાજ બામદાદ લગી કરતા તેથી તે શેહેરના લોકો હુશ્યાર રેહેતા પાચ સો પાચ સો સવારોની પચાસ ટુકડી તે શેહેરની અંદર રૈયતની પાસબાની માટે ચોકી ફરતા તેથી ગતને વખત કોઇ આદમી પોતાના ઘરમાથી બાહેર નિકળતા નહી અને સર્વ પોતપોતાના ઘરમા બેફિકર આશાયશથી જોક કરતા હતા એ રવેશે ફગફુરચીન ઘણો દબદબો રાખતો હતો તે પેહેલવાન નરીમાનની લડાઇથી આજેજ આવ્યો ત્યારે પોતાના ગજનો દરવાજો ખોલી પોતાના લશ્કરને લડાઇનો સમાન બંધાવ્યા બાદ હુકમ કીવો કે જે પાદશાહો આપણે તાબેના હોય તે તમામ પોતાના લશ્કર સાથે આવી શિતાબ હાજર થાય પછી હાથીઓની પીઠ ઉપર ભારી નકારા નખાવી લડાઇનો સામન સાથે બેશુમાર લશ્કર તૈયાર થવા લાગ્યુ અને ચીનના હરએક મુલકથી લશ્કર આવી પોહોચ્યુ તે લશ્કરબી કેવુ કે તેજ તલવાર તથા ગોરજથી તો દરેજ નહી ! મોતની તો મશકેરી કરતુ હતુ કે મોતના આપનારા તો અમો છીયે એવુ જબરદસ્ત લશ્કર હતુ તે સિપાઇઓની પીઠ ઉપર રંગબેરંગી ઢાલો હતી જેના ચળકાટે તમામ જંગલ તથા પાહાડ ગોયા ચીનના બજાર મિસાલ નજર આવતુ તથા તે લશ્કરમા એટલા તો ઝુંડા ઉઠાવેલા હતા કે તેના સાહયાએ આફતાબબી ઢકાઇ ગયો હતો તે લશ્કરના હાથમા એટલા તો નેજા તથા છુટભાલડી હતી જાણે તે જંગલ વાસના ઝાડનુ હતું—એક સફેદ હાથી ઉપર યાકુતનુ સુનામા મઢાવેલુ તખત મંડાવીને તે ઉપર પાદશાહ ફગફુરચીન પોતે બેઠો અને ગોહરના જડાવની કોલાહ પોતાના સર ઉપર મેલી તે ઉપર તાઉશના પરનું છતર ઊભું કીધુ તે ઉપર પાદ-શાહી મોતીઓની લટો લટકાવી હતી. તે છતર તેના સર ઉપર ફરવું

હતુ અને તેના હાથીની આગળ એક ઝુંડો રોશન આફતાબ મિસાલ ઉડતો હતો તે ઝુંડાના કપડા ઉપર પીલે સફેદની સુરત ચીતારેલી હતી. પાદશાહ ફગફુરના તખ્ત ઉપર એક પુતલી તમામ સરથી તે પાઉ લગી કીમતી ગોહરની બનાવેલી અને તેનુ તખ્ત કેરબાનુ તથા તાજ મોતીનું હતુ. તે પુતલીને પાદશાહ ફગફુર પોતાની સાથે તખત ઉપર લઇ બેઠો, એટલા માટે કે અગર લડાઇમા પેહેલવાન નરીમાન તેની ઉપર ગાલેબ આવે તો તે પુતલી તેની મદદ કરે અને નરીમાન ઉપર તેને ફ-તેહમદી આપે!— એ મિસાલે પાદશાહ ફગફુર પોતાના લશ્કર સાથે આગળ ચાલ્યો દસ દાહડા લગી મજલ દર મજલ આગળ ચાલ્યો ત્યારે એક નદી ઘણી ભારી હતી તેના કીનારા ઉપર જઈ પોહોચ્યો. પાદશાહ ફગફુરની સાથે એક શખ્સ નજુમી હતો, તેણે ફગફુરને કહ્યુ કે "અય પાદશાહ! આપણા લશ્કરમા મનાદી ફેરવ કે કોઇ શખ્સ એ નદીથી ઉતરીને પેલી પાર જાય નહી કારણ કે આજ રોજે આપણા સેતારાઓની ચાલ એવા બોગ્જમા આવી છે કે અગર આપણા લશ્કરનો એક સવારબી જો એ નદીથી ઉતરી પેલીપાર જાય તો આપણુ આખુ લશ્કર પરાગદે થાય, વાસ્તે આજ રોજે એ જગા.મુકામ કરવો જોઇએ" એ રવેશના સખુન સિતારેશનાશની ઝબાનથી સાભળી પાદશાહે તેજ કિનારા ઉપર દેહેરા મારવાનો હુકમ કરી ત્યાંજ લશ્કર સાથે મુકામ કીધો, પણ પેલી તરફના કિનારાથી એક મજલ દુર પેહેલવાન નરીમાનબી આવી પોહોચ્યો હતો એ ખબર નરીમાનને થઇ કે પાદશાહ ફગફુરચીન ઘણા જબરદસ્ત લશ્કર સાથે આવી પોહોચ્યો છે અને નદીના: કિનારા ઉપર દેહેરા મારયા છે તેથી નરીમાને પોતાનું લશ્કર હુસ્યારીથી રાખ્યુ અને મનાદી ફેરવી કે હવે મુકાબલાનો વખત નજદીક પોહોચ્યો છે તેથી સર્વ ખુબ હુસ્યારીથી રેહેજો. પછી ઇરાની સરદારોને બોલાવી કહયુ કે ચીનનો પાદશાહ પોતાના લશ્કર સાથે આવી પોહોચ્યો છે, પણ તેનુ તમામ લશ્કર તમારા હાથથી શેકસ્ત ખાધેલુ છે તેથી તમોથી ઘણો દર ખાય છે. તે સબબ એકાએક રાતને વખત શબેખુન કરી તમારાં લોહીએ કરી તમામ જંગલ લાલાનાં ચમનની મીસાલ કરી નાખશે—માટે તમો સર્વે

આજે રાતને વખત ઘોડાઓ ઉપરથી જીનબી ઉતારતા ના અને તન ઉપરથી હથિયારબી છોડતા ના પણ કમર બાંધેલા તૈયારજ રેહેજો! એટલું કહી પોતાના સપેહેસાલાર આદરનોશ તથા અરફ્શને તમામ લશ્કરની બન્ને બાજુનો હવાલો સોંપ્યો અને ફરમાવ્યુ કે "તમો બે પેહેલવાનો તલાયાઓ સાથે લશ્કર આસપાસ ફરતા રેહજો અને દુશમનથી લશ્કરને પોતાના જાનની મિસાલ જાળવજો."

શબેખુન કીધુ ફગપુરચીનના સપેહસાલારે ઇરાંની લશ્કર ઉપર અને માર્યો ગયો તે સપેહસાલાર નરીમાનના હાથ ઉપર તે હકીકત.

શીહા રાતે પોતાના કાળા રંગે દુનિયાને શિહા કીધી તેથી આસમાન ઉપર સેતાગ ગોહર મિસાલ નજર આવવા લાગ્યા એક હીસ્સો રાત ગુજરી તે વખતે ફગપુરચીનના લશ્કરમા એક તુરકી પાદશાહ તુનેરા નામનો ઘણો જબરદસ્ત હતો તેની સાથે એક લાખ સવાર લડાઇ કરનાર હમેશા રેહેતા હતા, તેણે પોતાના લશ્કર સાથે કમર બાંધી ઇરાની લશ્કર ઉપર શબેખુન મારવા વાસ્તે શિતાબ તે નદીથી ઉતરી આગળ ચાલ્યો પણ એ ખબર પાદશાહ ફગફુરને નહીં હતી એ રવેશથી તે તુરકી પાદશાહ કમીંધાહ કરી ઇરાની લશ્કર ઉપર શબેખુન કરવા વાસ્તે આગળ ચાલ્યો પણ ઇરાની લશ્કર તે રાતે પોતાના કામમા ખબરદાર હતુ તેની ખબર તો તે પાદશાહને હતીજ નહીં તે શાહ નરીમાનના લશ્કરમા જોય શુ કે તમામ લશ્કરે આરામ કીધેલો અને કોઇના દેહેરામા રોશનીબી દીઠી નહીં તેથી તે તુરકી પાદશાહ ઘણો ખુશી થઇ એકાએક ઇરાની લશ્કર ઉપર જઇ પડયો. પેહેલવાનો પોકાર કરવા લાગ્યા તેનો અવાજ આસમાન ઉપર જવા લાગ્યો, એવામા એકાએક

કેટલીક ફોજ સાથે ડાબી તરફથી અરફશ કાબુલી આવી પોહોંચ્યો અને જમણી તરફથી આજરશ જાબુલી આવી પોહોચ્યો અને પેહેલવાન નરીમાને તો પેહેલી રાતથી પોતાની હુસ્યારી રાખેલી હતી તેથી તુનેરા તુરકીને ચોરની મિસાલ ઘેરામા લીધો. એક તો તે રાત શિહા હતી અને તેના લશ્કરની ગીરદ ઉડી તેથી ગોયા એક હબશી પોતાના તન ઉપર શિહા લેબાશ પેહેલવાની બખતર મિસાલનો પેહેરે તે મિસાલે શિહાઇ થઈ તેથી તમામ જહાન શિહા નજર આવવા લાગી, તેમા તલવારોની રોશની આતશ મિસાલ ચળકતી હતી, તે વખતમા ઇરાની દલેરો દુશ્મન લોકોને કમદના ફાદમા, દેવો મિસાલ મરદાનગી દેખાડી બધમા લાવતા હતા. એમ કરતા તુનેરા તુરકી પાદશાહથી મારયો ગયો અને તેના લશ્કરમાથી ત્રણ હિસ્સા લશ્કર પણ મારયુ ગયુ, ફક્ત એક હિસ્સો લશ્કર સલામત રહ્યુ રોશનરોજ જાહેર થયો ત્યારે સર્વે જોય શુ કે તે જગાની તમામ જમીન પરવાલાની ખાણ મિસાલ શોખ રગની દીઠી, તુરકી લશ્કરમાના બાજે લોકો જખમી થયલા પોકાર તથા જારી કરતા ફૂગપુરચીનની નજદીક જઇ પોહોચ્યા તેને પેલા નજુમીઓએ જોયા ત્યારે ગમગીન થઈ અંદેશો કરવા લાગ્યો કે મબાદા ફૂગપુરના લશ્કરમાથી કોઇ શખ્સ એ નદીથી ઉતરીને પેલી તરફ ગયો હશે તેથી એ લશ્કર શેકસ્ત ખાઇને નાહાસી આવ્યુ છે, પણ પાદશાહ ફૂગપુર ગુસ્સાનો મારયો તજવીજ કરશે નહીં અને નાહક મને જીવથી મારશે એવો અંદેશો કરી પોતે પોતાના હાથમા ઓસતબાબ પકડી પાદશાહ ફૂગપુરને કહેવા લાગ્યો કે "હું હમણા પાહાડ ઉપર જઇ એ ઓસતલાબમા નજર કરીને જોઉ અને આસમાનના ભેદથી વાકેફ થઇ તને ખબર કરૂ" એ રવેશે મકકર કરી તે નજુમી ફૂગપુરની નજદીકથી નાઠો તેને ફરીથી ફૂગપુરે નજરે જોયો નહીં.

પેહેલવાન નરીમાન ફગપુરના નાસતાં લશકર પછવાડે આવી પોહોંચ્યો અને ફગપુરચીન સાથે લડાઈ કીધી તે હકીકત

પેલી તરફ ચીની લશ્કર નાહસતુ હતુ તેની પછવાડે પેહેલવાન નરીમાન શિતાબાથી આવી પોહોચ્યો, તેની સાથે બાર સો દલેર સવારો હતા. તેણે આવતા વાર ચીનાઇ લશ્કર ઉપર હુમલો કીધો તે જોઈ પાદશાહ ફગપુરે તુરતીમા આવી શિતાબીથી જીનબદી કરાવી અને જગી નરીમાનને મુકાબલે થયો. એ જોતા બે તરફથી લશકરોએ સફ સમારી કે તમામ જહાન ગિરદ ભરેલી થઇ અને નગારા ને કરનાયાના અવાજ ઉઠવા લાગ્યા, લડાવક મરદોથી તમામ મેદાન ભરાઇ ગયુ નેજા તથા તીરના પેકાને પેહેલવાનોની આખ તથા દિલ જખમી થયા લશ્કરના તરેહવાર ઝુડાઓથી જાણે તે મેદાનમા ચીનનુ બજાર ભરાયુ હોય એ રવેશે નજર આવવા લાગ્યુ તે મેદાનમા દલેરોની તલવાર ચાલતી તેથી સિપાઇઓના લોહીની રેલ ચાલતી હતી. સવારો પોકાર મારતા તેથી શેર તથા ચીતાના દિલ દર ભરેલા હતા તલવારો ઉપર તલવાર લાગતી તેથી ચકાચકનો અવાજ આસમાન લગી જવા લાગ્યો સવારોના હાથથી કમદો એટલીતો છુટથી કે ગોયા જમીન ઉપર પેચદાર સાપ દોડે તે મિસાલ હવા ઉપર નજર આવતી હતી. નેજાઓની નોક હાથીઓના તન ઉપરની પાખરોની કડી તોડી નાખતી હતી. એ રવેશે રસ્તાખેજની લડાઇ કરતા દાહડો તમામ થયો તેથી આફતાબે પોતાની તલવાર મ્યાન કીધી યાને આફતાબ ગાયબ થયો ને પાહાડની પછવાડેથી માહતાબે પોતાની રોશન ઢાલ આસમાન ઉપર ઉઠાવી યાને પુરો રાતનો વખત થયો ત્યારે બંને તરફના લશ્કર મેદાનમાથી પાછા ફ્રર્યા અને પોતપોતાના મુકામ ઉપર આવી કમર તથા હથ્યાર છોડયા અને લશકરની આસપાસ, તલાયા ફરતા કરી,

ડીદબાન લોકોને પાહાડ ઉપર ઉચા ઉભા રાખ્યા કે હુસ્યારીથી જંગલની તરફ નેગાહ કરતા રેહે કે એકાએક કોઇ દુશમન કમીનગાહ કરી આવી નહીં પોહોચે, કારણ કે તે બન્ને લશકરને એક એકનાં શબેખુનનો ભરોસો નહીં હતો તથા બન્ને લશકરમા હરતરફ એટલો તો આતશ રોશન કીધો કે તેની રોશની તમામ જંગલમા રોશન રોજ મિસાલ તેજ નજર આવતી હતી સર્વ પોતપોતાની પથારીઓ ઉપરના આદમીઓની તજવીજ કરવા લાગ્યા તેમા જે જીવથી સલામત આવ્યા હતા તે જખમી હતા અને જે જીવતા હતા તે મુવેલા આદમીઓ ઉપર જારી કરતા હતા.

બીજીવાર લડાઇ કીધી નામદાર શાહનશાહ નરીમાને ફગફુરચીન સાથે તે હકીકત.

એમ કરતા બામદાદનો વખત થયો ત્યારે બેઉ તરફના લશ્કરમાથી લડાઇના નક્કારાના અવાજ નિકળ્યા તેથી પેહેલવાન લોકોએ ઘોડાઓની રેકાબમા પાઉ ધર્યા હરતરફથી લશ્કર મેદાનની તરફ આવી ઉભુ, ઘોડા હરણુવા લાગ્યા તથા સવારો મસ્ત હાથી મિસાલ પોકાર મારવા લાગ્યા, જેના શોરસારે જમીન તથા જમાનો જીરોજબર થવા લાગ્યો બે તરફના લશ્કરે તલવાર ઉઠાવી એક સખત લડાઇ શરૂ કીધી તેમા 'હરએક તરફથી એટલુ તો લશકર માર્યું' ગયુ કે જે જગા મેદાન હતું તે જગા આદમીઓની લોઠના ટેકરા નજર આવવા લાગ્યા તથા તેં લશકરના શોરે જમાનોબી ધ્રુજવા લાગ્યો. હરતરફથી એટલુ તો લોહી જારી થયુ કે તે જંગલમા લોહીની નદી નજર આવતી તથા કેટલાક ઝુંડા ઉભા અને કેટલાક ખાકમા ઉંધા પડેલા હતા ચીનાઇ લશ્કરની કલબગાહમા ફગફુરચીન ઉભો રહી અવાજ મારી પોતાના લશ્કરને હીંમત આપી કેહેતો કે "અય-ચીન સરજમીનના ચીતાઓ! આજરોજે નામદારીનો વખત છે વાસ્તે

એવુ કરો કે તમારા નામની ક્યામત લગી યાદગારી રેહે!" અને જે શખ્સ ઇરાની લશ્કરના પેહેલવાનને મારતો તેને તેજ વખત ઘોડા તથા કુમરબધ તથા કોલાહ બક્ષતો આ તરફ પેહેલવાન નરીમાન તે લડાઇમા પોતાનો ઘોડો ડાબી તથા જમણી તરફ દોડાવતો, તેના ઘોડાની નાલે જમીન ધ્રુજતી હતી અને તેના એક એક હુમલામા આદમીઓના ટોલેટોલા જમીન ઉપર પડતાં, એ રવેશની સખત લડાઈ કરતો હતો તેણે ઘોડાને એડ મારીને ફગફુરચીનના ખાસ લશ્કરની કલબગાહની નજદીક જઈ તીર કમાન હાથમા પકડી એટલા તો સવારોને માર્યા કે તે જમીન ઉપર ઘાસના કરતા આદમીઓની લોથ જ્યાદા નજર આવવા લાગી એમ કરતા ફગફુરચીનના ખાસ લશ્કરમાથી ઘણાજ નામીચા ત્રણ સરદાર તથા એકસો હાથી જીવથી માર્યા, પછી હવા ઉપર વાદળ જોશથી ચાલે તે મિસાલ જોશ કરતો ફગફુરચીન ઉપર હુમલો કરી ગયો અને તેની આગળ પછવાડેના સવારોને તલવારે જમીન ઉપર નાખવા લાગ્યો ચીનના પાદ-શાહે એવી રશ્નાખેજ દીઠી કે હજારો સવારોના જીવ એક સવારની તલ-વારે કરી મુફ્ત માર્યા જાય છે! એવો હાદેશો જોઇ તે પાદશાહના તનમા તાપ ચહડી આવી અને તન સુસ્ત થઇ ગયુ તેથી તેની આખમા જહાન શીહા થઇ ગઇ ચીનાઇ લશ્કરના સર્વે પોતાના પાદશાહને પડનો મેળી પોતાના જાન સલામત લઇ નાસવા લાગ્યા તે જગા કોઇને દિલમા એટલી મેહેરબાની રહી નહીં કે બાપ બેટાની લોથને ઉઠાવી ઠેકાણે કરે યા બેટો બાપની લોથને સભાળે, બલકે બાપ પોતાનો જાન બચાવવા વાસ્તે બેટાની લોથ ઉપર પાઉ મેલીને નાસતો હતો સર્વે નાસવાને વાસ્તે પોતાના તન ઉપરથી ભાર ઓછો કરવા બખ્તર તથા હથિયાર કહાડી નાસતા હતા. તેઓ એવા તો દેહેસ્તે દીવાના થઈ ગયા હતા કે તે લોકો તનમા બખ્તર છે એમ જાણીને પોતાના પજાએ પોતાના તન ઉપરની ચામડી ઉખા-ડતા અને પછી જોતા તો પોતાના તનપર લોહી શિવાય કાઇ બીજું દેખતા નહીં

તે ઉપરથી આ નામાનો બનાવનાર શાયર કહે છે કે "એ ફરતાં આસમાનની ચાલ એવીજ છે કે એથી એક શખ્સ તવાન તથા બીજો

શખ્સ નાતવાન હોય, એક શખ્સને શીહા ખાકમા ખોહારીથી નાખે અને એક શખ્સને બુઝર્ગીથી જરી તખ્ત ઉપર બેસાડે, એક શખ્સને ખુશીથી હાથમા શરાબની જામ આપી મિજલસમા બેસાડે અને એકને ગમ તથા દરદભરેલા દિલ સાથે માહેતમમા બેસાડે છે, તે કરતાં એ જેહાન બુલદ અવાજે બોલતી નથી પણ એ જેહાન તને કેહે છે કે મારી ઉપર કોઈ એતબાર ના રાખતા! હુ તો બેવફા અને બેમુરવ્વત છુ. તું જો કે અવ્વલતો તને હરએક તરેહથી દિલાસો દે છે અને પછવા ડેથી કમીગાહ કરી તારો જાન લઇ મેલે છે તને એક શખ્શ સાથે દિલની બેઅદાજે દોસ્તી હોય તેનીજ સાથે જીવલેણ દુશ્મની કરાવતાં કશો અફસોસ કરતી નથી, વાસ્તે તુ જાણ કે એ જેહાન તારી ઉપર ઘણી મેહેરબાન થાય ત્યારે થોડા દાહડામા તને ખોહારીથી બેઆબરૂ કરશે. અવ્વલ તો તને ગરીબ ઓસપદ મિસાલ નરમ થઇને ખાણ તથા પોશાક આપી તારી પરવરેશ કરશે અને પછવાડે વરૂ મિસાલ ચુગાલ ખોલી એકાએક તારો જાન લઇ મેલશે. આપણે આદમીજાત આ જેહાનની એ ચાલથી વાકેફ છીયે પણ ફાની મોહબતમા એવા તો ગુમરાહ છીયે કે તેથી આપણને કાંઇ બીજુ સુઝ પડતુ નથી."

આઝેજ આવીને નાહસી ગયો ફગફુર ચીન નરીમાનની લડાઇમાંથી તે હકીકત.

ચીનના પાદશાહે પોતાના લશ્કરને ઘણું મરેલું અને બાકીનું તમામ લશ્કર પરાગદે થઇ નહાસ્તુ જોઇ પેલી પુતળી જે પોતાના હાથી ઉપર સાથે લઇને બેઠો હતો કે કાંઇ મુશકેલનો વખત આવે તે પુતલીની નજદીક પોતાનુ સર ખાકમા મેલી તેની નજદીક આજેજી કરે. તે પુતલીની નજદીક ઉભો રહી તે લડાઇમા ફતેહમદી માગી.

તેણે તે પુતલીની નજદીક ઘણીબી મીહનત કીધી પણ તેથી કશો ફાયદો દીઠો નહી ત્યારે પોતે શિતાબ હાથી ઉપરથી નીચે ઉતરી ઘોડા ઉપર સવાર થઇ લશ્કરની પછવાડે તરત જે કાંઈ સામાન જોઇયે તે લઇને વદ્દી ગયો

પણ તે ફ્ગફુરના લશ્કરમાથી દશ હિસ્સા લશ્કર મારયુ ગયુ અને એક હીસ્સો સલામત રહ્યું તેમા પણ નવ હિસ્સા આદમી જખમી થયલા અને એક હિસ્સો સલામત હતું તે લડાઇનુ મેદાન પાહાડ તથા જગલ લશ્કરની તોપ, ગોરજ, બખતર, નેજા, ઝુડા, ઘોડાના જીન, આદમીઓના હાથપગ તથા સર વગેરે બીજા સામને ભરાઇ ગયુ હતુ. તે મુવેલા આદમીઓને વરૂ તથા બીજા જાનવરો ખાતા હતા અને જે લોકો નાહસતા હતા તે લોકોને જગલના શેર તથા વરૂ ફાડી ખાતા હતા. એવી કમબખ્તીએ ચીના લોકો ઉપર ગલબો કીધો હતો ઇરાની લશ્કરે તે ચીના લોકોના દેહેરા તથા તમામ અસબાબ પોતાના કબજામા લીધો નરીમાન ફ્ગફુરચીન ઉપર ગાલેબ આવ્યો ત્યાર પછી લડાઇની કમર છોડી મિજલસ શમારી શરાબ પીવા બેઠા એવામા જહાંપેહેલવાન કેરશાસ્પ બી પોતાના બેશુમાર લશ્કર સાથે તે જગા આવી પોહોચ્યો. તેઓએ એક એક સાથે મોટી ખુશાલીથી બગલગારી કીધી

જહાંપેહેલવાન કેરશાસ્પ અને નરીમાન વચે મેલાપ થયો પછી તેઓ ફ્ગફુરચીનની પછવાડે ગયા તે વીગેરે બીજી હકીકત

બેહુ પેહેલવાન એકએક સાથે મળ્યા તેથી ઘણા ખુશી થઇ મિજલસમા બેઠા અને પાદશાહ ફ્રેદુનની યાદમા શરાબની જામો ઉડાવવા લાગ્યા. ત્યા ફ્ગફુરચીનની લડાઇની તમામ ગુફ્તેગો કીધી. બામદાદનો

વખત થયો ત્યારે તે જગાથી કુચ કરી આગળ રાહ માપી. રાહમાં ફગપુરના તાબાના જે શેહેર તથા ગામડા આવતા તેને તમામ લુટી બાળી નાખતા, પણ જે શેહેરના હાકેમ તથા લોકો અગાઉથી શેતાબ આવી મળતા તે શેહેર આબાદ રેહેવા દેતા અને જે શરકશી કરતા તે શેહેરને પાયમાલ કરતા. એમ કરતા ફગપુરની રાજધાણી શેહેરની નજદીક જઇ પોહોચ્યા. ત્યાં તમામ લશ્કરે ઊંચા દેહેરા મારયા, તે ચીનના લોકોએ કોટ ઉપરથી જોઇ શેહેરમા ખબર કીધી કે ઇરાની લશ્કર આવી પોહોચ્યુ અને તમામ જગલ તથા પાહાડો ઉપર દેહેરા મારયા તે ખબર સાંભળ્યાથી તમામ શહેરમા શોરશાર ઉઠયો તેથી તમામ બખ-તરના પેહેરનાર પેહેલવાન લોકો શિતાબ લડાઇનો સામાન સાથે આવીને કોટની શરીલ ઉપર ચહડી ઉભા, તેથી જાણે તે પથરના કોટ ઉપર બીજો લોહોડાનો કોટ ઉઠયો હતો, એ રવેશ ચીની લશકર લોહોડાના બખતર સાથે કોટ ઉપર ચહડી ઉભુ હતુ. એ તરફથી પેહેલવાન નરીમાન કીનાને વાસ્તે કમર બાધીને તે શેહેરની નજદીક ગયો અને બીજી તરફથી જહા-પેહેલવાન પોતે જઇ પોહોચ્યો એમ કરતા હરએક તરફથી લડાઇ શરૂ થઇ પણ જહાપેહેલવાન કેરશાસ્પની સાથે એક કિલ્લો ભારી લાકડાંનો બનાવીને ચાલતો રાખેલો હતો તે કીલ્લો ચીનની સામે બરપા કરીને તે ઉપર નરીમાનના સિપાહીઓ ચઢી હાથમા નેજા પકડીને કોટ ઉપરથી ચીના લોકોને નેજાના જખમ કરી નીચે નાખવા લાગ્યા પછી ચીની તથા ઇરાની લશ્ક-રના દલેરોએ હાથમા તીર કમાન પકડી પણ અકસર ચીની લશ્કરે કોટ ઉપરથી ઇરાનીઓ ઉપર એટલા તો પથર વરશાવ્યા કે હરએક તરફ પાહાડ મિસાલ તેકડા થયા તથા હર તરફથી ચીની લોકો આતશબાજી ઉડાવતા તેથી ગોયા આસમાન ઉપરથી શિતારા નીચે પડે તે મિસાલે શોલા નજર આવતા. તે તમાશો જોઇ જહાપેહલવાને કોશેશને વાસ્તે ભારી ગોરજ પકડયો અને ચીનનો દરવાજો લોહડા તથા પથરનો હતો તેની તરફ કિનાથી શિતાબ જઇ પોહોચી એક જરબ એવો તો જોરથી મારયો કે તે લોહડાનો દરવાજો તથા તેની સાકળ સર્વે ટુકડે ટુકડા થઇ ગયું કે તેજ વખત લશ્કર સાથે શેહેરમા દાખલ થયા. અને હરએક

ગલીઓમા ઇરાની સવારો પેશી ગયા અને શહેરમા કત્લેઆમ કરવા લાગી ગયા તેથી ગોયા તમામ જેહાન જેરોજબર થવા લાગી અને કોઇને પોતાના તનની ખબર રહી નહી એમ કરતા તે શેહેરમા એક મકાન ખુબીમા રોશન બેહેસ્ત મિસાલ સમારી તેમા પુતલા બેસાડેલા હતા જે પુતલાના તન સુનાના હતા અને તે ઉપર ગોહરનો જડાવ જડેલો હતો. તે તમામ પુતલીઓને ખાકમા ઉંધી નાખી તેની નજદીક પરસ્તેશના કરનારા શેવડા લે ા હતા તેઓના તન લોહીમા ગરક કીધા એથી હરેક ગલીમાથી એટલા તો લોહીની નેહેરો ચાલવા લાગી કે તેનો સુમારજ નહીં હતો. એ રંવશ બે હફ્તા લગી ચીનમા ખુનરેજી કરી અને તમામ પાદશાહી શેહેર ખરાબ તથા તારાજ કરી નાખ્યુ ફગપુરના લશ્કરના સવારો તથા સપેહસાલારો તથા શેહેરના લોકોએ કશો ચારો દીઠો નહી ત્યારે સર્વે કેરશારપની નજદીક જઇ મીન્નત કરી જીનહાર માગવા લાગ્યા જહાપેહેલવાને તેઓની મીન્નત ગુજારીથી મેહેરબાન થઇને તેજ વખત જીનહાર બક્ષી અને મનાદી ફેરવી પોતાના લશ્કરને મના કીધુ કે શેહેરમા ખુનરેજી તથા લુટવાથી હાથ પાછા ખેચે પેલી તરફ પેહેલવાન નરીમાન લડાઇ કરતો પાદશાહ ફગપુરની દરઘાહ લગી જઇ પોહોચ્યો તેની સાથે લશ્કરના બીજા સપેહસાલારો હતા તેઓના બખ્તર લડાઈ કરતા ચાક ચયલા અને તેઓના હાથમા તલવાર, છુટભાલડી તથા ઢાલ પકડેલી હતી પણ તે જગા ફગપુરના અયવાનમા તેનો ઝનાનો તથા ચીનના ઘણાક સોદાગરો પનાહ પકડીને બેઠેલા હતા તે સર્વે કોઈ શોરશાર કરવા લાગ્યા અને પરદાની બેસનારી ઓરતોએ પોતાના રોખશાર જે બીલોર મિસાલના હતા તે લાલાના ફુલની મીશાલના કીધા અને લોહીએ કરી લાલ કીધેલા અને તેઓની નરગેશ મિસાલની આખોમાથી લોહીના ફુવારા જારી થવા લાગ્યા પાદશાહ ફગફુરચીન પોતે એક દેહેરામા જઇને પુતલીની નજરીક જારી તથા આજીજી કરી મદદ માગતો હતો. એવામા પેહેલવાન નરીમાન તે બુતખાનામા ફગપુરચીનની નજદીક જઈ પોહોચ્યો તેજ વખત તેનો હાથ પકડી શરમે કરી નરમીથી કહેવા લાગ્યો કે 'અય પાદશાહ! તેં પોતાના મરતબા ઉપર શરકશી કરીને પોતાનુ પાદશાહી તાજ બરબાદ

કીધુ જો કે પાદશાહ તમામ ખલકનાં લોકો ઉપર મેહેરબાની ભારી રાખે છે તો પણ તેને પોતાના અંદાજાથી કદમ બાહેર નહી ધરવુ જોઇયે. તું જાણુતો નથી કે પાક દીનના પાદશાહ ફરેદુનને જેહાનના પેદા કરનાર યઝદાએ ઇરાન જમીનનો પાદશાહ કીધો તેથી તમામ હફતે કેશવર જમીનનો મુલક તેના તાબામા થયો છે" એટલુ કહી નરીમાને પાદશાહ ફગપુરનો હાથ પકડીને ઉઠાડયો પણ ફગફુરચીનના દિલમા દેહેશત લાગી તેથી તેનો રોશન ચેહેરો ગોયા આસમાની રંગ મિસાલનો થઇ ગયો અને તેના તનમાથી તમામ લોહી ઉડી ગયુ, તેના સબબથી નેતરના ઝાડ મિસાલ ધુજવા લાગ્યો જેથી પેહેલવાન નરીમાને તેને દિલાસાથી કહ્યુ કે "અય પાદશાહ! તું શા વાસ્તે એટલો નાઉમેદ થઇને ધુજે છે? તુ કશો ગમ ના ખા!" એટલુ કહી તેને ને બુતખાનામાથી બાહેર લાવી નરીમાને પોતાના ઘોડા ઉપર બેસાડયો અને પોતે ખિદમતગાર મિસાલ તેની રેકાબ પકડીને ચાલ્યો તે વખત જહાપેહેલવાન કેરશાસ્પનુ શેહેરમાથી બાહેર નિકળવુ અને તેની સાથે લશકરના દલેરો બે હીસ્સા બાહેર હતા અને પોતે પેહેલવાન દેહેરાની નજદીક ચીની દેહેબાનો શાહેબાન ખેચાવીને એક તખત યાકુતનુ મંડાવીને તે ઉપર બેઠેલો હતો જહાપેહેલવાને દુરથી ફગપુરને દીઠો ત્યારે શિતાબ તખ્ત ઉપરથી ઉઠીને તેને એસતેકબાલ જઇ બાઅદબ તેનો હાથ પકડી લાવીને પેલા તખ્ત ઉપર બેસાડી કેહેવા લાગ્યો કે "અય ચીનના પાદશાહ! તુ મને સારી રવેશથી પીછાને છે કે હુ પોતાનો પાદશાહ ફરેદુનનો એક બંદો કેહેવાઉ છુ તેથી તે પાદશાહનો હુકમ મને બજાવવો પડે છે કારણ કે તેનુ ફરમાન ગોયા મારી ગરદનમા એક તોક છે જે કોઇ શખ્શની રોજી બીજા શખ્સનાં હાથથી પેદા કીધેલી હોય તો તે શખ્સને લાયક છે કે પોતાના તન કરતા તેના જાનની સલામતી માગે અને તેના ફરમાનથી ફરે નહીં વાસ્તે અય ફગપુર! અગરચે હમણા મારેથી તારી સાથે ઘણીક શોખી થઇ છે પણ હુજ તારૂ કામબી સમારીશ! અય પાદશાહ! તુ કશી વાતે ગમગીન ના થા! જેવી તે મારા હાથથી ખરાબી દીઠી છે તેવીજ ખુબી દેખશે તેથી તુ પોતાના જીવને હરગેજ અંદેશામા નાખતો નહીં

અને ખુશીથી એ જગો રેહેજે." એટલુ કહી ફગપુર ઉપર કેટલાક અમીરોની ચોકી મેલીને તેઓને કહ્યુ કે એ પાદશાહને હોશ્યારીથી જાળવતા રેહેજો પણ એની ખિદમત એવી તો કરજો કે એણે તેવી જોક પોતાની પાદશાહીમાબી નહીં કીધી હોય એટલી તાકીદ કરી પછી પોતે કેરશાસ્પ પાછો શેહેરમા ગયો અને પાદશાહની દરબાહમા દાખલ થયો પણ જે જગ્યા પાદશાહ ફગફુરનો ઝનાનો હતો યાને છોકરા બૈરા હતા તે મેહેલમા પોતે નહીં ગયો અને કોઇ બીજાને જવાબી નહીં દીધા પછી ફગફુરના ખજાનાનો દરવાજો ખોલી તેમાથી દશ હજાર ઉંઠ હરએક ચીજોના તરત ભર્યા, તેમા જર તથા ચીની દેહેબાના રંગારંગ કપડા તથા મિજલસ સમારવાનો સામાન એ રવેશના તે ઉંઠ ભરી બાહેર કાહાડયા. ફગપુર ચીનના લોકોએ કેરશાસ્પને કહ્યુ કે "એ ખજાનોએ તો અમારા પાદશાહ ફગપુરના કશા હિંસાબમા નહીં હતો બલકે એ ખજાનાનીતો તેને ખબરબી નથી વાસ્તે તુ ફરમાવે તો બીજા ખજાનાનો દરવાજો ખોલ્યે." કેરશાસ્પે તે લોકોને કહ્યુ કે 'મને તમામ ખજાના સાથે કામ નથી, કારણ કે મે તમારા પાદશાહ ફગપુરને દિલાસો દીધો છે જે હુજ તારૂં કામ સમારીશ તેથી મને ખજાનો ખરાબ કરવો નથી. અગરચે જમાનાની ચાલથી પાદશાહ ઉપર ખોહારી આવી પડી છે પણ પાદશાહ એકાએક ખોહાર થાય નહીં"—એટલુ કહી પોતાના લશ્કરને હુકમ કીધો કે સર્વે કોઇ ચીનમાથી બાહેર નિકલે અને જે કાંઇ લુટેલી ચીજ હોય તે એક જગો એકઠી કરો તેથી તમામ ચીજ એકઠી કીધી પછી તેમાથી જે નાદર ચીજો હતી. તે પાદશાહ ફરેદુન વાસ્તે કાહાડી અને બાકી તમામ લશ્કરને બક્ષી તેઓને ખુશ કીધા

જહાંપેહેલવાન કેરશાસ્પે ચીનથી શાહનશાહ ફ્રેદુનને વાસ્તે હદિયો તેયાર કરાવી મોકલ્યો તે હકીકત.

ત્યાર પછી જહાંપેહેલવાને હુકમ કરી અવ્વલતો દસ હજાર ઉંઠ રૂપાના રેહાલના ભરાવ્યાં અને બીજા પંદર હજાર ઉંઠ સુનાની અશરફીના તથા તમામ ચીનીના વાસણ, જે ઉપર જરીકામ હતુ તેની બે હજાર સદુકો ભરાવી તથા બીજા એક હજાર ઉંઠ બીલોરી વાસણોની સદુકોએ ભર્યાં તથા એકસો ઉંઠ ખાસ કેશરના તથા ચાલીસ ઉંઠ કસ્તુરીના તથા બસો ઉંઠ કપુરના તથા ચાર સો તાજ જરી ગોહરના જડાવના તથા ત્રણ સો કમરબંધ જરી યાકુતના પેચદાર બનાવેલા હતા તથા છત્રીસ શાએબાન તાશના કપડાને કે જેનો વાણો તથા તાણો બેહુ જરીનો હતો તે શાએ-બાનોની ઝાલર તમામ મોતીઓની તથા ગોહરની હતી તથા ચાલીસ દાબડા પરવાલાના કોટરી કાહાડેલા જેમા કીમતી મોતીઓના જડાવની પોચીઓ ભરેલી તથા એક લાખ સુનાના પુતલા બનાવીને તેઓના હાથમાં તમામ લડાઇના હથિયારોબી સુનાનાજ આપીને લશ્કર બનાવેલું તેમાં હાથી તથા ઘોડા સર્વે જરના બનાવેલા તથા વીશ હજાર તાકા શાલની જાતના ઉનના કપડાના તથા ત્રીશ શાયા તુશ જાનવરની પશમના બના-વેલા, તેમાનો એક એક શાયો ત્રીસ ત્રીસ પાદશાહી ગજની કીંમતનો હતો તથા એક હજાર ચીનની બાદીઓ તમામ જર જેવર સાથે સમારેલી તથા એક હજાર ગોલામ ખુબસુરત સોનેરી મોઝા સાથના તથા છ સો દાઇ હજાર ગાય બચ્ચા સાથની તથા બસો ઘોડા સુનેરી લગામ તથા સુનેરી જીન સાથના અને લડાઇના તમામ હથયારોનો તો શુમારજ નહીં હતો અને કેટલીક કનાતો દેબાનાં કપડાની તે ઉપરબી જરબફતરનું કામ કીધેલું તથા રંગારંગ કપડાના ત્રણસો દેહેરા તેના તમામ ફરશ તથા પરદા જરીના હતા તથા એક દેહેરો જરી કે જેના થાભા સુનાના તથા ખેખો રૂપાની તથા રશીઓ રેશમની તે ઉપર જર વીટેલો, જે દેહેરો

પાદશાહ ફગપુરનો ખાસ મુકામ કરવાનો હતો તથા એક જુડો પરનીઆનનો જે ઉપર તમામ ગોહરનો જડાવ જડેલો હતો તે ઝુડા ઉપર વરૂની સુરત ચિતારેલી હતી તથા બાર હજાર મોર્ગ સુનાના, રૂપાના તથા બીલોરના બનાવેલા હતા તથા સી તેર જોડા જરી નગારાના તથા બસો કરનાયા જરીન અને કેટલીક ખુરશીઓ તરેહ તરેહના લાકડાની બનાવેલી તથા પીરોના અને ગોહરના કેટલાક તખતો તથા સુના રૂપાથી ભરેલી કેટલીક પેતીઓ તથા ચાલીસ હાથી બીલોર મિસાલના સફેદ તથા સાત સો હાથી ઝલા મીસાલના શીહા તથા કેટલાક પાજરા નુરી તથા બીજા તહરેવાર જાનવરોના એ રવેશનો તમામ હદિયો જહાપેહેલવન ફેરશાસ્પે પાદશાહ ફરેદુનને વાસ્તે તૈયાર કીધો પછી નવીશદાને ફરમાવ્યુ કે એક નામુ ઘણીક પાકીજેહ એબારતનુ ખુશ ખતે કરી પાદશાહ ફરેદુન ઉપર મારી તરફથી આજીજી કરી લખ

નામુ લખ્યુ જહાંપેહેલવાન ફેરશાસ્પે ચીનથી પાદશાહ ફરેદુન ઉપર અને તમામ હદિયો તથા પાદશાહ ફગપુરને નામદાર નરીમાન સાથે ઇરાન મોકલ્યો તે વિગેરેની હકીકત

તેજ વખત નવીશદાએ ચીનાઇ કાગજ હાથમા પકડી કલમનુ શર કશ્તુરી મિસાલની શીહાઇમા તર કીધુ અને તે નામાના સર ઉપર પ્રથમ પાક પેદાના કરનાર સાહેબનુ નામ લખ્યુ કે તેના નામ વગર દિનની ઓસ્તવારી આવતી નથી "તે સાહેબ તમામ છુપા તથા જાહેર ભેદનો જાણનાર છે તથા દરવેશ તથા પાદશાહની પરવરશ કરનાર અને દાદનો લેનાર છે, તે સાહેબના નામથી તુ નામદાર પાદશાહ ઉપર આફ્રીન

હોજો ! તું જલકાત ભરેલા નેક શાહનશાહે નાપાક જોહાકને બંધ કરી તમામ જેહાનને જુલમથી તથા બેદાદીથી છોડવી તે તું જેહાનનો શાહનશાહ ગયોમરદ તથા જમશેદના જલકાતનો છે પાક યઝદાની દિનની તમામ નિરંગને જારે તું અરવંદરોદ નામની નદીથી વગર કીસ્તીએ તરી ગયો એવો તું મોટો શાહનશાહ છે તું પાદશાહ ફરરોખ ફરેદુન ને હું કમીનો બંદો પાદશાહ અશરતનો બેટો કેરશાસ્પ તારા રોશન બખ્તથી તને વધાઈ દઉં છું કે મેં તારા હુકમથી એ તરફની સખત રાહ માપ્યા બાદ જેહુનના દરિયાવથી તે જે જગાથી આફતાબ અવ્વલ આસમાન ઉપર નિકળે છે ત્યાં લગી જઈ પોહોચ્યો છું અને રાહમાં હર એક પાદશાહો પાસથી મેં સલામી લીધી તું પાદશાહની તાબેદારી શિવાય કોઇને બેફરમાન રાખ્યો નથી મગર એક ફગપુરચીનમા શરકશીનો પવન ઘણો હતો તેથી તેણે એકાએક ફરમાબરદારી કબુલ નહીં કીધી અને લડાઇ કરવા લાગ્યો તો પણ મેં ફગપુરચીનને નસીહત ઘણી કીધી પણ એણે મારી નસીહત કબુલ નહી કીધી, કારણ કે હમણાં એ ફગફુર બરગસ્તેબખ્ત હતો તેથી તેણે મારા સખુન કબુલ નહીં કીધા અને લડાઇને દાહડે જાદુગર લોકોને ઉશ્કેરી મેલ્યા તેથી તે લોકોએ ઘણી ભારી જાદુઇ કીધી તેમાં વરશાદની જગો બરફ, હીમ, તથા સાપ અને પથર આપણા લશ્કર ઉપર વરશાવ્યા ! એમ કરતા અમોએ ફગપુર સાથે વીસ લડાઇ કીધી અને તે લડાઇમાં બન્ને તરફથી ત્રણ લાખ લશ્કર મારયું ગયું પણ આકેબત તું પાદશાહના રોશન બખ્તની મદદથી તે ફગપુરનું સર નીચે આવ્યું યાને તે પાદશાહ આપણા હાથમા કેદ પકડાયો અને ચીનનો તમામ મુલક તથા બુતખાના બહરમ મારયા હમણા ત્રીસ હજાર લડનારા બંદીવાન પકડાયલા છે અને તેઓની સાથે બીજા એંશી પાદશાહોબી આપણા હાથમા કેદ પકડાયલા છે પણ એક ફગફુરચીનના પગમા જંજીર નાખી નથી કારણ કે એ પણ મોટો પાદશાહ કેહેવાય છે તેથી એને બંધ કરવો લાયક નથી હમણા એના ખજાનામાથી મેં દસમો હિસ્સો બાહેર કાહાડી બાકી તમામ ખજાનો પાછો તે જગો મેલ્યો છે કે, અગર તું પાદશાહ મેહેરબાન થઇને એનો ગુનાહ બક્ષે તો એ ફગપુરને

પોતાનો મુલક પાછો આબાદ કરવાની ઉમેદ બાકી રેહે, તે સબબથી મે એનો તમામ ખજાનો ખાલી કીધો નથી એ તમામ વધાઇ તારો કમીનો બંદો નરીમાન તારી નજદીક જાહેર કરી કેહેશે એ જંગી નરીમાને તમામ લડાઇઓમા ઘણી મરદાનગી કીધી છે. એ નવજવાનને તારી ખિદમતમા મોકલ્યો છે તે તારી ખિદમતમા આવી પોહોચી તમામ હકીકત કહેશે, પણુ હુ તારો બંદો ઇનતેજાર બેઠો છુ કે તુ પાદશાહનો હુકમ શુ આવે છે તે મુજબ કામ લઉં અગર તું પાદશાહ મને બીજા મુલક તરફ લડાઇ ઉપર મોકલવા ચાહતો હોય તો શિતાબ લખજે કે એ ચીનનુ તખત તથા તાજ કોણુને હવાલે કરૂ અને હુ કીયા મુલકની તરફ આગળ રાહ માપુ ?" એ રવેશે નામુ લખી નરીમાનને હવાલે કીધું. પોતે દિલમા અંદેશો કીધો કે નરીમાન ઇરાન જાય છે તેની સાથે ફગફુરચીનનેબી પાદશાહ ફરેદુનની નજદીક મોકલવો જોઇએ કે પાદશાહ ફરેદુનનો દબદબો માલુમ થાય એવો અદેશો કરી ફગફુરચીનના અંદાજા મુજબ રાહમાં સાથે રાખવાનો સામાન તૈયાર કરાવ્યો અને ફગફુરના વજીરને હવાલે કીધો કે તુ પાદશાહને હાજેર કરતો રેહેજે પછી નરીમાનને કહ્યુ કે "રાહમા પાદશાહ ફગફુરચીન જે કાંઈ મગાવે તેજ વખત પોહોચાડજે અને એવુ કરજે કે એને એક શ્વાસના તનખલાનોબી આજાર નહીં પોહોચે અને ખુશી ભરેલો રાખજે! વખત બેવખત એની સાથે ઇરાની પેહેલવાનોને ચોકીમા હોશ્યારીથી રાખજે" એટલુ કહી ચાલીસ જોડ હાથના કડાની કમરબંદ, કાનની બાલી, મોતીઓ તથા બસો દાબડા ગોહરના પાદશાહી લાયકના લાલ તથા ઝવાહેરના બાર સો દાબડા વીગરે બીજા સામન નરીમાનને હવાલે કરી તેને ફરમાવ્યું કે "એ તમામ મતા તારી સાથે રાખ અને જેવો તુ પાદશાહ ફરેદુનની નજદીક જાય તેજ વખત એ તમામ મતા પાદશાહના સર ઉપર નિસાર કરજે" એ રવેશ તમામ સામાન તૈયાર કરી ફગફુરચીનને કહયુ કે "નરીમાનની સાથે તને પણુ ઇરાનના પાદશાહ ફરેદુનની નજદીક જવુ જોઇએ, ત્યા ગયાથી તારૂ કામ સમરશે." ફગફુરે એ સખુન સાભલ્યો તેથી તેના રોખશારા જરદ થયા

અને પોતાની આખમાથી આસુ વરસાવવા લાગ્યો. તેનુ સીધા સર્વ મિસાલનું પાદશાહી કદ નેતર મિસાલ ધ્રુજવા લાગ્યુ

અફસોસ કીધો પાદશાહ ફગફુરે પોતાની ચીનની પાદશાહી ઉપર તે વીગેરે બીજી હકીકત.

પછી તે પાદશાહ અફસોસ કરવા લાગ્યો કે 'મારી દબદબા ભરેલી ચીનની પાદશાહી! તુ કયા જઇ બેઠી અને એકાએક તારો માહતાબ શીહા વાદલમા કેમ ગુમ થઇ ગયો? તું ગોયા એક આરાસ્તા બગીચા મિસાલ તાજી હતી અને એકાએક તારા ઝાડ જડથી કેમ ઉખડી ગયા? એક મરતબે ફરતુ આસમાનબી મારો દબદબો જોઇ ડરતુ હતુ અને એકાએક તે આસમાનનો હાથ, તારી ઉપર કેમ લાબો થયો? નીર્મળ પાણીના રગનુ આસમાન ગોયા એક દેહરો છે અને એ દેહરામા ધણીક દાવરી તથા હકુમત છે અને પાદશાહ કે બંદા યા દાના કે નાદાન એ સવને યકસા જાણે છે અને કોઇને પીછાણતુ નથી વાસ્તે અય અકલ! તુ એ ફરતા આસમાનથી શા વાસ્તે સર ફેરવે છે? તેં જે કાંઈ નેકી તથા બદી કીધી હોય તેનો બદલો તુ પામે છે તારાથી ઉલટી ચાલ તથા બેફરમાની થાય છે તો તું એ ફરતા આસમાન ઉપર તોહમત શા વાસ્તે મેળે છે? તે કરતા એ સર્વે ચીજ પાક યઝદાથી જાણવી. એ આસમાનતો તારી મિસાલ એક નાતવાન બંદો છે." એ રવેશે પાદશાહ ફગફુર પોતાની પાદશાહીથી નાઉમેદ થઇ અફસોસ ખાઇ આખમાથી આંસુ વરસાવવા લાગ્યો તેને જોઇ નરીમાને પોતાના દિલમા અંદેશો કીધો કે એ ફગફુરચીનને પાદશાહ ફરેદુનની નજદીક જવાને ગમ પેદા થયો છે તેથી એના રોખશાર જરદ થયા છે. એવો અંદેશો કરી ફગફુરને દિલાશો દઇ કહયુ કે "તુ એટલો દલગીર શા વાસ્તે થાય છે? તુ ફીકર

ગમ ના ખા અને તું મારી સાથે ઈરાન જમીન આવ તુ રાહ દરમ્યાન સબર કરજે હું અવ્વલ પાદશાહ ફરેદુનની નજદીક જઇ તારો બદોબસ્ત કરયા પછી તને પાદશાહની દરગાહમા લઇ જઇશ. પાક યઝદાના કસમ ખાઇને હુ તને કેહુ છુ કે અવ્વલ તારો બદોબસ્ત કરીશ, ત્યાર પછી હું પોતાની જગા ઉપર આશાયશથી બેસીશ તુ એક મરતબે પાદશાહ ફરેદુનના દીદાર જોશે તો તુ એમ કેહેશે કે હુ ચીનની પાદશાહીને શુ કરૂ ? હું તો એ પાદશાહની ખિદમતમા રહી એનો રોશન દીદાર જોઇને તમામ જેહાનનો પાદશાહ કેહેવાઉ એવા તે નેકબખ્ત પાદશાહ છે" એટલુ કહી લશકર સાથે આગળ ચાલ્યો અને ચીનનો પાદશાહ ફગફુર દરદ ભરેલા દિલ સાથે હાથી ઉપર સવાર થઇ આગળ ચાલ્યો પણ રાહમા પોતાના વજીર શિવાય કોઇ બીજા સાથે વાત નહીં કરતો હતો. એમ કરતા પાદશાહ ફરેદુનને ખબર થઇ કે પેહેલવાન નરીમાન ચીનના પાદશાહને લઇ આવે છે એ વધાઇ સાભળી પાદશાહ ઘણો ખુશી થયો અને તેજ વખત એક હજાર ઘોડા જરી જીનના ઘણુા ખાસ તૈયાર કરાવી ઘણાક લશ્કર સાથે નરીમાનને એસ્તેકબાલ મોકલ્યા તથા છ સો હાથી તૈયાર કરી બાજે હાથીઓ ઉપર સુનાના નગારા તથા જરી ઝુનડાઓ ચડાવી આગળ ચાલતા કીધા તેના માહવતોનેબી રંગ બેરંગ દેબાના પોશાકો પેહેરાવીને જરી કમરબધો બધાવ્યા, તેઓના સરની જરી કોહોલાઓ ઉપર જરબફતરના પેચો લપેટેલા હતા તથા સુનાની સાકળો મસ્ત ચીતાઓને બાધીને દબદબા વાસ્તે લશ્કરની સાથે ચાલતા કીધા અને પોતાની દરગાહના દરવાજાથી ત્રણ મજલ લગી બન્ને બાજુએ ઇરાની લશ્કર સફ સમારીને ઉભુ ત્યા નગારાના અવાજે તમામ જેહાન શોર ભરેલી થઈ અને તમામ શેહેરના લોકો જાબજા ઉચા ચઢીને ફગફુરચીનને જોવા ઉભા અને બેશુમાર ખુશી શેહેરમા થઇ હતી. એમ કરતાં ફગફુરચીનની સવારી આવી પોહોચી કે એક મસ્ત હાથી ઉપર પાદશાહી તખ્ત બાધેલું તેના જડાવના ગોહરોના રંગે કરી તમામ શેહેર રંગારંગ નજર આવતુ તથા એક છતર મોર્ગને રંગનુ ધરેલુ અને સર ઉપર યાકુતનુ તાજ મેલેલુ હતુ જેના જડાવની રોશની માહતાબ મિસાલ

નજર આવતી હતી.

જઈ પોહોંચ્યો પાદશાહ ફગફુરચીન શાહાનશાહ ફરેદુનની દરગાહમાં તે હકીકત.

ફગફુરચીન પાદશાહ ફરેદુનની દરગાહની નજદીક આવી પોહોચ્યો અને દુરથી જેવો શાહાનશાહ ફરેદુને તેને દીઠો ત્યારે ગુસ્સામા આવી હુકમ કીધો તેથી તેજ વખત ફગફુરચીનને હાથી ઉપરથી નીચો ઉતારી તેજ જગે કેટલોક વાર ઉભો રાખ્યો, પછી શાહનશાહના હુકમથી તેના પગમા સુનાની જજીર પેહેડાવી શાહનશાહ ફરેદુને તે ઉપર નેગાહબી નહીં કીધી અને કાઇ ખબરબી પુછી નહીં. એક હફતા લગી તેની કાઇ યાદબી કીધી નહીં કારણ કે તેણે શોખી ઘણી કીધી હતી. એક હફતો તમામ થયો ત્યારે નરીમાન પછવાડે આવી પોહોચ્યો નરીમાન પછવાડે પાદશાહ ફરેદુનને વાસ્તે ચીનથી હદિયો લાવ્યો હતો તેની સાથે પોતે રહેલો રહેલો હતો નરીમાન પાદશાહની દરગાહમા આવી પોહોચ્યો ત્યારે પાદશાહના તખતની નજદીક જમીન ઉપર સર મેલીને સેજદો કીધો. પછી દુવા કરી જહાપેહેલવાન કેરશાસ્પનું નામુ આપ્યુ. પછી પાદશાહના સર ઉપર વધાવો કરવાનો હતો તે કીધો અને તમામ હદિયો પાદશાહને નજર કીધો તે સામન જોઇને પાદશાહની દરગાહના લોકો કેહેવા લાગ્યા કે ચીનના મુલક મિસાલનો કોઇ બીજા મુલકમા એવો સામાન તથા ખજાનો નહીં હશે તેવી અજાયબ ચીજો નજર આવે છે. પછી પાદશાહ ફરેદુને ખુશીથી તખ્ત ઉપરથી ઉઠીને નામદાર નરીમાનને બગલમા પકડી ખેરઆફિયતની ખબર પુછી અને પોતાની જમણી બાજુની તરફ સુનાની ખુરશી ઉપર બેસાડયો, ત્યારે નરીમાને ઉઠી ઉભો થઇ પોતાના હાથ બક્ષ કરી ઝબાન ખોલી પાદશાહ ઉપર દુવા કરીને ફગફુર-

ચીનની તથા તેના મુલકની આરાએશતની તથા તેના બેશુમાર ખજાનાની તારીફ કીધી અને પછી અરજ કરી, કહ્યું કે "અય પાક દીનના પાદશાહ! મેં આજ લગી ફગફુરચીન જેવો બુઝર્ગી તથા દબદબા ભરેલો પાદશાહ કોઇ બીજાને દીઠો નથી અગર એણે બેહુદાપણાથી પોતા ઉપર મગરૂરી કીધી તેથી એના હાથથી કેટલોક ખજાનો જતો રહ્યો અને નાહક લડાઇની જેહમત બરબાદ ગઇ પણ એમા એનોબી ગુનાહ નથી જેવી નશીબત આસમાનની ચાલથી બનનાર હશે તે બની, તે કરતા તુ બુઝર્ગ બુન્યાદનો પાદશાહ છે તેથી પોતાની બુઝર્ગી ઉપર નેધાહ રાખી એનો ગુનાહ માફ કરી, અને સરફરાજ કરી, આબરૂ આપી એના દિલને ખુશી કરી એને તખ્ત તથા તાજ આપી પાછો ચીનની પાદસાહી ઉપર કાયમ કરી રવાના કર! સારૂ થયુ કે આપણે આપણા ખોદાની બક્ષેશ ને તારા બખ્તની મદદે એ ઉપર ગાલેબ આવ્યો તોપણ એબા મોટો પાદશાહ છે અને એની પાદશાહીને તાબે ત્રણ સો પાદશાહ તાજ અને તખ્તના રાખનાર છે એવો એ ફગફુર પાદશાહ બુઝર્ગીનો રાખનાર છે અગર આપણુ બખ્ત કોઇ ઉપર ગાલેબ આવે તો તે ઉપર નચીંત નહીં રેહેવુ જોઇયે, દુનિયાઇ દોલત છે તે એક જગે હમેશ કાયમ રેહેતી નથી વાસ્તે આપણે શુ જાણયે કે હવે પછી આસમાન શી રવેશે ફરશે ને શુ બનાવ બનશે? દુનિયા દરમ્યાન હર એક હુનર કરતા નેકનામી ઘણી બેહેતર છે, નેકીની દોલત છે તે બન્ને જહાનમા કામ આવવાની નેકનામી કરવી તે ગોયા ઝેરના મિસાલ કડવી છે પણ તુ તે જેહેરને ચાખે તો શાકર તથા મધ કરતા મીઠી લાગે." નરીમાને ઘણાક સખુન પાદશાહ ફરેદુનની નજદીક ફગફુરની સિફારસમા કહ્યા અને તેનો ગુનાહ માગી લીધો, તેથી પાદશાહ ફરેદુને ફગફુરની તકસીર માફ કીધી અને નરીમાનને કહ્યુ કે "મે ફગ-ફુરની તકસીર માફ કીધી!" ફરી પાદશાહ બોલ્યો કે "ફગફુરની બુઝર્ગી છુપી રેહેતી નથી પણ એણે એની મોટાઇએ ગુમરાહ કીધો તેને લીધે એણે આપણી સાથે ગોખી કીધી પણ એ કરતા એને બીજી શિક્ષા શુ કર્યે કે એક હફતો ગુજરી ગયો છે ત્યા લગી મે એને મારી નજદીક બોલાવ્યો નથી એટલી તાજેશ એને ઘણી છે, વાસ્તે અય પેહેલવાન! તું

તેની નજદીક સરોપાવ લઇને જાય અને તેના પગમાથી બેડી તોડ અને મારી તરફથી તેને દિલાસો દઇ તેના દિલ ઉપરથી ગમ ધોઇ નાખ અને મારી તરફથી તેને આજરખાહીથી કેહેજે કે એમા અવ્વલ તકસીર તારી છે કે તેં મારો હુકમ માન્યો નહીં અને શરકશીનો જવાબ દીધો. તુ નાપાક જોહાકના તાબામા રહ્યો હતો અને મારી પાદશાહી થઇ ત્યારે તુ બેફરમાન થઇને મને નાલાયક સખુન બોલ્યો પણ હવે તો જે બનાવ હતો તે બન્યો વાસ્તે તુ કશી વાતે અંદેશો ના કર ! હવે પછી ભલાઇની ઉમેદ રાખીને ગમશની ભરેલો રેહે ! અય નરીમાન ! તુ જઈ તેને દિલાશો દઈ એ ગવેશ મારી તરફથી સમજાવીને કેહેજે કે અગર આ વખત તારી ઉપર ઘણીક ખોહારી આવી પડી છે તો એ દુનિયા હમેશ એજ રવેશ ઉચી નીચી ચાલે છે અને ફરતુ આસમાન કોઇનો બેલી નથી એની નજદીક આપણી નેકી તથા બદીનો કશો ગમ છેજ નહીં, આદમી જાતનુ બખ્ત છે તે ઉડના મોર્ગ મિસાલ છે આ જેહાન છે તે બખ્તના મોર્ગ મિસાલ છે અને આપણુ લોકો તેમાના ઝાડ છીયે. તે બખ્તનું મોર્ગ બાગના ઝાડો ઉપર ઉડી જે જગો પસદ આવે તે ઝાડ ઉપર બેસે છે, વાસ્તે તુ કશી વાતે દિલમા ગમ ના રાખ ! હવે તું ખાતરજમા રાખ કે કાલ રોજે આપણે બે પાદશાહો મિજલસમા સાથે બેસી ખુશાથી શરાબની જામ ઉઠાવશુ " એ મિસાલે પાદશાહની ઝબાથી નેક સખુન સાભળી નરીમાને પાદશાહ ઉપર ઘણીક દુવા કીધી. પછી બામદાદને વખત સરપાવ લઇને પેહેલવાન નરીમાન ફગફુરચીનની નજદીક ગયો અને તેને તમામ હકીકત પાદશાહ ફરેદુને કેહેવાડી હતી તે કહી, જે સાભળ્યાથી ફગફુરચીન ઘણો ખુશીમા આવ્યો તેથી તેના રોખસારોએ અનારના ફુલની મિસાલની સુરખી પકડી અને તેજ વખત પાદશાહ ફરેદુનનો સરપાવ પેહેરી પેહેલવાન નરીમાનની નજદીક પોતાનુ સર નીચુ કરી સલામ કીધી તે નામદાર પેહેલવાન ઉપર ઘણીક દુવા કરવા લાગ્યો અને નામુરાદ હતો તે પાછો મુરાદને પોહોચ્યો તેથી ઘણો ખુશી થયો. આફતાબ બાહેર નિકળ્યો તે વખત પાદશાહ ફરેદુને ખુશીનો

એરાદો કીધો કે આજ રોજે ફગફુરચીનનો ચેહેરો નેક રવેશે જોવુ પણ અમો બેહુ પાદશાહ બરાબરીના છૈયે તેથી ફગપુરચીન મિજલસમા આવશે ત્યારે મને મિજલસમા ઉઠવુ પડશે તેથી મારો દબદબો રેહેશે નહીં, એવા અંદેશો કરી પોતાના અયવાનની પછવાડે એક બાગ હતો તેને બે દરવાજા આવવા જવાના હતા તે બાગમા જઇ પાદશાહ ફરેદુન ઉભો રહી બાગનો તમાશો જોવા લાગ્યો એવામા ફગપુરચીન તે બાગમા આવી પોહોચ્યો તેથી તે બાગમા બન્ને પાદશાહ ઉભા ઉભા એક એક સાથે મળ્યા. એવો તોર પાદશાહ ફરેદુને પોતાની દાનાઇથી કહાડયો કે બંને પાદશાહોનો બોજ રહ્યો અને કોઇને જબુન લાગું નહીં પાદશાહ ફરેદુને ફગપુરચીનને ખેર આફીઅત ખબર પુછી અને મેહેરબાનીથી તેનો હાથ પકડી ચાલ્યો બન્ને પાદશાહ શોફરા ઉપર ન્યામત ખાણુ ખાવા બેઠા અને રંગીન શરાબની જામ ઉડાવવા લાગ્યા

તારીફ કુંથી ફગપુરચીને પાદશાહ ફરરોખ ફરેદુનનાં અયવાંનની તે હકીકત.

પાદશાહ ફરેદુનને બેઠાની જગ્યા ઉપર ચાર અયવાન હતા તે કીમતી ગોહરોએ રોશનમેહેસ્ત મિસાલ શણગારેલા, જેની અંદર એક ઘર રંગારંગનુ હતુ, જેની દીવાલ ખાલેશ રૂપાની મીટીની તથા કેરબાની ઇટની હતી. તેની જમીન સંગેમરમરના પથરની હતી, તે ઘરમા સુનાના ગોરજ ત્રણસો દીવાલની મેખો સાથે લટકાવેલા તથા તે ઘરના ચારસો કંગુરા ગોહર તથા બીલોરના બનાવેલા તથા તેના પરદા પરવાલાના જડાવદાર હતા તથા બીજાનુ જરી દેબાનુ હતુ. દરવાજા સુનાના જે ઉપર ગોહરનો જડાવ હતો તે ઘરના આગળા ચમનમા એક તખ્ત લાજવરદી રંગના ગોહરનું તે ઉપર લાલા તથા જવાહેરનો જડાવ જડેલો હતો. તે તખ્તની નજદીક

એસો થાલ કશતુરી તથા અંબરે ભરેલી અને તેને અંદર એકેક ઝાડ પરવાલાંનું બણ્ણુ બુલંદ બનાવેલું જે ઝાડને બેશુમાર ગોહરના ફુલ અનાર તથા આરંજ લટકાવેલા હતા તથા લાલાના ફુલ બનાવેલા હતા! તેના પાતરાં લીલાં પાશ્રુના બનાવેલા હતા તેના ફળની અંદર દાણાની જગ્યે મોતી ભરેલા અને ફુલમા કસ્તુરી તથા કપુર ભરી ખુશબોદાર કીધલા હતા. તેની શાખો ઉપર સુનાના મોર્ગ બનાવી બેસાડેલા હતા, જે મોર્ગ ઉપર ગોહરોનો જડાવ જડેલો હતો તેની ચાચ તથા ચુગાલ અકીકની બનાવેલી હતી, પણ્ણુ તેમા એવો સાચો બનાવેલો કે પવન આવતો ત્યારે તે શાખો ઉપરના મોર્ગો પર ખખેરીને ખુરા હલકે શરોદ લલકારતા હતા પછી ઉડી એક બીજાની શાખ ઉપર બદલાઇ બેસ્તા ને તખત આસપાસ કેટલાક પખા હોમાય જાનવરના પરના બનાવીને લટકાવેલા તથા તે આસપાસ ખાલેશ ગોહોરોના જડાવ સાથે જડેલા જેમા અગર તથા અગરબતી, ઉંચો કપુર કશતુરી, અંબર તથા લોબાન વગેરે ખુશબો બળતી હતી હરેક જગે રૂપાના ખુમોમાં જુનો શરાબ ભરી મેલેલો અને બેશુમાર સુનાની જામો ગોહરના જડાવ સાથની મેલેલી હતી હરેક ખુણ્ણામા પાણીના ચશમા હતા, તેમા પાણીની જગે ખુશબોદાર ગોલાબ ભરેલો અને રેતીની જગે બેશુમાર મોતી નાખેલા હતા તેના કિનારા ઉપર સુનાના ચીતા, હરણ્ણો તથા પરંદો જાનવરો બનાવી નીરગને જોરે તલેસ્રમ કરી ફરતા કીધેલા હતા. પાદશાહ ફરેદુનનો શોખ ચોગાન દડી ખેલવાનો થતો ત્યારે પોતાના તખ્તની નજદીક ખેલતો, જે જગ્યા બાગ કરતાબી ઘણી ખુશ હવાની બનાવેલી હતી, તેમા એક હજાર સરદારો તેના હાથમા ગોહરના જડાવની દડી આપવા વાસ્તે દોડતા હતા' ને વળી પરી ચેહેરેના ખાસ ગોલામો જરી કમરબધો બાધેલા શરાબની જામો તથા નાસ્તો તૈયાર હાથમા પકડી ઉભા રહેતા. એવી પાકીજેહ જગા ઉપર પાદશાહ ફરેદુન મિજલસ સમારી ફગફુરચીન તથા તમામ અમીરો સાથે ખુશીમા બેઠા. ત્યા શાકી લોકો તનમા જરી કમરબધ સાથે હાથમા યાકુત રંગની શરાબની જામો પકડી મીજલસના બુઝર્ગોને આપી કેહેતા હતા કે "હાં નોશ કરો." શરોદ ગાનારી રામશગરોએ પરી

મિસાલ ઝુલફા ખુલ્લા રાખી ખુશ હલકે શરોદ ગાવા માડયો. કલાવત લોકોએ તબોરાના તાર ઉપર ચુગાલ નાખી અને શફરદાઈ લોકોના હાથથી દફ તથા ચગ પોકારવા લાગ્યા તે મિજલસના બેસનાર લોકો પેદરપે શરાબની જામ માગી નોશ કરતા હતા એ મિસાલ પાદશાહ ફરેદુન ફગફુરચીનને આબરૂ આપવા ખાતર એક મહિના લગી હરરોજ નવી નવી તરેહની મિજલસો સમારતો અને હરવખ્ત શરાબની જામ ઉઠાવતો ત્યારે બાગેબુલદ સર્વે કોઇને કહેતો કે "પાદશાહ ફગફુરની યાદમા એ શરાબની જામ નોશ કરો!" એ રવેશે ફગફુરને આબરૂ આપીને તેનુ દિલ ખુશી કીધુ પછી પાદશાહ ફરેદુને ફગફુરચીનને એક હદિયો ઘણો નાદર નજર કીધો જે જોઇ પાદશાહ ફગફૂરચીન પોતાના દિલ સાથે કહેવા લાગ્યો કે "અગર મારા ચીનના દરિયાવમ'ની રેતીનો શુમાર કરવા ચાહુ તો કેટલીક મુદતે કરી શકાય પણ એ બેશુમાર હદિયાનો શુમાર કોઇથી નહીં થાય" પછી પેહેલવાન નરીમાનને ઘણોક નવાજ્યો. તે નામદાર વાસ્તે એક પાદશાહી હદિયો તૈયાર કીધો. તેમા સુનાની અશરફીની ઠેલીઓ તથા દેબાના જરબફતના કપડાના તાકા તથા પોતાના ખાસ ગોલામોમાથી બ સો ગોલામ જેઓને સુનેરી સાજના ઘોડા ઉપર સવાર કરી તમામ જરીસાજ સાથે સમારેલા તથા એક સો બાડી પરી મિસાલની તથા ત્રણ સો ઉઠ શાહેબાન બીછાનાના તથા ચાલીસ દેહેડા કીમતી જરી કપડાના તથા એક સો બખ્તરો તથા કોહલાઓ. તે ઉપરાત તલવાર, ખજર તથા બીજા હથ્યારોનો તો કશો શુમાર હતોજ નહીં પછી પાચ શેહેરનુ ફરમાન કરી આપ્યુ જેમા ગોર, જેરજ, જાબુલ, કાબુલ તથા બલખ એવા પાચ શેહેર નરીમાનને બક્ષ્યા. પછી જે પેહેલવાનો નરીમાનની સાથે લડાઇમા ગયા હતા તે સર્વેને અદાજા પ્રમાણે સરોપાવ આપ્યો અને તે મિજલસમા જે ગોલામ, બાડીઓ, તખત તથા તાજ ફરશ, બીછાના, કુરશીઓ વિગેરે જરીબાગ તથા સુનાનો મોર્ગ સર્વ પાદશાહ ફગફુરચીનને બક્ષ્યો વળી એક કુરશી ઘણી પાકીજેહ જે કુરશી ઉપર એક શાકી સુનાનો બનાવી તેના હાથમાં પાદશાહી ગોહરના જડાવની જામ તથા શરાબની સુરાહી આપી બેસાડેલો

ો. પાદશાહ મિજલસમાં બેસ્તો ત્યારે તે કુરશી લાવી પાદશાહની પીઠ
ાફ મેલતા હતા પાદશાહને શરાબ પીવાનો શોખ થતો ત્યારે તે કુર-
ાની તરફ પછવાડે હાથ કરતો તેજ વખત કુરશી ઉપરનો શાકી પેલી
ામ આપતો ! તે તથા એક બખ્તર શીમોર્ગના પરનુ, એક ઘણુ કીમતી
કુતના જડાવનુ તાજ જેથી રાતને તખત તેની નજદીક ચેરાગની હાજત
કૈતીજ નહીં તેવુ, એક તખત કેરબાનુ તેની પીઠ ઉપર એક શેર સુનાનો
નાવેલો તે શેર દર કલાકે જગો ઉપરથી કુદી પોકાર મારી પાછો જગો
પર બેસતો હતો. તેના મોહોમાથી આતશની રોશની દુરથી નજર
ાવતી હતી તથા અનાર રંગના બે યાકુત તથા જે ચીનથી
દશાહ ફરેદુનની ખિદમતમા હદિયો નજર આવ્યો હતો તે તમામ
દેયો ફરેદુને ફગપુરના ચીનાઇ લશકરને બક્ષીન્દા કીધો અને પોતાના
જમાથી બેશુમાર બીજો હદિયો ઘણો નાદર તૈયાર કીધેલો હતો તે
ાપુરને નજર કીધો. પછી પાદશાહ ફરેદુને જહાપેહેલવાન કેરશાસ્પને
સ્તે ઘણોક નાદર હદિયો તૈયાર કરાવ્યો તેમા સુનાના નગારા તથા
તેરી કરનાયો જે ઉપર જોહરનો જડાવ જડેલો હતો, એલમાશના
હોડાની તલવાર તથા પોલાદના નેજા તથા પાદશાહ તેહેમુરસ્પનો ગોરજ
શ અલકાટ ભરેલા પાદશાહ જમશેદનો કમરબંધ તથા પોતાની કોબાહ
શ કોહોલા વિગેરે બીજો સામાન દશ પાદશાહી ખજાના કરતાબી જ્યાદા
ાાર કીધો અને છ મુલકનુ બક્ષેશ નામુ લખ્યુ કે એ છ મુલક મેં
ને બખશ્યા. તેમા મેહાનનો મુલક તથા માહાન, કોહેસ્તાન. ઇસફહાન,
જનીન તથા રેએ શેહેર એટલા મુલક કેરશાસ્પને બક્ષેશ દાખલ આપ્યા.
રવેશનુ ફરમાન તથા પેલો હદિયો જહાપેહેલવાન કેરશાસ્પ વાસ્તે
ાાર કરાવ્યા પછી જે સપેહસાલારો કેરશાસ્પ સાથે ચીનની લડાઈ
ાર ગયા હતા તે સર્વે કોઇને અંદાજે તેઓ વાસ્તેબી સરોપાવ
ાર કીધો.

નામુ લખ્યું પાદશાહ ફરેદુને જહાંપેહેલવાન કેરશાસ્પ ઉપર અને ફગફુરચીનને પાછો ચીન તરફ રવાના કીધો તે હકીકત

—·*·—

પછી નવીશંદાને હુકમ કીનો કે જહાંપેહેલવાનના નામાનો જવાબ ઘણાક પ્યારથી લખ કે "તારૂ નામુ જગી નરીમાન સાથે આવ્યુ તે ઘણુ શીરીન ઝબાનનુ હતુ તેના સખુનો સાભળ્યાથી નિશાનના વરશાદના કતરાએ મોતી બધાય તે મિસાલ અમારા કાનમા દરેક સખુન પાદશાહી મોતીની મિસાલ પ્યારો લાગ્યો અને નામદાર નરીમાને જે હકીકત ઝબાની કહી તેબી ઘણી નેક હતી તેના દાનાઇ ભરેલા સખુન અમારી અકલનો શણગાર થાય એવા સખુન હતા તેની ઝબાથી બાજે નસીહતના સખુન અમોએ સાભળ્યા તેથી અમારા દિલ ઉપર હરએક તરફથી બેહેસ્તના દરવાજા ખૂલ્યા અને અમારી પાદશાહીએ ઓસ્તવારી પકડી અય જહાપેહેલવાન ! જ્યા સુધી તારો હાથ ખુલ્લો છે ત્યા સુધી હમો ખાતર જમેથી જાણયે છીયે કે અમારા દુશમનના પગ બધમા રેહેવાના. તુ તો ગોયા એક બબર જાનવર છે અને તારી શમશેર ગોયા એલમાસનુ વાદળ છે અને આસમાનની હવા તારી લડાઇ વગર શિહા થતી નથી અને જમીન તારા ઘોડાના પગ વગર હાલતી નથી એ વાત તારે માટે કોઇ અજબ ગણે નહીં કારણ કે તારા કામ હમેશા મરદાનગીનાજ છે, તેથી તારા હુનરને કોઇ અજાયબ જાણતુ નથી, બલકે કહે છે કે શેર નર ગોરખરને શિતાબ શેકાર કરી મારે છે તેની અજાયબી નથી–તે મિસાલ જહાપેહેલવાન કેરશાસ્પ તમામ જહાનના પાદશાહો ઉપર સરફરાજી પામે તે અજબ નહીં ગણાય. અય સરફરાજ પેહેલવાન ! તુ બુઢાપાના વખતમા મારે વાસ્તે મેહેનત તથા રંજ ખેંચે છે તેથી હુ તારી નજદીક ઘણો શરમીંદો છુ તુ ગોયા મ્હારો જમનો હાથ છે અને તે હાથ મેહેનત કરી નવાલો તૈયાર કરી મોહોડાને ખવાડે છે ને મિસાલ તું મેહનત કરીને મને પરવરશ કરે છે અય જહાપેહેલવાન ! તે જે

હકીકત અરદનફરાજ નરીમાન સાથે કેહેવાડી તે તેણે મને તમામ જાહેર કીધી. અગરજે ફગફુરચીન પોતાની મગરૂરીથી ઉલટી રાહે ચાલ્યો અને ઘણીક સરકશી કીધી પણુ આપણી બુન્યાદથી નેકી તથા ખુબી થતી આવી છે, તેથી આપણેબી એની સાથે ખુબીજ કીધી તે કગતા પેહેલવાન નરીમાનની ઝબાનથી જે હકીકત સાભળી તેથી ખાતરજમાથી જાણ્યુ કે તારી મેહેરબાની ફગફુરચીન ઉપર ઘણી છે તારી મરજી અને ખુશી રાખવા વાસ્તે ફગફુરને બાઆબરૂ હદિયો આપી નવાજ્યો છે બીજે સામાન અને વદાયગીરી વાસ્તે કેટલુક ઇરાની લશ્કર સાથે આપી પાછો ચીનની તરફ રવાના કીધો છે કે તે પોતાની કદીમ જગા ઉપર જઇ પાદશાહી કરે એ ફગફુરચીન તારી નજદીક આવી પોહોચે તેજ વખત એને હવાલે તમામ ચીનના મુલકની પાદશાહી કરજે અને એના આગળા ગુનાહની માફી બક્ષજે, કારણુ કે એણે આપણી ફરમાબરદારી કબુલ કરી સલામી લખી આપી છે" એ રવેશે નામુ લખી પાદશાહ ફરેદુને ઇરાનને તાબેના બીજા હરેક પાદશાહો ઉપર હુકમનામા લખી ફરમાવ્યુ કે "કે જે રસ્તે ફગફુરચીન આવે તે શેહેરના પાદશાહ શિતાબ ઘાસ કાઠી વિગેરે બીજો સામાન ફગફુરને પોહોચાડે અને તમામ પાદશાહો આપણી દરઘાહમા ફગફુરની ખિદમતમા મુલાકાતને વાસ્તે આવી પોહોચે" એ રવેશે નામા લખી તમામ શેહેર શેહેર એલચી દોડાવ્યા પાદશાહ ફરેદુનનો એ હુકમ સાભળ્યો કે તમામ પાદશાહો શિતાબ ફરેદુનની દરઘાહમા આવી પોહોચ્યા, તેથી ઇરાન સરજમીનમા એટલુ તો લશ્કર જમાવ થયુ કે તેના ગુડાએજ તમામ આસમાનને ઢાકી લીધુ પાદશાહ ફરેદુનની દરઘાહથી કોશો લગી ફરતુ લશ્કર પડયુ રાત દિન હર તરફથી રામશગરો ને તંબોરાના અવાજ નિકળતા હતા પછી પાદશાહ ફરેદુનની ઇચ્છા થયાથી કુચ કરી પાદશાહ ફરેદુન તમામ લશ્કર સાથે એ મજલ ફગફુરને વિદાય કરવા સાથે ગયા. પછી કેટલાક અમીરો સાથે આપીને ફગફુરને ચીનની તરફ રવાના કરી પોતે પાછો ઇરાન તરફ આવ્યો. પાદશાહ ફગફુર ખુશી સાથે આગળ ચાલ્યો અને પાદશાહ ફરેદુનના હુકમથી હરેક શેહેરના પાદશાહો ફગફુરની એવી તો ખિદમત કરવા લાગ્યા કે તેથી

મજાહ ફગપુરે પોતાની પાદશાહીમા પણ હરગેજ કીધી હતી નહીં. એવી મજાહ રાહ દરમ્યાન કરતો જતો હતો અને દિલમા પાદશાહ ફરેદુનની બુનિયાદ ઉપર આફ્રીન કરતો કે એવી નેક ખસલતનો પાદશાહ કોઇ બીજો થશે નહીં એ ખબર ચીનમા થઇ કે પાદશાહ ફગપુરને ફરોખ ફરેદુને ઘણીક આબરૂ આપી પાછો તેને ચીનનો મુલક બક્ષ્યો તેથી ફગપુર ઘણી ખુશી સાથે પાછો ફરયો છે, તેજ વખત ચીનમા તમામ શેહેરે શેહેર ખુશાલી મચી અને ઘેરેઘેરથી રામશનીના તથા ગમશગરોના સરોદ ઉઠવા લાગ્યા.

જઇ પોહોંચ્યો પાદશાહ ફગપુરચીન શ્રીચીન સરજમીનમાં ઘરાની લશકર સાથે અને ઘણી ખુશીથી પોતાનાં પાદશાહી તખ્ત ઉપર બેઠો તે હકીકત.

ફગફુરચીન પોતાના શેહેરમા દાખલ થયો ત્યારે તેને ચાલવાની જગ્યો ઉપર ચીની દેહેબાના બીછાના બીછાવ્યા તેથી તમામ ચીનની જમીન રંગ ભરેલી થઈ હતી અને શેહેરના અદના તથા આલા સર્વે ફગપુરના સર ઉપર વધાવો કરતા તેથી ગોયા આસમાન ઉપરથી જમીન ઉપર સિતારા ખરે તે મિસાલ ગોહર તથા મોતી વરસતા હતા બેશુમાર ગોલાબ સર્વે ઉપર છણુકાતા તેથી ગોયા તે જગા ગોલાબનો વરશાદ વરસતો હતો પેલી તરફ જહાપેહેલવાન કેરશાસ્પને ખબર થઇ કે ફગપુર બાઆબરૂથી આવે છે તેજ વખત કેટલાક ચીનના બુઝગ આદમી સાથે બે મજલ તેને એસ્તેકબાલ જઇ શેહેરમા દાખલ કીધો. જ્યારે પાદશાહી દરબાહમાં આવી પોહોચ્યો ત્યારે જહાપેહેલવાને ફગફુરચીનનો હાથ પકડી પાદશાહી તખ્ત ઉપર બેસાડયો અને તેના સર ઉપર પાદશાહી તાજ મેળી પેહલા પોતે અદબથી પાદશાહ ફગફુરને સેજદો કીધો. તે જોઇ

તમામ ઇરાની તથા ચીની લશ્કરના સરદારોએ બી ફગફુરના પાઉને બોસા દીધા, તેથી બેશુમાર ખુશીનો એક મોટો પોકાર પાદશાહની દરબારમા ઉઠયો. એ રવેશે ફગફુર પાછો પાદશાહી તખ્ત પર બેઠો તેની ખુશીમા હતો એવામા ફગફુરના કબીલાનો વડો ખોજો પાદશાહ ફગફુરની નજદીક આવીને ફેરશાસ્પની ઘણીએક તારીફ કરવા લાગ્યો એવામા પાદશાહ ફગફુરની ઓરતે પરદામા આવી બાગેબુલંદ અવાજ મારીને કહ્યુ કે "એ ફગફુર પાદશાહ ! તને જહાપેહેલવાન ફેરશાસ્પે ઇરાન જમીન મોકલ્યો ત્યાર પછી એણે એક બુઢા મરદ આદમીને મારી નજદીક મોકલી કેહેવાડયુ 'કે તમો કશી વાતે દિલગીર થશો નહીં મેં તમારા પાદશાહને નરીમાનને સોપી ઇરાન જમીન પાદશાહ ફરેદુનનો મેહેમાન કરી મોકલ્યો છે, તેથી ફરરોખ ફરેદુન તમારા પાદશાહને ઘણીક આબરૂ આપી પાછો રવાના કરશે તમો પોતાના દિલમા હરગેજ કાઇ જબુન લાવશો ના. જે કાંઇ મારાથી તમારી ખિદમત થશે તે હુ એ જમા કરીશ.' એ રવેશ અમોને દિલાસો દેવાડી એ નેકબખ્ત પેહેલવાને તારા કરતા અમો ઉપર ઘણો પ્યાર રાખ્યો હતો એક દિન પણ પોતે અમારા અયવાનમાં આવ્યો નહી અને હરરોજ દાહડામા બે ત્રણ વખત પોતે પોતાની જાતે અમારા અયવાનની નજદીક આવી બહાર ઉભો રહી વડા ખોજા પાસે અમારી ખેર આફિયત પુછાવતો હતો અને અમોને જે જોઇતુ તે હરવખ્ત પોતાના ખાસ ખજાનામાથી એકની જગોએ ચાર ઘણુ મોકલી દેતો, વળી તે સાથે મીન્નત તથા આજજીના સખુન કહેવાડતો તે તમામ અમોએ દફતરમા લખાવી રાખ્યુ છે" એ રવેશે ફગફુરના કબીલાની તમામ ઓરતો પરદામા આવી જહાપેહેલવાન ફેરશાસ્પની ખુબી કેહેવા લાગી, તે વધાઇ સાભળ્યાથી પાદશાહ ઘણો ખુશી થયો અને કેહેવા લાગ્યો કે "એવા કામ એ નેકબખ્ત લોકોથીજ થાય છે અને એજ લોકોથી એવી ખુબી પણ બને છે તે અજબ નહીં ગણવી જેવી બુનીયાદ હોય તેનાથી તેવા કામ થાય. ઝાડના જેવા બીજ હોય તેવાજ તેનાં ફળ લાગે, વાસ્તે એ નેકબખ્ત લોકોથી ખુબી શિવાય કાઇ બીજુ બનતુ નથી." એ રવેશે ફેરશાસ્પની ખુબીની તારીફ કીધી.

બીજે દિન પાદશાહ ફગપુર પોતાના તખત ઉપર આવી બેઠો ત્યારે જહાપેહેલવાન કેરશારપે પાદશાહ ફગપુર ઉપર વધાવો કીધો અને ચીનની તરફ લડાઈ વાસ્તે આવ્યો હતો ત્યારે રાહામાથી નાદર ચીજો ખજાનો તથા અસબાબ લાવ્યો હતો તે તમામ ફગપુરને બક્ષી દીધો તે તમામ હાદયો લઇ ફગફુરે પોતાની તરફથી તેટલો બમણો બીજો સામાન વધારી જહાપેહેલવાનની નજદીક નજર ધરયો પછી પોતાના ગજનો દરવાજો ખોલી ફગપુરે તમામ ઇરાની લશ્કરને એટલો તો સરપાવ તથા ઇનામ આપ્યુ કે તમામ લશ્કર તવગર થઈ ગયુ તે હદિયો તથા ફગપુરનુ સલુક જોઇ જહાપેહેલવાને એક નામુ ફગપુરની તારીફનુ પાદશાહ ફરેદુન ઉપર લખ્યુ પછી એક હફતા લગી ચીનમા મિજલસ સમારી અને શરાબ નોશ કરી રામશગરોના શરોદ સાભળવા લાગ્યો હફતો તમામ થયો ત્યારે ફગપુરચીન પોતાના લશ્કર સાથે ચીનના બુઝર્ગોને લઇ જહાપેહેલવાનને વિદાય કરાવા મજલ લગી સાથે ગયો અને રાહમા જે જગા શિકાર મારતો ત્યાજ મિજલસ શમારતો જ્યારે રાહમાથી જહાપેહેલવાને ફગપુરને ઘણી ઓહોસ કરી વિદાય કીધો ત્યારેજ ફગપુર પાછો ફરયો

પેલી તરફ જ્યારે પાદશાહ ફગફુરચીન પાદશાહ ફરેદુન નજદીકથી વિદાય થયો અને પોતાની રાજધાણીમા આવી પહોચ્યાને ત્રણ હફતા ગુજરયા ત્યારે એક દિન પેહેલવાન નરીમાન રાતને વખત પાદશાહ ફરેદુનની નજદીક જઇ ઉભો અને હાથ બક્ષ કરી પોતે સફર જવાની રજા માગવા લાગો તે નામદારે કહ્યુ કે 'અય પાદશાહ ! હુ પાદશાહ ફગપુરને તારી ખિદમતમા લાવવા તૈયાર થયો ત્યારે મારા કાકા જહાપેહેલવાન કેરશારપે મને નસીહત કીધી કે જ્યારે તુ આપણા વતનમા સલામત જઇ પોહોચે ત્યારે એક ઓરત પાકજાદ બુનીયાદની હોય તેને તું પોતાનુ જોડુ કરજે કે જેથી જેહાનમા તાહરી બુન્યાદનુ તોખમ થાય અને તે ફરઝદથી આપણા બુઝર્ગોના નામની મશહુરી ક્યામત લગી રેહે, તેની તલવારે દુનિયા સીધી રાહે બરાબર ચાલે અને તે ઝાડ તારા તોખમથી સર ઉઠાવે તેની શાખ આસમાન સાથે પોહોચે તમામ પેહે-

લવાનો તેના જોરદસ્ત થાય અને હફતેકિશ્વર જમીનના પાદશાહો તેની પનાહ માગે. વાસ્તે અય પાદશાહ! શુ આદમીજાત કે શું જાનવરોને પોતાના જોડા વગર ચાલતુ નથી એક વગર જોડાનો પોતે હક્તાલા છે અને તેણે તમામ પેદાયશને યાર તથા જોડા પેદા કીધા છે અવ્વલતો તુ જો કે હકતાલાએ દુનિયા પેદા કીધી ત્યારે બે તરફથી તમામ પેદાયશ થઇ છે તથા આદમીઓના સખુનમા બે આદમીઓની ઝબાનથી સાભળ્યે તે વાત દરૂસ્ત પડે છે તથા કલમના સર બે થાય છે યાને કલમને કત ચીરયે છે ત્યારેજ તેના દસ્તખત ઘણા સાફ અને ખુશ ખત આવે છે તથા હરએક મોર્ગ હવા ઉપર ઉચુ ઉડે છે તેનેબી બે પાખ છે તેથી તે ઉડી શકે છે મોતી ઘણુબી બેમુલુ અને જોબદાર હોય પણ તેનો જોડો પેદા થાય ત્યારેજ તેની કીમત એક સો ઘણી વધે છે–તે કરતા હકતાલાએબી બે જેહાંન પેદા કીધી તેમા એક મીનો છે ને બીજી ફરતી તે સર્વ જાહેર થયુ અય પાદશાહ! મારા કાકાએ મને ઓરત કરવાની ઘણી તાકીદ કીધી છે વાસ્તે બલખબામીમા એક પાદશાહ છે તે પાદશાહ અમારા ખાનદાનનો કેહેવાય છે તેની એક બેટી છે તે બેટી શિવાય મને બીજી જગોની ઓરત પસંદ આવતી નથી તેથી તુ પાદશાહ તે ઉપર નામુ લખી મારો જીવ ખુશી કરે તો મારી પીઠથી હકતાલા એક નવો બદો તારી ખેદમતમા પેદા કરે, તે બંદો તુ પાદશાહની રેકાબ પકડીને ચાલે." એ મીસાલના સખુન પાદશાહ ફરેદુને સાભળ્યા તેથી નરીમાનની દાનાઇ ઘણી પસંદ કીધી તેણે તેજ વખત નામુ લખીને એક સવાર મોકલી તે પાદશાહને પોતાની નજદીક બોલાવ્યો તે પાદશાહે ફરેદુનનો હુકમ સાભળ્યો તેથી સિતાબ પોતાના લશ્કર સાથે આવી પાદશહની ખીદમતમા હાજર થયો. તેને પાદશાહ ફરેદુને ઘણી બુઝર્ગી આપી બેસાડયો અને વાતો કરતા તેની બેટીની જીકર કીધી અને તેને પેહેલવાન નરીમાનની સાથે નેકા કરવાને વાસ્તે કહ્યુ તેથી તે પાદશાહે જહાનના પાદશાહ ફરેદુનનો સખુન કબુલ કીધો અને કહ્યુ કે "અય પાદશાહ! મારૂ બુલંદ તાલે છે કે હુ એવા નામદાર દામદ પામુ!" એ સખુન સાભળી પાદશાહ ફરેદુન ઘણો ખુશી થયો અને પોતાના ગજમાથી તે પાદશાહને ઘણોક હદિયો

આપ્યો અને બલખબામીની પાદશાહી તેને બક્ષી કહ્યું જે "આજ પછી એ પાદશાહી તારે હવાલે કીધી અને એનો ખજાનો તુ પોતા પાસે રાખજે!" એ રવેશે નવાજી ઘણીક આબરૂ સાથે પાછો બલખ તરફ વિદાય કીધો અને કહ્યુ કે "શિતાબ જઇ પોતાની બેટીની શાદીનો સામાન તૈયાર કર!" પછી નરીમાનને ઘણોક ભારી હદિયો આપી પાદશાહે શીસ્તાન તરફ રવાના કીધો તેને કહ્યુ કે "તુ પોતાની ઓરત સાથે દિલની મુરાદ મુવાફેક એશઅશરત કરતો રેહેજે પણ હમણા કાબુલ શેહેરમા જે પાદશાહ છે તે નાપાક જોહાકના ખેશમાનો છે તેથી તે નાપાક દિલમા આપણી સાથે દુશમની ઘણી રાખે છે અને વખત બેવખત શરાબની મસ્તીમા પોતાની મિજલસમા બાંગેબુલંદ બોલી જાય છે કે 'કોઇ વખત ફુરસદ પામુ તો પાદશાહ જોહાકના કીનામા આથવીયનના બેટા ફરેદુનનું સર તનથી દુર કરૂ!' એવો નાપાક કીના ભરેલો છે તે નાપાક દુશ્મનથી હુસ્યાર રેહેજે અને પોતાના મુલકને નેગાહ રાખજે!"

નામદાર નરીમાન સીસ્તાનમાં ગયો અને તેણે ખુશ ચેહેરેની ઓરત સાથે શાદી કીધી તે હકીકત.

પેહેલવાન નરીમાન બલખબામીના પાદશાહનો દામાદ થયો. તે ત્યારે પાદશાહ ફરેદુનની નજદીકથી શિતાબ પવન મિસાલ ખુશી થતો સીસ્તાન તરફ ગયો અને શિતાબ ઓરતને લાવવા માટે કેટલાક દાનાવો હતા તે લોકોની સાથે કેટલીક નાદર ચીજો આપી બલખની તરફ મોકલ્યા. તે ખબર બલખના પાદશાહને થઇ કે કેટલાક દાના અમીરો સીસ્તાનથી આવી પોહોચ્યા છે તે લોકોને જોઈ બલખના પાદશાહે ઘણોક ગંજ ખજાનો પોતાની બેટીની સાથે આપવા કહાડયો. તેમા ફરશ તમામ જરીના તથા બીજા આલાતો તમામ રૂપા, ગોહર, મોતી તથા સુનાની

અમ્બરથી તથા ખુશબોદાર કસ્તુરી અને તે ઉપરાત બીજા એકસો વીસ હાથી સુનાની અબાદી સાથે તથા બસો બાડી ઘણી ખુબસુરત તમામ જર જેવર સાથે શણગારેલી તથા ચારસો ગોલામ પરીને ચેહેરાના તથા ચાલીસ નોકરો જરી કોલાહના રાખનારા બતી તથા કદીલના રોશન કરનારા અને એ વગેરે એક ગજ પોતાની બેટી "જાસા" ને આપીને વિદાય કીધી. એ ખબર સીસ્તાનમા નામદાર નરીમાનને થઇ તેથી નરીમાન પોતાના તમામ રેસાલા સાથે જાસાનો એસ્તેકબાલ ગયો. તેથી ગોયા તમામ જહાન અયશ તથા ખુશી ભરેલી થઈ સીસ્તાનની તમામ ગલી તથા અયવાનો ઉપર આયના બાધ્યા, હર તરફ અગર, કપુર અને કશ્તુરી બેશુમાર બળવા લાગી તથા શેહેર બાહેર નરીમાન લશ્કર સાથે નિકળ્યો તેના ઝુડાના રંગે તમામ જગલ મોરના પર મિસાલ રગીન નજર આવવા લાગ્યુ તથા ચગના અવાજ નિકળવા લાગ્યા દેલાવર લોકો તમામ રાહમા શાદીના નકારા વજાડતા તથા સુનેરી ગુલાબદાનીમા હરતરેહના પાણી કસ્તુરી ભર્યા ભરી સર્વ કોઇ એક બીજા ઉપર છાટતા હતા. એ રવેશ સર્વ કોઇ ખુશી કરતા સીસ્તાનમા આવી પોહોચ્યા પેહેલવાન નરીમાન પોતાના અયવાનમા પોતાની મેહબુબ સાથે જરી તખ્ત ઉપર આશાયશ પકડી ખુશીથી બેઠા અને નરીમાનના સર ઉપર તમામ ગોહરના જડાવનુ તાજ ખુશબો ભરેલુ હતુ એ મિસાલે તે ઓરત તથા મરદ ખુશીથી અયશમા બેઠા હતા અને તેઓએ પોતાના દિલનો આરામ શોકથી તમામ કીધો યાને શાદીનો ગાઠ બાધ્યો.

અકલનો કતરો ગોહરના વાદળમાથી વજુદની શીપમા પડયો તેથી પાદશાહી મોતી પેદા થયુ. તેનેથી શાહજાદીનો ચેહેરો જે અનારના ફુલની મિશાલનો હતો તેણે જરદ રગ પકડવા માડયો યાને માહારોયના પેટમા હમેલ રોજબરોજ વધતો જતો તેથી તેનુ તનબી જરદી પકડવા લાગ્યુ. એમ કરતા તેને જણવાનો વખત નજદીક પોહોચ્યો ત્યારે તે ઓરતે બીમારી પકડી. એક તો તેના પેટમા હમેલનો બોજો હતો, તેમા બીજો બીમારીનો બોજો જ્યાદા થયો. હમેલથી તે શાહાજાદી ઉપર એવી તો સખ્તી પકડી કે તેથી તેની હૈયાતીએ પાયદારી નહીં કરવા ચાહી. ત્યારે પેહેલવાન

નરીમાન તથા તેના કબીલાના લોકો તમામ જારી કરવા લાગ્યા એક હકીમ ઘણો ખબરદાર જહાપેહેલવાન કેરશાસ્પ હિંદુસ્તાન ગયો હતો ત્યારે સરનદીપથી પોતાની સાથે લાવી પોતાના શેહેરમાં રાખ્યો હતો કે શેહેરના લોકોનુ તબીબપણુ કરે, તેણે એક દવાઈ મેકતાનમા મેળવીને આપી જેથી તે માહાતાબને ચેહેરેની ઓરતને આરામ થયો અને તેથી એક મોતી ઘણુ કિમતી આશકારા થયુ ગોયા શિહા વાદળમાથી આફતાબ બાહર નિકલ્યોજ. તે ઓરત ખુબીમા એક ચરાગ મિસાલ હતી તેમાથી ગોયા એક મસાલ રોશન થઇ હોય એવુ એક ફરઝંદ પેદા થયુ તે બચુ જોવામા રૂબરૂ ગોયા જહાપેહેલવાન કેરશાસ્પ મિસાલનુ હતુ નરીમાને તે ફરઝંદને ઘણીક ખુબી ભરેલુ દીઠુ તેજ વખત એક સવાર પાદશાહ ફરેદુનની નજદીક વધાઇ વાસ્તે મોકલ્યો પણ અવ્વલ ચીતારા લોકોને બોલાવી તે બેટાની તસ્વીર કાગજ ઉપર ઉતરાવી પેહેલવાન લોકો મિસાલ તેને ઘોડા ઉપર સવાર કીધો અને હાથમા ગોરજ આપી બાજુ ઉપર કમાન લટકાવી અને હમેલમા કીનાની તલવાર ખોસી તથા ફેતરાક ઉપર કમાન લપેટી હાથમા નેજો આપ્યો. તેની પીઠ ઉપર ખોરશેદના ગેરદાની મિસાલ રોશન ઢાલ બાંધી એ રવેશની તે બેટાની સુરત ચીતારા લોકો પાસે ચીતરાવી, એક નામુ લખી તે સુરત જહાપેહેલવાન કેરશાસ્પની નજદીક મોકલી. એક બીજુ નામુ પાદશાહ ફરેદુન ઉપર લખાવી તે નામામા પેલા બેટાના હાથનો પંજો કેશર તથા કશતુરી તથા ગોલાબે કરી છાપીને તે નીશાન પાદશાહ ફરેદુન ઉપર મોકલી તે સવાર વધાઈની ઉમેદ ઉપર ગોયા પરદાર મોર્ગ ઉડે તે મિસાલ દોડતો જતો હતો તે સવારને જહાપેહેલવાન કેરશાસ્પનુ રાહમા મળવું થયુ તેજ વખત શિતાબ પેલુ નામુ આપીને વધાઇ દીધી તેના સાંભળ્યાથી ગોયા જહાપેહેલવાન કેરશાસ્પ પાછો જવાન થયો અને તે શેરને ચેહેરેના બચાની તસ્વીર જોઇ ઘણો અજબ રહ્યો તે એવો તો ખુશીમાં આવ્યો કે તેને પોતાના તનની ખબર રહી નહી પછી શિતાબ તે સવારી ઉપરથી નીચે ઉતરી પોતાનુ સર ખાકમા મેળી હકતાલાની શેતાયશ કરી કહેવા લાગ્યો કે "અય પાક દાદાર! તે એ બેટો મારા ખાનદાનમા

પેદા કીધો તો એવું કર કે હુ જીવુ છુ તેટલામા એ બેટાને લડાઇનાં મેદાનમા દલેર પેહેલવાનો મિસાલ દલેરી કરતો જોઉ ! એટલી મારી ઉમેદ તુ સાહેબ બર લાવ !" એ ગવશે હકતાલા પાસે મુરાદ માગ્યા પછી પેલા સવારને પોતાની નજદીક બોલાવી તેની ઉપર ઘણીક દુવા કીધી, પછી પોતાનો જામો, કોલાહ તથા કમરબધ તે સવારને બક્ષ્યો પછી પોતાના ખાસ ઘોડા ઉપર જરી જીન મડાવી તે ઘોડા ઉપર ઉપર સવાર કીધો, તે સાથ ઘણીક નાદર ચીજો જે પોતે ચીનથી લાવ્યો હતો તે તેને બક્ષી તેને કેટલીક ફોજનો સપેહસાલાર કીધો ત્યા જહાંપેહેલવાન પાદશાહ ફરેદુનની તરફ ચાલ્યો જેવારે પાદશાહને ખબર થઇ કે જહાપેહેલવાન કેરશાસ્પ આવી પોહોચ્યો તેજ વખત પોતાના તમામ લશ્કર તથા સપેહસાલારોને સુનાના નગારા તથા કરનાયા સાથે જહાપેહેલવાનને એસ્તેકબાલ લેવા મોકલ્યા નામદાર જહાપેહેલવાનનુ આવવુ પાદશાહ ફરેદુનની નજદીક થયુ કે શિતાબ પાદશાહ પોતાના તખ્ત ઉપરથી ઉઠી એકસો કદમ પાઉએ ચાલી જહાપેહેલવાનને એસ્તેકબાલ આવી પોતાની સિધા તીરની મીસાલની પીઠ કમાન મિસાલ વાકી કરી સલામ કીધી પછી બેહુ જણે એક સાથે બગલગીરી કીધી પાદશાહ જહાપેહેલવાનનો હાથ પકડી પોતાના તખ્ત ઉપર પોતાની સાથે લઇ બેઠો અને પછે ખેરઆફિયતની ખબર પુછી જહાપેહેલવાનને એક મહિના લગી ઇરાનમા રાખી હરરોજ રોશન બેહેસ્ત મિશાલ મિજલસ શમારી પાદશાહ ફરેદુન જહાપેહેલવાન કેરશાસ્પની મદારત કરતો હતો એક મહિનો તમામ થયો ત્યાર પછી પાદશાહે બેશુમાર હદિયો જહાપેહેલવાનને આપ્યો પછી જહાપેહેલવાન પાદશાહ પાસેથી રજા માગી પોતાના શેહેરની તરફ ચાલ્યો, જગી કેરશાસ્પ સીસ્તાન તરફ કેટલીક મજલ લગી ગયો પછી ગાવે આહગરનો બેટો કોબાદ નામનો હતો તેણે પાદશાહ ફરેદુનની દરઘાહના અમીરોની નજદીક કહ્યું કે "એ આપણો પાદશાહ ફરેદુન આગળા બુઝર્ગ પાદશાહની બુનિયાદનો નથી. મારા બાપે મરદાનગી કરી એકાએક એને ઉભો કરીને નાહક પાદશાહ જોહાકને પાદશાહીથી ઉઠાવી તેનુ તખત તાજ આપ્યુ, તેથી એ પોતાને પાદશાહ

કેહેવાડે છે. તમો સર્વ નેગાહ કરીને જોવો કે કેરશાસ્પ કરતા આપણે ઘણી રંજ ખેચી, ને મેહેનત કીધી પણ એ પાદશાહે આપણા કરતા કેરશાસ્પને ગંજ, મુલક, આબરૂ તથા બુઝર્ગી ઘણી આપી, અગર જો એ ફરેદુન બુઝર્ગ બુનિયાદનો હતે તો અવ્વલ આપણને બુઝર્ગી તથા આબરૂ આપતે!" એ વિગેરે ઘણાક સખુન નાલાયક બોલ્યો એ ખબર કોઇએ છુપી રીતે જઇને પાદશાહ ફરેદુનને કહી કે કોબાદ ફલાણા ફલાણાની નજદીક એ રવેશથી બોલ્યો તે સાભળી પાદશાહ ફરેદુન ખામોશ રહ્યો એક દિન પાદશાહની મિજલસમા કોબાદ તથા તમામ અમીરો સલામને વાસ્તે આવી પોત પોતાની જગા ઉપર બેઠા હતા ત્યારે પાદશાહ ફરેદુન બાગેબુલંદ અવાજ કાહાડી એક ભાષાણ કરવા લાગ્યો કે—'અય નામદાર અનજુમન! તમો સર્વ મારી નસીહત સાભળો કે અવ્વલ આદમીજાતને લાજમ છે કે પાક યઝદાની પનાહમા રેહે! તો તેને હકતાલા બને જેહાનમા બખ્તાવર કરે જે ખુશી પછવાડે દરદ તથા સખ્તી પોહોચે તે ખુશીને ખુશી કરી નહીં ગણ્યે જે સખુન બોલ્યા પછી પશેમાન થઈ અંદેશો ખેચ્યે તે સખુન હરગેજ બોલ્યે નહી તે કામને કામ કરી નહીં ગણ્યે કે જેના કીધા પછી ખમીઆજો ખેંચવો પડે. હરએક કામ કર્યે તેમા અવ્વલ પોતાનો અંદાજો જોઇ તથા તેની આગળ પછવાડેનો અંદેશો જોઇ કર્યે લોભ તથા અદેખાઇ હરગેજ કર્યે નહીં. અદેખાઇ ગમ વધારનાર છે અને લોભ જીવનુ લેણુ છે જે બેઅકલ આદમી હોય તેનાથી અકલની ઉમેદ રાખ્યે નહીં. નાદાન લોકોમા દાનાઇની બો હોયજ નહીં જે અજમાયશમા આવે તેમા અવ્વલ અકલ દોડાવી પછી કામ કરવુ અકલ આદમીજાતના જીવની આરસી છે પોતાનો પાદશાહ જે દીન રસમ ચલાવતો હોય તે પાદશાહથી હમેશા દિલ ખુશી રાખવુ જોઇયે. અગર તમોને તે પાદશાહ મોહબતે કરી નવાજે તો તે ઉપર નાજ કરજો! પાદશાહ ગુસ્સામા આવે ત્યારે તેનાથી ડરતા રહેજો! પોતાના પાદશાહની પછવાડે નાસીપાસીથી નાલાયક સખુન ના બોલતા! તેને તમારા બદ બોલવાની ખબર થાય ત્યારે તે બદી તમોનેજ પોહોચશે. પોતાનો પાદશાહ જે હોય તેના હકમા શુકરાના કરવા જોઇયે! પોતાના

પાદશાહની વાત હર જગાએ નેકીનીજ કર્યે ! અગર આપણો પોતાનો પાદશાહ કોઇ બીજા સપેહસાલારને બુઝર્ગી આપે તેનો મરતબો જોઇ બળાપો તથા દરદ નહીં કર્યે આપણુ દિલ વજીર મિસાલ છે, અકલ તે પાદશાહ છે, ઝબા છે તે સપેહસાલાર મીસાલ છે, સખુન છે તે લશ્કર મીસાલ છે અને કાયદો છે તે ગોયા તમામ લશ્કરનો અમીર છે, જે લશ્કરને શમારેલુ રાખે કે કોઇ શખ્સ અંદાજાથી બેઅંદાજે પગ નહીં મેલે સખુન બોલ્યા પછી તેને ખમીઆજો ખેચવો પડે તે સખુન નહીં બોલવો બેહતર છે પાદશાહીને ત્રણ ચીજ ખરાબ કરે છે અને તે ત્રણ ચીજથી પાદશાહનુ બખ્ત આધળુ થાય છે પેહેલુ પાદશાહ પોતે ઓરત લોકોના ફરમાનમા રેહે બીજુ પાદશાહને બખીલી હોય ત્રીજુ પાદશાહ થઇને ખોદાની ખલક ઉપર જુલમ ગુજારે એ ત્રણ ચીજ પાદશાહી પાયમાલ કરે જે પાદશાહ નેક હોય તેની મુરાદ હમેશા બર આવે. તેની નૈયત ઘટે તેજ વખત તેની પાદશાહીની આખરી આવે. પાદશાહ પોતાના દિલની ખાહેશ ઉપર જોક કરે તેને પાદશાહી કરવી લાયક છે તે કરતા દુનિયા દરમ્યાનમા અગર કોઇ શખ્સ ઘણોખી હુનરમદ હોય તોપણ તેમાખી હરએક એબ હોય. જે પાદશાહને અકલ, દાનાઇ તથા હોનર હોય અને બુનિયાદ હોય તે પાદશાહને તખ્ત ઉપર બેસાડવો સજાવાર છે પોતાનો ગજ ખજાનો ભરવા વાસ્તે કોઇ ઉપર સિતમ નહીં કરે અગર કોઇ વખત તેથી બદી થાય તો પરવરદેગારની નજદીક પનાહ માગે તે બુન્યાદમદ પાદશાહ સર્વે કોઇને અદાજે તેની કુરમતને નેગાહ રાખે અય અનજુમનના લોકો ! જે મીસાલની મે હકીકત તમોને કહી તે તમામ મારામા છે અને હુ દિલથી ખાલેશ છુ બીજુ એ કે હુ પાદશાહી પર આવ્યો છું ત્યારથી મારાથી બદી થઇ નથી જેણે મારે વાસ્તે રંજ ખેચ્યો તેનો બદલો મે ખાલી જવા દીધો નથી મેં એકાએક કોઇ બેગુનાહ આદમી ઉપર સિતમ કીધો નથી. આદમીને પાદશાહીનો આપનારો તો જહાનનો પેદા કરનાર પરવરદેગાર છે. આદમીજાતના જોર ને હોનર કીધાથી પાદશાહી પોહોચતી નથી પણ આદમીજાતના

બખ્તથી છે નેકી બદી એ બે ચીજ તો બખ્તથી પોહોચે છે, વાસ્તે તમો મારા સપેહસાલારોને લાજમ નથી કે મારી પછવાડે બેઅદાજે બદગોઇના સખુન બોલો!" એટલુ કહી ગુસ્સાથી નજર ફેરવીને કોબાદ તરફ મોહ કરી કહ્યુ "કોબાદ, મે તારી સાથે શી બદી કીધી કે તું બીજા સરદારો નજદીક બેસી મારી બદગોઇ કરે છે? તું શા વાસ્તે મને બદ સખુન બોલે છે? હુ જાણુ છુ કે એ અદેખાઇમા તુ પોતાનું મગજ ઘટાડશે તારી ઝુબાન તારી દુશમન થઈ લાગી છે તે જહાપેહેલવાન કેરશાસ્પની તથા ગાવેઆહગરની હકીકતના સખુન બાજે લોકોની નજદીક કુલ્લા તે તમામ હકીકત મને માલમ થઇ છે તુ અદેખો શા વાસ્તે પડે છે? તુ નથી જાણુતો કે રૂમ, ખાવર, હીંદુસ્તાન, ચીન વીગેરે બીજા જે ઘણા ભારી તથા સખત રાહ ભરેલા મુલક હતા તે તમામ જહાપેહેલવાન કેરશાસ્પે પોતાની તલવારના જોરે જેર કીધા એ જહાપહેલવાન લડાઇની સફમા નેજો મારે છે ત્યારે તેના દબદબાથી આસમાનબી અજબ રેહે છે એ જહાનના દીલાવરના ગોરજને એક જગોથી બીજી જગો લઇ જવો પડે છે ત્યારે એક ગાડાને ચાર હાથી જોડવા પડે છે, તોબી ખેચાઇ શકાતો નથી એવો તો તેનો ગોરજ ભારી છે. એની પોતાની કમદના પેચે કરી પાહડને જગોથી ઉખાડી નાખે છે એની શમશેરથી શેરના દિલ દરદભરેલા રેહે છે? તે કરતા એ જહાપેહેલવાન કેરશાસ્પની બુન્યાદ મારા બુઝર્ગ નેયાગાન પાદશાહ જમશેદ તથા હોશગથી છે તુ અમારી બરાબર પોતાના બાપ ગાવેઆહગરને કરવા ચાહે છે તે કેમ બનશે? તારો બાપ ગાવે ઇસફહાન શેહેરનો એક લોહાર છે! તારો બાપ ગાવેની બુન્યાદ પાદશાહથી નથી તે પોતાની નેકદીલીથી અમારી ખીદમતમા આવ્યો તેથી નેકનામ થયો તેના હાથમા લોહોડાની ભારી હથોડીની જગા ગોહર જડાવવાલી શરાબની જામ રેહેવા લાગી. તે લોહારપણાથી છુટી પાદશાહોના અમીરોની સફમા બેસવા લાગ્યો. તારો બાપ નો એક હલકા પેશાનો કરનાર દુકાનદાર હતો પણ એને સપેહસાલારીનો ખેતાબ અમોએ આપ્યો અને ગરમ કોયલામાથી ઉઠાડી પાદશાહી બીછાના ઉપર બેસાડયો! હવે તું જો કે એથી બીજી બુઝર્ગી તેને શું

જોઇયે છે ? એથી તે દરજજો કેટલોક વધારવો જોઇયે ? પ્રથમ ગાવેઆહગાર પોતાની દુકાનમાં બેસી ધમ્મણ ખેચી પોતાનું ગુજરાણ કરતો હતો તેને મે દસ શેહરનો હવાલો આપી પાદશાહી મનસફ કીધો હવે શુ એથી પોતાના બાપને કેટલી બુઝર્ગી આપવા ચાહે છે ? લોહાર હતો તેનો સપેહસાલાર તો થયો. જહાપેહેલવાંને જેવો રજ ખેચ્યો તેવો કોઈ બીજાએ ખેચ્યો નહી તેના બદલામા તેને ગજ પોહોચ્યો ! અગર તનેબી ગજની ખાહેશ છે તો તુબી રજ ખેચ પાદશાહ એક શખ્શનો યાર નથી પણ સર્વ કોઇના સર ઉપર સરદારી રાખે છે ને સર્વની મેહેનત જોઇ તે ઉપરથી તેનુ તોલ કરી તે રજ મુવાફેક નવાજી બોઝર્ગી આપે છે. અય કોબાદ ! અગર તને મારી ખિદમતમા રેહેવુ હોય તો એવા બેહુદા સખુન ના બોલ અને જે જગલમા તુ ભુલેઃ પડે તે જગલમા તુ ના જા ! જે ચીજથી પોતાને નુકસાન પોહોચે તે ચીજ ઉપર પ્યાર ના કર ! પોતાનો અદાજો જોઈ બીછાનુ ખેચ ! તુ પોતે નીચે ઉભો રહીને ઉપરની તરફ પથર ના માર નહી તો ને પથર ઉચેથી પાછો નીચે ગગરશે, તે તારા સર ઉપર આવી પડશે ! અગર જો તારી ઝબા તેવા સખુનો કરતા મારા બુઝર્ગો કમબેશ બોલતે તો, નેક ખાનદાનના પેહેલવાન નરીમાને એક શાહાજાદા સાથે ચીનના મુલકમા ઇનસાફની રાહે જેમ કામ કીધુ હતુ તે મીસાલ હુ તારી સાથે તેમજ ઇનસાફની રાહે કરતે મે જે કાઇ નસીહતના સખુન કહ્યા તેને અકલની આખે જોઈ સમજજે અને એનો નકશ તારા દિલમા નગીના મિસાલ જડેલો સમજે !" એ રવેશનો પાદશાહનો ગુસ્સો જોઇ કોબાદનો ચેહેરો જરદ થઇ ગયો અને ધ્રુજવા લાગ્યો તે પેહેલવાનની આખમાથી બહારનાં વાદળમાથી પાણી વરશે તે મિસાલ આસુ ગરવા લાગ્યા તે પાદશાહની દેહસ્તે કરી બેહોશ થઇ કુરશી ઉપરથી ખાકમા પડયો કેટલીક શાયત પછી પાછો હોશમા આવ્યો ત્યારે આજજી કરી જીનહાર માગવા લાગ્યો. તેને પાદશાહે એ રવેશે દીઠો ત્યારે તેનો ગુનાહ માફ કીધો. એ ખબર ગાવેઆહગરને થઈ કે બેટાએ એ રવેશ બેવકુફી કીધી તેથી એ રવેશે પાદશાહે ગુસ્સો કીધો પણ તારી મુરવ્વતને વાસ્તે તેનો ગુનાહ બક્ષ્યો.

એ ખબર સાભળ્યાથી પોતાના બેટા ઉપર તે ગુસ્સામા આવ્યો, તેણે ચાહ્યુ કે તલવારે પોતાને હાથે બેટાનુ સર કાપી નાખે એ ખબર પાદ્દશાહ ફરેદુનને થઈ કે કોબાદને મારવાનો કસદ ગાવેઆહગરે કીધો છે, તેજ વખત પાદશાહે પોતાની મિજલસમાથી દાના મરદોને મોકલીને કોબાદની તકસીર માફ કરાવી

હવે પેલી તરફ જહાપેહેલવાન કેરશાસ્પ ખુશી ખુરરમી સાથે સીસ્તાનમા સામના દીદાર જોઇ ખુશી થઈ કેહેતો હતો કે "એ બેટો જ્યારે લાયકનો થશે ત્યારે માગ કરતા પણ તલવાર તથા ગોરજનો મારનાર જબરદસ્ત થશે ' તે ખુશીમા એક વર્શ લગી જહાપેહેલવાનના હાથમાથી એકદમ શરાબની જામ દુર રહી નહી એક વર્શ તમામ થયુ ત્યારે એક સવારને કાબુલના પાદશાહ ઉપર સલામી લેવા મોકલ્યો, તેથી કાબુલના પાદશાહે પેગામ મોકલ્યો કે "અય જહાપેહેલવાન ! પાદશાહ ફરેદુનનો બેદાદી કરવાનો હુકમ નથી તુ હમણા સલામી માગે છે અને વર્શ તમામ થયા પછી પાદશાહ ફરેદુનબી મગાવે, વાસ્તે એક વર્શમા બેવાર સલામી હુ આપતો નથી" એ પેગામ સાભળી જહાપેહેલવાન કેરશાસ્પે આબરૂને વાસ્તે પાદશાહ ફરેદુન ઉપરની સલામી ખાહેશનો પેગામ મોકલાવ્યો. તેજ વખત પાદશાહે કાબુલ તથા જાબુલની સલામીનુ ફરમાન લખાવી મોકલ્યુ તે ફરમાન લઇને જહાપેહેલવાનને હદિયા તરીકે તે બે શેહેરની સલામી સામને બક્ષી, કે એ બે મુલકની સલામીનો હદિયો આવે તે તુ પોતાના કબજામા રાખજે એ રવેશ બન્ને શેહેરની સલામી શામને બખશીને પોતે આરાયશથી સીસ્તાનમા રહી બીજી જગા જવાની ખાહેશ કીધી નહી

તે ઉપરથી એ નામાનો બનાવનાર શાયર અજદી લખે છે કે 'આ જેહાન હમેશા ગુજરી જવાની, અને એ રવેશની તરેહવાર યાદગારી સર્વે કોઇથી રેહેવાની આ દુનિયા ગોયા બદસુરત દેવના જુના ઘર મિસાલ છે, તેથી એ દુનિયાનુ ઘર દુખ દરદ ફેસાદ ભરેલુ છે દાના આદમી નજદીક આ દુનિયા ગોયા બુરા બદીખાના મિસાલ છે અને નાદાન તથા બેવકુફ નજરમા આ દુનિયા બેહેસ્ત મિસાલ ખુશ લાગે છે '! આ

દુનિયા એકાએક તને ઉઠાવી લેશે વાસ્તે બેહેતર કે તે કરતા કે તે આગળ તું પોતાનો નસીબો ઉઠાવી લે."

જહાંપેહેલવાન કેરશાસ્પને તનજે શેહેરના પાદશાહ સાથે નવો મીનાકેશો થયો તે હકીકત.

પાદશાહ જોહાકના વખતમા જહાપેહેલવાન કેરશાસ્પ જોહાકની નજદીકથી તનજે શેહેર તરફ જઇ પોહોચ્યો હતો, ત્યારે રાહમા જતાં ઘણીએક નાદર ચીજો દરિયાવ તથા ખુશકીમાથી જહાપેહેલવાનના હાથમા આવી હતી તે તમામ બેશુમાર ગજ ખજાનો તનજે શેહેરના પાદશાહને હવાલે કરી કહ્યું હતુ કે "એ મારી તમામ મતા તારી પાસે અનામત મેહલું છુ તે તુ રાખજે, મારી ખાહેશ થશે ત્યારે હુ મંગાવીશ." એ રવેશ ગોફ્તેગોહ કરી એકએક સાથે લખત કીધા હતા અને પોતાનો ખજાનો તે પાદશાહને સોપીને આગળ ચાલ્યો હતો. એમ કરતા તે પાદશાહની ઉમરે વફાદારી નહીં કીધી યાને તે પાદશાહ તો ગુજરયો ત્યારે તેનો બેટો બાપની જગા ઉપર પાદશાહી ઉપર બેઠો તે બેટો બી ગુજર્યો ત્યારે તેનો બેટો પોતાના બપાવાના તખત ઉપર પાદશાહીએ બેઠો હતો. જહાપેહેલવાન કેરશાસ્પ બુઝર્ગ થયો અને તમામ મુલક મુલકની સલામી લઈ પોતાના શેહેરમા આશાયશથી બેઠો ત્યારે એક દિન અંદેશો કરવા લાગ્યો કે હવે હું તમામ લડાઇઓથી ફારેગ થયો છુ તેથી હવે તનજેના પાદશાહ પાસે મારો તમામ ખજાનો મગાવી લઉ એ અંદેશો કરી તેણે પાદશાહ ફરેદુનની રજા મગાવી એક દાનાવ મરદને તનજે શેહેરના પાદશાહ નજદીક પોતાનો ખજાનો લેવા મોકલ્યો તે દાનાવ મરદ તનજે શેહેરમા ગયો તનજેના પાદશાહે લોભથી અંદેશો કીધો કે ત્રણ પેહેડી મારા બાપ દાદાની ગુજરી ગઈ તેથી હવે એ ખજાનો આપવો નહીં.

એવો બદ અદેશો કરી કેરશાસ્પના એલચીને જવાબ દીધો કે "તારા કેરશાસ્પને જઇને કેહ કે તુ ખજાનો મગાવે છે પણ મને તો એ વાતની કશી ખબર નથી એ વાત ઉપર બસો વરશ ગુજરી ગયાં અને હુ તો ચાલીસ વરશની ઉમરનુ જવાન બચુ છુ હુ કાંઈ જાણતો નથી એવા જુઠા બાહના કરી તું મારી ઉપર શા વાસ્તે જુલમ કરવા ચાહે છે. અગર મારા ગજ ખજાના ઉપર તારી નજર થઇ છે તો નાહક જુઠું બાહનુ શા વાસ્તે કરે છે ' તને જે જોઇયે તે પોતાની ઝબાંએ માંગી લે ! તારો મરતબો ઘણો ભારી છે પણ હવે બુઢાપાના વખતમા તે બદ કામ કરવા માડયા ? તુ ફરતા આસમાનથી તો ડર ને હવે જઇફીના દાહડામા તો દયાનત સાબુત રાખ !' એ રવેશે જવાબ કહેવાડયો તે એલચીએ આવીને જહાપેહેલવાનને બ્યાનવાર કહ્યો તે સાભળ્યાથી જહા પેહેલવાન કેરશાસ્પે અદેશો કીધો કે એ પાદશાહ પોતાના બાપ દાદાના લખ્યાનેબી કબુલ કરતો નથી અને એવા ગલાતલા તથા દગાબાજીના જવાબ દે છે વાસ્તે એ ખજાનો લડાઇ કીધા વગર મારા હાથમા આવનાર નથી એવો અદેશો કરી તેજ વખત બાર હજાર સવાર તૈયાર કરાવીને તે લશ્કર સાથે તે સીસ્તાનથી બાહેર નીકળ્યો તેણે પેહેલવાન નરીમાનને ફરમાવ્યુ કે તુ એ જગા રહી હોસ્યારીથી રહી પોતાનું કામ કરજે યા કાંઈ મોટુ કામ કરે તો અવલ પાદશાહ ફરેદુનને જાહેર કરી તે નામદારનો હુકમ લઇને કરજે એટલુ કહી તે લશ્કર સાથે આગળ ચાલ્યો એ ખબર તનજેના પાદશાહને થઇ કે જહાપેહેલવાન કેરશાસ્પ લશ્કર સાથે આવી પોહોચ્યો, તેજ વખત તે પાદશાહે પોતાના ગજનો દરવાજો ખોલી બેશુમાર લશ્કર તૈયાર કીધુ કેરશાસ્પ તનજે શેહેર તરફ જઇ પોહોચ્યો ત્યારે તેના લશ્કરની ગીરદે કરી તનજેના મુલક ઉપર વાદલની મિસાલ ધુંવો બધાઇ ગયો જહાપેહેલવાન તનજે શેહેરથી બે મજલ દુર દેહેરા મારી એક ગામ તનજેનુ હતુ તેમા મુકામ કરી રહયો. તે ગામનો પટેલ ઘણો દાના તથા બુઢો હતો તે બુઢા મર્દે આકેબત દુરઅંદેશી કરી કેરશાસ્પના લશ્કરને ઘાસ કાડી વિગેરે તમામ સામાન પોહોંચાડયો અને પોતે જહાપેહેલવાનની ખિદમતમા આવી ઉભો રહીને કેહેવા

લાગ્યો કે "અય જહાપેહેલવાત્ર કેરશાસ્પ ! આસમાનની ચાલથી મારા સર ઉપર ઘણાક વરશ ગુજરયા છે અને હુ બુઢો છુ. તે તારો ખજાનો તનજેના પાદશાહને અનામત રાખવા આપ્યો છે તેની તમામ હકીકતથી હુ વાકેફ છુ' અને તેનો સાહેદ મારો એક ભાઈ મારેથી વડો છે. તે જાણે છે તે દાહડા ઉપર મારો ભાઇ બાજે કામને વાસ્તે તનજે શેહેરમાં ગયો હતો તેથી તે લખત ઉપર તેની શાહેદી છે" એવા સખુન તે બુઢા દેહકાનીની ઝબાનથી સાભળી જહાપેહેલવાન ઘણો ખુશી થયો, પછી તેણે એક નામુ તનજેના પાદશાહ ઉપર લખ્યુ.

નામુ લખ્યુ જહાંપેહેલવાન કેરશાસ્પે તનજેના પાદશાહ ઉપર તે હકીકત.

તે નામા ઉપર અવ્વલ હકતાલાનુ નામ લખ્યુ કે 'તેણે દીન અને દાદની રાહા આપણુને જાહેર કરાવી ને સાત આસમાનો ફરતા કીધાં તથા જમીનને બરપા કીધી પછી આપણુ આદમીજાતને પેદા કરીને પોતાની બદગીની ફરજ સોપી. રાસ્તી તથા ઇનસાફનો કરનાર તે સાહેબ પોતેજ છે હકતાલાની રાહથી ગુમ થયલા ઓ કમબખ્ત ! તારા દિલમા લોભના દેવે મુકામ કીધો છે તેથી તને લાલચ ઘણી છે. તે લાલચ શી તરેહની છે ? તુ નથી જાણુતો કે અગર કોઈ શખ્શ બીજા શખ્સના માલ ઉપર જુઠો દાવો કરે તે શખ્સ જેવો બે જેહાનમા હ્યાનતી કોઇ બીજો નહીં તુ કેહે છે 'તુ તો મારી ઉપર જુઠુ બોલે છે' તો તુ જેવા પાજી ઉપર જુઠુ બોલી મારી તમામ ઉમરની આબરૂ બરબાદ કરવામા મને હાસલ નહીં અને તું એ મિસાલના નાલાયક સખુન મને કહેવાડે છે તેથી માલમ પડે છે કે તુ પોતાની રોશન આખમા ખાક ભરવા ચાહે છે જેનો ચેહેરો તથા રગ

હબશીની મિસાલનો શીહા હોય તેની પેશાની ઉપર શીહા ખાલ હોય તે માલુમ પડે નહીં. અય નાતવાન દગાબાજ ! અગર જો હુ જમીન ઉપર એક પોકાર મારૂ તો જમીનમાના મુરદા રસ્તાખેજ વગર ઉઠી ઉભાં થાય ! અગર હિંદુસ્તાનમા કોઇ નાનુ બચ્ચુ પાળણામા બેઅખત્યાર રડતું હોય અને તેની નજદીક અગર કોઇ મારૂં નામ લે તો તે તરત ખામોશ રેહે ! એમ કરતા મે ધણીક મેહેનત તથા રંજ ખેચી દોલત મેળવી અને તાારા બુઝર્ગોના એતેબાર ઉપર તારા શેહેરમા અનામત મેલી, ને હાલ તુ કેહે છે કે હુ તો કાંઈ જાણતો નથી તો જે કોઇ જાણે છે તે તારીજ નજદીક છે તે કરતા તારાજ લશ્કરના કેટલાક અમીરો એ વાતના મારા ગવાહ છે તેમાના બે શખ્સને મ તારી નજદીક મોકલ્યા છે અગર આપણા દિલમા ઘણુબી સાચુ હોય પણ દાવર લોકો બે શખ્સની ગવાહી માગે તો તારી નજદીક બે સાહેદને મોકલ્યા છે, તેનાથી વાકેફ થઇ મારો ખજાનો તમામ સર્વે મોહોરબંધ મોકલી દે અગર તુ સલુકથી મારો ખજાનો મોકલી દેશે તો તુ મારેથી પાદશાહ ફરેદુનની નજદીક મરતબો જ્યાદા પામશે. યઝદી પાદશાહ ફરેદુન તારી બુઝર્ગી તથા આબરૂ વધારશે. અગર તુ મારા નામાનો જવાબ શોખીથી લખશે તો હુ તારા શેહેર તથા તાજને પગ નીચે લાવશ" એ રવેશનુ નામુ લખી પેલા બે ભાઇ-ઓને શાહેદી દેવા બોલાવી પાક યઝદાના કસમ દીધા કે 'તમો જે કાંઇ જાણતા હોય તે વાજબી કેહેજો," એટલુ કહી એક એલચીને નામુ આપી પેલા બે શાહેદી હવાલે કીધા તે ત્રણ શખ્સ તનજે શેહેર તરફ ચાલ્યા. જહાંપેહેલવાનનુ નામુ તનજેના પાદશાહે વાચ્યુ અને પેલા બે શખ્સોએ તમામ મિજલસ હજુર બાગેબુલંદ ગવાહી દીધી ત્યારે તેની મિજલસમા બીજા બુઢા લોકો બેઠેલા હતા તેઓએબી શાહેદી આપી કે "હા જહાપે-હેલવાન પાદશાહ જોહાકને વખતમા એ તરફ આવ્યો હતો ત્યારે ઘણોક ખજાનો તારા બપાવાને અનામત રાખવા આપી ગયો હતો તેના લખ્યાં લખત બે જણુ પાસે છે તે લખત ઉપર અમારી પોતાની શાહેદી શાખબી છે એ રવેશ સાક્ષી આપી પણ તે પાદશાહ કોઇ સાથે બોલ્યો નહીં. તેણે પોતાના દિલ સાથે અંદેશા કર્યા પછી જહાપેહેલવાનના એલચીને

કહ્યું કે "તારા કેરશાસ્પને કેહે કે તુ બરફના કતરાની દીવાલ બાધે છે! પણ એ દીવાલનો પાયો સાબુત નથી તેથી એ દિવાલ" ઉપર આફતાબ તપતુ થશે ત્યારે શેતાબ પીગલી જશે હુ મરદી, લશ્કર તથા ગજ ખજાનામા તારાથી કમજોર નથી તુ એટલી દમર શુ કરે છે? તુ પોતાની જવાનીમા જોરેમદ હતો તે કરતા અગર દશ ઘણો જોરાવર હાલ બુઢાપામા કામ નહીં હોય, પણ જયારે હુ હાથમા નેજો પકડું ત્યારે તુ જેવા એક સો કેરશાસ્પના સીના ચાક કરી નાખુ! હાલ તો તુ બુઢો થયો છે તે સબબથી તારા હાથ પગે સુસ્તી પકડી છે તેથી તારામા પોતાના તન ઉપરના કપડાનો બોજો ઉઠાવ્યાની તાકાત રહી નથી તો તુ લડાઇના હથિયાર શી રવેશ ફેકાવશે? તુ બુઢો થયો છે તેઃ હવે હુ તારાથી શા વાસ્તે ડરૂ?" એટલું કહી તે એલચીને તથા પેલા શાહેદોને તમાચા તથા છકડો મરાવી બેઆબરૂથી દરવાજા બાહેર કઢાવી મેલ્યા અને તેજ વખત શિતાબ લશ્કર તૈયાર કીધુ તેણે એક હજાર હાથી લોહોડાની પાખર સાથના સમાર્યાં અને લડાઇને વસ્તે શેહેરમાથી બાહેર નિકળીને બે ફરસગ દુર જઇ દેહેરા માર્યાં તેના લશ્કરમા એક પેહેલવાન ઘણો ભારી સપેહસાલાર હતો જેનુ નામ તમુજ હતુ, તેને જગી કેરશાસ્પની સામે મોકલ્યો

લડાઇ કીધી જહાંપેહેલવાન કેરશાસ્પે તમુજ સપેહ-સાલાર સાથે તે હકીકત

સપેહસાલાર તમુજ ઘણો જગી હતો, તેને તનજેના પાદશાહે એક લાખ સવાર આપીને જહાંપેહેલવાન કેરશાસ્પ સામે મોકલ્યો. તેના લશ્કરની ગીરદે તમામ જહાં શીહા થઇ. પેલો એલચી તથા પેલા શાહેદો જહાંપેહેલવાન નજદીક આવી પોહોચ્યા અને તમામ બીના બની હતી

તે જાહેર કરીને કહી જે સાભળ્યાથી કેરશાસ્પે ગુસ્સામા આવી શિતાબ લડાઈનુ નગારૂ કરાવ્યુ. તેણે લશકરને આગળ ચલાવ્યુ તે તનજેનો સપેહસાલાર લશ્કર લઇને આવતો હતો તે રૂબરૂ પોહોંચી જતા વાર તલાયા લોકો સાથે લડાઇ કીધી તે તમામ તલાયા લોહીમા ગરક થયા પછી દિલાવરોએ જહાપેહેલવાન હુકમથી તમુજના લશ્કરની તરફ લગામ ફેરવી તેથી લડાઇએ જમીન ઉપર લોહીનો દરિયાવ જારી થયો એ રવેશની સખત લડાઇ કરતા રાતનો વખત નજદીક પોહોચ્યો તેટલામા જાબુલી લશ્કર તનજેના લશકર ઉપર ગાલેબ આવ્યુ તેથી તેની બઈબુનગાહા લુટી લીધી અને તમુજનુ લશકર નાહાસવા લાગ્યુ જાબુલી લશકરે આવીને મુકામ કીધો. રાતે પોતાના શીહા લેબાશે જહાનને પડદા કીધો. રાતની પુરી શીહાઇ વીખરાઇ, તે વખત તમુજ સપેહસાલારે પોતાના લશકરને હુકમ કીધો કે હવે લડાઈનું મકાન જાબુલી લોકોથી ખાલી થયુ અને સર્વ કોઇએ જઇ ગાહ તથા લડાઇની થાકથી આશાયશ કીધી છે વાસ્તે આપણે કેરશાસ્પના લશ્કર ઉપર શબેખુન કર્યે. એ હુકમ સાભળીને તનજેના લશ્કરના લોકોએ ઉચે નીચે કમીનગાહ પકડી ને શબેખુન મારવાની તૈયારી કીધી

પેલી તરફ જાબુલી લશ્કર મેદાનમાથી પાછુ ફરીને મુકામ ઉપર ગયુ ત્યારે જહાપેહેલવાને પોતાના લશ્કરમા ખબરદારી રખાવી કે તમુજનુ લશ્કર આપણી લડાઇથી આજેજ આવેલુ છે તેથી મબાદા આપણુ ઉપર શબેખુન કરે, વાસ્તે જાબજા ચોકી પેહેરા હુસ્યારીથી રાખજો અને કોઇ શખ્સ પોતાના તન ઉપરથી હથ્યાર છોડતા ના, સારી રાત કમર બાધેલી ને હથ્યારબધ તૈયાર રેહેજો એ રવેશે કેરશાસ્પે દુરઅંદેશી કરી પોતાના લશ્કરમા હુસ્યારી રાખી હતી અરધી રાતનો વખત થયો તે વખત તનજેનુ લશ્કર છુપ્યુ ચોર મિસાલ આવી પોહોચ્યુ તે જોઇ શિતાબ જાબુલી લશ્કરના દલેરો મસ્ત શેર મિસાલ મેદાનમા કુદી પોકાર મારવા લાગ્યા ત્યા બેહુ તરફથી ધરપકડનો પોકાર ઉઠયો અને તલવારોના ચમકારા વિજળી મિસાલ થવા લાગ્યા. દલેરોના લોહી તથા રાહની ગેરદ એક થઇ ગઇ, તેના કીચડમા ઘોડાના પગ ઘસડાવા લાગ્યા, તે વખત

જહાપેહેલવાને બખ્તર પેહેરી હાથમા ભારી ગોરજ પકડયો. નવજવાન પેહેલવન મિસાલ તે જગમા ફરવા લાગ્યો તે વખત કેરશાસ્પની ઉમર સાત સો વરશની થઇ હતી તે જગી એ ફરતા આસમાનની ચાલથી ઘણો જઇફ થયલા હતો. તેવો બુઢો કેરશાસ્પ એક પોકાર મહારના વાદલ મિસાલનો મારી કેહેવા લાગ્યો કે "અય દુશ્મનો! તમો મારી ઉપર તાણા મારો છો કે હવે તો તુ બુઢો થયો તો હવડા જોવો કે તમારી નજદીક જવાન શેર મિસાલનુ કામ કરી દેખાડુ છુ તે કરતા તમો જાણતા નથી કે જુનું બબર જાનવર થાય છે તેના બાલ ગોયા નેજા તથા ખજર કરતા ઘણુ કામ કરે છે અજદા જુનો થાય તેનુ તમામ તન ઝેર ભરેલુ હોય જુનો શરાબ શી રવેશનો ઉમદા ફાયદો રાખે છે!" એટલુ કહી ગોરજ ઉઠાવી ડાબી તથા જમણી તરફ લડાઇ કરવા લાગ્યો જેથી જમીન ઉપર લોહીની મોજ મારવા લાગી તમામ જગલ કમદોના પેચે કરી ગોયા અજદાહ ભરેલુ નજર આવતુ તથા રાત વખતે આકાશના આફતાબે કરી વાદલ રગીન થાય તે મિસાલ હર એક જગલના પાહાડો લોહીના આકારે કરી રગીન થયા હતા એવી સખત લડાઇમા જહાપેહેલવાન કેરશાસ્પ હાથમા ગોરજ તથા નેજો પકડી હર તરફ પાઉંપ્યાદો દોડતો હતો અને એક એક હુમલામા સીત્તેર કદમ આગળ ફ્લાગ મારતો અને દુશ્મન લોકોના સર ઉપર ગોરજ કુટતો તથા કોઇ વાર નેજાએ મસ્ત હાથીની સુઢને તેનાજ સીના સાથે સીવી લેતો હતો ઘણે વખત ગોરજે હાથીના મગજ સુરમા મિસાલના કરી નાખતો હતો એમ કરતા ઘણાક સવારો તથા પ્યાદાને ખાકમા નાખ્યા આ જગમેદાનમા ગુજરેલા આદમી, ઘોડા તથા હાથીઓની લોઠના ટેકડા થયા પણ ત્રીજે દિન રાતનો વખત થયો ત્યા લગી કોઇ આસુદે થયુ નહી અને બાશાયશથી જગા ઉપર ઉભો નહી. બીજી રાતે પોતાના શીહા ઘોડા ઉપર શીહા પાખડ નાખી ત્યારે બેહુ તરફના લસ્કર પાછા ફરયા જહાપેહેલવાનની નજદીક સર્વ કેહેવા લાગ્યા "અય પેહેલવાન! કાલ રોજે અગર તમુજ સપેહશાલાર તારી નજદીક આવે તો તેજ વખત તુ તે ઉપર ધ્યાન લેજે. એવુ નહી થાય કે તે પોતાનો જાન સલામત લઇને પાછો

જાય, તેની નીશાન અમો તને બતાવ્યે છીયે. તેનો ઝું'ડો શીહા અબરપે-કર છે તથા તેના સર ઉપર પોલાદના લોહોડાની ટોપ સુનામાં મઢેલી અને તે ઉપર જોહરનો જડાવ છે. તેના તનમા બબર જાનવરના ચામડાંનું જરદ રંગનુ બખ્તર છે તેનો ઘોડો ગુલદાર અબલખ છે તથા તે ઉપર લાલ પાખડ છે અમોએ એવો પેહેલવાન તનજેના શેહેરમા એકુ મરદને દીઠો નથી.' જહાપેહેલવાન કેહેવા લાગો કે "આજ રોજે મે તેને લડાઇનાં મેદાનમા ઘણોઍ ્રી જોયો અને તેની નીશાન ઘણીમી ઢુંડી પણુ તે મને નજરે પડયો નહી કાલ રોજે આફતાબ પોતાની રોશન તલવાર મ્યાન-માથી કહાડે ત્યારે તમો મને તે પેહેલવાન દેખાડજો કે તેજ વખત હુ' તેને પકડીને એક પળ જીવતો રેહેવા દેઉ નહી" પેલી તરફ તમુજ સપેહસાલાર પોતાના લશ્કરના લોકો સાથે જહાપેહેલવાન કેરશારપના બાબમા વાત કરતો હતો તેને તમામ લશ્કરના લોકો કેહેવા લાગ્યાં કે "એ તમુજ સપેહસાલાર ! કોણુ કેહે છે કે કેરશારપ બુઢો અને સુસ્ત થયો છે ' એ વખતમા કોઇથી તેની મિસાલ લડાઇમા જવામર્દી થાય નહી આજની લડાઇમા અમોએ તેને કુદતો જોયો તો જાણે એક જવાન ચીત્તો તનમા બખતર પેહેરી કુદતો હોય તેવો હતો તેની દોડાદોડ જોવામા વાદલના કરતાબી જ્યાદા હતી તે એક જખમે એક હાથીને ખાકમા નાખતો અને એક હુમલામા એક સો તનને જીવથી મારતો હતો. તે ઘોડાઓની દુમ પકડીને સર ઉપર ગોફણુ મિસાલ ફેરવી એક સવાર સાથે બીજા સવાર સાથે મારતો તેથી તે ચાર જણુના જીવ જતા હતા ! તેમા બે ઘોડા તથા બે પેહેલવાન જીવથી મરતા. એ રવેશની લડાઇ આજ લગી હમોએ દીઠી નથી" એ તમામ વાત સાંભળી તમુજ પેહેલવાન કેહેવા લાગો કે "હવે તો કાલ રોજે બામદાદને વખત આફતાબ પોતાનો ચેહેરો જહાનને દેખાડે ત્યારે હુ લડાઈનુ બખ્તર પેહેરી મેદાનમા જાઉં અને કેરશારપના તનને ખાકમા નાખી તેના સરને નેજા ઉપર ચહડાવી આપણુા પાદશાહની નજદીક લઈ જાઉ"

લડાઇ કીધી જહાંપેહેલવાન કેરશાસ્પે તનજેનાં સપેહ-સાલાર તમુજ સાથે અને માર્યો ગયો તમુજ જહાં-પેહેલવાન કેરશાસ્પના હાથ ઉપર તે હેકાયત

બામદાદના વખતે આફતાબ બાહેર નિકળ્યો તે વખત હરેક તરફથી લશ્કરના સવારો મેદાનમા દોડવા લાગ્યા કરનાએ તથા ધાટના અવાજ નિકળ્યા જેથી લશ્કરના સવારોએ તૈયાર થઇ ને મેદાનમા આવી લડાઈ શરૂ કીધી નેજા તથા તલવારના ચળકાટે ગોયા મેદાનમા માહતાબ નિકળ્યો હોય તે મિસાલ રોશની થઈ હતી પેહેલવાનોના હાથની ચુગાલ લોહીમા ગરક થઈ હતી કીનો તથા મેહેર સાથે દોડતા હતા યાને તલવાર કીનાથી આદમીઓના જાન લેતી અને ઢાલ આદમીઓના તન બચાવતી હતી મસ્ત હાથીઓ પેહેલવાનોની ગરદનમા કમંદ મિસાલ સુંઢ નાખતા અને પેહેલવાન લોકો ભારી ગોરજ હાથીઓના મગજમા મારતા હતા, એક સવાર બીજા ઉપર કીનો લેતો તેની ખુશીનો પોકાર મારતો તેમ બીજો મરદ જખમ ખાઇ જમીન ઉપર પડતો તેના દરદથી પોકાર મારતો! એકનો તીર બીજાના દિલમા આવી મૂકામ કરતો અને એકની તલવાર બીજાની ગરદન ઉપર લાગતી તેથી તેનુ સર ચોગાન દડી મિસાલે જમીન ઉપર પડતુ હતુ મરદાંને મરદોના ખદંગી તીરો ઉડતા આવીને સવારોના સીના દરમ્યાન લાગતા, એ રવેશની ભારી લડાઇમા એકાએક જાબુલી લશકર ઉપર ડાબી બાજુ તરફ શેકસ્ત આવી પોહોચી. તે લશ્કરમા એક સરદાર કેરશાસ્પનો પીતરાઈ ભાઇ હતો તેને શિતાબ લશકરની મદદ કીધી અને લશકરને હીંમત આપી પોતે તનજેના લશકર ઉપર જઇ પડયો અને તનજેના લશકરનાં નવ સરદાર જુદા તથા નોબતના ખાવંદ હતા તેઓને માર્યા અને તે સર્વેના હાથીઓ ખાલી કીધા પણ આકેબત તે જાબુલી સરદારબી માર્યો ગયો તે ખબર જંગી કેરશાસ્પને થઇ તેથી

જહાંપેહેલવાન ઘણો દરહમદ થઇ શિતાબ હાથીની સવારી ઉપરથી નીચે ઉતરી હાથમા ગોરજ પકડી પગ પ્યાદો દોડવા લાગ્યો અને ડાબી તથા જમણી તરફ પોતાના બે હાથે ગોરજ મારવા લાગ્યો તેથી તેના જખમની નજદીક કોઇથી તાબેસ થઇ નહીં એવામા તનજેના લશકરની સફમાથી એક પેહેલવાન બાહેર નિકળ્યો તેણે મેદાનમા આવી પોતાનાં હાથમા એક નેજો પેચદાર સાપ મિસાલનો હતો તે નેજો જોરથી કેરશાસ્પ 'ઉપર માર્યો. તેજ વખત કેરશાસ્પે પોતાની ચુગાલ લાબી કરી તેના હાથમાથી નેજો છીણવી લીધો તેથી તે સરદાર દેહેસ્ત ખાઇ શિતાબ ઘોડાની લગામ ફેરવી પાછો નાસવા લાગ્યો તેજ વખત જહાપેહેલવાને તેની પછ વાડે તેનોજ નેજો એવો તો જોરથી ફુટબાલડી મિસાલ માર્યો કે તે પેહેલવાનને તેના ઘોડાની ગરદન સાથે સીવી મેલ્યો તેથી તે પેહેલવાન તથા ઘોડા બેહુ સાથ જમીન ઉપર પડયા એવામા તમુજ સપેહસાલાર કમીંઘાહમાથી પોતાનો ઘોડો આજરગોશસ્પ મિસાલ દોડાવતો આવ્યો. તે પોતાનો નેજો ઉઠાવી જાબુલી લશકરમા જમણી તથા ડાબી તરફ મારવા લાગ્યો પણ તેણે જહાપેહેલવાન કેરશાસ્પને પગ પ્યાદો લડાઇ કરતો દીઠો કે તે પાછો ફરી નાસે છે તેજ વખત જહાપેહેલવાન કેરશાસ્પ તેની પછવાડે દોડયો અને એક પોકાર મસ્ત હાથી મિસાલ મારી તેને કહેવા લાગ્યો કે "અય બદગુમાન તુરકી ! હવે તુ શેરની ચુગાલમાથી ક્યા જવાનો છે ?" એટલુ કહી એક ગોરજ તેના સર ઉપર એવા તો સખ્ત જોરથી માર્યો કે તે તમુજ સપેહસાલારને તેના ઘોડા સાથે ખાક બરાબર કીધો તમુજ ઉપર જેહાન તગ થઈ પછી જાબુલી લશ્કરે શિતાબ આવી પોહોચીને તનજેના લશ્કર ઉપર રાહબંધ કીધી અને સખત લડાઈ કરવા લાગ્યા તેથી તે લડાઇમા તનજેનુ પચાસ હજાર લશ્કર માર્યું ગયુ રાતનો વખત થયો તેથી તમામ લશ્કર મેદાનમાથી પાછુ ફરયુ પણ રાત એક પોહોર ગુજરી ત્યારે તનજેનુ તમામ લશ્કર દેહેરા તથા ઝુંડા વીગરે સામાન પડતો મેલી પોતાના પાદશાહ તરફ નાહાસી તમામ હકીકત કહી તે સાભળ્યાથી તનજેનો પાદશાહ પોતાના દિલમા ડરયો તેથી પોતાનુ મુકામ ત્યાથી ઉઠાવી શેહેર નજદીક જઇ દેરા મારયા. તે લશ્કરને

નવેશરની કીમત આપી કેહેવા લાગો કે "ફતેમદી જોર તથા ઘણાં લશ્કરથી નથી એનો બખતના જોરથી છે વાસ્તે કાલ રોજે એક લડાઇ દલેરીથી કરો ! અગર જે બખ્ત મદદગાર હશે તો આપણે ફતેમદી પામશુ પણ લડાઇની વખત સવ એકઠા થઇને એક હુમલો કેરશાસ્પ ઉપર જઇ પડી તેની ઉપર બેદેરગ તલવાર તથા નેજા મારીને તેની બાજુને જખમી કરો ! જેમ રાણમાથી ગોવાલીઓ બાહેર જાય ત્યારે તે ગોવાળા વગર બચાવના થાય તેમ કોશેશ કરી કેરશાસ્પને જીવથી મારો પછી તેના લશ્કરને મારવુ કશા હિશાબમા નથી" એટલુ કહી લશ્કર સાથે દરિયાવ કિનારા ઉપર મુકામ કરીને પડયો, કે મબાદા જાબુલી લોકો ગાલેબ આવે તો શિતામ સામાન સાથે કીસ્તી ઉપર સવાર થઇ આગળ નિકળી જાય—એ રવેશ તમામ રાત મશગુલીઆ કહાડી રોશન રોજ જાહેર થયો ત્યારે જાબુલી લશ્કર જોય શુ કે તનજેના લશ્કરનો એક સવાર તે જગો મળે નહી તેથી તેનો તમામ અસબાબ લુટી લઇને તનજે તરફ આગળ કુચ કીધી, અને તનજેના પાદશાહની મુકાબલે આવી લાગ્યા, તેજ વખત લડાઇની ગઢ સમારી

લડાઇ કીધી જહાંપેહેલવાન કેરશાસ્પે તનજેના પાદશાહ સાથે અને ફતેહ પામ્યો જહાંપેહેલવાન પાદશાહ ઉપર તે હકીકત

બે તરફનુ લશ્કર કીના ભરેલુ થઇને મેદાનમા આવ્યુ નગારાના આવાજ ઉઠવા લાગ્યા તથા સીપાહી લોકોએ તલવાર ખેચી તેથી એક લડાઇ રસ્તાખેજ મિસાલની થવા લાગી તેમા જહાપેહેલવાન કેરશાસ્પ મસ્ત હાથી ઉપર સવાર થઇ હાથમાં કમાન પકડી એક એક તીરે એક

એક હાથીને જમીન ઉપર નાખતો હતો ! એમ કરતા કેટલાક હથી તે ઉપરના સરદારો સાથે મારયા પછી હાથી ઉપરથી નીચે ઉતરી પાઉપ્યાદો થઇ હાથમા નેજો તથા તલવાર પકડી સવારો કમરબધ ઉપર મારતો અને એક હુમલામા એકસો સવારોને જમીનદોસ્ત કરતો હતો, જહાપેહે-વાન કોઇવાર નેજાએ સવારોને સીવી નાખતો અને કોઇવાર તલવારે કમરમાથી બે ટુકડા કરતો ગોરજ પકડીને હુમલો કરતો ત્યારે સવારોને ઘોડા સાથે ખાક બરાબર કરતો ! તેની એવી લડાઇ જોઇ આસમાનબી જાણે જીનહાર માગતુ હતુ એવામા તનજેના લસ્કરના દસ હજાર દલેરો આવી એકાએક જહાપેહેલવાનની આસપાસ ફરી વળ્યા અને તેને વચમા ઘેરી લઇ તે ઉપર હરતરફથી હુમલો કરવા લાગ્યા, તેઓની તલવારના ચકાચકનો આવાજ આસમાન ઉપર જવા લાગ્યો તે સવારો દુરથી કેરશાસ્પ ઉપર નેજા તથા છુટભાલડીઓ નાખતા હતા એવામા તનજેનો પાદશાહ એક તરફથી તુદ અજદાહ મિસાલ હાથમા નેજો પકડી પાહાડ મિસાલના ઘોડા ઉપર સવાર થયો હતો તેણે આવીને એક નેજો જહાપેહે-લવાન ઉપર માગ્યો તેને આવતો જોઇને જહાપેહેલવાને શેતાબ કુદીને તે પાદશાહના ઘોડાની દુમ પકડી પોતાની તરફ ખેચીને એકસો કદમ દુર ફેકી દીધો અને એક પોકાર એવો તો માગ્યો કે તેની દેહેસ્તે તમામ જગલ ધ્રુજવા લાગ્યુ પછે પેલા દસ હજાર સવાર કેરશાસ્પ ઉપર હુમલો કરી આવ્યા હતા તેઓ ઉપર જઈ પડયો, તેને જોઈ કેટલાએક જાબુલી પેહેલવાનોબી સિતાબ પછવાડે જઇ પોહોચ્યા એક લડાઈ એવીતો સખત કીધી કે લસ્કરના આદમીઓના હાથ ગેરેબાન સાથે વળગી ગયા આસ-માન પોતે જોરામા આવી લોહીનો વરશાદ વરશાવતુ હોય એવો મામલો દીસતો હતો, અને જમીને લાલ જામો પેહેરયો હતો એવી સખત લડાઇ જોઇ તનજેના પાદશાહે નામુરાદ થઇ લડાઇથી મોહો ફેરવ્યુ અને દરિયા-વના કિનારા ઉપર કેટલીક કીસ્તી તૈયાર રખાવેલી હતી તે ઉપર સવાર થઇને નાઠો તેના લસ્કરેબી ઉચે નીચે નાસવા માડ્યુ શીહા રાતનો વખત થયો ત્યારે તમામ લસ્કરે શેહેરમા જઇ પનાહ પકડી. કેરશાસ્પને ખબર થઇ કે તનજેનો પાદશાહ પોતાની ખાસ અસબાબની કીસ્તી

ભરી તે ઉપર મેદાન મેલી ભરાયો છે તેથી કેટલાક પેહેલવાનોને કેરશાસ્પે દોડાવ્યા. તેઓને દુરથી આવતા જોઇને તનજેના પાદશાહનુ દિલ ચાક થયુ તેથી શિતાબ કીસ્તીઓના દોરડા કાપી નખાવ્યા અને પોતે પોતાના બે અમીરો સાથે દરિયાવમા નાઠો તનજેના લશ્કરમા ખબર થઇ કે આપણો પાદશાહ કીસ્તી ઉપર સવાર થઇને નાઠો તેથી સર્વ હથીઆર નાખી જીનહાર માગવા લાગ્યા. જહાપેહેલવાનના હુકમથી જાબુલી લશ્કર તનજે શેહેર તરફ ગયુ કે ફરી લડાઈ જારી કરે, પણ તે શેહેરના દરવાજા બધ દીઠા તેથી બાજે તરફથી કોટ ખણી નાખી જાબુલી લશ્કર શેહેરમા દાખલ થયુ અને શેહેરમા કતલ ચલાવા લાગ્યા. બે હીસ્સા આદમી મારી નાખી તે શેહેરને વેરાન કરી નાખ્યુ તનજેના પાદશાહની બદબખ્તીએ જોર કીધેલુ હતુ તેથી દારયાવમા તેની કીસ્તીને તોફાન લાગુ તેથી શિતાબ કીસ્તીને કીનારે લગાડી પોતે કિનારા ઉપર ઉતર્યો હતો તેવામા કેટલાક જાબુલી સવારો શેકાર મારતા જગલમાથી તે જગો જઇ પોહોચ્યા શિતાબ તે પાદશાહને પકડી લીધો અને તેના બેહુ હાથ બાધી તેને ખોહારીથી ખેંચતા તનજે શેહેરમા જહાપેહેલવાન નજદીક લાવ્યા કેરશાસ્પે તેને જોયો ત્યારે કહ્યુ કે "અય નાપાક બદ દયાનતના! જે આદમીની બદ ખસલત હોય તે આદમી એ રવેશ ખરાબી પામે! તુ નથી જાણતો કે બુઝર્ગ લોકો ફરમાવી ગયા છે કે નેક ખસલત ફેરેસ્તા મિસાલની છે અને બદ ખસલત નાપાક બદસુરત દેવ મિસાલની છે? તુ પોતાની બદ ખસલતીએ કરી પોતાની પાદશાહી તથા ગજથી તથા ઓરત તથા ફરજદ તથા ખેશ કબીલાથી નાઉમેદ થયો," એટલું કહી હુકમ કીધો કે તેના તનઉપરથી ચીમટાએ કરી ગોશ તોડી કાપી કાહાડે અને તેની સાથે પેલા બે અમીરો છે તેના તન ઉપરથી ચામડી ઉખાડી નાખે! તેજ વખત તે પાદશાહના તન ઉપરથી શાણીએ કરી ગોસ ઉખાડી નાખ્યુ અને પેલા બે અમીરોના તન ઉપરથી પોસ કહાડી નાખી તેથી તે નાપાક બદખસલતના ત્રણે જણુ જીવથી મુવા.

તે ઉપર આ નામાનો બનાવનાર શાયર કેહે છે કે "લોભ કરના-

રનો અસબાબ એ રવેશનો છે. ઘણાક આદમીઓએ લોભ લાલચે પોતાના સર બરબાદ કીધા છે. જે આદમી લાલચ તથા લોભ કરે તે શખ્સની ઝબા કોતા હોય જેને લાલચ લોભ નહીં હોય તે શખ્સની ઝબા દરાજ હોય અગર તું ચાહે કે હુ સર્વેના મોહો ઉપર મખુન બોલુ તો અવ્વલ લાલચ લોભને દુર કર, પછી જે ચાહે તે બોલ"

તે તનજેના પાદશાહને એ રવેશ સખ્તીથી માર્યો બાદ જહાપેહેલવાન તે પાદશાહની દરગાહમા દાખલ થઇને હર તરફ ફરવા લાગ્યો એક ઘરમા શીહા પથરનુ એક ભોંયરૂ બાંધેલુ દીઠુ તેની અંદર બેશુમાર ખજાનો દીઠો. તે ભોંયરાની દીવાલ ઉપર તે તમામ ખજાનાની યાદદાસ્ત નામ બનામ વીગતવારે લખેલી હતી તે તખ્તી ઉપર સુનાના હરફે લખેલુ હતુ કે, "એ તમામ ગંજ જહાપેહેલવાન કેરશાસ્પનો આપણ પાસે અનામત મેલેલો છે" તે લખનાર પાદશાહના રાસ્ત દિલ ઉપર ઘણી આફ્રીન કીધી પછી તે શેહેરના બાજે લોકોને બોલાવીને તે તમામ હકીકત વચાવી તેથી સર્વની ખાતરજમા થઇ કે એ ખજાનો જહાપેહેલવાન કેરશાસ્પનો અનામત મેલેલો છે એવામા એક મંદુકમા ચીનાઇ કાગજ મેલેલુ હતુ તે કાગજ કહાડી જોય શુ કે તનજેના પાદશાહે પોતાના હાથ દસ્તખતે કેરશાસ્પને લખત કરી આપેલુ હતુ કે "આ ખજાનો તારો મારી પાસે અનામત છે તે તુ જે વખત મંગાવે તે વખત પોહોચતો કરૂ" તે લખત ઉપર પોતાની મોહોર કરી પોતાના તમામ અમીરો તથા શેહરના બુઝર્ગ આદમીઓની શાહેદી કરાવેલી હતી અને તે ઉપર પેલા બુઢા દેકાનીનીબી શાહેદી હતી। તે લખત જહાપહેલવાન કેરશાસ્પે શેતાબ બાજે શાહેદી આપી પાદશાહ ફરેદુન પાસે મોકલ્યુ કે તે પાદશાહની ખાતરજમા થાય। પછી તે તમામ ગંજ ખજાનો ઉંટો ઉપર ભરીને શીસ્તાન તરફ રવાના કીધો પછી તે શેહેરના લોકોને કશી વાતે મોજ-હેમ થયો નહીં જહાપેહેલવાન તે જગા કેટલાક મહીના રહી તે શેહેરને પાદશાહ ફરેદુનને નામે પાછુ આબાદ કીધુ અને તે શેહેરની પાદશાહી પેલા બુઢા સપેહસાલારને આપી ઘણી તાકીદ કીધી "કે એ ખોદાની ખલકતને પોતાની પાસે અમાનત જાણજે" એ રવેશ તાકીદ કરી પોતે

ત્યાંથી કુચ કીધી

તે ઉપર આ નામાનો બનાવનાર શાયર કેહે છે કે "તુ જોકે પેહેલવાન કેરશાસ્પને ખજાનાની કશી હાજત હતી નહીં પણ એ દુનિયાનો લોભ કોઇને મેળનો નથી જેની પાસે દુનિયામા દોલત ઘણી હોય તે દોલતજ તેની દુશમન છે કારણ કે તે શખ્સ ગતદિન તે દોલતને જાળવ્યામા સરગરદાન હોય અને એમ કરતા તે દોલત એકાએક જતી રેહે તો તે શખ્સ જીવે ત્યાલગી ગમ તથા સખ્તી ભરેલો રેહે વાસ્તે અય દાના મરદ! તુ લોભના ફાંદામા શા વાસ્તે પોતાની ગરદનને નાખે છે! જેને દુનિયામા લોભ ઘણો હોય તે શખ્સને દોલતમંદ નહીં કેહેવો પણ તેને ફકીર જાણવો! જે શખ્સના સર ઉપર રોશન બખ્તના ચળકાટથી પાદશાહી તાજ હોય તેજ શખ્સ લોભ કરે તો તેનુ સર ખાક બરાબર જાણવુ. અગર તુ પોતાની હૈયાતીમા લોભનો બંદો થાય ને તુ એમ ચાહે કે હવે હુ એથી દુર થાઉ તો તુ હરગેજ એના બંધથી છુટે નહીં લોભ ગોયા એક અરધો કુવો છે અને તેનુ તળ્યુ નથી અને મોહ ખુલ્લુ છે અને તે કુવા ઉપર એક ઘર બેશુમાર દરવાજાનુ છે તેમાનો એક દરવાજો બંધ થયો કે શૈતાન બીજો દરવાજો ખોલાય છે વાસ્તે તારાથી બને તો એ લોભનો ફાંદો તારી ગરદનમાથી કહાડી નાખ! લોભની રાહ ઘણી બુરી છે તથા આદમીજાતની ઉમરનો ખજાનો હરરોજ ખાલી થતો જાય છે પણ આદમી તો ગફલતમા રહી દુનિયાનો ખજાનો એકઠો કરવામા પોતાની ઉમરનો ખજાનો ખરચ કરે છે, વાસ્તે અય દાના મરદ! લોભથી પાછો ફર અને હકતાલાએ તને દોલત આપી તો ખાઇ પી ને જોક કર અને મીશકીન લોકોની ખબર લે! તુ નાહક પોતાના તન ઉપર રંજ ખેચી ગંજ શા વાસ્તે એકઠો કરે છે? તને તો આખર આ દુનિયાથી ગુજરવુ છે અને એ દોલત તો જમીન ઉપરના પાહાડ મિસાલ એ જગો ઉપર રહી જવાની છે તુ જેમ પોતાની માદરના પેટમાથી ખાલી હાથે આ દુનિયામા આવ્યો હતો તેજ રવેશે એ જહાનથી ખાલી હાથે પાછો જવાનો છે તો દોલત એકઠી કરવા ઉપર નાહક મેહેનત ના કર, તે કરતા તુ કેહે છે કે હુ મેહનત કરી મારા ફરજંદો વાસ્તે દોલત મેળવુ

છુ, તો તેનો કશો ગમ ના ખા !, તારા ફરજંદ માટે પેદા કરનાર સાહેબે તેની રોજી પેદા કીધેલી છે તુ પોતાની નજરે જો કે પાદશાહ ફરેદુનના બાપે કહી દોલત પોતાના બેટા ફરેદુન વાસ્તે જમા કીધી હતી ? તે ફરેદુન હફતે કેસ્વર જમીનનો પાદશાહ થયો ! જે મિસાલ તને હકતાલાએ રોજી પોહોંચાડી તે મિસાલ તારા ફરજંદનેબી પોહોચાડશે"

તનજેના મુલકની અજાયબ હકીકત.

—— ० ——

જહાપેહેલવાન કેરશાસ્પ તનજે શેહેરમાથી કુચ કરી આગળ ચાલ્યો પણ તેજ મુલકની સરહદમા ફરતો હતો કે તે તમામ મુલકનો રાહરવૈયો જોયે. એમ કરતા એક હફતા લગી કુચ કરતો આગળ ચાલ્યો તો એક શિહા પથરનો પાહાડ દીઠો તે પાહાડ ઉપર પાણીની નદી બે ફરસગ પોહોળી હતી તે નદીની બન્ને તરફ ઝાડો ઉગેલા હતા, જે ઝાડના થડ તમામ લાલ રંગના હતા તેની ડાળ આસમાની રંગની હતી તેના પાખડા તમામ વાસ મીસાલ લીલા હતા તે ઉપર આતશ તથા લોહોડુ કાંઈ કારગત થતુ નહીં એવા તે ઝાડ હતા, તે જોઇ આગળ ચાલ્યા ત્યા એક જંગલમા જઈ પોહોચ્યા તે જંગલ તમામ પોશના ફુલે ભરેલુ હતુ અને તે પોશના ફુલ એવા તો મોટા હતા કે તેમાનુ એક ફુલ તોડે તો એક ટોપલી ભરાય ! તે જગો એક મોર્ગ રંગીન અને ઘણુ જેબદાર દીઠુ, તેની સુરત કલંગ જાનવર મિસાલ હતી એક બીજુ નાનુ મોર્ગ તજર જાનવર કરતાએી નાનુ હતું તે નાનુ મોર્ગ પેલા મોટા મોર્ગ તરફ હમેશ દોડતુ તેથી તે મોટુ મોર્ગ આગળ નાહસતુ હતુ તે મોટુ મોર્ગ પછવાડે છેડ નાખતુ તે છેડ પેલુ નાનુ મોર્ગ ખાતુ હતું એ મિસાલ પેલુ નાનુ મોર્ગ પેલા મોર્ગના છેડની લાલચ વાસ્તે તેની પછવાડે ફરતું. તે જોઇને જહાપેહેલવાન અજબ રહી કેહેવા લાગ્યો કે "હકતાલાની બક્ષેશ કેવી છે કે એ જાનવરની રોજી કેવા પ્રકારથી પેદા કીધી છે" પછી એક

શખ્સ ફેરશાસ્પને કહેવા લાગ્યો કે એ જગા એક જંગલ નેત તથા સરવના ઝાડનુ છે તેમાં એક જાનવર તજરવની મિસાલનુ છે તે જાનવર દાણા ખાઇ જાણતું નથી અને આખેથી દેખતું નથી. તે તમામ રોશન રોજ પોકારે છે અને રાતને વખત ખામોશ બેસે છે, ત્યારે એક જાનવર તે કરતાંને નાનુ કેટલીક કોશેશ કરીને આધળા મોર્ગ નજદીક ખોરાક લઇ જઈ કબુતર પોતાના બચાને પોતાની ચાચે આપે તે મિસાલ પેલું નાનુ મોર્ગ પેલા આધળા મોર્ગને ખોરાક ખવાડે છે! તે મોર્ગ ખાણુ ખાધાથી તનદરોસ્ત થાય છે તેજ વખત પોકાર મારી પેલું નાનુ મોર્ગ જે તેને વાસ્તે મેહેનત કરી ખોરાક લાવી ખવાડે છે તેને શિતાબ ચુગાલ મારી પોતાની ચાચે ફાડી નાખે છે! તેથી એ મુલકના દાનાવ લોકો તે આધળા મોર્ગને બેવફા કેહે છે એ અજાયબ વાત સાભળી જહાપે- હેલવાન કેહેવા લાગ્યો કે "આ બેવફા દુનિયામા વફાદારી છેજ નહીં" એમ કરતાં આગળ ચાલ્યા અને ઇરાન જમીનના મુલકની સરહદમા જઈ પોહોચ્યા ત્યાં બુલદ પાહાડ દીઠો અને તે પાહાડ નીચે એક ગામડું રોશન બેહેસ્ત મિસાલનુ દીઠુ તે આસપાસ તમામ બાગો તથા બગીચા હતા તેમાં એક બુતખાનુ હતુ તેનુ સર બુલદીમા ઘણુ ઉચુ હતુ તેની દીવાલ સગેમરમરની તથા દરવાજો માહી દનદાનનો તથા તમામ ફરશ દેબાના કપડાના હતા તેની અગાશી રૂપાની તથા તમામ ઇમારત રગબે- રગી હતી તે બુતખાનામા એક વાઘ સુનાનો બનાવેલો હતો તે વાઘની પીઠ ઉપર એક યાકુતનું તખ્ત મેલી તે ઉપર એક પુતલી ગોહરના જડા- વની બેસાડેલી હતી તે પુતલીના હાથમા એક આરસી આપેલી તે આર- સીમા પોતાનો ચેહેરો જોતી હતી તે આરસીએ તે બુતખનામા રાતને વખત આતશ મિસાલ રોશની થતી તે બુતખાનામા ઘણાક બુતપરસ્ત લોકો બુઢા તથા જવાન હતા તે લોકો શિતાબ ઘણોક હદિયો એકઠો કરીને જહાપેહેલવાનની નજદીક લઇ ગયા જહાપેહેલવાને તે લોકોને પુછ્યુ કે "એ રવેશનુ ગામડુ આબોહવા ભરેલુ છે અને એમા એવા બેહેસ્ત મિસાલના બાગબગીચા છે અને તમો લોકો શિવાય એ જગો કોઇ બીજા આદમીની વસ્તી છેજ નહી?" તે લોકો દલેરીથી ફેરશારપને કેહેવૃ

લાગા કે "અય ફ્રેરેસ્તા ખસલતના પેહેલવાન ! એ ગામથી એક મંજલ દુર એક જંગલ છે તેમા એક દરંદુ જાનવર મસ્ત હાથી કરતા તનમાં મોટુ છે તેના મોહોમાથી ઝેરી સાપ મીસાલની ફુંક નીકળે છે તેની ચુંગાલ શેર મિસાલની છે તે સીંહ મિસાલ જોર ગખે છે તે જાનવર શેકારનો કસદ કરે છે, ત્યારે જંગલ તથા પાહાડ ઉપરથી બબર જાનવરને ખેચી લે છે તે પોતાના દમે કરી હવા ઉપરથી ગીધ જાનવરને ખેચી પાડે છે તે જાનવર હર વખત કમીંધાહ કરી અમારા ગામ તરફ આવે છે અને એ ગામમાથી જે આદમીને દેખે છે તેને શિતાબ ખાઇ જાય છે તેથી એ બેહેસ્ત મિસાલનુ ગામ વેરાન થઇ ગયુ છે. અમો શિવાય કોઇ આદમીજાત એ જગો રહીુ નથી અમો એ જગો ગ્યા છીયે તે એવી રવેશે કે અમો એ બુતખાનામાથી બાહેર નિકળતા નથી અને એ ઘરના દરવાજા બંધ કરી ને એ બુતખાનાની અગાસી ઉપરથી નેંધાહ કરીએ તે જાનવરને દુરથી આવતુ જોઇયે છે કે શિતાબ એ બુતખાનામા એક છુપ્યુ ભોયરૂ છે તેમા છુપા થઇ બેસ્યે છીયે ઓ કેરશાસ્પ ! તુ કેહેશે કે તમોને એ જગો શિવાય બીજી જગો રેહેવાની મળતી નથી કે એવી દરામણી જગોએ મકાન કરી રહ્યાછો પણ એ જગા અસલથી અમારા બાપ દાદાનુ વતન છે તેથી એ જગાને પકડી ગ્યા છિયે" એ માભળી જહા-પેહેલવાન કેરશાસ્પે તે લોકોને કહ્યુ કે "આજ રોજ યઝદાના હુકમથી તમોને તે હેરેમનના હાથથી છોડવુ" એટલું કહી તે જંગલમા જઇ લસ્કરની સફ ખેચી અને લસ્કરને હુસ્યારીથી ઉભુ ગખ્યુ તે જંગલ હેરેમનના દોજખ જેવુ દરામનુ હતુ તે જંગલમા જવાનો અંદેશો કરતાબી આદમીને દેહેસ્ત લાગતી હતી. તે જંગલ આસપાસ પાણીની એક નદી હતી તે નજદીક તે નાપાક દરંદુ બુલંદ પાહાડ મિસાલ સુતેલુ હતુ. તે દરંદાને જોઇ જહાપેહેલવાને પોતાનુ બખ્તર સમારયુ અને હાથી ઉપર પાખડ નાખી એક સંદુકમાં હથિયાર મેલી પોતે છુપાઇ રહ્યો. તે સંદુક હાથી ઉપર મેલી હાથીને આગળ ચલાવ્યો તે દરંદાની નજદીક જઇ પોહોચ્યો ત્યારે પાક યઝદાનુ નામ ઝબાન ઉપર યાદ કરી ફ્તેહ ચાહી પછી તે સંદુક ઉઘાડી ગુડણુ મરડીને બેઠો અને કમાનને ચીલ્લો

ચહડાવ્યો. એવામા તે દરદુ જાનવર ખ્વાબમાથી જાગી ઉઠયુ, તેજ વખત તેજીથી હાથી ઉપર દોડતુ આવી એક ચુગાલ હાથી ઉપર મારી તેથી હાથીની સુઢ તોડી નાખી, પછી પોતાના દાતે હાથીનું સર દડી મિસાલ તનથી દુર કરી નાખ્યુ તેથી હાથી જમીન ઉપર પડયો કે જહાપેહેલવાને જાણ્યુ કે હવે એ નાપાક મારી ઉપર ચુગાલ નાખશે તેથી શિતાબ તે સદુકમાથી બાહેર નિકળી એક નેજો તે દરનદાના સીનામા જોરથી મારયો, તે નેજો તેના સીનામા કારી લાગ્યો તેજ વખત નામદાર ફેરશાસ્પે એક ગોરજનો જખમ તેની ઉપર એવો તો સખત મારયો કે તેના જરબના ધબકારાએ તે જગલના ઝાડોના પાતરા તથા ફુલ ખરી પડયા. એ રવેશના દમબદમ ગોરજના જખમ તેના સર ઉપર મારયા તો પણુ તે નાપાક દરદુ પોતાના નખે જમીન ખોદતુ હતુ. એમ કરતા જહાપેહેલવાને પેદરપે સાહાઠ જખમ ગોરજના તેના સર ઉપર મારયા તેથી તેનુ મગજ સરમાથી બાહેર નિકલી પડયુ ! તેનુ તમામ તન લોહી ભરેલું થયુ તે બેઅખત્યાર જમીન ઉપર પડયુ. પછી ફેરશાસ્પ પોતાનુ સર ખાકમા મેલી પાક યઝદા નજદીક ઘણી આજેજીથી કેહેવા લાગ્યો કે “અય પાક દાવર ! તે મને એવા નાપાક જીઆગાર જાનવર ઉપર ગાલેબ કીધો કે એ નાપાક જાનવરમા ત્રણુ તરાહની ખોહ હતી એની ચુગાલ તથા જોર સીહ મીસાલનુ હતુ, ઝેર તથા ફુક અઝદાહ મિસાલની હતી, તથા તન હાથીની મિસાલનુ હતુ. એવા દરામણા જાનવર ઉપર તારી મદદે હુ ફ્તેહ પામ્યો” એ રવેશ બદગી કરી હોકમ કરી તે નાપાક જાનવરનુ ચામડુ, નખ તથા દાત ઉખડાવી હાથી ઉપર નાખ્યુ. ત્યાથી આગળ રાહ માપી ત્યા એક બીયાબાન ઘણું અજાયબ દીઠુ. તેમા શિતાબ ગુજર કીધી અને હરરોજ કુચ કરતા એક જગલમા જઇ પોહોચ્યા ત્યા એક કોટ ઘણો બુલદ દીઠો તેની દીવાલ તથા બોરજ શીહા પથરના હતા તે આસપાસ પાણી મિસાલ વેળો જારી હતો પણુ તેમા બોરડીના કાટા બેશુમાર હતા. તેની સીડી સખત પથરનીજ હતી તે ઉપર ચહડવાનો એકજ રસ્તો હતો તેબી ઘણો તગ હતો. તે સીડી ઉપર એક દરવાજો

લોહોડાનો હતો. તે દરવાજાની નજદીક એક મરદ ચોકીદાર લાકડાનો બનાવી ઉભો રાખેલો હતો, તેના હાથમા તીર કમાન આપેલી હતી કે અગર કોઇ શખ્સ તે કોટની પેહેલી સીડી ઉપર પગ મુકે તો તો તેજ વખત તે લાકડાનો મરદ પોકાર મારી એક તીરે તે શખ્શને જીવથી મારતો હતો! તે લોખડી તીર શિતાબ પાછો જઇ પેલા લાકડાના મરદના હાથમા પકડાતો હતો! પછી જહાપેહેલવાનના હોકમથી કેટલાક સવારો પોતાના સર ઉપર ઢાલ પકડી બખ્તર સાથે તે સીડી ઉપર ચહડવા ગયા પણ પેલા લાકડાના મરદના તીરે કરી મારયા ગયા, તેથી જહાપેહેલવાને ઉઠી હાથમા કમાન પકડી અને તે સીડીથી દુર ઉભો રહી એક ખદગી તીર પેલા લાકડાના મરદની આખમા નીશાન કરી મારયો તે તીરને જોરે પેલો લાકડાનો મરદ એક નેજાને અંદાજે ઉંચો હવા ઉપર ઉડી ગયો પછી પેલી વહેતી વેલુમા પડયો પણ તેજ વખત શિતાબ ઉઠીને જહાપેહેલવાન સાથે લડવાનો કસદ કીધો એટલામા તો જહાપેહેલવાન શિતાબ પેલી સીડી ઉપર ઉંચો ચહડી ગયો ને ગોરજે તેના દરવાજાનુ ટાળુ ભાન્યુ, તે ખોલીને જોય છે તો એક વાઘ તાબા તથા કાશાનો બનાવી તે જગો ઉપર હીલતો ઉભો રાખેલો હતો! એક મરદ દાના આદમી હતો તેણે કહ્યુ કે "આ જમાના પથરમા આતશ છે અને તેની પાસે નફ્ તેલનો ચશમો છે તેમાથી નફ્ તેલ નિકલે છે તેથી આતશ ઘણો જોશ કરે છે તેની ગરમીએ એ શેર ગરમ થઇને હીલ્યા કરે છે તથા પેલો મરદ હાથમા તીર કમાન પકડી બેઠેલો હતો તેબી એ તલેસમનાજ સમબથી હતો કોઇ દાના મરદે પોતાની જગો જબરદસ્ત તલેસમથી બાધેલી છે એ તલેસમ જ્યા લગી દુનીયા રેહેશે ત્યા લગી રેહેવાનો છે" પછી તે જગો ફરયા ત્યાની તમામ જમીન તથા દીવાલ સખત પથરની હતી તથા તે કોટને ઉચેની અગાશી ઉપર સંગેમરમરના ચાર મોટા થાભ ઉપર એક જરી તખત માડેલું હતું તે ઉપર એક બુલદ કદનો શખ્સ સુનેલો હતો તેના તન ઉપર કસ્તુરી તથા કપુર છાંટેલો હતો, પણ જે શખ્સ અજમાયશ વાસ્તે તે મુરદાંની નજદીક જતો કે અવલ તે શખ્સનાં મોહોડામાથી એક પોકાર નિકળતો, અને

પછી તે શખ્શ બેહોશ થઈ પડતો હતો. તે હાના મરદે જહાંપેહેલવાન તેમજ બીજા મર્વને કહ્યું કે "એ મુરદુ સુતેલુ છે તે અખનુખ પેગ-મ્બરની ઓલાદનો છે ને અખનુખ પેગમ્બરને ઓદરીશ કરી કેહે છે. એદ-રીશમેં બનાવેલો એ તલેસમ છે." એ સખુન સાભળી જહાપેહેલવાને પોતાનો ગોરજ ઉઠાવ્યો અને ચાહ્યું કે તે તલેસમને તોડે. એવામાં એક પોકાર આવ્યો કે "અય નેકબખ્ત કેરશાસ્પ! એથી હાથ ઉઠાવ! એની હવદ હજુર તમામ થઈ નથી!" તેથી જહાંપેહેલવાન અજબ રહી તે જગાથી પાછો બાહેર નિકળ્યો અને આગળ ચાલ્યો.

જઈ પોહોંચ્યો જહાંપેહેલવાન કેરશાસ્પ ઇરાન સરજમીનમાં પાદશાહ ફરેદુનની નજદીક તે વગેરે બીજી હેકાયત.

પછી શિતાબ મજલ કાપી ઇરાન જમીનમા પાદશાહ ફરેદુનની નજ-દીક જઈ પોહોચ્યો પાદશાહ ફરેદુનને ખબર થઇ કે જહાપેહેલવાન કેરશાસ્પ મુલકોની શયર કરતો આ તરફ આવી પોહોચ્યો છે, જે સાભળતા વાર પાદશાહે પોતાના અમીરોને બોલાવી શિતાબ લશ્કર સાથે પાદશાહ ફરેદુન ચાર ફરસગ લગી જહાપેહેલવાનને એસ્તેકબાલ ગયો ને જહાપેહેલવાનને ઘણી આબરૂ સાથે લાવી પોતાના તખ્ત ઉપર લઇને સાથે બેઠો પાદશાહે જહાપેહેલવાનને તમામ હકીકત પુછી તેના જવાબમા જે બન્યું હતુ તે કહ્યું અને પછી પેલા દરહાનું ચામડુ, નખ તથા દાત મગાવીને પાદ-શાહને દેખાડયા તે જોઇ સર્વ અજબ રેહેવા લાગ્યા અને જહાપેહેલવાન કેરશાસ્પ ઉપર આફરીન કરવા લાગ્યા કે "એ પેહેલવાન એવા બુઢાપાનાં વખતમાં એવુ જોર રાખે છે." પછી તે ચામડુ પાદશાહની દરઘાહના

દરવાજા ઉપર નાખ્યુ તે જોવા તમામ ખલક આવી અને જહાપેહેલવાનના જોર ઉપર દુવા કરવા લાગી પછી પાદશાહ ફરેદુને જહાપેહેલવાન કેરશાસ્પને પુછ્યુ કે "તારો ખજાનો તજેના પાદશાહ પાસે કાહાથી અને તેનો મોલક વેરાન કરી પાછો આબાદ કીધો તેનો સબબ શુ છે?" કેરશાસ્પે પાદશાહને જવાબ દીધો કે "પાદશાહ જોહાકના વખતમા હુ' હીંદુસ્તાનના રાજા મેહેરાજની મદદે ગયો હતો ત્યા હુ જાબજા દરિયા તથા ખુશકીમા ફરયો હતો અને ત્યા ઘણીક અજાયબી મે દીઠી અને ઘણા તલેસમ મે તોડયા ત્યાથી મારા હાથમા બેશુમાર ખજાનો આવ્યો તે ખજાનો મે તનજે શેહેરના પાદશાહને ત્યા અનામત મેલ્યો અને લખત કીધુ ને તે ઉપર ને પાદશાહના અમીરોની તથા બાજે બુઝર્ગ આદમીઓની સાહેદી કરાવી લીધી ને હાલ તેના બેટાનો બેટો પાદશાહી પર બેઠો તેને મે પેગામ કેહેવાડયો કે મારો ખજાનો મોકલે, તે મને ઘણા નાલાયક સખુનો બોલ્યો તેથી મને ઘણી અચરતી લાગી કે કોઇ પાદશાહ મને એવો સખુન બોલ્યો નથી અને એણે મને એવા નાલાયક સખુન કેહેવાડયા તેથી મે બીજી મરતબ બે મગ્દ દાના, જેઓની તે લખત ઉપર શાહેદી હતી તેઓને તેની પાસે મોકલ્યા અને ઘણીક નસીહતથી કેહેવાડયુ ત્યારે તે પાદશાહે તે મારા એલચીને તથા પેલા બન્ને બુઢ્ઢા આદમીઓને બેઅખત્યાર તમાચા તથા છકડ મગાવી બેઆબરૂ કરી દરવાજા બાહેર કાહાડી મેલ્યા તેથી મને ગુસ્સો લાગ્યો તે સબબથી મે તેનો મુલક વેરાન કીધો, પછી હુ તુથી દરયો કે પાદશાહ ફરેદુન મારી ઉપર ગુસ્સો કરશે કે તજેનો પાદશાહ મારા તાબામા હતો અને મને સલામી આપતો હતો અને તુ તેને વેરાન કરનાર કોણ? વાસ્તે તું પાદશાહથી દરીને મે પાછુ તે શેહેર આબાદ કીધુ છે, અને પેલા બે સાહેદ તથા પેલુ લખત મે તારી ખિદમતમા મોકલીને તારી ખાતરી કરી છે બાકી પાદશાહ ફરેદુન! મે તો મારા નામ વાસ્તે બે શેહેર નવાં આબાદ કીધા છે. આ જેહાન પેલી જેહાનની નજદીક પુલ મિસાલ છે તેમા આપણી ઉમર છે અને આપણુ આદમીજાત છીયે તે ખુશબો મિસાલ છીયે." ઘણાક સખુન તનજે શેહેરના બાબમા ઓજરબાહીના

કહી તે જગોથી ખજાનો લાવ્યો હતો તે તમામ પાદશાહ ફરેદુનને નજર કીધો. પણ તે ગજમાથી એક પણ ચીજ પાદશાહે રાખી નહીં અને તે ઉપર બીજો કેટલોક હદિયો જ્યાદા કરી જહાપેહેલવાન કેરશારપને નજર કીધો મહીના લગી ખુશી કરવાથી પાદશાહ તથા સપેહસાલાર કેરશારપ એક દિન ફારગ નહીં થયા.

એક મહીનો તમામ થયો ત્યારે બામદાદને વખત નરીમાનનો એલચી બે નામા લઇ પાદશાહની દરબાહમા આવ્યો તેમા એક નામુ પાદશાહ ફરેદુન ઉપર તથા બીજુ નામુ જહાપેહેલવાન કેરશારપ ઉપર હતુ. તે નામામા ઘણીક દુવા પાદશાહ ફરેદુન ઉપર લખેલી તથા ઘણીક મીન્નત જહાપેહેલવાન કેરશારપને બોલાવા વાસ્તે લખેલી હતી. કેરશારપે પોતાના ફરજદનુ મોહબત ભરેલુ નામુ વાચ્યુ ત્યારે તેના દીદામાથી પાણીના કતરા નિકળ્યા, તે જોઇ પાદશાહ ફરેદુન પોતે દાનાઇથી પામી ગયો કે જહાપેહેલવાનની મોહબત પોતાના ફરજદ ઉપર દોડે છે તેથી બીજે દિને જહાપેહેલવાન કેરશારપને વીદાય કરવાનો સામાન તૈયાર કરાવ્યો અને ઘણોક નાદર હદિયો કેરશારપને નજર કીધો, પછી ઘણીક ખુશી સાથે શ્રી સીસ્તાન તરફ રાજી ખુશીથી વીદાય કીધો

પેહેલવાન નરીમાનને ખબર થઇ કે જહાપેહેલવાન ઇરાનથી આવી પોહોચ્યા છે તેથી તમામ શેહેરમા આઇના બાન્ધ્યા અને પોતાના તમામ લશ્કર સાથે બે મજલ જહાપેહેલવાનને એસ્તેકબાલ લેવા ગયો તે લશ્કરની કલબધાહમા સામની સવારીનો હાથી હતો તે ઉપર સુનાની પાખડ નાખેલી અને એક તખ્ત ગોહરના જડાવનુ માડી તે ઉપર સામ પેહેલવાની રસમ મુવાફેક ખાથ ઉપર ગોરજ તથા ઢાલ તથા તલવાર સાથે દબદબાથી સવાર થયલો હતો, તેની આસપાસ જરી બખ્તરના સવારો હાથમા નેજા પકડી ચાલતા હતા એ રવેશ નરીમાન પોતાના બેટા સામને સાથે લઇ કેરશારપને એસ્તેકબાલ જઇ પોહોચ્યો જહાપેહેલવાન કેરશારપના હાથીને દુરથી સામે દીઠો તેજ વખત શિતાબ પોતાના હાથી ઉપરથી નીચે ઉતરી જમીન ઉપર સર મલી અદબ બજા લાવ્યો.

ત્યારે જહાપેહેલવાન શિતાબ પોતાની સવારી નીચે ઉતરીને ઘણીક પ્યારથી સામને ગોદમા પકડી તેના રોખશારા ઉપર બોસા દીધા. પછી સર્વ સાથે બગલગીરી કીધી, પછે એક જામ શરાબની સામના દીદાર જોયાથી ખુશીમા નોશ કીધી અને સર્વ પાછા પોતપોતાની સવારી ઉપર સવાર થયા અને શામને જહાપેહેલવાન પોતાના હાથી ઉપર સાથે લઇ બેઠો તેથી ઘણીક ખુશીમા આવ્યો અને તમામ લશ્કરને હુકમ કીધો કે સર્વ ચાલતી સવારીએ શરાબ પીતા ચાલે એ રવેશ ખુશી કરતા પોતાના અસવાનમા આવી પોહોચ્યા તેજ વખત હુકમ કરી ખાણું મગાવ્યુ અને શોફ્રા ઉપર બેઠા, ત્યા એક હફ્તા લગી મિજલસમા હરદમ ખુશી કરતા હતા એમ કરતાં હફ્તો તમામ થયા પછી તનજે શેહેરથી જે ખજાનો લાવેલો હતો તેમાથી બે હીસ્સા પોતાના નામને વાસને પોતાના લશ્કરને બક્ષ્યા અને બે હીસ્સા શેહેરના આદમીઓને બક્ષ્યા જે ગજ પાદશાહ ફરેદુને કેરશાપને નજર કીધો હતો તે તમામ હદિયો સામને બક્ષ્યો પછી યઝદાના શુકના કીધા કે તે મને એ બેટો આપ્યો તેથી મારો જીવ ઘણો ખુશી થયો પછી શામને પોતાની નજદીક રાખીને પોતાના જે પેહેલવાની હુનર હતા તે તેને શિખવ્યા શામની ઉમર ચઉદ વરશની થઇ ત્યારે મફ્નો તોડનાર અને શેગ્નો પકડનાર દિલાવર પેહેલવાન થયો, તે જે જગા જતો ત્યા લડાઇમા લશ્કરના લશ્કર બરહમ મારતો તે નેજાએ પેહેલવાન લોકોને ઘોડાની જીન ઉપરથી ઉઠાવી લેતો અને મસ્ત હાથી, શેર તથા મગર મછની લડાઈ તો બચાના ખેલ મિસાલ ગણતો ! એવા નવજવાન ફરઝદના દીદા જોઇ જહાપેહેલવાન કેરશાસ્પ બુઢાપાના વખતમા ખુશીથી પોતાની જીદગી ગુજારતો હતો જહાપેહેલવાન કેરશાસ્પની ઉંમર સાતસો ને તેત્રીસ વરશની થઇ ત્યારે તેના તનના મોર્ગે બાજુ તથા પર નાખવા માડયા અને જમાનાએ તેની ઉમરના ઝાડની જડ જેહાનમાથી ઉખેડી નાખી તેની જીદગીનો ઘોડો ચાલ્યાથી ચાકો ફરતા આસમાને તે ઉપર કમીનાહ કીધી અને તેના સર ઉપરથી તાજ ઉઠાવી તેના સરને ખાકમા નાખ્યુ

પુછ્યું જહાંપેહેલવાન કેરશાસ્પે નજુમીને પોતાનાં મોત વિષે પછી પોતાના સર્વે કબીલાને નસીહત કીધી તે હેકાયત.

એકે દાહડે જહાપેહેલવાન કેરશાસ્પ શેકારગાહ ગયો ત્યા એકાએક સુસ્તી થઇ આવી તેથી જમીન ઉપર પડયો, પાછો હોશમા આવ્યો ત્યારે શેતાબ સવાર થઇ પોતાના અયવાનમા આવ્યો ને નજુમીને બોલાવી કેહેવા લાગ્યો કે "નજુમમમા જો કે મારી ઉમરના દાહાડા કેટલા બાકી રહ્યા છે?" શેતારેશનાશે બોશતલાબમા જોઇ ! જહા-પેહેલવાનને કહ્યું કે "અય નેકબખત કેરશાસ્પ! તારી ઉમરના દસ દાહડા ગુજરી જાય તો તુ હવે પછી કયામત તલગ દુનિયામા હૈયાત રેહે" જહાપેહેલવાને એ સખુન સાભલ્યા તેથી પોતાના દિલ સાથે અંદેશો કીધો કે "હવે મારી ઉમરે આ જેહાનથી મોહબત તોડી" પછી અંદેશો કરી પોતાની મિજલસના તમામ અમીરો તથા નરીમાન તથા શામને કેહેવા લાગ્યો કે "નામદાર લોકો! હવે મને યઝદાની દરથાહનો પેગામ બોલાવા આવ્યો છે તેથી મે શિતાબ તે જેહાનના ઘોડા ઉપર જીન બાંધ્યુ છે હુ તે પેહેલવાન છુ કે જેણે ઘણાક અઝદા, શેર, દેવ તથા જાદુગરોને મારયા છે હરજગા હુ મરદાનગીમા ગાલેબ હતો પણ હમણા તો એવા એક શખસ સાથે લડાઇ કરવી પડે છે કે હુ જેવા લાખોલાખ પેહેલવાન હોય તોબી તેની સાથે લડાઇ કરી શકાય નહી બલકે તેની મુકાબલે ઉભુ રેહેવાય નહીં, યાને મોત આવ્યુ ત્યારે મારૂ કાઇ ચાલતુ નથી, વાસ્તે મે તે જહાનની રાહ ઉપર કમર બાંધી છે, તેથી તમો તમામ અનજુમનના લોકો મારી નસીહત હુશિયારીથી સાભળો કે મારા ગુજર્યાં પછી તમો સર્વે દાદ તથા ઇનસાફની રાહ ઉપર ચાલજો અને મને વખતે વખત યાદ કરતા રેહેજો તમો પોતાના દીલમા પાક યઝદાંની

રાહ વગર બીજી ચીજને ગુજારતા ના નેકીથી બેહેસ્ત પામવુ છે અને બદીથી શિહા દોજખ પામવુ છે એ વાતને બેશક જાણુજો જેવો હુકમ પાક યઝદાનો તેવોજ હોકમ પોતાના પાદશાહનો જાણી રેહેવુ. બદ લોકો સાથે દોસ્તી તથા બેસવુ કરશો નહીં તથા દાના આદમીની મશકેરી કરશો નહી જે નાદાન શખ્સ આવીને એક વાત કેહે તે ઉપર એકાએક અમલ કરશો નહી' નેક આદમી સાથે તુંદીથી વાત કરશો નહીં બુઝર્ગ આદમી સાથે અદબ કરતા રેહેજો મસ્ત તથા દીવાના મરદને નસીહતના સખુન કેહશો નહીં દરદમદ આદમી ઉપર હસતા નહી પોતાના ખેશ લોકો સાથે લડાઇ કરશો નહી ફકીર લોકોને મોહડામાથી ગાલ દેશો નહી ઓરત કરો તો ચેહેરો જોઇ કરશો નહી પણ નેક બુનિયાદની હોય તેને પસદ કરજો કોઇની મતા ઉપર અદેખાઇ કરી અફસોસ કરશો ના. કોઇનો માલ હરામ ખાશો ના. પોતાના દોસ્ત લોકોથી બેવફાઇ કરશો ના. ગુસ્સો આવે ત્યારે શિતાબ સબરનો પેશો પકડજો. આ ત્રણ પાચ દાહડાની દુનિયામા ઉપર પોતાનુ દિલ બાધશો ના આ દુનિયામા અવલ રજ તથા મેહેનત છે, પછવાડે મોત શિવાય કાઇ બીજુ નથી આ દુનિયા દરમ્યાન કોઇ શખ્સ સલામત રહ્યો નથી. આ દુનિયાના કામ બે રવેશના છે એકને રડાવે છે, બીજાને હસાવે છે એ દુનિયા, જાહેર જોવામા આપણા દોસ્ત મિસાલ નજર આવે છે, પણ બાતેનમા છુપી દુશ્મન છે, એ દુનિયાના હાથમા બે જામ પકડેલી છે તેમાની એકમા ઝેર છે, બીજીમા શરબત છે એકની મેલન છીણવી બાજાને બક્ષની એ એનો ખાસ રવૈયો છે ઓ દાના લોકો! જે કાઇ નસીહતના સખુનો મારા બુઝર્ગોથી યાદ છે તે મે તમોને કહ્યા તે તમામ સખુનો તમો યાદ રાખજો! હવે હુ તો જાઉ છુ તેથી એ મારી નસીહત ઉપર ચાલજો તમારી સાથે મારેથી કમ જયાદા ચલાયુ હોય, જે કાઇ તકસીર થઇ હોય તેની હુ તમો પાસે માફ માગુ છુ એ મિજલસના લોકો જહાનમા રવૈયો છે કે બાપની આખર આવે ત્યારે તેના બેટાને બાપના તખ્ત ઉપર બેસાડે છે, વાસ્તે એ નામદાર અનજુમન મારા બેટાની જગાએ નામદાર નરીમાન મ્હોટો બેટો છે તેથી મારા ગુજર્યા બાદ મારા તખ્ત ઉપર નરીમાનને

બેસાડજો ! જે મિસાલે તમો મારી સાથે નેક દિલથી ચાલી મારો હુકમ બજાવતા હતા તેજ રેવેશે નરીમાન ઉપરબી પ્યાર તથા મોહબત રાખી પોતાનો સરદાર જાણજો. એ નરીમાનનો હુકમ ગોયા મારોજ હુકમ જાણજો જે તમારી ખાહેશ હોય તે એ નરીમાન પાસેથી માગી લેજો. તમે સર્વે એતેફાકથી ખુશી સાથે રેહેજો, કે તમારા એતેફાકથી હુબી બેહેસ્તમા ખૂશી રહીશ" એ રવેશે જહાપેહેલવાને સર્વ નસીહત કીધી તે સાંભળ્યાથી સર્વ જારજાર રડતા પોતાના મકાન ઉપર ગયા

પછી જહાપેહેલવાન નરીમાન તથા શામને પોતાની નજદીક બોલાવી તેને નસીહત કરી કેહેવા લાગ્યો કે, "અય મારા ખાનદાનના રોશન ચેરાગ નામદાર બેટા ! હવે તમે મારી ઉમેદ રાખશો ના. મારી આખર આવી છે અને મારી ઉમરનો આફતાબ ગોરમ થવા ચાહે છે મોત આવ્યુ ત્યારે હજાર દારૂ ને હજાર ઇલાજ કર્યે પણ કશો ફાયદો થતો નથી મને હવે દુરદરાજ જવુ છે તેથી મારૂ દીલ એકસો તરેહથી જખમી થાય છે મે મારી હૈયાતીમા જેરજ નામનુ શેહેર નવુ આબાદ કીધુ છે અને મે ઘણોક રજ ખેચીને ગંજ ખજાનો જમે કીધો છે તે તમામ ખજાનો તથા તે શેહેર મે તમારે હવાલે કીધુ છે તે શેહેરને નેક રવેશથી આબાદ રાખજો. જુલમ તથા બેદાદીથી દુર રેહેજો દુશમન સાથે લડો તેબી ઇનસાફની રાહે લડજો એ કામ કીધાથી આપણા બુઝર્ગોની યાદગારી રેહેશે અય બેટા ! મારા ગુજર્યા પછી આ આ દુનિયામા એવા કામ કરજો કે તેના બદલામા મારૂ રવાન તે જહાનમા દાદારની નજદીક આબરૂ પામે તમો પોતાની નજદીક કમીના તથા રજાલા લોકોને રાખતા ના જે કામ કરો તે એવા કરજો, જેથી આપણા ખાનદાનને શરમ નહી પોહોચે જે શખ્સ લડતો હોય તે શખ્સથી ઘણો દર રાખજો. અગરચે તે શખ્શ જાહેરમા તમારી ઉપર જાનફેશાની કરતો હોય તોબી તે મરદથી દરજો જે સખુનચીન આદમી હોય યાને આપણી વાત લઇ જઈ બીજાની નજદીક કહે એવા આદમીની નજદીક પોતાનો ભેદ કેહેતા ના હરેક સાથે અદાજાથી વાત કરજો યાને જેવો જેનો અદાજો તેવી તેને આબરૂ આપજો દુશમન લોકો આપણી સાથે સુલેહ કરવા ચાહે તો લડાઇ કરતા ના. કોઇ શખ્સે તમારી ચોરી કીધી

તેના માથા ઉપર જાઇ લાગે તો શિતાબ તે જગાથી આગળ નીકળી જજો, શા વાસ્તે કે તે આજેજ આવેલુ આદમી આપણો જાન છે યા પોતાનો જાન આપે એક દાહડાના રાત તથા દીવસ મળી ચાર હીસ્સા ગણી તેમાંથી એક હીસ્સો હકતાલાની બંદગી કરજો બીજો હીસ્સો પોતાના દુનિયાઇ કારોબારમા મશગુલ રેહેજો ત્રીજો હીસ્સો ખાવાપીવામા અને રામશનીમા ગુજારજો ચોથો હીસ્સો ખુશખ્વાબ કરજો એ રવેશ પોતાના દાહડા ગુજારજો હકતાલા તમોને ફરઝંદ આપે તો અવ્વલ તેને અકલ શિખવી તાકીદ કરી તેને લખવાને હુનર શિખવજો તુ જાણુતો નથી કે આદમીજાતની ઝબાન કરતા નવીશંદા લોકોના હાથ ઘણા કામ કરે છે, તેના નેક તબ્બતના ફુલની ખુશબો આલમમા મશહુર થાય છે યાને તેના લખ્યાથી હજારો કોશ લગી તેના હરફ જાઇ મશહુર રેહે છે પરેઝગાર આદમીને ખાણુ તથા પોશાક પોહોચાડતા રેહેજો, રાત દીન પોતાના દીલને ગમગીન રાખતા ના ગમથી આદમીની ઉમર કોતાહ થાય છે હરવખત ખુશી કરી પોતના જીવને તાજો રાખજો. નાવારેશ તથા મુફલેશ આદમી હોય તે ઉપર મેહેરબાન રહેજો. ઉલટી ચાલના આદમીને એક મરતબે રાહ દેખાડી સારા માર્ગ ઉપર ચલાવજો અગર તે માર્ગ ઉપર નહી આવે તો શિતાબ તેને જીવથી મારજો, કે તેથી બીજા આદમીને નશીહત લાગે સારે માર્ગે ચાલે તેવી હકતાલાની ખલક ઉપર સિતમ ના કરતા તમો પણ ખલક મલતા બંદા છો અગરચે તમોને બખ્તના જોરે પાદશાહી મળી તો તે ઉપર મગરૂરી પકડતા ના. મગરૂરી પાયામાલીનુ મુળ છે તેથી તમો શિતાબ ગેરેફતાર થશો અદેખાઇ જેવી બદ ચીજ બીજી કાઇ નથી અદેખાઇ પ્રથમ તો આપણા તનની દુશ્મન થાય, કોઇની અદેખાઇ કર્યે તો તે શખ્સ તો પોતાના અયશમા બેસીને જોક કરે પણ આપણે દુર ઉભા રહી નાહક પોતાના જીવને તથા કલેજાને બાલ્યે અદેખાઇ મોટી એબ છે, હકતાલાએ હાથ પકડયો તો તમારી મકમદુર મુવાફેક થઇ આવે ત્યા લગી પોતાના દોસ્તોની ખબર લેવો માલ ખજાના ઉપર મગરૂર રેહેતા ના સર્વેને સર્વેના અંદાજાસર રાખજો. જે બુઝર્ગ બુન્યાદનો હોય તેની એકાએક આબરૂ લેતા ના. અગરચે આસા-

માનની ચાલથી બેબુનિયાદ આદમી દોલત પામે તો તેને બુઝર્ગી આપતા ના! તે બેબુનિયાદ આદમીને બુઝર્ગી આપશો તો દાના લોકો તમારી એબ કરશે અને તમારી બુનિયાદનેબી પેલાની બરાબર બેબુનિયાદ ગણશે કોઇને બોલતા નહી આવડે અને તેથી નાદરૂસ્ત સખુન બોલાઇ જાય તો તેની મશકેરી કરતા ના. તમારો ચેહેરો ખુબસુરત હોય અને બીજાનો બદસુરત હોય તેથી તેની એબ કરતા ના આદમી જોવામા બદ-સુરત હોય અને પાક દિનનો રોશન દિલે હોય તે શખ્સ બુરા કામ કર-નાર ખુબસુરત આદમી કરતા હક્તાલાની નજદીક બેહેતર છે. જે ગુનાહ આગળ માફ કીધો હોય તેની વાત બીજી મરતબે કોઇની આગળ કેહેતા ના, કે ફલાણા ઉપર હેશાન કીધુ છે દુન્યા દરમ્યાન તમો જીવો ત્યા લગી એવા કામ કરજો કે કાઇ સખ્તી આવી પોહોચે તો તમામ ખલક તમારી મદદે ઉઠી ઉભી થાય જે આખમા અદાવત હોય ને બેમુરવત હોય તે આદમી સાથે દોસ્તી કરતા ના જે જુઠો મરદ હોય વેની ઉપર હરગેજ મેહેરબાન થતા ના કોઇ આદમી પાસે મેહેનત મજુરી કરાવો તેનો એક દોકડોબી ભાજતા ના. જે આદમી તમારી દામાનને વળગ્યા યાને તમારા કેહેવાયા તેઓને કોઇ બીજાને દરવાજે માગતા જવા દેતા ના એ વાતની મોટી શરમ સમજજો. એક શખ્સ બીજા સાથે લડી તમારી નજદીક આવીને પેલા શખ્શની બદગોઇ કરે તો એકાએક તેના કહ્યા ઉપર અમલ કરતા ના અવ્વલ તે વાતની તજવીજ કરી કામ કરજો, નહીં તો પછવાડે પશેમાન થવુ પડશે કોઇ આદમીની મુરવ્વતને વાસ્તે દુનિયામા બદનામી આવે તે કામ હરગેજ કરતા ના એકની શાબા-શીની લાલચ વાસ્તે ખોદાતાલાની ખલકને ઇજા દઇ બદનામ થતા ના. હરએક કામ કરો તેમા અવ્વલ અ દેશો કરી પછી તે કામ કરજો તેથી કામ ઘણુ બોસ્તવારી પકડશે હરએક વાતે પોતાના દિલ નેક બખશેશ કીધા ઉપર ખુશી રાખજો જેહાન દરમ્યાન બખસેશ જેવુ બીજુ કામ મોહુ નથી તમારૂ રવાન તવગર થાય તે કામ ઉપર રાતદીન કોશેશ કરજો. ફરઝંદને હુનર શીખવો તે જવાનીમાજ શિખવજો અય બેટા!

આપણા કબીલાના લોકો શિવાય આપણો રેશાશે જે કાઇ મે તમારે હવાલે કીધો છે તે લોકોને જે રવેશ હુ હોરમતથી રાખતો હતો તે મિસાલ રાખજો મારા તનનો ચેરાગ બુઝાય યાને મારા તનમાથી પાક જીવ બાહેર નિકળે તેની અગાઉ મારા તનને ગોસલ કરાવી મારા તન ઉપર ખુશબો તથા કસતુરી માલેશ કરજો અને મારા ગુજરયા પછી પાદશાહ જમશેદની રાહ રશમ મુવાફેક મને કફન પેહેરાવજો અને એક દોખમુ સખત પથરનુ બનાવી તેના દરવાજા ઉપર મારૂ નામ લખજો અને તે દોખમાની આસપાસ હર જગો ધુપદાનામા અગર તથા કપુર આતશ ઉપર મેળી ખુશબો કરજો. તે દોખમાનો દરવાજો બધ કરીને ચીની લેજો. પછી મોહો જોવાથી પોતાનુ દિલ ખાલી કરજો, મારૂ દોખમુ શમનદર શેહેરમા કરજો કે તે દોખમાની તરફ એકાએક કોઇ આવી શકે નહી. હવે પછી આ દુનિયામા ઘણાએક વરશ ગુજરી જશે ત્યારે એ જમાનો બીજી દિનની તરફ રજુ થશે તે વખતમા એક પાદશાહ પેદા થશે. જેમા અકલના જોહરની અશરફી નહી હશે, તે પાદશાહ જમાનાની ચાલથી એ તરફ આવી પોહોચશે. તે પાદશાહનુ નામ બહમન છે. તે બહમન ખસુસ મારા ખાનદાન ઉપર કીનો બાંધી જાબુલના મુલક ઉપર આવશે અને મારાં ખાનદાનના લોકો ઉપર ઘણી સખ્તી કરશે પછી તે પાદશાહ મારા દોખમા તરફ આવશે કે મારા ગુજરેલા તનને ખરાબ કરશે બહમન બુરી નૈયતથી તે મારા દોખમામાં આવીને મારા મોહો ઉપરથી ચાદર ઉઠાવશે તેવોજ મારો ચહેરો જોઇ રડી પડશે અને પોતાના એવા નાલાયક કામ કીધાથી ઘણો પશેમાન થશે. તેમજ તારા તથા સામના દોખમા આમળ આવી તે પાદશાહ બહમન તમોને જોશે અને તમો ઉપરથી જારી કરશે પણ આપણા ખાનદાનમાની તોખમનો એક પેહેલવાન શેરની ચુગાલનો, દેવોનો મારનારો, જબરદસ્ત પેદા થશે તે દિલાવર દુનિયામાથી પોતાની મુરાદ બર લાવશે તેનુ નામ રખમનો માહેબ જેહાપેહેલવાન રૂસ્તમ કેહેવાશે. તે તમામ હફતેકેસ્વર જમીનના મુલક ઉપર પોતાની મુરાદ મુવાફેક કામ લેશે મેદાન દરમ્યાન શેરની લડાઇ કરશે અને ઘણાએક બેદાદગર પાદશાહની આબરૂ લેશે. એવો

એક બેટા આપણા ખાનદાનમા પેદા થશે તેથી આપણા બુઝર્ગોનુ નામ કેઆમત લગી મશહુર રેહેશે પણ તે પેહેલવાન એ જેહાનથી ગુજરશે ત્યારે તેનુ દોખમુ શમનદર ગેહેરમા કરશે તેનુ રવાન પાક યઝદાની નજદીક આખરૂ પામશે. પછી બહમન એ જેહાનમા પાદશાહી બેસશે ત્યારે તે રૂસ્તમનુ દોખમુ ખરાબ કરવા શમનદર શેહેરમા આવી પોહોચશે. એ આસ્માનના ભેદ છુપા ઘણા છે, તેથી આદમીની નજદીક કોઇવાર કીનો લેવાડે છે અને કોઇવાર મોહબત કરે છે, અય બેટા ! તુ પોતાનુ દિન એ જમાનાની વફાદારી ઉપર ના બાંધતો—અગર તુ એના ભરોશા ઉપર નચીંત રેહેશે તો આકેબત પશેમાન થશે. તે કરતા મારા હાલ ઉપર નેગાહ કરી જો કે હુ એ દુનિયામા કોણ પેહેલવાન હતો અને આકેબત મારા સર ઉપર શુ આવી પોહોચ્યુ છે? એજ રવેશ મારી પછવાડે તુ નરીમાન ને નરીમાનને પછવાડે તુ શામને આવવુ પડશે" એવી નરીમાન તથા શામને નસીહત કરી એક તખ્તી નરીમાનના હાથમા આપીને કહ્યુ કે "મારા નામને રોશન કરનાર બેટા, તુ મારા તનને કફન પેહેરાવે ત્યારે એ તખતી ઉપર એ મારી તમામ નસીહત જરી હરફે લખાવજે કે જેથી શમનદરનો તલેસમ તુટશે. તુ મને દોખમામા મેલે ત્યારે તખતી તારા ફરજંદોને આપજે કે એ તખ્તી આપણા ફરઝંદાનફરઝંદ ઉપર ઉતરીને રૂસ્તમના હાથમા જાય અને એ ભેદથી રૂસ્તમને વાકેફ કરે કે તે નામવર બેટા સર્વ વાત જાણે મને એક નજુમી મરદે કહ્યુ છે કે જેહાપેહેલવાન રૂસ્તમ પોતાના બપાવા શામે મવારનુ નવુ દોખમુ બનાવશે ત્યારે એ તખતી શામના જુના દોખમામાથી રૂસતમને હાથ આવશે પછી રૂસતમ એ તખતી પોતાના ફરઝંદોને સોપશે કે જ્યારે નામદાર રૂસતમ ગુજરે ત્યારે રૂસ્તમનો બેટો પોતાના બાપના દોખમાનો ચારો કરશે." એ રવેશે તમામ નસીહત તથા વશીઅત કરી, નરીમાનને ફરીથી પણ કહ્યુ કે "મારા નામને રોશન રાખનારા બેટા ! હુ આ દુનિયામા હૈયાત છુ તેટલા મારા ખજાનાની કુચી મંગાવ અને તેમાથી બે હીસ્સા ખજાનો શેહેરના લોકો ઉપર ખેરાત કર. મારી હૈયાતીમા આપણા તાબાનો મુલક છે તે તમામ જગા નામા લખીને શિતાબ એલચી દોડાવ કે બે વરસ લગી કોઇ

પાદશાહ કૈયત પાસેથી મેહસુલ તથા દાણુ જગાત કાઇ લે નહીં બદીખાનામા જે ગુનેહગાર લોકો બદીવાન હોય તેના ગુનાહ માફ કરી છુટા મેલે જગો વેરાન હોય તે જગા એકાએક મકાન બનાવ અને તે જગા કેટલાક આદમીઓને ચોકી મેલ અને તેઓને તાકીદ કરાવ કે અગર કોઇ જગલ દરમ્યાનમા ભુખો પ્યાશો આવી પહોચે તો શિતાબ તેને ખાણુ તથા પાણી હાજર કરે અને તેને જે જગો આબાદી હોય ત્યા પહોચાડ એવુ હમેશ આપણા ખાનદાનની પાદશાહી રેહે ત્યાલગી ચલાવ એ રવેશના સખુન નેકબખ્ત કેરશાસ્પે ગુજરતી વખત નરીમાનને કહ્યા તે તમામ સખુન નરીમાને પેલી તખતીં ઉપર લખાવી લીધા, પછી નરીમાનને ફરીથી કહ્યુ કે "મે તુંને દીનની જે રાહ રશમ દેખાડી છે તેજ રાહ તુ પોતાના ફરઝંદોને દેખાડજે" એમ કરતા જ્યારે દસમો દાહડો થયો ત્યારે કાઇ ખાણુ નરીમાન પાસે માગ્યુ તે વખત નરીમાને ખાણુ લાવી હાજર કીધુ તેમાથી કેરશાસ્પે એકુએ નવાલા ખાધા પણ તેને ભાવ્યુ નહીં તેથી હાથ પાછો ખેંચ્યો અને શામને તથા નરીમાનને કહયુ કે "હવે મારા મોતનો વખત નજદીક આવી પોહોચ્યો છે તેથી તમો સર્વે મારી નજદીક હાજર રેહજો. હુ જાણુંછુ કે હવે કમાનમાથી તીર છુટશે યાને મારો જાન જશે, વાસ્તે તમો મારા શેરાના ઉપર હાજર રહીને મને પાક યઝદાના નામની યાદ દેવાડતા રેહેજો કે મારો જીવ તેની મદદે આશાનીથી જાય." એટલુ કહી પોતાના દીદામાથી આસુ વરશાવવા લાગો તેણે એક હાય મારી કહ્યુ કે "એ બેનેઆજ દાદાર ! તારો કોઇ યાર નથી તુ સર્વ કોઇને યારીનો કરનાર છે. આ જેહાનને પેદાનો કરનાર પાક યઝદા તુ છે આ આસમાન તારાહુકમથી વગર થાંભે ઉભુ છે આ જમીનને પાણી ઉપર તે ન્યાંગ રાખી છે સર્વ કોઈ ઉપર પાદશાહ પણુ તુ છે ! તમામ પાદશાહ તારા બદા છે એ વાત ઉપર હુ બેશક બેગુમાન ગવાહ છુ એવા જે તુ બુઝર્ગ ખોદા છે કે હર રોજ વધતો તથા શક્તો છે અને તારી પાદશાહીને જવાલ નથી તેવા તુ સાહેબથી મે રાત દીન દરીને પોતાની ઉમર ગુજારી છે તે કરતા આદમીજાત ગુનાહ વગર ખાલી હોય નહીં મે જે કાઇ ગુનાહ કીધો છે તેની હું પશેમાન થઇને તારી પાસ માફ માગુ છુ ! ઓ મેહેરબાની ભરેલા

સાહેબ તુ મારી પર મેહેરબાન થઇ મારો ગુનાહ બખશ! મને પોતાની હજુર આબરૂથી બોલાવ!"

ગુજર્યો જેહાંપેહેલવાન કેરશાસ્પ એ જેહાનથી તેની નરીમાન તથા શામ વગેરે બીજા પેહેલવાનોએ જારી કીધી અને કેરશાસ્પનું તન દોખમામાં મેલ્યું તે હકીકત.

એ રવેશે હકતાલાની નજદીક મોનાજાત કરી પોતાના ગુનાહથી માફ માગી નરીમાન તથા શામના હાથ લઇ પોતાના દીદા સાથે ધર્યા અને કેટલીએક જારી તે બેટાઓના પ્યારથી કીધી અને પછી તેઓને દિલાસાથી કહ્યું કે "એ નામદાર ફરઝંદો, મારા ગુજર્યાથી તમો કશો ગમ ખાશો ના! દુનિયામા રાસ્તીનો પેશો પકડી પોતાના જીવને જોક દેખાડજો. એ જહાનથી આકેબત સર્વને જવુ છે, પણ પનોતો મરદ તે જે નેકીનો ભલો તોશો સાથે લઇ ગયો હોય, વાસ્તે તમોથી થાય ત્યા લગી નેકી કરજો," એટલું કહી પોતાની મિજલસના લોકોને સલામ કરી પોતાનો પાક જીવ હકતાલાને હવાલે કીધો * ત્યારે અદના આલા સર્વ જારી કરવા

---

* પહેલવી લખાણે કેરશાસ્પ મરી ગયા નથી પણ કેટલાક પાદશાહો તથા પેહેલવાનોની માફક હજુર જીવતો છે બુનદેહેશ પ્રમાણે તેણે માજદયસ્નની દીન કબુલ નહી કીધી, તે જ્યારે ઉંઘમા હતો ત્યારે એક તુરકીએ કાબુલની પીશ્યાનસાઈ ખીનમા એક તીર માર્યો તેથી તે જખમી થયો અને ત્યારથી તે એક લાંબી ઉંઘમા પડેલો છે કારણ કે જોહાક જે દેમાવંદ પહાડ ઉપર કેદ પડેલો છે તે જ્યારે રસ્તાખેજ વખતે છુટો થશે ત્યારે તેને જેર કરવા કેરશાસ્પ જેવા પહેલવાનુ કામ પડશે કેરશાસ્પ રસ્તાખેજ વખતે આ ઉંઘમાથી ઉઠી જોહાકને મારશે પહેલવી લખાણો પ્રમાણે કેરશાસ્પના કાલબુદની ચોકી હજારો ફરોહરો કર્યા જાએ છે

લાગ્યા. તેનાં અયવાનમાથી ઓરતોએ શોર કીધો અને તમામ અયવાન બરહમ મળી ગયુ સર્વ ઉપર એ મિસાલનો ગમ પડ્યો જાબુલના મુલકમા ઘેરેઘેરથી માહેતમનો પોકાર ઉઠ્યો તમામ લશ્કરે માહેતમ પકડી અને સર્વેએ શીહા જામા પેહેર્યા નગારા ને ઝુંડા ઉંધા નાખ્યા હરએક મોહોલ્લા તથા ગલીમા માહેતમનો પોકાર ઉઠતો હતો સર્વેની આખમાથી આસુની જગો લોહી વરસ્તુ હતુ સર્વના ચેહેરા જરદ થઇ ગયા હતા. પરીને ચેહેરેની ઓરતોએ પોતાના સરના બાલ ઉખેડી પોતાના ચેહેરા બેરોનક કરી નાખ્યા હતા, અને પોતાના બીલોર મિસાલના સીના ઉપર ચુગાલો મારીને લોહીથી તર કીધા હતા તે સઘળા પોતાના ગોલાબ મિસાલના રોખશારા ઉપર બેશુમાર તમાચા મારવા લાગ્યા શામે પોતાના હાથમા ખંજર પકડી જહાપેહેલવાનની સવારીના ઘોડા હતા તેની દુમ કાપી નાખી તે ઘોડાઓના જીન ઉંધા બાંધ્યા તેનો ઝુંડો કાપી નાખ્યો સુનાના કુડાના નગારા ફાડી નાખ્યા બાજ જાનવરો હતા તેઓને ઉરાડી મેલ્યા જહાપેહેલવાનની મિજલસનો જે અશબાબ હતો તેમા તમામ ખાક મેળવી પછી જહાપેહેલવાન કેરશાસ્પના તનને ખાસ અયવાનમાથી બાહેર કાહાડ્યુ અને તેને ખુશબોદાર કપડાનુ કફન કીધુ, પછી તે ઉપર તેનુ બખ્તર પેહેરાવ્યુ તે ઉપર કમરબંધ બાંધ્યો તેની ખાંધ ઉપર ગેરજ મેલ્યો તેના હાથમા તલવાર આપી તેના સર ઉપર કોલાહ મેલી તેના સર ઉપર એક ઝુંડો પકડાવ્યો, તેની ખાસ શવારીના ઘોડા ઉપર જરી જીન બંધાવી પાખર નાખી અને જહાપેહેલવાનની નજદીક લાવીને હાજર કીધો—! એવી રીતે તેના રવાનને જોઇને શામ રડવા લાગો તેને જોઇને સર્વે કોઇ જારી તથા પોકાર કરવા લાગ્યા પછી શામ કેહેતો હતો "જે તુ હવે જાય છે તેથી અમો તને ફરીથી કાહા જોઇશુ ? તુ એક રોશન માહાતાબ હતો પણ પુનમ થઇ તેથી ઘટી ગયો હુ તારી નજદીક હમેશા ફરઝંદ મીશાલ ગોદમા હતો અને હવે તારી ને મારી સાથે આસમાન જમીનનો તફાવત પડ્યો મિજલસ દરમ્યાન સર્વ કરતા હુ તારાથી ઘણો ખુશી હતો અને હમણા મારા જેવો ગમગીન કોઇ નથી.

દબદબા ભરેલી દરઘાહ મેલી તુ બુઝર્ગ હકતાલાની દરઘાહમા ગયો.” નરીમાન જારી કરી કહેતો હતો “જે અફસોસ ! એ દલેર તારૂ જોર, દિલ ગુરદો, બાજુ તથા મરદાનગી સર્વ કયા ગયુ ? તારી સવારી તથા સફ સમારવી એ સર્વ ક્યા ગયુ ? હરએક મોલકની તગ્ફ જવુ તારૂ ક્યા ગયુ ? તુ તમોમ જેહાનમા ફરયો અને રંજ ખેચી ખજાનો જમાવ કીધો હવે તે ખજાનાને મેલી એકાએક ઉઠી જાય છે હુ તને એમ નથી કહેતો જે તારો ખજાનો તમામ ખરચ કરી ખાઈ પછી અસબાબ બાધી જા પણુ એક હજારમો હીસ્સો તેમાથી બાધ જા અને પછી તારા દીલમા જે ઉતરે તે કર તમામ મુલક તારેથી આબાદ થયા તે સર્વની ઉમેદ તારી ઉપર હતી તે બરબાદ કીધી તુ જરા નેઘાહ કરી જો કે આપણા ખેશ તથા સપેહસાલાર લોકો તારી તરફ જોઇ ઉમેદ રાખે છે જે અમારી સાથે મિજલસ તથા લડાઇમા બુલદ આવાજે બોલતો હતો તેમ ક્યારે બોલશે ? તને એ શુ થયુ ! કે સર્વે કોઈની સાથે તુ ગુસ્સો નથા લડાઈ રાખીને બોલતો નથી ! અને મોડુ બધ રાખે છે તુ હવડા મજલશ કરવા નથી માગતો તથા લડા-ઇમા તલવાર કાહડી નામ નથી ઉઠાવતો ? હર શેહેરમા પોતાની જહા-પેહેલવાનીએ હકતાલાની નેક રશમ કબુલ કરાવી અને હરએક દુશમનો ઉપર કીનો લીધો પણુ હમણા કોણુની તરફ હથીઆર તથા ઘોડા લઈ કમરબધ બાધી જાય છે ? સર્વ આપણા દુશમનો તો જેર થયલા છે ફરીથી હીદુસ્તાન નથા ચીનમા લશકર લઈ જવા ચાહે છે કે આસમાન ઉપર પોતાનુ સર ઉઠાવ્યુ છે ? હવે બસ કર તને ગુજરતી વખતબી લડાઇનોજ શોક છે ! તુ દરિયાવ જેવા દિલનો અને હાથનો સખી વાદ-લની મીસાલ હતો પણુ હવડા એક મુઠી ખાકની બરાબર થઈ ગયો ! અફસોસ છે ! એ શુ વખત અમારી ઉપર આવી પડયો છે ! અફસોસ કે જાબલુસતાન તુથી ખાલી પડયુ ! અફસોસ આપણા મુદઇઓ દિલથી ખુશી થયા ! અફસોસ જે તારી મેહેનત કીધેલી તમામ બરબાદ ગઈ. તારા મોતથી અફસોસ ખાઈ વાદલબી રડે છે. આસમાનબી તારા શોકમા પોતાનો ચેહેરો શીહા કરે છે. તુ જેવો મરદી તથા હુનર ભરેલો પેહે-

લવાન જેહાનમા તેના હાથથી છુટો નહીં, તેથી મ લમ પડે છે જે કોઇ અદના આલા એથી છુટનાર નથી" એ રવેશે જારી કરી જગી કેરશા-રપનું રવાન લઇ ગયા અને સમદરમા દોખમુ બનાવી તેમા જહાપેહેલ-વાનનું તન મેલ્યુ તેનો દરવાજો બધ કીધો. પછી સર્વે દરદમદ થઇ જરદ મોહ સાથે મુકામ તરફ આવી પોહોચ્યા

ખબર થઇ પાદશાહ ફરેદુનને જહાંપેહેલવાન કેરશાસ્પના ગુજરયાની.

પાદશાહ ફરેદુનને જહાપેહેલવાનના મોતની ખબર પોહોચી તેથી ગમે પાદશાહનુ તન નેતરની મિસાલ વાકુ વળી ગયુ. પોતાના તમામ કપડા ચાક કરી પોકાગ કરતો તખત ઉપરથી નીચે ખાકમા પડયો તે કેહેવા લાગ્યો જે "અય પેહેલવાન દેલાવર સપેહસાલાર તથા નાપાક મરદોના જાન લેનાર નામદાર ! હવે તારી તલવાર તથા ગોરજ કોણુ પકડશે ? તારી ગાલેબ બાજુ તો હવે બેકરાર થઇ તેથી તુ જેવો સપેહ-સાલાર બીજો કોણુ મળશે ' હરએક મુલકમા તુ મારે વાસ્તે લડાઇ કરતો હતો, તેથી હુ તને એક ફળદાર ઝાડ મિસાલ રાતોદીન એકીન કરી જાણુતો હતો અય નામદાર ! તુ ઇનશાફ કર જે ઝાડતો હરરોજ જમી-નથી ઉચુ ઉગે મારૂ ઝાડ જમીન અદર શાથી ગુમ થયુ ? તું ગોયા એક હુનરનો ગજ જેહાનમા હતો તે જમીનમા જઇ ગેબ થયો ! હવે તારી પછવાડે જેહાનથી રેહેતી ના અને અગર રેહે તો મને શિતાબ ઉઠાવી લેજો ! મારેથી હવે એ જગા રેહેવાય નહીં.—મે તારી જહાંપેહે-લવાનીમા જોક કીધો છે. તારૂં તન મુવુ પણ તારૂ રવાન જીવતું છે. અકલમદ લોકો તારા મોતને નાનુ નથી જાણુતા" એ રવેશ ગમ તથા શોકમા એક હફતા લગી પોતાના લશ્કરના સરદારો સાથે શીહા કપડાં

પેહેરયા. હફ્તો તમામ થયો ત્યારે એક ખાસ નામુ લખાવી નરીમાન ઉપર રવાના કરયુ.

નામુ લખ્યુ પાદશાહ ફરેદુને નરીમાન ઉપર.

અવ્વલ તે નામા ઉપર જેહાનના સાહેબ પાક પરવરદેગારનું નામ લખ્યુ કે "તે સાહેબ જીવ આપે છે ને પાછો લે છે! તેણે આદમીઓના તનની જગા જમીન ઉપર કીધી છે અને પાક રવાનની જગા આસમાન ઉપર કીધી છે અય દિલાવર નરીમાન! જહાપેહેલવાન કેરશાસ્પનાં મોતની ગમ ભરેલી ખબર અમોને પોહોચી તેથી અજબ છે જે અમારૂં દિલ દિવાનું નથી થયુ જહાપેહેલવાન સપેહસાલારના મોતથી ફરતુ આસમાનની તાબેશ ભરેલું થાય છે. શેતારાબી રડી પાણીમા ગયા છે, પમરના દિલ ગમે લોહી ભરેલા થયા છે, આગળ દુનિયાની જે તબેહ હતી તેને જહાપેહેલવાનના ગુજરવા પછી બીજો રંગ બદલ્યો છે હરએકના દિલમા આતશની તાબેશ પેદા થઇ છે, સર્વના આસુના પાણીથી નદી જારી થઈ છે તમામ જમીને તે નેક બખ્તનો શોક પકડયો છે હવાએ પોતાના મોહોડામાથી સરદ હાય મારી છે! સપેહસાલાર કેરશાસ્પ જેહાનના પાદશાહોને આબરૂનો આપનાર હતો તેનો ગમ તારા કરતા મને ઘણો લાગે છે. પણુ એ ચીજ ઉપર સબર શિવાય મે કાઇ બીજુ દીઠુ નહીં એ મોત સાથે કોઇનો ચારો રહ્યો નથી. જેહાનનુ મોહોડુ હમેશા ખોલેલુ છે તેથી તરેહવાર આદમીઓ પોતાનુ પેટ ભરે છે દાનાવ લોકો કે લડાઇના મરદો, મેહેબુબ નાજની કે પાદશાહો, સર્વને ગળી જાય છે, એ આસમાન એક પાદશાહ મિસાલ છે, આપણે તેના દુશ્મન મિસાલ છીયે, રાત તથા દાહડો ગરદેશ કરે છે. શેતારા તેનુ લશકર છે, તુ નથી જોતો કે આસમાન આપણી સાથે લડવાથી આશાયશ કરતુ નથી. દરેક શખ્સને આસમાન ઉપર ખેચી લે છે. એ રવેશે ઘણા બુરા કામ કરે છે પણ

હજારો આદમીથી દર ખાતુ નથી અગર આ દુનિયામા બુઢાપો તથા મોત નહીં હતે તો એ જહાન એક બેહેસ્ત મિસાલે હતી, આપણુ તન મેવા મિસાલે છે અને એ આસમાન ને મેવાનો ખાવંદ છે એક દાહડે તે મેવો ઝાડ ઉપરથી તોડી લે તથા રાત દિન તે આપણી સાથે બે ઉદર રાહમા છે તે સફેદ તથા શીહા ઉદરો હમેશ દોડતા છે આપણે થાકીને રહી જઇયે અને એ બે ઉદર સદા દોડયા કરે છે આપણુને મોત નજદીક એક દમનો તફાવત છે પછી દમ લાબો યા ટુકો હોય, તે દરમ્યાન બીજો કોઇ અતર નથી આ દુનિયામા કોઇ શખ્સ મોત પામ્યા વગર રહ્યો નથી, એવુ કયુ દિલ છે જે દુનિયામા આજોર્દે નથી ? નાજ ભરેલો સ્યામક પાદશાહ કયા ગયો ? દીન અને દાદ સાથનો હોશગ કયા ગયો ? ગયોમર્દનું અનજુમન ક્યા ગયુ ? જમશેદ અને દેવાનો બધ કરનાર તેહેમુરસ્પ ક્યા ગયો ? એ જહાને પાદશાહોને ખાકમા નાખ્યા અને તમામ જહાન જેરોજબર કરનારાના અયવાન જમીન સાથે બરાબર કરી નાખ્યા. ફકત નેકનામી શિવાય બીજુ કાંઇ રહ્યુ નહી તે તમામ ગયા અને આપણેબી તેઓની પછવાડ જવાના અગર આદમીઓને મોત નહીં હતે તો એ જમીન તમામ જાનવર તથા આદમીએ ભરાઇ જતે તમામ જાતની આલમ પછવાડે મોત લાગુ છે અગર કોઈ આદમી ફરેસ્તા સાથે મળ્યુ હશે તો તેને મેલ્યુ નહી હશે એ પેહેલવાન આ દુનિયાથી ગયો પણ તેની નેકનામી આ જગો રહી છે તો બીજુ શુ જોઇયે ? હવે તેની તમામ મોહોબત મે તારી સાથે બાધી અને તારા ગમને ખુશીએ દફે કરૂ છુ અય જહાપેહેલવાનના બેટા નરીમાન એ મહિનો તમામ થાય કે નવા કપડા પેહેરી ગમને દુર કરજે અને ખુશી કરવી પાછી શરૂ કરજે. મેં તારે વાસ્તે સરોપાવ મોકલ્યો છે તે પોતાની રવેશ મુનાફેક પેહેરજે અને એવુ કરજે કે આવતુ જશન મેહેરગાનનુ છે તે મારી તરેહ કરી મારી નજદીક શામ સાથે શિતાબ આવી પોહોચજે તુ આવ્યા પછી હું મેહેરગાનનુ જશન કરીશ ત્યા લગી જશન રેહેવા દઇશ તારા આવ્યાથી આપણે બે જણુ મિજલસ કરી દિલ ખુશી કરેં અને ગમને અયશના આતશે બાળી નાખ્યે તુ આ નામુ વાચે ત્યારે ખુશી થઈ તૈયારી કરજે.

તારી ઉપર દુવા હોજો" પછી એક એલચી તૈયાર કરી તમામ હદિયો તથા નામુ આપી નામદાર નરીમાન તરફ રવાના કીધો. તેથી પેહેલવાન નરીમાન મહિનો તમામ થયા બાદ તે સરોપાવ પેહેર્યો પછી ખુશી થઈ એલચીને કહયુ જે "પાદશાહના હોકમ મુવાફેક કાલ રોજે મેહેરગાનનુ મોટુ જશન કરી આપણે સાથે કુચ કરીશુ" પછી બીજે દીન જશનથી ફારેગ થઇ રાહનો સામાન તૈયાર કીધો નામદાર નરીમાને શામ પેહેલવાન સાથે પાદશાહ તરફ મોહો કીધુ નામદાર નરીમાનની પાદશાહને ખબર થઇ તેથી પોતાના તમામ લશ્કરને એસ્તેકબાલ મોકલ્યુ. નરીમાન નજદીક આવી પોહોચ્યો કે પાદશાહ તખત ઉપરથી ઉતરી દરબારના દરવાજા લગી જઇ જંગી નરીમાનનો હાથ પકડી લાવી તખ્ત ઉપર સાથે બેસાડયો, પછી ખબર પુછીને દિલાસો દીધો કેટલીએક કિમતી નસીહત નરીમાનને કીધી અને તેજ વખત મેહેરગાનના જશનનો સામાન તૈયાર કરાવ્યો પરીચેહેરેના લોકો રંગ કરવા લાગ્યા પાદશાહે ફરમાવ્યુ તેથી ન્યામત ખાણાનો સોફરો તૈયાર કીધો ખાણુ ખાધાથી ફારેગ થયા બાદ શરાબનો દોર ફરવા લાગ્યો એક જામ શરાબે ભરતા પણ તે પાદશાહ શિવાય કોઈ બીજાથી પીવાતી નહી તે જામ પાદશાહે નરીમાનની યાદમા પીધી તેજ જામ ભરી નરીમાને પાદશાહની યાદમા ઉઠાવી. પછી તે જામ શરાબે પુર કીધી તે સામે બેહુના કરતા એકદમ શિતાબ પીધી તે જોઇ પાદશાહ ખુશી થઇ કેહેવા લાગ્યો કે 'એ કેરશારપ કરતા દેલાવર તથા જોરેમંદ થશે" મીજલસમા કળાવંત લોકોના અવાજ નિકળવા લાગ્યા અને હર તરફ પરી ચેહેરેના ગોલામો સફ ખેચીને ઉભા તે મીજલસમા નામદારો શરાબની જામ દમબદમ પીતા હતા. એ મિસાલ એક મહિનો પાદશાહ તથા પેહેલવાનો જોક કરતા રહયા. તે મિજલસમા પાદશાહ ફરેદુન બેશુમાર ખજાનો ખરચ કરતો હતો મહિનો તમામ થયા બાદ પાદશાહે નરીમાનને પોતાની નજદીક બોલાવી પોતાના ખજાનામાથી ઘણોક હદિયો મંગાવી બક્ષ્યો તેમાં એક અઝદાપેર શીહા ઝુંડો આપ્યો અને જહાપેહેલવાન કેરશારપની સપેહ સાલારીનો ખેતાબ નરીમાનને નવાજ્યો. એક વાઘની શિકલનો ઝુંડો

સામને આપી જે સપેહસાલારી નામદાર નરીમાન પાસે હતી તે સામને બક્ષી. ત્યાર પછી ઘણુંક સુનુ, ગોહર, ઘોડાઓ, તલવાર તથા કમરબધ વિગેરે ઘણોક સામાન બક્ષ્યો પછી તે બે નામદારોને ખુશી સાથે સીસ્તાન તરફ વિદાય કીધા પાદશાહ તખત ઉપર બેસી દાદ તથા ઇનસાફ ચલાવ્વા લાગ્યો. તે પેહેલવાન લોકોમાં નરીમાન જહાંપેહેલવાન તથા સામ સપેહસાલાર કેહેવાતા હતા. એ ઉપરથી આ નામાનો બનાવનાર શાયર કેહે છે કે "તે પેહેલવાનો તથા પાદશાહોથી નામ રહી ગયા છે આ દુનિયામા જાવેદાન લગી કોઇ શખ્સ જીવ્યો નથી એક મરતબે મોત આપણી ગિરદ કાહાડી નાખશે—નથી ખાક રેહેવાની પણ કામથી નામ રહી જશે. પ્રથમ એ દુનિયા આદમીઓને ખાણુ તથા સામાન પોહોચાડે અને નાજમા રાખી એકાએક મારી લે એક સાપ ઇંડા મેલે અને ઘણે દાહાડે તેમાથી બચ્ચા કહાડી પોતાથી ખવાય તેટલા ખાય તે મિસાલ આ દુનિયા પ્રથમ આદમીઓની પરવરશ કરીને પાલે છે તે કોઇ દન ફુરસદ પામે ત્યારે મારી લે છે આ દુનિયા જેમ એક ઝાડ ઘણી ડાળ સાથે ફળ ભરેલુ હોય તે મિસાલ છે એના ફળ તાજા તથા ફુલની નીચે કાટા છે. પ્રથમ તે ફુલે કરી તને ખુશી કરે પછી તને કાટામા ગિરફતાર કરે યાને કાટા લાગે. આપણે આ દુનિયામા સુસ્ત તથા નાચાર છીયે આ કેતાબ મેં તમામ કીધી તેવારે હીજરી વરશ ૪૫૮ હતા, એ દાસ્તાનમા મેં હરજગાથી સખુન લાવી એકઠા કીધા છે એટલા વાસ્તે જે દાના લોકો એ કેતાબ જોય તો મારી અક્લને પસદ કરે. અય વાચનાર! તને મારૂ નામ જાણવાની ખાહેશ હોયતો અજદી કેહેજે, મારૂ નામ અજદી શાયર છે. એ નામું મે એવુ તો અજાયબ કીધુ છે જે કોઇ એને પઢે તો હરતરેહની અકલ શિખે. દુનિયામાં કોઇ શખ્શે અગર બેહેસ્ત નહીં દીઠું હોય તો એ કેતાબ અકલથી સારી તરેહ જોયતો એ રોશન બેહેસ્ત મિસાલની છે. એ બેહેસ્તનું ઝાડ જોવામાં એજબત ભરેલુ છે. તુ એ ઉપરથી જેમ જેમ ઘણાં ફળ તોડે તેમ તેમ જ્યાદા ફળ લાગે યાને એ કેતાબ તુ ફરી ફરીથી જોયા કરે તો તને વધતી દાનાઇ પેદા થાય, એમાંથી કાંઇ ઘટે નહીં. જેવી મને સખુન કેહેવાની કુદરત હતી તે તરેહ એ કેતાબ તૈયાર

કરી મેં મારા શેહેરના પાદશાહને હવાલે કીધી. એ મારા દશ હજાર બેત જોડેલા છે એને જોડતા મને ત્રણુ વરશ સુધી મેહેનત કરવી પડી છે જે કોઇ એ દાસ્તાનને પ્રથમથીજ તે આખર લગી જોય તો તે શખ્સ નેકી તથા ખુબી શિવાય કાંઇ બીજુ દેખે નહીં મે એ નામુ નામદારીને વાસ્તે જોડયુ પણુ મારા શેહેરના પાદશાહની મદદે કરી તમામ કીધુ.

તમામ થયુ કેરશાસ્પ નામુ વાલમ બીજુ.

પેહેલવાન કેરશાસ્પનાં સ્વાંનને લગતી અવસ્તા તેમજ પેહેલવીમાંથી મળતી કેટલીક જાણવાજોગ હકીકત.

અવસ્તામા આપણને માલમ પડે છે કે, કેરશાસપ સામ ખાનદાનવાળા થ્રિતનો છોકરો અને ઉર્વાક્ષ્યનો ભાઇ થતો હતો[1] તેના બાપના કુટુંબના નામ ઉપરથી તેને કોઇવાર સામ કેરશાસ્પ કહેવામા આવે છે,[2] પણ તેનો વધુ સાધારણ ખેતાબ નરેમનાઓ અથવા નઇરિમનાઓ એટલે "હીમત ભરેલા વીચારનો" છે.[3] તેના વર્ણનમા જણાવ્યામા આવે છે કે તે જુવાન પેહેલવાન હતો, લાબા બાલ રાખતો હતો તથા ગુર્જ ધરાવતો હતો,[4] જેના ઉપર ખ્નાથઇતિ[5] નામની પરિ આશક પડી હતી કે જેનો હવે પછી જનમનાર પેગમ્બર સોશ્યોસને હાથે નાશ કરાવવાને જરથોસ્તે

---

૧ જુઓ ઈજશ્નેનો ૯ મો હા, ફકરા ૩૦ અને ૩૧

૨ જુઓ ફરવરદીન યશ્તનો ૬૧ મો તથા ૧૩૬ મો ફકરો એજ કારણને લીધે પેહેલ્વિ લખાણોમા તેને ઘણીવાર સામના નામથી ઓલખ્યો છે. શાહનામામા કેરશાસ્પને ગરશાસ્પના નામથી ઓલખ્યો છે અને તેને સામના છોકરા અત્રતનો છોકરો જણાવ્યો છે જે ઉપરથી માલમ પડે છે કે, એ અત્રત અવસ્તાનો થરિત હશે

૩ જુઓ આવા યશ્ત ફકરો ૩૭, રામયશ્ત ફકરો ૨૭ અને જમ્યાદ યશ્ત ફકરા ૩૮, ૪૦ અને ૪૪ એજ કારણને લીધે શાહનામામા નરિમાનના છોકરા સામને રૂસ્તમનો બપાવો ગણ્યો છે.

૪ જુઓ ઇજશ્નેનો હા, ૯ મો ફકરો ૩૩ મો મોનસ્યુર ડી હારલે લાબા બાલને બદલે ગએસુશ નાથનુ હથ્યાર એવો અર્થ કરે છે, પણ ગએસુશનો અર્થ આજે પણ ફારસીમા ગુચ્છા કરીનેજ થાય છે

૫ જુઓ વન્દીદાદની ફરગરદ પેહેલી ફકરો ૩૬ મો ખ્નાથઈતિનો અર્થ મુરતીપુજા થઇ શકે છે

કહ્યુલ્યુ છે કેરશારપના ફ્રાલ્લુદની ૯૯૯૯૯ ફ્રરોહરો મબાળ કરે છે.[૭]

કેરશારપના પરાક્રમો વિષે જણાવવામા આવે છે કે, તેણે સરવર નામના એક સાપને માર્યો હતો કે જે સાપ ઘોડાઓ અને માણુસોને ખાઇ જતો હતો, જે ઝેરી અને લીલારંગનો હતો અને જેના ઉપર હાથની પોહોલાઇ જેટલુ ઉચુ પીળુ ઝેર વેહેતુ હતુ તે સાપને ઘાસ સમજી કેરશારપે તે ઉપર બળતુ' કરી પોતાનો ખોરાક એક વાસણુમા બપોરના મધ્યાન વખતે પકાવવા મેલ્યો, જે વખતે સાપ દાઝવાથી ફુફ્રારા મારતો વાસણુ ફેકી દઇ બાહાર નીકલ્યો જે જોઇને બાહાદુર કેરશારપ પેહેલા તો બીહીને નાહસી ગયો હતો[૮] વળી આપણુને જણાવવામા આવે છે કે, તેણે સોનેરી તલ્યાવાલા ગન્દરેવને માર્યો હતો,[૯] પોતાના ભાઇ ઉર્વાક્ષ્યના ખુની હિતાસ્પને માર્યો હતો,[૧૦] નિલિક અને દારતયાનિથી ઉતરેલા હુનુ નામના નવ લુટારાઓનો નાશ કર્યો હતો,[૧૧] તેમજ દાનયન ખાનદાનના વરેષવ અને ઘણી પરિઓવાલા પિતઓન ને તેમજ અરેઝશા-

૬ જુઓ વ દીદાદની ફ્રરગરદ ૧૯ મી ફકરો ૧૮ મોઃ

૭ જુઓ ફ્રરવરદીન યષ્ટ ફકરો ૬૧ મો એની કથા ચાલે છે કે, કેરશારપ ધર્મ ઉપર એતેકાદ ન રાખવાથી પેશ્યાનસાઇ (પીશીનવેલી) મા ઉઘાયલો પડયો છે અને જુહાક દમાવંદ પાહાડમાથી છુટીને બધી ખરાબી કરશે તે વેલા ફરેસ્તાઓ તેને જગાડશે, જ્યારે તે ઉઠીને જુહાકને મારી નાખશે

૮ જુઓ ઇજરનેનો હા, ૯ મો ફકરા ૩૪–૩૯, જમ્યાદ યષ્ટ ફકરો ૪૦,

૯ જુઓ આવા યષ્ટ ફકરો ૩૮, જમ્યાદ યષ્ટ ફકરા ૪૧ ગન્દરેવ એક મોટો રાક્ષસ હતો જે વોઉરૂ કશ દરીયામા તેમજ પાહાડો અને ખીણો ઉપર રેહેતો હતો તેના કદ વિષે જણાવ્યામા આવે છે કે, તેનુ માથુ સૂર્ય સાથે લાગેલું હતુ અને આકાશ સાથે વસાતુ હતુ, તે એકી વેલાએ બાર માણસોને ખાઈ જતો હતો કેરશારપે તેના સાથે નવ દિવસ અને નવ રાત લડાઈ કરી તેને દરયામાથી ખેચી કાહાડયો અને પોતાના ગુરજ વતી તેનુ માથુ ભાગ્યુ હતુ શાહનામામા ગન્દરેવને જુહાકનો દિવાન ગણ્યો છે.

૧૦ જુઓ રામ યષ્ટ ફકરો ૨૮ અને જમ્યાદ યષ્ટ ફકરો ૪૧.

૧૧ જુઓ જમ્યાદ યષ્ટ ૪૧ કેટલાકો "હુનુ" નો અર્થ છોકરા કરે છે.

મન તથા સ્નાવિધકને માર્યા હતા,[12] તથા બીજા ઘણાક ખુનીઓ અને લુટારાઓનો નાશ કર્યો હતો[13]

કેરશાસ્પના આ પરાક્રમોની જે વિગત અવસ્તામા હજી મોજુદ છે તે ઘણી જુજ છે, પણ તેમાના કેટલાકની વધુ વીગતો કેરશાસ્પના રવાનને લગતી સુદ્કર્ નસ્કના ૧૪ મા પ્રકરણમા આવેલી કથામાથી મલે છે કે જે નસ્ક હાલ મોજુદ નથી પણ તેનો સાર દિનકર્દની નવમી કેતાબમા નીચે મુજબ આપ્યો છે—

"ચઉદમી ફર્ગર્દ 'અદ-રૂ વક્ષી' મા જણાવવામા આવે છે કે, કેરશાસ્પના રવાનની ભયંકર હાલત હોર્મજદે જર્થોસ્તને બતાવી હતી, તેની તે હાલત જોવાથી જર્થોસ્તને ધાસ્તી બેઠી હતી, કેરશાસ્પે દલગીરી ભરેલા આવાજે તેને જણાવ્યું હતુ કે, તેણે ઘણાકોને કાપી નાખ્યા હતા કે જે માટે માણસ જાત તેની વખાણ ગાય છે, અને હોર્મજદે કેરશાસ્પને આતશ બુજવી નાખનાર તરીકે ગણ્યો હતો એ ઉપરાત તેમા કેરશાસ્પે પોતાના છુટકા માટે હોર્મજદને અરજ કરતા પોતે માણસ જાતના ફાયદા માટે કેવી બાહાદુરીના કામો કર્યો હતા તથા જર્થોસ્તે તેની તરફથી હોર્મજદને તથા આતશને ભલામણ કરી તેનો છુટકો કરાવ્યો હતો તેને લગતુ કેટલુંક વર્ણન છે

જો કે સુદ્કર્ નસ્ક લાંબો વખત થયો ખોવાઈ ગઇ છે તો પણ તે ૧૪ મી ફર્ગર્દમા આવેલી આ દંતકથા હજી તેના પેહેલ્વિ આકારમા હૈયાત છે તો જો કે તે લગાર ટુકી છે તથા વલી આ પેહેલ્વિ લખાણનો તર્જુમો ફાર્સિ રવાયતોમાથી પણ મલે છે આતશની અગત્યતા વિષે પેહેલ્વિ રવાયતમા લખાણ કરતા તેના દાખલા દર્શાવવા માટે કેરશાસ્પના સંબધમા નીચે મુજબનુ વર્ણન આપ્યુ છે જે સુદ્કર નસ્ક સાથે મલતુ આવે છે— અને એમ જાહેર છે કે, આતસ એટલો તો કીમતી છે કે, હોર્મજદે જર્થોસ્તને આ પ્રમાણે કહ્યું—"કોણના રવાનનાં કામો,

---

૧૨, જુઓ જમ્યાદયશ્ફ ફકરો ૪૧-૪૪

૧૩ જાઓ ફરવરદીન યશ્ત ફકરો ૧૩૬

હાલત, અતકરણુ અને ફ્રેરોહર તને જોવાથી ઘણાક સરસ માલમ પડશે ?" અને જર્થોસ્તે આ પ્રમાણે કહ્યુ —'તે કે જે કેરશારપનુ રવાન છે તેને" હોર્મજદે કેરશારપના રવાનને બોલાવી મગાવ્યુ અને કેરશારપના રવાને જર્થોસ્તને દીઠો અને દોજખમા તે રવાને જે વિપત્તિ ભોગવી હતી તેને લીધે તેણે (રવાને) તેની મદદ માગી અને હોર્મજદે તેને આ પ્રમાણે કહ્યુ —"કેરશારપના ઓ રવાન તુ દુર ઉભુ રેહે ! કારણ તુ મારી નજરમા ઘણુ ધીકકાર ભરલુ થવુ જોઇએ કારણુ આતસ જે મારો છોકરો છે તેને તે બુજાવી નાખ્યો હતો અને તેની તે કશી સભાલ રાખી ન હતી" અને કેરશારપના રવાને આ પ્રમાણે કહ્યુ —"ઓ હોર્મજદ ! તુ મને માફ કર અને મને સર્વથી સરસ જીદગી આપ ! મને ગરોથમાન બેહેસ્ત આપ ! સ્રોવબાર નામના સાપને મે માર્યો છે કે જે ઘોડાઓને ગળી જતો હતો અને માણુસોને ગળી જતો હતો, જેના દાત મારા હાથ જેટલા લાબા હતા, જેના કાન ૧૪ ધાબલીઓ જેટલા મોટા હતા, તેની આખ એક પૈડાના જેટલી મોટી હતી અને તેના સીગડા દહાક (જુહાકની ઉંચાઇ જેટલા એટલે કે હેસી કયુબીત મોટા હતા અરધો દીવસ સુધી તેની પીઠ ઉપર હુ દોડયા કર્યો અને મારા પોતાને હાથને બરના કરેલા ગુરજ વતી તેની ગરદન મે છુદી નાખી તેને મારી નાખ્યો હતો.[૧૪] જો આ સાપને મે માર્યો ન હોત તો તેનેથી તારી સઘળી પેદાયશનો નાશ થાત અને હારેમનોની સામે કોઇબી ઇલાજ તને માલુમ પડતે નહીં"

હોર્મજદે આ પ્રમાણે કહ્યુ —"દૂર ઉભો રેહે ! કારણુ કે મારા છોકરા આતસને તે બુજાવી નાખ્યો હતો' કેરશારપે આ પ્રમાણે કહ્યુ "ઓ હોર્મજદ મને સર્વેથી સરસ જીદગી અને ગરોથમાન બેહેસ્ત આપ ! કારણુ કે મે ગનદરેપ રાક્ષસને માર્યો હતો કે જે એકદમ બાર જીલ્લાઓને ખાઈ ગયો હતો જ્યારે મેં ગનદરેપના દાત જોયા ત્યારે મુએલા માણુસો તેના દાતમા વલગેલા હતા, અને તેણે મારી દાઢી પકડી તથા હું તેને દર્યામાથી બાહાર ખેચી લાવ્યો, નવ દીવસ તથા નવ રાત હમે દર્યામાં

૧૪ અહી ફારસીવાલા ઉમરેછે કે, "મે તેનુ મોહોડુ તપાસ્યુ તો તેના દાત ઉપર માણુસો હજી વલગેલા હતા"

લડાઇ ચાલુ રાખી અને ત્યાર પછી હુ ગનદરેપ કરતા વધુ ફતેહમદ નીવડયો. ગનદરેપના પગનુ તલ્યુ મે પકડયુ અને ત્યાથી તે તેના માથા સુધીની તેની ચામડી ઉખેડી કાહાડી તથા તે વતી તેના હાથ પગ બાધ્યા. તેને દર્યાકાહે ખેચી લાવી આખ્રરગ[15] ને મે સોપ્યો હતો તે (ગનદરેપ) મારા ૫દર ઘોડા ખાઇ ગયો હતો, હુ પણુ એક ગીચ જગલમા પડી ગયો હતો. અને તે વખતે ગનદરેપ મારા મીત્ર આખ્રરગને, મારી બાયડીને, મારા બાપને તથા દાસીને લઈ નાહાસી ગયો હતો દર્યામા જઇને હુ તેમને ઉચકી લાવ્યો અને ગનદરેપને પકડી મારી નાખ્યો હતો જો તેને હુ મારતે નહીં તો હારેમન તારી પેદાએશ ઉપર સરદારી ભાગવતે"

હોર્મજદે આ પ્રમાણે કહ્યુ—"તુ દુર ઉભો રેહે, કારણુ ક મારી નજરમા તુ ધીક્કારવા જોગ છે કારણુ કે મારા પુત્ર આતમને તે બુજવી નાખ્યો હતો કેરશાસ્પે આ પ્રમાણે કહ્યુ — ઓ હોર્મજદ તુ મને બેહેસ્ત, ગરોથમાન બેહેસ્ત આપ ! કારણુ કે લુટારૂઓને માર્યા છે જેઓ એટલા મોટા શરીરના હતા કે જ્યારે તેઓ ચાલતા હતા ત્યારે લોકો એમ વિચારતા કે, 'તેમની નીચે તારા અને ચદ્ર છે અને તેમની નીચે બામદાદ વખતનો સૂર્ય ચાલે છે તથા દર્યાના પાણી તેમના ગુટણુ સુધી પોહોચે છે' અને હુ તેમના પગ સુધી પોહોચ્યો, મે તેમના પગ ભાગ્યા, તેઓ તુટી પડયા અને તેમના પડવાથી જમીન ઉપરના ડુંગરા ભાગી ગયા હતા,[16] જો એ લુટારાઓને હુ મારતે નહીં તો હારેમન તારી પેદાએશ ઉપર સરદારી ભોગવતે"

હોર્મજદે આ પ્રમાણે કહ્યુ—"તુ દુર ઉભો રેહે ! કારણુ કે તુ મારી નજરમા ધીકારને લાયક થવો જોઇએ, કારણ કે મારા પુત્ર આતશને તે

---

૧૫ ફરવદીન યશ્તના ૧૩૭ મા ફકરામા શામ કેરશાસ્પની પછી હઓસ વધના છોકરા તરીકે આખ્રરગને જણાવ્યો છે કે જેણે દુનયાનો નાશ કરનાર ઘાતકી તથા લોભી હષિ-દ૫ નામના દેવને હરાવ્યા હતો

૧૬ ફારસીમા ઉમેરે છે કે, "તેમની ધાસ્તીથી લોકો મુસાફરી જઇ શકતા નહી અન જેમનેબી તેઓ રસ્તા ઉપર જતા જોતા તેમને તેઓ તુરત ખાઇ જતા, અને એ રીતે ત્રણ વરસમા તેઓ ત્રણ લાખ માણસોને કાપી નાખી ખાઈ ગયા હતા મે તે સાતે લુટારાઓ સાથે લડી તેમને કાપી નાખ્યા હતા."

બુજવી નાખ્યો હતો" કેરશાસ્પે આ પ્રમાણે કહ્યુ—"ઓ હોર્મજદ! તું મને બેહસ્ત ગરોથમાન બેહેસ્ત આપ! જ્યારે મે પવનને નબલો તથા દુર્બલ કર્યો ત્યારે દેવોએ પવનને ઠગી નીચે મુજબ કહ્યુ—તે સઘળાં પ્રાણીઓ અને પેદાએશ કરતા તારી સામે વધારે થાય છે અને તારે તેને માટે આ પ્રમાણે વીચારવુ કે, 'આ દુનીઆ ઉપર કેરશાસ્પ કરતા કોઇબી મારી સામે વધારે થતુ નથી, તે દેવોને તથા માણસોને તો ધીકારે છેજ પણ તુ જે પવન તેનેબી તે ધીકારે છે.' અને પવન આ શબ્દ સાભળી એટલા બધા જોશમા આવ્યો કે, તેના માર્ગમા જેબી ઝાડો કે છોડવા આવ્યા તેમને જડમૂળથી ઉખેડી નાખ્યા અને આખી પૃથ્વિનો કચ્ચરઘાણ કરી નાખ્યો અને અધારૂ થઇ ગયુ અને જ્યારે તે (પવન) હુ કેરશાસ્પની આગળ આવ્યો ત્યારે તેનાથી મારો પગ પણ જમીન ઉપરથી ઉચકાવાને બની શકયુ નહીં અને હુ ઉઠીને જમીન ઉપર ફરવા નીકળ્યો અને તેને મારા કૌવતથી હરાવી તોડી પાડયો અને તેની પાસે કબુલાત લીધી કે તે જમીનની નીચે પાછો જશે અને અગર જો હુ તેમ ન કરને તો હારેમન તારી પેદાએશ ઉપર સરદારી ભોગવતે."

હોર્મજદે આ પ્રમાણે કહ્યુ—"દૂર ઉભો રેહે! કારણ કે તુ મારી નજરમા ધીક્કાર લાયક હોવો જોઇએ કારણ કે મારા પુત્ર આતસને તે માર્યો હતો" કેરશાસ્પે આ પ્રમાણે કહ્યુ—"ઓ હોર્મજદ તુ મને બેહેસ્ત ગરોથમાન બેહેસ્ત આપ! કારણ કે બશારતથી જણાવવામા આવ્યુ છે કે, દહાક (બુહાક) જ્યારે બદીખાનેથી નાહશી જશે ત્યારે મારા સિવાય કોઇબી તેની સામે થઇ શકશે નહીં, એટલા માટે મને બેહેસ્ત અથવા ગરોથમાન બેહેસ્ત આપ! અને અગરજો મને બેહેસ્ત અથવા ગરોથમાન બેહેસ્ત આપી ન શકાય તો મારી જીદગીમા જે જોર અને ફતેહ હુ મારા તરીકે ધરાવતો હતો તે મને પાછા આપ. કારણ કે જ્યારે તુ મને મારી જીદગીના વખતનુ જોર અને ફતેહ પાછુ આપશે ત્યારે હારેમનને સઘળા દેવો સાથે હુ કાપી નાખીશ, દોજખમાથી અધારાને દફે કરીશ, ખુબસુરત રોશનીને હુ સંપુર્ણ કરીશ અને તેની એકલી (રોશની) ની હયાતીમાં તમે બેસી રાજ કરશો."

હોર્મજ્દે આ પ્રમાણે કહ્યુ —"ઓ કેરશાસ્પના રવાન, હુ તે તને આપીશ નહી! કારણ કે માણસો પાપ કરશે, અને જ્યા સુધી માણસો પાપ કરતા બંધ પડે નહીં ત્યાસુધી તને પાછો જીવતો કરી શકાય નહી અને તુ બીજા માણસોનેબી જીવતા કરી શકશે નહી કારણ કે માણસો જ્યારે નીર્દોષ થાય ત્યારેજ રસ્તાખેજ થશે જ્યારે માણસો મરણ પામશે અને તેમના રવાન પાપી હશે ત્યારે સઘળુ સુખ તેઓ ખોઇ દેશે અને તેઓ કમાલીયત અને દુ ખ ભોગવશે"

જ્યારે કેરશાસ્પ અને તેના પગાક્રમો વિષે આ પ્રમાણે બોલાવુ હતુ ત્યારે મીનોઈ દુનીઆના તથા ગેતીના હજ્જો મોટેથી રડયા અને સ્પિતમાન જર્થોસ્ત મોટેથી રડયો અને આ પ્રમાણે બોલ્યો —'જો કોઇ દગારો ન હોવો જોઈએ તો પણ ઓ હોમજદ! તારી આખોમા કેરશાસ્પના રવાનના સબધમા હુ દગારો થઇશ કારણ કે જો કેરશાસ્પ તનરૂપી અને જીદગીની હૈયાતી ધરાવતો ન હને તો દુનીઆમા કાઇબી ચીજની અથવા તારા પ્રાણીની હસ્તી રહેતે નહી" ૧૭

જ્યારે જર્થોસ્ત એટલુ બોલી ચુપ થયો ત્યારે આદર યજદ ઉભા થયા ૧૮ અને કેરશાસ્પના પાપની વીગત તેણે પુરની દર્શાવી અને તે બોલ્યો કે, "હુ તેને બેહેસ્તમા જવા દેઇશ નહિ

૧૭ એને બદલે ફારસી રવાયતમા નીચે મુજબનો વાક્ય મલે છે,—"ઓ ભલા પેદા કરનાર! હુ જાણુ છુ કે ધી કાર અને ગુસ્સો તારા માર્ગમા નથી, અને જ્યારે કોઈ બીજાને માટે ધી કાર બતાવે છે ત્યારે તુ તેમા મલતો થતો નથી, તો પણ હુ આ બાબતમા એવુ જોઉ છુ ન, જાણે કાઇ બીજા સામે ધી કાર રાખે છે"

૧૮ ફારસી રવાયતમા આદરને બદલે અરદીબેહેસ્ત અમસારપદ લખે છે અને નીચલો વધારો કરે છે—'અને ગરશાસ્પ સ્પિતમાન જરથોસ્ત આગલ દુસકા ખાઇ રડયો અને અરદીબેહેસ્ત અમસાસપદ બોલ્યા કે, "ઓ જરતોશ્ત! કેરેસારપે મને શું કરયુ છે તે તુ જાણતો નથી, દુનીયામા આગલ મારો રેવાજ એવો હતો કે, ચુલામાં તપેલી હેઠલ લાકડા મેલાવા પછી હુ આતશ મોકલતો જ્યા સુધી તે તપેલીમાનો ખોરાક બફાતો હતો અને માણસોનુ કામ સપુર્ણ થતુ હતુ ત્યા સુધી તે ત્યા રેહેતો અને ત્યારબાદ તે (આતસ) પાછો પોતાની જગાએ જતો હતો (કેરશાસ્પ) જે સાપને કાપવા વીશેની વાત કહે છે તે વખતે એ ભુખ્યો થયો હતો, અને તપેલી હેઠલ તેણે મેલેલા લાકડા ઉપર આતસને પડતા એક પલનો વીલબ લાગાથી તેણે તે આતસને ગુરજ વતી મારયો હતો અને વીખેરી નાખ્યો હતો, અને હવે હુ કેરશાસ્પનાં રવાનને બેહેશતમા જવા દઈશ નહીં"

અને આદર ઈજદ એટલા શબ્દો બોલી બધ પડયા, એટલે ગોશ-અઉર્વન[૧૯] ઇજદ ઉભી થઇ અને બોલી કે "હુ એને દોજખમા જવા દેઇશ નહી કારણ એણે મારે માટે અગણીત ફાયદાઓ ઉત્પન્ન કર્યાં હતા "

ગોશ—અઉર્વન એટલા શબ્દો બોલી બધ પડી[૨૦], અને જર્થોસ્ત ઉભો થયો અને તેણે આતશને નેમાજ કરી અને તે બોલ્યો કે, હુ તારી જતન કરીશ અને તારા પરાક્રમો વિશ્વ દુનીઆને જાહેર કરીશ અને હુ વિસ્તાસ્પ તથા જામાસ્પને કહીશ કે, 'તાકીદ કરવી કે આતશને માટે એક જગા તુરત બનાવવામા આવે !' જ્યારે કેરશાસ્પ પાપનો પસ્તાવો કરે ત્યારે તમારે તેને માફી બખશવી "[૨૧]

---

૧૯ અવસ્તામા એને ગેઉશઉર્વ કહે છે, એનો અર્થ ગોવાનુ રવાન થાય છે એટલે કે તે પેહેલો ગોવો જેમાથી સઘલા ન્હાના જનાવરો ઉત્પન્ન થયલા ધારવામા આવે છે આ ઇજદ જેને સાધારણ રીતે ગોશઉર્વદ કહે છે તે નારી ફરેસતો ૭ અને ગોસ્પદનો રખેવાલ છે, એ ઓધાની રૂહે તે કેરશાસ્પ સાથે મીત્રાચારી રાખવે છે કે જેના મુખ્ય પરાક્રમો પ્રાણી માત્રનો નાશ કરનારાઓની કતલ કરવામા સમાયલા હતા

૨૦ ફારસી રવાયતમાથી ગોશ અઉર્વનની વાત સદનતર કહાડી નાખી તેને બદલે નીચલો ફકરો ઉમેરવામા આવ્યો છે—અને અરદીબેહેસ્ત અમશાસ્પદ એ શબ્દો બોલ્યા એટલે કેરશાસ્પનુ રવાન રડવા લાગ્યુ અને બોલ્યુ કે અરદીબેહેસ્ત અમસાસ્પદ ખરૂ બોલે છે, મે પાપ કર્યું હતુ અને હુ પસ્તાઉ છુ " અને તેણે જરથોસ્તના જામાનો છેડો પોતાના હાથ વતી પકડયો અને કહ્યુ "માણસ જાતમા કોઇએઓ તારા જેટલી પ્રખ્યાત પદવી અને દબદબો મેળવ્યો નથી, હવે એ તારી કિરતી અને દબદબાની મારફતે તુ મારે માટે અરદીબેહેસ્ત અમસાસ્પદને આજેજી કરી માગી લે ' કે જેથી આ સઘલા સકટો અને વેદનામાથી હુ મુક્તિ મેલવુ "

૨૧ ફારસી રવાયતમા એ ઉપરાત નીચલો વધારો કર્યો છે,—અને ફિરૂતમાન જરથોસ્તે માગી લેવાથી અરદીબેહેસ્ત અમસાસ્પદ બોલ્યા "તારી આબરૂ બેહદ છે અને તારી મરજી મોટી છે" અને પછી તેણે (અરદીબેહેસ્તે) કેરશાસ્પના રવાન સામે કશો વાધો લીધો નહીં પણ ફિરૂતમાન જરથોશ્તને ખાતર તેને માફી બક્ષી, અને કેરશાસ્પના રવાને વેદનામાથી મુક્તિ મેલવી ' એ બાદ આતશને માનપુર્વક જાળવવા બાબદની જરૂરીઆત વિષે શિખામણ આપવામાં આવી છે

પેહેલવી રવાયતવાલો અત્રે તુટી જાય છે અને જર્થોસ્તની અરજ બા-હાલ રહી હતી તેનુ અનુમાન કરવાનુ વાચનાર ઉપર છોડેછે. પરતુ એની પછી કેરશાસ્પ વિષે નીચલા વધુ ટીકા મલેછે જે ઉપલી કથાને લગતાજ ધારવામા આવેછે —

જર્થોસ્ત અહુરમજદને પુછ્યુ કે, ' કોણના મુંવલા શરીરને તુ પેહેલે (પાછુ) જોડશે ? (યાને સજીવન કરશે ?) "

અને હોર્મજદે કહ્યુ કે "તેનુ (શરીર) કે જે કેરશાસ્પનુ છે."

અને જર્થોસ્તને તે ભયકર લાગ્યુ અને તેણે હોર્મજદને કહ્યુ કે, "જ્યારે કેરશાસ્પનુ કામ માણસોને કતલ કરવાનુ હતુ ત્યારે તેનુજ શરીર પેહેલે કા તૈયાર કરવા માગે છે ?"

હોર્મજદે કહ્યુ કે, "ઓ જર્થોસ્ત ! એ તુ ભયકર નહીં સમજ ! કારણ કે જો કેરશાસ્પની હસ્તી નહીં હતે અને જણાવવામા આવ્યુ છે એટલુ બધુ કામ એનાથી નહી થયુ હોત તો તારી કે મારા કોઇબી પ્રાણીની કશી બા હસ્તી રહેતે નહીં "

થોડા વખતમાં બાહેર પડશે

જેહાંગીર કરાંણીના ગુજરાતી નામાંઓ.

દારાબ નામું.

રોઇનતન અસપદીયારનો બેટો શાહનશાહ બહમન ઇરાની તવારીખમા દિલાવર તેમજ જુલમી શાહાનશાહ કેહવાયો છે, શાહાનશાહ બહમનના મોત પાછળ શાહનશાજાદી હોમાય જે તે શાહાનશાહની રાણી થાય તેને ઇરાનનુ તખત ને તાજ મળ્યુ હોમાયને ઈરાનની પાદશાહાત ચલાવવાનો લોભ લાગ્યાથી તેણીને શાહનશાહ બહમનથી હમેલ હતા તેથી જે બેટો પેદા થયો તેને ગુપચુપ એક સદુકમા બધ કરી દરીયામા નખાવી દીધો તે સદુક એક ધોબીને હાથ લાગી, અને તેને ખોલતા એક આફતાબી ઝળકાટનો બેટો તથા બેમુલ્લ ઝવેરાત મળ્યુ. દરયાના પાણીમાથી છોકરો મળ્યાથી તેણે તેનુ નામ દારા પાડયુ અને તેને કશુ ફરજદ નહીં હોયાથી મોટી મોહોબતથી તેની જતન કરી ઉધારવા લાગ્યો પાદશાહી તાખમ તેથી તેને પગલે તે ધોબીને બેહદ ઘરાકી વધી અને તે ધોબીઓનો ગોયા સરદાર જેવા થઇ પડયો. તે પોતાની મેલેજ તીરદાજી કરવા અને ઘોડા ઉપર સવારી લેવા શીખ્યો તથા શીકારબાજીમા માહ ચુનંદો નીવડયો. તે શાહજાદા સગાતે શીકારબાજીમા લડયો તેમા શાહજાદો માર ખાઇ હટયો પાદશાહને નાહાથી ઇરાનને અપાતી ચોઠાઇની ખટપટમા વીટલાયો એક વળા તે ઇરાની દરબારમા બધવા તરીકે હાજર થયો. આ દરબારમા હોમાય રાએતા મુઆફક પોતાના શાહાનશાહી તખત ઉપર બીરાજી હતી, તે નવજવાન દારાબને જોતાજ પોતાના દીલમાં બેહદ બેચેન થઈ હોમાયને દીલમા ઘણીક એવી છુપી અસર ને નીશાની થઈ કે તેથી દરયાવના વેહતા પાણીમા નખાવેલી સદુકની યાદ આવી અને ચોકી ! એ રીતે નામદારી મેલવેલો બધવો દારાબ ઇરાનની જેહાન આશકારા બુલદ પાદશાહાત ચલાવનારની નેધામા ઇજત ને ફીકર ઉપજાવનાર થઇ પડયો આ નામામા અસલી સરાધાત તથા બયાન લીધામાં આવ્યુ છે, સુધારો માત્ર વાકય રચનામાજ કરયો છે, કીં રૂ દોઢોડ.

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ.

૨૨૦—૨૧, પારસી બજાર, કોટ, મુંબઇ.